મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી રચિત

# સમકિતના સડસઠ બોલની સજ્ઝાય : એક અધ્યયન



માં તૂઠી મુજ ઉપરે, જપત જાપ ઉપગંગ, શારદ સાર દયા કરો, આપો વચન તરંગ

- મહોપાધ્યાય શ્રી યશોવિજયજી

- ડૉ. સાધ્વીજી શ્રી ચૈત્યયશાશ્રીજી

મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી રચિત

# સમકિતના સડસઠ બોલની સજ્ઝાય : એક અધ્યયન

(મુંબઈ યુનિવર્સિટી દ્વારા માન્ય પીએચ.ડી.નો મહાનિબંધ)


: લેખિકા :

પ. પૂ. શાસનસમ્રાટ આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મ.ના સમુદાયના

પૂ.સા. શ્રીપ્રવિણા-કીર્તિ-ઉદય-વજ્રયશાશ્રીજી મ.ના શિષ્યા

**ડૉ. સાધ્વીજી શ્રીચૈત્યયશાશ્રીજી મહારાજ**

(બી.કોમ., એમ.એ., પીએચ.ડી.)

: સંપાદક :

**પ.પૂ. જૈન વિજ્ઞાની આચાર્ય શ્રી વિજયનંદિઘોષસૂરિજી મ.**



: આર્થિક સૌજન્ય :

**શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ - અંધેરી (પૂર્વ)**

જુના નાગરદાસ રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૬૯.

: પ્રકાશક :

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી**

દોલતનગર, બોરીવલી (પૂર્વ),

મુંબઈ - ૪૦૦ ૦૬૬.

# સમકિતના સડસઠ બોલની સજ્ઝાય : એક અધ્યયન

**Samkitna Sadasatha Bolani Sajjhaya : Ek Adhyayan**

(મુંબઈ યુનિવર્સિટી દ્વારા માન્ય પીએચ.ડી.નો મહાનિબંધ)

© સર્વાધિકાર સુરક્ષિત

લેખિકા : ડૉ. સાધ્વીજી શ્રીચૈત્યયશાશ્રીજી મહારાજ

સંપાદક : જૈન વિજ્ઞાની પ.પૂ. આચાર્ય શ્રી વિજયનંદિઘોષસૂરિજી મ.

: પ્રકાશક :

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી

દોલતનગર, બોરીવલી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૬.

: પ્રાપ્તિસ્થાન :

| શ્રી શ્વે.મૂ.પૂ.જૈન સંઘ, અંધેરી (પૂર્વ) | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી | શ્રીમતી અમીતાબેન વસ્તુપાલ જૈન |
|---|---|---|
| પાર્શ્વદર્શન, જુના નાગરદાસ રોડ, | દોલતનગર, બોરીવલી (પૂર્વ), | એ-૩૦૨, વિમલાચલ બિલ્ડીંગ, |
| અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૯. | મુંબઈ - ૪૦૦ ૦૬૬. | મોતીશા લેન, ભાયખલા (પૂર્વ), |
| ફોન: ૨૬૮૨૪૭૧૮ | ફોન: ૨૮૯૩૧૫૩૫ / ૨૮૯૩૫૭૪૪ | મુંબઈ-૨૭. મો.: ૦૯૮૧૯૯ ૬૪૫૮૮ |

**આ ગ્રંથ શ્રી શ્વે.મૂ.પૂ.જૈન સંઘ, અંધેરી (પૂર્વ)ના જ્ઞાનખાતામાંથી પ્રકાશિત કરેલ છે.**

**આવૃત્તિ** : પ્રથમાવૃત્તિ / ૫૦૦ પ્રત

**મૂલ્ય** : રૂ.૪૦૦/-

**ટાઈપસેટિંગ** : શ્રીમતી છાયાબેન ભાવેશભાઈ તથા શ્રી હિતેશભાઈ દસાડીયા

**પ્રકાશક** : શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી
દોલતનગર, બોરીવલી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૬.
ફોન: ૦૨૨ ૨૮૯૩૧૫૩૫ / ૨૮૯૩૫૭૪૪

**મુદ્રક** : હિતેશ દસાડીયા, અંધેરી (પૂર્વ), મુંબઈ. મો. ૯૮૧૯૮ ૦૩૯૪૧

**આવચરણ ચિત્ર સૌજન્ય** : દેવચંદ્ર ચોવીસીના સંપાદક શ્રી પ્રેમલ કાપડીયા

# પ્રકાશકીય

પરમ પૂજ્ય શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ બાલબ્રહ્મચારી સૂરિચક્રચક્રવર્તી આચાર્ય ભગવંત **શ્રીમદ્વિજયનેમિસૂરીશ્વરજી** મહારાજના સમુદાયના પ.પૂ. પ્રતિબોધકુશલા વિદુષી સા.શ્રી **પ્રવિણાશ્રીજી** મ.ના શિષ્યા પૂ.સા.શ્રી **કીર્તિયશાશ્રીજી** મ.ના શિષ્યા, પૂ.સા.શ્રી **ઉદયયશાશ્રીજી** મ.ના શિષ્યા પૂ.સા.શ્રી **વજ્રયશાશ્રીજી** મ.ના શિષ્યા પૂ.સા.**શ્રી ચૈત્યયશાશ્રીજી**એ છેલ્લાં પાંચ વર્ષના પરિશ્રમપૂર્વક મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ રચિત **સમકિતના સડસઠ બોલની સજ્ઝાય** ઉપર સંશોધનાત્મક મહાનિબંધ તૈયાર કર્યો છે અને તેમના બેન **સા.શ્રી વૃષ્ટિયશાશ્રીજી**એ પણ સાથે સાથે **જૈન કથા સાહિત્ય** ઉપર પાંચ વર્ષના પરિશ્રમપૂર્વક સંશોધનાત્મક મહાનિબંધ તૈયાર કર્યો છે અને તે બંને મહાનિબંધ મુંબઈ યુનિવર્સિટી દ્વારા માન્ય કરવામાં આવ્યા.

વળી પૂજ્ય શાસનસમ્રાટશ્રીના સાધુ તથા સાધ્વી સમુદાયમાં આ પ્રકારે યુનિવર્સિટી દ્વારા માન્ય ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરવાનું સૌપ્રથમ ગૌરવ પૂજ્ય સા.શ્રી **ચૈત્યયશાશ્રીજી** તથા પૂ.સા.શ્રી **વૃષ્ટિયશાશ્રીજી**ને પ્રાપ્ત થાય છે.

તે બંને મહાનિબંધનું પ્રકાશન કરવાનો લાભ પ.પૂ. શાસનસમ્રાટ આ. **શ્રીવિજયનેમિસૂરીશ્વરજી** મ.સા. ના સમુદાયના વડીલ ગચ્છનાયક વ્યાકરણાચાર્ય કવિરત્ન વિદ્વદ્વર્ય **આ.શ્રીવિજયહેમચંદ્રસૂરીશ્વરજી** મ.સા. તથા પૂ.આ. **શ્રીવિજયનંદિઘોષસૂરિજી** મ.ની સૂચનાથી તથા **શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, જુના નાગરદાસ રોડ, અંધેરી (પૂર્વ)**, મુંબઈની ઉદારતાથી અમારા ટ્રસ્ટને પ્રાપ્ત થયો છે. તે અમારા ટ્રસ્ટ માટે વિશેષ ગૌરવપ્રદ છે અને વિશેષ આનંદની વાત એ છે છે કે આ બંને મહાનિબંધના પ્રકાશન માટેનો સંપૂર્ણ આર્થિક લાભ શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ), મુંબઈએ લીધો છે એ માટે અમો તેમનો ખૂબ ખૂબ ધન્યવાદ સહ આભાર માનીએ છીએ.

લિ. ટ્રસ્ટીઓ
**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી**
દોલતનગર, બોરીવલી (પૂર્વ),
મુંબઈ - ૪૦૦ ૦૬૬.

# ધન્યવાદ

પરમ પૂજ્ય શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત
**શ્રી વિજયનેમિ-વિજ્ઞાન-કસ્તૂર-યશોભદ્ર-શુભંકર સૂરીશ્વરજી** મ.સા. ના
પટ્ટધર ગચ્છાધિપતિ સાત્ત્વિક શિરોમણિ
પરમ પૂજ્ય શાસનપ્રભાવક આચાર્ય ભગવંત
**શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી** મ.સા. ના શિષ્ય
જૈન વિજ્ઞાની પ.પૂ.આ. **શ્રીવિજયનંદિઘોષસૂરિજી મ.સા.**ની પ્રેરણાથી
**શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ,**
**જુના નાગરદાસ રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ એ**
આ ગ્રંથ-પ્રકાશનનો સંપૂર્ણ લાભ લીધો છે.

તે બદલ શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ,
જુના નાગરદાસ રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ,
તેના પ્રમુખશ્રી, ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારીના સભ્યોને
ખૂબ ખૂબ અનુમોદના સહ ધન્યવાદ.

લિ. ટ્રસ્ટીઓ
**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી**
દોલતનગર, બોરીવલી (પૂર્વ),
મુંબઈ - ૪૦૦ ૦૬૬.




# મુળનાયક : શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય, જુના નાગરદાસ રોડ, અંધેરી (ઈ).

# University of Mumbai
# मुंबई विद्यापीठ

We,
the Chancellor, Vice-Chancellor
and
Members of the Management Council
confer the Degree of
**Doctor of Philosophy**
(Arts)
on
**Sadhvi Chaitya Yasha**
of Maharshi Dayanand College of Arts, Science and Commerce
for a Thesis in Gujarti
presented in April 2014
which has been accepted by the Examiners
at the Convocation
held on 24th January, 2015.

आम्ही,
कुलपती, कुलगुरु
आणि
व्यवस्थापन परिषदेचे सदस्य
**विद्यावाचस्पती**
(मानव्यविद्या)
ही पदवी
**साधवी चैत्य यशा**
महर्षि दयानंद कॉलेज ऑफ आर्टस्, सायन्स अॅन्ड कॉमर्स
यांना
गुजराती या विषयात
एप्रिल २०१४ मध्ये
सादर केलेला प्रबंध परीक्षकांनी स्वीकृत केल्याबद्दल
२४ जानेवारी, २०१५ च्या
दीक्षान्त समारंभात प्रदान करीत आहोत.

14-PHDA-14A-120-00074

Vice-Chancellor / कुलगुरु

14000282

# આશીર્વચન



## આ.શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.

• ॐ ह्रीँ अर्हँ नमः •

* नमो नमः श्री गुरुनेमिसूरये *

કેસરિયાજી નગર
પાલિતાણા
પોષ-વદ-૨

વિજય હેમચન્દ્રસૂરિ

તત્ર વિનયવન્ત સાધ્વીજી શ્રી
ચૈત્યયશાશ્રીજી
જોગ અનુવન્દના / સુખશાતા.

વિશેષ —

તમારો પત્ર મળ્યો
પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજની અનુપમ કૃતિ
'સમકિતની સડસઠ બોલની સજ્ઝાય'
ઉપર ૫૦૦ પાનાનો મહાનિબન્ધ લખી
તમે પી.એચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે
તે જાણી આનન્દ થયો.

જૈન સાહિત્ય તો મહાસાગર છે - એમાં
ડુબકી મારી એમાંથી મહામૂલ્ય રત્નોને બહાર
લાવવાનું ભગીરથ કાર્ય કરશો તો અમને આનન્દ
થશે. આ કાર્યમાં તમે આગળને આગળ
વધતા રહો તે માટે અમારા અન્તરના
આશીર્વાદ —

લિ.
હેમચન્દ્રસૂરિ.



શાસનસમ્રાટ્ પ.પૂ.આ. શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ.સા.

# સમર્પણ

વિક્રમની વીસમી સદીના જ્યોતિર્ધર,

કાપરડાજી, શેરીસા, કદંબગિરિ આદિ અનેક તીર્થોના ઉદ્ધારક,

પ્રાચીન ગ્રંથોદ્ધારક, યુગપ્રધાન, જીવદયાના મહાન જ્યોતિર્ધર,

પરમોપકારી સુગૃહીતનામધેય પ્રાત:સ્મરણીય નૈષ્ઠિક બ્રહ્મચર્યના તેજપૂંજ

શાસનસમ્રાટ સૂરિચક્રચક્રવર્તી તપાગચ્છાધિપતિ બાલબ્રહ્મચારી

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત

શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ

જેમના સમુદાયના પંચમહાવ્રતધારી સાધ્વી પદ પ્રાપ્ત

કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે.

તેઓશ્રીના પવિત્ર ચરણ કમળમાં

સાદર સમર્પણ

- સા. ચૈત્યયશાશ્રીજી

# સંપાદકીય

શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામિના શાસનમાં પાંચમા આરામાં દુર્લભ એવો મનુષ્ય જન્મ પ્રાપ્ત કર્યા પછી સંયમ ધર્મની આરાધના પ્રાપ્ત કર્યા પછી જો કોઈ આરાધના કરવાની હોય તો તે તપ ધર્મની આરાધના છે. તેના દ્વારા જ કર્મનિર્જરા થાય છે અને કર્મનિર્જરાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. તપ ધર્મના બે પ્રકાર છે. ૧. બાહ્ય તપ અને ૨. અભ્યંતર તપ.

ઉપવાસ, આયંબિલ, લોચ, વિહાર વગેરે કાયક્લેશ આદિ બાહ્ય તપ જેમ આવશ્યક છે તેમ પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, કાર્યોત્સર્ગ વગેરે અભ્યંતર તપ પણ જરૂરી છે. અધ્યયન અને અધ્યાપન એ સ્વાધ્યાય છે. સ્વાધ્યાય માટે શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે -

**सज्झाएण पसत्थं झाणं, जाणई सव्व परमत्थ । सज्झाए वट्टंतो, खणे खणे होई वेरग्गं ।।**

સ્વાધ્યાય દ્વારા પ્રશસ્ત ધ્યાન થાય છે, સ્વાધ્યાયથી પરમાર્થનો બોધ થાય છે અને સ્વાધ્યાય કરતા સાધુ સાધ્વીને વૈરાગ્ય પેદા થાય છે. માટે સાધુજીવનમાં સ્વાધ્યાય જ સર્વસ્વ છે. માટે જ સાધુ-સાધ્વીએ હંમેશા પ્રતિક્રમણ બાદ સ્વાધ્યાય કરવો જ જોઈએ. તે સ્વાધ્યાય પ્રતિક્રમણની વિધિ સાથે જોડી દેવામાં આવ્યો. જેણે સજ્ઝાય કહેવામાં આવે છે. આ સજ્ઝાય પ્રાચીન કાળમાં સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં પદ્યમાં એટલે કે કાવ્યમય રચવામાં આવતી. તેમાં અધ્યાત્મ, દાર્શનિક, તત્ત્વજ્ઞાન, ધર્મના વિવિધ તત્ત્વનું નિરૂપણ, દર્શન, જ્ઞાન, ચારિત્રનું સ્વરૂપ, સંસારનું સ્વરૂપ, ક્રોધાદિ આંતરશત્રુઓનું સ્વરૂપ, કર્મસિદ્ધાંત, કર્મનું સ્વરૂપ, તેનું ફળ, મહાપુરષો અને મહાસતીઓના જીવન વગેરે વિષયને લઈને રચવામાં આવતી. પરંતુ કાળક્રમે તે લોકભોગ્ય અને લોકબોલીમાં લખાવા લાગી. પ્રતિક્રમણ દરમ્યાન રાગબદ્ધ સુંદર મીઠા મધુર સ્વરે બોલાતી સજ્ઝાય લોકોમાં અપૂર્વભાવ પેદા કરી શકે છે. તેથી પૂર્વના વિદ્વાન મહાપુરુષોએ તેની રચના કરી છે.

છેલ્લા કેટલાક સૈકામાં જૈન ધર્મ બહુધા ગુજરાતમાં વિસ્તર્યો અને ટક્યો છે. પરિણામે જૈન સાધુઓ પણ ગુજરાત કે રાજસ્થાન કે ક્વચિત્ મહારાષ્ટ્રમાં વિચરણ કરતા, તે કારણથી સજ્ઝાયોની મોટે ભાગે ગુજરાતી ભાષામાં અને ક્યારેક હિન્દી ભાષા કે રાજસ્થાની બોલીમાં રચના થતી. આ પ્રકારની સજ્ઝાયોમાં મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે રચેલ સમકિતના સડસઠ બોલની સજ્ઝાયને અનુલક્ષીને પૂ.સા.શ્રી ચૈત્યયશાશ્રીજીએ વિવિધ ગ્રંથોનું અધ્યયન કરી તુલનાત્મક તથા સમીક્ષાત્મક મહાનિબંધ તૈયાર કર્યો. વિ.સં. ૨૦૭૧ના માગશર વદ ૧૦ પોષદશમી આરાધના કરાવવા શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, જુના નાગરદાસ રોડ, અંધેરી (પૂર્વ)માં આવ્યા. ત્યારે તે મહાનિબંધ મને નિરીક્ષણ કરવા માટે આપ્યો. ત્યારે અંધેરી સંઘના પ્રમુખ શ્રી બાબુભાઈ હિંગડ તથા અન્ય સર્વે ટ્રસ્ટીઓને તે જોઈ આનંદ થયો અને સામેથી જ તેઓએ જણાવ્યું કે આ મહાનિબંધ પ્રકાશિત કરાવો અને તેનો લાભ અમને અર્થાત્ અમારા સંઘને આપો. તેઓની વિનંતિનો સ્વીકાર કરી આ મહાનિબંધ પ્રકાશિત કરવાનું નક્કી કર્યું. પરંતુ એ પહેલાં સમગ્ર મહાનિબંધ વાંચી તેમાં પ્રકાશનાર્હ સુધારા કરવા આવશ્યક લાગતાં પૂ. સાધ્વીજી તથા અંધેરી સંઘના આગેવાનોએ તે કાર્ય મને સોંપ્યું અને તે દ્વારા તેઓએ મને આ મહાનિબંધનો સ્વાધ્યાય કરવાનો અપૂર્વ અવસર આપ્યો અને મારી સૂરિમંત્રની પંચપ્રસ્થાનની આઠમી વારની આરાધનામાં પ્રથમ પ્રસ્થાન શ્રી સરસ્વતી દેવીની આરાધનાની સાથે તેનું સંપાદન કાર્ય કર્યું. જેનાથી મારા જ્ઞાનમાં પણ ઘણી વૃદ્ધિ થઈ છે.

આ માટે હું પૂ.સા.શ્રી ચૈત્યયશાશ્રીજી તથા પૂ.સા.શ્રી વૃષ્ટિયશાશ્રીજીનો તથા શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ), મુંબઈના પ્રમુખશ્રી તથા ટ્રસ્ટીશ્રીઓનો ઋણી છું.

**વિજયનંદિઘોષસૂરિ**

વિ.સં. ૨૦૭૧, ફાગણ વદ ૫, બુધવાર,
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ઉપાશ્રય,
જુના નાગરદાસ રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૬૯.

# પ્રસ્તાવના

અનંતાભવોની રખડપટ્ટી કર્યા પછી મનુષ્ય જીવન મળ્યું છે તે જીવનમાં કાંઈક મેળવવા જેવું કે સ્પર્શના કરવા રૂપ છે. તે આત્માનો અનુભવ છે. અને તે પ્રાપ્ત કરવા માટે કાંઈક શરૂઆત કરવી હોય તો સૌથી પહેલું પગથિયું તે 'સમ્યગ્‌દર્શન' છે. અને આ મેળવવા માટે 'સમ્યગદૃષ્ટિ' જીવનની પ્રાથમિક ભૂમિકા કેવી હોય તે વર્ણન જેમાં આવે છે તે ઉપાધ્યાય યશોવિજયજી કૃત 'સમકિતના ૬૭ બોલની સજઝાય' છે. અને આવા વિષય પર મને સંશોધન કરવા મળ્યું તે મારું અહોભાગ્ય છે. પરમાત્માની કૃપાએ આ વસ્તુ મળી શકે છે. હું પામર જીવ આવું કાર્ય ત્યારે જ કરી શકું જ્યારે પરમાત્માના કરુણારસની અસીમ કૃપા હોય, ખરેખર! પરમાત્માની કૃપાદૃષ્ટિથી અહીં સુધી પહોચ્યા, આગળ પણ તે જ લઈ જશે.

પીએચ.ડી.ના આ સંશોધન માટે લગભગ પાંચ વર્ષ સુધી કાર્ય ચાલ્યું. તેની અંદર જે સહાયકો છે, તેમનો ઉપકાર કઈ રીતે ભુલી શકાય? કોઈપણ વ્યકિતનો ઉપકાર માન્યા પહેલાં સૌ પ્રથમ હું 'સીમંધર સ્વામી' ભગવાનની આભારી છું કારણકે હે પ્રભુ! આ કાર્ય કરવામાં તમે હંમેશા સાથે રહ્યા છો અને સાથે રહેજો.

સાધ્વી જીવનમાં આવ્યા પછી શ્રી સંઘ, દેવ-ગુરુ-ધર્મના શરણે અમારું જીવન સમર્પિત હોય છે. મારા જીવનમાં ઉપકારી સર્વનો આભાર માનવા માગું છું.

**પરમ ઉપકારી ગુરુદેવઃ- શાસન સમ્રાટ આચાર્યશ્રી વિજય નેમિસૂરીશ્વરજી** સમુદાયના વડીલ આચાર્ય પરમ પૂજ્ય આચાર્યશ્રી **વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**, પરમ પૂજ્ય આચાર્યશ્રી **વિજય નયપ્રભસૂરીશ્વરજી મહારાજા**, પરમ પૂજ્ય આચાર્યશ્રી **વિજય પ્રબોધચંદ્રસૂરીશ્વરજી મહારાજા** આદિ સર્વ ગુરુદેવોની આભારી છું જેઓ આ કાર્યમાં આગળ વધવા સહાયક બન્યા છે.

મને આ કાર્ય કરવા સુધી યોગ્યતા આપનાર મારા દીક્ષાદાતા ગુરુ પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજય ઈન્દ્રસેનસૂરીશ્વરજી મહારાજા**નો આભાર માનું છું.

**શ્રમણી વૃન્દઃ-** પ્રતિબોધ કુશલા પરમપૂજ્ય સા.શ્રી **પ્રવિણાશ્રીજી મ.સા.** તથા પરમ પૂજ્ય સરળ સ્વભાવી સા.શ્રી **કીર્તિયશાશ્રીજી મ.સા.** ના દિવ્ય આશિષે કાર્યમાં વેગ આવ્યો છે.

પૂ. વડીલ સા.શ્રી ઉદયયશાશ્રીજી મ. તથા પૂજ્ય ગુરુદેવ સા.શ્રી **વજ્રયશાશ્રીજી મ.સા.** નો ઉપકાર જેમણે હંમેશા આગળ વધવા ઉત્સાહ વધાર્યો છે. એમનું સપનું સાકાર થયું છે.

શાસન સમ્રાટ સમુદાયના ગુરુદેવો, અન્ય સમુદાયના ગુરુદેવો, સાધ્વીજી ભગવંતો, જેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયક બન્યા છે. તે સર્વનો ઉપકાર માનું છું.

**ઉપકારી પરિવાર:-** સંસારી પિતા **ચંદ્રકાન્તભાઇ** તથા માતા **સા.શ્રી સંયમયશાશ્રીજી મ.સા.** જેમણે નાનપણથી શુભ બીજ નાંખ્યા તો આગળ આ વળાંક લઇ શકાયો. તથા મારી સાથે રહેતા સાધ્વીશ્રી **વૃષ્ટિયશાશ્રીજી** (સંસારી પક્ષે નાના બહેન) જેમણે હંમેશા આ કાર્ય મારી સાથે બેસીને કર્યુ છે. સંશોધનમાં ખૂબ સહાયક બન્યા છે, તેમની ઋણી છું. તથા સંસારી પક્ષે જતીનભાઇ, અપેક્ષાબેન, તૃપ્તિબેન, પકંજભાઇ, ફોરમબેન આદિનો ખૂબ સાથ સહકાર રહયો છે.

**શ્રી સંઘ:-** અમારા માતા-પિતા સમાન શ્રીસંઘ જેમણે હંમેશા ખૂબ સંભાળ રાખી છે. તેનો ઉપકાર કેમે કરી ચૂકવી શકાય તેમ નથી. શ્રી ગોડીજી મહારાજ જૈન ટેમ્પલ એન્ડ ચેરીટીઝ શ્વે.મૂ.સંઘના ટ્રસ્ટી અનુભાઇ, અરવિંદભાઇ, ગીરીશભાઇ, પ્રશાંત ઝવેરી, ચેતનભાઇ ઝવેરી આદિ. શ્રી લબ્ધિ નિધાન સીમંધર સ્વામી જૈન શ્વે.મૂ.જૈન સંઘ, એલફીસ્ટન ટ્રસ્ટીશ્રી પ્રવિણભાઇ, રમેશભાઇ, જયંતીભાઇ, ચંદુભાઇ, સરેમલજી આદિ તથા સીમંધર સંઘની આરાધક બહેનો, વાલકેશ્વર જૈન શ્વે.મૂ.સંઘના ટ્રસ્ટીશ્રી ભરતભાઇ આદિ સર્વે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ રાજેન્દ્ર જૈન ટ્રસ્ટ-તાડદેવ-ટ્રસ્ટીશ્રી કિશોર મલજી લુક્કડ આદિ. શ્રી અર્હમ્ વાસુપૂજ્ય સ્વામી જૈન.શ્વે.મૂ.સંઘ-કાંદિવલી-ટ્રસ્ટીશ્રી રમેશભાઇ, બકુલભાઇ ઝવેરી, જયેશભાઇ, વિરેનભાઇ આદિ સર્વે. શ્રી રાજમરુધર જૈન શ્વે.મૂ.સંઘ (દાદર)ના ટ્રસ્ટીશ્રી રતનચંદ ગાંધી, કેવલભાઇ, મિશ્રિમલજી, મહાવીરભાઇ, વિમલભાઇ, જયંતિભાઇ આદિ.

આ ઉપરાંત જે સંઘોએ અમારા અભ્યાસમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સહાયક બન્યા છે. તે સર્વના હાર્દિક રીતે ઋણી છીએ.

**જ્ઞાન ભંડારો:-** વિવિધ જ્ઞાનભંડારો જે અમને પુસ્તક પૂરું પાડવામાં સહાયક બન્યા છે. ગોરેગાંવ જવાહરનગર જ્ઞાનભંડાર, શ્રી જ્ઞાનમંદિર ગ્રંથાલય-દાદર, મલાડ જગવલ્લભ પાર્શ્વનાથ જ્ઞાનભંડાર, શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા, વાલકેશ્વર જૈન સંઘ જ્ઞાનભંડાર, શ્રી કલાપૂર્ણમ્ ગ્રંથ ભંડાર-દેવલાલી, શ્રી બાબુ અમીચંદ પુસ્તકાલય, ગોડીજી પાર્શ્વનાથ જૈન સંઘ જ્ઞાનભંડાર, શ્રી શ્રેયસ્કર અંધેરી જૈન સંઘ જ્ઞાનભંડાર, ગોવાલીયા ટેંક જૈન સંઘ જ્ઞાનભંડાર, વાસુપૂજ્યસ્વામી જૈન સંઘ જ્ઞાનભંડાર કાંદિવલી, શાહપુર તીર્થ જ્ઞાનભંડાર, કાસરવડોલી જ્ઞાનભંડાર, મંડપેશ્વર જૈન સંઘ બોરીવલી જ્ઞાનભંડાર, જૈન નગર સંઘ જ્ઞાનભંડાર અમદાવાદ, મોતીશા શેઠ ચેરીટેબલ ટ્રસ્ટ જ્ઞાનભંડાર ભાયખલા, ચંદનબાળા જૈન સંઘ જ્ઞાનભંડાર વાલકેશ્વર, વિવિધ અનેક જગ્યાએથી અમને પુસ્તકની પ્રાપ્તિ થઇ છે જેનાથી આ કાર્ય સરળતા સાથે સુગમ રીતે થઇ શક્યુ છે.

મારા વિષયની શરૂઆત થઇ અને પૂર્ણાહૂતિ થઇ ત્યાં સુધી જેમણે એક સરખું કાર્ય કર્યુ છે. તેવા અમારા માર્ગદર્શક **ડૉ. કલાબેન શાહ**. જેઓ ૭૫ વર્ષની ઉમરે પણ મજબૂત રીતે જરાય પરિશ્રમ કે ઉંમરનું કારણ ન આપતા ખંત, ધગશપૂર્વક કાર્ય

કરાવ્યું છે. તેમનો ઉપકાર ભૂલી શકાય તેમ નથી. તથા તેમના ભાઇ સ્વ.અતુલભાઇના ઋણી છીએ.

અમને અમારા ભણવાના કાર્યમાં અનુકૂળતા કરી આપનાર ભવાનજીભાઇ નાગડા તથા કિશોરભાઇ ગડાનો આભાર માનું છું.

હંમેશા પુસ્તકો આપનાર ગમે ત્યાં પહોંચાડીને હમેશા સહાયક બનનાર રાજુભાઇ લાયબ્રેરીયન ધન્યવાદને પાત્ર છે.

સંશોધનનું કાર્ય ખૂબ ધીરજ માંગી લે તેવું છે. આ સમયમાં અમને આગળ વધવામાં સહાયક, કોઇપણ કાર્ય અટકી પડે તો ખડે પગે ઊભા રહેનાર પલબેન ઝવેરી, રેશમાબેન તથા રોહિતભાઇ ચોકસી, હેમાબેન વિજયભાઇ ઝવેરી, અમુલભાઇ શાહ, શૈલેષભાઇ ઝવેરી, મનસુખભાઇ કેનીયા, આદિ પરિવારનો ખૂબ સાથ સહકાર રહ્યો છે તેમનો આભાર માનું છું.

મહર્ષિ દયાનંદ કોલેજ ઓફ આર્ટસ, સાયન્સ અને કોમર્સ, પ્રિન્સિપાલ શ્રીમતી તંગમ્ ધૂલે તથા ઓફીસના સર્વ કાર્યકરોનો આભાર માનું છું. તે ઉપરાંત મુંબઇ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા ડૉ. ઉર્વશીબેન પંડ્યાનો પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે કરેલ સહાય બદલ હાર્દિક આભાર માનું છું.

અમને હસ્તપ્રત મોકલવા બદલ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર જૈન આરાધના કેન્દ્ર, કોબાના કાર્યકરોનો હાર્દિક આભાર માનું છું.

આ સંશોધન નિબંધનું કાર્ય કોમ્પ્યુટર ટાઈપીંગ તથા સંપૂર્ણ કાર્ય કરવામાં સહાયક છાયાબેન તથા ભાવેશભાઇ અજમેરા (અમરેલીવાળા) હાલ ઘાટકોપર તથા પ્રકાશનાર્હ સેટિંગ કરી સુંદર પ્રિન્ટીંગ કરી આપનાર શ્રી હિતેશભાઈ દસાડીયા નો આભાર માનું છું.

જૈન વિજ્ઞાની પ.પૂ.આ.શ્રી વિજયનંદિઘોષસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એ આ મહાનિબંધ પ્રકાશિત કરાવવાનો સંપૂર્ણ લાભ લીધો છે. તેમનો અને આ ગ્રંથનું ભાષાકીય દષ્ટિએ સંપાદન કાર્ય પણ તેઓએ સારા એવા સમયનો ભોગ આપી કરી આપ્યું છે. એ માટે અમો તેમના ઋણી છીએ. આવરણ ચિત્રના સૌજન્ય માટે શ્રી દેવચંદ્ર ચોવીસી ના સંપાદક-પ્રકાશક શ્રી પ્રેમલભાઈ કાપડીયાના અમો સૌ ઋણી છીએ.

આ ઉપરાંત જે કોઇ વ્યકિતએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય કરી હોય તે સર્વેનો આભાર માનું છું. જિનાજ્ઞા વિરૂધ્ધ કંઇ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.

- સા.ચૈત્યયશાશ્રીજી

# અનુક્રમણિકા

**૧ જૈન સાહિત્યની ભૂમિકા, સજ્ઝાયનું સ્વરૂપ અને વિકાસ** ૦૦૧
સજ્ઝાયનું સ્વરૂપ અને વિકાસ ૦૦૩
સજઝાયના સ્વરૂપની વિવિધ વ્યાખ્યાઓ ૦૦૩
સજ્ઝાય દ્વારા થતો પ્રભાવ ૦૦૯
આવશ્યક ક્રિયામાં સજ્ઝાયનું મહત્ત્વ ૦૧૩
મધ્યકાલીન યુગમાં સજ્ઝાયનો વિકાસ ૦૧૭
૧૬મી સદી લાવણ્ય સમય ૦૧૯
સત્તરમી સદી ૦૨૧
અઢારમી સદી ૦૨૫
વિક્રમની ઓગણીસમી સદી ૦૩૪
વીસમી સદી ૦૩૬
વિવિધ સજ્ઝાયોની રચના અને સ્વરૂપ ૦૩૭

**૨. ઉપાધ્યાય યશોવિજયજીનું જીવન અને કવન** ૦૪૪
સુજસવેલી ભાસ - કર્તા : પૂજ્ય મુનિવર શ્રી કાંતિવિજયજી ૦૪૬
ગુરુ આશિષ સાથે બાલ્યવયમાં દીક્ષા ૦૫૪
સંયમ સાધના સાથે શાસ્ત્ર અભ્યાસ માટે કાશીગમન ૦૫૬
આઠ અવધાન ૦૫૮

પૂ. ઉ. યશોવિજયજીને કાશીના બ્રાહ્મણ પંડિતો દ્વારા
મળેલ પદ : ''ન્યાય વિશારદ'' ''ન્યાયાચાર્ય'' ૦૬૦
કાશી અંગેની દંતકથા ૦૬૧
ઉપાધ્યાય યશોવિજય સ્વાધ્યાયગ્રંથમાં ૦૬૩
ગુજરાતમાં આગમન ૦૬૪
શંકાસ્પદ માફીપત્ર ૦૬૮
માફીપત્ર અંગે કાપડીયાએ કરેલ શંકા ૦૭૦
શાસનપત્ર ૦૭૨
આનંદઘન સાથેનો સંપર્ક ૦૭૨
ગુરુશિષ્ય પરંપરા ૦૭૩
શિષ્ય પરંપરા ૦૭૪
ઉપાધ્યાય શ્રીયશોવિજયજી માટે પ્રચલિત દંતકથાઓ ૦૭૫
સ્વર્ગવાસ (કાળધર્મ) ૦૭૬

અનુકાલીનોમાં ઉપાધ્યાય યશોવિજયજી - વ્યક્તિત્વ ૦૭૮
ઉપાધ્યાય યશોવિજયજીનું વિરાટ સાહિત્યસર્જન ૦૭૯
પ.પૂ.ઉ. યશોવિજયજીના સાહિત્યની ઝલક ૦૮૦
ભાષારહસ્ય ૦૮૦
અગિયાર અંગની સજ્ઝાય, અઢાર પાપસ્થાનકની સજ્ઝાય ૦૮૧
સમાધિશતક ૦૮૨
પ્રતિમાશતક ૦૮૩
વાદમાલા ૦૮૪
અસ્પૃશદ્ગતિવાદ, સ્યાદ્વાદ કલ્પલતા ૦૮૫
વીરસ્તોત્ર અથવા ન્યાયખંડખાદ્ય ૦૮૬
સમુદ્રવહાણ સંવાદ ૦૮૭
દ્રવ્યગુણ પર્યાયનો રાસ ૦૮૮
યોગદર્શન ૦૮૯
ન્યાયાલોક ૦૯૦
શ્રીપાલ રાજાનો રાસ ૦૯૧
જંબૂસ્વામીનો રાસ ૦૯૨
બ્રહ્મગીતા, ઉપદેશ રહસ્ય ૦૯૩
આર્ષભીયચરિત ૦૯૪
કાવ્યપ્રકાશ ટીકા ૦૯૫
જ્ઞાનાર્ણવ પ્રકરણ ૦૯૬
ઐન્દ્રસ્તુતિ ચતુર્વિંશિકા ૦૯૭
જ્ઞાનબિન્દુ ૦૯૮
નયપ્રદિપ ૦૯૯
નયોપદેશ ૧૦૦
નયરહસ્ય ૧૦૧
યતિલક્ષણ સમુચ્ચય, યતિધર્મ બત્રીસી ૧૦૨
દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ૧૦૩
જૈન તર્કભાષા ૧૦૫
ગુરુતત્ત્વ વિનિશ્ચય ૧૦૬
દેવ ધર્મ પરીક્ષા ૧૦૭
વૈરાગ્ય કલ્પલતા ૧૦૯
અધ્યાત્મમત પરીક્ષા, અધ્યાત્મ ઉપનિષદ્ ૧૧૦

અધ્યાત્મસાર, જ્ઞાનસાર ૧૧૨
ઉપાધ્યાય યશોવિજયનું અનુવાદકર્મ અને અનુવાદકૌશલ્ય ૧૧૩
- પૂ.આ.શ્રીપ્રદ્યુમ્નસૂરિજી
શ્રીગોડીજી પાર્શ્વનાથ સ્તોત્ર - સંક્ષિપ્ત રસદર્શન ૧૧૫
સ્તવન ચોવીશીઓ ૧૧૬
વિહરમાનજિન વીસી ૧૧૮
આધ્યાત્મિક પદો ૧૧૯
આનંદઘન અષ્ટપદી ૧૨૧
શ્રીગોડીજી પાર્શ્વનાથ અને યશોવિજયરચિત સ્તોત્ર ૧૨૨
ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય
શ્રીમદ્ યશોવિજયકૃત ગ્રંથોની યાદી ૧૨૫
સંસ્કૃત, પ્રાકૃત ભાષાના ઉપલબ્ધ ગ્રન્થો ૧૨૫
પૂવાચાર્યકૃત સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથો ઉપર ઉપલબ્ધ ટીકાગ્રન્થો ૧૨૭
ગુર્જર, મિશ્રભાષાની ઉપલબ્ધ કૃતિઓ ૧૨૮
અન્યકર્તૃક ગ્રન્થ ઉપર અનુવાદિત ગુર્જર અપ્રાપ્ત કૃતિઓ ૧૩૦

**૩. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય સાહિત્યકીય અને તાત્ત્વિક દષ્ટિએ સમીક્ષા** ૧૩૩
ગાથા - ૧ ૧૩૩
સમ્યકત્વના જુદી જુદી દષ્ટિએ વિભાગીકરણ ૧૩૭
ગાથા - ૨ ૧૩૮
ગાથા - ૩ ૧૪૦
દઢ સમકિત ઉપર શ્રેણિક રાજાનું દષ્ટાંત ૧૪૨
ગાથા - ૪ ૧૪૫

અધિકાર પહેલો - ઢાળ ૧લી ૧૪૭
અભયકુમારનું દષ્ટાંત ૧૫૪
સમકિતની બીજી શ્રદ્ધા ૧૫૬
પુષ્પચૂલા સાધ્વીનું દષ્ટાંત ૧૫૯
સમકિતની ત્રીજી શ્રદ્ધા ૧૬૧
જમાલિનું દષ્ટાંત ૧૬૨
સમકિતની ચોથી શ્રદ્ધા ૧૬૪
ઈન્દ્રભૂતિ ગૌતમ કથા ૧૬૬

અધિકાર બીજો - ઢાળ બીજી ૧૬૮

સમકિતનું પહેલું લિંગ : શુશ્રુષા ૧૬૯

શુશ્રુષાના ગુણ ઉપર સુદર્શન શ્રેષ્ઠી તથા અર્જુનમાલીનું દૃષ્ટાંત ૧૭૧

સમકિતનું બીજું લિંગ : ધર્મરાગ ૧૭૩

ચિલાતીપુત્રનું દૃષ્ટાંત ૧૭૪

સમકિતનું ત્રીજું લિંગ : વૈયાવચ્ચ ૧૭૫

વૈયાવચ્ચ માટે નંદિષેણનું દૃષ્ટાંત ૧૭૭

અધિકાર ત્રીજો - ઢાળ ત્રીજી ૧૭૯

દસ પ્રકારનો વિનય ૧૮૦

દસ પ્રકારના ગુણવંતના વિનયના પાંચ પ્રકાર ૧૮૪

વિનય ગુણમાં ભુવનતિલક મુનિનો પ્રબંધ ૧૮૫

અધિકાર ચોથો - ઢાળ ચોથી ૧૮૭

મનઃશુદ્ધિ, મનઃશુદ્ધિ ઉપર આનંદ શ્રાવકનું દૃષ્ટાંત ૧૮૯

વચન શુદ્ધિ ૧૯૨

શ્રી કાલકાચાર્યનું દૃષ્ટાંત ૧૯૩

કાયશુદ્ધિ ૧૯૪

કાયશુદ્ધિ : વજ્ર કર્ણનું દૃષ્ટાંત ૧૯૫

અધિકાર પાંચમો - પાંચ દૂષણ ૧૯૭

શંકા : તિષ્યગુપ્ત નિહ્નવનું દૃષ્ટાંત ૨૦૦

આકાંક્ષા : સર્વદેવની ભક્તિ કરનાર શ્રીધર શ્રાવકનુ દૃષ્ટાંત ૨૦૨

વિચિકિત્સા : દુર્ગંધા રાણીનું દૃષ્ટાંત ૨૦૪

મિથ્યાત્વીની પ્રશંસા : સુમતિ અને નાગિલનું દૃષ્ટાંત ૨૦૬

મિથ્યાદૃષ્ટિ સંસ્તવ : ધનપાળ કવિનું દૃષ્ટાંત ૨૦૮

અધિકાર છઠ્ઠો : આઠ પ્રભાવક ૨૧૦

પ્રાવચનિક : વજ્રસ્વામીનું દૃષ્ટાંત ૨૧૩

ધર્મકથક : નંદિષેણ મુનિનો પ્રબંધ ૨૧૭

વાદી : મલ્લવાદી પ્રબંધ ૨૨૦

નિમિત્તવેત્તા : શ્રી ભદ્રબાહુસ્વામીની કથા ૨૨૧

તપસ્વી : કાષ્ઠ મુનિનું દૃષ્ટાંત ૨૨૩

વિદ્યાપ્રભાવક શ્રી હેમચંદ્રસૂરિની કથા ૨૨૬

સિદ્ધ પ્રભાવક પાદલિપ્તસૂરિનું દૃષ્ટાંત ૨૨૭

કવિ પ્રભાવક હરિભદ્રસૂરિની કથા ૨૨૯

અધિકાર સાતમો - પાંચ ભૂષણ ૨૩૦
કુશળપણા ઉપર ઉદાયી રાજાની કથા ૨૩૨
તીર્થસેવા ઉપર ત્રિવિક્રમની કથા ૨૩૫
દેવ-ગુરુની ભક્તિ ઉપર જીર્ણ શ્રેષ્ઠીની કથા ૨૩૮
ધર્મદઢતા ઉપર સુલસાની કથા ૨૩૯
પ્રભાવના ઉપર દેવપાળ રાજાની કથા ૨૪૨

અધિકાર આઠમો - પાંચ લક્ષણ ૨૪૩
ઉપશમ લક્ષણ ઉપર કૂરગડૂ મુનિની કથા ૨૪૫
સંવેગ ઉપર આનાથી મુનિની કથા ૨૪૮
નિર્વેદ ઉપર હરિવાહન રાજાની કથા ૨૫૦
અનુકંપા ઉપર ચંડકૌશિકની કથા ૨૫૩
આસ્તિક્ય ઉપર પદ્મશેખર રાજાની કથા ૨૫૫

અધિકાર નવમો - છ જયણા ૨૫૬
સંગ્રામશૂર રાજાની કથા ૨૫૮
સદ્દાલપૂત્રની કથા ૨૬૦
જયણામાં જયણા ૨૬૧

અધિકાર દશમો - છ આગાર ૨૬૨
રાજાભિયોગ - કાર્તિક શેઠનું દષ્ટાંત, ગણાભિયોગ ૨૬૪
સુધર્મ રાજાની કથા ૨૬૫
વૃતિકાંતાર, ગુરુનિગ્રહ ૨૬૭
દેવાભિયોગ, બલાભિયોગ ૨૬૭

અધિકાર અગિયારમો - છ ભાવના ૨૬૮
વિક્રમ રાજાની કથા ૨૭૨

અધિકાર બારમો - છ સ્થાન ૨૭૩

અધિકાર તેરમો ૨૭૯

સડસઠ બોલની સજ્ઝાયમાં કવિની કાવ્યશક્તિ ૨૭૯

**૪. સમકિતનું સ્વરૂપ વિવિધ દષ્ટિએ** ૨૯૪
આત્મા દષ્ટિ થવી - આત્મા તરફ લક્ષ આપવું. ૨૯૪

સમ્યગદર્શનના બે પ્રકાર ૨૯૭
સમ્યગદર્શનના ત્રણ પ્રકાર ૨૯૮
સમ્યગદર્શનના દશ પ્રકાર ૨૯૯
જૈન સાહિત્યમાં સમ્યગદર્શન ૩૦૦
આચારાંગ વગેરે આગમ તથા અન્ય ગ્રંથોમાં સમ્યગ્દર્શન ૩૦૦
અન્ય ધર્મમાં સમકિતનું વર્ણન : બૌદ્ધધર્મ, સાંખ્યદર્શન,
યોગદર્શન, ન્યાયવૈશેષિકદર્શન, વેદાંત દર્શન,
શ્રીમદ્ ભગવદ્ ગીતા ૩૦૫
સમ્યગ્દર્શનનો અર્થ અને ભૂમિકા ૩૦૭
ગ્રંથિભેદ, ૧. યથાપ્રવૃતિકરણ, ૨. અપૂર્વકરણ -
અ. સ્થિતિઘાત, બ. રસઘાત ક. ગુણશ્રેણી,
ડ. અપૂર્વસ્થિતિબંધ, ૩. અનિવૃતિકરણમાં પ્રવેશ ૩૦૮
૧. ઉપશમ સમ્યકત્વની પ્રાપ્તિ, ૨. ક્ષયોપશમ સમ્યકત્વ,
૩. સાસ્વાદન સમ્યકત્વ, ૪. વેદક સમ્યકત્વ,
૫. ક્ષાયિક સમ્યકત્વ ૩૧૨
નવપદની પૂજામાં સમ્યકત્વ ૩૧૭
વીશસ્થાનક પદની પૂજામાં સમ્યકત્વનું માહાત્મ્ય, મિથ્યાત્વના ભેદ ૩૧૯
મિથ્યાત્વના કાળની અપેક્ષાએ ત્રણ પ્રકાર, મિથ્યાત્વના પાંચ પ્રકાર ૩૨૧
મિથ્યાત્વના દશ ભેદ ૩૨૪
કર્મગ્રંથ અને સિદ્ધાન્તકારો વચ્ચે સમ્યગ્દર્શન અંગે વિવિધ માન્યતાઓ ૩૨૫
વર્તમાન ચોવીશીના તીર્થંકરોના ભવ ૩૩૨
સકલકીર્તિ-શ્રાવકાચારમાં સમ્યકત્વનો મહિમા ૩૩૮

**૫. સમકિતના સડસઠ બોલની સજ્ઝાયનું અન્યકૃતિ સાથે તુલનાત્મક અધ્યયન ૩૪૪**
સમકિતના સડસઠ બોલની સજ્ઝાય અને
શ્રીહરિભદ્રસૂરિજી રચિત સમ્યકત્વસપ્તતિ ૩૪૪
સમકિતના સડસઠ બોલની સજ્ઝાય અને
કવિ ઋષભદાસકૃત સમકિતસાર રાસ ૩૪૪

**૬. ઉપસંહાર ૩૮૦**

સંદર્ભગ્રંથ સૂચિ ૩૮૯

# આચાર્ય યશોવિજયજીકૃત
# 'સમકિતના સડસઠ બોલ'ની
## હસ્તપ્રત



આચાર્ય યશોવિજયજીકૃત 'સમક્તિના સડસઠ બોલ'ની હસ્તપ્રત



આચાર્ય યશોવિજયજીકૃત 'સમક્તિના સડસઠ બોલ'ની હસ્તપ્રત

# પ્રકરણ-૧

## જૈન સાહિત્યની ભૂમિકા, સજ્ઝાયનું સ્વરૂપ અને વિકાસ

વિશ્વની તમામ સંસ્કૃતિઓમાં આજ પર્યંત જીવંત રહેલી ભારતીય સંસ્કૃતિ પ્રાચીનતમ સંસ્કૃતિ છે. દસ-પંદર હજાર વર્ષથી પણ વધારે સમયથી કાળના અનેક ઝંઝાવાતોની સામે ઝઝૂમતી અને જીવંત રહેલી આ સંસ્કૃતિને સજીવન રાખનારા, તેનું પોષણ કરનારા અને તેનું સંવર્ધન કરનારા પરિબળોમાં ધર્મ-તત્ત્વજ્ઞાન, સ્મૃતિઓ, શ્રુતિઓ, પુરાણો, રામાયણ તથા મહાભારત જેવા પૌરાણિક મહાકાવ્યો વગેરેએ ભારતીય પ્રજાના જીવન ઘડતરમાં અતિ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

અન્ય ધર્મોની જેમજ જૈન ધર્મમાં પણ આગમકાળથી માંડીને વર્તમાન સમય સુધીમાં જૈન સાહિત્ય ઘણું ખેડાયેલું છે. ભારતીય સંસ્કૃતિને ઘડનારા પરિબળોમાં જૈન સાહિત્યએ મહત્ત્વનું યોગદાન કરેલું છે. જૈનોનાઆગમગ્રંથોએ જનજીવન પર આજ દિન સુધી ઊંડો પ્રભાવ પડેલો જોવા મળે છે. જૈન આગમ સાહિત્ય શરૂઆતમાં કંઠસ્થ સ્વરૂપે હતું. પછીના સમયમાં તે ગ્રંથરૂપે રચાવાયેલું પ્રાપ્ત થાય છે. જૈનોએ હસ્તપ્રતોની સાચવણ વિશિષ્ટ પધ્ધતિ દ્વારા કરી છે. આરંભમાં તાડપત્રો ઉપર અને ત્યારબાદ હાથ-બનાવટના કાગળો ઉપર લહિયાઓ દ્વારા લખાયેલી આ હસ્તપ્રતો આજે પણ અનેક જ્ઞાનભંડારોમાં મળી આવે છે. જેમાં જેસલમેર, પાટણ, ખંભાત, બિકાનેર, જયપુર જ્ઞાનભંડારો નોંધપાત્ર છે.

છેલ્લા પંદરસો વર્ષના જૈન સાહિત્યની રચનાઓમાં પશ્ચિમ ભારતનાં ગુજરાત અને રાજસ્થાનનો ફાળો મહત્ત્વનો રહ્યો છે.

આગમસાહિત્ય ઉપર સંસ્કૃત અને પ્રાકૃતભાષામાં અનેક સાહિત્યની રચનાઓ થઈ છે. આ રચનાઓમાં ભદ્રબાહુસ્વામી, વાચક ઉમાસ્વાતિ, સિધ્ધસેન દિવાકરસૂરિ, હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, સોમચંદ્રસૂરિ, વગેરે અનેક સાધુભંગવતોએ સંસ્કૃત તથા પ્રાકૃતમાં રચના કરી છે. આ ઉપરાંત અર્ધમાગધી ભાષામાં પણ તીર્થંકરોના ચરિત્રો ઉપલબ્ધ છે. તેના આધારે મહાકાવ્યોની રચના થઈ છે.

તાત્ત્વિક તથા ચિંતનાત્મક સાહિત્યની સાથે સાથે જૈન સાધુ કવિઓની લલિતસાહિત્યમાં અઢળક કૃતિઓની રચનાઓ પ્રાપ્ત થાય છે. સાથે સાથે વ્યાકરણની રચનાઓમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યકૃત 'સિધ્ધહેમ શબ્દાનુશાસન' જેવી અજોડ રચના છે.

જૈન સાહિત્યનું સૌથી મહત્ત્વનું સ્વરૂપ રાસા સાહિત્ય ગણાય છે. તે વિ.સં

૧૨૨૫ થી ૧૪૯૦ સુધીના સમયને 'રાસાયુગ' તરીકે ઓળખવામાં આવે છે. કારણકે આ સમયગાળા દરમ્યાન રાસા નામનો સાહિત્યપ્રકાર વિપુલતાથી ખેડાયેલો જોવા મળે છે. બારમી સદીમાં 'સદેશક રાસક' નામની કાવ્યાત્મક કૃતિથી શરૂ થયેલા આ સાહિત્યપ્રકાર છેક ઓગણીસમી સદી સુધી રચાતો રહ્યો છે. આ રચનાઓમાં મુખ્યત્વે, શાલીભદ્રકૃત 'ભરતેશ્વર બાહુબલી રાસ', અભયતિલકકૃત 'મહાવીરરાસ', અંબદેવ કૃત 'સમરા રાસો'વગેરે ચૌદમા સૈકામાં રચાયેલી મુખ્ય કૃતિઓ છે. પંદરમા, સોળમા સૈકામાં વધુ વિકાસ જોવા મળે છે. એજ પ્રવાહ સોળમા અને સત્તરમા સૈકાના કવિઓના હાથે પણ ખુબ સારી રીતે વિકાસ પામ્યો જેમાં કવિ સહજસુંદર, સમયસુંદર, ઋષભદાસ, વગેરે મહત્ત્વના કવિઓ થઇ ગયા અઢારમાં સૈકામાં ઉપાધ્યાય યશોવિજયજી, જિનહર્ષ, ઉદયરત્ન વગેરેએ રાસા સાહિત્યના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ ઉપરાંત અનેક જૈન કવિઓએ ફાગુ, બારમાસી, છપ્પા, વિવાહલો, સજ્ઝાયો, સ્તવનો, ચોવીસીઓ વગેરે પ્રકારની કૃતિઓની હજારોની સંખ્યામાં રચનાઓ કરી છે.

મધ્યકાલીન જૈનસાહિત્ય પ્રકારોની દૃષ્ટિએ સમૃધ્ધ અને વૈવિધ્યપૂર્ણ છે. તેમાં ભારતીય સંસ્કૃતિના વારસાના સાત્ત્વિક વિચારોનો સંચય થયો છે. સમાજ જીવનમાં ધર્મ એક અગત્યનું અંગ ગણાતું હતું તેવા સંજોગોમાં જૈન કવિઓએ લોકોને ધર્માભિમુખ કરવા માટે વિવિધ પ્રકારનું સાહિત્ય સર્જ્યું હતું.

સમકાલીન સમાજજીવન અને આચાર વિચારની સાથે ગુજરાતી ભાષાના વિકાસની ઐતિહાસિક વિગતો ઉપલબ્ધ થાય છે. તે દૃષ્ટિએ સાહિત્યનું મૂલ્યઘણું ઊંચું છે.

અર્વાચીનકાળમાં અનુવાદ વિવેચન ચરિત્રો, બાળસાહિત્ય નિબંધો, લેખો, ગીતકાવ્યો, કથાસાહિત્ય, નવલકથાઓ, પ્રશ્નોત્તર ગ્રંથો, પત્રસાહિત્ય, હસ્તપ્રત, સંશોધન વગેરે વિપુલ સાહિત્ય સામગ્રી છે. તેનો હેતુલક્ષી અભ્યાસ કરવા માટે આ સંચયના કેટલાક લેખો માર્ગસૂંચક સ્તંભ સમાન છે. નવી પેઢીને ધાર્મિકસાહિત્ય પ્રત્યેની રસવૃત્તિ કેળવવા માટે આ સાહિત્ય અત્યંત ઉપયોગી માધ્યમ છે.

અંતે સાહિત્ય કોના માટે છે. એ વિચારીએ તો એમ સ્પષ્ટ લાગે છે કે સાહિત્યની દુનિયા માનવજાત માટે છે. માનવીને માનવતાના સંસ્કારોનો ભવ્ય વારસો મળે, ધનસત્તાના દુષ્ટ સંસ્કારોનું દમન થાય અને માનવી માનવ મહામાનવ બને તેમાં સાહિત્યનું પ્રદાન મૂલ્યવાન લેખાશે.

## સજ્ઝાયનું સ્વરૂપ અને વિકાસ

સજ્ઝાયનું એ માનવજાત માટે તથા સાહિત્યની દુનિયામાં મહત્ત્વનું સ્થાન છે. આધ્યાત્મિક દુનિયામાં બે માર્ગ છે. (૧) ભક્તિમાર્ગ, (૨) જ્ઞાનમાર્ગ. ભક્તિમાર્ગ સ્તવન તથા થોય, ભક્તિગીતો દ્વારા જાગૃત છે. જ્યા જ્ઞાનમાર્ગમાં સ્વાધ્યાય મુખ્ય હોય છે. સ્વાધ્યાયમાં પણ ગેય સ્વરૂપે મુખ્યતાએ સજ્ઝાય છે.

મધ્યકાલીન યુગમાં ગુજરાતી સાહિત્યના વિવિધતમ સાહિત્ય સ્વરૂપોમાં સજ્ઝાય એક અતિ મહત્ત્વનું તથા વિશેષ ખેડાયેલું સાહિત્ય સ્વરૂપ છે. સજ્ઝાય એ સૌથી વધુ તાત્ત્વિક, બોધાત્મક, ઉપદેશાત્મક સ્વરૂપ છે. અન્ય ભાષાઓના સાહિત્યની જેમ મધ્યકાલીન જૈન સાહિત્ય પણ ધર્મરંગી સાહિત્ય છે.

**સજ્ઝાયના સ્વરૂપની વિવિધ વ્યાખ્યાઓઃ-**

'સજ્ઝાય'નો મૂળ શબ્દ 'પ્રાકૃત' છે. અને આજે કેટલા વખતથી ગુજરાતી ભાષાના શબ્દ તરીકે વપરાતો આવ્યો છે. પણ તેનો સંસ્કૃત શબ્દ 'સ્વાધ્યાય' છે.

જૈન દર્શનમાં તપશ્ચર્યાના બે ભેદ છે. (૧)બાહ્યતપ, (૨)આભ્યંતરતપ. તેમાં આભ્યંતર તપશ્ચર્યાનો એક ઉપભેદ તે 'સ્વાધ્યાય' છે. આના પાંચ પ્રકારો છે. (૧)વાચના, (૨)પૃચ્છના, (૩)પરાવર્તના, (૪)અનુપ્રેક્ષા, (૫)ધર્મકથા.

(૧) **વાચના** - શાસ્ત્રનું અધ્યયન કરવું તે.

(૨) **પૃચ્છના** - શાસ્ત્રનું ભણતા સંશય પડે તે દુર કરવા પૂછવું તે.

(૩) **પરાવર્તના** - ભણેલું ભૂલી ન જવાય તે માટે તે વારંવાર ગોખવું તે.

(૪) **અનુપ્રેક્ષા** - શાસ્ત્રના તત્ત્વ સ્વરૂપનું ચિંતવન મનન કરવું તે.

(૫) **ધર્મકથા** - તીર્થંકર, ગણધર, પ્રમુખ ગુણવાળા પુરુષોની કથા વાર્તા કરવી તે.

કેટલીક જૈન કૃતિઓનો 'સજ્ઝાય' તરીકે નિર્દેશ થતો જોવાય છે.

(૧) ભરહેસર બાહુબલી, (૨) મન્હજિણાણં અગ્રસ્થાન ધરાવે છે.

સજ્ઝાય વિશે ચોક્કસ પરિભાષા, સર્વસામાન્ય લક્ષણ આપવાનું યથાર્થ કાર્ય કોઇએ કર્યું નથી.

સજ્ઝાયનું ક્ષેત્ર પણ ધીરે ધીરે વ્યાપક બનતું ગયું છે. એમ એમાં નિરૂપાયેલા વિષયો જોતાં જણાય છે. આ પરિસ્થિતિમાં સજ્ઝાયનું લક્ષણ આચાર્ય શ્રી યશોદેવસૂરીશ્વરજી સૂચવે છે કે,

''ઉમદા વિચારને ઉમદા ભાવનાને આત્મકલ્યાણાર્થે ઉપયોગી ચિંતન પદ્યમાં રજુ કરતી અને તીર્થંકરના ગુણાનુવાદ સિવાયના ઔપદેશિક, દાર્શનિક વગેરે વિષયને આલેખાતી કૃતિ તે સજ્ઝાય.''[1]

આ (સજ્ઝાય) જૈન પરિભાષિક શબ્દ છે. એનો મૂળ સંસ્કૃત 'સ્વાધ્યાય' શબ્દ રહેલો છે. 'સ્વ' એટલે આત્મા અને આત્માનું જ્ઞાન થાય એવો અધ્યાય કે એનું અધ્યયન તે સ્વાધ્યાય.

જૈન ધર્મમાં સવાર સાંજના પ્રતિક્રમણ વિધિ સાથે સજ્ઝાય સંકળાયેલી છે. વર્તમાન યુગમાં ગુજરાતી અથવા લોકભાષામાં રચાયેલી આધ્યાત્મિક અથવા મહાપુરુષોના ગુણ અને કીર્તનરૂપ પદ્ય રચનાઓને સજ્ઝાય તરીકે ઓળખવામાં આવે છે.

સાંજના પ્રતિક્રમણ પછી સાધુ તેની શક્તિ મુજબ સ્વાધ્યાય કરે છે. સ્વાધ્યાય એ સાધુ જીવનનો પ્રાણ છે.

જૈન સાહિત્યમાં કાવ્યના અનેક પ્રકારો એના સ્વરૂપોનો વિવિધ પ્રકારે વિકાસ થયેલો જોવા મળે છે. જેમાં રાસ, ફાગુ, બારમાસી, પદો, વિવાહલો, હરિયાલી, આરતી, સ્તુતિ, સ્તવન, સજ્ઝાય, વગેરે પ્રખ્યાત છે. અને આ અનેક સ્વરૂપોની વચ્ચે સજ્ઝાયનું સ્વરૂપ એના સ્વરૂપની દષ્ટિએ સ્વતંત્ર સ્થાન ધરાવે છે. 'સજ્ઝાય'નું સાહિત્ય જૈન ધર્મમાં એકદમ સમૃધ્ધ છે.

સજ્ઝાય વિશે ગુજરાતી મધ્યકાલીન સાહિત્યમાં નરસિંહ, મીરાં, દયારામના પદો અને સ્વામિનારાયણ સંપ્રદાયના કવિએ રચેલા જ્ઞાન ભક્તિ અને વૈરાગ્યના પદોની સમૃધ્ધ રચનાઓ થયેલી જોવા મળે છે. સજ્ઝાયનું સ્વરૂપ પણ આ પ્રકારનું જ છે.

<u>સજ્ઝાયના સ્વરૂપ વિષે પન્યાસ શ્રી ભાસ્કરવિજયએ લખ્યું છે કે,</u>

''સજ્ઝાય એ એક ગીત પ્રકાર છે, કોઈને કોઈ સાધન દ્વારા પોતાના જીવનને ઉચ્ચ અને પરમોચ્ચ બનાવનાર પુણ્યશાળી મહાત્માઓના જીવન પ્રસંગોને તેમજ વિવિધ પ્રકારના ઉપદેશોને ઉપદેશી વાચક અને શ્રોતાઓને માર્ગે પ્રગતિ કરવા પ્રબોધવાનો ઉદેશ્ય હોય છે. જૈન શાસનમાં દૈવસિક પ્રતિક્રમણમાં આવી સજ્ઝાયો બોલવાનો નિયમ છે.''

<u>શ્રી બાલાભાઈ છગનલાલ શાહ લખે છે કે,</u>

''સજ્ઝાય એ સ્વાધ્યાયનો અપભ્રંશ છે. સાંજના પ્રતિક્રમણ વખતે જૈનમુનિઓ તથા શ્રાવક શ્રાવિકાઓ આ સજ્ઝાયો ગાય છે. સજ્ઝાયો આત્મજાગૃતિ અને

આત્મકલ્યાણનું અણમોલ સાધન છે. પ્રતિક્રમણની ક્રિયા કરનાર દરેકે દરેક સ્ત્રી-પુરુષ અથવા બાળક એ આખી ક્રિયાનું રહસ્ય ન પણ સમજે તો પણ સજ્ઝાયમાંથી જરૂર કાંઇ મેળવી શકે છે. અને જીવનમાં ઉતારે છે.''[૨]

ઉપદેષ્ટિ ગ્રંથમાં જણાવ્યા મુજબ:- ''સજ્ઝાય સમો તવો નત્થિ'' કર્મ નિર્જરાનું સધન કારણ છે સ્વાધ્યાય.

સારાભાઈ મણિલાલ નવાબ લખે છે કે, ''સજ્ઝાય એટલે સ્વાધ્યાય. સ્વાધ્યાયમાં મુખ્યત્વે કરીને કષાય આદિથી નિષ્પન્ન થતાં અનિષ્ટ પરિણામોનું દાન, શીલ, તપ અને ભાવ રૂપી ચાર પ્રકારના ધર્મનું સેવન કરનારા પુણ્ય પુરુષોના ઉત્તમ ગુણોનું વર્ણન હોય છે.''

સજ્ઝાયમાં રચનાકારની કાવ્યચાતુર્યતા અને મધુર સ્વરે ગવાય તેમ બોલનારની પવિત્રતા નિર્જરે છે. આવા મૌક્તિકો સમાજની મોંઘી સંપત્તિ છે.

પ્રો.કવિન શાહ સજ્ઝાયનું સ્વરૂપ સમજાવતા કહે છે કે, ''જૈન સાહિત્યમાં સજ્ઝાયનું સ્થાન એ અત્યંત સમૃધ્ધ છે. મધ્યકાલીન સાહિત્યમાં જ્ઞાનભક્તિ અને વૈરાગ્યના પદોની રચના થયેલી જોવા મળે છે. તેની સાથે સરખાવી શકાય તેવી આ સજ્ઝાયના સ્વરૂપની રચના છે. આ સ્વરૂપની વિશેષતા એ છે કે તેનો પ્રધાનસૂર ત્યાગ-વૈરાગ્યની ભાવનાને પોષણ આપવાનો છે. શૃંગાર, કરૂણ કે શાંત રસનું નિરૂપણ હોય છતાં અંતે તો વૈરાગ્યની પુષ્ટિ કરવી એ જ ભાવના કેન્દ્રસ્થાને હોય છે.''[૩]

જૈન સાહિત્યમાં કાવ્યના વિવિધ સ્વરૂપોનો પ્રયોગ થયેલો જોવા મળે છે. જેમાં સજ્ઝાય એ એના સ્વરૂપની દષ્ટિએ સ્વતંત્ર સ્થાન ધરાવે છે. સંસ્કૃત સાહિત્યમાં 'સ્વાધ્યાય' મૂળ શબ્દ છે. તેના પરથી ક્રમશઃ ભાષા વિકાસથી સજ્ઝાય પ્રચલિત બન્યો છે.

ડૉ.કવિન શાહ સજ્ઝાયના વૈવિધ્ય વિશે લખે છે કે, ''સજ્ઝાયના વિષયો વૈવિધ્યપૂર્ણ છે. સંસારની અસારતા, ક્ષણભંગુરતા, જીવનમાં આવતા સુખ, જીવનનો ઝંઝાવાત, દુઃખનાં કારણો, પુનર્જન્મની માન્યતા, મૃત્યુની ભયાનકતા, સત્કર્મનો આગ્રહ, આચારશુધ્ધિ, નીતિ, પરાયણતા, દુર્ગુણોનો ત્યાગ, સદ્ગુણોની સાધના,ધર્મનું સ્વરૂપ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, પરિગ્રહનો ત્યાગ કરવો. સત્ય, અહિંસા જેવા વિષયો હોય છે. તદ્ઉપરાંત સજ્ઝાયમાં જૈન ધર્મના ચોવીસ તીર્થંકરોના જીવનના પ્રેરક પ્રસંગો, ચક્રવર્તી બાહુબલી, રાજા, મહારાજા, ઋષિ, એ મહર્ષિઓ અને જૈન સાધુઓના જીવનના પ્રેરક પ્રસંગોનું એક કથાકાવ્ય સમાન

નિરૂપણ થયેલું જોવા મળે છે. જૈન તહેવારો અને તિથિઓનું પણ મહત્ત્વ સજ્ઝાયના વિષય વસ્તુમાં વણાયેલું જોવા મળે છે. આગમ, નારકી, નવપદ, તપનો મહિમા જેવા વિષયો, પર્યુષણની સજ્ઝાયો, બીજની, આઠમની, આદિ પર્વોની વિશેષતા અને તેના દ્વારા વૈરાગ્ય ભાવનાનું સમર્થન થયેલું જોવા મળે છે.''[૪]

સજ્ઝાયનું સ્વરૂપ એ 'પદ' સ્વરૂપને મળતું આવે છે. ઋષિમુનીઓની સજ્ઝાયમાં ૧થી૧૮ ઢાળના વિભાગમાં વહેંચાયેલી હોય છે. દરેક ઢાળમાં જીવનના પ્રસંગને ક્રમિક રીતે આલેખવામાં આવે છે. પરંતુ છેલ્લી ઢાળમાં જીવનની સાર્થકતા અને વૈરાગ્યની વાત ફલિત થાય છે. અંતે વૈરાગ્યરસની પ્રધાનતા અને મોક્ષમાર્ગ એનું ફળ છે એમ વર્ણવવામાં આવે છે. સજ્ઝાયના સ્વરૂપને જૈન સાહિત્યમાં અલૌકિક ઝાંખી કરાવી છે. અનેક જૈન મુનિઓએ શબ્દ-અર્થ અને ભાવસભર રચનાઓ કરી છે. તત્ત્વની વાતો ગેય સ્વરૂપે વર્ણવી બોધ આપ્યો છે. એટલું જ નહિ પરંતુ વિશિષ્ટ કોટિના શ્રાવકોએ પણ જેવા કે ઋષભદાસ શ્રાવક, જિનદાસ, દેવચંદ્રે પણ સજ્ઝાયની રચનાઓ કરી છે. આ રીતે સજ્ઝાય સાહિત્યને ઘણુ આગવું સ્થાન પ્રાપ્ત થયું છે.

સજ્ઝાયના રચયિતા વિશે શ્રી અકલંકવિજયજી જણાવે છે કે, ''સજ્ઝાયની અંતિમકડીમાં એનાં રચયિતા મુનિનું નામ આવે છે. કોઇ કોઈવાર રચના કરનાર મુનિ પોતાના ગુરૂનું નામ પણ દર્શાવે છે. મુનિ ઉદયરત્નની સજ્ઝાય માળાના ભાગ ૧થી૪ એ જૈન સાહિત્યનું વૈવિધ્યપૂર્ણ મૂલ્યવાન પ્રદાન છે. જેના દ્વારા સજ્ઝાયની ધર્મ અને સાહિત્યની એમ બન્ને રીતે સફળતા દર્શાવે છે. જીવન ઘડતરમાં અનન્ય પ્રેરક, વૈરાગ્યવર્ધક ધર્મ ભાવનામાં અભિવૃધ્ધિ કરનાર સમતારસ એની રચના રીતિ અલંકાર રસ અને ગેયતાને લીધે વિશેષ પ્રતિભાસંપન્ન છે.[૫]

પંડિત સુખલાલજી સજ્ઝાય વિશે જણાવે છે કે, ''સજ્ઝાય કથા કે ઉપદેશ પ્રધાન ગેય કાવ્યરચના છે. કોઇનો ગંભીર શાસ્ત્રાભ્યાસ ન હોય તો પણ ગેય સાહિત્ય સજ્ઝાય દ્વારા રસાસ્વાદ કરી શકે છે. સજ્ઝાય દ્વારા પરંપરાગત ઉચ્ચ સંસ્કારો અને સાત્ત્વિકતા પામી શકાય છે.''[૬]

'ભોજા ભગતના ચાબખા' પ્રસિધ્ધ છે. સમાજમાં પ્રવર્તતી અસમાનતા, પંથો અને સંપ્રદાયોની સંકુચિતતા, વહેમ અંધશ્રધ્ધા, સંસારની ક્ષણભંગુરતા, માયાની પ્રબળતા, ઢોંગીઓના ધતિંગ, વિષયક વિચારોની અભિવ્યક્તિ કરતા આવા પદોથી જનજાગૃતિ પણ વધી હતી. એમના પદો સાધુસંતો અને માનવોને ઉપદેશ રૂપે પણ લખાય છે. આ પદોના વિચારો સજ્ઝાયમાં પ્રગટ થતા વિચારોની સાથે સામ્ય ધરાવે છે.

જૈન સાહિત્યમાં સજ્ઝાય સ્વરૂપમાં પણ માનવીય ગુણોના વિકાસમાં વૈરાગ્યની અનિવાર્ય આવશ્યકતા દર્શાવવામાં આવી છે.

સજ્ઝાયો મુખ્યત્વે વ્યક્તિલક્ષી અને પ્રસંગ આલેખન કરતી હોવાની સાથે વૈરાગ્યની વૃધ્ધિ કરે છે. તેવા વિચારોને સમર્થન આપે છે. વૈરાગ્યની સજ્ઝાયમાં મુખ્યત્વે આત્મસ્વરૂપને ઉપકારક વિચારોની અભિવ્યક્તિ થયેલી હોય છે.''[7]

## <u>સજ્ઝાયના સ્વરૂપની વિવિધ વ્યાખ્યાઓ</u>

અભિધાન રાજેન્દ્રકોષમાં સજ્ઝાયની વિવિધ વ્યાખ્યાઓ છે.[8]

<u>અર્ધમાગધી કોષમાં શતાવધાની જૈનમુનિ શ્રી રત્નચંદ્રજીમહારાજ સજ્ઝાયની વ્યાખ્યા કરતા જણાવે છે કે,</u> ''સ્વાધ્યાય એટલે શાસ્ત્રનું વારંવાર વાંચન, સ્વાધ્યાયમાં ઉદ્યમી, સ્વાધ્યાય તત્પર, સ્વાધ્યાય કરનાર સ્વાધ્યાયકારી અને ધ્યાન સ્વાધ્યાય ઔર ધ્યાન શાસ્ત્રાભ્યાસમાં તત્પર, ભણવામાં એકચિત શાસ્ત્રભ્યાસમેં શાસ્ત્ર પઢનેમેં દત્તચિત્ત.''[9]

<u>મહાન શબ્દકોશ 'શબ્દ રત્ન મહોદધિ'માં સ્વાધ્યાયની વ્યાખ્યા આ પ્રમાણે વર્ણવે છે કે,</u> ''સ્વાધ્યાય:પુ(સ્વસ્વકીયત્વેન વિહિત:અધ્યાય.''[10]

<u>'નાલન્દા વિશાલ શબ્દસાગર'માં સજ્ઝાયની વ્યાખ્યા નીચે મુજબ કરી છે કે,</u>

''સ્વાધ્યાય (સંજ્ઞા.પુ) (સ)

૧. વેદોકા નિયમપૂર્વક પૂરા ઔર ઠીક અધ્યયન

૨. કિસી વિષયકા અનુશીલન અધ્યયન

૩. સાર્થ જોડણીકોશ પ્રમાણે સજ્ઝાય એટલે સ્વાધ્યાય શાસ્ત્રનો પાઠ''[11]

<u>જૈનાગમ શબ્દસંગ્રહ અર્ધમાગધી ગુજરાતીકોષમાં સજ્ઝાયની વ્યાખ્યા કરતા જણાવે છે કે,</u> ''સજ્ઝાય, સ્વાધ્યાય એ શાસ્ત્રનું વારંવાર વાંચન''[12]

<u>બૃહત હિન્દીકોશના સંપાદક કાલિકા પ્રસાદ જણાવે છે. કે,</u> ''સ્વાધ્યાય આવૃત્તિપૂર્વક વેદ અધ્યયન શાસ્ત્રાધ્યયન વેદ અધ્યયન વહ દિન જબ અનધ્યાય કે બાદ વેદપાઠ આરંભ હોતા હૈ।''[14]

<u>શા.મોતીલાલ નરોત્તમદાસ કાપડિયા</u> જેઓએ જૈનોના પારિભાષિક શબ્દોની સંક્ષેપમાં સમજ તથા તેના પ્રગટકર્તા છે તેઓ સજ્ઝાય વિષે જણાવે છે કે,

તપના ૧૨ પ્રકારમાં ૬ બાહ્ય અને ૬ અભ્યંતર
અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ
કાયકલેશ, સંલીનતા, પ્રાયશ્ચિત, વિનય
વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાર્યોત્સર્ગ

**સ્વાધ્યાય તપાચાર ના પાંચ પ્રકાર છે,**

(૧) **વાચના** - શાસ્ત્રનું અધ્યયન કરવું તે.

(૨) **પ્રચ્છના** - શાસ્ત્રનું ભણતા સંશય પડે તે દૂર કરવા પૂછવું તે.

(૩) **પરાવર્તના**- ભણેલું ભુલી ન જવાય તે માટે તે વારંવાર સંભારવું,ગોખવું તે.

(૪) **અનુપ્રેક્ષા** - શાસ્ત્રના તત્ત્વ સ્વરૂપનું ચિંતવન મનન કરવું તે.

(૫) **ધર્મકથા** - તીર્થંકર, ગણધર, પ્રમુખ ગુણવાળા પુરુષોની કથા વાર્તા કરવી તે.

આત્માશબ્દ ત્રણ અર્થોનો વાચક છે. દેહ, મન અને ચેતન. આત્મા અર્થાત્ શરીર, મન અને ચેતન આત્માનું જે પુસ્તક દ્વારા શુધ્ધ જ્ઞાન થાય તેવાં પુસ્તકોનો નિયમિત અર્થ જ્ઞાનપૂર્વકનો મૂળ ધ્યેયને અનુસરીને થતો અભ્યાસ. સ્વાધ્યાયનો છેવટનો અર્થ આત્મા ચેતન પુરુષનું જ્ઞાન આપનાર આધ્યાત્મિક વેદ-ઉપનિષદ ગીતા વગેરે શાસ્ત્રનો દીર્ઘકાળ નિરંતર શ્રધ્ધા ભક્તિ-પૂર્વક અભ્યાસ એવો થાય છે. સ્વાધ્યાયનું પરિણામ ઇશ્વરના જ્ઞાનમાં આવવું જોઇએ.

ઇશ્વરાભિમુખ બનાવીને શાસ્ત્રો પણ માણસની વિદાય લઇલે છે. શાસ્ત્રો પથદર્શક ભોમિયાઓ છે. જવાનું તો માણસે જાતે જ છે.

ગુરૂમંત્રનો જાપ કરી ઇશ્વરાર્પણ કરવું તે.

(યોગ) પ્રણવ ગાયત્રીમંત્ર ઇત્યાદિનો યથાર્થ રીતે જાપ સ્વાધ્યાય તપ, વિશિષ્ટાદ્વૈત મત પ્રમાણે ઉપાસનાના પાંચ પ્રકાર માંહેનો એક પ્રકાર, મંત્ર, જાપ, સૂકતાદિ પાઠ સ્વાધ્યાયનું પઠન કરવાથી સ્વાભાવિક તેજ બુધ્ધિ ઉત્પન્ન થાય છે. (સિધ્ધાંત દર્શન)

વેદનો અભ્યાસ વેદનો નિયમિત પાઠ જેમાં ભગવાનના ગુણ, પ્રભાવ, તત્ત્વ, સ્વરૂપ, તેમજ તેની દિવ્યલીલાઓનું વર્ણન હોય તેવાં શાસ્ત્ર ઇતિહાસ પુરાણ વગેરેનું પઠન-પાઠન કરવું અને ભગવાનના ગુણોનું નામોનું કીર્તન કરવું. આ બધું સ્વાધ્યાય કહેવાય છે.

સન્મુખ જવું તે- સ્વભાવના અભ્યાસે જ પરિણમવું તે.

સાતમાંહેની એ નામની એક પ્રકારની ક્રિયાશક્તિ તે આ પ્રમાણે છે. (૧) ઈષ્ટ (૨) પૂર્ત (૩) સ્વાધ્યાય (૪) જપ (૫) પૂજા (૬) તપ (૭) દાન

સ્વાધ્યાયતપ એક પ્રકારનું અભ્યંતર તપ, વાચનાલેવી છે. પ્રશ્ન પૂછવા વારંવાર શાસ્ત્ર ફેરવવું, સૂત્રાદિના અર્થ તથા રહસ્ય ચિંતવવું અને ધર્મકથા કરવી. એ પાંચ પ્રકારના સ્વાધ્યાય તપ કહેવાય છે.[૧૫]

## સજ્ઝાય દ્વારા થતો પ્રભાવ:

સજ્ઝાયના પ્રભાવ વિશે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯ અધ્યયનમાં ફરમાવ્યું છે કે, હે ભગવાન! સ્તોત્ર સ્તુતિરૂપ મંગળ વડે જીવ શું ઉપાર્જન કરે?

(सज्जाएण भंते। जीवे किं जणयइ?)

૩. सज्जाएणं नानावरणीय कम्मं खेवेई ।।१९।।

भदन्त! स्वाध्यायेन पञ्च प्रकारेण जीवः किं जनयति?

गुरुराह– हे शिष्य! स्वाध्यायेन ज्ञानावरणीयं कर्म क्षपयति।

સ્વાધ્યાયથી જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય થાય છે. શ્રી જિનેશ્વર ભગવંતનો પરિચય પૂર્વાચાર્યોના રચેલા મહાપ્રભાવિક સ્તોત્રો, સ્તવનો, સ્તુતિઓ અને સજ્ઝાયો દ્વારા થાય છે.

ચિત્તશુધ્ધિ માટે અપૂર્વ રસાયણ છે. અને તે વડે મિથ્યાત્વરૂપી મલનાશ પામે છે. તથા સમ્યક્દર્શન ગુણ નિર્મળ બને છે.

આ સ્તોત્રો, સ્તવનો, પદો, સજ્ઝાયોમાં ચિત્તને પરોવવાથી પરમાત્માના ગુણોમાં ચિત્તની તન્મયતા થાય છે. તે વડે અનેક પાપ કર્મોનો ક્ષણવારમાં ધ્વંશ થઈ જાય છે.

હૃદયમાં જ્યારે પરમાત્માના ગુણોની સ્થિતિ થાય છે ત્યારે કર્મના દઢ બંધનો શિથિલ થાય છે. ભાવપૂર્વક પરમાત્મગુણોનું સ્તવન તેનું વારંવાર સ્મરણ જીવનમાં ગુણો પ્રગટાવે છે. ચિંતવન, ધારણા, તથા ધ્યાન વડે તદ્રુપતા આપે છે. અને સંસારનો શીઘ્ર ઉચ્છેદ થાય છે. સજ્ઝાયો વાંચતા આપણી બુધ્ધિને ખીલવે છે. મન શાંતિને પામે છે. સાથે મહાપુરુષોના ચારિત્રની [illegible]ા બતાવે છે. આપણી પૂર્વની જાહોજલાલીનું ભાન કરાવે છે. મનોવૃત્તિને દબાવે છે. ધર્મનું સ્પષ્ટીકરણ કરાવે છે. તેમજ વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. સજ્ઝાયો પ્રતિક્રમણ સામાયિક કરતા સુમધુર કંઠથી

ગાવામાં આવે છે ત્યારે શ્રોતાજનો પર ખુબ સરસ અસર પડે છે.

સજ્ઝાયસંપાદક શ્રી નગીનદાસ કેવળદાસ શાહ પાટડીવાળા સજઝાયના પ્રભાવ વિશે જણાવતા લખે છે કે,

'सज्जायेण' पसत्थं ज्ञानं जाणइ य सव्वपरमत्थं । सज्जाये वट्टंतो खणे खणे होइ वेरगं।।

જીવ સ્વાધ્યાયથી પ્રશસ્ત ધ્યાનનો પરમાર્થ જાણે છે. વળી સ્વાધ્યાયમાં મશગૂલ રહેતો હોવાથી સંસારમાં તે વિરક્ત (અનાસક્ત) રહે છે.

जदा सुई ससुत्ता पडिया विन विणस्सई।
तदा जीवे ससुत्ते संसारे न विणस्सई।।

જેમ દોરાવાળી સોય પડી જાય તો પણ તે ખોવાઇ જતી નથી. તેમ જીવ સૂત્ર સિધ્ધાંતના જ્ઞાન સહિત હોય તો કર્મવશ તે ગૃહસ્થાવાસમાં ગૂંચાઇ ગયો હોવા છતાં સ્વાધ્યાયને કારણે વિરક્ત, અનાસક્ત રહેતો હોવાથી તે ચતુર્ગતિમાં બહુ અટવાતો નથી. તેથીજ સ્વાધ્યાયને તપ કહયો છે.

તીર્થંકરોએ સંસાર પાર કરવાના સાધન રૂપે જ્ઞાન, તપ, જપ, સંયમ, વૈયાવચ્ચાદિ અસંખ્ય યોગો બતાવ્યા છે. તેમાં ભણેલું યાદ કરવું તે સ્વાધ્યાયનો મુખ્ય અર્થ છે. એને ઉપનિષદોમાં પણ તપ ગણેલ છે.

પોતાના જ આવાસમાં નીચે ઉતરેલા મુનિઓ રાત્રે નલિની ગુલ્મવિમાનના અધિકારનો સ્વાધ્યાય કરે છે. તે સાંભળી ઉહા-પોહ કરતાં કરતાં પોતે ત્યાંથી જ અવીને ઉત્પન્ન થયેલ છે. એવું જાતિસ્મરણજ્ઞાનથી જાણે છે. અંવતિ સુકુમાલ સવારે ગુરૂમહારાજને નલિની ગુલ્મવિમાનમાં ઉત્પન્ન થવાનો ઉપાય પૂછે છે. દીક્ષા લઇને તેજ દિવસે સ્મશાનમાં કાઉસગ્ગધ્યાને રહે છે. પૂર્વભવે કાંઇ વાકું પડવાથી મરીને શિયાળણી થયેલી પોતાની પૂર્વભવની પત્ની એજ મરણાંત ઉપસર્ગો કર્યા. સંસારની સ્વાર્થી સગાઇ જાણી પરંતુ જેને જેની તાલાવેલી લાગે છે. તે देहं पातयामि कार्यं साधयामि ઉપસર્ગ પરિષહો વખતે મનને મક્કમ કરે છે.

અભ્યાસી સાધુ- સાધ્વીજીઓ રાત્રે ઉપાશ્રયમાં સ્વાધ્યાય કરે છે. રાજ્ય કાર્યને પરવારીને મોડી રાત્રે ઘેર જતાં હરિભદ્ર પુરોહિતને चक्की दुगं हरिपणगं એ અટપટી ગાથાનો અર્થ સમજાયો નહીં. ''મને જે સમજાવે તેનો હું શિષ્ય બની જાઉ'' એવો નિર્ણય કરી સવારે તે યાકિની મહત્તરા સાધ્વીજી પાસે જઇને ગાથાનો અર્થ પૂછે છે. ગુરૂમહારાજ પાસે લઇ જઇ તે ગાથાનો ઉડો અર્થ સમજાવતાં પુરોહિતને સંતોષ થયો. હળુકર્મી જીવો એકવચની હોય છે. તેમને જ્ઞાતિ અને ધર્મના ભેદભાવ નડતા નથી.

તેઓ ભવભીરૂ અને ગુણપૂજક હોય છે. પ્રતિજ્ઞા મુજબ તેમની પાસે દીક્ષા લઈ યાવજ્જીવ ''યાકિની મહત્તરા સુનુ'' તરીકે પોતાને ઓળખાવે છે.

સજ્ઝાય માળામાં જે મહાનુભાવોની યશોગાથાઓ વર્ણવેલી છે. તેઓ બધા આપણીજ કોટીના હતા. પરંતુ મનને જીતે જીત અને મનને હારે હાર એ રીતે પાંચેય ઈન્દ્રિયોના વિષય કષાયો પ્રત્યક્ષ હોવા છતાં મન અને સમજણ ફેરવી નાખે તો ત્યાં રાગ-દ્વેષ ન થાય. ચક્રવર્તી ઋદ્ધિ-સિદ્ધિ ભોગવવા છતાં જો ત્યાં અનાસક્ત ભાવ રહે તો ભરત ચક્રવર્તીની જેમ અલ્પ કર્મ બંધ થાય અને પાપ કર્મ ન કરવા છતાં નિરર્થક પાપના સંકલ્પ વિકલ્પ કરે તો તંદુલીયા મચ્છની જેમ સાતમી નરકે જવું પડે. સાધકે ભેદજ્ઞાન સાધનાનું કાર્ય કરવાનું છે.

સજ્ઝાયોમાં સ્પષ્ટ કહ્યું છે કે, ''રાગને રીસા, દોય ખવીસા એ છે દુઃખ કા દીસા જબ તુમ ઉનકું દૂર કરીસા તબ તુમ જગકા ઈશા. આપ સ્વભાવમેં રે અવધુ...''

કરમકી જડ રાગ હૈ રાગ જરે જડજાય
પરમ હોત પરમાતમા ભાઈ! સુગમઉપાય
કાહેકુ ભટકત ફિરે, સિધ્ધ હોને કે કાજ
રાગ-દ્વેષ કુ ત્યાગ દે, ભાઈ! સુગમઉપાય''

શ્રી પોપટલાલ કેશવજી દોશીએ એમના પુસ્તકમાં જણાવ્યું છે કે, જિનભકિત એ ધનુષ્ય છે. આત્મા એ બાણ છે. શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોએ લક્ષ્ય છે. અપ્રમત બનીને જિનભક્તિરૂપી ધનુષ્ય વડે આત્મપ્રયત્નરૂપી બાણથી પરમેષ્ઠિરૂપી લક્ષ્યને વીંધવું જોઈએ. આ ભાવ નમસ્કારની પ્રક્રિયા છે.

જિનભક્તિ પ્રગટ થાય તે માટે શ્રી જિનેશ્વર ભગવંતના સ્વરૂપનો પરિચય અનિવાર્ય છે. શ્રી જિનેશ્વર ભગવંતનું સ્વરૂપ એટલું ઉચ્ચ કોટિનું છે કે જેમ જેમ એમનો પરિચય થતો જાય તેમ તેમ તેમના પ્રત્યેની ભક્તિ પુષ્ટ બને છે. અને જેમ જેમ ભક્તિ પુષ્ટ બને છે. તેમ તેમ એ સર્વોત્કૃષ્ટ સ્વરૂપ અધિક સ્પર્શે છે.

શ્રી જિનેશ્વર ભગવંતોનો પરિચય પૂર્વાચાર્યોના રચેલા મહાપ્રભાવિક સ્તોત્રો, સ્તવનો, સ્તુતિઓ અને સજ્ઝાયો દ્વારા થાય છે.

મહાન પૂર્વાચાર્યોની અદ્દભૂત રચનાઓ દ્વારા શ્રી જિનસ્વરૂપનું સમ્યક્દર્શન તથા સમ્યક્જ્ઞાન પ્રગટ થાય છે. અને તે દ્વારા જિનભક્તિ હૃદયમાં સ્થિર કરવા માટે તથા દૃઢ થવા માટે આ સાહિત્ય અત્યંત સહાયક છે.

ચિત્ત વિશુદ્ધિ માટે આ અપૂર્વ રસાયણ છે. અને તેનાથી મિથ્યાત્વરૂપ મલ નાશ

પામે છે. તથા સમ્યગ્દર્શન ગુણ નિર્મળ બને છે.

પરમાત્માના ગુણોનું સ્તવન કરવું એ બે હાથ વડે પૃથ્વીને ઉપાડવી કે સ્વયંભૂ-રમણ સમુદ્રને તરવાથીયે અધિક દુષ્કર છે. આ ગુણોને શબ્દમાં ઉતારવા અશક્ય છે. તો પણ મહાપુરુષોએ પોતાની ભક્તિ અને શ્રદ્ધા સ્તોત્રો દ્વારા સ્તવન દ્વારા કે સજ્ઝાયો દ્વારા વ્યક્ત કરી છે. જેમ બાળક બે હાથ પહોળા કરીને સમુદ્રના વિસ્તારને વર્ણવે છે. તેમ આ સ્તોત્રો દ્વારા પરમાત્માના અનંત ગુણોની માત્ર સામાન્ય ઝાંખી થાય છે.

આ સ્તોત્રો, સ્તવનો, પદો, સજ્ઝાયોમાં ચિત્તને પરોવવાથી પરમાત્મ ગુણોમાં ચિત્તની તન્મયતા થાય છે. તે વડે અનેક પાપકર્મો ક્ષણવારમાં ધ્વંશ થઇ જાય છે. હૃદયમાં જ્યારે પરમાત્મ ગુણોની સ્થિતિ થાય છે. ત્યારે કર્મનાં દઢ બંધનો શિથિલ થાય છે. પરમાત્મ ગુણોનું સ્તવન તેનું વારંવાર સ્મરણ જીવનમાં આ ગુણો પ્રગટાવવા માટેનું ચિંતવન ધારણા તથા ધ્યાન વડે તદ્રુપતા આપે છે. અને સંસારનો શીઘ્ર ઉચ્છેદ થાય છે.

એક મહાપુરુષે કહ્યું છે કે, અદ્ભૂત ગુણોના વર્ણનમાં કયારેય પણ અતિશયોક્તિ થઇ શકતી નથી. સદાય અલ્પોક્તિ જ રહે છે. ગમે તેટલું અદ્ભૂત ગુણવર્ણન અધુરૂં જ છે.

પરમાત્માની સ્તુતિ કરનાર સર્વ સ્તુતિકારોએ પોતાનું અસમર્થપણું વિના સંકોચે પ્રદર્શિત કર્યું છે. છતાં અમે શ્રી જિનગુણ ગાવા માટે તત્પર થયા છીએ. તેનું કારણ કેવળ તેમની પ્રત્યેની અમારી શ્રધ્ધા અને ભક્તિ જ છે. તેથી શક્ય અને અશક્ય વિચાર કર્યા વિના બોલાયેલા બાળકોના પ્રલાપ જેવા અમારા વચનો અમારી ભક્તિના કારણે સાંભળનારને અરૂચિ નહિ ઉપજાવે પણ વિસ્મય અને કૌતુક ઉપજાવશે.'

જૈનદર્શનમાં તપનું સર્વોચ્ચ શિખર સ્વાધ્યાય ગણાય છે. અને આવું તપ ''નાપિઅસ્તિ નાપિ ચ ભવિષ્યતિ'' અર્થાત્ આજે નથી અને ભવિષ્યમાં પણ નહિ હોય તેમ કહેવાયું છે. પ્રતિક્રમણ દ્વારા સ્વદોષ-દર્શન કર્યા બાદ સજ્ઝાયની ધર્મવિચાર કે પરંપરાને દઢીભૂત કરવામાં આવે છે. આથી જૈન પરંપરામાં સ્વાધ્યાયનું સવિશેષ મહત્ત્વ હોવાથી તેના મંત્રો, પર્વો, ભાવનાઓ,ગ્રંથો, આચારો એમ બધીજ બાબતોને સજ્ઝાયમાં આવરી લીધી છે. પરિણામે સજ્ઝાય માત્ર આરતભરી પ્રાર્થના કે અશ્રુભરી યાચના બનવાને બદલે પરંપરાની પરિચાયક અને તત્ત્વજ્ઞાનમૂલક બની રહે છે.

પ્રભુ મહાવીરે એમના સાધનાકાળ દરમિયાન ક્વચિત આહાર લીધો હતો, પરંતુ એક ક્ષણ પણ સ્વાધ્યાય (સ્વના અધ્યયન) વગર રહ્યા ન હતા. આવશ્યક ક્રિયામાં સજ્ઝાય મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જેથી ધર્મના વિચારો માત્ર આદર્શ તથ્યદાયી તરીકે સ્થાન ધરાવતા નથી. પરંતુ વિચારને આચારમાં મૂકીને મુક્તિમાર્ગ સિધ્ધ કરવા માટે માર્ગદર્શક છે. શાસ્ત્રીય વિચારો વિધિ અનુસાર અમલમાં મૂકવાથી આત્મકલ્યાણનો માર્ગ સુલભ બને છે. જૈન ધર્મના જ્ઞાનના વારસારૂપે પિસ્તાળીસ આગમ ગ્રંથોમાં અગિયાર અંગસૂત્રો છે. તેમાં પ્રથમ આચારાંગસૂત્ર છે. તે ઉપરથી પણ આચારધર્મનું મહત્ત્વ સમજી શકાય છે. તત્ત્વાર્થસૂત્રના પ્રથમ અધ્યાયનું પ્રથમ સૂત્ર પણ આચારનેજ ચરિતાર્થ કરે છે, ''સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ।સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણના સમન્વયથી મોક્ષ પ્રાપ્તિ થાય છે. અહીં જ્ઞાન સાથે ચારિત્ર શબ્દ પ્રયોગ આચાર ધર્મનો સંદર્ભ દર્શાવે છે. એ દષ્ટિએ વિચારીએ તો વિચાર અને આચારનો સમન્વય એટલે આત્મસ્વરૂપની પ્રાપ્તિ.

## આવશ્યક ક્રિયામાં સજ્ઝાયનું મહત્ત્વ

પ્રતિક્રમણની આવશ્યક ક્રિયામાં પ્રભુગુણગાન નિમિત્તે સ્તવન બોલવાનો ગાવાનો ક્રમ છે. ત્યારપછી સર્વવિરતિ ધર્મના પાયા રૂપ વૈરાગ્ય ભાવથી સમૃધ્ધ સજ્ઝાયનો ક્રમ વિધિ છે. સજ્ઝાય વૈરાગ્યભાવની વૃધ્ધિકારક અને રક્ષક તરીકે સ્થાન ધરાવે છે. સ્તવન સમૂહમાં ગાઈને પ્રભુભક્તિમાં નિમગ્ન થવાય છે, જ્યારે સજ્ઝાય સમૂહમાં ગવાતી નથી પરંતુ એક વ્યક્તિ સજ્ઝાય બોલે અને અન્ય વ્યકિતઓ સાંભળીને તેના અર્થ ચિંતન દ્વારા વૈરાગ્ય ભાવમાં લીન બને છે. સજ્ઝાયના વિચારોનું ચિંતન અને મનન આત્મસ્વરૂપ સિદ્ધિ માટે અનન્ય પ્રેરક છે. આત્માનું શુદ્ધસ્વરૂપ શું છે? આત્મા જન્મમરણ કેમ કરે છે? આત્માની દુર્ગતિ સદ્ગતિ કેવી રીતે થાય? વગેરેના વિચારો સજ્ઝાય દ્વારા વિચારવાની મોંઘેરી ક્ષણ પ્રાપ્ત થાય છે. માટે પ્રતિક્રમણમાં સજ્ઝાય પ્રત્યેનો ઉપરોક્ત અભિગમ આત્મલક્ષી બનવા માટે એક અમોઘ સાધન સમાન છે.

સંસ્કૃત ભાષામાં સ્વાધ્યાય શબ્દ છે. તે ઉપરથી અર્ધમાગધી ભાષામાં સજ્ઝાય શબ્દ રચાયો છે. તેનો અર્થ સ્વ.અધ્યાય એટલે પોતાના આત્માની વિચારણા કરવી એમ સમજવાનું છે. જૈન સાહિત્યમાં ત્યાગ અને વૈરાગ્ય પ્રધાન સજ્ઝાય રચનાઓ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. તેનાથી ચારિત્રઘાકદુગુર્ણોનો નાશ થાય છે. અને સદ્ગુણોની વૃધ્ધિ થાય છે. જૈન દર્શનના તત્ત્વજ્ઞાન અને આત્માને ઉપયોગી વિચારોનું નિરૂપણ, ધર્મની આરાધનાનો પ્રભાવ અને નરજન્મનું મહત્ત્વ સમજીને તેને સફળ કરવાના ઉપાયો, તીર્થંકર ભગવાન, સાધુ ભગવંતો, આરાધક મહાત્મા અને

સતીઓના સતીત્વ અને શીલનો મહિમા વગેરે વિષયોને સ્પર્શતા વિચારો સજ્ઝાયમાંથી પ્રાપ્ત થાય છે. બાર અને ચાર ભાવનાની સજ્ઝાય પણ વિશુધ્ધ વિચારો મનશુધ્ધિ માટે ઉપયોગી છે. મહાવ્રત અને અણુવ્રતના પાલનથી આત્માની ઉર્ધ્વગતિ થાય છે. તે અંગેની સજ્ઝાય પણ આત્મા માટે પોષક વિચારો પૂરા પાડે છે. સામાન્ય દિવસોની તુલનામાં પર્વના દિવસો વિશિષ્ટ સ્થાન ધરાવતા હોવાથી તેનો મહિમા દર્શાવતી સજ્ઝાય પણ જનસમૂહને ધર્મમાર્ગમાં જોડાવા અને પ્રગતિ કરવા નિમિત્તરૂપ બને છે.

વીતરાગના ગુણગાન પછી વીતરાગ થવા માટે સજ્ઝાયની વિધિ પણ મહત્ત્વની ગણાય છે. પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી આત્માની મુક્તિ માટે શ્રવણ કરેલી સજ્ઝાયના વિચારોનું ચિંતન-રટણ કરવાની જરૂર છે. પ્રતિક્રમણ પછી ઘેર જવાના આનંદ કરતા વિશેષ રીતે ત્યાગ અને વૈરાગ્યના વિચારોથી મનને પુષ્ટ કરવાની ઉદાત્ત ભાવના ભાવવી જોઇએ. એજ સાચો અભિગમ છે. સજ્ઝાય એ આત્મજાગૃતિની ક્ષણે ક્ષણે ચેતવણી આપે છે. અને તેનાથી ધીર-ગંભીર બનીને સ્વસ્થિતિ પ્રતિવિચાર કરવાની પ્રેરણા આપે છે. સજ્ઝાય માત્ર દ્રવ્યક્રિયા નથી પણ આત્મભાવનું દર્શન કરવા માટેનું સાધન છે.

દેવસિપ્રતિક્રમણમાં જે સજ્ઝાય છે. તેના કરતાં વિશિષ્ટ પ્રકારની સજ્ઝાય રાઈ-પ્રતિક્રમણ અને પૌષધની ક્રિયામાં છે. રાઈપ્રતિક્રમણમાં ભરહેસર બાહુબલિ અને પૌષધમાં ત્રણ વખત મન્હજિણાણની સજ્ઝાયનો સ્વાધ્યાય કરવાનો હોય છે. પર્વના દિવસોમાં રાઈપ્રતિક્રમણ કરનાર ઘણા છે. પરંતુ બાકીના દિવસોમાં રાઈપ્રતિક્રમણ કરનારની સંખ્યા અલ્પ છે. તેનાથી પણ ઓછી સંખ્યા પૌષધ કરનારની છે. એટલે દેવસી પ્રતિક્રમણની સજ્ઝાય પછી બે સજ્ઝાયનો વિશેષ અર્થ બહુ ઓછા લોકોને ખબર છે. પર્વાધિરાજ પર્યુષણમાં રાઈપ્રતિક્રમણ અને પૌષધમાં સજ્ઝાયનું શ્રવણ થાય છે. પછી આ અંગે કોઈ વિશિષ્ટ વિચારણા થતી નથી. માંગલિક પ્રતિક્રમણ આદિ ઘણી જગ્યાએ વિધિમાં 'મન્હજિણાણં'નો ઉપયોગ છે. ખરેખર આ સજ્ઝાયમાં શ્રાવકજીવનના કર્તવ્ય જણાવ્યા છે.

પાક્ષિક, ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં સંસારદાવાની સજ્ઝાયની વિધિ છે. જેમાં ત્રણ ગાથા સમૂહમાં બોલવામાં આવતી નથી અને છેલ્લી ગાથા સમૂહમાં બોલવામાં આવે છે. પરંતુ આનો ભાવ પણ કોઈ રીતે વિચારવાનો પ્રયત્ન કરવામાં આવતો નથી.

દેવસિ પ્રતિક્રમણની સજ્ઝાય ત્યાગ-વૈરાગ્ય પ્રધાન છે.

રાઈ પ્રતિક્રમણની સજ્ઝાય પ્રાતઃકાળમાં મહાપુરુષો અને સતીઓના પુણ્ય

સ્મરણ દ્વારા આત્માને માનસિક શુધ્ધિ-વૃધ્ધિમાં પૂરક બને છે. ભરહેસરની સજ્ઝાયમાં ઉચ્ચ કોટિના આરાધકોની સૂચી છે. તેનું પ્રતિદિન સ્મરણ કરવાથી ગુણાનુરાગ કેળવાય છે. અને આત્મા પણ તેમાંથી પ્રેરણા લઈને આરાધક ભાવમાં સ્થિર થાય તેવી વિશિષ્ટ શકિત એનામાં રહેલી છે. આ સજ્ઝાયની તેરગાથા છે. એકથી સાત ગાથામાં ત્રેપન મહાત્માઓ અને આઠથી તેર ગાથામાં સુડતાલીશ મહાસતીઓના નામનો ઉલ્લેખ છે. સાતમી ગાથાનો અર્થ વિચારણા કરવા જેવો છે. તેમાં જણાવ્યું કે જેમના નામ સ્મરણથી પાપના બંધ નાશ પામે છે.

એમાઈ મહાસત્તા, દિંતુ સુહં ગુણગણેહિં સજુતા
જેસિં નામ્ગહણે, પાવપબંધા વિલયં જંતિ...૭

એવા ગુણના સમુહથી યુક્ત એવા મહાપુરુષો સુખ આપો. ભરતથી આરંભીને મેઘકુમાર સુધીના મહાપુરુષોના ચારિત્રોની ખબર હોય તો સજ્ઝાય બોલતા કે શ્રવણ કરતા શુભભાવમાં લીન થવાય છે.

સજ્ઝાયના હાર્દને પામવા માટે મહાપુરુષો અને મહાસતીઓના જીવનનો ઓછો વત્તો પરિચય અવશ્ય હોવો જ જોઈએ. તે વિના શુધ્ધ ઉપયોગમાં આત્મા આવે નહિ.

સુલસા, ચંદનબાળાથી સ્થૂલિભદ્રની સાત બહેનોના નામ નિર્દેશ થયો છે. તો આ સતીઓના જીવનનો મિતાક્ષરી પરિચય પણ સાર્થક નિવડે છે. પ્રત્યેક નામની સાથે જીવનનો એક મહાન ગુણ રહેલો છે. તેનું જો જ્ઞાન પ્રાપ્ત થાય તોય આત્માને શાંતિ મળે. દ્રવ્ય પ્રતિક્રમણમાંથી ભાવ પ્રતિક્રમણ પ્રતિ ગતિ કરવા માટે આ પ્રકારનું જ્ઞાન ખૂબ જ ઉપયોગી છે. આ માટે જાગૃતિ કેળવવાની આવશ્યકતા છે.

'મન્હજિણાણં'ની સજ્ઝાય માંગલિક પ્રતિક્રમણ અને પૌષધમાં સાંભળવા મળે છે. પૌષધ આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્ર જેવા ગુણો વૃધ્ધિ અને શુધ્ધિ માટે છે. એટલે આત્માએ શ્રાવક તરીકે કયો ધર્મ કરવાનો છે. તેનો ઉલ્લેખ તેમાંથી મળે છે. પૌષધમાં આ સજ્ઝાય ત્રણ વખત બોલવામાં આવે છે. અને સાચા અર્થમાં એ આત્માનો સ્વાધ્યાય બને છે.

<u>શ્રાવકે કરવાના કર્તવ્ય જે મન્હજિણાણંમાં છે.</u>

જિનાજ્ઞાનું પાલન
મિથ્યાત્વનો ત્યાગ
સમકિતનો સ્વીકાર
છ આવશ્યકનું આચરણ
પર્વ તિથિએ પૌષધગ્રહણ કરવો

દાન-શીલ-તપ-ભાવ એમ ચાર પ્રકારના ધર્મનું પાલન
નવકારમંત્રનો સ્વાધ્યાય
પરોપકાર કરવો
જયણા ધર્મનું અનુસરણ
જિનપૂજા
પ્રભુની સ્તુતિ ગુણગાન ગાવા
ગુરુ સ્તુતિ ભક્તિ
સાધર્મિક ભકિત
વ્યવહાર જીવનમાં નીતિ પરાયણતા દ્વારા શુધ્ધિ
રથયાત્રા
તીર્થયાત્રા
ઉપશમ
વિવેક
સંવર } ના ગુણો કેળવવા ભાષા સમિતિનું પાલન
છ કાયના જીવો પ્રત્યે કરુણા રક્ષણ
ધર્મીજનની સોબત સત્સંગ-ચરણ-કરણ-ધર્મપાલન
સંઘપતિનું બહુમાન
ધાર્મિક પુસ્તક લેખન
તીર્થમાં પ્રભાવના જેવા સુકૃત શ્રાવકે કરવા જોઇએ.

ગુરુદેવો સજ્ઝાય બોલે છે. પણ શ્રવણ કરનાર તેનો અર્થ સમજીને વિચારે કે માનવજીવન પૂરો થાય તે પહેલા કેટલું કર્યું છે. અને કેટલું બાકી છે. તે કરીને જીવન સાર્થક કરવાનો આ વિચાર કરનારા અતિ અલ્પ સંખ્યામાં છે. સજ્ઝાયમાં આત્માનો વિચાર કરવા માટે આ સૂચી માર્ગદર્શક સ્તંભ સમાન છે કે જેનાથી શ્રાવક ધર્મમાં કેટલી પ્રગતિ થઇ તેનું માપ નીકળે છે. ધર્મ ફુરસદે કરવાનો નથી એ તો શ્વાસોશ્વાસ સમાન છે. ફુરસદનો ધર્મ માત્ર સામાજિક પ્રતિષ્ઠા બની જાય છે. તેનાથી આત્માનું કોઇ શ્રેય થતું નથી. પ્રભુ મહાવીરના શ્રાવકો આનંદ, કામદેવ જેવા ઘણી જવાબદારી વાળા હોવા છતાં તેમાંથી સમય કાઢીને શ્રાવક ધર્મનું પાલન કરતા હતા. ધર્મમાં સંતોષ માનવાનો નથી એ તો ભવોભવ આરાધના થાય અને મુક્તિ મળે ત્યાં સુધી મુશળધાર વૃષ્ટિ સમાન આચરવાનો છે. સ્ત્રીધન અને ભોજનમાં સંતોષ માનવો બાકી ધર્મ, જ્ઞાન અને આરાધનામાં સંતોષ માનવો નહિ. પાક્ષિક, ચૌમાસી, સંવત્સરી પ્રતિક્રમણની સજ્ઝાય સંસાર દાવાનળની સ્તુતિ દ્વારા થાય છે.

''સંસાર દાવાનલ દાહનીરં, સંમોહ ધૂલી હરણે સમીરં,
માયા રસાદારણસાર સીરં, નમામિ વીરં ગિરિ સાર ધીરમ્''

સજ્ઝાયના પ્રારંભમાં સંસાર દાવાનળ છે. એમ જણાવીને આત્માને ચેતવણી આપી ભગવાન મહાવીર સ્વામીની વિશેષતા દર્શાવી છે. અને નમસ્કાર કર્યાનો ઉલ્લેખ થયો છે. સંસાર એટલે શુભાશુભ કર્મ ભોગવવા માટેનું સ્થાન અને મોક્ષની સાધના માટેનું સાધન સંસાર એટલે ચાર કષાયની ચંડાળ-ચોકડી કર્મબંધ કરીને ભવભ્રમણ કરાવે છે. તેનો નાશ કરવા માટે પ્રભુ મહાવીર અને તેમણે પ્રરૂપેલા ધર્મની આરાધના એજ મનુષ્ય જીવનનું કર્તવ્ય છે. સજ્ઝાયનો આ ભાવ પ્રતિક્રમણમાં આવી જાય તો આત્માની જાગૃતિ અવશ્ય થાય અને આચરણ થયા વિના રહે નહિ.

સજ્ઝાય એટલે સ્વાધ્યાય અને સ્વાધ્યાય એટલે સ્વનું અધ્યયન છે. અને આત્મભાવને આત્મદશાનો પરિચય થાય. સજ્ઝાય શ્રવણ દ્વારા એક કદમ આગળ વધીને અર્થ અને ભાવ સમજવાનો પ્રયત્ન કરીએ.

## -:મધ્યકાલીન યુગમાં સજ્ઝાયનો વિકાસ:-

મધ્યકાલીન ગુજરાતી કાવ્ય સાહિત્યમાં જૈન કવિઓનું પ્રદાન એક વિશિષ્ટ અને નોંધપાત્ર સ્થાન ધરાવે છે.

આ સમય દરમ્યાન જૈન કાવ્ય સાહિત્યનો નોંધપાત્ર વિકાસ થયો છે. પ્રબંધ, રાસા, ફાગુ, વિવાહલો, પૂજા, સ્તવન, ચૈત્યવંદન, સ્તુતિ, આરતી, છંદ, બારમાસી, દુહા, સજ્ઝાય વગેરે પ્રકારના કાવ્ય સ્વરૂપોમાં વિપુલ પ્રમાણમાં રચનાઓ થઈ છે. આ પરંપરાને છેક ઓગણીસમી અને વીસમી સદીમાં પણ ચાલુ રાખીને જૈન કવિઓએ મધ્યકાલીન સાહિત્યને સમુધ્ધ કર્યું છે.

મધ્યકાલીન જૈન સાહિત્યમાં સજ્ઝાયનું સ્વરૂપ અત્યંત સમુધ્ધ છે. આ સમય દરમ્યાન જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યના અઢળક પદોની રચના થયેલી જોવા મળે છે. તેની સાથે સરખાવી શકાય તેવી જૈન સજ્ઝાયોની રચનાઓ છે. આ સ્વરૂપની વિશેષતા એ છે કે તેનો પ્રધાનસૂર ત્યાગ અને વૈરાગ્યની ભાવનાને પોષણ આપવાનો છે.

સજ્ઝાય સ્વરૂપના વિકાસને જોતાં સામાન્ય રીતે એવો ખ્યાલ આવે છે કે ૧૩મી સદીથી ૧૫મી સદી સુધીના સમયગાળામાં સજ્ઝાયોની રચનાઓ ખાસ પ્રાપ્ત થતી

નથી. છતાં ૧૩મી સદીમાં 'સર્વચૈત્ય પરિપાટી સ્વાધ્યાય' નામની એક સજ્ઝાય રચના પ્રાપ્ત થાય છે. તેના આધારે સજ્ઝાયનો પ્રારંભ લગભગ તેરમી સદીમાં થયો હોવાનું અનુમાન કરી શકાય.

સોળમી સદીમાં સજ્ઝાયના સ્વરૂપનો વિકાસ ઠીક ઠીક પ્રમાણમાં થયેલો છે. સોળમી સદીમાં લાવણ્યસમય નામના એક નામી કવિ થઈ ગયા. તેમનો કાવ્યકાળ સં.૧૫૪૦થી શરૂ થાય છે. તેમણે સોળમા શતક દરમ્યાન એટલી સુંદર રચનાઓ કરી કે તે સમયને લાવણ્યયુગ નામ અપાયું છે.

સં.૧૫૫૮માં શ્રી સાવદેવસૂરિના શિષ્ય નન્નસૂરિએ ખંભાતમાં 'ગજસુકુમાર રાજર્ષિ'ની સજ્ઝાય રચનાઓનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આ ગજસુકુમાર રાજર્ષિનું ચરિત્ર કવિએ 'શ્રી અંતગડ દશાંગ'ના આઠમા અંગમાંથી લીધી હોવાનો ઉલ્લેખ પણ રચનામાં કવિએ કર્યો છે. આ કવિએ સં.૧૫૫૩માં ચિતોડમાં 'દશશ્રાવક બત્રીસી' નામની એક સજ્ઝાય કરી છે. તે ઉપરાંત 'અભક્ષ અનંતકાય' નામની રચના પણ કરી છે.

સં.૧૫૬૯માં અજ્ઞાત કવિ રચિત 'જીવદયાકુલ સજ્ઝાય' પ્રાપ્ત થાય છે. સં.૧૫૭૦ પહેલા અનંતહંસ નામના કવિ રચિત 'બારવ્રતની સજ્ઝાય' તથા કવિ સહજ સુંદર રચિત 'ઈલાતી પુત્રની સજ્ઝાય' પ્રાપ્ત થાય છે.

સં.૧૫૮૭માં કવિ દેવસુંદરે 'અષાઢાભૂતિ' સજ્ઝાયની રચના કરી છે.

કવિ દેપાલ રચિત કાયાબેડી સજ્ઝાય પ્રાપ્ત થાય છે.

કાયાબેડી કાટ સતી વેધ ઊઠિ કોટિ બેડી બંધ બાંધી
ન્હાન્હા પરહુણ ઘણા નીગમ્યા અતાતિ દુર્લભનું લાધી
સંસાર સમુદ્ર અપારો, તીહ મઝારી જીવ મરઉ હુન્નિ હિયાણા વવહરઈ.

કૃતિના અંતમાં કવિ પોતાના નામનો ઉલ્લેખ કરે છે.

વિવેકુ ખંભિ જ્ઞાનુ પંજારિ, નિરૂ ખિલા દીઠુલા સેંત્રુજ સ્વામી
દેપાલ ભણઈ જિણ મંદિરૂ પામી, વધામણી દિઉ ધામી.

કવિ દેપાલ સં.૧૫૦૦ થી ૧૫૨૨ સુધીમાં વિદ્યમાન હતા. તેઓ અતિ પ્રસિધ્ધ કવિ ગણાતા હતા. તેમનું ટૂંકુ નામ 'દેપો' હતું.

## -:૧૬મી સદી 'લાવણ્ય સમય':-

### કવિ લાવણ્ય:-

સોળમી સદી દરમ્યાન એક સમર્થ લાવણ્ય સમય નામના કવિ થઇ ગયા. જેમનું સંસારી નામ લઘુરાજ હતું. તેમના પિતા શ્રીધર અને માતા જમકલદેવી હતું. તેમનો જન્મ સં.૧૫૨૧માં પોષવદ ત્રીજના દિવસે થયો હતો. તેમણે સં.૧૫૨૯માં જેઠ સુદ દસમના દિવસે પાટણમાં તપગચ્છ પતિ લક્ષ્મણસાગરસૂરિ પાસે દીક્ષા લીધી. તેમને સમયરત્નગુરુએ વિદ્યા આપી. સોળ વર્ષની વયે તેમણે છંદ, કવિતા, ચોપાઇ, રાસાઓ વગેરે અનેક પ્રકારના ગીતો અને રાગ- રાગિણીની રચનાઓ કરી.

કવિએ 'દઢપ્રહારીની સજ્ઝાય', ' દાનની સજ્ઝાય', 'શ્રાવકવિધિસજ્ઝાય', 'ચૌદસુપનની સજ્ઝાય' તથા અનેક વિવિધ સજ્ઝાયોની રચના કરેલી છે.

આ સમયના સમકાલિન કવિ લક્ષ્મીરત્નસૂરિએ 'અઇમુત્તા સજ્ઝાય' તથા 'અભક્ષ્ય અનંતકાયની સજ્ઝાય'ની રચના કરી છે.

### કવિ હેમવિમલ:-

હેમવિમલ નામના કવિ તપગચ્છની પંચાવનમી પાટે સુમતિસાધુસુરિના શિષ્ય હતા. આ કવિનો જન્મ મારવાડમાં વડ ગામમાં સં.૧૫૨૨ માં થયો હતો. પિતા ગંગરાજ માતા ગંગારાણી હતા. તેમનું મૂળ નામ હાદકુમાર હતું. તેમણે સંવત ૧૫૩૮માં દીક્ષા લીધી હતી. તેમનું દીક્ષાનું નામ હેતુધર્મ હતું.

સં.૧૫૪૮માં ગુજરાતમાં પંચાસર ગામમાં તેમને આચાર્યપદ પ્રદાન કર્યું. ત્યારબાદ તેમનું નામ હેમવિમલ રાખવામાં આવ્યું.

સં.૧૫૫૬માં તેમણે ક્રિયોદ્ધાર કર્યો હતો. આ કવિએ 'મૃગાપુત્ર સજ્ઝાય' નામની સજ્ઝાયની રચના કરી છે.

સુંદરહંસ નામના કવિએ 'હેમવિમલ સુરિણાં સજ્ઝાય' નામની સાત કડીની રચના કરી છે.

આજ સમયમાં અજ્ઞાત કવિએ પંદર કડીની 'જ્ઞાનપંચમી સ્વાધ્યાય' નામની રચના મળી છે. જેમાં જ્ઞાનનો મહિમા વર્ણવ્યો છે.

અજ્ઞાત કવિએ બીજી એક રચનામાં 'શ્રી ગુરૂણાં સ્વાધ્યાય' નામની ચૌદ કડીની રચના મળી છે. જેમાં જગચંદ્રસૂરિથી જિનચંદ્રસૂરિના નામ આપેલા છે. તેઓ તેમના કોઇ શિષ્ય હશે એવું અનુમાન કરી શકાય.

**કવિ અનંતહંસઃ-**

આ કવિ પોતે શ્રીહેમવિમલસૂરિના શિષ્ય હતા એવો ઉલ્લેખ તેમણે પોતાની 'બારવ્રતની સજ્ઝાય'માં કર્યો છે.

**કવિ સહજ સુંદરઃ-**

કવિએ સંસ્કૃતમાં વ્યાકરણના ગ્રંથની રચના કરી. અને સં.૧૫૭૦માં જેઠવદ-૯ના દિવસે'ઇલાતીપુત્ર સજ્ઝાય'ની રચના કરી છે. પોતે વાચક રત્ન સમુદ્રના શિષ્ય હતા. તેમણે 'શાલિભદ્ર સજ્ઝાય' 'ધન્ના શાલિભદ્રની સજ્ઝાય'ની પણ રચના કરી છે.

**કવિ મુનિચંદ્રસૂરિઃ-**

પૂર્ણિમાગચ્છના બીમપલ્લીય પક્ષમાં તેઓ થઇ ગયા. તેમણે પ્રાકૃતમાં 'રાસ ઉલો'ની રચના કરી છે. તે ઉપરાંત 'રાત્રિભોજન સજ્ઝાય' રચ્યા હોવાનું અનુમાન કરવામાં આવે છે.

**કવિ પાસચંદ્રસૂરિઃ-**

જેઓએ વિપુલ સાહિત્યનું સર્જન કર્યુ છે. ૧૬મી સદિના મહત્ત્વના કવિ છે. તેમને યુગપ્રધાન પદ આપવામાં આવ્યું છે. જેઓ મૂળ હામીપુર નગરના પિતા વેગશાહ તથામાતા વિમલદેના પુત્ર હતા. સં.૧૫૩૭માં દિક્ષા ગ્રહણ કરી. સં.૧૫૪૬માં ઉપાધ્યાયપદ, સં.૧૫૫૪માં આચાર્યપદ પ્રાપ્ત કર્યુ, સં.૧૫૬૫માં યુગપ્રધાનનું બિરુદ આપવામાં આવ્યું અને સં.૧૫૯૯માં સ્વર્ગવાસ થયો.

તેમણે રાસા, છત્રીસી, આગમ છત્રીસી, ચારિત્ર મનોરથ માલા, દુહાશતક, પ્રશ્નોત્તર દીપિકા, સત્તરભેદીપૂજા, સ્તવનો, સ્તોત્ર, વીશવિહરમાન સ્તુતિ તથા ઉપદેશાત્મક સાહિત્યની રચના કરી. આ કવિએ 'ખંધક ચરિત્ર સજ્ઝાય' નામની એકસોબે કડીની દીર્ઘ રચના સં.૧૬૦૦માં વૈશાખ સુદ આઠમના દિવસે કરી. આઉપરાંત સં.૧૬૦૫ પહેલા ''શ્રાવક વિધિ સમ્યકત્વ સ્વાધ્યાય' નામની ઓગણીસ કડીની રચના કરી છે.

**કવિ બહમઃ-**

પાશ્વચંદ્રીય ગચ્છના બહમ કવિ થઇ ગયા. જેમણે સં.૧૫૯૯માં ઉતરાધ્યયન સૂત્રના છત્રીસ અધ્યાય ગીત અથવા સજ્ઝાયની રચના કરી છે.

**કવિ દેવસુંદરઃ-**

સં.૧૫૮૭માં 'અષાઢાભૂતિ સજ્ઝાય'ની રચના કરી.

**કવિ સમરચંદ્રઃ-**

આ કવિએ ૧૬મી સદીમાં 'બ્રહ્મચર્ય દ્વિ પંચાશિકા સજ્ઝાય' નામની ચોપન કડીની રચના કરી છે. આ સજ્ઝાયમાં કવિએ બ્રહ્મચર્યનું વર્ણન કર્યુ છે. તેઓ પાર્શ્વચંદ્ર ગચ્છના હતા.

**કવિ કવિયણઃ-**

હીરવિજયસૂરિના સમયમાં થયા હોવાનું અનુમાન મળે છે. તેઓ સં.૧૬પરમાં થયા હશે. તેમણે 'પાંચ પાંડવ' નામની સજ્ઝાયની રચના કરી છે.

**કવિપાતોઃ-**

તેમણે 'છો તી મિથ્યાત્વ', 'પરિહાર કુલ સજ્ઝાય' નામની ૬૪ કડીની રચના કરી છે.

**કવિ વિદ્યાધરઃ-**

'બારભાવનાની સજ્ઝાય' રચી છે. સજ્ઝાયના અંતમાં તેમણે પોતાના નામનો ઉલ્લેખ કર્યો છે.

**કવિ લક્ષ્મી કલ્લોલઃ-**

'ધન્ના સજ્ઝાય' નામની સજ્ઝાયની રચના કરી છે. આ સજ્ઝાય અતિ પ્રસિધ્ધ છે. અંતમાં કળશની રચના કરી છે. તેમાં પોતાના નામનો ઉલ્લેખ મળે છે.

**કવિ વિજયભદ્રઃ-**

'શીલવિષે શિખામણ' નામની સજ્ઝાયની રચના કરી છે.

**આમ ૧૬મી સદીમાં વીસ જેટલા કવિઓએ વિવિધ સજ્ઝાયોની રચના કરી છે. એમાં પ્રસિધ્ધ કવિ લાવણ્યસમય, નન્નસૂરિ, પાસચંદ્રસૂરિ, બહમમુનિ, કવિયણ વગેરે નોંધપાત્ર કવિઓ થઈ ગયા.**

કેટલાક કવિઓએ સજ્ઝાયના અંતમાં રચના સ્થળ, સમય અને પોતાના નામનો ઉલ્લેખ કર્યો છે. કેટલાક કવિઓએ પોતાના ગુરુઓના નામનો ઉલ્લેખ કર્યો છે.

## -:સત્તરમી સદીઃ-

સત્તરમી તથા અઢારમી સદીનો યુગ મધ્યકાલીન જૈન સાહિત્યમાં સુવર્ણ યુગ

માનવામાં આવે છે. આ સમય દરમ્યાન જૈન સાહિત્યના દરેકે દરેક સ્વરૂપમાં અનેક કવિઓએ વિપુલ પ્રમાણમાં સર્જન કર્યું છે. આ દરમ્યાન સજ્ઝાયના સ્વરૂપમાં રચનાઓ દ્વારા સજ્ઝાય સાહિત્યને સમૃધ્ધ કર્યું છે.

**કવિ સોમવિમલસૂરિઃ-** સત્તરમી સદીના પ્રખ્યાત કવિ હતા. તપગચ્છના પટ્ટધર હેમવિમલની અઠ્ઠાવનમી પાટે સોમવિમલસૂરિ થયા. સોમવિમલસૂરિએ અનેક રાસાઓ, ગીતો, વગેરેની રચનાઓ કરી છે. તે ઉપરાંત અનેક સજ્ઝાયોની રચનાઓ પણ કરી. સં.૧૬૦૨ માં 'પટ્ટાવલી સજ્ઝાય' તથા બીજી અન્ય સજ્ઝાય રચનાઓ કરી છે. સં.૧૬૩૨ માં અમદાવાદમાં તેમણે 'ચસિમા' શબ્દના એકસોએક અર્થની સજ્ઝાય નામની રચના કરી છે.

**કવિ હીરકલશઃ-** આ કવિએ સં.૧૬૧૬માં 'અઢાર નાતરા સંબંધી સજ્ઝાય'ની રચના બાવન કડીમાં કરી છે. આ ઉપરાંત તેમણે 'સોળસ્વપ્ન સજ્ઝાય' નામની વીસ કડીની એક રચના સં.૧૬૨૨ માં કરી છે.

**કવિ હર્ષવિમલઃ-** આ કવિશ્રીએ સં.૧૬૧૦માં 'બારવ્રતની સજ્ઝાય' નામની પાંસઠ કડીની એક દીર્ઘ રચના કરી છે.

**પ્રમોદશીલ શિષ્યઃ-** નામના કવિએ પચ્ચીસ કડીની 'વીરસેન સજ્ઝાય' નામની રચના કરી છે. આ ઉપરાંત 'ખંધકસૂરિ સજ્ઝાય' નામની આઠ કડીની એક નાની સજ્ઝાયની રચના કરી છે.

**આણંદ સોમઃ-** આ કવિએ 'સ્થૂલભદ્ર સ્વાધ્યાય' નામની ૫૩ કડીની સં.૧૬૫૨માં રચના કરી.

**પદ્મસુંદર ઉપાધ્યાયઃ-** આ કવિએ રાસાઓ તથા ચોપાઈની રચના કરી છે. સં.૧૬૪૭માં 'ઉપશમ સજ્ઝાય'ની રચના કરી છે.

**કવિ સકલચંદ્ર ઉપાધ્યાયઃ-** આ કવિએ રાસાઓ, પૂજાઓ, બીજી અનેક રચનાઓ કરી છે. આ ઉપરાંત તેમણે 'બારભાવનાની સજ્ઝાય', 'મુનિશિક્ષા સ્વાધ્યાય'તથા અન્ય ઓગણીસ સજ્ઝાયોની રચના કરી છે.

**કવિરાજ સાગરેઃ-** કવિ હર્ષસાગર શિષ્ય 'રાજસાગરે' 'લુંકામતની સ્વાધ્યાય' સં.૧૬૪૩માં રચના કરી. કડીમાં કવિ પ્રભુને પ્રણામ કરી, અંતમાં રચના સાલ અને ગુરુપરંપરા બતાવે છે.

**કવિ હંસરાજઃ-** કવિએ બોંતેર કડીની દીર્ઘ 'હીરવિજય લાભ પ્રવહણ' નામની સજ્ઝાયની રચના કરી છે.

**કવિ હર્ષઆનંદના શિષ્ય વિવેકહર્ષ:-** આ કવિ પોતે તપ ગચ્છના હોવાનું જણાવે છે. તેમણે 'હીરવિજય નિર્વાણ સ્વાધ્યાય' નામની રચના લગભગ સં.૧૬૫૨માં કરી છે.

**કવિ માનસાગર:-** સં.૧૬૫૨ થી સં.૧૬૭૨ની વચ્ચે 'ગુરુસ્વાધ્યાય', 'ગુરુકુલવાસ' નામની સોળ છપ્પાની રચના કરી છે.

**કવિ જયવિજયે:-** સં.૧૬૫૨ પછી 'હીરવિજયપુણ્ય ખાણિ' નામની સજ્ઝાયની તેવીસ કડીની રચના રાગ 'રામ ગિરિ'માં કરી છે.

**કવિ સમયસુંદર:-** કવિશ્રીએ રાસા, ચોપાઇ, વીશી, ચોવીશી, છત્રીસી, ગીતો, પદો વગેરે રચનાઓ પ્રખ્યાત છે. અનેક સજ્ઝાયોની રચના કરી છે. જેમાંથી ઘણી સજ્ઝાયો આજે પણ લોકકંઠે ગવાય છે.

'માયાની સજ્ઝાય' માયા કારમી રે માયા ન કરે 'ચતુર સુજાણ', 'જીવરાશિ ક્ષમાપના' તથા પદ્‌માવતી આરાધના આ પ્રત્યેક બુધ્ધ રાસમાં 'નેમિ રાજર્ષિના ખંડ' માં છે. નવકડીની અર્હન્નક સજ્ઝાયની રચના કરી છે.

'અનાથી ઋષિની સજ્ઝાય', 'બાહુબલીની સજ્ઝાય', 'અરણિક મુનિની સજ્ઝાય', 'શાલીભદ્રની સજ્ઝાય', 'મેઘરથરાયની સજ્ઝાય', 'પ્રસન્નચંદ્ર ઋષિ સજ્ઝાય', 'ગજસુકુમાલની સજ્ઝાય', 'રાજુલસતીની સજ્ઝાય', 'રેવતીની સજ્ઝાય', 'ધોબીડાની સજ્ઝાય', 'ચેલણા સતીની સજ્ઝાય', 'ચાર પ્રત્યેક બુધ્ધની સજ્ઝાય', આદિ વિવિધ રચનાઓ કરી છે.

કવિ સમય સુંદર એક પ્રસિધ્ધ અને લોકપ્રિય ગીતકવિ તથા સંગીતજ્ઞ હોવાથી તેમની સજ્ઝાયોમાં બોધ અને ઉપદેશની સાથે ભાષામાં સરળતા તથા ગેયતા, સંગીતમયતાની પ્રતીતિ થાય છે.

**કનક સુંદર:-** આ કવિએ આ સદીમાં કેટલાક રાસાઓ તથા 'જિનપાલિત સજ્ઝાય'ની સત્તોતેર કડીની દીર્ઘ રચના કરી છે.

**કવિલાલ વિજય:-** આ કવિએ સં.૧૬૭૩માં 'જ્ઞાત ધર્મ ઓગણીસ અધ્યયન સજ્ઝાય' તે ઉપરાંત 'ઘી સજ્ઝાય', 'સુદર્શન સજ્ઝાય', 'વિચાર સજ્ઝાય', 'ભરત બાહુબલીની સજ્ઝાય', 'કયવન્ન ઋષિની સજ્ઝાય', આદિવિવિધ રચનાઓ કરી છે.

**કવિ ઋષભદાસ:-** આ કવિએ શ્વેતાંબર તપગચ્છના વિજયસેનસૂરિ પાસે શિક્ષા લીધી હતી. આ કવિએ (૧)ઋષભદેવનો રાસ, (૨)સુમિત્ર રાજર્ષિનો રાસ, (૩)અન્નકુમાર રાસ, (૪)જીવવિચાર રાસ, (૫)ભરતબાહુબલિ રાસ, (૬)સમકીત રાસ,

(૭)જીવીતસ્વામી રાસ, (૮)કવયન્ના રાસ, (૯)વૃતવિચાર રાસ, (૧૦)સ્થુલિભદ્ર રાસ, (૧૧)કુમારપાળ રાસ, (૧૨)નવતત્ત્વ રાસ, (૧૩)ક્ષેત્રપ્રકાશ રાસ, (૧૪)ઉપદેશમાલા રાસ, (૧૫)શ્રેણિક રાસ, (૧૬)હીરવિજયસૂરિ બાલાવબોધ રાસ, વગેરે વિવિધ રાસાઓની રચનાઓ કવિ ઋષભદાસે કરી છે. આ ઉપરાંત તેમણે 'સ્થુલિભદ્ર સજ્ઝાય'ની રચનામાં સ્થૂલિભદ્ર અને કોશા વેશ્યાનો સંવાદ રચ્યો છે. કવિએ 'માનપર સજ્ઝાય' નામની રચનામાં બોધ આપ્યો છે.

ઉપરોકત વિવિધ રચના દ્વારા કવિની કવિત્વ શક્તિનો પરિચય થાય છે.

**કવિ શાંતિકુશલેઃ-** સં.૧૬૭૭માં 'ઝાંઝરિયામુનિની સજ્ઝાય'ની રચના કરી. આ ઉપરાંત 'સનતકુમાર સજ્ઝાય'ની પણ રચના કરી છે.

**કવિ ગુણવિજયેઃ-** સં.૧૬૭૨માં 'વિજયસેનસૂરિ નિર્વાણ સ્વાધ્યાય' નામની ચાર ઢાળમાં એક દીર્ઘ રચના કરી છે. કુલ તેપન કડીની છે.

**કવિ શ્રીસારપાઠકઃ-** આ કવિએ 'ઉપદેશસમરી', 'જીવ ઉત્પતિ સજ્ઝાય' તથા'તંદુલવેયાલી સૂત્ર' નામની સજ્ઝાયની રચના કરી છે. આ ઉપરાંત 'દશશ્રાવક ગીત સજ્ઝાય'ની રચના કરી છે.

**કવિ શ્રીનારાયણઃ-** આ કડીમાં કવિએ 'અઢાર નાતરાંની સજ્ઝાય'ની રચના કરી છે.

**કવિ ગુણસાગરેઃ-** સં.૧૬૮૩માં 'સમ્યકત્વમૂલ બારવ્રત સજ્ઝાય'ની રચના કરી છે.

**લુંકાગચ્છના કવિ ધર્મસિંહેઃ-** 'ષટ્સાધુની સજ્ઝાય'ની રચના કરી હોવાનું અનુમાન છે.

**એક અજ્ઞાત કવિએ** ચાળીસ કડીની 'જીવપ્રતિબોધસજ્ઝાય', 'બારભાવના સજ્ઝાય', 'તમાકુ સજ્ઝાય' વગેરે રાજસ્થાનીમાં કરી છે.

**રાજસમુદ્ર અથવા જિનરાજસૂરિઃ-** 'શાલિભદ્ર સજ્ઝાય' નામની સત્તર કડીની એક રચના કરી છે.

સત્તરમી સદીમાં મુખ્યતાએ સોમવિમલ, સકલચંદ્ર ઉપાધ્યાય, સમયસુંદર, ઋષભદાસ જેવા મહત્વના કવિઓએ અનેક સજ્ઝાયોની રચના કરી છે.

સકલચંદ્ર ઉપાધ્યાયની 'બાર ભાવનાની સજ્ઝાય' આજે પણ લોકકંઠે ગવાય છે.

ઉપરોકત કવિઓએ વિવિધ સજ્ઝાય સાહિત્યની રચના કરીને સત્તરમી સદીના સાહિત્યને સમૃધ્ધ બનાવ્યું છે. જે લોકવ્યવહારમાં ખુબ અસરકારક નીવડ્યું છે.

## -:અઢારમી સદી:-

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અઢારમી સદીની રચનાઓ પણ નોંધપાત્ર છે.

કવિ વિનયવિજય ઉપાધ્યાય:- આ કવિ પ્રખર વિદ્વાન થઈ ગયા. તેઓ ઉપાધ્યાય કીર્તિવિજયના શિષ્ય હતા. તેમણે સહસ્રતીર્થકૂટની પ્રતિષ્ઠા કરાવી. તેઓએ 'નેમિનાથ ભ્રમરગીતા સ્તવન', 'પંચાકરણ સ્તવન', 'નેમિનાથ બારમાસા', 'ધર્મનાથ સ્તવન', 'પુણ્યપ્રકાશનું સ્તવન', 'ઉપધાન સ્તવન', 'ચૌદગુણસ્થાનક સ્તવન', 'ૠષભજિન વિનતિ', 'અધ્યાત્મ ગીતા', 'ચૌવીશી', 'વીશી', 'શાશ્વત જિનભાસ', 'શ્રીપાલરાસ', તથા અનેક સજ્ઝાયોની રચના કરી છે.

સં.૧૭૧૦માં 'પટ્ટાવલિની સજ્ઝાય'ની રચના કરી છે. ૭૨ કડીની આ રચનામાં પ્રભુમહાવીર તેમના ગણધરો અને જંબુસ્વામીથી શરૂ કરીને હીરવિજય સુધીની પરંપરા વર્ણવી છે. આ કવિએ 'પચ્ચક્ખાણની સજ્ઝાય', સં.૧૭૩૦માં 'ઇરિયાવહિ સજ્ઝાય', 'આયંબિલની સજ્ઝાય', સં.૧૭૩૮માં કવિ વિનયવિજયજીએ 'ભગવતી સૂત્ર સજ્ઝાય'ની રચના કરી છે.

આ કવિની શૈલી લોકમાં બહુ પ્રસિધ્ધિ પામી. આજે પણ આ સજ્ઝાયો રાસ વગેરે વારંવાર ગવાય છે.

કવિ જ્ઞાનસાગર:- આ સદીના આ કવિએ સં.૧૭૨૧માં 'ધન્ના અણગાર સ્વાધ્યાય' નામની સજ્ઝાયની રચના કરી છે. આ ઉપરાંત શુકરાજ રાસ, ઈલાચીકુમાર ચોપાઇ, શાંતિનાથ રાસ, ચિત્રસંભૂતિ ચોપાઇ, 'અષાઢાભૂતિ રાસ', 'પરદેશી રાજા રાસ', 'નંદિષેણ રાસ', શ્રીપાલ રાસ, આર્દ્રકુમાર ચોપાઇ, સનતચક્રી આદિ અનેક ગીતોની રચના કરીને સાહિત્યને સમૃધ્ધ બનાવ્યું છે.

જયસોમ:- આ કવિશ્રીએ સં.૧૭૦૩માં 'બારભાવનાની સજ્ઝાય'ની રચના કરી છે. સં.૧૭૧૬માં 'ચૌદગુણ ઠાણ સ્વાધ્યાય'ની રચના કરી છે.

જિનહર્ષ-જસરાજ:- અઢારમી સદીનાં આ કવિએ વિપુલ સાહિત્યરચીને જૈન સાહિત્યને સમૃધ્ધ બનાવવામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. તેમણે રાસાઓ, વીશી, ચોંપાઇઓ, સવયા, હૂંડી, છત્રીશી, બાવની તથા સજ્ઝાયોની રચના કરી છે. જેમાં –

ચંદનમલયાગીરી ચોપાઇ,
ઉપદેશ છત્રીશી સવૈયા,

મૃગાપુત્ર ચોપાઇ,
આહારદોષ છત્રીશી,
માનુકા બાવની, શ્રીપાલરાસ,
કુમારપાળ રાસ,
ઉપમિતિ ભાવ,
ઋષિદત્તા રાસ,
સુદર્શનશેઠ રાસ,
વિહરમાન જિનસ્તવન,
શત્રુંજય મહાત્મ્ય રાસ,
રત્ન ચૂડ રાસ,
આરામશોભા રાસ,
ઋષિ બત્રીશી, વગેરે મુખ્ય છે.

સં.૧૭૨૯માં 'નવવાડી સજ્ઝાય'ની રચના કરી છે.

સં.૧૭૩૬માં 'જ્ઞાતાસૂત્ર સ્વાધ્યાય'ની રચના કરી છે.

'અંવતિ સુકુમાલ સ્વાધ્યાય'ની રચના કવિએ ૧૦૨ કડીમાં કરી છે.

સં.૧૭૫૯માં 'વયરસ્વામી ઢાલબંધસજ્ઝાય'ની રચના કરી છે.

સં.૧૭૫૯માં પાટણમાં 'સ્થૂલભદ્ર સ્વાધ્યાય'ની રચના કરી છે.

સં.૧૭૬૧માં 'નર્મદા સુંદરી સ્વાધ્યાય'ની રચના કરી છે.'સીતા સજ્ઝાય' તથા 'નંદિષેણ સજ્ઝાય'ની રચના કરી છે.

<u>વૃધ્ધિ વિજય:-</u> આ સદીમાં વૃધ્ધિ વિજયજીએ દશવૈકાલિકના દશ અધ્યયનની દશ સજ્ઝાયની રચના કરી છે.

<u>કમલહર્ષ:-</u> આ કવિએ સં.૧૭૨૩માં દશવૈકાલિક દશ અધ્યયન સજ્ઝાયની રચના કરી છે.

<u>ભાણવિજય:-</u> આ કવિએ સં.૧૭૧૧માં પોતાના ગુરુના નિર્વાણ પ્રસંગને આલેખતી 'વિજયાણંદસૂરિ નિર્વાણ સજ્ઝાય'ની રચના બારેજા ગામમાં કરી છે.

<u>ઉપાધ્યાય યશોવિજયજી:-</u> અતિપ્રખર, તાર્કિક શિરોમણિ, મહાન શાસ્ત્રજ્ઞ, પ્રતિભાશાળી, સમન્વયકર, ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય, પ્રભાવક સાધુ તરીકે જેમણે જૈન શાસનની અનેકવિધ પ્રવૃત્તિ કરીને સમૃધ્ધ બનાવ્યું છે. તેઓ એક મહાન જ્યોતિર્ધર હતા.

તેઓને કુર્ચાલિશારદ (મૂછાળી સરસ્વતી), બીજા હેમચંદ્રાચાર્ય અને લઘુ હરિભદ્ર એવા નામથી નવાજવામાં આવ્યા છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અઢારમી સદીના આ કવિ જૈન ધર્મના પરમ પ્રભાવક શ્રીમદ્ યશોવિજયજીએ સ્તોત્રો, ચોવીશીઓ, પદો તથા સજ્ઝાયના સ્વરૂપનું આલેખન કર્યું છે. જ્ઞાનસાર, અધ્યાત્મસાર જેવા મહાનગ્રંથો રચીને તેમણે તત્ત્વજ્ઞાન વિષયમાં પણ ફાળો નોંધાવ્યો છે.

ઉપાધ્યાયજીએ પોતે નોંધ્યા પ્રમાણે તેમણે બત્રીસ સજ્ઝાયોની રચના કરી છે. તેમાંની મુખ્યત્વે-

૧. અગિયાર અંગ ઉપાંગની સજ્ઝાય
૨. ઉપશમ શ્રેણીની સજ્ઝાય
૩. યતિધર્મ બત્રીસીની સજ્ઝાય
૪. સ્થાપનાચાર્યની સજ્ઝાય
૫. ચૌદગુણસ્થાનકની સજ્ઝાય
૬. હરિયાળીની સજ્ઝાય
૭. સંયમ બત્રીસીની સજ્ઝાય
૮. અઢારપાપ સ્થાનકની સજ્ઝાય
૯. અમૃતવેલની નાની-મોટી સજ્ઝાય
૧૦. આઠયોગદષ્ટિની સજ્ઝાય
૧૧. આત્મપ્રબોધિની સજ્ઝાય
૧૨. ચડ્યા પડ્યાની સજ્ઝાય
૧૩. ચાર આહાર અનાહારની સજ્ઝાય
૧૪. જ્ઞાનક્રિયાની સજ્ઝાય
૧૫. તુંબડાની સજ્ઝાય
૧૬. પાંચમહાવ્રતોની સજ્ઝાય
૧૭. પિસ્તાલીસ આગમોની સજ્ઝાય
૧૮. પ્રતિક્રમણ હેતુગર્ભિત સજ્ઝાય
૧૯. યતિધર્મ બત્રીસીની સજ્ઝાય
૨૦. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય
૨૧. સમકિત સુખલડીની સજ્ઝાય
૨૨. સુગુરૂની સજ્ઝાય.

એમના સાહિત્યમાં પાંડિત્ય, ગેયતા, તત્ત્વનો સુંદર સુમેળ જોવા મળે છે.

**કવિ સૌભાગ્યવિજય:-** સં.૧૭૩૧ માં 'વિજયદેવસૂરિ સજ્ઝાય'ની રચના જુનાગઢમાં કરી છે.

**ઉદયવિજય ઉપાધ્યાય:-** સં.૧૭૩૬માં 'ઉતરાધ્યયન છત્રીસ અધ્યાય'ની રચના કરી છે. આ ઉપરાંત 'અનાથીમુનિ'ની સજ્ઝાયની પણ રચના થઇ છે.

**વિનયસાગર:-** સાગરગચ્છના વિનયસાગર કવિએ 'રાજસાગરસૂરિ સજ્ઝાય'ની રચના સં.૧૭૧૫માં કરી છે.

**માનવિજય:-** સં.૧૭૧૬માં 'અંજના સુંદરી સ્વાધ્યાય'ની રચના કરી છે.

**માનવિજયગણિ:-** શાંતિવિજયના શિષ્ય શ્રી માનવિજયગણિએ સં.૧૭૩૧માં સંસ્કૃતમાં 'ધર્મસંગ્રહ'ની રચના કરી છે. તે ઉપરાંત રાસા, બાલાવબોધ, ચોવીસી, સ્તવનો તથા સજ્ઝાયોની રચના કરી છે.

તેમણે રચેલ સજ્ઝાયોના નામ નીચે પ્રમાણે છે,

(૧) વિનયવચન ગ્રહણે રોહા પર સજ્ઝાય
(૨) જ્ઞાનપૂર્વક ક્રિયાકરણે કાલા સંવેજ્ઞિક પુત્ર
(૩) ખંધક મુનિની સજ્ઝાય
(૪) બહુશ્રુત પ્રશંસા
(૫) અગ્નિભૂતિ વાયુભૂતિ
(૬) ચારિત્ર્ય ફલે તિષ્યગુરૂદત્ત
(૭) ગુરૂકુલ વાસ
(૮) પરિણામ શુકો અઇમતા
(૯) પુદ્દગલ વિચાર ગર્ભિત
(૧૦) નારદપુત્ર
(૧૧) પાર્શ્વ સ્થવીર
(૧૨) લોભવૃતે વરૂણના ગતત્રુઆ
(૧૩) જ્ઞાન ગવેષણા કાલોદધિ
(૧૪) પરીક્ષામાં ગાંગેય
(૧૫) દઢ સમક્તિે ગંગદત્ત
(૧૬) કાર્તિક શ્રેષ્ઠી
(૧૭) સરલ સ્વભાવે મગધીપુત્ર
(૧૮) સ્નેહે દેવાનંદા
(૧૯) જિનાજ્ઞા

(૨૦) વૃતારાધના
(૨૧) ઋજુભાળી શિવરાજ ઋષિ
(૨૨) મહાબલ મુનિ
(૨૩) શ્રુતાભ્યાસ
(૨૪) વર્ધમાન પરિણામે શંખશય્યાદાન
(૨૫) ઉદયન ઋષિ
(૨૬) ગૌતમ
(૨૭) વૃતદાતાર્યા અંબડ
(૨૮) સોમિલ
(૨૯) દક્ષતા
(૩૦) ગૌતમ લચ્ચૌ ચારણા

તે ઉપરાંત 'આઠમદ સજ્ઝાય', 'શ્રાવકના એકવીસ ગુણ સજ્ઝાય','શ્રાવકના બારવ્રતની સજ્ઝાય'ની રચના કરી છે.

'સામાયિક સજ્ઝાય'ની રચના પણ કરી છે.

<u>દાન વિજયઃ-</u> કવિ દાનવિજયે નવકડીની 'કર્મ'સજ્ઝાયની રચના કરી છે.

<u>જિનરંગસૂરિઃ-</u> જિનરંગસૂરિએ 'નેમરાજુલ સ્વાધ્યાય' નામની અગિયાર કડીની એક રચના કરી છે.

<u>જ્ઞાનવિમલસૂરિઃ-</u> જ્ઞાનવિમલ સૂરિ સત્તરમી સદીના અતિ મહત્ત્વના કવિ છે. તેમણે શાસ્ત્રના મર્મને સમજાવતી અનેક રચનાઓ કરી છે. તેમના ભક્તિ કાવ્યોની સાથે સાથે તેમણે રચેલી સજ્ઝાયો પણ એટલીજ મહત્ત્વની છે. જ્ઞાનવિમલ સૂરિએ માનવ સ્વભાવનું આલેખન અને વિવિધ વર્ણનો દ્વારા આ સજ્ઝાયો રસપ્રદ બની છે. કથાત્મક સજ્ઝાયોમાં 'સુદર્શન શેઠ'ની અને 'અવંતી સુકુમાલ'ની સજ્ઝાયો નોંધપાત્ર છે. તેમની તત્ત્વ વિચારક સજ્ઝાયો કરતાં કથાત્મક સજ્ઝાયોમાં રસાત્મકતા વધારે છે. આ સજ્ઝાય એની નિરૂપણ રીતિ અને વિષય બંને માટે કવિ નરસિંહ મહેતાની યાદ અપાવે છે. કવિ જ્ઞાન વિમલસૂરિએ કેટલીક સજ્ઝાયોમાં પ્રયોજેલા રાગરાગિણીઓ અને કથાવસ્તુ નોંધપાત્ર છે.

જ્ઞાન વિમલસૂરિની રચનાઓ જૈન ધર્મની સાંપ્રદાયિક રચનાઓ હોવા છતાં તે સાંપ્રદાયિકતાને વટી જાય છે. તેમની કેટલીક અધ્યાત્મભાવની, ભક્તિરસની અને જ્ઞાન વૈરાગ્યની રચનાનો કાવ્યરસ ભાવકના હૃદયને સ્પર્શી જાય છે. તેમની પચાસ ટકા સજ્ઝાયો ધર્મકથા સ્વરૂપે છે. બાકીની સજ્ઝાયો ત્રણ અનુયોગ રૂપ છે.

જ્ઞાન વિમલસૂરિની સજ્ઝાયોનું વૈવિધ્ય ઉડીને આંખે વળગે તેવું છે. એમાં પ્રતિક્રમણ, કાઉસગ્ગ, પચ્ચખાણ, સામાયિક, મુહપત્તિ પડિલેહણા, વિગયનિવજઝાઇ જેવા આચારોને આલેખ્યા છે. કાયાની નશ્વરકતાથી માંડીને સત્સંગ,વૈરાગ્ય, સમકિત, યતિધર્મ, મોક્ષમાર્ગ સુધીની ધર્મભાવના દર્શાવી છે. સાતવ્યસન નિવારણ કે મોહનીય કર્મ નિવારણની સજ્ઝાયો મળે છે. તો ભગવતીસૂત્ર જેવા ગ્રંથ અને પર્યુષણપર્વની સજ્ઝાય પણ મળે છે. કથાત્મક સજ્ઝાયોમાં બાહુબલિ, ચંદનબાળા અને રહનેમિ જેવા જાણીતા કથાનકો છે.

<u>કેસર કુશલ:-</u> શ્રી કેસરકુશલ કવિ સં.૧૭૩૦માં ઓગણીસ ઢાળની 'અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય' આ રચના કવિએ ધન્યાશ્રી રાગમાં કરી છે. અંતમાં કવિએ ગુરૂપરંપરા તથા પોતાના નામનો ઉલ્લેખ કર્યો છે.

<u>જિનવિજય:-</u> કવિ જિનવિજય તપાગચ્છના કીર્તિવિજયના શિષ્ય હતા. તેમણે દશદષ્ટાંત ઉપર દસ સ્વાધ્યાયની રચના સં.૧૭૩૯માં ઉસમાપુરમાં કરી હતી.

<u>તેજપાલ:-</u> લોકાગચ્છના ઇંદ્રજીના શિષ્ય તેજપાલે ચોપાઇ, રાસો તથા સજ્ઝાયની રચના કરી છે. તેમણે 'થાવચ્ચામુનિ સજ્ઝાય'ની રચના કરી છે.

<u>પ્રાગજી:-</u> સં.૧૭૪૧માં ભીમમુનિનાશિષ્ય પ્રાગજીએ 'બાહુબલ' સજ્ઝાયની રચના કરી છે.

<u>રત્નરાજ ઉપાધ્યાય:-</u> ખરતરગચ્છના જિનચંદ્રસૂરિની પરંપરામાં રત્નસુંદરના શિષ્ય રત્નરાજે સં.૧૭૩૯ પહેલા 'બાવીસ અભક્ષ નિવારણ સજ્ઝાય'ની રચના સત્તાવીસ કડીમાં કરી છે. આમાં અભક્ષ કરનારની દશા વર્ણવી છે. તથા અભક્ષ નિવારણ માટેનો બોધ આપ્યો છે.

<u>જીવરાજ:-</u> સં.૧૭૪૨માં 'ચિત્રસંભૂતિ સજ્ઝાય' બિકાનેરમાં જીવરાજ નામના કવિએ કરી છે.

<u>માણિક્ય વિજય:-</u> તપાગચ્છના ક્ષમાવિજયના શિષ્ય માણિક્યવિજયે પર્યુષણપર્વની અથવા કલ્પસૂત્રની અગિયાર ઢાળની રચના કરી છે.

<u>ખેમ:-</u> નાગોરી તપગચ્છના ખેતશીના શિષ્ય'ખેમકવિ'એ 'અનાથીઋષિ' સંધિ ઢાળો અથવા સજ્ઝાયની રચના સં.૧૭૪૫માં કલ્યાણપુરમાં કરી છે.'સોલ સત્તવાદી' ઓગણીસ કડીની મેડતામાં અને 'મૃગાપુત્ર સજ્ઝાય' બાર કડીમાં રચી છે.

<u>કાંતિ વિજય:-</u> તપાગચ્છના કીર્તિવિજયના શિષ્ય વિનયવિજય ઉપાધ્યાયના ગુરૂભ્રાતા કાંતિવિજયે સત્તાવીશ કડીની શીલ પવીસ્ત સજ્ઝાયમાં પંચમહાવ્રત

સજ્ઝાય, પાંચ ઢાળની રાત્રિભોજન ત્યાગ સજ્ઝાય, સુંદરી મહાસતી સજ્ઝાય નવકડીની અને ભગવતી પર સજ્ઝાયની રચના કરી છે.

<u>કહાનજી ગણિઃ-</u> લોકા ગચ્છના તેજસિંહના શિષ્ય કહાનજી ગણિએ

| | | |
|---|---|---|
| અર્જુનમાલીની સજ્ઝાય | સોળ કડીની | સં.૧૭૪૮ માં, |
| ગજસુકુમાલની સજ્ઝાય | નવ કડીની | સં.૧૭૫૩ માં, |
| સુદર્શનશેઠની સજ્ઝાય | અઢાર કડીની | સં.૧૭૫૮ માં, |
| સામાયિક દોષ સજ્ઝાય | સોળ કડીની | સં.૧૭૫૬ માં, |
| મેઘમુનિ સજ્ઝાય | સાત કડીની | સં.૧૭૭૦માં કરી હતી. |

<u>તિલકવિજયઃ-</u> તપાગચ્છના તિલકવિજય નામના કવિએ સં.૧૭૪૯માં 'બારવ્રત સજ્ઝાય' નામની રચના બારઢાળમાં કરી છે.

<u>શ્રીદેવઃ-</u> કવિ શ્રીદેવે 'રાજીમતી રહનેમિ સજ્ઝાય'ની રચના સાત કડીમાં કરી છે. તે ઉપરાંત નવ કડીની ધન્ના સજ્ઝાયની રચના તથા મેઘકુમારની દસ કડીમાં રચના કરી છે.

<u>ઉદય રત્નઃ-</u> કવિ ઉદય રત્ન ખેડા ગામના રહીશ હતા. તેઓ તપગચ્છની પરંપરામાં વિજયરાજસૂરિના શિષ્ય પરંપરામાં શિવરત્નના શિષ્ય હતા. ઉદયરત્નજીએ વિપુલ સાહિત્યનું સર્જન કર્યું છે. તેમાં રાસાઓ, જંબુસ્વામી રાસ, સ્થૂલિભદ્ર રાસ, નવકાર રાસ, 'બારવ્રત રાસ', 'મલયસુંદરી મહાબલ રાસ', ''યશોધર રાસ', 'ધર્મ બુધ્ધિ મંત્રી', 'પાપ બુધ્ધિ રાજાનો રાસ', અનેક સ્તવનો, ચૌવીશીઓ, શ્લોકો, 'બારમાસી'ની રચના કરી છે. તે ઉપરાંત અનેક સજ્ઝાયોની પણ રચના કરી છે.'બ્રહ્મચર્ય' અથવા 'નવવાડની સજ્ઝાય' દસઢાળની સં.૧૭૬૩માં ખંભાતમાં કરી છે.

સં.૧૭૭૨માં 'ઢંઢણમુનિની સજ્ઝાય' સત્તરઢાળમાં કરી છે.

સં.૧૭૯૫માં 'ભાંગ વારક સજ્ઝાય'ની રચના કરી છે.

બલભદ્રમુનિ, એકાદશી, વૈરાગ્ય, સીતાજી, જોબન અસ્થિર, નારીને શિખામણ, ક્રોધ, માન, માયા, લોભ, ચૈતન્ય શિક્ષા ભાસ, અભવ્યને ઉપદેશ ન લાગવા વિષે, અજ્ઞાન, દોષ, પરસ્ત્રી ત્યાગ, આત્મહિત શિક્ષા, શિયળ વગેરે સજ્ઝાયોની રચના કરી છે.

<u>વિનયચંદ્રઃ-</u> ખરતરગચ્છના સમયસુંદરની પરંપરાના હર્ષસાગરના શિષ્ય કવિ વિનયચંદ્રજીએ 'અગિયાર અંગની સ્વાધ્યાય'ની રચના કરી છે. દરેક અંગની એક -એક

એમ અગિયારની રચના કરી છે.

<u>ઋધ્ધિવિજય:-</u> 'અઢાર નાતરાની સજ્ઝાય'ની રચના કરી છે.

<u>ભાવપ્રભસૂરિઃ-</u> સં.૧૭૫૬માં 'ઝાંઝરિયા મુનિની સજ્ઝાય'ની રચના ચાર ઢાળમાં કરી છે. 'અષાઢા ભૂતિ સજ્ઝાય'ની રચના સં.૧૭૮૪માં કરી.

<u>કવિ દેવવિજય:-</u> તપગચ્છના વિજય રત્નસૂરિના શિષ્ય દેવવિજયે 'આત્મશિક્ષા સ્વાધ્યાય'ની સાત કડીની રચના કરી છે.

<u>ગંગમુનિ:-</u> લોકાગચ્છની પરંપરામાં લખમીચંદના શિષ્ય 'ગંગમુનિ'એ જંબુસ્વામી સ્વાધ્યાયની રચના સં.૧૭૬૫માં ચાર ઢાળની કરી છે. સં.૧૭૬૮માં ગૌતમસ્વામી સ્વાધ્યાયની રચના કરી છે.

<u>શ્રીમદ્ દેવચંદ્ર:-</u> શ્રીમદ્ દેવચંદ્રજીએ સં.૧૭૬૫માં રાજસાગર પાસે દિક્ષા લીધી. તેઓએ અઢારમી સદીમાં સાહિત્ય સર્જન કરીને સાહિત્યને ધબકતું રાખ્યું છે. તેઓએ દાર્શનિકગ્રંથો, વર્તમાન ચોવીશી, વિહરમાન ચોવીશી, અતીત ચોવીશી, વીર નિર્વાણ સ્તવનો તથા સજ્ઝાયો, સ્નાત્ર પૂજાઓ, સ્તુતિઓ પદો વગેરેની રચના કરી છે. તેમણે રચેલી સજ્ઝાયો:-

૧. અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય
૨. પાંચ ભાવનાની સજ્ઝાય
૩. દ્વાદશાંગની સજ્ઝાય
૪. સમકિતની સજ્ઝાય
૫. ગજસુકુમાલની સજ્ઝાય
૬. પ્રભંજનાની સજ્ઝાય
૭. ઢંઢણમુનિની સજ્ઝાય
૮. પાંચ પાંડવોની સજ્ઝાય

શ્રીમદ્ દેવચંદ્રજીની સજ્ઝાયોમાં વ્યવહાર અને નિશ્ચય, જ્ઞાન અને ક્રિયા, તત્ત્વ અને ભક્તિ, વગેરેનો પ્રખર સમન્વય થયેલો છે. તેઓ ઉત્તમકોટિના સંત, અધ્યાત્મ રસિક, નયનિક્ષેપ, અનેકાંતવાદી, દ્રવ્યાનુયોગી, અધ્યાત્મયોગી, શાસ્ત્રનિપુણ કવિ હતા.

તેમની સજ્ઝાયોમાં સ્વયં અનુભવ દશાની મસ્તી છે. ભાવાનુસાર શબ્દપ્રયોગ, રાગની પસંદગીમાં કવિત્વ શક્તિની પ્રતીતિ થાય છે.

**કવિ રામવિજય:-** તપાગચ્છના વિમલવિજયના શિષ્ય 'રામવિજયે' 'બાહુબલ સ્વાધ્યાય'ની રચના સં.૧૭૭૧માં કરી છે.

**ઋષભદાસ:-** કવિ ઋષભદાસે અઢાર કડીની 'તેવીસપદની સ્વાધ્યાય' સં.૧૭૭૨માં ગગઠાણમાં કરી છે.

**નિત્યલાભ:-** અચલગચ્છના સહજસુંદરના શિષ્ય નિત્યલાભે 'મૂર્ખની સજ્ઝાય' નામની એક રચના કરી છે.

**જિનવિજય:-** પૂ.ક્ષમાવિજયના શિષ્ય જિનવિજયે 'મૌન એકાદશીની સજ્ઝાય'ની રચના સં.૧૭૯૫માં કરી. 'પંચમહાવ્રત ભાવના' સજ્ઝાયની રચના પણ કરી છે.

**કવિ ખીમમુનિ:-** 'પંચમહાવ્રત'ની એક સજ્ઝાયની રચના કરી છે, તેમણે આચારાંગ સૂત્રના આધારે રચના કરી છે. તેનો ઉલ્લેખ સજ્ઝાયમાં કર્યો છે.

**કુશલકવિ:-** નાગોરી ગચ્છનાં રામસિંહના શિષ્ય કુશલકવિએ પાંચગાથાની 'નિંદાની સજ્ઝાય', 'સીમંધર સ્વામીની સજ્ઝાય'ની રચના કરી છે.

**જ્ઞાનસાગર-ઉદયસાગર:-** અચલગચ્છની પરંપરાના વિદ્યાસાગરના શિષ્ય જ્ઞાનસાગરે પાંચ ઢાળની 'સમકિતની સજ્ઝાય'ની રચના સં.૧૭૮૬માં બુરહાનપુરમાં કરી છે. આ સજ્ઝાય ઉત્તરાધ્યયનને આધારે રચી છે. આ ઉપરાંત 'ભાવપ્રકાશ સજ્ઝાય', 'છ ભાવ સજ્ઝાય'ની રચના કરી છે. આ ઉપરાંત કવિ જ્ઞાનસાગરે 'સ્થૂલિભદ્ર સજ્ઝાય' શીયલની સજ્ઝાય તથા ષડાવશ્યક સજ્ઝાયની રચના કરી છે.

**સુંદર:-** સં.૧૭૯૧માં નેમરાજુલની નવભવની સજ્ઝાયની રચના કરી છે.

**પદ્મ:-** લોકાગચ્છના કવિસુંદરનાશિષ્ય પદ્મ કવિએ સં.૧૭૯૯માં નવવાડની સજ્ઝાયની રચના કરી છે.

**કૃપા વિજય:-** ધનવિજયના શિષ્ય કૃપાવિજયે 'બારવ્રત પર સજ્ઝાય'ની રચના કરી છે.

**વસ્તામુનિ:-** આ કવિએ 'રાત્રિભોજન સજ્ઝાય' રહનેમિ રાજિમતીની સજ્ઝાય તથા આ સદીમાં 'પગામ સજ્ઝાય' સ્તબક નામની એક અજ્ઞાત કવિની રચના પ્રાપ્ત થઇ છે.

**લબ્ધિ:-** સં.૧૮૧૦ પહેલા 'મનક મહામુનિ સજ્ઝાય'ની રચના કરી હોય તેવું મનાય છે.

**એક અજ્ઞાત કવિએ** કરેલી 'તાપસ ખંધાની સજ્ઝાય' પ્રાપ્ત થાય છે.

અઢારમી સદીમાં પ્રખર કવિઓમાં ઉપાધયાય વિનયવિજયજી, જિનહર્ષ, ઉપાધ્યાય યશોવિજયજી, માનવિજય ગણિ, જ્ઞાનવિમલ, ઉદયરત્ન શ્રીમદ્ દેવચંદ્રજી વગેરે કવિઓએ પોતાની રચના કૌશલથી જૈન સજ્ઝાય સાહિત્યને અતિ સમૃધ્ધ કર્યું છે.

ઉપરોકત સજ્ઝાયો જૈન સાહિત્યમાં વિશિષ્ટ અને અનોખું સ્થાન ધરાવે છે. લગભગ તેરમી સદીથી શરૂ થયેલી સોળમી સદીમાં થોડો આકાર પામેલી અને સત્તરમી સદીમાં વિકાસના પંથે આગળ વધેલી સજ્ઝાય સાહિત્યની ગતિ અઢારમી સદીમાં અતિવિદ્વાન, અતિજ્ઞાની કવિઓના હાથે સમૃધ્ધ બનીને પરાકાષ્ઠાએ પહોંચી છે.

## વિક્રમની ઓગણીસમી સદી

**ધર્મદાસઃ-** લોંકાગચ્છના મૂલચંદના શિષ્ય ધર્મદાસ નામના કવિએ સં.૧૮૦૦માં 'અઢાર પાપ સ્થાનક સજ્ઝાય'ની રચના કરી છે.

**ભક્તિવિજયઃ-** તપાગચ્છના નયવિજયના શિષ્ય ભક્તિવિજયે ઓગણત્રીસ કડીની 'સાધુવંદના સજ્ઝાય' અથવા 'સત્યપુરુષ છંદ' નામની રચના સં.૧૮૦૩માં કરી છે.

**ઋષિ જેમલઃ-** લોંકાગચ્છના કવિ ઋષિ જેમલે 'દિવાલીની સજ્ઝાય', 'ચંદ્રગુપ્ત સોળસપના સજ્ઝાય' પાંત્રીસ કડીની 'કમલાવની સજ્ઝાય', 'સ્થુલિભદ્રની સજ્ઝાય'ની રચના કરી છે.

**મહાનંદઃ-** લોંકાગચ્છની પરંપરાના મહાનંદ નામના કવિએ સં.૧૮૪૩માં 'શિયલ સજ્ઝાય' ભાવનગરમાં 'જ્ઞાનપંચમી સજ્ઝાય', સં.૧૮૪૯માં ચાર ઢાળમાં 'વિનય સ્વાધ્યાય', ૧૮૫૦માં આત્મશિક્ષા સ્વાધ્યાય પંદરકડીની તથા પર્યુષણાપર્વ સ્વાધ્યાયની સં.૧૮૪૯માં દસ કડીમાં રચના કરી છે.

**નેમવિજયઃ-** તપાગચ્છની પરંપરામાં રંગવિજયના શિષ્ય 'નેમવિજયે' દાન-શીલ-તપ અને ભાવ પર સજ્ઝાયની રચના સં.૧૮૨૪ માં કરી છે.

**પંડિત વીરવિજયજીની સજ્ઝાયોઃ-** પંડિત વીરવિજયજીનો જન્મ સં.૧૮૨૯માં થયો. વીરવિજયજીના સાહિત્ય સર્જનનો સમય સં.૧૮૫૭ થી ૧૯૦૫ સુધીનો છે. તેમની સજ્ઝાયો એક નોંધપાત્ર બની ગઈ છે. તેમના દ્વારા રચિત સજ્ઝાયો આ

પ્રમાણે છે.

૧. વૈરાગ્યની સજ્ઝાય
૨. દશાર્ણભદ્રની સજ્ઝાય
૩. રહનેમિની સજ્ઝાય
૪. મિચ્છા મિ દુક્કડમની સજ્ઝાય
૫. સામાયિકના બત્રીસદોષની સજ્ઝાય
૬. સોદાગરની સજ્ઝાય
૭. સમકિતની સજ્ઝાય.

વીરવિજયજીની સજ્ઝાયોમાં જૈનદર્શનનું તત્ત્વજ્ઞાન વૈરાગ્યપોષક દ્રષ્ટાંતોનો સંદર્ભ અને માનવને સંયમની આરાધના દ્વારા સફળ કરીને જન્મ મરણના ચક્રમાંથી મુક્ત થવા માટે રહસ્યમય હકીકતનું સૂચન થાય છે. કવિની સજ્ઝાયો મુખ્યત્વે વ્યક્તિલક્ષી અને પ્રસંગ આલેખન કરવાની સાથે સાથે વૈરાગ્યની ભાવનાને વૃધ્ધિ કરે તેવી છે.

<u>પદ્મવિજય:-</u> તપાગચ્છની પરંપરામાં ઉત્તમવિજયના શિષ્ય પદ્મવિજયે પૂજાઓ, રાસાઓ, સ્તવનો, ચોવીશી, દેવવંદન તથા સજ્ઝાયોની રચનાઓ કરી છે. તથા પોતાના નામનો ઉલ્લેખ કરે છે.

<u>રાયચંદ:-</u> લોંકાગચ્છના જેમલજીના શિષ્ય રાયચંદે વિપુલ સાહિત્ય સર્જન કર્યું છે. જેમાં રાસાઓ , પચ્ચીસી, ચૌઢાલિઆ, ચોપાઇ ચરિત્રો, તેમજ સજ્ઝાયો રચી છે.

'સમાધિ પંચવીસી'અથવા સજ્ઝાયની રચના સં.૧૮૩૩માં મેડતામાં કરી છે. સં.૧૮૩૪માં 'લોક પચીસી સજ્ઝાય'ની રચના કરી છે. સં.૧૮૩૫માં જ્ઞાન પચીસીની સજ્ઝાય રચી છે. આ ઉપરાંત 'ચેતને પ્રાણી સજ્ઝાય', 'કૃપણ પચીસી', 'શિવપુરનગર સજ્ઝાય', ગૌતમસ્વામી સજ્ઝાય, 'મરૂદેવા સજ્ઝાય', 'નાલંદાપાડા સજ્ઝાય', સમકિતની સજ્ઝાય, 'સુગુરૂ સજ્ઝાય', ગણધર સજ્ઝાય, કુગુરૂ સજ્ઝાય, 'શિખામણ સજ્ઝાય' વગેરે અનેક સજ્ઝાયોની રચના કરી છે.

<u>વિજયલક્ષ્મીસૂરિ:-</u> તપાગચ્છના વિજય સૌભાગ્યસૂરિના પટ્ટધર શિષ્ય વિજયલક્ષ્મીસૂરિએ 'રોહિણી સજ્ઝાય', 'ભગવતી સજ્ઝાય', મૃગાપુત્ર સજ્ઝાય, જ્ઞાન પંચમી સજ્ઝાય વગેરે અનેક સજ્ઝાયોની રચના કરી છે.

<u>ક્ષમાકલ્યાણવાચક:-</u> ખરતરગચ્છના અમૃતધર્મના શિષ્ય ક્ષમાકલ્યાણવાચક કવિએ ખરતરગચ્છની પટ્ટાવલિ, યશોધર ચરિત્ર, જ્ઞાનપંચમી કથા, સુક્તમુક્તાવલી વૃંદ, જીવવિચાર વૃત્તિ, પોષદશમી કથા, એકાદશી કથા, વિજયાદશમીની કથા વગેરે રચનાઓ કરી છે. આ ઉપરાંત સં.૧૮૪૮માં સ્થુલભદ્ર સજ્ઝાય, અઈમુત્તાઋષિ સજ્ઝાય, વગેરે રચના કરી છે.

**<u>સુજાણ:-</u>** લોંકાગચ્છના ભીમના શિષ્ય સુજાણ કવિએ સં.૧૮૩૨માં 'શિયલ સજ્ઝાય'ની રચના કરી છે.

**<u>મણિચંદ્ર:-</u>** ખરતરગચ્છના અધ્યાત્મી યતિએ સં.૧૮૪૯ પહેલા 'આત્મશિક્ષા સજ્ઝાય', 'ભાવીભાવ સજ્ઝાય' વૈરાગ્યકારક સજ્ઝાયની રચના કરી છે.

**<u>રૂપવિજયગણિ:-</u>** તપગચ્છનીપરંપરાના પદ્મવિજયના શિષ્ય રૂપવિજયગણિએ અનેક રાસાઓની રચના કરી છે. કેટલાંક સ્તવનો તથા સજ્ઝાયો પણ રચ્યાં છે. 'અરણિકમુનિની સજ્ઝાય', 'મનસ્થિર કરવાની સજ્ઝાય', 'આત્મબોધ સજ્ઝાય', 'નેમરાજુલ સજ્ઝાય' વગેરે મુખ્ય છે.

**<u>ઋષભવિજય:-</u>** તપગચ્છની પરંપરાના રામવિજયના શિષ્ય ઋષભવિજયે 'ખંધકમુનિની સજ્ઝાય' સં.૧૮૭૭માં રચી છે. 'સ્થુલિભદ્ર સજ્ઝાય'ની પણ રચના કરી છે.

**<u>દીપવિજય:-</u>** દીપવિજય નામના કવિએ 'સામાયિકના બત્રીસદોષ'ની એક રચના કરી છે.

**<u>હીરસેવક:-</u>** હીરસેવક અથવા હરસેવક નામના કવિએ 'મયણરેહારાસ'ની રચના કરી છે.

## -:વીસમી સદી:-

**<u>રામચંદ:-</u>** ખરતરગચ્છની પરંપરામાં શિવચંદના શિષ્ય રામચંદ કવિએ સં.૧૯૧૦માં 'તેર કાઠિયાની સજ્ઝાય'ની રચના કરી છે.

**<u>પુણ્યસાગર સૂરિ:-</u>** સં.૧૯૧૬માં 'સૂતક સજ્ઝાય ચોપાઈ'ની રચના કરી છે.

**<u>અજ્ઞાત કવિ:-</u>** એક અજ્ઞાત કવિએ રચેલી 'શાલીભદ્ર સજ્ઝાય' ઓગણીસમી સદીની પ્રાપ્ત થઇ છે.

**<u>ધર્મસિંહ:-</u>** અઢારમી સદીના ખરતરગચ્છના વિજયહર્ષના શિષ્ય ધર્મસિંહ રચિત 'સનત્કુમાર સજ્ઝાય' સોળ કડીની પ્રાપ્ત થઇ છે.

સમગ્ર રીતે જોતા ૧૭મી અને ૧૮મી સદીમાં પરાકાષ્ઠાએ પહોંચેલી સજ્ઝાયસાહિત્યની રચનાની પરંપરા ૧૯મી અને ૨૦મી સદીમાં આગળ વધવા પામી છે. ૧૯મી સદીમાં પંડિત વીરવિજયજીની સજ્ઝાયો જૈન સજ્ઝાય સાહિત્યમાં તત્ત્વજ્ઞાન, વૈરાગ્ય, સંયમની આરાધના વગેરે ભાવનાની વૃધ્ધિ કરે તેવી હોવાથી મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તે ઉપરાંત ધર્મદાસ, ભક્તિવિજય, નેમવિજય, પદ્મવિજય,

ભૂધર, રાયચંદજી, ક્ષમાકલ્યાણ, મણિચંદ્ર, ઋષભવિજય વગેરેએ સાહિત્યના ઈતિહાસમાં પોતાની રચનાઓ દ્વારા ઘણું પ્રદાન કર્યું છે.

૨૦મી સદી તરફ નજર કરતા જણાય છે કે તેમાં મહત્ત્વના કવિઓ તરીકે જેમનો ઉલ્લેખ કરી શકાય તેવા કવિ લબ્ધિસૂરિ, યોગનિષ્ઠ આચાર્ય બુધ્ધિસાગરજી, યશોભદ્રસૂરિજી તથા અન્ય કેટલાક કવિઓએ સજ્ઝાયોની રચના કરી છે.

અલબત્ત વર્તમાનમાં ભક્તિકાવ્યોની રચના વિશેષ પ્રમાણમાં થતી હોવાનું વલણ નજરે ચઢે છે.

આમ ૪૦૦ વર્ષના ગાળામાં સજ્ઝાય સાહિત્યનું ખેડાણ અનેક કવિઓના હાથે વિપુલ પ્રમાણમાં થયું છે. જે મધ્યકાલીન સાહિત્યમાં પોતાનું વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરે છે.

આ ઉપરાંત અનેક જ્ઞાન ભંડારોમાં જૈન સાધુ કવિઓએ કરેલી અપ્રગટ રચનાઓ સારા પ્રમાણમાં ભંડારાયેલી જોવા મળે છે જેમાં હજી વિશેષ સંશોધન કાર્ય કરી શકાય તેમ છે.

## <u>વિવિધ સજ્ઝાયોની રચના અને સ્વરૂપ:-</u>

### <u>કથાત્મક સજ્ઝાયો (તીર્થંકર વિષયક સજ્ઝાયો):-</u>

જૈન સાહિત્યમાં સજ્ઝાયનું સ્વરૂપ અત્યંત સમૃધ્ધ છે. એક રીતે કહીએ તો આત્મસ્વરૂપને પામવામાં ઉપકારક વિચારોને વ્યકત કરતી રચના તે સજ્ઝાય.

સજ્ઝાયમાં જૈન ધર્મના ચોંવીસ તીર્થંકરોના પ્રેરક પ્રસંગો, જૈન સાધુઓ, મુનિભગવંતો, રાજા મહારાજાઓ, તહેવારો અને તિથિઓનું મહત્ત્વનિરૂપિત થયેલું જોવા મળે છે. તીર્થંકર વિષયક સજ્ઝાયોમાં તીર્થંકરના જીવનના પ્રસંગોને આધારે નિરૂપણ કરવામાં આવ્યું છે.

<u>ઋષભદેવના પાંચેય કલ્યાણકની સજ્ઝાયો:-</u> તીર્થંકરોના પાંચ કલ્યાણકો, તીર્થંકરના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણની ઘટનાઓને કલ્યાણક કહેવામાં આવે છે.

<u>કવિ પદ્મવિજયે</u> પ્રથમ તીર્થંકર ઋષભદેવના જીવનના પાંચેય કલ્યાણકોને વિષય બનાવીને બારકડીની સજ્ઝાયની રચના કરી છે.

<u>કવિ વિજયઆનંદ સૂરિએ</u> પાંચકલ્યાણકોને આધારે ચાર સજ્ઝાયની રચના કરી છે.

**<u>કવિ હંસવિજયે</u>** વાસુપૂજ્ય જિનની સજ્ઝાયની રચના કરી છે. જેમાં દિક્ષાગ્રહણ કરી ત્યારે ચોથું જ્ઞાન ઉત્પન્ન થયું અને છસો મુનિવરો સાથે ચંપાપુરી નગરીમાં ચંપકવૃક્ષ નીચે પંચમગતિને પામ્યા તેનું આલેખન છે.

**<u>ગણધર ભગવંતની સજ્ઝાયઃ-</u>** તીર્થંકરોના અગાધ જ્ઞાનના સીધા વારસદાર એ ગણધરો છે. ચૌવીસે તીર્થંકરોના કુલે મળીને ૧૪૫૨ ગણધરો થઇ ગયા. તીર્થંકરો પાસેથી ત્રિપદી પ્રાપ્ત કરે છે. અને તેઓ દ્વાદશાંગીની રચના કરે છે. અજ્ઞાત કવિએ અગિયાર ગણધર જે મહાવીર સ્વામિના હતા તેઓને જે સંશયો હતા તેના પર સજ્ઝાયનું આલેખન કર્યું છે.

પ્રભુ મહાવીરના દશશ્રાવકોની કથાને આધારે **<u>કવિ શુભવિજયે</u>** નવ કડીની સજ્ઝાયની રચના કરી છે.

ખોડીદાસ નામના કવિએ પ્રભુ મહાવીરના જીવનને આધારે ૧૨ કડીની સજ્ઝાયની રચના કરી છે.

ગોતમ સ્વામીએ મહાવીરના વિરહમાં કરેલા વિલાપ ઉપર અજ્ઞાત કવિએ ૧૫ કડીની સજ્ઝાયની રચના કરી છે.

ખીમાવિજય નામના કવિએ નવકડીની સજ્ઝાયની રચના કરી છે. જેમાં ગૌતમસ્વામીનો પ્રભુ મહાવીર પ્રત્યેનો પ્રેમ આલેખ્યો છે.

ધર્મજીત નામના કવિએ છકડીની સજ્ઝાયની રચના કરી છે. જેમાં ગૌતમ સ્વામીના ગુણોનું નિરૂપણ કર્યું છે.

ઉપાધ્યાય વિનયવિજયના શિષ્ય રૂપવિજયે સોળકડીની સજ્ઝાયમાં કેશીગણધર તથા ગૌતમ ગણધરના સંવાદને આલેખ્યો છે.

જ્ઞાનવિમલે ઓગણીસ પંકિતની સજ્ઝાયમાં માતા મરુદેવા પોતાના પુત્રને ઉપાલંભ આપે છે. તેનું હ્રદયસ્પર્શી આલેખન કર્યુ છે.

કવિ રૂપવિજયે તથા કવિ વિનયવિજયે માતા મરુદેવાના વાત્સલ્યની સજ્ઝાયની રચના કરી છે.

કવિઋષિ રાયચંદે માતા મરુદેવાના મનોભાવની આલેખન કરતી ચાર સજ્ઝાયોની રચના કરી છે.

કવિ ડુંગરે સોળકડીની સજ્ઝાયમાં ત્રિશલામાતાએ જોયેલા ચૌદ મહાસ્વપ્નોનું રહસ્ય સમજાવ્યું છે.

કવિ હીરવિજયે સાતકડીમાં ત્રિશલામાતાને સખીઓની હિતશિક્ષાની સજ્ઝાયની રચના કરી છે.

કવિ સકળચંદે હિન્દી ભાષામાં દેવાનંદા માતાની સજ્ઝાયની રચના કરી છે.

કવિ નયવિમલે સાત કડીની સજ્ઝાયની રચના કરી છે. જેમાં ચૌદ પૂર્વોના નામો આપીને ચૌદપૂર્વધારી કેવલી જેવા છે. તેવો ઉલ્લેખ કર્યો છે.

કવિ નયવિમલે બીજી સત્તર કડીની સજ્ઝાયમાં પૂર્વધરનો બોધ આપ્યો છે.

કવિ કમલહર્ષે સત્તરકડીની રચના કરી છે. જેમાં આણંદવિમલસૂરિ વિષયક વર્ણન કરીને તેમની મહત્તા ગાઈ છે.

હીરવિજયસૂરિવિષયક સજ્ઝાયોની
કવિ સકળમુનિ,
કવિ કનકવિજય,
કવિ વિશાલસુંદર,
કવિ વિવેકહર્ષ,
કવિ સહજવિજય,
કવિ સિધ્ધિવિજય,
કવિ સકળચંદ,
કવિ ભક્તિ,
કવિ કમલવિજય આદિએ રચના કરી.

<u>વિજયસેનસૂરીશ્વરજી</u> ઉપર ધન નામના કવિ, જય નામના કવિએ, ગુણવિજય નામના કવિએ, પ્રીતિવિજય નામના કવિએ, વિવિધ સજ્ઝાયોની રચના કરી છે.

<u>વિજયદેવસૂરિની</u> સજ્ઝાયમાં કવિ અજિતપ્રભ, કવિ દયાકુશલ, કવિ સૌભાગ્યવિજય, કવિ સુમતિચંદ્રે, કવિ તત્ત્વવિજય, કવિ દાનકુશલે, કવિ રૂપવિજયજી, આદિએ વિવિધ સજ્ઝાયોની રચના કરી છે.

<u>વિજયાણંદ સૂરિની સજ્ઝાયઃ-</u> અજ્ઞાતકવિ તથા તેમના શિષ્યે સજ્ઝાયની રચના કરી છે.

<u>હેમવિજયસૂરિની સજ્ઝાયઃ-</u> શિષ્ય કવિહંસે, વિવિધ ગુણોનું વર્ણન કરતી સાતકડીની સજ્ઝાયની રચના કરી છે.

<u>સોમવિમલસૂરિની સજ્ઝાયઃ-</u> તેમના શિષ્ય સૌભાગ્યહર્ષે પાંચકડીની તથા બીજી ચાર કડીની એમ બે સજ્ઝાયોની રચના કરી છે.

**વિજયપ્રભસૂરિની સજ્ઝાય:-** અજિતપ્રભ નામના કવિએ, કવિસૌભાગ્ય વિજય, કવિ જયવિજય, કવિ તિલકવિજય આદિએ વિવિધ સજ્ઝાયની રચના કરી છે.

**વિજય રત્નસૂરીશ્વરજીની** સજ્ઝાયોમાં કવિ મેઘવિજયે, અજિતસાગર નામના કવિએ, દીપસેવક નામના કવિએ, મોહમુનિ નામના કવિએ, વિવિધ રચના કરી છે.

વિજયક્ષમાસૂરિની સજ્ઝાય, વિજયદાનસૂરિની સજ્ઝાય, વ્રજસેનસૂરિની સજ્ઝાય, વિજયરાજસૂરિની સજ્ઝાય, મુનિસુંદરસૂરિની સજ્ઝાય, ભાનુચંદ્રોપાધ્યાયની સજ્ઝાય, વિજયધર્મસૂરિની સજ્ઝાય, વિજયકનકસૂરિની સજ્ઝાય, મુનિજીતવિજયજીની સજ્ઝાય, વિજય જિનેન્દ્રસૂરિની સજ્ઝાય, જિનકુશળસૂરિની સજ્ઝાય, માનદેવસૂરિની સજ્ઝાય, ઉપાધ્યાય યશોવિજયજીની સજ્ઝાયો, વિનય વિજય વાચકની સજ્ઝાય, આદિ સોળમી સદીથી અઢારમી સદીમાં થયેલ આચાર્યોના જીવન પર આધારિત સજ્ઝાયોની રચના તેમના શિષ્યે કરી છે.

**મુનિ વિષયક સજ્ઝાયોમાં:-** અઈમુત્તાઋષિ, અનાથીમુનિ, અષાઢાભૂતિની કથા, કરકંડુમુનિની કથા, ખંધકમુનિ, કુરગુડુમુનિની, ગજસુકુમાલની કથા, ઝાંઝરીયા મુનિની કથા, ઢંઢણમુનિની કથા, થાવચ્ચાસૂતની કથા, દશાર્ણભદ્ર મુનિની કથા, નંદિષેણમુનિની કથા, મેતાર્યમુનિની કથા, અરણિકમુનિની કથા, સ્થુલિભદ્રની કથા, વજુસ્વામીની કથા, ધન્ના કાંકંદીની સજ્ઝાય, આદિ વિવિધ મુનિઓની અનેક કવિઓએ રચના કરી છે.

**સતીઓની સજ્ઝાયો:-** અંજના સતીની કથા, કલાવતીની કથા, ચંદન બાળાની કથા, ચેલણા સતીની કથા, દ્રૌપદીની કથા, દમયંતીની કથા, પ્રભંજનાની કથા, મદનરેખાની કથા, સતીસુભદ્રાની કથા, મૃગાવતીની કથા, નર્મદાસુંદરીની કથા, રતિસુંદરીની કથા, કમલાવતીની કથા, શીલવતીની કથા, નંદયતીની કથા, રોહિણીની કથા, સીતા સતીની કથા, ધનશ્રીની કથા, સોળ સતીની સજ્ઝાયો, આદિ વિવિધ કથા પર અનેક કવિઓએ સજ્ઝાયની રચના કરી છે.

**રાજા-રાણી-રાજકુમાર વિષયક સજ્ઝાયો:-** અમર કુમારની કથા, અવંતિ સુકુમાલની કથા, ઈલાચીકુમારની કથા, કોણિક કુમારની કથા, ચંદરાજાની કથા, જંબુસ્વામીની કથા, ધન્ના શાલિભદ્રની કથા, નાગદત્ત શેઠની કથા, પાંચ પાંડવની કથા, કંડરીક પુંડરીકની કથા, પ્રદેશી રાજાની કથા, પ્રસન્નચંદ્ર રાજર્ષિની કથા, ભરત/બાહુબલીની કથા, ભરતચક્રવર્તીની કથા, મેઘકુમારની કથા, શાલિભદ્રની

કથા, શ્રેણિકરાજાની કથા, સનતચક્રવર્તીની કથા, હરિશ્ચન્દ્ર રાજાની કથા, જંબુસ્વામીની માતા-પુત્ર સ્ત્રીના સંવાદની કથા, આદિ વિવિધ સજ્ઝાયોની રચના થઇ છે.

**શ્રાવક-શ્રાવિકાઓ વિષયક સજ્ઝાયો:-** આનંદશ્રાવક, ચંપાશ્રાવિકા, જિનદાસ સોભાગદેની શીલ વિષયક સજ્ઝાય, જગડુશાશેઠની સજ્ઝાય, આર્દ્રકુમારની સજ્ઝાય, નાગિલાની સજ્ઝાય, રેવતીશ્રાવિકાની સજ્ઝાય, સુલસાશ્રાવિકાની સજ્ઝાય,

સુદર્શનશેઠની સજ્ઝાય, નેમનાથ-રાજીમતીના નવભવની સજ્ઝાય, રહનેમિ ને રાજીમતીની હિતશિક્ષાની સજ્ઝાય, રહનેમિની કથા, મયણા-શ્રીપાલની કથા. આ સજ્ઝાયોમાં શ્રાવક-શ્રાવિકા, શેઠ-શેઠાણી, રાજકુમારો, સુપુત્રો વગેરેનો સમાવેશ થાય છે. જે એક યા બીજી રીતે જિનધર્મમાં શ્રધ્ધા રાખનારા છે. વિવિધ કવિઓએ સજ્ઝાયો દ્વારા જૈન ધર્મની આરાધના અને શ્રધ્ધામાં વધારો થાય એવું સુંદર નિરૂપણ કર્યું છે.

**અંગ-ઉપાંગ-ઉતરાધ્યયન સૂત્રની સજ્ઝાય,** અગિયાર અંગની સજ્ઝાયો, અંગપ્રવિષ્ટ-અંગબાહ્ય સજ્ઝાયો, ચતુરંગી અધ્યયન, સંસ્કૃતા અધ્યયન, એલક અધ્યયન, કપિલ અધ્યયન, નમિપ્રવજયા, દ્રુમપત્રક અધ્યયન, બહુશ્રુત અધ્યયન, હરિકેશી અધ્યયન, ચિત્રસંભૂતિ અધ્યયન, ઈષુકાર કમલાવતી અધ્યયન, ભિક્ષુકાર અધ્યયન, બહમચર્યસમાધિ અધ્યયન, પાપશ્રમણ અધ્યયન, સંયતિ રાજર્ષિ અધ્યયન, મૃગાપુત્ર અધ્યયન, અનાથીરાજર્ષિ અધ્યયન, સમુદ્રપાલ અધ્યયન, રહનેમિ અધ્યયન, કેશીગૌતમ અધ્યયન, સમિતિ અધ્યયન, વિજયઘોષ-જયઘોષ અધ્યયન, આચાર્યાખ્ય સમાચારી અધ્યયન, કુશિષ્ય અધ્યયન, મોક્ષમાર્ગા અધ્યયન, સમ્યકત્વ પરાક્રમાખ્યાધ્યયન, તપોમાર્ગાધ્યયન, ચરણવિધિઅધ્યયન, પ્રમાદઠામ અધ્યયન, કર્મપયડી અધ્યયન, લેશ્યાધ્યયન, અણગારમાર્ગાધ્યયન, જીવાજીવ વિભક્ત્યધ્યયન, આદિ વિવિધ સજ્ઝાયો દ્વારા તત્ત્વને સજ્ઝાયની શૈલીમાં કવિઓએ સુંદર રીતે વર્ણવ્યુ છે.

દ્વાદશાંગીની સજ્ઝાયો, દશવૈકાલિક સૂત્રો, જ્ઞાતાધર્મ કથા, ભગવતી સૂત્રની સજ્ઝાય, અંડકાધ્યયનભાસ, કચ્છપન્યાસભાસ, થાવચ્ચાસુત સેલકાધ્યયન, તંબુકાધ્યયન, રોહિણી અધ્યયન, મલ્લીકુંવરી અધ્યયન, માકંદી વણિગાધ્યયન, ચંદ્રકળાન્યાયભાસ, દાવદ્રવવૃક્ષન્યાયભાસ, ફરફોદકન્યાયભાસ, નંદમણિયાર, તેતલીપત્રભાસ, નદીફલન્યાયભાસ, દ્રૌપદીભાસની સજ્ઝાય, ઘોટકાધ્યયનની સજ્ઝાય, સુષમા ચિલાતી પુત્રભાસ, પુંડરીક કંડરીકભાસ, આદિ વિવિધ

સજ્ઝાયોની રચના દ્વારા કવિની કવિત્વ શક્તિનું નિરૂપણ દેખાય છે.

<u>તાત્વિક સજ્ઝાયોમાંઃ-</u> આત્માચેતનને ઉપદેશક સજ્ઝાયો, આત્મપ્રબોધની સજ્ઝાયો, આઠયોગદ્રષ્ટિની સજ્ઝાયો, શુક્લધ્યાનની સજ્ઝાયો, જ્ઞાનની સજ્ઝાયો, જ્ઞાનક્રિયાની મહત્તાની સજ્ઝાયો, જ્ઞાનક્રિયા સંવાદની સજ્ઝાયો,કર્મ વિષયક સજ્ઝાયો,કર્મની કર્મવિપાક ફળની સજ્ઝાયો, આદિ વિવિધસજ્ઝાયો મુખ્યતાએ કવિરત્ન વિજય, ઉ.યશોવિજય, કવિ લબ્ધિમતિ, કવિ ઋધ્ધિહર્ષ, કવિ સુમતિહંસ, કવિ સમયસુંદર, કવિ રાજસમુદ્ર, કવિ દાનમુનિ, કવિ મણિવિજયજી, ઉદયરત્નજી, ન્યાયસાગર અદિએ વિવિધ સજ્ઝાયોનું આલેખન કર્યું છે.

ચૌદ ગુણસ્થાનક, અમૃતવેલ, સુમતિ-કુમતિ સંવાદ, નિગોદાદિ, દુઃખ વર્ણન, સમતા-સામાયિક વિષયક સજ્ઝાયો ઉપર કવિ મણિવિજયે, કવિ સુંદરવિજયે, કવિ ઉપાધ્યાય યશોવિજયજીએ કવિ જ્ઞાનવિમલે, કવિ ઉદયરત્નએ હૃદયસ્પર્શી કાવ્યાત્મલેખન કર્યું છે. સમકિત-તેની પ્રાપ્તિ અને માહાત્મ્યની સજ્ઝાયોઃ- કવિ દેવચંદ્રજીએ, કવિ જ્ઞાનવિમલે, કવિ મયામુનિએ, કવિ ઉપાધ્યાય યશોવિજયજીએ, કવિ જ્ઞાનવિમલે, અર્વાચીન કવિ બુધ્ધિસાગરજીએ રચના કરીને આત્માનું મૂળ સમ્યકત્વનું વર્ણન કર્યું છે.

સામાયિકની સજ્ઝાયો પર કવિ શુભવીરે, કવિ કમલવિજયે, કવિ જ્ઞાનવિમલે અનેક રચનાઓ કરીને શ્રાવક જીવનના વિષય અને આચારનું વર્ણન કર્યું છે.

આ રીતે સજ્ઝાય સાહિત્ય દ્વારા માનવના જીવનમાં ગેયતા, જ્ઞાન, ભક્તિ, કાવ્યશક્તિનો વિકાસ કરે છે. જે આજના હરિફાઈના યુગમાં ડીપ્રેશનના બદલે ક્રિયેશન તરફ વાળે છે.

# પાદ નોંધ


| | પાના નં |
|---|---|
| ૧. યશોદોહન શ્રીમદ્ યશોવિજય મહારાજ આ.પ્રથમ | ૪૫ |
| ૨. જ્ઞાનવિમલ સજ્ઝાય સંગ્રહ મુનિશ્રી અકલકવિજય આ.પ્રથમ | ૪ |
| ૩. સજ્ઝાયમાળા(ડૉ.કવિન શાહ) મુનિશ્રી અકલકવિજય આ.પ્ર. | ૪,૫ |
| ૪. સજ્ઝાયમાળા ડૉ.કવિન શાહ આ.પ્રથમ | |
| ૫. સજ્ઝાયમાળા તપસ્વીમુનિશ્રી અકલકવિજય આ.પ્રથમ | ૪,૫ |
| ૬. સજ્ઝાયમાળા તપસ્વી મુનિશ્રી અકલકવિજય આ.પ્રથમ | ૭ |
| ૭. સજ્ઝાયમાળા તપસ્વી મુનિશ્રી અકલકવિજય આ.પ્રથમ | ૭ |
| ૮. અભિધાનરાજેન્દ્ર ગુ.શ્રીરાજેન્દ્રસૂરિશ્વરજી વિરચીત આ.પ્રથમ | ૨૮૦ |
| ૯. અર્ધમાગધીકોષ રત્નચન્દ્રજી મહારાજ | ૫૮૭ |
| ૧૦. ૫ વિધ સ્વાધ્યાય | ૨૩૩ |
| ૧૧. સાર્થ જોડણી કોશ ગુજરાત વિદ્યાપીઠ | ૮૧૪ |
| ૧૨. નાલન્દા વિશાલ શબ્દસાગર નવલજી | ૧૫૨૩ |
| ૧૩. નામલિંડાનુશાસનમ્ વૈધ સુધાકર ડૉ.હરદત્તશર્મા | |
| ૧૪. બૃહત્ હિન્દીકોશ કાલિકાપ્રસાદ | |
| ૧૫. ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન-૨૯-અ | ૮૨૫ |

# પ્રકરણ-૨

## ઉપાધ્યાય યશોવિજયજીનું જીવન અને કવન

ऐंकार जापवरमाप्य कवित्ववित्त्व-वांछासुर द्रुमुपगंगमभंगरंगम्।
सूत्रै र्विकासिकुसुमैस्तव वीर! शम्भोरम्भोजयोश्चरणयोर्वितनोमि पूजाम्।

-ન્યાયખંડન ખાદ્ય - મહાવીર સ્તવન શ્લો - ૧

કવિત્વ અને વિદ્વત્તાની વાંછાને પૂરી પાડનાર કલ્પવૃક્ષરૂપ અભંગ રંગવાળો ઐંકારના જાપનો વર ગંગાતટે પામીને વિકસિત કુસુમોરૂપી સૂકતો વડે હે વીર! આપ શંભુનાં ચરણ કમલોની પૂજા રચું છું.

असौ जैनः काशीविबुधविजय प्राप्त बिरुदो
मुदो यच्छत्यच्छः समयनयमीमांसित जुषाम्।।

यः श्रीमद् गुरुभिर्नयादिविजयैरान्वीक्षिकीं ग्राहितः
प्रेम्णा यस्य च सद्म पद्मविजयो जातः सुधीः सोदरः।
यस्य न्यायविशारदत्वबिरुदं काश्यां प्रदत्तं बुधै-
स्तस्यैषा कृतिरातनोतु कृतिनामानन्दमग्रं मनः।।

-ન્યાયખંડન ખાદ્ય - મહાવીર સ્તવન શ્લો. ૧૦૮-૧૧૦

"આ ગ્રંથકાર ભલો જૈન કે જેણે કાશીના પંડિતોમાં વિજય કરી બિરૂદ પ્રાપ્ત કર્યું છે. જે સમય એટલે સિધ્ધાંત-શાસ્ત્રોની નય-દષ્ટિબિંદુઓથી મીમાંસા કરનારા એવાને (વિદ્વાનોને) પ્રમોદ આપે છે. જેને શ્રીમદ્ગુરૂ નામે નયવિજયે આન્વીક્ષિકી વિદ્યા-તર્કવિદ્યા પ્રાપ્ત કરાવી છે. અને જેનો પ્રેમપાત્ર વિદ્વાન સહોદર નામે પદ્મવિજય છે. જેને કાશીમાં પંડિતોએ 'ન્યાયવિશારદ'નું બિરૂદ આપ્યું છે. તેની આ કૃતિ ધન્યપુરૂષોના મનને આનંદમગ્ન કરો.

શારદ સાર દયા કરો આપો વચન તરંગ
તૂં તૂઠી મુઝ ઉપરેં જાપ કરત ઉપગંગ. ૧
તર્ક કાવ્યનો તેં તદા દીધો વર અભિરામ
ભાષા પણિકરિ કલ્પતરૂ શાખાસમ પરિણામ. ૨"

- પોતાનો જંબૂસ્વામી રાસ સં.૧૭૩૯[૧]

વીસમી સદીના જૈન સાહિત્યમાં સાહિત્ય કલારત્નના બિરુદથી જાણીતા પ.પૂ.આ.શ્રી.વિ.યશોદેવસૂરીશ્વરજી, પ.પૂ.ઉ.યશોવિજયજીના પ્રભાવશાળી વ્યક્તિત્વ વિશે જણાવે છે કે, ''ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ એ મહાવીર દેવના એક સાચા અને શિસ્તપાલક સૈનિક હતા. અનેક ગચ્છો, સંપ્રદાયો અને મતભેદોનાં મોજામાંથી ઘુઘવાતા જૈનશાસનસાગરમાં તોફાને ચઢેલી ધર્મ-નૌકાના એ સાચા સુકાની હતા. ઉપાધ્યાયજી મહારાજે પોતાના જીવનનાં બધાજ વર્ષો, જીવનનું સઘળું સુખ, જીવનની તમામ કમાઇ જૈનશાસનને અર્પણ કરી દીધા હતા. જીવનના અંતિમ વર્ષ સુધી સાહિત્યસર્જન, શાસનસેવા અને ધર્મરક્ષાના શ્વાસ લેનાર એ વીરપુરુષ આપણી સમક્ષ સેવા, સ્વાર્પણ અને પુરુષાર્થનો આદર્શ નમૂનો મૂકતા ગયા છે. શાસનમાં બુધ્ધિમાનો ઘણા પાકે છે. પરંતુ કર્તવ્ય પરાયણો અને નવ્ય સર્જકો ગણ્યા ગાંઠયાજ પાકે છે. ઉપાધ્યાયજી એક સર્જક અને ક્રાન્તિકારી પુરુષ હતા. તેથી તેઓએ ભારે બલિદાનો-આત્મભોગ અને મુશ્કેલીથી મેળવેલ સિધ્ધિઓને ટકાવી રાખવા અપૂર્વ સાહિત્યસર્જન કર્યું. ઉપાધ્યાયની વાણી માનવજાતના સાચા કર્તવ્યને ચીંધે છે. માનવીની માનવતાને સમજાવે છે. વિશ્વને પ્રેરક પયગામ આપે છે. મંગલ અને કલ્યાણના પવિત્ર રાજમાર્ગનું દર્શન કરાવે છે. માટે એમની વાણીનો ખૂબ-ખૂબ પ્રચાર થવો જોઇએ.

''સરસ્વતીના કૃપાપાત્ર, ગુરુચરણકમળના અખંડ ઉપાસક, સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રના અનુપમ આરાધક, મહાન વિચારક, મહાન તત્ત્વચિંતક, વાચકવર મહોપાધ્યાય ન્યાય વિશારદ ન્યાયાચાર્યને અને એમની સ્વ-પર કલ્યાણકારક પ્રજ્ઞાને અગણિત વંદના.''[૨]

પરમ પૂજ્ય આચાર્ય પ્રધુમ્નસૂરિ મહારાજ સાહેબ, પરમ પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયની બહુમુખી પ્રતિભાને શબ્દોથી અલંકૃત કરતા જણાવે છે કે, ''પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજીના સમગ્ર જીવન અને સર્જન ઉપર દષ્ટિપાત કરતાં જણાય છે કે, તેઓનું જીવન આભ્યંતર ગુણ વૈભવથી શોભતું હતું. અને ભર્યું ભર્યું હતું. તેથી અનહદના હદની લહેરનો સ્પર્શ સદા રહેતો તેઓએ પદોમાં વર્ણવ્યો છે. જાણે તેમને હમેશાં દિવાળી હોય તેમ લાગે છે. તેમના સાહિત્યને સંખ્યા અને સત્ત્વ, ઇયત્તા અને ગુણવત્તા બંન્ને દષ્ટિએ જોઇએ છીએ ત્યારે કોકવાર શ્રીફળની ઉપમા યાદ આવે, કયારેક શેરડી યાદ આવી જાય. તે ચીજોના ગુણધર્મ સમાન દીસે છે.'' આ ભાવ સુંદર દોહરામાં મળે છે.

મિસરી પાન સમાન ઘૂવત કઠિન લાગત ।
જો કીજે રસપાન તો જાને રસના રસરી ।।

શેરડીનો સ્પર્શ કઠીન અને ચાવવામાં મહેનત પડે, પણ તેના રસનું પાન કરીએ ત્યારે આસ્વાદ જીભ જ જાણે છે.

તેમના ગ્રંથો, પદો, સ્તવનો, ઢાળો, સજ્ઝાયો,કાવ્યો, રાસાઓ આ બધામાંથી પસાર થતી વખતે ઓછાવત્તે અંશે બધાને આવો અનુભવ થવાનો પણ જ્યારે શબ્દના કોચલાની ભીતર વહેતા સળંગ સૂક્ષ્મ અર્થને તાત્પર્યને પામવામાં આવે છે ત્યારે મન તૃપ્ત બની જાય છે. ધરાઇ જાય છે.

વર્તમાનમાં એવા કેટલાય મુનિ મહારાજો વિદ્વાનો છે. જેમને તેમના ગ્રંથ-સ્વાધ્યાયથી નીપજેલી રસાનુભૂતિ પાસે બધુંજ તુચ્છ લાગ્યું છે. અને વારંવાર તેઓ સ્વાદ માણવા તે-તે ગ્રંન્થો પાસે જાય છે.

પૂ.યશોવિજયજી જ્ઞાની છે તો ભક્ત પણ છે, આરાધક છે તો પ્રભાવક પણ છે. તર્ક, આગમ અને યોગના પારંગત અભ્યાસી છે તો પરમ ભાવુક શાસનરાગી પણ છે. આમ આ બન્ને વ્યક્તિત્વ પરસ્પર વિરોધી નથી પણ પૂરક છે. તેમણે તેમના જીવનમાં જ્ઞાન-ભક્તિ વૈરાગ્યને સિધ્ધ કર્યા છે. તેથી તેનો સમ્યગ્-વિનિયોગ પાત્ર શ્રધ્ધાન્વિત વ્યક્તિને થજો.''[૩]

ઉપાધ્યાય યશોવિજયજીના જીવન ઉપર આપણે દૃષ્ટિપાત કરીએ. તેમના જીવન વિશે કંઇક મળે છે તો તે છે 'સુજસવેલી ભાસ' નામની ચારઢાળમાં રચાયેલી બાવન(૫૨) કડીમાં પૂર્ણ થતી એક નાનકડી ગુજરાતી પદ્યકૃતિ જે આ પ્રમાણે છે.

## -: સુજસવેલી :-

કર્તા: પૂજ્ય મુનિવર શ્રી કાંતિવિજયજી

(ઢાળ : ૧)

(ઝાંઝરીયા મુનિવર! ધન ધન તુમ અવતાર. એ દેશી)

પ્રણમી સરસતિં સામિણી જી, સુગુરુનો લહી સુપસાય;
શ્રીયશોવિજય વાચક તણા જી, ગાઇસું ગુણ-સમુદાય.
ગુણવંતા રે મુનિવર! ધન તુમ જ્ઞાન-પ્રકાસ. ૧.

વાદિ-વચન-કસણિ ચખ્યો જી, તુજ શ્રુત સુરમણિ ખાસ,
બોધિ-વૃધ્ધિ-હેતિં કરિં જી, બુધજન તસ અભ્યાસ. ૨.

સકલ મુનીસર સેહરો જી, અનુપમ આગમનો જાણ;
કુમત-ઉત્થાપક એ જયો જી, વૌચક કુલમાં રે ભાણ.ગુ ૩.

પ્રભવાદિક શ્રુતકેવલી જી, આગઈ હુઆ ષટ જેમ,
કલિમાંહિ જોતા થકાં જી, એ પણ શ્રુતધર તેમ. ગુ ૪.

જસ-વર્ધાપકશાસને જી, સ્વસમય - પરમત - દક્ષ;
પોહચે નહિ કોઈ એહને જી, સુગુણ અનેરા શત લક્ષ. ગુ ૫.

'કૂર્ચાલીશારદ' તણો જી, બિરુદ ધરે સુવિદિત;
બાલપણિ અલવિ જિણેં જી, લીધો ત્રિદશ ગુરુ જિત. ગુ ૬.

ગુજ્જરધર - મંડણ અછિં જી, નામે કનોડું વર ગામ;
તિહાં હુઓ વ્યવહારિયો જી, નારાયણ એહવેં નામ. ગુ ૭.

તસ ધરણી સોભાગદે જી, તસ નંદન ગુણવંત;
લઘુતા પણ બુદ્ધે આગલો જી, નામે કુમર જસવંત. ગુ ૮.

સંવત સોલઅષ્યાસિયૈં જી, રહી કુણગિરિ ચોમાસિ;
શ્રી નયવિજય પંડિતવરુ જી, આવ્યા કન્હોડે ઉલ્લાસિ. ગુ ૯.

માત્ર પુત્રસ્યું સાધુનાં જી, વાંદિ ચરણ સવિલાસ;
સુગુરુ ધર્મ ઉપદેશથી જી, પામી વયરાગ પ્રકાસ. ગુ ૧૦.

અણહિલપુર પાટણિં જઈ જી, લ્યૈં ગુરુ પાસે ચારિત્ર;
યશોવિજય એહવી કરી જી, થાપના નામની તત્ર. ગુ ૧૧.

પદમસિંહ બીજો વલી જી, તસ બાંધવ ગુણવંત;
તેહ પ્રસંગે પ્રેરિયો જી, તે પણિ થયો વ્રતવંત. ગુ ૧૨.

વિજયદેવ ગુરુ- હાથની જી, વડ દીક્ષા હુઈ ખાસ;
બિહુને સોલઅઢયાસિયેં જી, કરતાં યોગ-અભ્યાસ. ગુ ૧૩.

સામાઈક આદિ ભણ્યા જી, શ્રીજસ ગુરુમુખિ આપિ;
સાકર-દલમાં મિષ્ટતા જી, તિમ રહી મતિ શ્રુત વ્યાપિ. ગુ ૧૪.

સંવત સોલનવાણુ એં જી, રાજનગરમાં સુગ્યાન;
સાધિં સાખિં સંઘની જી, અષ્ટ મહાઅવધાન. ગુ ૧૫.

'સા' ધનજી સૂરા તિસેં જી, વીનવિં ગુરુ એમ;
યોગ્ય પાત્ર વિદ્યાતણું જી, થાસ્યેં એ બીજો હેમ. ગુ ૧૬.

જો કાશી જઇ અભ્યાસેં જી, ષટ દર્શનના ગ્રંથ;
કરિ દેખાડેં ઉજલું જી, કામ પડ્યે 'જિન-પંથ'. ગુ ૧૭.

વચન સુણી સદગુરુ ભણિં જી, 'કાર્ય એહ ધનને અધીન;
મિથ્યામતિ વિણ સ્વારથઇ જી, નાપે નિજ શાસ્ત્ર નવીન.' ગુ ૧૮.

નાણીના ગુણ બોલતા જી, હુઇ રસ નાની ચોષ(ખ);
સુજસેવલિ સુણતાં સઘેં જી, કાંતિ સકલ ગુણપોષ. ગુ ૧૯.

(ઢાળ: ૨)

(યારાં-મોહલાં ઉપરિ,મેહ ઝબુકે વીજલી હો લાલ,ઝબુકે વીજલી. એદેશી)

ધનજી સૂરા સાહ,વચન ગુરુનું સુણી હો લાલ વચન ગુરુનું સુણી હો લાલ.
આણી મન ઉચ્છાહ, કહૈં ઇમ તે ગુણી હો લાલ. કહૈં ઇમ તે ગુણી હો લાલ.
'દોઇ સહસ દીનાર, રજતના ખરચસ્યું હો લાલ, રજતના.
પંડિત ને વારંવાર, તથાવિધિ અરચસ્યું હો લાલ, તથાવિધિ. ૧

છિં મુજ એહવી ચાહ, ભણાવો તે ભણી હો લાલ, ભણાવો.
ઇમ સુણી કાશી નો રાહ, ગ્રહે ગુરુ દિનમણિ હો લાલ, ગ્રહે.
હુંડી કરિ ગુરુરાય, ભગતિ ગુણ અટકલી હો લાલ. ભગતિ.
પાછલિથી સહાય, કરઇવા મોકલી હો લાલ, કરઇવા. ૨

કાશીદેશ-મઝાર, પુરી વારાણસી હો લાલ,પુરી.
ક્ષેત્ર તણો ગુણ ધારિ, જિહાં સરસતિ વસી હો લાલ, જિહાં.
તાર્કિકક-કુલ-માર્ત્તંડ, આચારજ ભટ્ટનો હો લાલ, આચારજ.
જાણેં રહસ્ય અખંડ, તે દર્શન ષટ્નો હો લાલ,તે. ૩

ભટ્ટાચારિજ પાસ, ભણૈ શિષ્ય સાતસૈં હો લાલ. ભણૈ.
મીમાંસાદિ અભ્યાસ, કરે વિદ્યારસૈં હો લાલ, કરેં.
તે પાસિં જસ આપ, ભણેં પ્રકરણ ઘણાં હો લાલ, ભણેં.
ન્યાય મીમાંસાલાપ, સુગત જૈમિનિતણાં હો લાલ, સુગત. ૪

વૈશેષિક સિદ્ધાંત, ભણ્યાં ચિંતામણિ હો લાલ, ભણ્યાં .
વાદિ-ઘટા દુરદાંત, વિબુધ-ચૂડામણી હો લાલ, વિબુધ.

સાંખ્ય પ્રભાકર ભટ્ટ, મતાંતર સૂત્રણા હો લાલ. મતાંતર.
ધારૈંમહા દુરઘટ્ટ, જિનાગમ-મંત્રણા હો લાલ, જિનાગમ. ૫

પંડિતને દ્યે આપ, રૂપૈયો દિન પ્રતિં હો લાલ, રૂપૈયોં.
પઢન મહારસ વ્યાપ, ભણેં જસ શુભમતિં હો લાલ, ભણેં.
તીન વરસ લાગે પાઢ, કરે અતિ અભ્યસો હો લાલ, કરેં.
સંન્યાસી કરિ ઢાઢ, આયો એહવેં ધસી હો લાલ, આયો. ૬

તેહસું માંડો વાદ, સકલ જન પેખતાં હો લાલ, સકલ.
નાઢો તજિ ઉન્માદ, સંન્યાસી દેખતા હો લાલ, સંન્યાસી.
પંચશબદ- નીશાણ, ધુરંતિ ઇજતિ હો લાલ, ધુરંતિ.
આવ્યા જસ બુધ-રાણ, નિજાવાસિં તિતિં હો લાલ, નિજા. ૭

વારાણસી શ્રીપાસ, તણી કીધી થુઇ હો લાલ, તણી.
ન્યાયવિશારદ તાસ, મહાકીરતિ થઈ હો લાલ, મહા.
કાશીથી બુધરાય, ત્રિહુ વરષાંતરે હો લાલ, ત્રિહુ.
તાર્કિક નામ ધરાય, આવ્યા પુર આગરે હો લાલ, આવ્યા. ૮

ન્યાયાચાર્યાનિ પાસિ, બુધ વલિ આગરે હો લાલ, બુધ.
કીધો શાસ્ત્ર-અભ્યાસ, વિશેષથી આદરેં હો લાલ, વિશેષથી.
આર વરસ પર્યંત, રહી અવગાહિયા હો લાલ, રહી.
કર્કશ તકર્ક સિદ્ધાંત, પ્રમાણ પ્રવાહિયા હો લાલ,પ્રમાણ. ૯

આગરાઇ સંઘ સાર, રૂપૈયા સાતસેં હો લાલ, રૂપૈયા.
મૂકે કરિ મનુહાર, આગેં જસનેં રસેં હો લાલ, આગેં.
પાઢાં પુસ્તક તાસ, કરાય ઉમંગસ્યું હો લાલ, કરાય.
છાત્રોને સવિલાસ, સમાવ્યાં રંગસ્યુ હો લાલ, સમાવ્યાં. ૧૦

દુર્દમ વાદી-વાદ, પરિં પરિં જીપતા હો લાલ, પરિં.
આવ્યા અહમદાવાદ, વિદ્યાઇ દીપતા હો લાલ, વિદ્યાઈ.
ઇણિ પરિ સુજસની વેલિ, સદા ભણસ્યે જિકે હો લાલ, સદા.
કાંતિ મહારંગ રેલિ, સહી લહિસ્યેં તિકે હો લાલ, સહી. ૧૧

(ઢાળ:૩)

( ખંભાઇતો-ચાલો સાહેલી વીંદ વિલોકવા જી-એ દેશો.)

કાશીથી પાઉ ધારેં શ્રીગુરુજી ઇહાં જી, જિતી દિશિ દિશિ વાદ;
ન્યાયવિશારદ બિરુદ ધરેં વડો જી, આગે તૂર-નિનાદ. ૧

ચાલો સહેલી હે! સુગુરુ ને વાંદવા જી, ઇમ કહેં ગૌરી વેંણ;
શાસનદીપક શ્રીપંડિતવરુ જી, જોવા તરસેં નેંણ. ચાલો. ૨

ભટ-ચટ-વાદી વિબુધેં વીટિઓ જી, તારાઇ જિમ ચંદ.
ભવિક ચકોર ઉલ્લાસન દીપતો જી, વાદિ-ગુરુડ ગોવિંદ, ચાલો. ૩

યાચક-ચારણ-ગણિ સલહીજતા જી, વીંય્યા સંઘ સમગ્ર;
નાગપુરીય-સરાહેં પધારિયા જી, લેતા અરઘ ઉદગ્ર,ચાલો. ૪

કીરતિ પસરી દિશિ દિશિ ઊજલી જી, વિબુધતણી અસમાન;
રાજસભામાં કરતાં વર્ણના જી, નિસુણેં મહબતખાન, ચાલો. ૫

ગુજ્જર પતિનેં હૂસ હુઇ ખરી જી, જોવા વિદ્યાવાન;
તાસ કથનથી જસ સાધેં વલીજી, અષ્ટાદશ અવધાન,ચાલો. ૬

પેખી ગ્યાની ખાન ખુસી થયા જી, બુદ્ધિ વખાણે નિલાપ;
આડંબરસ્યુ વાજિંત્ર વાજતેં જી, આવેં થાનિક આપ. ચાલો. ૭

શ્રી જીનશાસન ઉન્નતિ તાં થઇ જી, વાધી તપ-ગચ્છ-શોભ;
ગચ્છ ચોરાસીમાં સહુ ઇમ કહેં જી, એ પંડિત અક્ષોભ. ચાલો. ૮

સંઘ સકલ મિલિ શ્રીવિજયદેવનેં જી, અરજ કરે કર જોડી;
'બહુશ્રુત' એ લાયક ચઉથે પદિ જી, કુણ કરેં એહની હોડિ? ચાલો. ૯

ગચ્છપતિ લાયક એહવુ જાણિને જી, ધારે મનમાં આપ;
પંડિતજી થાનક-તપ વિધિસ્યું આદરેં જી, છેદણ ભવ-સંતાપ, ચાલો. ૧૦

ભીના મારગ શુદ્ધ સંવેગનેં જી, ચાઢે સંયમ ચોષ (ખ);
જય સોમાદિક પંડિત-મંડલી જી, સેવેં ચરણ અદોષ, ચાલો. ૧૧

ઓલી તપ આરાધ્યું વિધિથકી જી, તસ ફલ કર-તલિ કીધ;
વાચક-પદવી સત્તરઅઢારમાં જી, શ્રી વિજયપ્રભ દીધ, ચાલો. ૧૨

વાચક જસનામી જગમાં એ જયો જી, સુરગુર નો અવતાર;
'સુજસવેલિ'ઇમ સુણતા સંપજૈં જી, કાંતિ સદા જયકાર, ચાલો. ૧૩

ઢાળ-૪

( આજ અમારે-આંગિણયેં - એ દેશી.)

'શ્રીયશોવિજય' વાચક તણા, હું તો ન લહું ગુણ-વિસ્તારો રે;
ગંગાજલ-કણિકાથકી, એહના અધિક અછેં ઉપગારોં રે, શ્રી. ૧

વચન-રચન સ્યાદ્‌વાદનાં, નય-નિગમ ગંભીરો રે;
ઉપનિષદા જિમ વેદની, જસ કઢિન લહેં કોઈ ધીરો રે. શ્રી ૨

શીતલ પરમાનંદિની, શુચિ વિમલ-સ્વરૂપા સાચી રે;
જેહની રચના-ચંદ્રિકા, રસિયા જણ સેવેં રાચિ રે, શ્રી ૩

લધુંબાંધવ હરિભદ્રનો, કલિયુગમાં એ થયો બીજો રે;
છતાં યથારથ ગુણ સુણી, કવિયણ બુધ કો મત ખીજો રે, શ્રી ૪

સતરત્રયાલિં ચોમાસું રહ્યા પાઠક નગર ડભોઈ રે;
તિહાં સુરપદવી અણસરી, અણસણિ કરિ પાતાક ધોઈ રે, શ્રી ૫

સીત-તલાઈ પાખતી, તિહાં થૂભ અછૈં અસનૂરો રે;
તેમાંહિથી ધ્વનિ ન્યાયની, પ્રગટેં નિજ દિવસિં પડૂરો રે, શ્રી ૬

સંવેગી શિર-સેહરો, ગુરુ ગ્યાન - રયણનો દરિયો રે;
પરમત તિમિર ઉછેદિવા, એ તો બાલારુણ દિનકરિયો રે , શ્રી ૭

શ્રી પાટણના સંધનો લહી, અતિ આગ્રહ સુવિશેષિ રે;
સોભાવી ગુણ-ફૂલડિં, ઈમ 'સુજસવેલિ' મ્હેં લેષિ ( ખિ) રે શ્રી ૮

ઉત્તમ-ગુણ ઉદ્‌ભાવતાં, મ્હેં પાવન કીંધી જીહા રે;
'કાંતિ' કહે જસ-વેલડી, સુણતાં હુઈ ધનધન દીહા રે, શ્રી. ૯

'સુજસવેલીભાસ'માં રજુ કરેલી માહિતી જેમકે, તેમનો જન્મ કનોડુ, પિતા નારાયણ, માતા સોભાગદે, ગુરૂ-શ્રી નયવિજય દીક્ષા પછી યશોવિજયનામ, દીક્ષા-વડીદીક્ષાનો ઉલ્લેખ, મહાઅવધાન 'કુર્ચાલી શારદા'ના બિરુદથી જાણીતા, ધનજીસૂરાએ કહ્યું કે બીજા હેમચન્દ્રાચાર્ય થાય તેમ છે. કાશીગમન, અઢાર અવધાન, અનેક ગ્રંથો રચ્યા,ન્યાય વિશારદ આદિ પદવી વગેરે ઘણી વિગતો આમાંથી મળે છે.

કેટલીક માહિતી અન્ય સાધનો દ્વારા મળતી માહિતીથી જુદી પડે છે, જેમકે, દીક્ષાનું વર્ષ, કાશી ગયાનું વર્ષ, સ્વર્ગગમન વગેરેમાં મેળ મળતો નથી તેથી પ્રમાણભૂતતા વિશે વધુ વિચારણા માગે તેમ છે.

'સુજસવેલીભાસ'ની માહિતી અંગે જયંત કોઠારીના જણાવ્યા મુજબ, ''માહિતીની પ્રમાણભૂતતાનો પ્રશ્ન હોવા છતાં યશોવિજયજીના જીવનવૃતાંત માટે એજ મુખ્ય અને મહત્ત્વનો આધાર છે.અને એને વધારે અનધિકૃત માનવાને કારણ નથી.'[૪]

વિવિધ પ્રસંગોની વિસંવાદતા તથા સંવત અંગે વિસંવાદતા હોવા છતાં પણ તેમના પારિવારિક જીવન, દીક્ષા તથા સ્વર્ગગમન અને વિવિધ ગ્રન્થો તથા વિવિધ મળેલ બિરૂદો અંગે ઘણી-ઘણી વસ્તુનો સ્થળમેળ પણ આવે છે. તેથી આજ એક કડીઓ આપણને તેમના જીવન ઊપર વધુ દષ્ટિપાત કરાવતી હોય તેવું અનુમાન કરી શકાય, અને એને અત્યારે આધારગ્રંથ ગણાવી શકાય.

હવે તેમના જીવન વિશે વધુ સૂક્ષ્મ સમજીએ-સુજસના આધારે, સંતોની ભૂમિ ભારત દેશમાં ઉ.ગુજરાત રાજ્યમાં આવેલ કનોડા નામનું નાનું ગામ છે. જે ચાણસ્મા તાલુકામાં મહેસાણા અને મોઢેરા વચ્ચે આવેલું છે. રેલ્વે લાઇનથી જતાં તે પાટણથી મહેસાણા જતી ટ્રેનમાં વચ્ચે ધીણોજ સ્ટેશન આવે ત્યાંથી દક્ષિણ પશ્ચિમમાં ચાર કીલોમીટર થાય. જે રૂપેણ નદીના કિનારે વસેલું છે. કર્ણદેવના લેખમાં જણાવ્યા અનુસાર, ટંકાવવી ગામના સુમતિનાથના મંદિરને જમીનનું દાન કર્યું એ દાનભૂમિ કણોદાની પૂર્વસીમામાં આવેલી જણાવી છે.આ કણોદા તેજ કનોડા 'શ્રીપ્રકાશસ્થળ'માં કનકાવતી તરીકે દર્શાવેલું છે. બ્રાહ્મણોના ગામ તરીકે જાણીતા આ ગામમાં અત્યારે જૈનોની વસતી નથી પરંતુ એક કાળે હશે એમ ઐતહાસિક સંદર્ભો પરથી સમજાય છે.

'ઉપાસક દશાંગસૂત્ર'ની એક પ્રતમાં આ પ્રમાણે પુષ્પિકા મળે છે ''શ્રી અચલ ગચ્છે શ્રી શ્રી ભાવસાગરસૂરિ સક્ષવા જિનવર્ધનગણિ શ્રી ઉપાસક-દશાંગસૂત્ર શ્રી કણુડા ગામે સંવત ૧૬૦૦ વર્ષે ભાદ્રવા સુદિ-૬ રવૌ લક્ષત,''(પાટણ હેમચન્દ્રાચાર્ય જૈનમંદિર ક્રમાંક-૧૩૩) આ પરથી સં-૧૬૦૦માં કનોડા ગામ એટલું મોટું હશે કે જૈન સાધુ ચાર્તુમાસ કરી શકે એ વાત નક્કી થાય છે.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજીના જન્મ વર્ષનો ઉલ્લેખ સુજસમાં કરેલો નથી તેમાં માત્ર દીક્ષા-વડી દીક્ષાની સાલ જણાવી છે. દીક્ષાની સાલ ૧૬૮૮ જણાવ્યા પછી અવધાન કર્યાની સાલ ૧૬૯૯ બતાવી છે.અને ત્યાર પછી કાશીગમન સૂચવે છે પણ તે કયારે તેના વિશે મૌન સેવે છે. ૧૬૮૮ની દીક્ષા,. ૧૬૯૯નો અવધાન ઉપાધ્યાય પદાર્પણ ૧૭૧૮, ડભોઇ ચાર્તુમાસ-૧૭૪૩ આમ ચાર સંવત સિવાય કોઇ ઉલ્લેખ મળતો નથી. સુજસે આપેલ ઉપાધ્યાય પદનું વર્ષ સં.૧૭૧૮ સો ટકા સમર્થિત છે. સ્વર્ગવાસ વર્ષ સં.૧૭૪૩ પણ આધારભૂત છે. આઠ અવધાનનું વર્ષ સં.૧૬૮૮ પણ

સ્વીકાર્ય છે. દીક્ષાનું વર્ષ સં.૧૬૮૮ નહિ સ્વીકારવા માટે શું કારણ? આ એક વર્ષ શેના માટે ખોટું આપે? ઘણી જગ્યાએ સુજસે ચોક્કસ વર્ષ નિર્દેશ કર્યો નથી.તેને પ્રાપ્ત નહીં થયેલ હોય માટે જે વર્ષ આપ્યા છે તે પૂરી જાણકારીથીજ આપ્યા હશે. તેવું માનવા માટે પૂરતું કારણ છે. દીક્ષા વર્ષ સં.૧૬૮૮ આપ્યું છે. તે બાલદિક્ષિત થયા હોય તેવો સંભવ છે. એ વખતે એમની ઉમર બારેક વર્ષની માનીએ તો જન્મ વર્ષ સં.૧૬૭૫ આસપાસ ગણાય.

ઉપાધ્યાય યશોવિજયજીનું સંસારી નામ 'જસવંત' હતું. પિતા નારાયણ શેઠ હતા અને માતા સોભાગદે હતા. તેઓ વણીક વેપારી હતા અને કનોડાના રહેવાસી હતા. તેમના મોટા ભાઈ પદમસિંહ હતા. એમના પરિવારની માહિતી સુજસ સિવાય કયાંય પ્રાપ્ત થતી નથી. સુજસ નોંધે છે કે તેમના ભાઈ પદમસિંહ તેમની સાથે દીક્ષિત થયાં હતાં. યશોવિજયજીએ પણ પોતાની કૃતિઓની પ્રશસ્તિઓમાં પોતાના ભાઈ પદ્મવિજયનો ઉલ્લેખ કર્યો છે. પોતાને એ, 'પદમવિજય પ્રાજ્ઞાનુજન્મા' (કમ્માયડિ બૃહદ્વૃત્તિ) તથા 'પદ્મવિજયાનુજ' તરીકે ઓળખાવે છે. એનુ અર્થઘટન પદ્મવિજયના અનુજ તેવું થાય છે એ રીતે પદ્મવિજય એમના મોટા ભાઈ ઠરે.

સાહિત્ય પ્રેમી આચાર્ય પ્રધુમ્નસૂરિ મ.સા. જણાવે છે કે, સુજસવેલીભાસમાં વર્ણન છે. તે ઉપરથી તારણ એ નીકળે કે પદ્મસિંહ તેમનાથી ઉમરમાં મોટા છે તે પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજના શિષ્ય ગણી શ્રી લક્ષ્મીવિજયજીએ લખેલી ઉપાધ્યાય શ્રી યશોવિજય વિચરિત પ્રતિમા શતકની સંવત ૧૭૨૩માં લખાયેલી પોથીની પુષ્પિકામાં પણ સ્પષ્ટ ઉલ્લેખ છે. પ્રતિમાશતકની પ્રતિલેખની પ્રશસ્તિ, ''इति श्री प्रतिमाशतकं संपूर्णं लिखितं च संवत् १७२३ वर्षे अश्विन मासे श्वेत पक्षे १२ द्वादशीतिथौ शनिवारे पंडित श्रीनयविजय, शिष्योपाध्याय पू.श्री यशोविजयगणिज्येष्ठ सहोदर पंश्री पू.श्री पदमविजयगणि पद पंकज मधुकर रसिकेन विनयेन गणि लक्ष्मीविजयेन लिपीकृतम् श्री राजपुरनगरे शुभं भवतु लेखकं पाठकयो''

( મહેસાણા પેઢિભંડાર-પેજ નં ૫૧૦ પત્ર-૭)

આ ઉપરાંત

''પદમસિંહ બીજો વળી જી તસ બંધવગુણવંત,
એહ પ્રસંગે પ્રેરીયો જી તે પણથયો વૃતવંત,''

આ ભાસને આધારે પણ તેઓ મોટા ભાઈ ઠરે છે. ઉપાધ્યાય યશોવિજયજી દીક્ષામાં તેમના ભાઈ પદ્મસિંહ કરતા મોટા છે. તેનો ઉલ્લેખ, કોબા શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિરના હ.લિ. ભંડારમાં એકપત્ર પંડિત પદ્મવિજયજીના હાથનો લખેલો મળ્યો

છે. જે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ ઉપર લખાયેલો છે.તેમાં તેમને વંદન લખે છે. અને पूज्याराध्य લખે છે. તેથી તે દીક્ષા પર્યાયમાં નાના હશે.

આ પત્ર આ મુજબ છે.

''स्वस्ति श्री पार्श्वपरमेश्वरं प्रणम्य श्रीमती तत्र श्री बजाणा शुभथाने पूज्याराध्य सकल पंडित शिरोमणी पं. श्री ६जसविजयग। श्री दसाडा थकी ल. भाई पदमविजय म वंदणा १०८वार वंचशोऽत्र सुखं तत्राप्यस्तु ऽ परं तमारो समाचार मेत्ता दयाशंकरना मुख थी श्राण्या। पं.अमृतविजेना शिष्य मु.कल्याण फागण वद १४ अडिसरथी राते नीसर्या दग झ निभर्ये चलासूए थईने श्री सिध्धाचल संघ भेगा थया तेमां एक चलौटों ने एक कपडां वराण बीजुं कनें कोइं नथी ते जाणजो. बाकी १ मुं कृष्ण छे. अने पोताने पण डीले अर्ध अंग झलाणुं छे. जिमणो अंग अकज्ज छे. ते जाणजो। कामकाज लखजो. हेत स्नेह राखजो. दिक्षा अवसरे आवी पूगजो चेला बादरवोरा बेचरदासनी वंदणा वाचजो. तत्र साधुने वंदणा केवी. वलता पत्र लखवा. मिती चैत्र प्रेमपत्र देवाजी.

पूज्याराध्य सकलपंडित शिरोमणी प.श्री जसविजय''૫(અ)
( પે.પદમ.વિનો પત્ર ૧ ઉભું ચીરીચુ.
કોબા શ્રી કૈલાસસાગર સૂરિજ્ઞાનભંડાર નં.૩૮૩૨૯)

ઉપરોકત વિવિધ ઉલ્લેખો દ્વારા એવું અનુમાન કરી શકાય કે દીક્ષામાં યશોવિજયજી મોટા હશે પરંતુ વયમાં પદ્મસિંહ મોટા હશે. એવું નિશ્ચિત થાય છે.

## ગુરૂ આશીષ સાથે બાલ્યવયમાં દીક્ષા

'સુજસ વેલીભાસ' જણાવે છે કે ઉ.યશોવિજયજી બાળપણથી જ તેજસ્વી બુધ્ધિશાળી ચપળ હતા. જેમણે બાળપણમાં જ દેવ-ગુરૂને જીતી લીધા હતા. ઉત્તમ પુરુષોના લક્ષણ બાળપણથી જ દેખાવા લાગે છે. મહાપુરુષો છૂપાયે છુપતા નથી. તેવી રીતે ઉ.યશોવિજયજી એટલે કે જશવંતના પણ ગુણો ખીલી ઉઠ્યા. તેમના માટે એક દંતકથા ખુબપ્રચલિત છે. એના કોઈ લેખિત પુરાવા નથી પણ આટલા વર્ષો સુધી ચાલી એટલે સત્ય હોઇ શકે. જસવંતના માતા સૌભાગદે ધર્મપ્રિય આરાધક હતા. તેમનામાં દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યેનો પ્રેમ અગાઢ હતો. વધુ નકરતા તે રોજ સાધ્વીજી મ.સાના મુખેથી 'ભકતામર સ્તોત્ર' સાંભળવા જતા. એક વખત શ્રાવણમાસમાં ખુબ વરસાદ આવ્યો ત્રણ દિવસ વરસાદને કારણે ગુરૂ પાસે જઇ ન શક્યા. તેઓને નિયમ હતો કે સ્તોત્રપાઠ સાંભળ્યા વિના ભોજન લેવું નહિ. નાનકડો જસંવત માતાને પુછે છે કે આપ કેમ ભોજન નથી લેતા? માતા એ બાળકને પોતાનો નિયમ જણાવ્યો અને તરતજ જસંવત બોલ્યો, હું સંભળાવી દઉ? માતાને આશ્ચર્ય લાગ્યું

અને જ્યારે કડકડાટ જસંવતના મોઢે ભક્તામર સાંભળ્યું ત્યારે એમનો આનંદ સમાતો નહતો. તેમણે પુછ્યું તને આ કેવી રીતે આવડે છે? ત્યારે જસંવત બોલ્યો તમારી સાથે ઉપાશ્રય લઇ જતા ત્યાં સાંભળીને આવડી ગયું. આમ પોતાના બાળકની અદ્‌ભૂત સ્મરણ શક્તિ જોઇને એનો આનંદ હૈયે સમાતો ન હતો. આ વાત આખા ગામમાં વાયુ વેગે પ્રસરી ગઇ તેજ સમયે ગણિ નયવિજયજી ગામમાં પધારેલ. તેમને પણ આ સમાચાર મળ્યા. માતા સૌભાગદે જસંવતને લઇને ગુરૂ પાસે ગયા. ત્યાં પણ આખું સ્તોત્ર સંભળાવ્યું. ગુરૂએ થોડા પ્રશ્નો પણ પુછ્યા ખુબ સુંદર અને વિનયપૂર્વક એના જવાબ આપ્યા. જશાની આવી તેજસ્વીતા જોઇને ગુરૂએ શાસન માટે આ બાળકની માંગણી કરી. શાસન પ્રેમી માતાએ હા પાડી. સંવત ૧૬૮૮માં કુણેગર પાસે ચોમાસુ રહીને ગણિનયવિજયજી કનોડા આવ્યા. ત્યાં તેમના ઉપદેશથી જસવંતને વૈરાગ્ય થયો અને અણહિલપુર પાટણ જઇ ગુરૂ પાસે દીક્ષા લીધી. સુજસવેલીભાસમાં જણાવ્યા અનુસાર ૧૬૮૮માં શ્રી વિજયદેવસૂરિ મહારાજના સ્વહસ્તે થઇ. (પાટણમાં પંચાસર પાર્શ્વનાથના દેરાસરની બાજુમાં પોળિયાનો ઉપાશ્રય કહેવાય છે તેમાં દીક્ષા થઇ.)

ઉપરોકત દંતકથા તથા દીક્ષાનો પ્રસંગ જાણ્યા પછી એવું લાગે કે જસવંતને બાળપણથીજ યશ છે. કાર્ય અને આચરણ બન્ને નાનપણથી જ જૈન શાસનની શાન વધારે તેવા હતા.

દીક્ષાના વર્ણનમાં પિતાનો કાંઇ ઉલ્લેખ મળતો નથી. પરંતુ તેમના ભાઇ પદમસિંહને પણ વૈરાગ્યની ભાવના થઇ અને દીક્ષા લીધી. બન્ને ભાઇની વડીદીક્ષા વિજયદેવસૂરિને હાથે ૧૬૮૮માં થઇ.

ઉપાધ્યાય યશોવિજય ગ્રંથમાં જયંત કોઠારી સુજસ.પ્ર.નું વર્ણન કરતા જણાવે છે કે,

> ''માતા-પુત્ર સ્યું સાધુનાજી,વાંદિ ચરણ સવિલાસ્
> સુગુરુ-ધર્મ ઉપદેશથીજી,પામી વયરાગ પ્રકાશ (૧૦)
> અણહિલ પુર પાટણ જઇજી, લ્યૈ ગુરુ પાસે ચારિત્ર
> યશોવિજય એહવી કરીજી, થાપના નામની તત્ર (૧૧)''[૬]

ઉપરોકત કડીમાં એ સ્પષ્ટ છેકે ઉપરની બીજી-ત્રીજી પંક્તિ માતા સાથે જોડવાથી માતાએ પણ દીક્ષા લીધી તેવું અર્થઘટન થયું છે. પરંતુ ચોથી પંક્તિથી એવું જણાય છે કે માતાનો સંદર્ભ પહેલી પંકિત સુધી ગણાય. ત્યાર બાદ યશોવિજયજીનો ઉલ્લેખ શરૂ થઇ જાય છે. જો માતાએ દીક્ષા લીધી હોત તો તેના નામનો સ્પષ્ટ ઉલ્લેખ થયો

હોત.બન્નેની વડી દીક્ષા પણ દર્શાવવામાં આવી છે. માતાનો ઉલ્લેખ નથી. અન્યત્ર કયાંય માતાની દીક્ષાનો ઉલ્લેખ નથી.

દીક્ષા અંગેના વર્ષ માટે વિવિધ ઉલ્લેખો મળે છે જેમ કે,

પ.પૂ.નયવિજયજી સંવત-૧૬૮૮ કુણેગરમાં ચાર્તુમાસ કરી કનોડા આવ્યા ત્યારે ૧૬૮૯નું વર્ષ બેસી ગયું હતું પણ યશોવિજયજીની વડી દીક્ષા ૧૬૮૮માં જ થયેલી સુજસ સ્પષ્ટ રીતે જણાવે છે. તો આમ કેમ બની શકે? આનો ખુલાસો એ હોઇ શકે કે,ચૈત્રી સંવત હોય તો કારતક મહિનાથી વર્ષ બદલાય નહિ. 'જૈનગુર્જર કવિઓની સામગ્રીમાં કવિઓએ તથા લહિયાઓએ ચૈત્રી સંવતનો ઉપયોગ કર્યાં હોવાનું અર્થઘટન ઘણીવાર કરવું પડે છે.શ્રાવક કવિ ઋષભદાસે કારતક વદ અમાસને દિને દિવાળી બતાવી છે. તે રાજસ્થાની પરંપરા મુજબ વદથીજ મહિનો શરૂ થાય તેથી આપણા કરતા ૧૫ દિવસ ફરક હોય.

કાંતિવિજયએ સુજસ પાટણમાં રચેલી છે. તેથી રાજસ્થાની પરંપરાની અસર હોઇ શકે છે. સુજસના કર્તા પ્રેમવિજય શિષ્ય કાંતિવિજય માનીએ તો એમની અન્ય કૃતિઓમાં પણ ચાર્તુમાસ પછી સાલ બદલાવી નથી. (જૈ.ગુ.કવિઓ.પ.૨૭૦-૭૬) ગુજરાતમાં કચ્છ વગેરેમાં અષાઢી સંવતનું પ્રચલન છે.

ઉ.યશોવિજયજીની લઘુદીક્ષા પાટણમાં થઇ પરંતુ દીક્ષા વર્ષનું વર્ણન ન બતાવ્યું. જોકે એ ૧૬૮૮ જ હોય તે સહજ સમજી શકાય તેવું છે. વડી દીક્ષા દેવસૂરિને હાથે થઇ પણ ગામ ન જણાવ્યું માટે પાટણજ હશે તેવું બની શકે.

**<u>સંયમ સાધના સાથે શાસ્ત્ર અભ્યાસ માટે કાશીગમન:</u>**

સુજસ અધારે,

શ્રુત પ્રેમી ઉ.યશોવિજયજીની દીક્ષા થઇ ગયા પછી શાસ્ત્રાભ્યાસ વિશિષ્ટ રીતે ખુલ્યો, ગુરૂ પાસે સામાયિક વગેરે ભણ્યા અને સંયમ સાથે શ્રુતજ્ઞાન સાકરમાં મીઠાશની જેમ પ્રસરી ગયું. ગુરુ નયવિજયજી એમના માત્ર દીક્ષાગુરુજ ન હતા પરંતુ વિદ્યાગુરુ પણ હતા. ઉ.યશોવિજયજીએ તેમને 'પ્રાજ્ઞ'અને 'વિદ્યાપ્રદા' તરીકે પ્રરૂપ્યા છે. (જૈન તર્કભાષાનીપ્રશસ્તિ) યશોવિજયજીએ પૂ.નયવિજયજીના ગુરુભ્રાતા જિતવિજયજીને પોતાના 'વિદ્યાગુરુ' તરીકે ઓળખાવ્યા છે. (ઉપદેશ રહસ્ય પ્રકરણ 'ઐન્દ્રસ્તુતિ ચતુર્વિંશતિંકા' વગેરે) અને તેનું વર્ણન કરતા જણાવે છે કે તેઓ કરૂણા કલ્પવુક્ષ મારા જેવા નંદનવનને ફળ્યું. કલ્પવુક્ષમાં શાસ્ત્રાભ્યાસ નવીન સુંદર અંકુર છે. પદોની વ્યુત્પત્તિ પલ્લવ છે. કાવ્ય અને અલંકાર પુષ્પ છે. તર્ક અને ન્યાયનો અભ્યાસ ફળ છે. (ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા)

ઉપાધ્યાય યશોવિજયજીનો અભ્યાસ માત્ર જૈનશાસ્ત્ર જેટલો સીમિત ન હતો. વ્યાકરણ, કાવ્ય, તર્ક વગેરે સુધી વિસ્તરેલો હતો. તેમના સર્વદેશીય વિદ્યાભ્યાસમાં જીતવિજયજીનો ફાળો હતો.

વિશિષ્ટમાં યશોવિજયજી ભારપૂર્વક 'દ્રવ્યગુણ પર્યાયના રાસ'માં જણાવે છે કે એમના અભ્યાસમાં ગચ્છનાયક વિજયદેવસૂરિના પટ્ટધર વિજયસિંહસૂરિની પ્રેરણા હતી. અને એમના ઉદ્યમ અને હિતશિક્ષાથી મારો જ્ઞાનયોગ સંપૂર્ણ થયો.

ઉપરોક્ત વર્ણનથી એવું ફલિત થાય છે કે મેધાવી એવા ઉ.યશોવિજયજીમાં ગુરુને શરૂથીજ જૈનશાસનનું ભાવી દેખાયું હશે અને તેમને ભણાવવામાં તેમની બુધ્ધિના કારણે ઉંડો રસ લીધો છે. તેથી જ થોડાજ વર્ષમાં યશોવિજયજીએ વિદ્યામાં ઘણી પ્રવિણતા મેળવી લીધી છે.

આગળ વાત કહીએ તો,

ઉ.યશોવિજયજીએ સંઘમાં પણ ખુબ આગવું સ્થાન મેળવ્યું હતું. તે સમયના સંઘનું વર્ણન કરીએતો તે સમયે જૈન શાસનમાં અમદાવાદ રાજનગર તરીકે ઓળખાતું મુખ્ય કેન્દ્ર હતું. તે વખતે શ્રાવક અને સાધુ વચ્ચેના સંબધો પણ ખુબ ઉંચા પ્રકારના હતા.[૭]

એક દષ્ટાંત દ્વારા સમજીએ,

એક ગુરુદેવ પર્યુષણના ચોથા દિવસે પાટ પર બેસી શ્લોક બોલે છે

प्रणम्य परमश्रेयस्करं श्री जगदीश्वरम् ।
कल्पे सुबोधिकां कुर्वे वृत्तिं बालोपकारिणीम् ।।

આટલો શ્લોક સાંભળ્યો ત્યાં શ્રાવકના રોમાંચ ખડા થઇ ગયા કે 'ઓહોહો!' આજે ગુરદેવ સંસ્કૃત વૃત્તિના આધારે બોલશે. તેના હૈયે આનંદ -આનંદ થઇ ગયો. (તે સમયે સંસ્કૃતનો અભ્યાસ ઘટેલો હતો.) તે જમાનામાં આજથી સવાસો વર્ષ પહેલા શ્રીફળ પતાસા ખારેકની પ્રભાવના વારંવાર થતી પણ રૂપિયાની કયારેક થતી. તે શ્રાવક તે સમયે ઘરે જઇ ચાંદિના દિનાર રોકડા રૂપિયા લઇ પ્રભાવના કરી.

તે સમયના ખરતરગચ્છ, વિમલગચ્છ, અચલગચ્છ, પૂનમિયાગચ્છના સાધુઓએ પણ શ્રી યશોવિજયજીની પ્રતિભા વિષે સાંભળ્યું ત્યારે શ્રી નયવિજયજીએ ઉ.યશોવિજયજીને શ્રીસંઘને કંઇક સંભળાવવા કહ્યું. આ સમયે યશોવિજયજી આઠ અવધાન કરે છે.

**આઠ અવધાનઃ-**

સંવત-૧૬૯૯માં શ્રી સંઘની સાક્ષીએ યશોવિજયજી આઠ અવધાન કરે છે. તેવું સુજસ વર્ણવે છે. અવધાનની એક કળા હોય છે. આઠ વિષયના આઠ માણસો આવે છે અને કોઈક ઉર્દૂમાં શાયરી બોલે છે, કોઈક અંગ્રેજીમાં કાવ્ય બોલે છે, કોંઈક ગણિતમાં દાખલો કહે છે, કોઈક સંગીતનો રાગ ગાય છે, પણ કોણે શું બોલ્યું હતું તે આડું અવળું પુછાય છે. કોઈપણ જાતની પૂર્વ તૈયારી વગર એકપણ ભૂલ પડ્યા વગર આઠ અવધાન શ્રી યશોવિજયજીએ કર્યા. બધા ખુબ ખુશ ખુશાલ થઈ ગયા. સમગ્ર શ્રી સંઘ આ અવધાનથી પ્રભાવિત થઈ ગયો તેમાં શ્રાવક શા.ધનજી સૂરા હતા. જેઓ ઓસવાળના સંઘવી હતા. ખુબ દાનેશ્વરી હતા. તેઓએ ઉભા થઈને ગુરૂને વિનંતિ કરી કે,

> ''યોગ્ય પાત્ર વિદ્યાતણુંજી, થાસ્યેં એ બીજો હેમ.
> જો કાસી જઈ અભ્યસેંજી, ષટ્ દર્શનના ગ્રંથ,
> કરી દેખાડે ઉજલું જી, કામ પડયે જિન-પંથ,''

સુજસવેલી ભાસમાં જણાવ્યું છે તેમ જો કાશી અભ્યાસ કરી ષટ્દર્શનનો અભ્યાસ કરીને જિનપંથ-જૈન ધર્મની પ્રસંગ આવે તો તાકાત બતાવી શકે પરંતુ આ વાત એમને એમ શકય નથી કારણકે તરત પ્રશ્ન નાણાંનો આવે. 'કાર્ય એહ ધનને આધીન' ત્યારે તરતજ શા.ધનજીસૂરા કહે છે કે,

> '' દોઈ સહસ દીનાર, રજતના ખરચસ્યું હો લાલ
> પંડિતને વારંવાર, તથા વિધિ અરચસ્યું હો લાલ
> છે મુજ એહવી ચાહ, ભણાવોતો ભણી હો લાલ
> ઈમ સુણી કાશીનો રાહ, ગ્રહે ગુરુ દિનમણિ હો લાલ.''

આ માટે ધનજીસૂરાનું નામ ખુબ દાન આપવામાં સૌથી પ્રથમ પ્રચલિત થયું. તે જમાનામાં બે હજાર દીનાર ઘણા કહેવાય. તે તૈયારી બતાવી કાશી જવા માટે પૂજ્ય ગુરૂદેવશ્રી વિજયસિંહસૂરિ મહારાજે આર્શીવાદ આપ્યા. શ્રીસંઘે પણ ખુબ આર્શીવાદ આપ્યા. બધાએ ખુબ મમતા-લાગણીપૂર્વક વિકટ સંયમ જીવન માટે શુભભાવ આપ્યાં.

ઉ.યશોવિજયજી એમની પોતાની અનેક કૃતિમાં ભાવપૂર્વક નિર્દેશ કરે છે કે, પોતે કાશીમાં રહ્યા. જૈન-જૈનેતરનો અભ્યાસ કરી શકયા આ ગુરુના વાત્સલ્યના કારણેજ છે. (દ્રવ્ય ગુણપર્યાયનો રાસ ૩૫૦ ગાથાનુ સીંમધર સ્વામિનું સ્તવન,સમાચારી પ્રકરણ વગેરે વગેરેમાં) પરંતુ તેમના કાશીગમનમાં મહત્ત્વનો ભાગ

ભજવનાર ધનજીસૂરા કયાંય ઉલ્લેખ જોવા મળતો નથી.

સુજસના નિરૂપણ વર્ષ અંગે કેટલીક ગુંચ ઉભી થાય છે. ધનજીસૂરાના વચને ગુરુ નયવિજયજી ૧૬૯૯માં જ કાશી જવા રવાના થયા હતા. જતા જો વર્ષ બદલાયું હોય તો ૧૭૦૦માં એ નીકળ્યા હોય એમ બને. પરંતુ યશોવિજયજીનો 'લઘુસ્યાદવાદ રહસ્ય'ની રચના સં.૧૭૦૧માં કપડવંજ પાસેનાં આંતરોલી ગામમાં થઈ છે. આ રચના વર્ષ સાચું હોય તો ત્યાં સુધી કાશી જવાનું બન્યું નથી. એમ ઠરે સં.૧૭૦૧માં કે તે પછી તરત કાશી માટે રવાના થયા હોય એમ બની શકે.

લઘુ સ્યાદવાદરહસ્યમાં યશોવિજયજીના 'અધ્યાત્મ પરીક્ષા', ન્યાયવાદાર્થ શ્રી'પૂજ્યલેખ' તથા 'સપ્તભંગી પ્રકરણ' એ ગ્રંથોનો ઉલ્લેખ છે. આનો અર્થ એ નીકળે કે સં.૧૭૦૧ સુધીમાં યશોવિજયજીએ ઘણા ગ્રંથો રચ્યા હોય, અને તર્ક-ન્યાય આદિનો પણ સારો એવો અભ્યાસ કરેલો છે. રચના વર્ષ ધરાવતી અન્ય કૃતિમાં સં.૧૭૧૧ પહેલાંની મળતી નથી. પરંતુ ચાર-પાંચ વર્ષનું અંતર બતાવતી કૃતિઓ મળે છે. એ જોતાં સ.૧૭૦૧ થી સં.૧૭૧૧નો ગાળો થોડો વધારે પડતો લાગે. 'લઘુસ્યાદવાદ રહસ્ય'નું રચના વર્ષ થોડુ શંકાસ્પદ લાગે ને ૧૭૧૦ને સ્થાને ૧૭૦૧ તો થઈ ગયુ નહિ હોય ને? કોઈ આધાર ન મળે ત્યાં સુધી સુજસના સં.૧૬૯૯ અને લઘુ.સ્યા. સં.૧૭૦૧ એ વર્ષની ગુંચ ઉભી રહે છે.

કાશીગમન પહેલા ગુરૂ તરફથી અનેક શિખામણો મળી તેમાં કાશી પ્રવેશ પહેલા ગંગાતટે સસ્વતીની આરાધના કરવી. માટે બીજ મંત્રની આરાધના કરી જેમકે 'ૐ'પંચપરમેષ્ઠી માટે, 'હ્રીં' ચોવીસ ભગવાન માટે, 'શ્રીં' લક્ષ્મી માટે બીજ મંત્ર છે. ઐં બીજમંત્ર ગુરૂમહારાજ તરફથી શુભનક્ષત્રમાં શુભવિધિપૂર્વક અપાય છે. આપેલ મંત્રની સાધના ૨૧ દિવસ ચાલે છે. અને ત્યારે તેમને ત્યાં આ આરાધનાથી સરસ્વતી દેવીનાં સાક્ષાત દર્શન થાય છે અને વિદ્યા માટેનું વરદાન પણ મળે છે. તેમણે આ વાતનો ગ્રંથમાં ઘણી જગ્યાએ ઉલ્લેખ કર્યો છે. ગંગાનદીના કિનારે યશોવિજયજીએ સરસ્વતી દેવીની ઐંકારના જાપ દ્વારા ઉપાસના કરી હતી. અને તર્ક કાવ્ય અંગે વરદાન મેળવ્યું હતું આમ છતાં આ બાબતની સુજસવેલીમાં ઈસારો સરખો પણ નથી. તે આશ્ચર્ય કહેવાય?

**ऐंकार जापवरमाप्यकवित्ववित्त्वं वाञ्छासुरद्रुमुपगंगमभङ्गरंगम्।**

તેઓ ગ્રંથના પ્રારંભમાં ઘણીવાર 'ઐ' પદથી શરૂઆત કરે છે આ વાત જંબુસ્વામિના રાસમાં પણ વર્ણવવામાં આવી છે.

"શારદ સાર દયા કરો, આપો વચન સુરંગ
તૂ તૂઠી મુજ ઉપરિ, જાપ કરત ઉપગંગ
તર્ક કાવ્યનો તઈતદા, દીધો વર અભિરામ
ભાષા પણિકરિ કલ્પતરુ, શાખા સમ પરિણામ."

અર્થાત્, હે મા શારદા ગંગાનદીના તટે જાપ કરતા તું મારા પર પ્રસન્ન થઈ છે. અને તે મને તર્ક-કાવ્યનું વરદાન આપ્યું છે. મારી ભાષા પણ તારી કૃપાથી કલ્પતરૂ જેવી થઈ છે. એટલે કે જ્યારે જે વાત જે ભાષામાં કહેવી હોય તે કહી શકાય. આમ 'ઐઁ' મંત્રની સાધના દ્વારા સરસ્વતી માની કૃપા મેળવી કાશીમાં પ્રવેશ કરે છે.

કાશીમાં તેઓ સુપ્રસિધ્ધ પંડિત ભટ્ટારકના હાથ નીચે અભ્યાસની શરૂઆત થઈ.પૂ.ઉ.યશોવિજયજીને ભણાવવા માટે રોજનો ૧ રૂપિયો તે સમયે અપાતો હતો. તેમની અભ્યાસની ક્ષમતા અને ઝડપ હોવાથી જે કાંઈ વિદ્યા મળતી તે શિખતા ગયા. સામાન્ય વિદ્યાર્થીને અભ્યાસ કરતા ૧૨ વર્ષ થાય તે વિદ્યા તેમણે માત્ર ત્રણ વર્ષમાં પ્રાપ્ત કરી. તેમણે બધીજ વિદ્યા આત્મસાત કરી હતી. વિદ્યા તેઓ મૂળથી પકડતા અને સંપૂર્ણ મેળવતા.

કાશીમાં સતત ત્રણ વર્ષનો અભ્યાસ પૂર્ણ થયો તે સમયે વાદ ખુબ પ્રચલિત હતા. આત્મારામજી મહારાજ સુધી વાદ થતા આવ્યા છે. વાદ ત્યારે થાય કે શાસ્ત્રમાં ઉડો અભ્યાસ હોય, ૭૦ વર્ષ પહેલા વાદ થતા હવે ઉડો અભ્યાસ જતો ગયો એટલે વાદ પણ લુપ્ત થઈ ગયા.

## પૂ.ઉ.યશોવિજયજીને કાશીના બ્રાહ્મણ પંડિતો દ્વારા મળેલ પદઃ-

### 'ન્યાયવિશારદ' 'ન્યાયાચાર્ય'

અભ્યાસ ચાલી રહ્યો હતો તે સમયમાં કાશીમાં એક પ્રસંગ બન્યો, એક વાદી ત્રણ-ત્રણ દિવસથી કાશીમાં ફરતો હોવા છતાં કોઈ પંડિત તેની સાથે વાદ કરવાનું બીડું ઝડપતા નથી. પં.ભટ્ટારકને પણ આ સમાચાર મળ્યા. તેમણે પોતાના વિદ્યાર્થીઓને વાદ માટે કહ્યું. પરંતુ કોઈ પણ એક વિદ્યાર્થી આ વાદ માટે તૈયાર ન થયા. ત્યારે ઉ.યશોવિજયજીએ સંમતિ માંગી, પં.ભટ્ટાચાર્યનો મુખ્યતાએ બ્રાહ્મણો તરફનો ઝુકાવ હતો. તેથી ત્યાં જૈન સાધુ આગંતુક કહેવાય. તેથી જૈન કરતા કોઈ બ્રાહ્મણ આમાં જીતે તો વધારે સારું. તેથી ફરી બ્રાહ્મણ વિદ્યાર્થી ને પુછ્યું પણ સર્વનું મૌન જોઈ તેમણે યશોવિજયજીને કહ્યું પાઠશાળા વતી તમે બીડું ઝડપો.અને બીજા દિવસે વાદની જાહેરાત થઈ.

પૂ.યશોવિજયજી પં.ભટ્ટારક પાસે જે પાઠમાં ભણાવે તે તો ભણતા જ પણ સાથે પાઠશાળાના અન્ય અભ્યાસી જે સાંખ્ય, મીમાંસ, વગેરે છએ દર્શનો ભણતા તેમાં પણ સતત ધ્યાન રાખતા. બીજા વિદ્યાર્થી એમજ ભણતા હતા તેમને માટે રાજ્ય તરફથી ગુરૂને પૈસા મળતા, રસોઇ માટે સીધુ મળતું. જ્યારે શ્રીયશોવિજયજી જૈન હોવાથી તેમને ભણાવવા માટે રોજના એક રૂપિયાની ફી હતી. જે શ્રાવકવર્ગ દ્વારા અપાતી. ગુરૂ તેનાથી ખુશ હતા પરંતુ જૈનોને વધારે પોષતા ન હતા.

બીજા દિવસે વાદની શરૂઆત થઇ વાદી એક પછી એક પ્રશ્ન મૂકતો જાય છે. અને શ્રી યશોવિજયજી તેના ઉત્તર આપતા જાય છે. પ્રશ્ન તરફ જેટલી ઉત્સુકતા એના કરતા જવાબની ઉત્સુકતા બધાની તીવ્ર હતી. ત્રણ દિવસ સતત વાદથી વાદીને હંફાવે છે. સામાન્ય પ્રશ્નના પણ જોરદાર ઉત્તરોથી ભટ્ટારક પોતે પણ આશ્ચર્ય પામ્યા. તેમને થયું કે મારી પાસે તો ન્યાય-વૈશેષિક જ શીખ્યા હતા. જ્યારે તેમણે જવાબો આપ્યા તેમાં સાંખ્ય, મીમાંસા વગેરેનું જ્ઞાન પણ પ્રગટ થયું હતું. એક-એક ઉત્તરમાં ગ્રંથ જેટલી ગુઢાર્થતા હતી.

એમની આ વિદ્વતા અને આત્મવિશ્વાસ, હિંમત જોઇને કાશીના પંડિતોએ તેમને 'ન્યાયવિશારદ' અને'ન્યાયાચાર્ય' આ બે બિરૂદો આપ્યા. તેમને માનપત્ર પણ આપ્યું અને કાશીનો સંઘ તેમની વિજયનો આનંદ માણવા શ્રી પાર્શ્વનાથ ભગવાનના સ્થાનકે વાજતે-ગાજતે લઇ ગયા. બીજા દિવસે તેમના ગુરૂ ભટ્ટચાર્યજીએ કહ્યું કે, મારી પાસેનું જ્ઞાન કોઇએ નિઃશેષ લીધું હોય તો તે એકમાત્ર આ વિદ્યાર્થી છે. તેમણે પૂ.યશોવિજયજીને કહયું તમને ભણાવવા માટે હવે મારી પાસે કાંઇ નથી. તમારા ગુરૂદેવ બન્યાનું મને ગૌરવ છે. અને હવે આપ બીજા વિદ્યાર્થીને ભણાવવા માટે આગ્રા તરફ જાઓ. ગુરુના હૃદયમાં પોતાનું વિશિષ્ટ સ્થાન મેળવ્યું. ગુરુને પ્રસન્ન કરી વિદ્યા પ્રાપ્ત કરી.

<u>કાશી અંગે દંતકથાઃ-</u> (૧)પૂ.શ્રીયશોવિજયજીના કાશીગમન અંગે કંઇક વિચિત્ર, તથ્ય ન લાગે તેવી વાત પ્રવર્તે છે. આ કથા કયારથી બોલાય છે તે ખ્યાલ નથી. દંતકથા કંઇક આ પ્રમાણે છે.

બે જૈન સાધુઓએ 'જશુલાલ' અને 'વિનયલાલ' નામ ધારણ કરીને જૈનત્વ છૂપાવીને કાશીમાં વિદ્યાપ્રાપ્ત કરી છે. આ બે સાધુઓ તે 'જશુલાલ' એટલે આપણા શ્રીયશોવિજયજી અને બીજા' વિનયલાલ' એટલે તેમના સમુદાયના ઉપા.શ્રી કીર્તિવિજયજીના શિષ્ય ઉ.શ્રી વિનયવિજય. પણ આ કથા આધાર વિનાની

છે. અહીં 'નય'નું વિનય થઇ જઇને આ નામ અહીં જોડાઇ ગયું છે. પણ વિદ્યા અભ્યાસના પ્રયોજનથી સાધુવેશ છોડવો એ જૈનસાધુ આચાર સાથે બંધ બેસે? પૂ.યશોવિજયજીના ગચ્છનાયકો તે સાધુ-આચારનું કડક રીતે પાલન કરવામાં માનનાર હતા. એમના શાસનમાં સાધુવેશ છોડવાનું સાથે આચારો પણ છોડવાનું શકય ખરું? વિદ્યાધર્મ કરતા ઊંચી ચીજ? આ દૃષ્ટિએ આ કથા અસ્વીકાર્ય ગણાય.[૮]

(૨) ઉપાધ્યાયજી કાશી ગયા ત્યારે વિનયવિજયજી તેમની સાથે ગયા હતા. ત્યાંના બ્રાહ્મણ ભટ્ટાચાર્ય જૈનમુનિને ભણાવે તેમ ન હતા તેથી બન્ને સાધુ નામાંતર, વેષાંતર કરીને રહ્યા.'ચિંતામણી' નામનો ગ્રંથ જે જૈનશાસનના હિતમાં હતો પરંતુ સહજતાએ મળે તેમ ન હતો તેથી ગુરુની ગેરહાજરીમાં ગુરુપત્ની પાસેથી માંગીને એકરાતમાં બન્ને જણાએ કંઠસ્થ કરી લીધો. આવી જે ક્વિદન્તી ચાલી આવી છે. તે તદ્દન ખોટી છે. શ્રી યશોવિજયજી સાથે તેમના ગુરૂ શ્રી નયવિજયજી જ ગયા હતા પણ 'નય'ની આગળ 'વિ' વધીને વિનયવિજય બની ગયું છે. અન્ય સ્થળે પણ 'શ્રી નયવજિય'માંનો 'શ્રી'બરાબર ન વાંચવાથી ભ્રમણા કે પ્રમાદથી 'શ્રી'ને ઠેકાણે 'વિ' વાંચીને વિનય વિજય કરી નાંખ્યું છે. બાકી અનેક પુરાવાઓથી હકીકત નિશ્ચિત છે કે ઉપાધ્યાયજી સાથે નયવિજયજી જ હતા. વળી વિનયવિજયજીની ગ્રન્થ રચનાદિકની સાલવારીથી પણ વિનયવિજયજી ન જ હતા એ સુનિશ્ચિત બીના છે. એટલે આવી દન્તકથાઓ લખવી કે બોલવી બંધ થવી જોઇએ.[૯]

(૩) પૂ.ઉ.યશોવિજયજીએ કાશીમાં અભ્યાસ દરમ્યાન જે શાસ્ત્રનો અભ્યાસ કર્યો તેમાં સુજસે વેદાંતનો ઉલ્લેખ નથી કર્યો પરંતુ યશોવિજયજી પોતે કહે છે કે તેમના ગુરૂદેવે જૈનશાસ્ત્રો તથા પરમતના શાસ્ત્રોના અધ્યયન માટે કાશી મૂક્યા હતા. ('દ્રવ્યગુણપર્યાયનો રાસ') પૂ.ઉ.યશોવિજયજીની પોતાની કૃતિઓ પણ એમનો વેદાંતનો ઉડો અભ્યાસ બતાવે છે. અને એ ષડ્દર્શનવેત્તા તરીકે તો ખ્યાત હતા. 'ધર્મસંગ્રહ' સં.૧૭૩૮માં જે પૂ.માનવિજયરચિત ગ્રંથમાં પણ નોંધ્યુ છે કે પૂ. યશોવિજયજીએ કાશીમાં પરમતની સભાને જીતી જૈન મતનો પ્રભાવ વિસ્તાર્યો છે.[૧૦]

(૪) પૂ.યશોવિજયજીએ શતગ્રંથની રચના કરી તેથી તેમને 'ન્યાયાચાર્ય' બિરૂદ મળ્યું. વિદ્યાગુરુ ભટ્ટાચાર્ય તેમની 'જૈનતર્કભાષા', 'પ્રતિમાશતક' વગેરે ન્યાયગ્રંથોની રચનાથી પ્રસન્ન થઇ તેમને 'ન્યાયાચાર્ય' બિરુદ આપ્યું છે.એવું એમણે નોધ્યું છે. (બીજો કાગળ ગુ.સા. સગ્રંહ ભા.૨)

શતગ્રંથની રચના અંગે જયંત કોઠારી જણાવે છે. શતગ્રંથની રચનાનો ઉલ્લેખ પ્રશ્ન ઉભો કરે છે. ન્યાયના સો ગ્રંથ ઉ.યશોવિજયજીના મળતા નથી, અને જો તેમણે રચ્યા હોય તો પણ કયારે રચ્યા? કાશીમાં હતા ત્યારે જ? આ શકય લાગતું નથી. કાગળમાં તો યશોવિજયજીએ માત્ર 'ન્યાયગ્રંથ'ની રચનાની વાત કરી છે. 'સો ગ્રંથ'ની રચનાની નહિ એ સૂચક છે. ત્યાં તેમણે ગ્રંથ સમાપ્તિ પણ નોંધી છે. એટલે કોઈ એક ગ્રંથ અભિપ્રેત છે. એમ સમજાય છે. એ ગ્રંથ સમાપ્તિ 'જૈનતર્ક પરિભાષા' અને 'પ્રતિમાશતક'માં મળે છે. તે ઉપરાંત કોઈ ન્યાયગ્રંથમાં પણ હશે. તો પછી 'શતગ્રંથ'ની રચનાનો ઉલ્લેખ યશોવિજયજીએ કર્યો છે. તેનું શું? જૈન પરિભાષામાં 'ગ્રંથ' શબ્દ શ્લોકના અર્થમાં વપરાય છે. અને (એનું માપ ૩૨ અક્ષરનું ગણાય છે). એ જાણીતી વાત છે. 'શતગ્રંથ'એટલે સો શ્લોક એમ અભિપ્રેત ન હોઈ શકે? ન્યાયખંડ ખાદ્ય' ૧૧૦' શ્લોકની રચના છે જ. એવી કોઈ રચના કાશીમાં યશોવિજયે કરી હોય અને એ જોઈને ભટ્ટાચાર્યે 'ન્યાયાચાર્ય'ની પદવી આપી હોય એમ ન બને? યશોવિજયજીએ કાગળમાં આગળ ચાલતા લખ્યું છે ''ન્યાયગ્રંથ ર લક્ષ કીધો છઈ.....'' દેખીતી રીતેજ ન્યાયગ્રંથ બેલાખ ન હોય, બેલાખ શ્લોકપ્રમાણ ન્યાયગ્રંથ જ હોય. મૂળ ગ્રંથ ટીકા આદિ સમેત બેલાખ શ્લોક પ્રમાણ હોઈ શકે. આ જોતા 'શતગ્રંથ'ની રચના એટલે સો શ્લોકની રચના એ અર્થઘટન પૂરો અવકાશ ધરાવે છે. તેનો સ્વીકાર કોઈ મુંઝવણ ઊભી કરતો નથી.[૧૧]

ઉપાધ્યાય યશોવિજયજી ૧૦૦ ગ્રંથ રચ્યા તે અંગે ઉ.યશોવિજય સ્મૃતિગ્રંથમાં પૂ.યશોવિજયજીએ તેને પ્રશ્ન તરીકે અથવા વધુ વિચારણા માંગે તે રીતે ઉલ્લેખ કર્યો છે.[૧૨]

મુનિ પુણ્યવિજયજી પણ યશોવિજયસ્મૃતિગ્રંથમાં જણાવે છે કે, ન્યાયવિશારદ પછી સો ગ્રંથની રચના કરી ત્યારે તેમને 'ન્યાયાચાર્ય' તરીકે સંબોધવામાં આવ્યા. તે સો ગ્રંથો કયા? તેનો કશો પત્તો નથી.

ઉપરોકત વિવિધ વિચારણા પછી 'શતગ્રંથ'ની રચના એટલે ૧૦૦ શ્લોકની રચના હશે એવું અનુમાન કરી શકાય.

કાશીમાં અભ્યાસની પૂર્ણતા પછી ગુરુના આદેશે આગ્રાતરફ પ્રયાણ કર્યું.ત્યાં પણ તેમણે ન્યાયાચાર્ય પાસે ચાર વર્ષનો અભ્યાસ કર્યો અને કઠીન તર્ક સિધ્ધાંત તથા પ્રમાણનું અવગાહન કર્યું. યશોવિજયજી આગ્રા ગયાની વાત ફકત સુજસમાં છે બાકી કયાંય જોવા મળતી નથી. જે આ પ્રમાણે છે,

ન્યાયાચાર્ય નિં પાસિ, બુધ વલિ આગરે હો લાલ...બુધ.
કીધો શાસ્ત્ર-અભ્યાસ, વિશેષથી આદરે હો લાલ...વિશેષ થી.
ચ્યાર વરસ પર્યંત, રહી અવગાહિયા હો લાલ, રહી .
કર્કશ તર્ક સિધ્ધાંત, પ્રમાણ પ્રવાહિયા હો લાલ પ્રમાણ. ૯

(સુજસ ઢાળ-બીજી ગાથા-૯)

કાશીની વાત તેમણે વારંવાર ઘણી જગ્યાએ કરી છે. પણ આગ્રાની વાત કયાંય કરી નથી. આગ્રાના કવિ બનારસીદાસની કોઈ-કોઈ પદ્યકૃતિ સાથે ઉપાધ્યાયજીની પદ્યકૃતિનું અક્ષરશઃ સામ્ય જોવા મળે છે.[૧૩]

બનારસીદાસના શિષ્યો કુંવરપાલ વગેરેના આધ્યાત્મિક મતનું યશોવિજયજીએ ખંડન કર્યુ છે. (સુજસ ટિ.પૃ.૧૬) બનારસીદાસ વગેરેનો ગાઢ પરિચય આગ્રાવાસનું કારણ હોઈ શકે છે.

યશોવિજયજીએ આગ્રામાં બનારસીદાસને કે એમના શિષ્યોને ચર્ચામાં હરાવ્યા હતા. એવી વાત પણ મેઘવિજયના ‘યુકિતપ્રબોધ’નો આધાર આપી નોંધાયેલી છે.[૧૪]

યશોવિજયજીએ ‘મલકાપુરમંડન’ સુપાર્શ્વનાથ સ્તવન રચ્યું છે. એ એમણે મલકાપુરમાં રચ્યું હોય. એ ‘મલકાપુર’ આગ્રાની નજીકમાં હોય તો કોઈક કારણસર એઓ આગ્રામાં રહ્યા હોય તેમ અનુમાન કરી શકાય.[૧૫]

ઉપરોકત વિવિધ વિચારણા તથા પૂરાવાથી એવું અનુમાન કરી શકાય કે તેઓ આગ્રા રહ્યા હતા. સુજસની વાત નહિ માનવાનું કોઈ કારણ નથી.

સુજસના આધારે આગ્રા સંઘે તેમને તેમની વિદ્ધવત્તાથી આકર્ષાઈને મુનિરત્નને ૭૦૦ રૂપિયા ભેટ આપ્યા. તેમણે તેના પુસ્તકો ખરીદવામાં, લખાવવામાં, પાટલીઓ આદિ બનાવવામાં કર્યા અને તે બધું છાત્રોને ખુબ આનંદથી અર્પણ કરી દીધા. આમ ઉપાધ્યાયજીનો છાત્રપ્રેમ જ્ઞાનોત્તેજન વિશાળ હૃદય અને નિસ્પૃહપણું દીપી ઉઠે છે.

<u>ગુજરાતમાં આગમનઃ-</u> ચાર વર્ષનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી ઘણા જ્ઞાનપીપાસકોને જ્ઞાન આપી ખુબ ખ્યાતિ મેળવી. વાદીઓને જીતતા જીતતા ખુબ શાસન પ્રભાવના કરી ગુજરાત તરફ પ્રયાણ કર્યું.

ગુજરાતનો મુખ્ય સંઘ અમદાવાદ, જેમાં તેમનું ઉમળકાભેર સ્વાગત કર્યું. તેનું વર્ણન સુજસમાં આવે છે. યાચકો, ચારણોના સમુદાયથી સ્તુતિ-પ્રશંસા કરાતા,ઉત્તમ પૂજનને ગ્રહણ કરતા સકળસંઘની સુવિશાળ મેદનીથી ઘેરાયેલ તેઓ અમદાવાદની રતનપોળના નાકે આવેલી નાગપૂરીય સરાહ તેમાં પધાર્યા. ધનજીસૂરાનો પણ આનંદ

સમાતો ન હતો. પોતાનું સ્વપ્ન સાકાર થયું તે જોઇ શકતા હતા. તેમની કીર્તિ સર્વત્ર પ્રસરી ગઇ હતી અને ગુર્જરપતિ મહોબત્તખાન સુધી પહોંચી. તેમને પૂ.યશોવિજયજી મ.સા.ને જોવાની ઇચ્છા થઇ. તેમણે તેમને આમંત્રણ પાઠવ્યું અને તેઓ મળ્યા. તેમણે અઢાર અવધાનની વાત કરી અને સકળ સંઘ વચ્ચે અઢાર અવધાન થયો. સૌ ખુશ થયા અને જૈન શાસનનો જય જયકાર કરતા પોતાના સ્થાનકે આવ્યા. આ ઘટનાથી જૈનશાસનની જોરદાર ઉન્નતિ થઇ. તેમના નિમિત્તથી તપગચ્છની શોભા વધી. ચૌરાશી ગચ્છોમાં પૂ.યશોવિજયજીને'અક્ષોભપંડિત' તરીકેની નામના થઇ. શ્રી સંઘે પૂ.ગચ્છાધિપતિ દેવસૂરિને વિનંતિ કરી કે આ વિદ્વાન ચોથાપદ એટલે કે ઉપાધ્યાય પદને લાયક છે. પૂ.ગચ્છાધિપતિ પણ ખુબ પ્રસન્ન થઇ આ વાત મનમાં રાખી.

ઉપાધ્યાય યશોવિજય સ્વાધ્યાય ગ્રંથમાં જયંત કોઠારી જણાવે છે કે, સુજસે યશોવિજયજીને અમદાવાદ પાછા આવવાનુ વર્ષ આપ્યું નથી. પણ ૧૬૯૯ થી ૧૭૦૨ સુધીમાં યશોવિજયજી કાશી ગયા હતા અને કાશી આગ્રામાં સાત વર્ષ રહ્યા હતા. તે જોતાં એ અમદાવાદ ૧૭૦૭ થી ૧૭૧૦ સુધી પાછા આવ્યા હોય. વિજયદેવસૂરિને ઉપાધ્યાય પદ આપવાની વિનંતિ કરવામાં આવે છે. તે એમનો સ્વર્ગવાસ ૧૭૧૩માં થયો એ પૂર્વેજ હોઇ શકે.સં.૧૭૧૦ (પોષ)માં યશોવિજયે પાટણમાં 'નય ચૂકવૃત્તિ'ની પ્રત લખેલી છે. અને સં.૧૭૧૧માં યશોવિજયે સિધ્ધપુરમાં 'દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ'ની રચના કરી છે. એટલે તે પૂર્વ એ કાશીથી પાછા આવી ગયાનું નિશ્ચિત થાય છે. વસ્તુતઃ સં.૧૭૧૦માં યશોવિજયજી ગુજરાતમાં પાછા આવ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે.[૧૬]

વિબુધવિમળસૂરિ 'સમ્યક્ત્વપરીક્ષા'ના બાલાવબોધમાં પોતાના ગુરુ ઋધ્ધિવિમલગણિ વિશે લખે છે. કે, ''સંવત ૧૭૧૦ વર્ષે ગુજરાત મધ્યે ધાણઘાટ મધ્યે શ્રી પાલણપુર પાસે ગોલાગ્રામ મધ્યે શ્રી મહાવીર સ્વામીના સાનિધ્યે ક્રિયા ઉધ્ધાર કર્યો. તે કાળે શ્રી યશોવિજય ઉપાધ્યાય કાશીમાંહિ ન્યાયશાસ્ત્ર ભણીને ઇહાં પધાર્યા.

( જૈ.એ .ગુ.કા.સંગ્રહ રાસ સાર - પૃ .૧૩)

આ ઉપરથી એમ કડી બેસે કે, યશોવિજયજી સં.૧૭૧૦માં ચાર્તુમાસ પછી માગશરના અરસામાં ગુજરાતમાં દાખલ થયા હશે. પરંતુ મહાબતખાન તો ગુજરાતના સુબેદાર-ઇ.૧૬૬૨-૬૮ (સં.૧૭૧૮-૧૭૨૪) હતા. એ સં.૧૭૧૦માં યશોવિજયજી અમદાવાદ આવ્યા ત્યારે સુબેદાર ન જ હોઇ શકે. એટલે સુજસની આ હકીકતમાં ચોક્કસ ગરબડ છે.

આ ગરબડ નિવારવા માટે વિવિધ તર્ક કરવામાં આવ્યા છે. કે 'વિજયદેવસૂરિ'એ 'વિજયપ્રભસૂરિ'ને બદલે થઇ ગયેલી ભુલ હોય અને ઘટના સં.૧૭૧૮માં (જે વર્ષે ઉ.યશોવિજયજીને ઉપાધ્યાય પદ આપવામાં આવ્યુ તે વર્ષે) બની હોય. અથવા તો ઉપાધ્યાય પદ આપવાની વિનંતિ તો વિજયદેવસૂરિને જ સં.૧૭૧૩ પહેલા થઇ હોય પણ મહાબત ખાન પાસે અવધાન કર્યાની ઘટના સં.૧૭૧૮માં બની હોય. (જુઓ સુજસ પ્ર.)

આ તર્કો યોગ્ય હોય એમ જણાતું નથી. સુજસનું નિરૂપણ સ્પષ્ટ રીતે અવધાનની ઘટના કાશીથી આવતાં જ બની હોવાનું બતાવે છે. અને સુજસની ત્રણે હસ્તપ્રતો 'વિજયદેવસૂરિ' નામ આપે છે. એટલે પાઠ ભ્રષ્ટ હોવાની શકયતા નથી. તેમ કાંતિવિજય પણ આવી ભુલ કરે નહિ.

વિજયદેવસૂરિએ વાત મનમાં ધારી એમજ કહેવામાં આવ્યું છે. અને ઉપાધ્યાય પદ આપતાં પહેલા કેટલોક ગાળો વિત્યો હોવાનું સુજસને અભિપ્રેત છે. એટલે વિજયદેવસૂરિને વિનંતી અને પછીથી વિજયપ્રભસૂરિ દ્વારા ઉપાધ્યાય પદની પ્રાપ્તિ એમાં કોઇ અસંગતિ માનવાની જરૂર નથી. ઉપાધ્યાય પદ આપવાની વિનંતી અવધાનની ઘટનાને અનુષંગે આવે એજ તર્ક યુક્ત છે. એટલે અવધાનની ઘટના વિનંતીની પૂર્વેજ બની હોય. વળી યશોવિજયની કીર્તિ ફેલાવનાર આ ઘટના અમદાવાદ આવતાં જ બની હોય. એ વધારે બંધ બેસતું છે. પછીથી તો કદાચ અવધાનમાંથી યશોવિજયજીનો રસ પણ ઉડી ગયો છે.

મહોબત ખાન ઇ.૧૬૬૨ (સં.૧૭૧૮)માં કયારે ગુજરાતનાં સુબેદાર બન્યા હોય અને યશોવિજયજીને ઉપાધ્યાય પદ વર્ષના આગલા ભાગમાં આપવામાં આવ્યું હોય તો અવધાનની ઘટના સં.૧૭૧૮માં પણ મહાબતખાનની સુબેદારીમાં બની હોવાનું અશક્ય બને.

આમ બધો વિચાર કરતા સુજસમાં આપેલ માહિતીનો કોઇ બીજો ખુલાસો શોધવો જોઇએ.

આ ઘટનાઓ બની ત્યારે ગુજરાતમાં દિલ્હીની મોગલ સલ્તનતની સત્તા પ્રવર્તતી હતી. (સં.૧૭૦૮-૧૮૧૦)માં શાઇસ્તખાન ગુજરાતના સુબેદાર બન્યા હતા. એ ઘટના શાઇસ્તખાનની સુબેદારી દરમિયાન બની હોવાનું વધારે સંભવિત છે. મહાબતખાનનું નામ ગુજરાતમાં વધારે જાણીતું હોય કે એવા કોઇ કારણે કીર્તિવિજયને ભ્રાન્તિ થઇ હોય અને શાઇસ્તખાન કે ઘૈરતખાનને સ્થાને એ નામ મુકાઇ ગયું હોય એમ બનવા સંભવ છે.

ઉપરોકત વિવિધ તર્કોથી એવું અનુમાન કરી શકાય કે આમાં કાન્તિવિજયને ભ્રાન્તિ થઇ હોય અને શાઇસ્તખાન કે ઘેરતખાનને સ્થાને મહાબતખાન મૂકાઇ ગયું હશે.

<u>**શ્રુત ભકિત:**</u> યશોવિજય પ્રવચન માળામાં આચાર્ય પ્રદ્યુમ્નસૂરિ મહારાજ જણાવે છે કે, ઉપાધ્યાય યશોવિજયજી વિદ્યા અભ્યાસ બાદ ૧૭૧૦માં પોતાની દીક્ષાભુમિ પાટણ પધાર્યા. ગ્રન્થ ભંડારોનું કેન્દ્ર સ્થાન પાટણ તેથી ત્યાં જૂના ગ્રન્થો પર કામ ઘણું થતું. હવે તે સમયે ત્યાંના વિદ્વાનો દ્વારા સમાચાર મળ્યા કે, બ્રાહ્મણ પંડિત પાસે 'નયચક્ર 'નો જૂનો ગ્રંથ છે. પોથી કયાંય મળતી નથી માટે નકલો કરાવવા જેવી છે.

મલ્લવાદીજી દ્વારા રચિત નયચક્ર ગ્રંથ ઘણી મહત્તાવાળો હતો તેથી તેમણે ભટજી પાસે માંગણી કરી. ભટજીએ તે આપવાની સ્પષ્ટ ના પાડી. ત્યાર બાદ શ્રાવક વર્ગ સાથે વિચારણા કરી. ભટજી બહારગામ જાય તેની સતત રાહ જોવાવા લાગી. એક દિવસ ભટજી કથા માટે ૧૨ દિવસ અને આવવા-જવાના ત્રણ એમ ૧૫ દિવસ માટે બહારગામ ગયા અને તુરત સંઘ સાથે, વસ્ત્ર,મીઠાઇ, આભુષણો વગેરે વિવિધ વસ્તુના થાળ ભરીને સંઘ સહિત પૂ.યશોવિજયજી પોતે તેમના ઘરે ગયા. અને ગોરાણી પાસે ગ્રંથની માંગણી કરી. પહેલા હા/ના કરી પરંતુ વિશ્વાસ બેસતા હા પાડી. ૧૫ દિવસમાં પરત કરવાનું કહ્યું, અને ગ્રંથ આપ્યો. હવે ગ્રંથ મળ્યો ફકત ૧૫ દિવસ માટે અને અઢાર હજાર શ્લોકપ્રમાણ છે. એ સમયે ઝેરોક્ષ વગેરે ન હતું અને લહિયાઓ પણ ભુલ કરે તો રહી જાય અને બીજી કોપી ન હોવાથી ખુબ ચોક્કસ કામ કરવું પડે. તેથી પોતે આખો નવો ગ્રંથ રચવાની શક્તિ હોવા છતા કોપી કરવા બેસી ગયા. સહવર્ત્તી સાધુ પં.શ્રીનયવિજયજી, પં.શ્રી કીર્તિરત્નજી, પં.શ્રીતત્ત્વવિજયજી, પં.શ્રી રવિવિજયજી, પં.શ્રી લાભવિજયજી, પં.શ્રી જયસોમજી અને ઉ.શ્રી યશોવિજયજી પોતે આમ શિયાળાના એટલે કે પોષ મહિનાના નાના દિવસોમાં સતત કામ કર્યું. પાટણના એ ઉપાશ્રયમાં જે જે લખાણ અધુરૂ હતું તે બધુ જ યશોવિજયજીએ પૂર્ણ કર્યુ. આખી પ્રત લખવાની જવાબદારી તેમણે પોતે લીધી હતી. આ લખાણમાં તેમણે સુધારા પણ કર્યા છે. હાલ આજે પણ અમદાવાદમાં 'લાલભાઇ દલપત્તભાઇ વિદ્યામંદિર'માં સચવાયેલી છે.

જે સમય તેમણે આપેલો ૧૫ દિવસનો તેજ સમયમાં બધું સંપૂર્ણ કરી, શ્રી સંઘ સહિત વસ્ત્ર, આભુષણ, અલંકાર, મીઠાઇ વગેરે લઇને ગોરાણી પાસે જઇ પરત કરી આભાર માન્યો. શ્રુત માટેની તેમની ભક્તિ અવર્ણનીય છે.

આ ગ્રંથને લખવાની શરૂઆત કરી તે પહેલા ગુરુઓને વંદન કરીને મંગલાચરણ કર્યું.

प्रणिधाय परँ रुपं राज्ये श्री विजयदेवसूरीणाम
नयचक्रस्यादर्शं प्रायो विरलस्य वितनोमि ।।

અર્થાત,

પરમાત્માના રૂપનું ધ્યાન ધરીને, દેવસૂરિના રાજ્યમાં આ ગ્રંથની પોથી વિરલ છે. માટે તેની નકલ કરુ છું. ગ્રંથના અંતે પણ સાતે સાધુના નામ લખીને સંવત ૧૭૧૦ના પોષ વદ તેરસનો દિવસ લખેલ છે. શ્લોકમાં પ્રશસ્તિ લખી છે કે ૩૦૯ પાનાંનો આખો આ ગ્રંથ અખંડીત આપણી પાસે છે. અમદાવાદમાં દેવસાના પાડાના ભંડારમાંથી આ હસ્તપ્રત પૂ.રમણિકવિજયજીને તથા આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજીને મળી અને અત્યારે તે Indologyમાં સુરક્ષિત છે.

સુજસમાં વર્ણવ્યા મુજબ અમદાવાદમાં યશોવિજયજીનું ઉમળકાભેર સ્વાગત કર્યું. યશોવિજયજી રતનપોળના નાકે ઉતર્યા. એમની પ્રસિધ્ધિ ગુર્જરપતિ મહોબતખાન સુધી પહોંચી અને તેમણે ઉ.યશોવિજયજીને મળવાની ઇચ્છા થતાં તેમની પાસે આવ્યા. એમની ભાવનાથી પૂ.યશોવિજયજીએ એમની સમક્ષ અઢાર અવધાન કર્યા. તેના દ્વારા જૈન શાસનની ખુબ પ્રભાવના કરી. તપગચ્છ અને ૮૪ ગચ્છોમાં યશોવિજયજી 'અક્ષોભ પંડિત' તરીકે નામના થઇ. અઢાર અવધાન પછી અમદાવાદના સંઘે પૂ.ગચ્છાધિપતિ વિજયદેવસૂરિજીને પૂ. યશોવિજયજીને ઉપાધ્યાય પદ પ્રદાન કરવા વિનંતિ કરી હતી. અને શ્રી સંઘની વિનંતિના પ્રતિસાદરૂપે સં.૧૭૧૮માં વિજયપ્રભસૂરિએ તેમને ઉપાધ્યાય પદવી અર્પણ કરી. વચ્ચેના સમયમાં પૂ.યશોવિજયજીએ (વાચક)વીસસ્થાનક ઓળીનું તપ કર્યું અને તે વખતે જયસોમ વગેરે પંડિતોએ એમની સેવા શુશ્રુષા કરી. સુજસમાં ઉપાધ્યાય પદનું વર્ષ સં.૧૭૧૮ આપે છે. અને તે સમર્થિત છે. કારણ કે પૂ.યશોવિજયજીએ સં.૧૭૧૭ સુધીની કૃતિઓમાં પોતાને વાચક તરીકે નથી ઓળખાવતા પરંતુ વાચકપદના નિર્દેશવાળી રચના સંવત ધરાવતી પહેલી કૃતિ 'સાધુવંદના' સં.૧૭૨૧ની છે. એટલે આ પહેલા વાચક પદ મળી ગયું છે.

<u>શંકાસ્પદ માફીપત્રઃ-</u> ઉપાધ્યાય યશોવિજયજી સ્વાધ્યાય ગ્રંથમાં શ્રીજયંત કોઠારી ઉપાધ્યાયજીના વાચક પદ અંગે જણાવતાં કહે છે કે,

પૂ.ઉ.યશોવિજયજીને એમની યોગ્યતા અને ગુણવત્તા હોવા છતાં આચાર્યપદ ન જ અર્પણ થયું અને ઉપાધ્યાય પદ પણ ઘણા વર્ષો પછી મળ્યું અને એનાં ભટ્ટારક-ગચ્છાધિપતિ વિજયપ્રભસૂરિની બળજબરાઇ કારણભૂત લાગી છે. (સુજસ.પ્ર), એવો પણ ઉલ્લેખ મળે છે કે એ સમયમાં આનંદઘનની પેઠે યશોવિજયજીના નિંદક અને

છિદ્રાન્વેષી ઘણા હતા. પૂ.યશોવિજયજીએ ઘણા ઠેકાણે નિંદક દુર્જનો સામે પોકાર વ્યકત કર્યો છે. વિજયપ્રભસૂરિ સામાન્ય કોટીના હતા ને પૂ.યશોવિજયજી શાસ્ત્રના જ્ઞાની બહુશ્રુત અભ્યાસી હતા. તેથી શાસ્ત્રગમનના પ્રમાણથી ગચ્છનાયકની ઘણી પ્રવૃત્તિઓ અનિષ્ટ લાગી હતી. જે એમણે સામાન્ય રીતે કહેવાની હિંમત બતાવી હતી. તથા સં ૧૭૦૯માં એમને જેમના પર ઘણો ભાવ હતો એવા સિંહસૂરિ કાળધર્મ પામ્યા હતા. તેથી સં.૧૭૧૭માં લેખિત માફીપત્ર માગ્યું અને ૧૭૧૮માં એમને ઉપાધ્યાય પદ આપવામાં આવ્યું. આ માફીપત્ર પણ રજુ કરવામાં આવ્યુ છે.[૧૭]

શ્રી મહાવીર જૈન વિદ્યાલય રજત મહોત્સવગ્રંથ-અધ્યાત્મી 'શ્રી આનંદઘન અને શ્રી યશોવિજય' મોહનલાલ દલીચંદ દેસાઈ એ આ માફીપત્ર નો ઉલ્લેખ કર્યો છે.

('' ॐ નત્વા સં.૧૭૧૭ વર્ષે ભ.શ્રીવિજયપ્રભસૂરીશ્વર ચરણાન્ શિશુલેશ પંડિત નયવિજય ગણિશિષ્ય જસવિજયો વિજ્ઞપયતિ, અપરં આજ પહિલા જે મઈં અવજ્ઞા કીધી તે માપ, હવિ આજ પછી શ્રી પૂજ્યજી થકી કસ્યૂં વિપરીત હોઈ તે સાથિ મિલું તા, તથા મણિચંદ્રાદિકનિ તથા તેહોના કહિણથી જે શ્રાવિકનિ શ્રીપૂજ્યજી ઉપરિ, ગચ્છવાસી યતિ ઉપરિ અનાસ્થા આવી છઈતે અનાસ્થા ટાલવાનો અને તેહોનિં શ્રી પૂજ્યજી ઉપરિ રાગ વૃદ્ધિ વતો થાઈ તેમ ઉપાય યથાશક્તિ ન કરું તો, શ્રી પૂજ્યજીની આજ્ઞા રુચિ માંહિં ન પ્રવર્તુ તો માહરિ માથઈ શ્રી શંત્રુજય તીર્થ લોપ્યાનું, શ્રી જિનશાસન ઉત્થાપ્યાનું, ચૌદ રાજલોક નઈ વિષઈ વર્તઈ તે પાપ.'')[૧૮]

<u>પદ અંગે વિચારઃ-</u> પૂ.યશોવિજયજી ઉત્તમ યોગ્યતા ધરાવતા હોવા છતાં તેમને આચાર્યપદ આપવામાં આવ્યું નથી અને ઉપાધ્યાય પદ પણ ઘણું જ મોડું આપવામાં આવ્યું છે. આ અંગે (યશોવિજયસ્મૃતિગ્રંથમાં પેજ નં.૨૨ પર)[૧૮] ગણિ કનકવિજયજી એવો ખુલાસો કરે છે કે, એક જ આચાર્યની પ્રથા હોવાથી યશોવિજય આચાર્યપદ પર પ્રતિષ્ઠિત થઇ શક્યા ન હતા. જોકે પછીથી જ્ઞાનવિમલસૂરિને આચાર્ય પદ આપવામાં આવ્યું જ હતું. છતાં પણ આ વાત માની લઈએ, પરંતુ ઉપાધ્યાય પદ મોડું મળ્યું તેનો ખુલાસો મળતો નથી.[૧૯]

પૂ.યશોવિજયજી કાશીથી એવી જૈનશાસનની પ્રભાવના કરી હતી કે એજ વખતે એમને આ પદથી નવાજવા જોઇએ. અને પાટણના સંઘે વિજયદેવસૂરિને વિનંતી પણ કરી પરંતુ દેવસૂરિજીએ સં.૧૭૧૩માં કાળધર્મ પામ્યા ત્યાં સુધી વાત મનમાં જ રાખી.

વિજયસિંહસૂરિ પ્રત્યે પૂ.યશોવિજયજીને અત્યંત આદરભાવ હતો. અને કદાચ એમની સહાયથી જ તેઓને કાશી જવાનું બન્યું હશે. વિજયસિંહસૂરિના કાળધર્મ

પછી જ તેમને અમદાવાદ આવવાનું બન્યું હોય અને એમનો મોટો આધાર જતો રહ્યો હોય.

વિજયદેવસૂરિજી વિજયપ્રભસૂરિથી દોરવાયા હોય અને પટ્ટધર પદની કંઇ ખટપટ ચાલતી હોય (વિજયપ્રભસૂરિને આચાર્યપદ સં.૧૭૧૦માં મળ્યું અને એમનો ગણાનુજ્ઞાનો નંદિમહોત્સવ સં.૧૭૧૧માં થયો.) આવી કોઇ પરિસ્થિતિએ યશોવિજયજીની ઉપાધ્યાયપદ આપવાની વાત પાછી ઠેલાતી હોય એ અસંભવિત નથી.

સં.૧૭૧૧ના કારતકમાં વિજયપ્રભસૂરિનો ગણાનુજ્ઞાનો નંદિમહોત્સવ થઇ ગયા પછી 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'માં યશોવિજય એમને પટ્ટધર તરીકે ઉલ્લેખતા નથી. (સ્વર્ગસ્થ) વિજયસિંહસૂરિને પટ્ટધર તરીકે ઉલ્લેખ છે. એ હકીકત સૂચક ગણવી?

યશોવિજયજીને કાશી મોકલનાર ધનજીસૂરાનો કયાંય ઉલ્લેખ મળતો નથી.

આ બધા તર્કો છે. દેસાઇ વિજયપ્રભસૂરિ માટે જે અભિપ્રાય આપે છે, તે માટે શો આધાર છે એ ખબર પડતી નથી.

યશોવિજયજી અને વિજયપ્રભસૂરિને અણરાગ હતો એ માટે બીજો કોઇ નક્કર પૂરાવો નથી.

માફીપત્ર શંકાસ્પદ લેખાયું છે.

## માફીપત્ર અંગે કાપડીયા એ કરેલ શંકા

માફીપત્ર નો આરંભ યશોવિજયજીની કૃતિઓમાં મળતા 'ઐ'ને બદલે 'ૐ' કેમ થયો છે?

માફીપત્રમાં માસ, તિથિ, અને વાર કેમ નથી?

હું આમ ન કરું તો મને અમુક પાપ લાગે એ કથન જૈન દષ્ટિએ સંમત છે?

માફીપત્રમાં યશોવિજયજીના જ હસ્તાક્ષર છે?

માફીપત્રની સૌથી પ્રાચીન નકલ કઇ છે?

ભટ્ટારક અને સૂરીશ્વર તરીકે નિર્દેશાતી વ્યકિત યશોવિજય જેવા સાક્ષર પાસે ઉપર મુજબનું માફીપત્ર લખાવે ખરી?

ઉપરોકત શંકાઓ કેટલી વજનદાર ગણાય તે પ્રશ્ન છે.અન્ય જૈન-ગચ્છો-મતોની

કટુસમીક્ષા કરવા માટે ગચ્છનાયક વિજયદાનસૂરિએ ધર્મસાગરના ગ્રંથને જલશરણ કરાવેલો અને તેમની પાસે ચતુર્વિધ સંઘ સમક્ષ માફી મંગાવવામાં આવેલી, અહીં યશોવિજયજીનું માફીપત્ર લેખિત છે.

યશોવિજયજીનું વ્યક્તિત્ત્વ સંપ્રદાયમાં જુદું પડી આવ્યું હશે જ. એમણે મૂર્તિ પ્રતિષ્ઠા જેવા કાર્યોમાં ઝાઝો રસ લીધો જણાતો નથી.

કોરી બાહ્ય ક્રિયાઓની એમણે અસારતા બતાવી અને જ્ઞાનનો મહિમા કર્યો. જ્ઞાનથી આગળ વધી અનુભવનું મહત્ત્વ કરવા સુધી એ ગયા.

આનંદઘન જેઓ સંપ્રદાય બહાર રહેલા યોગી હતા તેમનો સંગ કર્યો.

સંપ્રદાયમાં દેખાતા અનિષ્ટોની ટીકા કરી. આ બધું એમને માટે વિરોધીઓ ઉભા કરનારું બન્યું હોય.

એમનો તેજો-દ્વેષ પણ કેટલાકે અનુભવ્યો હોય અને નિંદક દુર્જનોનો પરિતાપ તેમણે વ્યક્ત કર્યો છે.

એમના સાહિત્યની જોઈએ તેવી સંભાળ રાખવામાં નથી આવી એવી છાપ પણ પડે છે.

સં.૧૭૧૭માં માફીપત્ર,સં.૧૭૧૮માં ઉપાધ્યાયપદ એ ઘટનાઓનો તાલ -મેલ મળે છે.

આમ છતાં માફીપત્રની વાત કઢંગી લાગે છે. યશોવિજયજી જેવા આવું માફીપત્ર લખી આપે ખરા? તે પણ પદવી માટે? જો લખી આપવું પડ્યું હોય તો પરિસ્થિતિ ઘણી કઠિન બનેલી હોવી જોઈએ.

માફીપત્રની અંદર મણિચંદ્ર અને શ્રાવકને શ્રી પૂજ્યજી ઉપર તથા ગચ્છના સાધુઓ ઉપર અનાસ્થા આવ્યાની વાત છે. તે સંવેગી સાધુઓ માટેના વ્યવહાર મર્યાદાના ૪૨ બોલના એક લખાણમાં સહી કરનારાઓમાં યશોવિજયજીની સાથે છે. તે મણિચંદ્રઋષિ હોવા જોઈએ. એ બોલના લખાણમાં જયસોમગણિ, સત્યવિજયગણિ વગેરે બીજા થોડાક પણ છે.

ઉપરોકત વિવિધ તર્ક-વિતર્ક કરતા એવું અનુમાન કરી શકાય પૂ.ઉ. યશોવિજયજીને સંઘ તથા સમાજ સાથે ઘણો સંઘર્ષ કરવો પડ્યો હશે. માફીપત્ર અંગે હજુ વધુ શોધખોળ કરવી જોઈએ.[૨૦]

## -: શાસનપત્ર:-

યશોવિજયજીનું એમના જ હસ્તાક્ષરમાં શાસનપત્ર મળી આવ્યું છે. એમના જ હસ્તાક્ષરમાં હોય તેવું જણાયું છે. (જુઓ જિનવિજય, જૈન ઐતહાસિક સાહિત્ય, આત્માનંદપ્રકાશ વર્ષ ૧૩ અં.૬) એનો આરંભ આ પ્રમાણે છે. ''સંવત ૧૭૩૮ વર્ષ વૈશાખ સિત્ત ૭ ગુરૌ મહોપાધ્યાય શ્રીયશોવિજયગણિભિ: શ્રધ્ધાન જલ્પપટ્ટકો લિખ્યતે સમસ્ત પરિણત સમવાય યોગ્યં.'' આમાં સાધુઓએ પાળવાના આચારો વિષયક પાંચ બોલ છે. આ શાસનપત્ર એમ બતાવે છે તેઓ સંપ્રદાયમાં પ્રતિષ્ઠિત થઇ ચૂકયા છે.

<u>આનંદઘન સાથેનો સંપર્ક:-</u> સુજસવેલીમાં આનંદઘન સાથેનો યશોવિજયજીનો ઉલ્લેખ મળતો નથી. યશોવિજયજી આનંદઘનને કયાં અને કયારે મળ્યા એ વિશે કોઇ માહિતી મળતી નથી. કાશી જતાં કે આવતાં મળ્યા હશે એ ચોક્કસ અનુમાન થઇ શકતું નથી. યશોવિજયે 'આનંદઘન અષ્ટપદી' રચી છે. એ કારણે પણ બન્ને મળ્યા છે ચોક્કસ તે અષ્ટપદીમાં સ્પષ્ટ નિર્દેશ છે.

જશ વિજય કહે સુનોહો આનંદઘન, હમ તુમ મિલે હજૂર.
એરી આજ આનંદભયો, મેરે મુખ નીરખ નીરખ.
આનંદઘન કે સંગ સુજસ હી મિલે જબ, તબ આનંદસમ ભયો સુજસ.

ઉપરોકત પદોમાં યશોવિજય જેમ આનંદઘનને સંબોધે છે. તેમ આનંદઘનના એક પદમાં પણ યશોજિય ને સંબોધન મળે છે.

''આનંદઘન કહે ,જસા સુનો બાતાં''

અષ્ટપદીમાં યશોવિજયજીની આનંદઘન સાથેની એવી ગાઢ આત્મીયતા વ્યક્ત થઇ છે.

આનંદઘનજીનું મૂળ નામ લાભાનંદ. તેઓ રાજસ્થાનના હોય એમ જણાય છે. મસ્ત અવધૂત તરીકે વિચરતા આ જૈન સાધુ વિશે બીજી કોઇ માહિતી મળતી નથી. એ સં.૧૬૫૦ થી ૧૭૧૦ સુધી અવશ્ય વિદ્યમાન હશે એવું અનુમાન થઇ શકે છે.

( મોહનલાલ દલીચંદ દેસાઇ ''શ્રી અધ્યાત્મ શ્રી આનંદઘન અને શ્રી યશોવિજય'')

ઉપાધ્યાયજી મ.સા.એ એક સ્થળે એવું નોધ્યું છે કે, આનંદઘનજીએ પોતાના માટે પારસમણિનું કામ કર્યુ છે. પોતાને લોઢામાંથી કંચન બનાવનાર આનંદઘનજી નિમિત્ત બન્યા છે. અંદર તો બીજ પડયું જ હતું જ્ઞાનાભ્યાસ થાય પણ તેનું ફળ અધ્યાત્મ- આત્માનુભવમાં આવવું જોઇએ. નહિ તો શાસ્ત્રાભ્યાસ કેવળ બુધ્ધિનો વ્યાયામ જ બની રહે. ઉપાધ્યાયજી મ.સા. આ વાતથી જાગૃત હતા. એ એમના શબ્દોથી પકડાઇજાય છે. परिणति फलं शासन रुचि અને સાચેજ તેઓના ઉત્તર કાળમાં

જે જે રચના થઇ છે. તેમાં સ્પષ્ટ રીતે આધ્યાત્મિક ભાવોના ઉર્ધ્વારોહણનો નકશો જોવા મળે છે. એક બાજુ રચનામાં પ્રાકટતા અને પ્રૌઢતાનાં દર્શન થાય છે. તો બીજી બાજુ ગુણવત્તા અને ઇયતા જોવા માળે છે. આમ તેઓ બન્નેમાં સફળ થયા છે.[21]

લોકનિંદા વખતે પણ પૂ.આનંદઘનજીનો તેમણે પક્ષ લીધો છે,

''કાઉ આનંદઘન છિદ્ર હી પેખત, જસ રાય સંગ ચડી આયા.''

કોઇ સ્થૂળ ઘટનાનો આમાં નિર્દેશ જોવાની અનિવાર્યતા નથી. યશોવિજયજી આનંદઘનને પડખે રહ્યા છે. એમના પક્ષમાં હંમેશા રહ્યા એટલું અભિપ્રેત હોઇ શકે.

આનંદઘનજીએ પણ પૂ.ઉ.યશોવિજય માટેનો અનુરાગ વ્યકત કર્યો છે.

''સુયશ રસ મેઘન કે હમ મોર''

લોકનિંદા વખતે પણ ''આનંદઘન આનંદ રસ ઝીલત'' અને ''દેખત હી જસ ગુણપાયા'' આનંદઘનજીની આ મસ્તીનો સ્પર્શ યશોવિજયજીને પણ થયો છે. આનંદઘનની સમીપતાથી એમને અધ્યાત્મ સાધનાનો અદ્‌ભૂત માર્ગ મળ્યો છે. આનંદઘનના સંપર્કથી આનંદ અને સમતાથી ભરી અદ્‌ભૂત આત્મદશા પ્રગટી છે.

પૂ.યશોવિજયજીના શબ્દો, આનંદઘનજીએ મને લોઢામાંથી કંચન બનાવ્યો છે.

અધ્યાત્મદશાની ઉત્કૃષ્ટ અવસ્થામાં બન્ને મહાપુરુષો રાચતા હતા એવું કહી શકાય.

## ગુરુ-શિષ્ય પરંપરા

પૂ.ઉ.યશોવિજયજીની ગુરુપરંપરાનો ઉલ્લેખ 'પ્રતિમાશંતક'માં આપ્યો છે.[22]



ગુરૂપરંપરા- મોગલસમ્રાટ અકબર દ્વારા સન્માનિત 'જગદ્‌ગુરુ'. હીરવિજયસૂરિજીના સંતાનીય થાય છે. એમની ચોથી પેઢિએ એઓ થાય છે. આ સૂરિવર્યને અનેક શિષ્યો હતા. અહીં ઉપાધ્યાય કલ્યાણવિજયજીગણિ અને ઉપાધ્યાય કીર્તિવિજયજીગણિ પ્રસ્તૃત છે. એ કલ્યાણવિજયગણિને લાભવિજયગણિ નામે શિષ્ય હતા જ્યારે કીર્તિવિજયગણિને વિનયવિજયગણિ નામના શિષ્ય હતા. લાભવિજયગણિને જીતવિજયગણિ અને નયવિજયજીગણિ એમ બે શિષ્યો હતા. નયવિજયજીગણિ ને ચારિત્રનાયક યશોવિજયગણિ અને પદ્મવિજય એમ બે શિષ્ય હતા.

યશોવિજયજી ગણિએ પોતાના ગુરુ-પ્રગુરુ અને પ્રગુરુના ગુરુને અમુક અમુક વિશેષણોથી વિભુષિત કર્યા છે. જેમકે નયવિજયજીને એમણે વિબુધ અને પ્રાજ્ઞ, જીતવિજયજીને બુધ, લાભવિજયજી તો હેમચન્દ્રસૂરિજીની જેમ વ્યાકરણ વિશારદ અને કલ્યાણવિજયજીને વાચક તેમજ વાદિ-ગજ-કેસરી કહ્યા છે.

## શિષ્ય પરંપરા

યશોવિજયજીને શિષ્યો હતા કારણકે તર્કભાષાની પ્રશસ્તિ (શ્લો-૪)માં તેઓ જણાવે છે કે આ ગ્રન્થ તેઓએ શિષ્યની પ્રાર્થનાથી રચ્યો છે. પરંતુ શિષ્યના નામનો ઉલ્લેખ કર્યો નથી.

યોગદૃષ્ટિ સજ્ઝાયની ટબ્બા સહિતની એક હાથ-પોથી દેવશિષ્યગણિએ વિ.સં.૧૭૯૭ લખી છે. એના ટબ્બાના અંતમાં એમણે પોતાની ગુરુ પરંપરા પુષ્પિકા રૂપે આપી છે. એ ઉપરથી તેમજ પ.સ.(ભાગ.૧) ગત-ગુરૂમાલા (પૃ.૧૦૬.ટિ) ઇત્યાદિ ઉપરથી શિષ્યપરંપરા નીચે મુજબ દર્શાવી છે

યશોવિજયગણિ
- હેમ વિજય
- જિન વિજય
  - સૌભાગ્ય વિ. ગણિ
  - રૂપ વિજય ગણ
- પૂ.ગુણ વિજય ગણિ
  - કેશર વિજય
    - વિનિત વિજય
      - દેવ વિજય ગણિ (વિ.સં.૧૭૯૭માં યોગદૃષ્ટિ સજ્ઝાયની નકલ કરનાર) (વિ.સં. ૧૮૨૧ અષ્ટપ્રકારી પૂજા રચનાર)
  - સુમતિ વિજય
    - ઉત્તમ વિજય (વિ.સં.૧ ઉ.માં નવપદ પૂજનકર્તા)
- દયા વિજય
- મયા વિજય
- માન વિજય ગણિ (વિ.સં.૧૭૪૫)
- મણિ વિજય
- માણેક વિજય
- તત્ત્વ વિજય

**ઉપાધ્યાય શ્રી યશોવિજયની ગુરુ-શિષ્ય પરંપરામાં મુનિ ધુરન્ધરવિજયજીએ જણાવ્યું છે કે,**

ચંદરાજાનાં રાસની ૧૯માં સૈકાની એક પ્રતિ જોવામાં આવી તેની પુષ્પિકામાં ઉપા.યશોવિજયજીની પરંપરા વિશે વાંચતા ખ્યાલ આવ્યો કે સં.૧૮૬૬ સુધી તો તેમની પરંપરા પ્રવર્તતી જ હતી. ત્યાર પછી પણ કેટલોક વખત તે ચાલુ રહી હોય તે બનવા જોગ છે.[૨૩]

તે પુષ્પિકા આ પ્રમાણે છે,

संवत्त १८६६ वर्षे आसो सुदि २ दिने वार बुधे सकल भट्टारक पुरन्दर भट्टारक श्री श्री १०८ हीरविजयसूरीश्वरजी तत् शिष्य महोपाध्याय श्री श्री १०८ श्री कल्याण विजयगणि तत् शिष्य सकल पण्डित शिरोमणी पण्डित श्री १९ लाभविजयगणि तत् शिष्य सकल पण्डित शिरोमणी नयविजयगणि .तत् शिष्य सकल वाचक पुरन्दरवाचक चक्र चक्रवर्ती महोपाध्याय श्री श्री १०८ महोपाध्याय श्री श्री श्रीमत् यशोविजयगणि तत् शिष्य सकल पण्डित शिरोमणी पण्डित श्री १९ श्री गुणविजयगणि तत् शिष्य सकल वाचक पुरन्दर वाचक महोपाध्याय श्री श्री १०८ श्री सुमतिविजयगणि तत् शिष्य सकल पण्डित शिरोमणी पण्डित श्री श्री उत्तमविजयगणि तत् शिष्य सकल पण्डित शिरोमणी पण्डित श्री श्री १९ श्री प्रताप विजयगणी तत् शिष्य पं.गंगविजयेन लिपी कृतं च भूधरजी-कान्हुजी-रामजी वाचनार्थी श्री मुंबई बंदिरे श्री गोडीपार्श्वनाथ प्रसादात्। श्री रस्तु कल्याणमस्तु श्रेयोस्तु शुभं भवतु।।

આના ઉપરથી ઉપાધ્યાયજી મહારાજની પાંચ પેઢિ સુધી તો શિષ્ય પરંપરા ચાલી હતી તે નક્કી થાય છે અને વધુમાં તેમની પાંચમી પેઢિના શિષ્ય મુંબઈ પણ ગયા હતા અને ગોડીજીના પ્રખ્યાત જિનાલયમાં આ પોથી તેઓએ લખી છે તે પણ જાણવા મળે છે.

ઉપરોકત વિષયથી તેમની પરંપરા અંગે વિસ્તૃત તથા સચોટ માહિતી મળે છે.

## ઉપાધ્યાય યશોવિજયજી માટે પ્રચલિત દંતકથાઓ:-

- ઠવણીના ચાર છેડે તેઓ પાંડિત્યના ગર્વસૂચક ચાર ધજાઓ બાંધતા હતા. એમને સુવર્ણ સિધ્ધિ પ્રાપ્ત થઇ હતી. એમનો પ્રાણ લેવા પ્રયત્નો થયા હતા, ખંભાતમાં એમણે વાદ કરેલ અને ત્યાંજ કાશીથી આવેલ વિદ્યાગુરુનું એમણે બહુમાન કરેલું વગેરે.

પણ આ બધી વાત માટે કશો આધાર નથી.

• ઉપાધ્યાયજી મહારાજ કાશીથી અભ્યાસ કરી તાજા જ આવેલાં અને સાંજે ગુરુ મહારાજ સાથે પ્રતિક્રમણ કરતાં.સજ્ઝાય બોલવાનો સમય થતાં ગુરુમહારાજે બોલવી શરૂ કરી ત્યારે શ્રાવકોએ ગુ.મ.સા.ને સૂચન કર્યું કે સાહેબ, આપના વિદ્વાન શિષ્ય કાશીમાં અભ્યાસ કરી આવ્યા છે. તો તેમને સજ્ઝાય બોલવા કહો. તો કાંઇક નવું સાંભળવા જાણવા મળે. ગુરૂજીએ કહ્યું બોલ ત્યારે! ઉ.મહારાજે કહ્યું સજ્ઝાય તો આવડતી નથી. ત્યારે શ્રાવકોમાંથી કોઇક બોલી ઉઠયુંકે, બાર વરસ કાશીમાં રહી શું ઘાસ વાઢયું? ઉ.મ.સા. ચૂપ રહ્યા. પરંતુ બીજે દિવસે સજ્ઝાયનો અવસર પામી કહેવા માંડી. વખત ઘણો વીતવા માંડયો. બધા અકળાયા પણ ઉ.મહારાજે તો બોલવી ચાલુ રાખી. એટલે ટકોર કરનાર અકળાઇ જવામાં પણ ઉત્તાવળા તેથી કહ્યું: હવે કયાં સુધી ચાલશે? ઉ.મ.સા કહ્યું કે, કાશીમાં બાર વર્ષ વાઢેલા ઘાસના આ તો પૂળા બંધાય છે. ટકોર કરનાર શ્રાવકે ક્ષમા યાચી.

• (યશો.વિ.સ્મૃતિ.ગ્રં.શ્રીયૂતનિર્મલ પેજ નં.૯૧)

• યશોવિજયજી શ્રુતસમાધિ દશામાં ''આટલી પંકિત જરા સુધારી લઉ, આ જરા પુરુ કરી લઉ.'' એમ કહી ગોચરી માટે ઉઠતા નહીં ત્યારે એમનાં શિષ્ય હેમવિજય એમના હાથમાં પાનાં ખેંચી લઇ, હાથ ઝાલી ઉઠાડી, આહાર કરાવત્તા એવી એક કથા નોંધાયેલી છે. પણ એને માટે શો આધાર છે. તે જાણવા મળતું નથી. (ગોરધનદાસ વીરચંદ, યશોસ્મૃ ગ્રં. પૃ.૧૭૩. ત્યાં હેમવિજયના એક પદનો નિર્દેશ છે, પણ એ પદમાં આ હકીકત નથી.) યશોવિજયજીની ઉત્કટ જ્ઞાનપાસનાને ઉઠાવ આપવા જોડી દેવામાં આવેલી દંતકથા જણાય છે.

• યશોવિજયજી નર્મદાના કિનારે સિનોર પાસે આવેલા નિકોરા ગામમાં ઘણો સમય રહ્યા હતા અને ત્યાં એમના ગ્રંથસંગ્રહ હતો એમ કહેવાય છે. પણ આનું કોઇ પ્રમાણ નથી. અલબત માનવિજય ગણિના નિર્દેશ પરથી યશોવિજયજીનો ગ્રંથભંડાર તો હતો એટલું નિશ્ચિત થાય છે. અને યશોવિજયજીની જ્ઞાનોપાસના જોતાં એ સ્વાભાવિક લાગે છે. પણ એ કયાં છે. એની કોઇ આધારભૂત માહિતી મળતી નથી.

(ઉ.યશો.વિ.સ્વાધ્યાય ગ્રંથ.પેજનં.૨૮-૨૯)

## સ્વર્ગવાસ (કાળધર્મ)

સુજસ યશોવિજયજીના સં.૧૭૧૮ના વાચકપદના પ્રસંગ પછી સીધી સ્વર્ગવાસના પ્રસંગપર આવે છે.એ કહે છે, કે સં.૧૭૪૩માં ડભોઇમાં યશોવિજય પાઠક ચાર્તુમાસ રહ્યા હતા. અને ત્યાં અનશન પૂર્વક દેવગતિને પામ્યા. ડભોઇમાં

શીતતલાઇ પાસે એમનો સ્તૂપ ઉભો કરવામાં આવ્યો છે. જેમાંથી એમના સ્વર્ગવાસદિને એટલે કે પુન્યતિથિએ ન્યાય ધ્વનિ પ્રગટે છે.

ઉ.યશોવિજય ચાર્તુમાસ દરમિયાન સ્વર્ગવાસ પામ્યા કે તે પછી કોઇ વખતે એની સ્પષ્ટતાપૂર્વક ઉલ્લેખ સુજસમાં મળતો નથી. પણ એમાં બીજી સાલ આપી નથી તેથી ચાર્તુમાસ દરમિયાન જ સ્વર્ગવાસ પામ્યાનું એને અભિપ્રેત હોવાનું વધારે સંભવિત છે.[૨૪]

પણ યશોવિજયના સ્વર્ગવાસના વર્ષ વિશે કેટલીક શંકાઓ વ્યકત થઇ છે. એનું એક કારણ ડભોઇમાં પ્રતિષ્ઠિત કરવામાં આવેલી એમની પાદુકા પરનું સં.૧૭૪૫નું વર્ષ છે. કેટલાકે આને એમનું સ્વર્ગવાસ વર્ષ માની લીધું છે. પરંતુ એ તો પાદુકા તૈયાર કરાવી પ્રતિષ્ઠિત કર્યાનું વર્ષ છે. પાદુકા અમદાવાદમાં કરવામાં આવી છે. પાદુકા પરનું લખાણ સ્પષ્ટ છે.

''સંવત ૧૭૪૫ વર્ષે પ્રવર્તમાને માર્ગશીર્ષમાસે શુકલપક્ષે એકાંદશી તિથૌ (ગુરૂ પરંપરા) શ્રી જસવિજય ગણિનાં પાદુકા કારાપિતા, प्रतिष्ठिताऽत्रेयं, તરચરણ સેવક...વિજયગણિના રાજનગરે.'' આ બધું થતાં કેટલોક સમય વીત્યો જ હોય. સં.૧૭૪૩નું ચાર્તુમાસ ન જ રહ્યું હોય. વળી સં.૧૭૪૫માં શંત્રુજય પર પણ પાદુકા સ્થાપિત કરવામાં આવી છે. એટલે એ વર્ષને યશોવિજયજીનું અવસાન વર્ષ માનવાનું ખોટું જ છે.

પણ સં.૧૭૪૩ના સ્વર્ગવાસ વર્ષ સામે બીજો પ્રશ્ન વિચારણીય છે. સુરતમાં રચાયેલી બે કૃતિઓ 'અગિયાર અંગની સજ્ઝાય' તથા 'પ્રતિક્રમણ હેતુ ગર્ભિત સજ્ઝાય'માં યશોવિજયજીએ રચ્યા વર્ષ 'યુગ-યુગ મુનિ વિધુ' દર્શાવ્યું છે. યુગ એટલે ચાર એમ અર્થ લેતા રચ્યા સંવત ૧૭૪૪ થાય અને તો સં.૧૭૪૩ એ સ્વર્ગવાસ વર્ષ ખોટું ઠરે. પરંતુ યુગ એટલે બે એમ ઘટાવતા રચ્યા સંવત ૧૭૨૨ ઠરે અને સં.૧૭૪૩એ અવસાન વર્ષને બાધ ન આવે. સં.૧૭૪૩ના પક્ષમાં એક બીજી મજબૂત દલીલ પણ થઇ છે. જો બન્ને 'યુગ' શબ્દનો અર્થ ચાર-ચાર કરીએ તો ૧૭૪૪ની સાલનાં સુરતનાં ચાર્તુમાસમાં બંને સ્વાધ્યાયોની રચના કરી એમ નિશ્ચિત થાય. એટલે જૈન સાધુના નિયમ મુજબ કાર્તિક સુદિ ચૌદસ સુધી ત્યાંજ રહ્યા હતા તે સુનિશ્ચિત થયું. હવે પાદુકા ઉપરના લેખમાં ૧૭૪૫ની સાલ અને માગસર સુદિ ૧૧ની અંજનશલાકાને તે રાજનગર અમદાવાદમાં કર્યાનું જણાવ્યું છે. તેમનો દેહ ડભોઇમાં જ પડ્યો તે વાત સુનિશ્ચિત છે. સુરતનું ૧૭૪૪નું ચાર્તુમાસ કાર્તિક સુદિ પૂનમે કરી શકે. પૂનમે વિહાર કરી ડભોઇ આવી પહોંચે. તુરતાતુરત અનશન કરવાના સંયોગો ઉભા થાય, કાળધર્મ પામે. અને રેલગાડી કે મોટરના સાધન વિનાના જમાનામાં અમદાવાદ સમાચાર

પહોંચી જાય. સંગેમરમરની કમલાસનસ્થ પાદુકા પણ બની જાય અને અજંન થઈ જાય આ બધુ સંભવિત લાગે ખરું ?

મુનિયશોવિજયજી આમા 'ના' જવાબ આપે છે.

ઉપરોકત વિવિધ તર્ક-વિતર્કથી યશોવિજયજીના સ્વર્ગગમનનું વર્ષ સં.૧૭૪૩ હાલ તો સુનિશ્ચિત થાય છે.[૨૫]

અનુકાલીનોમાં ઉપાધ્યાય યશોવિજયજીઃ-

પૂ.યશોવિજયજી જેવા વિદ્ધવાન્ બહુ લોકપ્રિય ન બને એ સમજાય એવું છે. પણ એમને એમની યોગ્ય કદર કરનાર વિદ્યારસિકો તો મળી રહેતા હોય છે. એમાં સંપ્રદાય-સમુદાયના ભેદ અપ્રસ્તૃત થઈ જતા હોય છે. યશોવિજયજીના કેટલાક ગ્રંથો ઉત્તમ રીતે ઝિલાયાના પ્રમાણો જૈનસાહિત્ય ઈતિહાસ. જૈન.ગુ.કવિઓ માં મળે છે.[૨૬]

• જ્ઞાનવિમલસૂરિ (સં.૧૬૪૯-૧૭૮૨) યશોવિજયજીના સમકાલીન અનુકાલિન ગણાય. વળી આચાર્યપદને શોભાવનારા એમણે યશોવિજયજીની બે ગુજરાતી કૃતિઓ '૩૫૦ ગાથાનું સીમંધર સ્તવન' તથા 'આઠયોગ દ્રષ્ટિ સજ્ઝાય' પર બાલાવબોધ રચ્યા છે.

• પૂનમિયાગચ્છના ભાવપ્રભસૂરિએ સં.૧૭૯૩માં યશોવિજયજીના 'પ્રતિમાશતક' પર વૃત્તિ રચી છે. એમણે 'નયોપદેશ'ની સંક્ષિપ્ત ટીકા એના પર્યાય પણ આપેલ છે.

• સંસ્કૃતમાંથી કૃતિ ગુજરાતીમાં ઉતરેએ વ્યાપક રૂઢિ છે. પણ તપગચ્છના વિનીતસાગરશિષ્ય ભોજસાગરે, વિજયદયાસૂરિરાસસં.૧૭૮૫- ૧૮૦૯ યશોવિજયના દ્રવ્ય-ગુણ-પર્યાય રાસને આધારે સંસ્કૃતમાં 'દ્રવ્યાનુંયોગ તર્કણા' નામે ગ્રંથ પોતાની જ ટીકા સાથે રચ્યો છે. આ ઘટના યશોવિજયજીની કૃતિની મહત્તા બતાવે છે.

તપગચ્છના જિનવિજયશિ, ઉત્તમવિજયે સં.૧૭૯૯માં 'સંયમ શ્રેણીગર્ભિત' મહાવીર સ્તવનની રચના યશોવિજયજીની એ વિષયની સજ્ઝાયને વિસ્તારી કરી છે. વીર સ્તૃતિરૂપ હુંડીનું સ્તવન, સવાસો ગાથાનું સીમંધર સ્તવન તથા સાડી ત્રણસો ગાથાનું સીમંધરસ્તવન એ એમના શિષ્ય પદ્મવિજયે સં ૧૯મી સદીમાં બાલાવબોધો રૂપે રચ્યા છે.

વ્યક્તિત્વઃ-

ઉપાધ્યાય યશોવિજયજીને સૌ પ્રથમ કાશીના પંડિતોએ એમને 'તાર્કિક', 'ન્યાયવિશારદ' ને 'ન્યાયાચાર્ય'નાં બિરુદો આપી વધાવ્યા. જૈન સંપ્રદાયે તેમને ગણિ

તથા ઉપાધ્યાય પદથી વિભૂષિત કર્યા જ છે. તથા સુજસવેલીમાં તેમની વારંવાર વિદ્વતાની અનુમોદના કરી છે. તેમને કલિયુગના 'શ્રુતકેવલી', 'કુર્ચાલીશારદ' તથા હરિભદ્રના લઘુબાંધવ-'લઘુહરિભદ્ર' તરીકે બિરદાવ્યા છે.[२७]

પૂ.હરિભદ્રસૂરિની જેમ એ અજૈન દર્શનમાં પણ પ્રકાંડ પંડિત હતા અને એમાંથી ઈષ્ટઅંશો એમણે સ્વીકૃત કર્યા છે. તેથી એમને લઘુહરિભદ્ર તરીકે ઓળખાવ્યા છે.[२८]

પૂ.માનવિજય ગણિએ તેમને શ્રુત કેવલીનો અવતાર કહેલા.

નવ્યન્યાયને ગુજરાતમાં ગુજરાતી, ષડ્દર્શનવેત્તા, સંસ્કૃત, પ્રાકૃત, હિંદી, રાજસ્થાની, આણનાર આદિ સર્વ ભાષા તથા કાવ્ય, છંદ, અલંકાર, વ્યાકરણ, દર્શન એ સર્વવિદ્યાઓમાં મહત્ત્વનું અર્પણ કરનાર ઉપાધ્યાય યશોવિજયજી માત્ર જૈન વિદ્વતાના જ નહિ પણ હેમચન્દ્રાચાર્ય પેઠે ગુજરાતી વિદ્વતાના મહાન પ્રતિનિધિ છે. ભારતભરના સંસ્કૃત વિદ્વાનોમાં પણ એમનું ઉજ્જવલ સ્થાન છે.

ઉપનિષદ્ દર્શનો અને બૌધ્ધગ્રંથોનું આટલું વાસ્તવિક પરિપૂર્ણ અને સ્પષ્ટ જ્ઞાન એમની અપૂર્વ પ્રતિભા અને કાશી સેવનનુંજ પરિણામ છે.

એક જગ્યાએ પં.સુખલાલજી જણાવે છે કે, તેઓ જન્મ સંસ્કાર સંપન્ન, શ્રુતયોગસંપન્ન, અને આજન્મ બહ્મચારી ધુરંધર હતા.

જૈન તથા અજૈન બધા જ અલગ-અલગ મતો હોવા છતાં તેઓ પોતાનું આગવું વ્યકિતત્વ મૂકીને ગયા છે. આચાર્યપદ એમને ભલે કોઈપણ કારણસર નથી મળ્યું પરંતુ તેઓ સમગ્ર જનસમુદાય માટે અવિસ્મરણીય સાહિત્ય ભંડાર મૂકીને ગયા છે. જેમાંથી હજુ પણ તેમના વ્યક્તિત્ત્વની મહેંક આવે છે.

## ઉપાધ્યાય યશોવિજયજીનું વિરાટ સાહિત્ય સર્જન:-

સાહિત્ય દ્વારા જ તેમની અભિવ્યક્તિ ઓળખી શકાય છે. તેમના ગુણો, સિધ્ધાંતો, બુધ્ધિની તીક્ષ્ણતા, પાંડિત્ય વગેરે અનેક ગુણોની સુવાસ સાહિત્ય દ્વારા મળે છે. તેમના જીવન વિશે થોડું મળે છે પણ એમના સાહિત્યનો વિરાટ સમુદ્ર આપણા હૃદયને ભીંજાવ્યા વગર ન રહે એવો મજબુત અને સંવેદન શીલ છે.

ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજના જીવન અને વિદ્યાની ઉપાસના સમજવા જેવી છે. તેઓનું શ્રુત અને શીલ બન્ને એવા પ્રકારનાં છે કે આપણી અલ્પબુધ્ધિ સમ્યગ્ રીતે સમજી ન શકે.

શ્રુતસાગર અવગાહનની રીત નિરાળી છે. એક પ્રસંગે તેઓ લખે છે. આ વાત છે

વિશેષાવશ્યક ભાષ્યના આધારે તેમણે રચેલા ગ્રન્થ જ્ઞાનાર્ણવની. તેમાં લખ્યે છે.

ग्रन्थान्तरं रत्नजिधृक्षयाऽन्ये जडास्तडागं परिशीलयन्ति ।
रत्नाकरं जैनवचोरहस्यं, वयं तु भाष्यं परिशीलयामः ।।

અર્થાત:- જડમાણસો તત્ત્વરૂપી રત્ન મેળવવા માટે અન્ય ગ્રન્થો રૂપી તળાવનું પરિશીલન કરે છે. જ્યારે અમે તો જૈનવચનોના રહસ્યથી ભરેલા વિશેષાવશ્યક ભાષ્યરૂપી રત્નાકર(સમુદ્ર)નુંજ પરિશીલન કરીએ છીએ.

આ શ્લોક દ્વારા તેઓએ પોતાની અધ્યયન શૈલીનો આદર્શ રજુ કર્યો છે. સુજસવેલી ભાસમાં એક સુંદર ઉપમા પ્રયોજી છે.

''સાકરદલમાં મિષ્ટતાજી, તિમ રહી મતિ શ્રુત વ્યાપ'

જેમ સાકરનાં ગાંગડામાં અણુ અણુમાં મીઠાશ વ્યાપેલી હોય છે. તેમ તેઓની મતિ શ્રુતમાં વ્યાપી રહે છે. તેથી જ સામાન્ય વિદ્યાર્થી જે અભ્યાસક્રમ ભણી લેતાં પૂરાં બાર વર્ષ લાગે તે અભ્યાસક્રમ તેઓ માત્ર ત્રણ વર્ષમાં ભણી લે છે.

પોતેજ વિ.સં.૧૭૪૨ની સાલમાં સુરતમાં રચેલી અગ્યાર અંગની સજ્ઝાયમાં એક કડીમાં કહે છે કે,

''ખાંડ ગળી સાકર ગળી વળી અમૃત ગળ્યું કહેવાય
માહરે તો મતિ શ્રુત આગળે તે કોઈ ન આવે દાય.''

શ્રુતજ્ઞાનનો સ્વાદ પોતે ચાખેલો તેથી તે સિવાયના તમામ પદાર્થમાંથી તેઓનું મન વિરામ પામી ગયેલું.[૨૯]

## પ.પૂ.ઉ.યશોવિજયજીના સાહિત્યની ઝલક:-

**ભાષારહસ્ય:-** ઉપાધ્યાય યશોવિજયજીએ 'ભાષારહસ્ય' ગ્રંથની રચનામાં ભાષા વિશેના વિચારોનું આલેખન કર્યુ છે. ચારિત્રના એક અંગ તરીકે ભાષાની વિશુધ્ધિ પર જૈન દર્શનમાં ભાર મૂકવામાં આવ્યો છે. ઉપાધ્યાયજી પણ માને છે કે વાણીનો સંયમ અને વાણીનું રક્ષણ ભાષા વિશુધ્ધિને આભારી છે.

આ ગ્રન્થમાં ઉપાધ્યાયજીએ ભાષાના મુખ્યચાર વિભાગો પાડ્યા છે, (૧)નામભાષા, (૨)સ્થાપનાભાષા, (૩)દ્રવ્યભાષા, (૪)ભાવભાષા. તે ઉપરાંત તેના પ્રભેદો પણ આપ્યા છે,

(૧) દ્રવ્યભાષાના ગ્રહણ, નિસરણ અને પરાઘાત અને ગ્રાહ્ય ભાષાની દ્રવ્યાદિની

અપેક્ષાએ વિચારણાની ચર્ચા કરી છે. ભાષા દ્રવ્યના સ્પૃષ્ટ અવગાઢ વગેરે નવદ્વાર, નિસૃતભાષાના ખંડ ઈત્યાદિ પાંચભેદ અને ઉદાહરણની સમાલોચના કરી છે. પરાઘાતનું સ્વરૂપ, ભાષાના દ્રવ્ય, શ્રુત અને ચારિત્રને લક્ષીને ત્રણ પ્રકારની ચર્ચા તથા દ્રવ્ય આશ્રયીને ભાષાના સત્યા, અસત્યા, મિશ્રા અને અનુભયા એમ ચાર પ્રકાર. વ્યવહારનય પ્રમાણે અને નિશ્ચયનય પ્રમાણે પહેલા બેજ પ્રકાર તથા પણ્ણવણામાં ભાષાના આજ્ઞાપની ઈત્યાદિ ચાર પ્રકારનો ઉલ્લેખ કર્યો છે. આરાધનાને આશ્રી ભાષાના ચાર પ્રકાર, સત્યાભાષાના દસપ્રકારના લક્ષણ તથા આ દસેય પ્રકારના ચાર-ચાર ઉપપ્રકાર, અસત્યાભાષાના દ્રવ્યાદિની અપેક્ષાએ ચારભેદ તેમજ અસત્યા મૃષાના દસ દસ પ્રકારો, અસત્યામૃષાના બાર પ્રકારો વર્ણવ્યા છે. કયા જીવને કઈ ભાષા વાપરવી સંભવે અને સાધુઓનો ભાષા પરત્વે કેવો વિવેક રાખવો તે સમજાવ્યું છે. આ કૃતિ ઉપર કર્તાએ પોતે જ સંસ્કૃતમાં વિવરણની રચના કરી છે. તેમાં ૬૭ સાક્ષી પાઠો મળે છે. અને અંતમાં નવપદ્યની, પ્રશસ્તિ આપી છે. તે ઉપરાંત કર્તાએ પોતાની ગુરુપરંપરાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે.

## અગિયાર અંગની સજ્ઝાય

ઉપાધ્યાય યશોવિજયજીએ ૧૧ ઢાળની ૭૩ કડીમાં આ રચના કરી છે. આ કૃતિમાં કર્તાએ જૈન આગમોમાં ૧૧ અંગોની મહત્તા અને પ્રાચીનતા વર્ણવ્યા છે. એ અંગોના નામો આ પ્રમાણે છે.

આચાર, સૂત્રકૃત, સ્થાન, સમવાય, વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ-ભગવતી, જ્ઞાતધર્મ કથા, ઉપાસકદશા, અંતકૃદશા. અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ, વિપાકશ્રુત.

દરેક અંગનો પરિચય આપવા માટે કર્તાએ એકેક ઢાળની રચના કરી છે. અને અંતમાં છ કડીનું લખાણ છે. જે 'કલશ 'રૂપે છે. અને દરેક ઢાલને મથાળે દેશીનો નિર્દેશ કર્યો છે. જે જે અંગના વિભાગ અને ઉપવિભાગ છે તેની સંખ્યાનો ઉલ્લેખ કરી કર્તાએ અતિસંક્ષિપ્તમાં દરેક અંગના વિષયનો પરિચય આપ્યો છે.

આ કૃતિની ભાષા ગુજરાતી છે.

## અઢાર પાપસ્થાનકની સજ્ઝાય:-

ઉપાધ્યાય યશોવિજયજી રચિત ૧૩૮ કડીવાળી આ રચના ગુજરાતી ભાષામાં છે.જૈન દર્શનમાં અઢાર પાપસ્થાનકો ગણાવવામાં આવ્યા છે. (૧)હિંસા, (૨)મૃષાવાદ, (૩)ચોરી, (૪)અબ્રહ્મ, (૫)પરિગ્રહ, (૬)ક્રોધ, (૭)માન, (૮)માયા, (૯)લોભ (૧૦)રાગ, (૧૧)દ્વેષ, (૧૨)કલહ, (૧૩)અભ્યાખ્યાન, (૧૪)પૈશુન્ય, (૧૫)રતિ-અરતિ, (૧૬)પરનિન્દા, (૧૭)માયા-મૃષાવાદ, (૧૮)મિથ્યાત્વ.

આ અઢાર પાપસ્થાનકો માટે કર્તાએ એકેક ઢાળ રચી છે. દરેક ઢાળની દેશી ભિન્ન છે. આ રીતે આ કૃતિ ૧૮ ઢાળમાં વિભક્ત છે. આ કૃતિની દરેક ઢાળમાં તે તે પાપસ્થાનકના સેવનથી થતી હાનિ અને એના ત્યાગથી થતા લાભ વિશે કર્તાએ પ્રકાશ પાડ્યો છે. આ રચનામાં કર્તાએ અનેક વ્યક્તિઓના ઉદાહરણો આપ્યાં છે તે ઉપરાંત ઉત્તરાધ્યયન, દસવૈકાલિક, સૂત્રાંગ વગેરેની સાક્ષી આપી છે.

આ કૃતિના અર્થ, રહસ્ય અને વિવેચન સદ્‌ગુણાનુરાગી કપૂરવિજયજીએ ગુજરાતીમાં લખ્યાં છે અને કુંવરજી આણંદજીએ ગુજરાતીમાં કેટલુંક વિવેચન કર્યું છે.

## -:સમાધિ શતક:-

ઉપાધ્યાય યશોવિજયજીએ 'સમાધિશતક'ની રચના તેમના જણાવ્યા પ્રમાણે આત્મબોધ માટે કરી છે. ૧૦૪ દુહામાં રચેલી આ કૃતિની ભાષા મિશ્ર ગુજરાતી અને રાજસ્થાની હિન્દી છે. આત્મલક્ષ્ય માટે રચેલી આ કૃતિમાં ભાષા, છંદ અને અલંકાર વગેરે કાવ્યને મનોહારી બનાવે છે.

આ રચનામાં કવિએ બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ દૃષ્ટાંતો દ્વારા સમજાવ્યું છે. સાચા સાધકને તેઓ હંસની ઉપમા આપે છે. જે નીર-ક્ષીરનો ભેદ એટલે કે આત્મા અને પુદ્‌ગલનો ભેદ સમજે છે. આત્માના જ્ઞાન પ્રકાશ તે કોઈ અગ્રાહ્ય વસ્તુ ગ્રહણ કરતો નથી. આત્માની સાધકતા બહિરાત્માને ત્યજી અંતરાત્મામાં પ્રવેશ કરે છે. પરમાત્માનું સાન્નિધ્ય તેને નિર્વિકલ્પ બનાવે છે. દેહ અને આત્માની ભિન્નતા જાણી લેનાર સાધક પરમાત્મભાવમાં સ્થિર થાય છે.

ધર્મના ઉપકારથી આત્મા ઉર્ધ્વગામી બને છે અને સાચું આત્મજ્ઞાન થવાથી અજ્ઞાનતાનો નાશ થાય છે. ઉપાધ્યાયના મતે સાચા પરમાત્માનું સ્થાન અંતરાત્મામાં જ છે. આત્મઘરમાં જ છે. રાગ, મોહ, મદ, ક્રોધ જેવા દૂષણોનો ત્યાગ કરી આાત્મસુખ આપનારી શુભ ભાવનાઓમાં રમણ કરવાનું કહે છે. વચનકર્મની એકતા દ્વારા સાચા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ વાત સમજાવી કવિ સંસારમાં ભમતા જીવને અંધકારમાં અથડાતા આંધળા જેવો કહે છે. પણ આત્મદર્શી જીવ પોતે જ ઉપદેશક બની જાય છે અને આત્મરમણ કરે છે. દેહનું હોવું એ સ્વપ્ન માને છે. દેહ -સંસાર અસાર છે તેથી અને પુણ્ય-પાપ, વ્રત-અવ્રત, વગેરેનો ત્યાગ કરે છે. આ બધા તત્ત્વોનું નિરૂપણ કરી નિશ્ચય અને વ્યવહારની સ્પષ્ટ સમજ આપે છે. પરમાત્માની આરાધના કરતા આરાધક પોતેજ પરમાત્મા બની જાય છે. સાચા કૃપાનીને કોઈ દુ:ખ નથી હોતું. શાસ્ત્રવાંચન પર ઉપાધ્યાયથી ભાર મૂકે. આમ વિવિધ વિષયો પર વિચારણા કરી મુક્તિનો માર્ગ બતાવ્યો છે.

ઉપાધ્યાય યશોવિજયજીએ આ કૃતિને લોકભોગ્ય બનાવવાના હેતુથી જૂની ગુજરાતી ભાષામાં રચી છે પણ તેમાં રાજસ્થાની હિન્દીનું પ્રાચુર્ય મોટા પ્રમાણમાં છે. અધ્યાત્મ જેવા શુષ્ક વિષયને રસમય અને હૃદયસ્પર્શી બનાવવા માટે કવિએ ઉપમા, રૂપક દૃષ્ટાંત તથા તે સમયની કહેવતોનો ઉપયોગ કર્યો છે. આ કૃતિમાં અધ્યાત્મનો આનંદ પ્રાપ્ત થાય છે.

## -:પ્રતિમાશતક:-

ઉપાધ્યાય યશોવિજયજીએ 'પ્રતિમાશતક'ની રચના વિ.સ.૧૭૧૩માં સંસ્કૃતમાં કરી છે. આ કૃતિમાં ૧૦૪ પદ્યો છે. આ કૃતિની વિશેષતા એ છે કે તે વિવિધ અલંકારોથી વિભૂષિત છે. આ રચનાનો મુખ્ય વિષય લુંપકોને એટલે કે મૂર્તિપૂજાના વિરોધીઓને જૈન સિધ્ધાન્તોની સાચી સમજ આપવાનો છે. આ ગ્રંથમાં તીર્થંકરોની પૂજા અર્ચના કરવાથી પ્રાપ્ત થતી સિદ્ધિની વાત કરવામાં આવી છે. આ કૃતિનો પ્રારંભ જિન પ્રતિમાની સ્તુતિથી કરવામાં આવ્યો છે. તથા નામાદિ ત્રણ નિક્ષેપની પ્રશસ્તતા, બ્રાહ્મી લિપિની જેમ જિન પ્રતિમાની પૂજ્યતા, લુંપકો સામે પ્રહાર જિન પ્રતિમાના દર્શનાદિનું ફળ, ચૈત્યના જ્ઞાન અર્થની અનુપત્તિ, જિનપ્રતિમાની જિન સાથે તુલ્યતા, સમ્યગ્ દ્રષ્ટિ દેવોને 'અધર્મી' કહેનારાના મતનું નિરસન વગેરે અનેક બાબતોની સદૃષ્ટાન્ત વિચારણા કરી છે.

તે ઉપરાંત ધર્મસાગરજી ગણિના અપ્રતિક્ષીત જિન પ્રતિમાની વંદના વિશેના મતનું ખંડન કર્તાએ કર્યું છે. અને પાશચન્દના મતની ચાર વિકલ્પમાં રજુઆત કરી તેનું કર્તાએ ખંડન કર્યું છે. જિનપૂજન પુણ્યનો હેતુ છે. તે વાતનું નિરસન કરી ગુરૂશરણા લેવા કહ્યું છે. શંખેશ્વર પાર્શ્વનાથને સંબોધીને વ્યવહાર અને નિશ્ચયનયનું નિરૂપણ કર્યુ છે. અંતમાં સર્વજ્ઞની અને પ્રતિમાની સ્તુતિ કરી કર્તાઓ પ્રશસ્તિ પદ્ય પણ રચ્યું છે.

'પ્રતિમા શતક' ગ્રંથમાં શાસ્ત્રાર્થ પ્રયોજ્યો હોવા છતા કર્તાએ આ કૃતિને કાવ્યમય રૂપ આપીને કવિતા અને તત્ત્વતર્કનો સુંદર અને સુભગ સમન્વય સાધ્યો છે. ઉપાધ્યાયજીએ આ કાવ્યગ્રંથમાં સાદૃશ્યમૂલક અલંકારોનો પ્રયોગ કર્યો છે. તેમાં ખાસ કરીને ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, અતિશયોક્તિ, દૃષ્ટાંત વિનોક્તિ વગેરે મુખ્ય છે. ઉત્પ્રેક્ષાનો પ્રચુર પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. એક ભક્ત કવિ તરીકે જિન પ્રતિમાની પ્રશંસામાં યશોવિજયજીના ભક્તિહૃદયના સમર્પણ ભાવના પ્રતીતિ થાય છે.

તેમણે સ્થોપજ્ઞ વૃતિમાં, શ્લોકોનું સ્પષ્ટીકરણ કર્યું છે. ત્યાં પણ કર્તાએ અંલંકારોનો નિર્દેશ કર્યો છે. તેમણે મમ્મટ તથા હેમચન્દ્રાચાર્યના દૃષ્ટાંતો પણ ટાંકયા છે.

'પ્રતિમાશતક' રચનામાં ઉપાધ્યાય યશોવિજયજીની એક ઉત્તમ કવિ તરીકેની પ્રતીતિ થાય છે.

આ કૃતિનો પ્રભાવ એ પડ્યો છે કે પંડિત સુખલાલજી જન્મથી સ્થાનકવાસી હોવા છતાં તેઓ મૂર્તિમાં માનતા થયા.

## -:વાદમાલા:-

ઉપાધ્યાય યશોવિજયજીએ જાતે લખેલી હસ્તપોથીના આધારે 'વાદમાલા' તેમણે જ લખી છે એમ નક્કી કરી શકાય છે. કારણકે 'વાદમાલા' નામની ત્રણ કૃતિઓ પ્રાપ્ત થાય છે.આ કૃતિ મુદ્રિત છે. આ રચનામાં કર્તાએ સાત વાદોનુ નિરુપણ કર્યુ છે.

(૧) ચિત્રરૂપ - વાદ
(૨) લિંગોપહિત-લૈંગિકભાન-વાદ
(૩) દ્રવ્યનાશ હેતુતા વિચાર-વાદ
(૪) સુવર્ણતૈજસત્વાતૈજસત્વ-વાદ
(૫) અન્ધકાર ભાવ-વાદ
(૬) વાયુસ્પાર્શન પ્રત્યક્ષ-વાદ
(૭) શબ્દનિત્યત્વ-વાદ

આ રીતે વિવિધ વાદોને આ કૃતિમાં સ્થાન અપાયું હોવાથી આ કૃતિનું નામ 'વાદમાલા' સાર્થક કરે છે.

પ્રથમ વાદમાં ચિત્ર અંગેની વિચારણા છે. બીજા વાદમાં અનુમતિના વિષયરૂપ લિંગી પક્ષમાં લિંગહેતુ હોવો જ જોઇએ કે નહિ તે વિષયનું નિરૂપણ છે. ત્રીજા વાદનો વિષય દ્રવ્યનાશના હેતુનો છે. પ્રાચીન નૈયાયિકોના મતે નિમિત્તથી ભિન્ન કારણના નાશથી દ્રવ્યનો નાશ થાય છે. જ્યારે નવ્યનૈયાયિકોના મતે અસમવાયિ-કારણનાજ નાશથી દ્રવ્યનો નાશ થાય છે. આ બાબતની ચર્ચા અહીં કરવામાં આવી છે.

ચોથા વાદમાં સુવર્ણ એ તૈજસ દ્રવ્ય છે કે પાર્થિવ ખનિજ પદાર્થ એ વાતની ચર્ચા કરી છે. પાંચમા વાદમાં અંધકાર ભાવરૂપ છે કે અભાવરૂપ એ પ્રશ્ન ચર્ચવામાં આવ્યો છે. ભાટ્ટનીમાંસકો અંધકારને ભાવરૂપ માને છે.

છઠ્ઠાવાદમાં વાયુ સ્પર્શન છે કે નહિ એ બાબતની ચર્ચા છે. સાતમા વાદમાં શબ્દની નિત્યતા અનિત્યતાની સમાલોચના કરવામાં આવી છે. મીમાંસકો શબ્દને નિત્ય માને છે અને નૈયાયિકો તેને અનિત્ય માને છે.

આ ‘વાદમાલા’ ઉપર તીર્થોદ્ધારક શ્રી વિજયનેમિસૂરિજીએ ૭૨ પત્રની વિસ્તૃત વિવૃત્તિ સંસ્કૃતમાં રચી છે.

## -:અસ્પૃશદ્ ગતિવાદ:-

ઉપાધ્યાય યશોવિજયજી રચિત આ કૃતિ ગદ્યમાં રચાયેલી છે. આ કૃતિમાં કર્તાએ મોક્ષે જનારની ગતિની સ્પર્શના વિશે ચર્ચા કરી છે. કેટલાક માને છે કે સિદ્ધ થતી વેળા મોક્ષે જનારની ગતિ, વચ્ચેના પ્રદેશોને સ્પર્શ્યા વિના, ઉપરના ભાગના પ્રદેશોનો સ્પર્શ સંભવતો હોવાથી ‘સ્પર્શન્તી’ છે.

તો વળી કેટલાંક એમ માને છે કે બંને બાજુના પ્રદેશોને સ્પર્શ્યા વિનાની એમની ગતિને સિદ્ધ થનારની ગતિને અસ્પૃશત કહી છે.

આ રીતે કર્તા બન્ને બાજુની સમીક્ષા આ કૃતિમાં કરે છે. આ કૃતિમાં કર્તાએ આવસ્સય અને કર્મગ્રંથની મલયગિરીયાની ટીકા, સમયસારની વૃત્તિ અને તત્ત્વાર્થની વૃત્તિમાંથી અવતરણો આપવામાં આવ્યા છે. તે ઉપરાંત ‘વાદિવેતાલ’ તથા શાન્તિસૂરિએ કરેલા વિદ્યાનનો, વૈશષિક મતનો અને દર્શનાન્તરીયનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. તથા ભાષ્યકાર, અભયદેવસૂરિ અને સમ્મતિકારનો નિર્દેશ પણ કરવામાં આવ્યો છે.

## -:સ્યાદવાદ કલ્પલતા:-

જૈન ધર્મના પ્રસિદ્ધશાસ્ત્રવેત્તાએ ‘શાાસ્ત્રવાર્તા સમુરચય’ નામના એક અદ્વિતીય ગ્રંથની રચના કરી છે. આા ગ્રંથ ૭૦૧ પદ્યમાં રચી છે. આ ગ્રંથમાં તેમણે લોકાયતિક તેમજ વેદવિહિત હિંસા તે હિંસા નથી એમ માનનારાઓના મતની સમાલોચના કરી છે. આ ઉપરાંત સાંખ્ય, બૌદ્ધ અને બ્રહ્મણદ્વૈત વાદીની કેટલીક માન્યતાઓનું તેમજ સર્વજ્ઞતાને માટેની મીમાંસકોની માન્યતાનું ખંડન કર્યું છે. અને સાથે સાથે સત્ય તેમ જ મુક્તિ સંબંધી જૈન મંતવ્યો આપ્યા છે. આ રીતે પ્રચલિત દર્શનોની સમીક્ષા કરી છે. અન્ય દર્શનોની નિષ્પક્ષ ચર્ચા તેમણે આ ગ્રંથમાં કરી છે.

આ ગ્રંથ ઉપર ઉપાધ્યાય યશોવિજયજીએ ‘સ્યાદવાદ કલ્પલતા’ નામની ટીકા ૧૩૦૦૦ શ્લોકની નવ્યન્યાય શૈલીમાં રચી છે. અત્યંત પ્રૌઢ આ કૃતિ ટીકા હોવા કરતા તે એક સ્વતંત્ર ગ્રંથ જેવી છે. શાસ્ત્રવાર્તા સમુચ્ચય ૧૧ સ્તબકમાં વહેંચાયેલો છે. પ્રથમ સ્તબકમાં ઉપદેશ આપ્યો છે. બીજા સ્તબકમાં કાળ વગેરે પાંચ કારણોનું વિશદ નિરૂપણ છે. ત્રીજા સ્તબકમાં નિરીશ્વરવાદી સાંખ્ય દર્શન અને પાતંજલ યોગદર્શનની સમીક્ષા છે. જગત્કર્તૃત્વવાદને જૈનદૃષ્ટિએ સુસંગત બતાવવાનો પ્રયત્ન કર્યો છે.

ચોથા, પાંચમા અને છઠ્ઠા સ્તબકમાં બૌધ્ધ દર્શનનું મનનીય વિવેચન કર્યું છે. આઠમા સ્તબકમાં વેદાન્ત દર્શનનું નિરૂપણ છે. નવમો સ્તબક મુક્તિ માર્ગ ઉપર મહત્ત્વનો પ્રકાશ પાડે છે. દસમો સ્તબક મીમાંસા દર્શનની મીમાંસા રૂપે છે. સર્વજ્ઞની સિદ્ધિ અને વેદની અપૌરુષેયતાનું ખંડન એ બે વિષયો પર આલેખન કર્યું છે. અગિયારમા સ્તબકમાં અર્થ અને શબ્દ વચ્ચેનો સંબંધ અને મુક્તિમાં સુખની વિચારણા કરવામાં આવી છે. સ્યાદવાદ કલ્પલતામાં મંગલવાદને અંગે પુષ્કળ યુક્તિઓ અપાઈ છે જે નવીન અને સૂક્ષ્મ છે.

યશોવિજયજી જૈન શ્વેતામ્બર મતના પુરસ્હર્તા હોવા છતાં તેઓ અનેક જગ્યાએ સંપ્રદાયના સંકુચિત ક્ષેત્રને છોડીને વિશાલ દષ્ટિકોણ અપનાવે છે. આ ગ્રંથમાં લેખકે કોઈપણ આગ્રહ કે આશંકા રાખ્યા વિના વ્યાસ પતંજલિનો ઉલ્લેખ કર્યો છે અને તેમની સબહુમાન ચર્ચાદિ ઉપાધ્યાયજીએ ઈશ્વરકર્તૃત્વનો આધાર લઈ યોગની મુખ્ય મુખ્ય વિચારધારાઓનો ઉલ્લેખ કર્યો છે અને જગત્‌કર્તૃત્વ ના સંબંધમાં પાતંજલનો ઉલ્લેખ કરીને નૈયાયિકોને કયા સ્વરૂપે ઈશ્વર જગતનો કર્તા કહે છે તેની વિશદ ચર્ચા ઉદયનાચાર્યનો આધાર ટાંકીને કરે છે. બૌધ્ધ મતની સમાલોચનામાં ક્ષણિકત્વ અને વિજ્ઞાન વાદનું સમીચીન તાત્પર્ય સમજાવ્યું છે.

આ રીતે સન્માર્ગ, કુમાર્ગ, અને ઉન્માર્ગનો બોધ કરાવનારા આ હરિભદ્રિય મહામૂલ્યવાન ગ્રંથના ૭૦૧ પદ્યોને ન્યાયાચાર્ય ૧૧ સ્તબકમાં વિભક્ત કરી આલેખ્યા છે.

## -:વીર સ્તોત્ર અથવા ન્યાયખંડખાદ્ય:-

ઉપાધ્યાય યશોવિજયજીએ આ ગ્રંથની રચના સંસ્કૃત ભાષામાં ૧૧૦ પદ્યમાં કરી છે. સાહિત્યકલારત્ન આચાર્ય શ્રી વિજયયશોદેવ સૂરીશ્વરજી મહારાજના કહેવા પ્રમાણે કર્તાએ કૃતિમાં પોતાનું નામ કયાંય દર્શાવ્યું નથી. પરંતુ તેમણે ગ્રંથમાં આદિ અને ૧૦૯માં પદ્યને ધ્યાનમાં રાખી 'વીર-સ્તોત્ર' એવુ નામ આપ્યું છે. આ ગ્રંથને કેટલાંક મહાવીર સ્તોત્ર અથવા તો 'ન્યાયખંડખાદ્ય' અથવા 'ન્યાયખંડનખાદ્ય' પણ કહે છે.

આ કૃતિનો વિષય મહાવીર સ્વામીની વાણીની - સ્યાદવાદ સ્તુતિનો છે. આ ગ્રંથના પ્રારંભમાં કર્તા કહે છે.

''ઐંકારનો ઉત્તમ જાપ કે જે કવિત્વ અને વિદ્વત્ત્વની અભિલાષાને પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ છે અને જેનો રંગ અભંગ છે એ જાપને ગંગાની સમીપમાં પ્રાપ્ત કરીને હે વીર! હું સુખદાતા એવા તારા ચરણકમળની સૂકનરૂપ વિકસ્વર પુષ્પો વડે પૂજા કરું છું.''

આ ગ્રંથમાં સ્યાદવાદ અંગેના અન્યજનો તરફથી દર્શાવાયેલા દૂષણોનું નિરસન કર્તાએ કર્યું છે અને સાથે સાથે વિજ્ઞાનવાદની આલોચના પણ કરવામાં આવી છે.

આ પદ્યાત્મક ગ્રંથમાં ૧થી૯૯ પદ્યો વસન્તતિલકા છંદમાં ૧૦૦ થી ૧૦૫ અને ૧૦૮ શિખરિણી છંદમાં, ૧૦૬મું પદ હરિણી છંદમાં, ૧૦૭મું પદ્ય માલિનીમાં અને ૧૦૯ તથા ૧૧૦મું પદ્ય શાર્દૂલવિક્રીડિત છંદમાં યોજ્યા છે.

ઉપાધ્યાય યશોવિજયજી રચિત આ ગ્રંથ નવ્યન્યાયની વિશિષ્ટ કોટિનો ગ્રંથ છે. આ ગ્રંથ અત્યંત અર્થગંભીર તથા જટિલ છે. આ ગ્રંથ ઉપાધ્યાયજીના પ્રખર પાંડિત્યની સાક્ષી પૂરે છે.

સ્વોપજ્ઞ વિવરણ ૫૫૦૦ શ્લોક જેવડું છે. આ ગ્રંથમાં પાંચ સ્થળે વિદ્યાવાગીશનો ઉલ્લેખ કરી એમની વિચારણાની આલોચના કરવામાં આવી છે. તેમાં નારાયણાચાર્યનો અને શિરોમણિનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે.

આ ગ્રંથની સંસ્કૃત વિવૃત્તિ વિજયનેમિસૂરિજીએ રચી છે. જે સ્વોપજ્ઞ વિવરણના સ્પષ્ટીકરણ રૂપે છે અને તેમના પટ્ટધર શિષ્ય શ્રી વિજયદર્શનસૂરિજીએ 'કલ્પલતિકા' નામની ટીકા બનાવી છે.

## -:સમુદ્ર-વહાણ સંવાદ:-

ગુજરાતી સાહિત્યમાં અનેક જૈન મુનિવરોએ 'સંવાદ'ની રચના કરી છે. પરંતુ સમુદ્ર અને વહાણ વચ્ચેનો સંવાદ ફકત ઉપાધ્યાય યશોવિજયજી સિવાય અન્ય કોઈ કવિએ કર્યો નથી. કવિ આ કૃતિ રચવાનું પ્રયોજન જણાવતાં કહે છે કે પોતે 'કૌતુકાર્થે' આ રચના કરી છે. સમુદ્રએ - રત્નાકરે ગર્વ કર્યો અને તે વહાણે દૂર કર્યો. એ બન્ને વચ્ચેના વિવાદનું નિરુપણ કવિએ ઉપદેશાત્મક શૈલીમાં કર્યું છે. ગર્વનો ત્યાગ કરવાનો બોધ આપવા માટે આ કૃતિ રચી છે.

આ કૃતિનો વિષય આ પ્રમાણે છે. ઘોઘામાંના નવખંડા પાર્શ્વનાથને વંદન કરીને વેપારીઓ વહાણમાં નીકળે છે. એ વહાણો ભરદરિએ આવી પહોંચે છે. એ સમયે સમુદ્રને ગર્વ કરતો જોઇને વહાણે તેની સાથે વિવાદ કર્યો. સમુદ્ર આ સાંભળીને કોપાયમાન થયો. ઉત્પાત મચાવ્યો અને વહાણની અવદશા કરી. એ સમયે ઉદધિકુમારદેવ સમુદ્રને મોટા ગણી એને નમવા માટે કહે છે પણ વહાણ એમ ન કરતા નવખંડા પાર્શ્વનાથને ભજે છે. અને બધો ઉત્પાત શમી જાય છે. પછી વેપારીઓ પોતપોતાના સ્થાને પહોંચે છે. ઘણો વેપાર કરી સ્વદેશ પાછા ફરે છે. નવખંડા પાર્શ્વનાથની કેસર અને ચંદન વડે પૂજા કરે છે. અનેક રત્નો વડે આંગી કરી મોતીના

સાથિયા કરે છે.

આ કૃતિમાં લખાણ જરૂર છે. પણ તેમાં કવિની તર્કકુશળતા અને કાવ્યકુશળતાના દર્શન થાય છે. સત્તર ખંડમા રચાયેલ આ સંવાદ કૃતિમાં પહેલા દુહા પછી ઢાળ, પછી દુહા પછી ઢાળ અને અંતિમ ઢાળમાં દુહા ને બદલે ચોપાઇ છે. દુહા, ચોપાઇ ૮૯ની સંખ્યામાં છે. સમગ્ર કાવ્યની પંકિતઓ સાતસો છે. કવિએ તે સમયની પ્રચલિત દેશીઓનો ઉપયોગ કર્યો છે. કવિની કલ્પનાશક્તિ અને વર્ણન દ્વારા કાવ્યનું સૌંદર્ય ખીલી ઉઠ્યું છે.

એકંદરે સરળ અને રસાળ એવી આ સંવાદકૃતિ અલંકાર મંડિત છે.

આ કૃતિની રચના ઉપાધ્યાયજીએ વિ.સ.૧૭૧૭માં ઘોઘામાં કરી હતી.

## -:દ્રવ્યગુણ પર્યાયનો રાસ:-

ઉપાધ્યાય યશોવિજયજીએ 'દ્રવ્યગુણપર્યાય'ના રાસ તરીકે ઓળખાવેલી આ કૃતિ ગુજરાતી પદ્યાત્મક કૃતિઓમાં ઉચ્ચ સ્થાને બિરાજે છે. મહામૂલ્યવાન એવી આ કૃતિ ૧૭ ઢાલમાં ૨૮૪ કડીમાં રચાયેલી છે.

આ દાર્શનિક ગ્રંથમાં કવિએ જ્ઞાન અને ક્રિયા વિશે તે સમયમાં જે ચર્ચા ચાલતી હતી એટલે કર્તાએ શાસ્ત્રના અવતરણો દ્વારા જ્ઞાન વિનાની ક્રિયાની નિષ્ફળતા સમજાવી છે. ભગવાન મહાવીરથી શરૂ કરીને સત્તરમી સદી સુધીના દ્રવ્ય ગુણ અને પર્યાય વિશેની વિચારણાનું પરીક્ષણ આ ગ્રંથમાં આખી જૈન દર્શનની માન્યતા સ્થાપી છે. જૈન દર્શનની અનેકાન્તવાદી તરીકે સ્થાપના કરી છે.

ઉપાધ્યાયજી એ આ ગ્રંથમાં દ્રવ્ય અને પર્યાયની એકતા માની છે. અને ગુણ એ પર્યાય જ છે એમ સ્વીકાર્યું છે કારણ કે ગુણ સદા પરિવર્તન શીલ છે. એનું અસ્તિત્વ દ્રવ્ય સાથે હંમેશા છે. તે એક રૂપે નહિ પણ નવા નવા રૂપે તેમાં રહે છે. તેથી તેને પર્યાયની સંજ્ઞા આપી છે. વૈશષિક તથા નૈયાયિકોના મતની ચર્ચા પણ અહીંયા કરી છે. અને દ્રવ્ય અને ગુણની અભેદતા સમજાવી છે. નવા નવા રૂપે આવતા પર્યાયને સત્ માનવું કે અસત્ તે વિશે બે મતો છે. નૈયાયિકો કાર્યને અસત્ માને છે સાંખ્યો અને અભેદવાદીઓ સત્ માને છે. પણ જૈનોને મતે કાર્ય સત્ અને અસત્ બંન્ને છે. ગુણરૂપે સત્ય છે અને દ્રવ્યના અભેદને કારણે પણ સત્ છે.

દ્રવ્યએ સામાન્ય અને પર્યાય એ વિશેષ છે તેથી તે અભિન્ન છે એ વાતની સ્પષ્ટતા કરી છે. સાથે સાથે આ રાસમાં સપ્તભંગી અને નયની ચર્ચા વિસ્તારપૂર્વક કરવામાં આવી છે.

સંસ્કૃતમાં દ્રવ્યાનુયોગ તર્કણા નામનો ગ્રંથ ભોજસાગર છે તેમણે ઉપાધ્યાય યશોવિજયજી કૃત 'દ્રવ્ય ગુણપર્યાય રાસ'ના આધારે એ રચના કરી છે. ગુજરાતી દાર્શનિક સાહિત્યમાં 'દ્રવ્યગુણ પર્યાય રાસ'નું સ્થાન અતિ મહત્ત્વનું છે.

## -: યોગદર્શન :-

મહાર્ષિ પતંજલિએ સંસ્કૃત ભાષામાં ૧૯૫ સૂત્રમાં યોગદર્શન નામનું પુસ્તક રચ્યું છે. એ પુસ્તક ચાર પાદમાં વિભક્ત છે. એના નામ તથા સૂત્ર સંખ્યા નીચે પ્રમાણે છે.

(૧) સમાધિ - પાદ -૫૧
(૨) સાધન - નિર્દેશ -૫૫
(૩) વિભૂતિ - પાદ- ૫૫
(૪) કૈવલ્ય - પાદ - ૩૪

સાંખ્ય દર્શનને અનુસરીને યોગ પ્રક્રિયા રજૂ કરનારા યોગદર્શન ઉપર સૌથી પ્રાચીન અને મહત્ત્વનું ભાષ્ય વ્યાસે રચ્યું છે એ ભાષ્ય પણ સાંખ્ય સિદ્ધાંત પ્રમાણે છે.

ઉપાધ્યાય યશોવિજયજીએ મહાર્ષિ પતંજલિ રચિત આ સંસ્કૃત 'યોગદર્શન' નામના ગ્રંથના ૨૭ સૂત્રો પર વ્યાખ્યા રચી છે. ઉપાધ્યાયજીનો ઉદ્દેશ્ય જૈન દર્શન અને સાંખ્ય દર્શન વચ્ચેનો ભેદ અને સામ્ય દર્શાવવાનો છે. આ વ્યાખ્યાઓમાં ઉપાધ્યાયજીએ નીચે પ્રમાણે સ્પષ્ટતા કરી છે.

(૧) યોગસૂત્ર સંમત ક્યા ક્યા જૈન વિચારધારામાં કયા શબ્દ રૂપે અને કયા અર્થરૂપે છે તેની વ્યવસ્થા કરી છે.

(૨) પતંજલિ સંમત કેટલાંક યોગઘટકોની સ્પષ્ટતા કરી છે.

(૩) જૈન મતને અનુકૂળ એવા સુધારા પતંજલિની વિચાર ધારામાં સૂચવ્યા છે.

(૪) કેટલાંક સ્થળોએ ભિન્ન અર્થઘટન પણ આપ્યું છે.

(૫) કેટલાંક સ્થળોએ જૈન મતની પુષ્ટિ બતાવી તે તરફ અહોભાવ પ્રકટ કર્યો છે.

ઉપાધ્યાય યશોવિજયજી વ્યાખ્યાઓમાં નીચે પ્રમાણે ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે. 'કર્મ પ્રકૃતિવૃત્તિ', 'યોગબિન્દૂ', 'ષોડશકટીકા', 'સ્થાનાંગ'. આમાં 'કર્મપ્રકૃતિવૃત્તિ' અને 'ષોડશકટીકા'એ કર્તાની પોતાની જ રચનાઓ છે.

તે ઉપરાંત ગ્રંથકારો તરીકે અન્ય નામો કર્તાએ દર્શાવ્યા છે. 'અકલંક', 'આચાર્ય', 'ભાષ્યકૃત' મહાવાદી સિધ્ધસેન દિવાકર, સ્તુતિકાર. સમગ્ર ગ્રંથનું

અધ્યયન કરતા જણાય છે કે ઉપાધ્યાયજીને બન્ને પરંપરાની વિચારણાનું ઉંડું અને ગહન જ્ઞાન હતું. તેમણે બંને પરંપરાના વિરોધને દૂર કરી સમન્વય સાધવાનો ઉત્તમપ્રયત્ન કર્યો છે. આમ જૈન અને બ્રાહ્મણ પરંપરામાં નવી દિશા ખુલ્લી મૂકી.

અંતમાં એક પદ્ય છે જેમાં કર્તાએ પોતાના વિશે બહુવચનમાં ઉલ્લેખ કર્યો છે.

## -:ન્યાયાલોક:-

ઉપાધ્યાય યશોવિજયજીએ આ ગ્રંથની રચના સંસ્કૃત ભાષામાં પદ્યમાં કરી છે. આ ગ્રન્થ કર્તાએ વિજયસિંહસૂરિજીના રાજ્યમાં રચ્યાનું કહ્યું છે. પ્રારંભના એક પદ્યમાં કર્તાએ પોતાને માટે ધીમન્ત શબ્દનો પ્રયોગ કર્યો છે. અને સાથે સાથે એમણે ન્યાયવિશારદ નામની પોતાની પદવીનો ઉલ્લેખ પણ કર્યો છે. અંતમાં છ પદ્યોની પ્રશસ્તિ છે. તેમાં છેલ્લા અને અંતિમ પદમાં નમ્રતાદ્યોતક એક વાત કહી છે કે પોતાના જેવા પ્રમાદગ્રસ્ત અને ચરણકરણહીન જનોને માટે પ્રવચનનો રાગ એ ભાવસાગર તરી જવાનો શુભ ઉપાય છે.

ઉપરના સાત પદ્યો સિવાય, બાકીનો ભાગ કર્તાએ ગદ્યમાં રચ્યો છે. જે ત્રણ પ્રકાશમાં વિભક્તિ છે. પ્રથમ પ્રકાશમાં મોક્ષનાં સ્વરૂપ સંબંધી ચર્ચા કર્તાએ કરી છે. જેમાં તેમણે નૈયાયિક, પ્રાભાકર, ત્રિદંડી, બૌધ્ધ, સાંખ્ય, ચાર્વાક, તૌતાતિક અને વેદાન્તના મતોનું નિરસન કર્યું છે. અને ચિન્તામણિકાર અને ઉદયનના મતની આલોચના પણ કરી છે. આ પ્રકાશમાં નૈયાયિકો આત્માને સર્વવ્યાપક માને છે એ મતનું ખંડન છે. શબ્દ પૌદ્ગલિક છે. એ જૈન માન્યતાનું પ્રતિપાદન પણ કર્યુ છે. ચાર્વાક મતનુ ખંડન અને ભૂતોમાંથી ચૈતન્ય ઉદ્ભવે છે એ વાતનું નિરસન કર્યું છે. ‘જ્ઞાનનું સમવાયિકારણ શરીર જ છે’ એવા નૈયાયિકોના મતની સમાલોચના કરી છે. પક્ષધરમિશ્રાનો મત દર્શાવી તેનું ખંડન કર્યું છે. અને આ પ્રકાશના અંતે સમ્મઈપયરણના ટીકા કરનાર મતની ગ્રાહ્યતાને ચિન્તામણિકારના મતની આલોચનાને સ્થાન આપ્યું છે.

બીજા પ્રકાશમાં યોગાચારના મતનો વિચાર અને સમવાયનું ખંડન કરવામાં આવ્યું છે. તે ઉપરાંત નેત્રને પ્રાપ્યકારી માનનારના મતનું તથા અભાવવાદનું નિરસન કરવામાં આવ્યું છે.

તૃતીય અને છેલ્લા પ્રકાશમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ, જીવ અને પુદ્ગલના લક્ષણો અને સ્વરૂપ બતાવ્યા છે.

આમ છ દ્રવ્યના નિરૂપણ બાદ પર્યાયનું વિવેચન કરી અંતમાં પ્રશસ્તિ આપી છે.

## -:શ્રી પાલરાજાનો રાસ:-

શ્રીપાલરાજાનો રાસ એ સિદ્ધચક્રનો પ્રભાવ વર્ણાવનારી ગુજરાતી પદ્યાત્મક કૃતિ છે. જેનો પ્રારંભ મહોપાધ્યાય વિનયવિજયજી ગણિએ સુરતની પાસે આવેલ રાંદેર ગામમાં વિ.સ.૧૭૩૮માં કર્યો હતો. તેઓ આ રાસ પૂર્ણ કરે તે પહેલા જ કાળધર્મ પામ્યા. તેથી ઉપાધ્યાય યશોવિજયજી જે એમના વિશ્વાસપાત્ર હતા તેમને આ રાસ ટૂંક સમયમાં પૂર્ણ કર્યો.

આ રાસમાં કુલ ૧૨૫૧ ગાથા છે. તેમાંની ૫૦૧ ગાથા ઉપાધ્યાય યશોવિજયજીએ રચી છે. આ ગ્રંથ શ્રીપાલરાજાનું જીવન-ચરિત્ર પરું પાડે છે. આ જીવનચરિત્ર સવિસ્તાર આપવામાં આવ્યું છે. વિનયવિજયજીએ પ્રથમ ખંડમા ૧૧ ઢાલ અને બીજા ખંડમાં ચાર ઢાલની રચના કરી. ત્રીજા ખંડમાં પાંચમી ઢાલનો થોડોક ભાગ રચ્યો અને તેમનો સ્વર્ગવાસ થતાં આ કાર્ય અધુરું રહ્યું. પરંતુ યશોવિજયજીએ અધુરું કાર્ય પરિપૂર્ણ કર્યું. ત્રીજા ખંડમાં એકંદરે આઠ ઢાલ છે. એમાંની છેલ્લી ત્રણ અને પાંચમી ઢાલ યશોવિજયજીએ રચી છે. ચોથા ખંડમાં ચૌદ ઢાલ છે. એ પણ યશોવિજયજીએ રચી છે. આ ગ્રંથ ઉપાધ્યાય યશોવિજયજીની ઉત્તમ કાવ્ય કળાનો પરિચય કરાવે છે.

આ રાસમાં વીણાવાદન દ્વારા શ્રીપાલરાજાના ગુણસુંદરી (પાંચમી પત્ની) સાથે લગ્ન, વામનરૂપે સ્વયંવરમાં તિલક સુંદરી સાથેનું પાણિગ્રહણ, શૃંગાર સુંદરી અને એની પાંચ સખીની સમસ્યા પૂતળાના મુખે પૂર્ણ કરાવી. શ્રીપાલે શૃંગારસુંદરી અને પાંચ સખી સાથે કરેલા લગ્ન, રાધાવેધ સાધી જયસુંદરી સાથે લગ્ન, મયણાના પિતાને કહેણ, અજિતસેનનો પરાજય એમની દીક્ષા, શ્રીપાલે કરેલી એમની સ્તુતિ, અવધિજ્ઞાન અને અજિતસેનની દેશના, શ્રીપાલનો પૂર્વભવ, ઉદ્યાપન, અરિહંતાદિ નવપદોનું નિરૂપણ અને શ્રીપાલાદિનો સ્વર્ગવાસ વગેરે બાબતોનું નિરુપણ કવિએ કર્યું છે.

ઉપાધ્યાય યશોવિજયજીની રચનાની વિશેષતા એ છે કે આ રાસમાં એમણે એકલો કાવ્યરસ આલેખ્યો નથી પરંતુ કેટલીક દાર્શનિક માહિતી પણ ગૂંથી લીધી છે. યશોવિજયજીએ પોતાને પ્રિય એવો તત્ત્વજ્ઞાનનો વિષય નવપદજીનો મહિમા ગાતા વિવિધ ઉપમાઓ અને અવનવા પ્રાસો દ્વારા અતિ મન મૂકીને ખીલવ્યા છે. નવપદનો મહિમા અતિ લાઘવમાં છતા ઊંડાણથી વર્ણવ્યો છે. કવિ પોતે કહે છે.''મહોપાધ્યાય વિનયવિજયજીના વાચનના સંકેતોને સમજીને મેં આ રાસ સમ્યક્દ્રષ્ટિ મનુષ્યના હિત માટે પૂર્ણ કર્યા છે'' 'શ્રીપાલ રાજાનો રાસ'માં ઉપાધ્યાયજીની ભારોભાર કવિત્વ શક્તિનાં દર્શન થાય છે.

## -:જંબૂસ્વામી રાસ:-

ઉપાધ્યાય યશોવિજયજી રચિત 'જંબૂસ્વામીરાસ' જૈન સાહિત્યની અનેક રાસકૃતિઓમાં એક વિશિષ્ટ કૃતિ તરીકેનું સ્થાન ભોગવે છે. પરંપરાગત કથાને પોતાની રીતે પ્રયોજીને પ્રચલિત કથાને પોતાની હથોટી દ્વારા કલ્પનાના બળે એક સુંદર કલાકૃતિનું સર્જન કર્યુ છે.

આ રાસની શરૂઆત કવિએ શારદાદેવીની સ્તુતિ દ્વારા કરી છે અને પોતાના ગુરૂ નયવિજયજીના નામનો ઉલ્લેખ પણ કર્યો છે. એમણે પહેલા દુહામાં કહ્યું છે કે ગંગાકિનારે જપ જપતા શારદાદેવી તેમના પર તુષ્ટિ થયા અને તેમને તર્ક તથા કાવ્યનું વરદાન આપ્યું.

રાસનો પ્રારંભ 'સાત' દુહાથી કરી સાડત્રીસ ઢાલમાં કથાવસ્તુ રજુ કર્યુ છે. તેમાં જંબૂસ્વામીના ચાર ભવ વર્ણવ્યા છે. આ રાસના સર્જનમાં ઉપાધ્યાયજી હેમચંદ્રાચાર્યની ત્રિષષ્ટિ શલાકા 'પુરુષ'ની પરંપરાને મૂળ જંબૂસ્વામીની કથામાં તર્કપૂર્ણ દષ્ટાંત કવિઓનો રસપૂર્ણ વિનિયોગ કર્યો છે. આ રાસકૃતિને રસપ્રદ બનાવનારા તત્ત્વો એ છે કે ઉપાધ્યાયજીની પાસે કથાનું નિર્માણ અને અભિવ્યક્તિની વિશેષ છટા છે. આ કથાને તેમણે પાંચ અધિકારમાં વિભાજિત કરી છે. અને તેમાં વિવિધ ઢાળો, દેશીઓ, દુહા અને ચોપાઇ બંધનો ઉપયોગ કર્યો છે.

આ રાસમાં ઉપાધ્યાયજીએ મુખ્ય ચરિત્રના નાયકના જીવનની આસપાસ અન્ય તેત્રીશ અવાંતરકથાઓ ગૂંથી છે. અને તે મૂળ કથાને એક સૂત્ર બાંધે છે. આ બધી કથાઓ સ્વતંત્ર કથા તરીકે રસ નિષ્પન્ન કરે છે. આ બધી કથાઓ ભાવ અને સંઘર્ષવાળી હોવાથી ભાવકના મનમાં રસપૂર્ણ બની રહે છે. આ કથાનું વસ્તુ મધ્યકાલીન રાસસાહિત્યની પરંપરામાં મહત્ત્વનું બની રહે છે. આ કથાઓના ચરિત્રના અને પ્રસંગોમા આલેખનમાં ઉપાધ્યાયજીની સર્જનશક્તિનો પરિચય લલિતાંગકુમાર, જંબૂકુમારની દીક્ષાના પ્રસંગમાં, સંઘના રૂપક વગેરેમાં થાય છે. આ બધી કથાઓ ચોટદાર, રસપ્રદ અને મૂળકથાના વિકાસમાં કારણભૂત બની રહે છે. આ રીતે ઉપાધ્યાયજીની સર્જક દ્રષ્ટિની નિજી સુઝ અને વાતાવરણનું નિર્માણ કરવાની અનોખી શક્તિની પ્રતીતિ થાય છે.

પદ્યમાં કથાનકની સાથે સાથે પાત્રના સુખદુ:ખને ઉપસાવતા વર્ણનો પ્રયોજ્યા છે. આ વર્ણનો તાદશ હોવાથી કથાકૃતિને હૃદયસ્પર્શી બનાવે છે. ધર્મનો મહિમા બોધ અને ઉપદેશ માટે કવિએ દોહાબંધનો ઉપયોગ કર્યો છે. દેશીઓનો ઉપયોગ કરી કર્તાએ સૂઝપૂર્વક આ કૃતિને ગેયતા બક્ષી છે અને તેમાંથી તે સમયના પ્રચલિત

ગીતો પ્રત્યેની રુચિનો પણ પરિચય મળે છે.

'જંબૂસ્વામીરાસ' મધ્યકાલીન ગુજરાતી રાસ સહિત્યમાં તેની નિર્માણકલા, દષ્ટાંત કથાનો વિનિયોગ અને અર્થપૂર્ણ કથાકળા માટે વિશેષ મહત્ત્વની બની રહી છે.

## -:બ્રહ્મગીતા:-

ઉપાધ્યાય યશોવિજયજીએ અનેકવિધલોકભોગ્ય અને વિદ્વદ્‌ભોગ્ય પ્રકારની રચનાઓ કરી છે. વિ.સં.૧૭૩૮માં ખંભાતમાં 'જંબૂસ્વામી બ્રહ્મગીતા' નામની પદ્યાત્મક કૃતિનો પ્રારંભ દુહામાં કર્યો અને ફગ અને દુહા ની ૨૯ કડીની આ રચનામાં જંબૂકુમારના જીવનનું સંક્ષિપ્ત નિરૂપણ કર્યું છે. આ રચના જંબૂસ્વામીના બ્રહ્મચર્યનો મહિમા વર્ણવે છે. જંબૂકુમારને માતા પિતા આઠ કન્યાઓ સાથે પરણાવે છે. અને લગ્નની પ્રથમ રાત્રિએ જંબૂકુમાર આઠે કન્યાઓને સંયમ તરફ વાળે છે. કવિ આઠેય કન્યાના દેહ સૌંદર્યનું વર્ણન કરે છે. તે સમયે અનેક રૂપકો પ્રયોજ્યાં છે. કવિ બ્રહ્મરૂપ આત્મજ્ઞાન જે મોક્ષ માર્ગે લઈ જાય છે. તેની સૂક્ષ્મચર્ચા જૈનદર્શન અનુસાર કરી છે.

આ રચના એક લઘુકૃતિ હોવા છતાં શબ્દાલંકારો, અર્થાલંકારો, સઘન વાણી અને તત્ત્વગાતી નિરૂપણ દ્વારા અનોખું સ્થાન પામે છે. આ બધાની સાથે કવિઓ જ્ઞાન- ક્રિયા તથા વિવિધ પ્રકારના યોગનો નિર્દેશ પણ કર્યો છે. આ કૃતિ જંબૂસ્વામી રાસ-સુદીર્ઘ રચનાની પ્રેરક બની હોય એમ લાગે છે.

'બ્રહ્મગીતા'માં કવિએ બ્રહ્મચર્યનો મહિમા, અહિંસાનું પાલન વિરતિની આરાધના દ્વારા મુક્તિની પ્રાપ્તિ વગેરેનું નિરૂપણ મુખ્યત્વે હોવાથી આ કૃતિનું નામ 'બ્રહ્મગીતા'રાખવામા આવ્યું હોય. માત્ર જૈન દર્શન જ નહિ પણ તમામ દર્શનમાં બ્રહ્મચર્યને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. તેથી આ કૃતિનું નામ 'બ્રહ્મગીતા' સાર્થક કરે છે.

## -:ઉપદેશરહસ્ય:-

ઉપાધ્યાય યશોવિજયજીએ આ કૃતિની રચનામાં હરિભદ્રસૂરિના 'ઉપએસપય'ના ઉત્તરાર્ધનો આધાર લીધો છે. આ ગ્રંથની ભાષા પ્રાકૃત છે. છતાં તે માત્ર અનુવાદ ન રહેતા એક સ્વતંત્ર કૃતિ બની છે. આની રચના આર્યા છંદમાં ૨૦૩ ગાથામાં રચી તેમાં ૪૫૦ થી વધુ વિષયોને ચર્ચ્યા છે. આ ગહન દાર્શનિક કૃતિમાં પ્રત્યેક પંક્તિમાં ઉચિત શબ્દપસંદગી અને અર્થસભરતા ધ્યાન ખેંચે તેવા છે.

આ ગ્રંથમાં પ્રારંભમાં કવિ સરસ્વતી માતાનું સ્મરણ કરે છે અને મંગલાચરણમાં મહાવીરસ્વામીને નમસ્કાર કરે છે. ઉપાધ્યાયજી આ કૃતિમાં હરિભદ્રસૂરિને અનુસરીને

મનુષ્યભવની દુર્લભતા તથા અહિંસાના પાલન માટે જિનાજ્ઞા પર ભાર મૂકયો છે. અહિંસાના પાલન માટે શાસ્ત્રસુવિહિત પાલન માટે શાસ્ત્રીય જ્ઞાનની આવશ્યકતા સમજાવે છે અને તે માટે સુગુરૂની આવશ્યકતા ગુરુપરતંત્રતા અને ગુરુકુલવાસ પર ઉપાધ્યાયજી ભાર મૂકે છે. મોક્ષમાર્ગ, સૂત્ર અને અર્થનું મહત્ત્વ તેઓ સમજાવે છે.

ઉપાધ્યાયજીએ જૈન દર્શનમાં મોક્ષ માર્ગે ગતિ કરનારા જીવો માટે માર્ગાનુસારી, સમ્યકદ્રષ્ટિ, અપુનર્બંધક, દેશવિરતિ, સર્વવિરતિ, વગેરે પારિભાષિક શબ્દોના લક્ષણો સ્પષ્ટ રીતે સમજાવ્યા છે. ઉપાધ્યાયજી વેશધારી સાધુઓથી દૂર રહેવા કહે છે. સાધુઓએ દ્રવ્યક્રિયા કરતા ભાવક્રિયા તરફ આગળ વધવું જોઇએ એમ સમજાવે છે.

આ ગ્રંથમાં ઉપાધ્યાયજીએ વિવિધ વિષયો જેવા કે દ્રવ્યચરિત્ર, દ્રવ્યાજ્ઞાપાલન, દેશવિરતિ અને સર્વવિરતિ, દ્રવ્યસ્તવ, ભાવસ્તવ, વિનયના બાવનભેદો, વૈયાવચ્ચ, વ્યવહારનય, નિશ્ચયનય, કર્મ ઉપર પુરુષાર્થની અસર, કર્મ અને પુરુષાર્થ બન્નેનું મહત્ત્વ, સમ્યક દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિના સુખ દુઃખ, અભિગ્રહ, ઉપદેશની મહત્તા અને સફળતા, એકાન્તવાદ અને અનેકાન્તવાદ, સ્યાદ્વાદ વિના ઉપદેશકની વિડંબના, સ્વાધ્યાય, જ્ઞાન, શ્રધ્ધા, જયણા, ઉત્સર્ગ, હેતુવાદ અને આગમવાદ, આધ્યાત્મ યોગ અને ધ્યાનયોગ શુદ્ધ બુદ્ધ આત્મસ્વરૂપ ઇત્યાદિની મીમાંસા કરી છે.

ઉપાધ્યાયજીએ અનેક ગ્રંથોનું પરિશીલન કર્યુ હતું તે વાતની પ્રતીતિ આ ગ્રંથ પરથી થાય છે.

જટિલ વિષયોને પ્રાકૃત ભાષામાં અને તે પણ પદ્યમાં રચી ઉપાધ્યાયજીએ તત્ત્વજ્ઞાન અને કાવ્યત્વનો સુંદર સમન્વય કર્યો છે. આ ગ્રંથ જૈન સાહિત્યની અણમોલ રચના છે.

## -:આર્ષભીયચરિત:-

ઉપાધ્યાય યશોવિજયજી રચિત 'આર્ષભીયચરિત' એ ઋષભદેવના ચરિતના આધારે એક ભવ્ય મહાકાવ્ય રચવાનો કવિનો પુરુષાર્થ છે. પરંતુ આ દુર્ભાગ્યે આ કૃતિના ચાર સર્ગો જ વર્તમાનમાં પ્રાપ્ત થયેલા છે. તેમાં પણ ચોથો સર્ગ અધૂરો છે.

આ કૃતિની રચના માટે કવિએ આદિદેવ ઋષભદેવના જીવન વિશેની સામગ્રી પ્રાચીન જૈન પુરાણોમાંથી લીધી છે. તે ઉપરાંત આ મહાકાવ્યને તપાસતાં જણાય છે કે કવિઓ વસ્તુ તથા તેની રજુઆત બંને માટે ત્રિષષ્ટિ શલાકા પુરુષનો મુખ્ય આધાર તરીકે સ્વીકાર્યો છે. આ મહાકાવ્ય ઉપર ઇ.સ.૧૩ની સદીમાં યશપાલ મંત્રીએ રચેલ 'મોહરાજ-પરાજય' નામની રૂપકાત્મક કૃતિની અસર પણ પડેલી જણાય છે.

ઉપાધ્યાય યશોવિજયજી ન્યાયાચાર્ય હતા. તેની પ્રકૃતિ આ મહાકાવ્યમાં મળે છે. વિવિધ શાસ્ત્રોના સિધ્ધાંતો, પારિભાષિક સંજ્ઞાઓ આ કાવ્યમાં મળી આવે છે. ન્યાયદર્શન તથા જૈનદર્શનનો નિર્દેશ પણ પ્રાપ્ત થાય છે.

કવિએ આ મહાકાવ્યના કેટલા સર્ગ રચવા ધાર્યા હશે તેનો સ્પષ્ટ ખ્યાલ મળતો નથી તે છતાં તેના પ્રત્યેક સર્ગમાં ૧૩૦થી વધારે શ્લોક છે. આ મહાકાવ્યનો મુખ્ય રસ શાન્તરસ છે. આ મહાકાવ્યમાં મળતા વર્ણનોની કથા અતિ ઉચ્ચ કક્ષાની છે. આ અધૂરા પૌરાણિક મહાકાવ્યમાં સંદર્ભો પણ ઠીક ઠીક પ્રમાણમાં મળે છે. મહાકાવ્યની અનુપમ સંવાદકલા તેને જીવંત બનાવે છે. આ સંવાદો વેધક, ચોટદાર અને તર્કયુક્ત છે. આ ૪૫૯ શ્લોકોમાં અલંકારોનું પ્રાચુર્ય તથા વૈવિધ્ય ધ્યાન ખેંચે છે. અને ઓછામાં ઓછા પચીસેક જેટલા અલંકારો પ્રયોજ્યા છે.

આ મહાકાવ્યમાં ઉપાધ્યાય યશોવિજયની ખાસ આગવી વિશેષતાઓ જોવા મળે છે. આ મહાકાવ્ય (અધૂરા)ની શરૂઆતમાં કે વચમાં ક્યાંય પોતાના વિશે કશું જ કહ્યું નથી. યશોવિજયજીએ દરેક સર્ગના અંતમાં'યશ:શ્રીયમ્' શબ્દ મૂકયો છે. તે વાત નોંધપાત્ર છે.

આ કાવ્યની શૈલી નૈષધીયચરિતને મળતી આવે છે. ગૌડી શૈલીના વધારે અને પાંચાલી શૈલીના કેટલાંક લક્ષણો જોવા મળે છે. આ કાવ્ય કદાચ 'નૈષધીયચરિત'ના પ્રભાવ નીચે લખાયું હોય તેવો સંભવ જણાય છે. આ કાવ્યમાં દેખાતા અર્થગાંભીર્ય અને શ્લેષ વગેરેના પ્રયોગને લીધે પાંચાલી શૈલીનો પ્રભાવ જણાય છે. આ મહાકાવ્યની શૈલી મહાકાવ્યના ગંભીર વિષયને અનુરૂપ છે.

આ મહાકાવ્યમાં નાની નાની કેટલીક નગણ્ય મર્યાદાઓ પણ છે. દા.ત પ્રાંતીય ભાષાના કેટલાક શબ્દોનો ઉપયોગ, કેટલાક વિચિત્ર શબ્દપ્રયોગ, વ્યાકરણ દૃષ્ટિ એ અશુધ્ધ પ્રયોગો વગેરે પણ તેથી કાવ્યની ગુણવત્તા ઓછી થતી નથી.

જૈન ધર્મના નિર્દેશો આ કાવ્યમાં વારંવાર મળે છે. ઉપાધ્યાય યશોવિજયજીએ પાંડિત્યપૂર્ણ સંસ્કૃત મહાકાવ્ય રચવાનો અને વિદ્વદ્‌ભોગ્ય રચના કરવાનો પ્રયાસ કર્યો છે.

## -:કાવ્યપ્રકાશ ટીકા:-

સંસ્કૃત ભાષામાં મમ્મટે 'કાવ્યપ્રકાશ' નામની કૃતિ દસ ઉલ્લાસોમાં ૧૪૩ કારિકાઓમાં રચી છે. એમણે જ એની વૃત્તિઓ પણ લખી છે અને આના ઉપર અનેક ટીકાઓ રચાઇ છે. આ કાવ્યપ્રકાશ ઉપર યશોવિજયજી ગણિએ વૃત્તિ રચી છે. પરંતુ

દુર્ભાગ્યે 'કાવ્યપ્રકાશ ટીકા'ના ઉલ્લાસ બે અને ત્રણ ઉપરની જ ઉપલબ્ધ છે બાકીની નથી.

જે ભાગ આપણને પ્રાપ્ત થાય છે એની મૂળ હસ્તપ્રત પરથી મુનિશ્રી પુણ્યવિજય મહારાજે સ્વહસ્તે પ્રેસ કોપી તૈયાર કરી હતી. તે કોપી શુદ્ધ, સ્વચ્છ અને દોષમુક્ત છે.

આ ગ્રંથમાં ઉપાધ્યાયજીના મૌલિક ચિંતનના તથા તટસ્થ શાસ્ત્ર દ્રષ્ટિના દર્શન થાય છે. તે ઉપરાંત નૈયાયિક શૈલીમાં વિસ્તારપૂર્વક શાસ્ત્રાર્થ કર્યો છે. જેમાં સિદ્ધિચન્દ્ર, શ્રીવત્સલાંછન, ભટ્ટાચાર્ય, જગન્નાથ પંડિત, પંડિત વિદ્યાધર વગેરેનો પ્રભાવ જોવા મળે છે. યશોવિજયજીએ જે વિસ્તાર અને વિદ્વત્તાનું પ્રકાશન કર્યું છે તે અન્યત્ર કયાંય જોવા મળતું નથી. આમ અનેક ઠેકાણે યશોવિજયજી નવ્ય ન્યાયદર્શનની પરિપાટી અને શૈલીનો વિનિયોગ કરી અત્યંત ગંભીર, મૂલગામી અને સૂક્ષ્મ ચર્ચા કરી છે. તેમાં અનેક સ્થળે અંતઃસ્રોતોનું દર્શન થાય છે. અને તેમના પાંડિત્ય અને મૌલિકતાના વિશેષ દર્શન થાય છે.

યશોવિજયજીએ પોતાની ટીકામાં અન્યત્ર છ પ્રાચીન ટીકાકારોના નામોના ઉલ્લેખ કર્યો છે. જેમ કે ચંડીદાસ, સુબુદ્ધ મિશ્રા, પરમાનંદ ચક્રવર્તી, યશોધર ઉપાધ્યાય, પ્રદીપકાર, અને મધુમણીકાર રવિઠક્કર. તે ઉપરાંત અનેક ઠેકાણે '૧૫ થી ૨૪' મતોની વિચારણા કરી છે. ઉલ્લાસ બેના અંતમાં 'નરસિંહ-મનીષા'નો ઉલ્લેખ (ઈ.સ.૧૬૦૦/૧૭૦૦) કર્યો છે. તેથી અનુમાન કરી શકાય કે ઉપાધ્યાય યશોવિજયજીએ આ કૃતિ ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં રચી હશે.

## -:જ્ઞાનાર્ણવ પ્રકરણ:-

ઉપાધ્યાય યશોવિજયજીએ 'જ્ઞાનાર્ણવપ્રકરણ' ગ્રંથમાં જૈન મતાનુસાર જ્ઞાનની મીમાંસા કરી છે. શ્રી યશોવિજયજીએ પોતાના અનેક ગ્રંથોની જેમ આ ગ્રંથનું પ્રતિપાદન નવ્યન્યાયની શૈલીથી કર્યું છે. આ કૃતિ સંસ્કૃત ભાષામાં રચેલી છે.

આ ગ્રંથમાં જૈન મતમાં માનવામાં આવેલા પાંચેય જ્ઞાન પ્રકારો અને તેમાંય ખાસ કરીને તેમના સંબંધે બીજાઓ દ્વારા કરાયેલા અપૂરતા કે ભૂલભરેલા વિદ્યાનો સામે ખંડનાત્મક શૈલી લેખકે અપનાવી છે. આ ગ્રંથના પ્રકરણોને તરંગ કહીને તેની 'અર્ણવ' સંજ્ઞાને કાવ્ય દષ્ટિએ સાર્થક કરી છે. વિષય તેમજ નિરુપણ માટે પ્રયોજાયેલ તર્ક-વિતર્કની ગહનતાનો પાર પામવાનું અતિ મુશ્કેલ બની જાય છે.

આ કૃતિ સંસ્કૃતમાં રચેલી છે. આ પદ્યાત્મક કૃતિ પૂરેપૂરી ઉપલબ્ધ નથી. તેના

ચાર તરંગો છે. તેમાંના ત્રણ ખંડિત છે. પ્રથમ તરંગમાં ૫૮ પદ્યો છે. બીજામાં ૯૩ એમાંથી ૧૮-૨૪ અને ૪૧-૯૩ અનુપલબ્ધ છે. ત્રીજા તરંગમાં પ્રથમ ચાર પદ્યો તેમજ પદ્ય ૨૧-૫૯ ખૂટે છે. ચોથા તરંગમાં ૨૯-પદ્યો અને ૩૧મું પદ્ય ખૂટે છે.

પ્રથમ તરંગમાં શ્રુતજ્ઞાન તથા મતિજ્ઞાનના પરસ્પર સંબંધની તથા સામ્ય-વૈધર્મ્યની ચર્ચા કરી છે.

બીજો તરંગ અપૂર્ણ છે છતાં ઉપલબ્ધ ગાથાઓને આધારે અનુમાન કરી શકાય કે તેનો મુખ્ય વિષય મતિજ્ઞાનના સ્વરૂપનું વિશ્લેષણ છે. ત્રીજો તરંગ ત્રૂટિત છે. તેમાં ઈહા વગેરેનું સ્મરણ તથા કોનું અવલંબન કરવું તેનું સ્વરૂપજ્ઞાન સમજાવ્યું છે.

ચોથા તરંગ લગભગ ત્રૂટિત અવસ્થામાં છે. સંદર્ભ વિના અર્થ સમજવો મુશ્કેલ છે. ફકત ગાથા ૩૩ પૂર્ણરૂપે પ્રાપ્ત થાય છે એ જ ગાથા જૈન આગમ સાહિત્યમાં પણ મળે છે.

આ પ્રમાણે જૈન મતાનુસાર જ્ઞાનની મીમાંસાના સંદર્ભે આ ગ્રંથમાં કર્તાએ સૂક્ષ્મતા, ગહનતા અને જટિલતાથી વિચાર કરેલા છે. આ ગ્રંથનું અગાધ અર્થગાંભીર્ય ધ્યાનમાં લઈને યશોવિજયજીએ પોતેજ એનું વિવરણ- સ્વોપજ્ઞ ટીકા રચી હશે એમ મનાય છે.

## -:ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા:-

ઉપાધ્યાય યશોવિજયજી રચિત 'ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા' કાવ્યદ્રષ્ટિ અને અલંકારોથી શોભતી સહૃદયના ભાવોને આકર્ષણ પમાડનારી કૃતિ ઠરે છે. ઉપાધ્યાયજીની વિદ્વત્તા અને કવિત્વ શક્તિના ઉત્તમ નમૂનારૂપ આ કૃતિના મૂળ શ્લોકો ૯૬ છે. જેમાં યમક, અનુપ્રાસ આદિ અલંકારોની ગૂંથણી અતિસુંદર છે. આ કૃતિની રચનાની ખુબી એ છે કે તેના બધા જ શ્લોકો યમકમય સ્તુતિની રચના છે. એટલે કે બીજું અને ચોથું ચરણ લગભગ એક સરખું જ આવે છે એટલે કે શબ્દો એજ હોય પણ એના અર્થ જુદા હોય.

આ સ્તુતિકાવ્યની આંતરિક રચના એવી છે કે જેમાં ચોવીસ તીર્થંકરોની સ્તુતિ તેમની વંદના તેમના ગુણોની પ્રશંસા કરવામાં આવી છે. એમાં પ્રત્યેક સ્તુતિના ચાર શ્લોકોમાંથી પ્રથમ તે તીર્થંકરની સ્તુતિ પછી તમામ તીર્થંકરોનું સંયુક્ત ગુણકીર્તન ત્યારબાદ શ્રુતજ્ઞાન અને તે પ્રાપ્ત કરવાની માનવોને આહ્વાન અને અંતિમ શ્લોકોમાં એક યા બીજા સ્વરૂપે અધિષ્ઠાયક દેવદેવીની સ્તુતિ આપી છે.

આ કાવ્ય સ્તુતિકાવ્ય હોવા ઉપરાંત એક વિલક્ષણ ભક્તિકાવ્ય છે. આ કાવ્યમાં

જૈન દર્શન, આચાર, નીતિના મૂળ સ્રોત સમાયેલા હોવાથી તેને દાર્શનિક કાવ્ય પણ કહી શકાય. આ કૃતિ મૌલિક કૃતિ નથી. ઉપાધ્યાય યશોવિજયજીના પુરોગામી શોભનમુનિએ 'સ્તુતિ ચતુર્વિંશતિકા' નામના કાવ્યની રચના કરી છે તેની સાથે આ કૃતિ ઘણું સામ્ય ધરાવે છે. તે છતાં એક વિદ્વાનના કહ્યા પ્રમાણે ''ચોવીશી અનુકરણરૂપ ભલે હોય પરંતુ કોઇએ એમ તો ન જ માની લેવું કે તેમા કશી નવીનતા નથી. તેઓશ્રીની સ્તુતિ ઉપરની સ્વોપજ્ઞ ટીકા જોતાં પ્રસ્તુત સ્તુતિમાં કેવી કેવી નવીનતા તેમજ ગાંભીર્ય છે તેનો સ્પષ્ટ ખ્યાલ તદ્‌વિદોને મળે છે.''

જિનેશ્વરદેવોની સર્વાંગીણ મુગ્ધતાભરી પ્રશસ્તિ યશોવિજયજી કરે છે ત્યારે તેમાં ભાવની પુનરુક્તિ જોવા મળે તે સ્વાભાવિક છે. તે છતાં જે વસ્તુભાવના, ભક્તિ ઉપાધ્યાયજીએ સ્વીકાર્યા છે તેની મર્યાદામાં આ એક ઉત્કૃષ્ટ સ્તુતિકાવ્ય અથવા તો ભક્તિકાવ્ય છે.

જુદા જુદા સત્તર છંદોનો ઉપયોગ આ કૃતિમાં કરવામાં આવ્યો છે. પૂજ્ય ઉપાધ્યાયજીએ સ્વોપજ્ઞવૃત્તિની રચના કરી છે. તેથી તેના ભાવો રહસ્યો સમજવામાં આપણને સરળતા રહે છે.

આ ગ્રંથ વિ.સ.૧૯૮૪માં આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજીએ સંપાદિત કરી પ્રકાશિત કર્યો છે અને ત્યારબાદ મુનિશ્રી યશોવિજયજીએ વર્તમાન સાહિત્ય કલારત્ન આચાર્ય વિજયયશોદેવસૂરિશ્વરજી મહારાજે સંપાદિત કરી સંપૂર્ણ વૃત્તિ તથા હિન્દી અનુવાદ સહિત વિ.સ.૨૦૧૯માં પ્રકાશિત કર્યો છે.

## -:જ્ઞાનબિન્દુ:-

ઉપાધ્યાય યશોવિજયજી રચિત આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં ૧૨૫૦ શ્લોક પ્રમાણ છે.

આ ગ્રંથનું બંધારણ એવું છે કે એના પ્રારંભમાં એક પદ્ય છે અને અંતમાં પ્રશસ્તિ રૂપે નવ પદ્યોની રચના કર્તાએ કરી છે. આ ગ્રંથમાં મુખ્ય આઠ વિષયોનું નિરૂપણ કર્યું છે.

(૧) સામાન્ય ચર્ચા દ્વારા જ્ઞાનનો પીઠિકાબન્ધ

(૨) મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વિશે ચર્ચા.

(૩) અવધિજ્ઞાનની ચર્ચા.

(૪) મન:પર્યાયજ્ઞાનની ચર્ચા.

(૫) કેવલજ્ઞાનની ચર્ચા.

(૬) બ્રહ્મજ્ઞાનની સમીક્ષા.

(૭) કેવલજ્ઞાન અને કેવલદર્શનના ભેદાભેદની ચર્ચા.

(૮) પ્રશસ્તિ.

આ સર્વ વિષયોને સવિસ્તર જણાવીને અવગ્રહાદિના ક્રમમાં પ્રયોજન, અવગ્રહના ભેદ, સ્વરૂપ તેના પ્રામાણ્યાદિનો નિર્ણય, સમ્યકત્વને લઈને જ જ્ઞાનને પ્રમાણ તરીકે ગણી શકાય, સ્યાદ્વાદનું સ્વરૂપ એક પદાર્થના જ્ઞાનથી સર્વ પદાર્થોનું જ્ઞાન, અવગ્રહાદિ ભેદોમાં જ્ઞાન-દર્શનની યોજના વગેરે મતિજ્ઞાનના પ્રસંગે સ્પષ્ટ જણાવી છે.

તે ઉપરાંત શ્રુતજ્ઞાનના વર્ણનમાં સ્વરૂપભેદ, મતિ શ્રુતમાં તફાવત વગેરે સમજાવ્યા છે. અવધિજ્ઞાનના વર્ણનમાં લક્ષણ ભેદ, પરમાવધિ મન:પર્યવ જ્ઞાનથી તેની ભિન્નતા જણાવી છે. મન:પર્યવજ્ઞાનના વર્ણન-લક્ષણ, ચિંતિતપદાર્થને જણાવાની રીત, મન:પર્યવ જે મન જણાય તેનું સ્વરૂપ વગેરે વર્ણવ્યું છે.

કેવલજ્ઞાનના વર્ણનમાં તેનું લક્ષણ, સર્વજ્ઞતાની સિદ્ધિ, તેનું પ્રમાણિકપણું, કેવલજ્ઞાનાવરણના ક્ષયની આવશ્યકતા, કર્મનું આવરણપણું, કંકૂશુભાદિથી લોભની ઉત્પત્તિને સ્વીકારનારાના મતનું ખંડન, નૈરામ્યભાવ માનનાર મતનું ખંડન, પારમાર્થાદિક ત્રણ શક્તિ, દ્રષ્ટિસૃષ્ટિવાદનું ખંડન, બ્રહ્મવિષય અને બ્રહ્માકારવૃત્તિનું અધ્યાસનું-અજ્ઞાનકલ્પનાનું ખંડન, દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નયની અપેક્ષા એ સૂક્ષ્મ વિચાર શ્રેણી જણાવી છે.

અંતમાં મલ્લવાદિ, શ્રી સિદ્ધસેન દિવાકર તથા જિનભદ્રગણિના કેવલ-દર્શન અને તેના ઉપયોગની બાબતમાં વિચારો જણાવીને સમ્મતિ તર્કની ગાથાનું વિવેચન કર્યુ છે. અને નયવાદની અપેક્ષાએ તેનું એકીકરણ બતાવ્યું છે.

## -:નયપ્રદિપ:-

ઉપાધ્યાય યશોવિજયજી રચિત આ કૃતિનું બીજું નામ 'સપ્ત-ભંગી-નયપ્રદીપ' છે. સંસ્કૃત ભાષામાં રચેલી આ કૃતિનો પ્રારંભ પદ્યમાં કર્યો છે અને બાકીના ભાગની રચના ગદ્યમાં કરી છે.

કર્તાએ આ કૃતિને બે વિભાગમાં વિભાજિત કરી છે. પ્રથમ સર્ગનું નામ 'સપ્તભંગી-સમર્થન' રાખ્યું છે. અને બીજા સર્ગનું નામ 'નયપ્રદીપ' રાખ્યું છે.

પ્રથમ સર્ગમાં કર્તાએ નીચેના વિષયોનુ આલેખન કર્યું છે. સાતભંગી જાણવાની આવશ્યકતા, સાતભંગીનું લક્ષણ, સાતભંગનુસ્વરૂપ, સાતભંગીના દરેક ભંગના

સકલાદેશ અને વિકલાદેશ એવા બે પ્રકારો તથા કાલાદિ આઠનો નિર્દેશ.

બીજા સર્ગના કર્તાએ નીચેના અન્ય વિષયોનું નિરુપણ કર્યું છે. નયના ભિન્ન ભિન્ન છ લક્ષણો, જિનમતમાં કથનની સાપેક્ષતા, નયાભાસનું લક્ષણ, સ્વભાવ પર્યાય અને વિભાવ-પર્યાયનું લક્ષણ અને તેના બાર પ્રકારો વગેરે.

આ ઉપરાંત કર્તાએ આ ગ્રંથમા દ્રવ્યના સામાન્ય દસ ગુણ, અને વિશેષ સોળ ગુણ, દ્રવ્યાર્થિક નયના દસ ભેદ, પર્યાયના ચાર પ્રકાર, પર્યાયર્થિક નયના છ પ્રકારો, ગુણાર્થિક નયની અસંભવિતતા, સામાન્યના બે પ્રકાર અને તેનાં લક્ષણો વર્ણવ્યા છે.

ઉપાધ્યાય યશોવિજયજીએ નયની અપેક્ષા અનુસાર વિવિધ સંખ્યા, નૈગમાદિ નયોનું નિરૂપણ નૈગમભાસાદિ અને અજૈન દર્શનોનું નિરૂપણ પણ આ ગ્રંથમાં કર્યું છે.

કર્તાએ જાત જાતના જે અન્ય મુદ્દાઓને ચર્ચા છે તે આ પ્રમાણે છે. વ્યવહારના ચૌદ અને ઉપચારના નવ પ્રકારો, કાલાદિ છ ભેદના ઉદાહરણો તેમજ નયના સાતસો ભેદનું સૂચન.

ઉપાધ્યાય યશોવિજયજી ગ્રંથના અંતમાં કહે છે કે પરસ્પર વિરોધી નયો વચ્ચે જૈન સાધુ મેળ સાધી શકે છે.

આ ગ્રંથમાં લગભગ ૫૦૦ શ્લોક પ્રમાણ સંભવે છે.

## -:નયોપદેશ:-

ઉપાધ્યાય યશોવિજયજીએ આ ગ્રંથની રચના સંસ્કૃત ભાષામાં ૧૪૪ પદ્યમાં કરી છે.

'નય' વિષયક આ કૃતિમાં તેમણે નયનું લક્ષણ, શબ્દબોધની સાપેક્ષતા, નયવાક્ય અને પ્રમાણ વાક્યમાં તફાવત, નયજ્ઞાનની સંશય, સમુચ્ચય, વિભ્રમ અને પ્રમાથી વિલક્ષણતા, નયની પ્રમાણતા, દ્રવ્યાર્થિક અને પર્યાયર્થિક નયની માન્યતાઓ, એ બન્નેના પ્રકારોની સંખ્યા પરત્વે મતભેદ વર્ણવ્યા છે.

તે ઉપરાંત નૈગમાદિ સાત નયો અને તેનાં લક્ષણ, જીવ અજીવ નોજીવ અને નોઅજીવની વિચારણા કરી છે.

સિદ્ધ નિશ્ચયથી જીવ જ છે. એ દિગંબર મતનું ખંડન આ કૃતિમાં ઉપાધ્યાયજીએ કર્યું છે. પ્રદેશાદિ ત્રણ ઉદાહરણો સંબંધી નૈગમાદિ નયોનું વક્તવ્ય સમજાવ્યું છે અને નયોના અધિકારી કોણ? દિગંબરોનો નગ્ન તરીકે ઉલ્લેખ અને ચાર નિક્ષેપોની સમજણ અહીં આપી છે.

આ ગ્રંથમાં ઉપાધ્યાયજીએ પ્રતિમા, શાશ્વત, અને અશાશ્વત પ્રતિમાનું પૂજન તથા અજૈન દર્શનોની ઉત્પત્તિ જેવા વિષયો આલેખ્યા છે. ઋજુસૂત્રાદિકમાંથી સૌત્રાનિલ, વૈભાષિક, યોગાચાર અને માધ્યમિક એમ બૌદ્ધોના ચાર સંપ્રદાયોનો ઉદ્‌ભવ વર્ણવ્યો છે.

આ ગ્રંથના અંતમાં ધર્મ્યંશમાં નાસ્તિક કેવળ બાર્હસ્પત્ય અને ધર્માંશમાં સર્વે અન્યતીર્થિકો, જ્ઞાન-નય અને ક્રિયા-નયનાં મંતવ્યો સમજાવી કર્તાએ પોતાનો પરિચય આપ્યો છે.

આ ગ્રંથ ઉપર કર્તાએ પોતે 'નયામૃતતરંગિણી' નામની ટીકા રચી છે.

## -:નયરહસ્ય:-

જૈન ન્યાય એટલે પ્રમાણ, નય, નિક્ષેપ, સાતભંગી, સકલાદેશ, વિકલાદેશ અને સ્યાદ્વાદ પૈકી એક કે એથી વધારે વિચારણા.

ઉપાધ્યાય યશોવિજયજી નયરહસ્યનું સર્જન પરોપકારના હેતુથી કર્યું છે. તેમણે નયોને અંગે સાતભંગી-નયપ્રદીપ, નયરહસ્ય અને નયોપદેશ એમ ત્રણ કૃતિઓની રચના કરી છે. આ ગ્રંથમાં નૈગમાદિ સાત નયોનું સ્વરુપ વિસ્તારથી સમજાવ્યું છે. ઉપાધ્યાય યશોવિજયજીએ જે જે ગ્રંથના અંતે 'રહસ્ય' શબ્દ મૂકયો છે. તેવા ૧૦૮ ગ્રંથોની રચના કરવાનું ધાર્યુ હતું.

આ કૃતિનું બંધારણ આ પ્રમાણે છે. આના પ્રારંભમાં એક પદ્ય અને અંતમાં પ્રશસ્તિરૂપે ત્રણ પદ્યો છે. જ્યારે બાકીના ભાગમાં ગદ્ય છે.

સંસ્કૃત ભાષામાં રચેલી આ કૃતિમાં કર્તાએ નયનું લક્ષણ, નયના છ નામાંતર, તેની સમજણ, ગોળ અને સૂંઠના દ્રષ્ટાંતથી સમજાવ્યા છે. તે ઉપરાંત અન્ય વિવિધ મુદ્દાઓની વિચારણા કરી છે.

(૧) દ્રવ્યાર્થિક નયના જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના મતે નૈગમાદિના ચાર પ્રકાર.
(૨) સિદ્ધસેનના મત નૈગમાદિના ત્રણ પ્રકાર.
(૩) નૈગમાદિ નયોની ઉત્તરોત્તર વિશુદ્ધિ દર્શાવનારા પ્રદેશ.
(૪) પ્રસ્થક અને વસતિ એ ત્રણ દ્રષ્ટાંતોનું નિરૂપણ.
(૫) નામાદિ ચાર નિક્ષેપ.
(૬) નૈગમાદિ નયોનાં લક્ષણ.

આ કૃતિને ઉપાધ્યાયજીએ અંતમાં 'પ્રકરણ' કહી છે. તે ઉપરાંત 'નયોપદેશનું' ૩૧મું પદ નયરહસ્યમાં પ્રાપ્ત થાય છે તેથી 'નયરહસ્ય' ગ્રંથ 'નયોપદેશ' ગ્રંથની પછી

રચાયો હશે એમ ફલિત થાય છે.

## -:યતિલક્ષણ સમુચ્ચય:-

ઉપાધ્યાય યશોવિજયજીએ રચેલ આ કૃતિમાં ૨૨૭ પદ્યો આર્યામાં છે. પ્રથમ પદ્યમાં પ્રભુ મહાવીરને નમન-પ્રણામ, બીજા પદ્યમાં પૂર્વાચાર્યોએ યતિના લક્ષણો કહ્યાનો ઉલ્લેખ, ત્રીજા અને ચોથા પદ્યમાં સાત લક્ષણો નીચે પ્રમાણે ગણાવ્યા છે.

(૧)માર્ગાનુસારી ક્રિયા, (૨)પ્રજ્ઞાપનીયત્વ એટલે કે શિક્ષાગ્રહણ કરવાની યોગ્યતા, (૩)ઉત્તમશ્રદ્ધા, (૪)ક્રિયાઓને વિશે અપ્રમાદ, (૫) શક્ય અનુષ્ઠાનનો આરંભ, (૬) ગુણોનો તીવ્ર અનુરાગ અને (૭) ગુરુની આજ્ઞાનું પરમ આરાધન.

આ સાત વિભાગોના વિષયો નીચે પ્રમાણે છે.

(૧) માર્ગની વ્યાખ્યા, સિદ્ધાન્તની રીતિ, સત્ અને અસત્ આચરણનું સ્વરૂપ અને ગુરુની આજ્ઞા અનુસાર વર્તનથી કલ્યાણ.

(૨) વિધિસૂત્ર વગેરે સાતપ્રકારના સૂત્રોનો ઉલ્લેખ અને દેશનાની રીતિ.

(૩) વિધિનું બહુમાન, વિધિનું જ્ઞાન, પ્રત્યાખ્યાન પાળવાની લાયકાત, તથા વધની અને દયાની તરતમતા.

(૪) મોક્ષદાયક સાધનોની સાધનાના ગુણો તેમજ દાન, પાત્ર ઈત્યાદિનું નિરૂપણ.

(૫) સંહનતાદિકની હીનતાને-નિર્બળતાને લક્ષ્યમાં લઈને અનુષ્ઠાન કરવાની રીત અને શુભ અધ્યવસાય-ભાવનું રક્ષણ.

(૬) ગુણીજનની પ્રશંસાની રીત.

(૭) ગુરૂકુળવાસની આવશ્યકતા, એકલવિહારીને લાગતા દૂષણો, વિહારની રીતિ, ગુરુ અને શિષ્યના વાસ્તવિક ગુણો, સત્યપ્રરૂપકની પ્રશંસા અને દુષમા કાળમાં સાધુઓની વિદ્યમાનતા.

આ ગ્રંથ ટીકા વિનાનો છે.

## -:યતિધર્મબત્રીસી:-

ઉપાધ્યાય યશોવિજયજીએ આ કૃતિ ગુજરાતીમાં દોહામાં રચી છે. તેમાં ક્વચિત હિન્દીની છાંટ પણ દેખાય છે. આ કૃતિની પદ્ય સંખ્યા બત્રીસની છે. આ કૃતિમાં જૈન યતિના એટલે કે મુનિના દસ ધર્મોનું નિરુપણ કરે છે.

(૧)ક્ષમા, (૨)માર્દવ, (૩)આર્જવ, (૪)મુક્તિ, (૫)તપ, (૬)સંયમ, (૭)સત્ય, (૮)શૌચ, (૯) અકિંચનતા, (૧૦) બ્રહ્મચર્ય.

એમાં ક્ષમા તેમજ વચન ધર્મના બબ્બે ભેદ સમજાવવામાં આવ્યા છે. તેમાં ભાવ યતિનું અને ભાવનિગ્રંથનું એકેક લક્ષણ બતાવ્યું છે. પાપશ્રમણ વિશે કેટલુંક કથન કર્તાએ કર્યું છે. અને એક વાત ખાસ કહી છે કે જનમનરંજન ધર્મનું મૂલ્ય નથી. અંતમાં કર્તાએ 'વાચક' તરીકે પોતાનો નિર્દેશ કર્યો છે.

આ કૃતિને કેટલાક 'સંજમબત્રીસી' પણ કહે છે.

## -:દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા:-

ઉપાધ્યાય યશોવિજયજીએ સંસ્કૃત ભાષામાં રચેલી આ કૃતિ બત્રીસ પદ્યોવાળી એકેક એવી બત્રીશ બત્રીસીઓ (દ્વાત્રિંશિકા) છે. તેમાંની પ્રથમ દ્વાત્રિંશિકા 'અનુષ્ટુપ્'માં છે અને છેલ્લી 'રથોદ્ધતા'માં છે. એ પ્રત્યેકનું નામ તે તે બત્રીસીના અંતમાંની પુષ્પિકામાં છે. તે નામો તે બત્રીશીના વિષયનું દ્યોતન કરે છે.

(૧) **દાન:-** આમાં અનુકંપાદાન અને સુપાત્રદાન વિશે માહિતી આપવામાં આવી છે.

(૨) **દેશના:-** અહીં દેશના માટેની યોગ્યતા તથા શ્રોતાના ભેદ બતાવ્યા છે. અને શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાનનું સ્વરૂપ સમજાવ્યું છે.

(૩) **માર્ગ:-** માર્ગના આગમ અને આચરણા એમ બે ભેદ બતાવી તેની પ્રશસ્તતા અને અપ્રશસ્તતાનું, ધાર્મિકભાસમુનિનું અને સંવિજ્ઞપાક્ષિકનું સ્વરૂપ દર્શાવ્યું છે.

(૪) **જિન મહત્ત્વ:-** આ બત્રીશીમાં તીર્થંકર વાણીની પ્રશંસા કરાઈ છે. ઔદાયિક ભાવો અને ક્ષાયિક ભાવો જ્ઞાનાદિને લઈને તીર્થંકરની મહત્તા સમજાવી છે.

(૫) **ભક્તિ:-** જિનચૈત્ય અને જિનબિંબ કેવી રીતે તૈયાર કરવા અને તે માટે જમીનની શુદ્ધ, અપ્રીતિનો પરિહાર વર્ણવ્યો છે. પાંચ અને આઠ અંગે પૂજા અને પૂજાર્થે સ્નાનની આવશ્યકતા અહીં વિચારાઈ છે.

(૬) **સાધૂસામગ્ય:-** આમા વિંષય પ્રતિભાસ, તથાત્મપરિણામ મત અને તત્ત્વસંવેદન એમ ત્રણ પ્રકારો તથા તેને લગતી અન્ય બાબતો વિચારાઈ છે.

(૭) **ધર્મવ્યવસ્થા:-** આ બત્રીશીમાં સાધુએ માંસ ભક્ષણ ન કરવું જોઈએ એ વાત મનુસ્મૃતિ વગેરે વૈદિક ગ્રંથ તેમજ બૌદ્ધ ગ્રંથના આધારે સમજાવી છે.

(૮) **વાદઃ-** આમાં વાદ, વિવાદ અને ધર્મવાદ એમ વાદના ત્રણ પ્રકારો એનાં લક્ષણો અને ફળ દર્શાવ્યા છે. તથા હિંસા-અહિંસા અને અન્ય બાબતો પણ વિચારાઈ છે.

(૯) **કથાઃ-** આ બત્રીશીમાં અર્થકથા, કામકથા, ધર્મકથા, અને મિશ્રકથા તેના ભેદો વર્ણવ્યા છે.

(૧૦) **યોગલક્ષણઃ-** અહીં જૈન દષ્ટિએ યોગનું સ્વરૂપ સમજાવીને ભવાભિનંદીનું અને લોકપંક્તિનું સ્વરૂપ અને ક્રિયાના પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિધ્ધિ અને વિનિયોગ એ પાંચ આશયોના લક્ષણો તેમજ ભાવ શુદ્ધ ક્રિયાની મહત્તા રજુ કરવામાં આવી છે.

(૧૧) **પાતંજલ યોગલક્ષણ વિચારઃ-** અહીં પાતંજલિ પ્રમાણે યોગ વિચાર સમજાવ્યો છે.

(૧૨) **પૂર્વસેવઃ-** આ બત્રીશીમાં યોગની પૂર્વસેવા તરીકે ગુરૂદેવનું પૂજન, સદાચાર, તપ અને મુક્તિ પ્રયત્નનો ઉલ્લેખ અને તેનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

(૧૩) **મુક્ત્યદ્વેષ પ્રાધાન્યઃ-** મુક્તિ-મુક્તિના ઉપાયો અને ઉપાયો યોજનાર એ ત્રણે પ્રત્યે અદ્વેષ રાખનાર ગુરૂ વગેરેનું પૂજન તે વર્ણવ્યું છે.

(૧૪) **અપુનર્બંધકઃ-** આ બત્રીશીમાં જીવનું સ્વરૂપ સમજાવ્યું છે.

(૧૫) **સમ્યગ્દષ્ટિઃ-** સમ્યગ્દષ્ટિના શુશ્રુષા, ધર્મનો રાગ અને ગુરુનું પૂજન એમ ત્રણ લિંગ દર્શાવ્યા છે.

(૧૬) **ઈશાનુગ્રહવિચારઃ-** પતંજલિના મત મુજબ મહેશનું લક્ષણ અનુગ્રહનું નિરાકરણ, વ્યાધિ વગેરે વિઘ્નોનો નિર્દેશ તથા અન્ય અનુષ્ઠાન વગેરે બાબતો વિચારાઈ છે.

(૧૭) **દેવપુરુષાકારઃ-** દેવ એટલે પોતાનું કર્મ અને પુરુષાકાર એટલે પોતાનું પ્રાયત્ન નિશ્ચયનય અને વ્યવહારનય પ્રમાણે આ બેનું સ્વરૂપ અહીં આલેખ્યું છે.

(૧૮) **યોગભેદઃ-** અધ્યાત્મ, ભાવના, સમતા, ધ્યાન અને વૃત્તિનો ક્ષય એમ યોગના પાંચ પ્રકારો તેનાં લક્ષણો સાથે દર્શાવ્યા છે.

(૧૯) **યોગવિવેકઃ-** આ બત્રીશીમાં યોગના ત્રણ પ્રકારોના લક્ષણો બતાવ્યા છે.

(૨૦) **યોગાવતારઃ-** અહીં પતંજલિના મતે યોગના સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત

એવા બે પ્રકારો દર્શાવી સંપ્રજ્ઞાતના વિતર્કાદિને લઈને ચાર ઉપપ્રકારો વર્ણવ્યા છે.

(૨૧) **તારાત્રિધ્ય**:- આમાં તારા, બલા, અને દિપ્રા એમ ત્રણ દષ્ટિનું નિરૂપણ છે.

(૨૨) **કુતર્કગ્રહનિવૃત્તિ**:- અહીં કુર્તકનું સ્વરૂપ અને તેના પ્રકારો વર્ણવ્યા છે.

(૨૩) **સદ્દષ્ટિ**:- પ્રત્યાહાર અને ધારણાનાં લક્ષણ, ત્રણ દષ્ટિનું સ્વરૂપ વર્ણવ્યું છે.

(૨૪) **કલેશહાનોપાય**:- કલેશનો નાશ કરવાના ઉપાયો આલેખ્યા છે.

(૨૫) **યોગમાહાત્મ્ય**:- આ બત્રીશીમાં યોગનો મહિમા વર્ણવ્યો છે.

(૨૬) **ભિક્ષુ**:- અહીં ભાવભિક્ષુ અને દ્રવ્ય-ભિક્ષુનું સ્વરૂપ દર્શાવ્યું છે.

(૨૭) **દીક્ષા**:- દીક્ષા વિષયક અનેક બાબતો તથા દિગંબરોની એ વિશેની ભક્તિ વિચારાઈ છે.

(૨૮) **વિનય**:- વિનયની વ્યુત્યતિ વિનયના આઠ પ્રકાર અને ઉપપ્રકારો વર્ણવ્યા છે.

(૨૯) **કેવલિભુક્તિવ્યવસ્થાપન**:- કેવલીને કવલાહાર ન હોઈ શકે એ માટે દિગંબરોની દલીલનું ખંડન કરવામાં આવ્યું છે.

(૩૦) **મુક્તિ**:- આમાં મુક્તિના સ્વરૂપ વિશે અજૈનોના મત, તેનું નિરસન અને જૈન મતનું સ્થાપન કરાયું છે.

(૩૧) **સજ્જન સ્તુતિ**:- આ બત્રીશીમાં સજ્જનના ગુણો, દોષો વગેરેનું નિરસન કર્યું છે.

આ બત્રીશી અને તેના ઉપર તત્ત્વાર્થદીપિકા નામના સ્વોપજ્ઞ ટીકા એ બન્નેનું શ્લોક પ્રમાણ ૫૫૦૦ શ્લોક છે.

## -:જૈન તર્કભાષા:-

આ સંસ્કૃત કૃતિનો પ્રારંભ એક પદ્યથી અને અંત ચાર પદ્યની પ્રશસ્તિથી કરાયેલ છે. જ્યારે બાકીનું લખાણ ગદ્યમાં છે. આ કૃતિ ત્રણ ખંડમાં વિભાજિત છે. (૧)પ્રમાણ, (૨)નય, અને(૩) નિક્ષેપ.

પ્રથમ ખંડમાં પ્રમાણનું લક્ષણ, પ્રમાણ અને ફળમાં અભેદ, પ્રત્યક્ષ પ્રમાણના સંવ્યવહારિક અને પારમાર્થિક એવા બે ભેદ, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો તફાવત, મતિજ્ઞાનના અવગ્રહાદિ ચાર પ્રકાર, મન અને નેત્રની અપ્રાપ્યકારિતાનું સમર્થન,

મતિજ્ઞાનના બહુવિધ ઈત્યાદિ પ્રકારો, શ્રુતજ્ઞાનના ચૌદ ભેદ, સંજ્ઞાક્ષરાદિ ત્રણ ભેદ, પારમાર્થિક પ્રત્યક્ષના અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન નામના ત્રણ પ્રકારોનું નિરૂપણ, યોગધર્મજન્યજ્ઞાનમાં અને કેવળજ્ઞાનમાં તફાવત, પરોક્ષ પ્રમાણના લક્ષણ અને સ્મૃતિ, પ્રત્યાભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમ એ પાંચ પ્રકારોનું સ્વરૂપ, સ્મરણનું પ્રામાણ્ય, પ્રત્યભિજ્ઞાનમાં અનુમાનાદિનો અંતર્ભાવ, હેતુ અને સાધ્યના સ્વરૂપ સંબંધી ચર્ચા, દૃષ્ટાંતની આવશ્યકતા, ત્રણ હેત્વાભાસો, સપ્તભંગીનું તેમજ સકલાદેશ, વિકલાદેશ અને કારણરૂપ કાલાદિનું નિરૂપણ એમ અનેક બાબતોનું આલેખન કરવામાં આવ્યું છે.

દ્વિતીય ખંડમાં નયનું લક્ષણ તેમજ સાત નયો અને નયાભાસોની સમજણ આપવામાં આવી છે.

ત્રીજા ખંડમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપોના સ્વરૂપ અને પ્રયોજનનું નિરૂપણ છે.

મૂળ ગ્રંથ ૮૦૦ શ્લોક પ્રમાણ છે. તર્કશાસ્ત્રરૂપી મહેલમાં ચઢવા માટે આ ગ્રંથ સોપાન સમાન છે.

## -:ગુરૂતત્ત્વ વિનિશ્ચય:-

ઉપાધ્યાય યશોવિજયજીએ આ કૃતિ મૂળ પ્રાકૃત ભાષામાં ૯૦૫ ગાથામાં રચી છે. આ પ્રાસાદિક કૃતિની રચના-કર્તાએ ચાર ઉલ્લાસમાં કરી છે. પૂર્વાચાર્યોએ રચેલી કૃતિઓમાંથી અહીં ઘણી કૃતિઓ વણી લેવામાં આવી છે. એનો ઉલ્લેખ સ્વોપજ્ઞ વૃત્તિમાં કર્તાએ કરેલો છે.

પ્રથમ ઉલ્લાસમાં ૨૦૮ પદ્યસંખ્યા છે. તેમાં વ્યવહારદૃષ્ટિ તથા નિશ્ચયદૃષ્ટિનું સ્વરૂપ સદૃષ્ટાંત સમજાવ્યું છે.

બીજા ઉલ્લાસમાં ૨૪૩ પદ્ય સંખ્યા છે. તેમાં આગમાદિ પાંચ વ્યવહારોનું નિરૂપણ કરાયું છે. તેમાં તર્કવિતર્કનું સમતોલપણું સચવાયું છે.

ત્રીજા ઉલ્લાસમાં કુગુરૂઓનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. એમાં ગચ્છાન્તર કરવાની પરિપાટીનું વર્ણન વિશદ, વ્યવસ્થિત અને વિસ્તારપૂર્વક આપ્યું છે. જૈન સંઘનો અને ખાસ કરીને શ્રમણસંઘનો ઈતિહાસ પૂરો પાડે છે.

ચોથા ઉલ્લાસમાં સુગુરુના સ્વરૂપનું નિરૂપણ છે. પુલાકાદિ પાંચ નિગ્રંથોનું સ્વરૂપ ૩૬ પદ્ય દ્વારા વિસ્તારથી આપવામાં આવ્યું છે.

વાચક ઉપાધ્યાય યશોવિજયજીએ પોતે સંસ્કૃત ગદ્યમાં ૭૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા બનાવી છે. આ સવૃત્તિક કૃતિ ભારતીય સંપ્રદાયોમાં તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરવા માટેનું સાધન છે.

## -:દેવ-ધર્મ પરીક્ષા:-

ઉપાધ્યાય યશોવિજયજીએ આ કૃતિ સંસ્કૃત ભાષામાં ૪૨૫ શ્લોકમાં રચી છે. આ કૃતિનો પ્રારંભ રચયિતાએ એક પદ્યથી કર્યો છે. અને અંતમાં પણ બે પદ્યોની રચના કરી છે.

પ્રથમ પદ્યમાં કહ્યું છે 'દેવો અધર્મી છે' એમ કેટલાક લોકો કહે છે. એ ભ્રમનું હું નિરાકરણ કરું છું.

નીચેના ૨૭ મુદ્દાઓને ધ્યાનમાં રાખી ઉપાધ્યાયજીએ આ ગ્રંથની રચના કરી છે.

(૧) દેવોને અધર્મી કહેવા તે નિષ્ઠુરવચન છે. કારણ કે આગમમાં દેવોને અસંયત કહેવાનો નિષેધ કરવામાં આવ્યો છે.

(૨) દેવોને 'નોધર્મી' પણ ન કહી શકાય કારણ કે દેવોને શ્રુતધર્મ હોય જ છે.

(૩) દેવો સૂત્રનું પઠણ કરતાં નથી તેથી તેઓ શ્રુતધર્મી નથી એમ ન કહેવાય. કારણકે શ્રુતધર્મ સૂત્રથી અને અર્થથી એમ બે પ્રકારનો હોય છે. અને પ્રત્યેક સમ્યગદૃષ્ટિને શ્રુત-ધર્મ જ હોય છે.

(૪) દેવો સર્વવિરતિરૂપ સંયમને ધારણ કરી શક્તા નથી, તેથી દેવો 'અધર્મસ્થિત' કહેવાય છે.

(૫) વ્રતક્રિયાની અપેક્ષાએ સમ્યક્દૃષ્ટિ દેવો બાળ હોવા છતાં તેમનામાં સમ્યગ્જ્ઞાન હોવાથી તેઓ 'બાળ' ન કહેવાય.

(૬) સંયમ વિનાનું અકેલું સમ્યકત્વ નિષ્ફળ છે. એ વિશિષ્ટ સંયમની અપેક્ષા પૂર્વકનું વચન છે.

(૭) સમ્યગ્દૃષ્ટિ દેવોને સારી લેશ્યા હોય છે.

(૮) સમ્યગ્દૃષ્ટિ દેવોનું તપ એ છે કે તેઓ સાધુઓનો વિનય કરે છે.

(૯) દેવો સાધુઓનું વૈયાવૃત્યાદિ કરે તો તેમનો ભવ સફળ થાય છે.

(૧૦) સમ્યગ્વાદી સકેન્દ્ર અનવદ્ય ભાષી છે કારણ કે તે હસ્તાદિવડે મુખ ઢાંકીને બોલે છે.

(૧૧) શક્ર મુનિઓને દાન આપવાનો મહાધર્મ કરે છે.

(૧૨) ચમર વગેરે ઇન્દ્રો અને એમના તીર્થંકરો ભગવાનના હાડકાંની આશાતના કરતા નથી.

(૧૩) મહાર્ષિને ઉપસર્ગ કરનારને દેવ શિક્ષા કરે. એ વૈયાવૃત્ય ગણાય એટલે એ 'તપ' કહેવાય.

(૧૪) સમ્યગ્દૃષ્ટિ દેવોને 'સંવર' હોય છે.

(૧૫) સૂર્યાભદેવે ધાર્મિક વ્યવસાય કરીને દેવાધિદેવની પ્રતિમાનું પૂજન ભક્તિપૂર્વક કર્યું છે.

(૧૬) વિજયદેવે પણ એ પ્રમાણે પૂજન કર્યું છે.

(૧૭) દેવો જે જિનપૂજન કરે છે તે હંમેશા કલ્યાણકારી છે. કારણ કે તે વાસ્તવિક ધર્મ છે.

(૧૮) 'પછી' શબ્દનો પરભવ અર્થ થાય છે અને તપશ્ચર્યાદિનું ફળ એ પ્રમાણે દર્શાવાયું છે.

(૧૯) જિન પ્રતિમાદિનું દેવોએ કરેલું પૂજન તે સ્થિતિરૂપ છે અને સ્થિતિ પણ ધર્મ જ છે.

(૨૦) જ્ઞાનીઓનો લોકોપચાર પણ કર્મ ખપાવવા માટે જ છે.

(૨૧) દેવોએ પ્રભુનું કરેલ વંદનાદિ હંમેશા હિતકારી છે.

(૨૨) વન્દનાદિકારમાં પૂજાધિકારનો સમાવેશ પણ થાય છે.

(૨૩) ઇન્દ્રાદિકે કરેલ વંદનાની અનુમોદના કરી પ્રભુની આગળ કરાતું નાટક બીજા અશુભ કાર્યોના જેવું ન કહેવાય.

(૨૪) આવું નાટક ભક્તિનું અંગ ગણાય છે. એ ન સ્વીકારવાથી ભક્તિનો ભંગ થાય છે.

(૨૫) જિનપૂજા માટે નિષેધ કરવો એ અનુચિત છે કેમ કે જિનપૂજા અંગે એ અનુબન્ધ હિંસા નથી.

(૨૬) જિનચૈત્ય કે જિનપ્રતિમા અંગે થતી દ્રવ્યહિંસા અર્થદંડ પણ ન કહેવાય અને અનર્થદંડ પણ ન કહેવાય.

(૨૭) જિનપૂજા વગેરેમાં દયા અને હિંસાનું સત્યસ્વરૂપ સૂત્રપાઠ આપીને

સમજાવ્યું છે.

આ સર્વ વિગતો માટે આગમોમાંથી અવતરણો આપ્યાં છે અને આ ઉપરાંત અષ્ટકનો ઉલ્લેખ છે.

## -:વૈરાગ્ય કલ્પલતા:-

ઉપાધ્યાય યશોવિજયજી જેવા મહાન દાર્શનિક, અને તાર્કિક કવિએ ઉપમિતિ જેવી વિરાટ કાય કૃતિનો સંક્ષેપ કર્યો છે. જૈન સંસ્કૃત સાહિત્યમાં રૂપકાત્મક કથાસાર મહાકાવ્યની અનેક લાક્ષણિકતાઓ ધરાવનાર આ કૃતિમાં 'વૈરાગ્ય રતિ' અને વૈરાગ્ય કલ્પલતા નામ ભેદે અલગ હોવા છતાં બંને એક જ છે.

ભારતીય સાહિત્યમાં રૂપકોનું સ્વરૂપ જૈન સાહિત્યમાં વિશેષ રીતે વિકાસ પામ્યું છે. ઉદ્યોતનસૂરિએ 'કુવલયમાલા'માં ક્રોધ, માન, માયા, લોભ, જેવા અમૂર્તભાવોનું માનવીકરણ કર્યું છે. સિદ્ધર્ષિગણિએ ઉપમિતિ ભવપ્રપંચકથાનું સર્જન કરીને રૂપક સાહિત્યને ચરમસીમાએ પહોચાડ્યું છે.

ઉપાધ્યાય યશોવિજયજીએ પોતાની અસાધારણ વિદ્વત્તા મૌલિક સર્જનશકિત દ્વારા 'વૈરાગ્યકલ્પલતા' જેવી સર્વોત્તમ સંસ્કૃત કથાસાર મહાકાવ્યનું નવતર સ્વરૂપે સર્જન કરી ભારતીય સાહિત્યમાં વિશાળ રાજમાર્ગ શરૂ કર્યો છે. ઉપમિતિભવ પ્રપંચાકથાનો સંક્ષેપ હોવા છતાં તેમાં નવસર્જનના અંશો અવશ્ય જોઇ શકાય છે. તે સાથે સાથે કવિએ મૂલ કૃતિની અસરમાં પણ ઝીલી છે. આ કૃતિનું કથાવસ્તુ પાત્રો, પ્રસંગો વર્ણનપરંપરા અને કથા બધુંજ ઉપમિતિ પ્રમાણે હોવા છતાં ઉપાધ્યાય યશોવિજયજીએ તેમાં પરિવર્તનો કરી તેના નવસર્જનમાં મૌલિકતાનું દર્શન કરાવ્યું છે.

'વૈરાગ્યકલ્પલતા'માં ઉપાધ્યાય યશોવિજયજીએ નવ સ્તબક રચ્યા છે. અને તેનો પ્રથમ સ્તબક તેમનું મૌલિક સર્જન છે અને તેમાં તેમની પરિણત પ્રજ્ઞા અને અધ્યાત્મનું વિશેષ દર્શન થાય છે. 'ઉપમિતિ'માં આઠ પ્રસ્તાવ છે. ઉપાધ્યાયજીએ પ્રથમ સ્તબકમાં સત્તરમી સદીના જૈન શાસનમાં પ્રસરેલી વિકૃતિઓ પર પ્રહારો કર્યા છે.

અનેક તત્ત્વોનું સંમિશ્રણ ધરાવતી આ કૃતિ તેના આંતરિક સ્વરૂપમાં મહાકાવ્યનું સ્વરૂપ ધરાવે છે. 'વૈરાગ્યકલ્પલતા' ઉચ્ચ સાહિત્યિક મૂલ્ય ધરાવતી કથાસાર મહાકાવ્ય કૃતિ છે. આ કૃતિમાં શૈથિલ્ય છે. તે છતાં આ શૈથિલ્ય તેની મર્યાદા ન બનતા વિશેષતા બની રહે છે. કાવ્યશાસ્ત્રીય પ્રણાલિકાનું ઉપાધ્યાયજીએ સભાનતાપૂર્વક અનુસરણ અહીં કરીને તે વાતની પ્રતીતિ તેમાં રહેલ છંદયોજના,

પ્રારંભ, ઋતુવર્ણન, સૂર્યોદય, સૂર્યાસ્ત, ચંદ્રોદય, સંધ્યાવર્ણન, યુદ્ધવર્ણન અને રસનિરૂપણ દ્વારા થાય છે.

આ રીતે જોતાં ઉપાધ્યાય રચિત 'વૈરાગ્યકલ્પલતા' જૈન સાહિત્યમાં સંક્ષિપ્ત કથાસાર મહાકાવ્યમાં સર્વોત્તમ શિખરે બિરાજે છે. આ કૃતિની માત્ર જૈન સાહિત્યની જ નહિ પરંતુ સમગ્ર ભારતીય સંસ્કૃત સાહિત્યની ઉત્કૃષ્ટ કૃતિ છે.

## -:અધ્યાત્મમત પરીક્ષા:-

ઉપાધ્યાય યશોવિજયજીએ ગ્રંથના પ્રારંભમાં પાર્શ્વનાથ પ્રભુ તથા ગચ્છનાયક આચાર્ય વિજયદેવસૂરીશ્વરજી મહારાજને વંદન કરીને જણાવ્યું છે કે પોતે અધ્યાત્મમતની પરીક્ષાનું વિવરણ કરશે. અધ્યાત્મમત પરીક્ષા ગ્રંથનું બીજું નામ અધ્યાત્મમત ખંડન છે અને ટીકાના શ્લોકનું પ્રમાણ ૪૦૦૦નું છે.

અધ્યાત્મમત પરીક્ષા ગ્રંથ મૂળ પ્રાકૃત ભાષામાં ઉપાધ્યાયજીએ રચ્યો છે. તેમાં ૧૧૪ ગાથાઓ છે. આ ગ્રંથમા ઉપાધ્યાયજીએ અનેક માન્યતાઓને અસત્ય ઠરાવી છે.

દિગંબરો એમ માને છે કે કેવલિભગવંતોને કવળાહાર નથી હોતો. આ બાબતમાં ઉપાધ્યાયજી સચોટ દાખલા દલીલો આપીને સાબિત કરે છે. કેવલીને કવલાહાર 'હોઈ શકે'. શ્રી સમવાયાંગમાં ચોત્રીસ અતિશયોમાં જણાવવામાં આવ્યું છે કે પ્રભુના આહાર નિહાર ચર્મચક્ષુવાળા જીવો જોઈ શકે નહિ. ઉપાધ્યાયજી કહે છે કેવળજ્ઞાન હોય ત્યાં જેમ મોહનીય વગેરે ચારે ઘાતી કર્મો વિરોધી હોવાની સંભાવના નથી, તેવો વિરોધ કેવળજ્ઞાનની સાથે કવળાહારને હોવામાં નથી એ સિદ્ધ કર્યું છે.

''પ્રભુને ધાતુ રહિત પરમૌદારિક શરીર હોય'' એવી દિગંબરોની માન્યતાનું ઉપાધ્યાયજીએ ખંડન કર્યું છે. તેઓ આ બાબત વિશે જણાવે છે કે પ્રભુને જન્મથી જ એક શરીર હોય છે. તે ઉપરાંત દિગંબર મત કયારે પ્રગટ્યો, તેઓ ઉપકરણો નથી રાખતા તેનાં કારણો, તેઓના આચાર વગેરેની વિશદ ચર્ચા ઉપાધ્યાયજીએ કરી છે.

ઉપાધ્યાયજીની વિદ્વત્તાની પ્રતીતિ તેમણે આ ગ્રંથ ઉપરની સ્વોપજ્ઞ ટીકા રચી છે તેના પરથી થાય છે. આ ટીકા નવીન ન્યાયની પદ્ધત્તિ પ્રમાણે બનાવી છે.

## -:અધ્યાત્મ ઉપનિષદ:-

અધ્યાત્મ ઉપનિષદ સમગ્ર અધ્યાત્મવિશ્રામનું એક ઝળહળતું રત્ન છે. જૈન સાહિત્યનું એક અણમોલ રત્ન એટલે ઉપાધ્યાય યશોવિજયજી રચિત અધ્યાત્મ-ઉપનિષદ. આ ગ્રંથ અનુષ્ટૂપ છંદમાં ૨૩૧ શ્લોક પ્રમાણ છે. આ ગ્રંથનો પ્રધાન સૂર એ છે.

વાસ્તવિક અધ્યાત્મની પિછાન વિશુદ્ધ શાસ્ત્રવચનથી થાય છે. શાસ્ત્રવચન દ્વારા આત્મા, જ્ઞાનયોગ અને ક્રિયાયોગના સમન્વયરૂપ અધ્યાત્મ સાધનાને આત્મસાત્ કરે છે. તેનાથી મુક્તિસાધન સમતા યોગ સિદ્ધ થાય છે.

ઉપાધ્યાય એ આ ગ્રંથને ચાર ખંડમાં વિભાજિત કર્યો છે. તે સંસ્કૃત ભાષામાં રચ્યો છે.

**<u>ખંડ-૧ શાસ્ત્રયોગ શુદ્ધિ અધિકાર:-</u>**

આ અધિકારમાં અધ્યાત્મનું સાચું સ્વરૂપ તેને લાયક જીવો, હૃદયમાં અધ્યાત્મનો પ્રાદુર્ભાવ, તુચ્છાગ્રહોની ખરાબ હાલત, શાસ્ત્રનું સામર્થ્ય, શાસ્ત્રની પરીક્ષા, કષ-છેદ તાપનું સ્વરૂપ, કષશુદ્ધિ તથા એકાંદવાદીઓ સ્યાદ્વાદ મતને કેવી રીતે સ્વીકારે છે. નયશુદ્ધિ શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાનનું સ્વરૂપ તથા ધર્મવાદ માટેની લાયકાત આ અગિયાર પ્રશ્નો ખુલાસા સાથે સરસ રીતે સ્પષ્ટ કર્યો છે.

**<u>ખંડ-૨ જ્ઞાનયોગ:-</u>**

આ અધિકારમાં પ્રતિભાજ્ઞાન, આત્મજ્ઞાની મુનિઓ સાચું વેદ્યપણું, જ્ઞાની પુરુષોની નિર્લેપતા ચિંત શુદ્ધિના સાધનો, જ્ઞાનયોગનું વ્યવહારિક સ્વરૂપ અને નૈચિક સ્વરૂપ આ છ પ્રશ્નોના ખુલાસા સરસ રીતે કર્યા છે.

**<u>ખંડ-૩ ક્રિયાઅધિકાર:-</u>**

આ અધિકારમાં ભાવવૃધ્ધિ માટેની નિર્મળ ક્રિયાનું મહત્ત્વ તથા જ્ઞાની પુરુષો પણ કર્મનો નાશ કરવા માટે ક્રિયાની સાધના કરે છે આ બાબતને નિરૂપી છે.

**<u>ખંડ-૪ સામ્યાધિકાર:-</u>**

આ અધિકારમાં સમતા ગુણવાળાની સ્થિતિ, સમતા વિનાનું સામાયિક કેવું હોય, પરમાત્મા સ્વરૂપ પામવા માટે સમતાની આવશ્યકતા, સમતાથી થતા લાભો વગેરે વર્ણવ્યા છે.

આ પ્રશ્નોના સમાધાન માટે ઉપાધ્યાયજીએ અનેક દ્રષ્ટાંત આપીને પ્રશસ્તિ સાથે ગ્રંથની પૂર્ણાહુતિ કરી છે.

અધ્યાત્મવ્રતીઓ માટે ઉત્તમ સામગ્રી સંચિત આ ગ્રંથના પ્રારંભના મંગલશ્લોકમાં વીતરાગદેવને પ્રણામ કરી વાગદેવી ઐંકારનું સ્મરણ કર્યું છે. સાધકોને ઉપયોગી માર્ગદર્શન આ ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે.

## -:અધ્યાત્મસાર:-

ઉપાધ્યાય યશોવિજયજીએ ભાવ-અધ્યાત્મનું સૌથી વિશાળ નિરૂપણ આ ગ્રંથમાં કર્યું છે. આ ગ્રંથ ૧૩૦૦ શ્લોક પ્રમાણ છે. ઉપાધ્યાયજીએ આ ગ્રંથના સાત વિભાગમાં ભવ્ય જીવોને અધ્યાત્મતેજનો અનુભવ કરાવ્યો છે.

આ ગ્રંથના પ્રથમ પ્રબંધમાં અધ્યાત્મની પ્રશંસા, અધ્યાત્મનું સ્વરૂપ, દંભનો ત્યાગ અને ભવસ્વરૂપ આમ આ ચાર બાબતનું નિરૂપણ સવિસ્તર કર્યું છે.

બીજા પ્રબંધમાં વૈરાગ્યની સંભવતા, વૈરાગ્યના ભેદ અને વૈરાગ્ય સંબંધી આવશ્યક બીનાઓનું આલેખન સ્પષ્ટતાપૂર્વક કર્યું છે.

ત્રીજા પ્રબંધમાં મમતાનો ત્યાગ, સમતા, સદનુષ્ઠાન અને મન:શુદ્ધિનું સ્વરૂપ સમજાવ્યું છે.

ચોથા પ્રબંધમાં સમ્યક્ત્વ, મિથ્યાત્ત્વત્યાગ અને કદાગ્રહત્યાગની વાત નિરૂપી છે.

પાંચમા પ્રબંધમાં યોગધ્યાન અને ધ્યાન સ્તુતિનું વર્ણન ઉપાધ્યાયજીએ કર્યું છે.

છઠ્ઠા પ્રબંધમાં આત્મનિશ્ચયનું વર્ણન કર્યું છે.

સાતમા પ્રબંધમાં જૈનમત સ્તુતિ અને અનુભવી સજ્જન સ્તુતિ આલેખી છે.

આમ આ સાત પ્રબંધરૂપી અધ્યાત્મસાર ગ્રંથમાં ઉપાધ્યાય યશોવિજયજીએ કર્મરૂપી વાદળથી ઢંકાયેલા જીવોને અધ્યાત્મરૂપી વનથી વાદળાઓને દૂર કરી આત્મતેજનો અનુભવ કરાવ્યો છે.

## -:જ્ઞાનસાર:-

ઉપાધ્યાય યશોવિજયજીએ 'જ્ઞાનસાર' ગ્રંથની રચના જીવનની ઉત્તરાવસ્થામાં કરેલી છે. પરિપકવ યોગબળ અને સર્વ શાસ્ત્રોનું અધ્યયન, મનન અને ચિંતન તેઓ આત્માર્થીઓને માટે આ ગ્રંથમાં પીરસી ગયા છે. જેના દ્વારા આત્મસાધકો સહજ આનંદ અને શાંતિ પ્રાપ્ત કરી શકે છે. સંસ્કૃત ભાષામાં રચાયેલ આ ગ્રંથમા બત્રીસ અષ્ટકો છે. અને એક એક અષ્ટકમાં આઠ આઠ શ્લોકો અનુષ્ટુપ છંદમા છે. 'જ્ઞાનસાર' ગ્રંથમાં નિશ્ચય અને વ્યવહારની સંધિ છે. તેમાં જ્ઞાન અને ક્રિયાનો પરમાર્થ ભાવે ઉપદેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ઉપાધ્યાયએ 'સમયસાર' 'પ્રવચનસાર''ગીતા' અને અન્ય આગમ, વેદાંત આદિ ગ્રંથોનો સાર લીધો છે.

'જ્ઞાનસાર'ના પ્રથમ અષ્ટકમાં પૂર્ણત્વનો આદર્શ રજૂ થયો છે. જૈન સ્વરૂપના

સાધ્ય તરીકે પૂર્ણ અવસ્થાનું સ્વરૂપ રજૂ કરાયું છે. આ પૂર્ણત્વની પ્રાપ્તિ માટેના પ્રયાસો અને એ પ્રયાસોને કવિહૃદય બીજા અનેક અષ્ટકોમાં વર્ણવે છે. છેવટે સર્વનયાષ્ટકમાં આત્માને સમભાવમાં સ્થિર કર્યો છે. આત્માને પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરવા જે જે સાધનો પરિમાર્થિક દૃષ્ટિએ જરૂરી છે તે તે સાધનો આ અષ્ટકમાં સમાવવામાં આવ્યા છે.

બત્રીસ અષ્ટકોમાં આત્માનો વિકાસક્રમ બતાવ્યા પછી ઉપાધ્યાયજી જણાવે છે.''આ રીતે તત્ત્વને પ્રાપ્ત થયેલ મુનિ શુધ્ધ ચારિત્ર તથા મુક્તિરૂપ જ્ઞાનસારને પામે છે.''

આ ગ્રંથમાં જ્ઞાનક્રિયાના યોગ ઉપર ભાર મૂકયો છે. ઉપાધ્યાયજીએ કવિતામય શક્તિનો ઉપયોગ કર્યો છે. બધા અષ્ટકોમાં ઉપમાઓ દ્વારા વસ્તુને રજૂ કરી છે. અને તેમાં તેમનું પ્રાચીન સાહિત્ય પરનું પ્રભુત્વ વસ્તુને નવી રીતે રજૂ કરવાની એમની દૃષ્ટિની પ્રતીતિ થાય છે. કવિતા વિચારનું-ચિંતનનું વાહન બની શકે છે અને એ જીવનને ઉંડાણથી સ્પર્શી શકે છે. એ વાતની પ્રતીતિ 'જ્ઞાનસાર' ગ્રંથ દ્વારા થાય છે. કવિતા અને ચિંતનનો આવો સુમેળ વિશ્વસાહિત્યમાં કવચિત જ નજરે પડે છે. આ વાત જ ઉપાધ્યાયજીની કવિ તરીકેની સિદ્ધિ છે. સર્વ વસ્તુઓના સારરૂપ આ સાહિત્યકૃતિ ઉપાધ્યાયની અનેક પ્રસાદીમાંની એક પ્રસાદી છે. આ કૃતિમાં ઉપમાઓ, ઉત્પ્રેક્ષાઓ અને કાવ્યાલંકારો દ્વારા આપણી સમક્ષ કલ્પનાના ચિત્રો રજૂ કર્યા છે. જ્ઞાનસારનું ચિંતન કવિત્વથી સભર બન્યું છે.'જ્ઞાનસાર' આપણા જૈન ચિંતનના વારસાનો ખજાનો છે. તેમાં સર્વગ્રાહી જીવન દૃષ્ટિ આર્ષદૃષ્ટિ છે. કવિશ્રીએ બતાવેલ મોક્ષમાર્ગનો આદર્શ એજ આપણો કલ્યાણ માર્ગ છે.

આ જ્ઞાનસાર ગ્રંથ ઉપર આધ્યાત્મિક કવિશ્રી દેવચંદ્રજીએ જ્ઞાનમંજરી નામની સુંદર ટીકા લખી. જ્ઞાનસારના ભાવને સ્પષ્ટ કર્યો છે. શ્રી ગંભીરવિજયજી મહારાજે 'જ્ઞાનગીતા' નામના શતકની એક એક રચના મનહર છંદમાં રચી હતી.

## ઉપાધ્યાય યશોવિજયજીનું અનુવાદકર્મ અને અનુવાદ કૌશલ્ય

**-પરમ પૂજ્ય આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિજી**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના સર્જનનો વ્યાપ અતિ છે. ઇયત્તા અને ગુણવત્તા બન્ને દ્રષ્ટિએ નોંધપાત્ર છે. વિષયની દૃષ્ટિએ ગહનમાં ગહન તર્કશાસ્ત્રની સૂક્ષ્મ વાતોથી લઈ હળવામાં હળવાં સ્તવન, પદો અને કથાપ્રધાન રાસસાહિત્ય સુધી એ વિસ્તરે છે. તો ભાષાની દ્રષ્ટિએ સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતીમાં ગદ્ય-પદ્ય સ્વરૂપે તેઓ અકુતોભય રીતે સાહિત્યવિપિનમાં વિહરે છે. પોતે જ એક સ્થળે ગાઇ ઉઠે છે.

વાણી વાચક જસતણી, કોઇ નયેન અધુરી (શ્રી પાળ રાસ,ખંડ-૪)

અનેકવિધ વિષયોમાં સર્જનનો પ્રવાહ ચાલે ત્યારે પ્રસંગે પ્રસંગે વિષયને અનુરૂપ નિરૂપણમાં પૂર્વર્ષિના તેજ વિષયના સંદર્ભને કેટલીક વાર એમને એમજ तथाप्याहुर्महर्षयः तथा चोक्तं परैरपि એમ ઉલ્લેખ સાથે તેઓ યથાતથા મૂકી દે છે. એ તો બરાબર છે. પણ કયારેક પ્રાપ્ત ગાથા પ્રાકૃતમાં હોય અને પોતાની રચના ગુજરાતીમાં ચાલતી હોયતો એ પૂર્વર્ષિ ની ગાથાઓ ગુજરાતીમાં ઢાળી દે. સંસ્કૃતમાં ગ્રંથ રચાતો હોય તો સંસ્કૃત પદ્યમાં ગૂંથી દે. આખા સંખ્યાબંધ ગાથાઓ, શ્લોકો અને સુભાષિતો તથા उपएसमाला, धम्मरयण प्रकरण, प्रशमरति प्रकरण ના ભાવો ૩૫૦ ગાથાના સ્તવનમાં- 'જંબૂસ્વામી રાસ'માં કે અન્યત્ર શતાધિક ગ્રન્થોમાં ઉપાધ્યાયજી અવતારે છે. અને તેમાં તો તેઓ એ ગાથા કથિત ભાવોને એવાજ ગુર્જર શબ્દોમાં મઢિ દે છે. આવું અનુવાદ કર્મ ખૂબ છૂટથી પ્રયોજે છે.

શરૂઆત સુભાષિતથી કરીએ. સંસ્કૃતમાં એક પ્રસિધ્ધ સુભાષિત છે.

संपदि यस्य न हर्षो, विपदि विषादो रणे च धीरत्वम्।<br>
तं भुवनत्रय तिलकं जनयति जननी सुतं विरलम्।।

'સમુદ્રવહાણ સંવાદ'માં આવા સુભાષિતો ઘણાં પ્રયોજ્યાં છે. તેઓ આ ભાવને શબ્દોમાં ઢાળે છે.

હરખ નહીં વૈભવ લહે, સંકટે દુઃખ ન લગાર.<br>
રણસંગ્રામે ધીરજે તે વિરલા સંસાર.

આ બધાં પદ્યોનો અનુવાદ જોઇએ તો આ પદ્ય આજ ભાષામાં હોય તેમ લાગે. અનુવાદ જેવું ન લાગે. મૂળના માત્ર શબ્દ ન લેતા તેની અંદર નિહિત-તિરોહિત અર્થ-ભાવ ને તાત્પર્ય સુધી પહોંચી તેને આત્મસાત્ કરી પોતાની કલમે તેનું-અવતરણ થાય ત્યારે પોતાના જ વાઘામાં તેનું રૂપાન્તર થયેલું લાગે. અસલ કે કયો અનુવાદ?

આમ તેઓ અનુવાદમાં વિશિષ્ટ શક્તિ ધરાવતા અનેક દષ્ટાન્તો અનુવાદ કર્મના છે. હવે એક ઉદાહરણ અનુવાદ કૌશલ્યનું જોઇએ.

એવા સ્થળે તો તેઓ મૂળગાથાને ઓળંગીને સર્જનની પ્રકિયામાં ઓગાળીને તેના ભાવને આત્મસાત કરીને તદ્દન નવા જ સ્વરૂપે એવી રીતે રજુ કરે છે કે તેના મૂળકર્તા જો એ જુએ તો વારી જાય. દાઃત आवस्सगनि ज्जुत्ति માં એક ગાથા છે.

सव्व सूरा जइ रुवं, अंगुडूपमाणयं विउव्वेज्जा
जिन पादं गुठ्ठं पइ न सोहइं तं जहिंगालो।।

આ ગાથામાં પરમાત્માનું તીર્થંકરના રૂપનું વર્ણન છે.સર્વ સૂરવરો અંગૂઠા પ્રમાણરૂપ વિકુર્વે તો પણ પરમાત્માના પાદાંગુષ્ઠના રૂપ પાસે તો તે બુઝાયેલા અંગારા જેવું લાગે. આ ગાથાના ભાવને અનુસરતી એક પંક્તિ પૂજ્ય હરિભદ્રસૂરિજી મહારાજે ललित विस्तरा ગ્રન્થમાં, भगवंताणं એ પદની વ્યાખ્યાની અન્તર્ગત भग શબ્દના ૬ અર્થ પૈકી रुप અર્થની વ્યાખ્યામાં रुप पुनः सफल सुरस्वप्रभावविनिर्मिताङ्गुष्ठरुपाऽनिदर्शनातिशयसिध्धिम्।।

અહીં થોડા શબ્દોમાં પરમાત્માના રૂપને એજ અંગારાની ઉપમા આપીને વર્ણવવામાં આવ્યું છે. આજ ભાવાર્થને વિસ્તૃત સ્વરૂપે તેઓએ સીધી રીતે હિંદીમાં એક કડીમાં મઢિ દીધો.

કોડ દેવમિલકે કર ન શકે, એક અંગુઠ રૂપ પ્રતિછંદ
એસો અદ્ભુત રૂપતિહારો, વરસત માનું અમૃતકો બુંદ

(અંતરિક્ષ પાર્શ્વજિન સ્તવન, ગુર્જર સા.સંગ્રહ ભા.૧)

આમાં તેઓ ગાથાથી એકાદ ડગલું જ આગળ ગયા. આ ઉપરથી ખ્યાલ આવશે કે અનુવાદકૌશલ્ય તેઓની સર્જક પ્રતિભાની શોભા સ્વરૂપ છે. આવાં તો પુષ્કળ ઉદાહરણો મળી આવે. તેઓની શતમુખ પ્રતિભાનાં દર્શન કરવા લેખે જ આ એક પ્રકાર અનુવાદકૌશલ્યનું સંક્ષેપમાં રસદર્શન કરાવ્યું. આટલું જોઈને કોઈક વિદ્વાન આ વિષયનું સમગ્ર આકલન-સંકલન કરવા લલચાય તો કેવું સારું? આટલું જણાવી વિરમું છું.

(ઉ.યશો.સ્વા.ગ્રંથ.લેખક પ્રદ્યુમ્નવિજય ગણિ પેજ નં.૫૦)

## શ્રી ગોડીજી પાર્શ્વનાથ-સ્તોત્ર-સંક્ષિપ્ત રસદર્શન

મધ્યકાળમાં તત્ત્વને પ્રગટ કરીને રસ સ્વરૂપે વહેવડાવે છે. તેનું જ્વલંત ઉદાહરણ યશોવિજયજી ઉપાધ્યાય છે. તેમની વિદ્વતા, ન્યાય, નવ્યન્યાય, સ્યાદ્વાદ અને અધ્યાત્મ જેવા પ્રગાઢ વિષયોને વિશદ કરતી રહી, પણ તેમણે લાલિત્યમય ઘણું સાહિત્ય રચ્યું. સ્તોત્રો, રાસો, સ્તવનો અને ગાથાઓના સાહિત્ય પ્રકારને તેમણે શોભાવ્યો અને સંસ્કૃત, પ્રાકૃત, વ્રજ અને ગુજરાતી ભાષાઓમાં ભારતીને સમં લાલાયિત કરી. તેમનું કાર્ય તો ધર્મોદ્ધારનું હતું. ધર્મની દેશનાનું હતું. તે કાર્યની સજ્જતા તેમણે માત્ર જૈનધર્મના આગમોના અભ્યાસથી ન મેળવી પણ બૌદ્ધ,

વૈદિક, આદિ અન્ય ધર્મપ્રસ્થાનોમાંથી પણ મેળવી. તેનાથી તેમનું સત્યનું દર્શન વધારે વિશદ અને વ્યાપક બન્યું. એ તેમના ગ્રન્થોના અધ્યયનથી જોઇ શકાય છે. કોઇપણ ધર્મના સાહિત્યમાં સત્યની ગવેષણા ભિન્ન-ભિન્ન કાલ અને દર્શનોના સાંપ્રદાયિક સ્વરૂપને લક્ષ્યમાં રાખ્યા સિવાય પ્રગટ થઇ શકતી નથી. એટલે યશોવિજયજીનું દર્શન પણ જૈનધર્મની પરંપરામાંથી ઉત્પન્ન થયું અને તેને પરિપુષ્ટ કરતું વિકાસ પામ્યું. પણ તેમની વિશેષતા એ છે કે અન્ય પ્રસ્થાનોને પણ તેમણે આદરથી તપાસ્યાં, તેમની મર્યાદાઓને બતાવી તેમનું રહસ્ય પણ પ્રગટ કર્યું. તેમણે ક્રિયાવાદી રહીને શ્રી હરિભદ્રસૂરિએ વર્ણવેલા યોગમાર્ગનું વિવેચન કર્યું. અને ગુરુભક્તિ, તીર્થભક્તિ, સંઘશક્તિ, શાસનપ્રેમ, ધર્મપ્રેમ, નમ્રતા, લઘુતા, દઢતા, ઉદારતા એ બધા ધર્મના અંશોને સુદઢ કરી, તેમનો સંસાર નિવૃત્તિ અર્થે ઉપદેશ કર્યો. એવા સમન્વયકારી યશોવિજયજીના સાહિત્યના વિસ્તારનો પરિચય અલ્પકાલમાં આપી શકાય તેવો નથી. તેમની ભાવનાને અને ભક્તિને પ્રગટ કરતું 'ગોડી પાર્શ્વનાથ-સ્તોત્ર' સ્થળ અને સમય બંને માટે ઉપયુક્ત છે. કારણ કે બધી વિદ્વતા અને વિદ્યાથી પર તેમનું ધ્યેય તો ધર્મ દ્વારા સંસાર નિવૃત્તિનું હતું. તેથી તેમણે કાવ્યની સુષમાનો પ્રયોગ તો તીર્થંકરોના સંસારને ઉજાળતા જીવન ઉપર જ કર્યો અને તેમના સાંનિધ્યમાં આત્માનું શરણ શોધ્યું. સંતોનાં, તીર્થંકરોનાં, મહાત્માઓનાં જીવન તેમના ઉપદેશ કરતાં પણ વધારે રમણીય છે. તેનું આ સ્તોત્ર એક વધારે દષ્ટાંત છે. તેનાથી મન આશ્વાસન અને શ્રધ્ધા પામે છે.

ઉપાધ્યાય યશોવિજયજીની શાસ્ત્ર અને સાહિત્યસેવા કલિકાલના તિમિરને અજવાળી સહુને સન્માર્ગમાં પ્રેરે એજ અભ્યર્થના.

(ઉ.યશોવિજય સ્વા.ગ્રંથ-મુકુન્દ ભટ્ટ પેજ, ૨૫૧-૫૨ના આધારે)

## <u>સ્તવન ચોવીશીઓ:-</u>

પન્નાલાલ.ર.શાહ

(ઉ.ય.સ્વા.ગ્રંથ.પેજ.નં.૩૦૫ના આધારે)

ઉપાધ્યાય યશોવિજયજીએ જૈનધર્મના ચોવીસ, તીર્થંકરોનાં સ્તવનો રચ્યાં છે. એટલે કે એમણે ચોવીસી રચી છે. એમણે રચેલી આવી ત્રણ ચોવીસી હાલ ઉપલબ્ધ છે. એમાંની બે ચોવીસીમાં ઊર્મિભાવની છટા અને તીવ્રતાની અભિવ્યક્તિ છે. અને એક ચોવીસીમાં કથન, ચરિત્રવિગત સંગ્રહ વિશેષ છે. એકેક તીર્થંકર વિશે આ રીતે ત્રણ ત્રણ સ્તુતિકાવ્યો રચાય એટલે એમાં એક વિધતા અને પુનક્તિ દોષ આવી જાય એવું આપણને સ્વાભાવિક લાગે. પરંતુ યશોવિજયજીના ભક્તિસભર સ્તવનોમાં માત્ર મહિમા સ્મૃતિ નથી. એમાં ઉલ્લાસ, લાડ, મર્મ, નમ્રતા, મસ્તી, ટીખળ, ધન્યતાદિ

ભાવોની દૃષ્ટાંત સુભગ, સુઘડ અને કલ્પનાશીલ રજુઆત છે. નિર્વ્યાજ નૈકટ્ય લાડ આ સ્તવનોનું છટાળું પાસું છે. જે ભાવકમાં સમભાવ, સમસંવેદન જગાવે છે.

જિજ્ઞાસા અને વિસ્મયથી પોતાની આંખે સૃષ્ટિનું નિરીક્ષણ કરતાં બાળકો અવનવા પ્રશ્નો કરે છે. અને એમાં કેટલાક પ્રશ્નો આપણને મૂઝવણમાં મૂકી દે તેવા હોય છે.'નયવિબુધનો પયસેવક' કે 'વાચકજશ'થી ઓળખાતા ઉપાધ્યાય યશોવિજયજી એવી જ બાળ-સુલભ જીજ્ઞાસા, વિસ્મય, અને નિર્દોષતા આ સ્તવન ચોવીસીમાં પ્રગટ કરે છે. શ્રી સુવિધિનાથના સ્તવનમાં તેઓ પ્રશ્ન રજૂ કરે છે.

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે,
જગગુરુ તુમને દિલમાં લાવું રે,
કુણને એ દીજે શાબાશી રે,
કહો શ્રી સુવિધિ જિણંદ વિમાશી રે.

હું નાનો હોવા છતાં તમારા મનમાં મારો સમાવેશ થતો નથી. એથી ઉલટું તમે મોટા હોવા છતાં મારા મનમાં તમારો સમાવેશ થયો છે. એ આશ્ચર્યનું આશ્ચર્ય છે. એની શાબાશી કોને દેવી એ વિચારી જોશો. સર્જકની વાણીમાં રહેલી બાળકના જન્મ જેટલી સંકુલતા તથા વિસ્મય અને તાજગીપૂર્ણ અનુભૂતિની અહીં વેધક અભિવ્યકિત્ત છે.

ઉપાધ્યાય યશોવિજયજીની એક વિશિષ્ટતા છે. સ્તવનના પ્રારંભમાં ભાવની એક છટા લ્યે. ત્યારબાદ એને અનુરૂપ દૃષ્ટાંત સુભગ કલ્પના તેઓ દોડાવે. એક પછી એક કડીમાં પ્રતીતિજનક અને અનુભૂતિજન્ય દૃષ્ટાંતો આપી એ ભાવને પુષ્ટ કરે. એમાં આટલાં બધાં સ્તવનોમાં કયાંય પુનરુક્તિ થતી જણાતી નથી. એથી એમનાં કાવ્યોમાં તાજગી અને નાવીન્ય જણાય છે.

આજે પણ પૂ.ઉપાધ્યાયજી ગણિવર્ય અજરામર છે. જે રસ અને ઉંડાણ સાથે પૂ.ઉપાધ્યાયજી મહારાજે સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં સર્જન કર્યું છે. એજ રસ અને એજ ઊંડાણ સાથે એઓશ્રીએ ગુજરાતી સ્તવન-સજ્ઝાય જેવું કાવ્ય સાહિત્ય રચ્યું. આ કારણે પંડિતો અને વિદ્વાનો માટે પૂ.ઉપાધ્યાયજી મહારાજ આરાધ્ય જ્ઞાનમૂર્તિ રહ્યા એમ સામાન્ય પ્રજા માટેય 'જગજીવન જગવાલહો' જેવી ઢગલાબંધ સ્તવન રચનાઓ દ્વારા તેઓશ્રી આરાધ્ય ભક્તિ મૂર્તિ રહ્યા.

(શ્રી પૂર્ણચન્દ્રવિજયમહારાજ (શ્રુતાંજલિ))

## વિહરમાન જિન વીશીઃ-

(કન્તિભાઈ.બી.શાહ. ઉ.ય.સ્વા.ગ્રંથ પેજનં.૩૧૧)

આજથી ત્રણસો વર્ષ પૂર્વે ૧૭મી સદીમાં થયેલા, આધ્યાત્મિક, દાર્શનિક અને સર્જન તરીકેની બહુમુખી પ્રતિભા ધરાવતા આ સાધુકવિએ જેમ સંસ્કૃત પ્રાકૃતમાં ગ્રંથો રચ્યા તેમ ગુજરાતી ભાષામાં પણ આધ્યાત્મિક- દાર્શનિક ગ્રંથો આપ્યા તેમ ભક્તિ ભાવસભર કાવ્ય રચનાઓ પણ અને જંબુસ્વામી રાસ, શ્રીપાળરાસ, દ્રવ્યગુણપર્યાયનો રાસ, સમુદ્રવહાણ સંવાદ, ૧૨૫, ૧૫૦, ૩૫૦, ગાથાનાં સ્તવનો જેવી લાંબી રચનાઓ આપી તેમ ટૂંકી પદરચનાઓ પણ છે. એમની આ ટૂંકી રચનાઓમાં સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓ, હરિયાળીઓ વગેરેનો સમાવેશ થાય. સ્તવનોમાં ધ્યાન ખેંચે એવી ત્રણ 'ચોવીશી'ઓ આપવા સાથે એક 'વીશી' પણ એમણે આપી છે. નામ 'વિહરમાનજિનવીશી'.

આ 'વિહરમાન જિનવીશી' શું છે? જૈન ધર્મની માન્યતા પ્રમાણે ભરતશ્રેત્રની આગામી ચોવીશીના સાતમા તીર્થંકર નિર્વાણ પામશે અને આઠમા તીર્થંકર જન્મ પામશે તે વચ્ચે શ્રીસીમંધરસ્વામી આદિ વીશ વિહરમાન જિનેશ્વર દેવો શ્રાવણ સુદ ત્રીજને દિવસે નિર્વાણ પદને પામશે. આ વીશ જિનેશ્વરદેવોને વિશે રચાયેલાં ૨૦ સ્તવનોનો સમૂહ તે 'વીશી'.

આ વીશીનાં સ્તવનોની રચનાના લઘુ માળખામાં એક ચોક્કસ ભાત અને પ્રમાણ જોવા મળે છે. આ સ્તંવનો ઓછામાં ઓછા ૫ કડીનાં અને વધુમાં વધુ ૭ કડીનાં છે. પ્રત્યેક સ્તવનને કાં તો આરંભે, કાં તો છેવટની કડીઓમાં જિનેશ્વરદેવનાં ઓળખ પરિચય અપાયાં છે. જન્મસ્થાન, નગર, માતા પિતાના નામ, પોતે કઈ નારીના કંથ અને એમનું લાંછન- સામાન્યતઃ આ છે. પરિચયની વિગતો, છેલ્લી કડીમાં કવિનું નામ 'વાચકજશ''ગુરુનયવિજય સુશીશ''નયવિજય તણો સેવક' એ રીતે મળે છે. અને વચ્ચેની કડીઓમાં જિનેશ્વર પ્રત્યેના ભક્તિભાવનું આલેખન છે. આ બધાં જ સ્તવનો વિવિધ ગેય, દેશીઓમાં મળે છે. વીશીનો મુખ્ય વિષય છે તીવ્ર, ઉત્કટ ભક્તિભાવ. જૈન ધર્મે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષપદને પામ્યા છે. તેવા તીર્થંકરોને પંચપરમેષ્ઠિમાં સર્વોચ્ચ પદે સ્થાપ્યા છે. એમના પ્રત્યેની ભક્તિનો મહિમા જૈનોમાં અપરંપાર છે. દેહરાસરોમાં પૂજન-કીર્તન- ઓચ્છવની વર્ષોથી એક પરંપરા રહી છે. અને તે સંદર્ભે અઢળક સ્તવન સજ્ઝાય, સ્તુતિ, પૂજાનું સાહિત્ય રચવામાં આવ્યું છે. જે આજે પણ વિવિધ રાગ-રાગિણીઓથી સભર સંગીત અને નૃત્યની સહાય સાથે રજુ કરાય છે. આ વીશીમાં ઉપાધ્યાય યશોવિજયજીએ જિનેશ્વર દેવ પ્રત્યેનો ભક્તિભાવ ખૂબ ઉત્કટતાથી ગાયો છે.

તું માતા, તું બંધવ મુજ તું હી પિતા તુજ શું મુજ ગુજ.(સ્ત.૧૫)

વીશીમાં નિરૂપાયેલા કવિના ભક્તિ ભાવને આપણે જોયો. એની અભિવ્યક્તિ કલામાં કવિ કેવી સૌંદર્ય છટા દાખવે છે તે જોઇએ. કવિની નિરૂપણ કલા ઉડીને આંખે વળગે છે. તે તો કવિને હાથે થયેલો દૃષ્ટાંતોનો પ્રચૂર ઉપયોગ કયારેક તો સળંગ દૃષ્ટાંતમાલા કવિ પ્રયોજે છે.

ટૂંકા ટૂંકા પદોની આ નાનકડી 'વીશી' ભક્તિભાવે ભીંજાયેલી છે. એના કેટલાક અંશો કાવ્યાત્મક બની આવ્યા છે. કેટલીક પદાવલીઓ પ્રાસ આંતરપ્રાસ, વર્ણસગાઇ અને લયની આકર્ષક છટાઓ દાખવે છે. એમ જરૂર કહી શકાય.

## આધ્યાત્મિક પદો:-

(મહેન્દ્ર અ.દવે. ઉ.પ.સ્વા.ગ્રંથ.પેજ.૩૧૬થી)

મધ્યકાલીન ગુજરાતી કવિતાને સમૃધ્ધ કરવામાં જૈન સંતકવિઓનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. આવા સંતકવિઓમાં ઉત્તર ગુજરાતના કનોડાના વતની મુનિશ્રી યશોવિજયજીનું નામ મોખરે છે. સંસ્કૃત-પ્રાકૃતના પરમજ્ઞાતા, ભિન્ન-ભિન્ન શાસ્ત્રોના મેધાવી પંડિત અને કવિતારાગી એવા આ વિરાગી સંત 'કૂર્ચાલી શારદા' તરીકે પ્રકીર્તિત થયા છે. એમની કાવ્યરચનાઓ 'ગુર્જર સાહિત્યસંગ્રહ ૧-૨'માં પ્રસિધ્ધ થઇ છે. મુનિશ્રીની કેટલીક આધ્યાત્મિક અને ઉપદેશાત્મક રચનાઓનો અભ્યાસ કરવાનો અહીં ઉપક્રમ છે.

આ સંગ્રહના આધ્યાત્મિક પદવિભાગમાં મુનિશ્રીનાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય વિષયક કાવ્યો સંગ્રહીત થયાં છે. આ વિભાગને 'આધ્યાત્મિક વિભાગ' ગણ્યો છે. પણ આ પછીના વિભાગમાંય (ત્રીજા ખંડમાં) તત્ત્વગર્ભિત રચનાઓ મળે છે. જોકે એ વિશેષપણે સાંપ્રદાયિક છે. આ બીજા ખંડમાં બધીજ રચનાઓ આધ્યાત્મિક રંગની નથી. સંપાદન પૂરતો 'આધ્યાત્મિક' શબ્દ એના સરળ અર્થમાં સ્વીકારાયો છે એમ માનવું રહ્યું.

યશોવિજયજી પ્રભુસ્મરણને માનવી માટે અનિવાર્ય તત્ત્વ માને છે. 'પ્રભુભજન'માં ભજન વિનાના માનવીને જીવતા પ્રેત સાથે સરખાવે છે. બીજી એક રચનામાં કવિ પ્રભુની અનુભૂતિની વાત, કબીરની યાદ આવે તેમ કહે છે. 'પરમ પ્રભુ સબજન શબ્દે ધ્યાવે', આપણે સહુ શબ્દ દ્વારા લૌકિક કર્મકાંડો દ્વારા પ્રભુને પામવા પ્રયત્ન કરીએ છીએ પણ એ તો અખો કહે છે તેમ 'બાવનબાહેરો' કે 'શબ્દાતીત' છે.

GOD IS AN EXPERIENCE NOT A AREED આ વિધાનમાં સત્ય છે.''જબ લગ અંતર ભર મન ભાંજે, તબ લગ કોઉ ન પાવો'' હેયાના અંધકારને ભરમને દૂર કરવાનો છે. આ ભ્રમ દૂર થશે, અસત્ અસત્ છે, તેની પ્રતીતિ થશે, 'હુ' 'મારું ' ખોવાશે ત્યારે બધોજ દિવ્યઆનંદ આપણું રોમ રોમ અનુભવશે.

ક્રિયા મૂઢમતિ જો અજ્ઞાની, ચાલત આપ અપૂકી
જૈન દશા ઉન મૈહી નાહી, કહે સો સબહી જૂઠી.

જૈન દશા એ કર્મકાંડ નથી. એક પ્રકારની MENTAL STATE મનની તટસ્થ વૃત્તિ છે. કર્મકાંડ આદિ તો બહારી ઉપકરણ છે. જેનું અંતર તટસ્થ છે. જે વીતરાગ છે. તુલસીએ કહ્યું તેમ,' કામ ન ક્રોધ ન લોભ ન મોહ. ઉનકે ઉર વસહિ રઘુરાયા' આવી ઉદાસીન, અનાસકત વૃત્તિ તે જૈન દશા. મેથ્યુઆર્નોલ્ડે કહેલું તેમ `SWEET RESIGNATION OF SOUL' 'આભાની પ્રસન્ન વિરતિ' આ કહેવાય જૈન દશા.

મનુષ્યની સર્વ વૃત્તિ-પ્રવૃત્તિનું કેન્દ્ર છે એનું મન. આપણા સર્વ બન્ધન મોક્ષના કારણરૂપ મનની ગતિ તો કેવી વિચિત્ર છે? મનની સ્થિરતામાં કવિ મનના આવા અરૂપ રૂપને સમજવા પ્રયત્ન કરે છે. મનમાંથી મમતા જતી નથી માટે મધ્યકાળનો અન્ય સંતકવિ કેવી વેદના અનુભવે છે? મમતા તું ના ગઈ મોરે મનસેઃ કબીરસાહેબ મનને લાડ લડાવતાં કહે છે, 'મનલાગો મેરો યાર ફકીરીમે આખો' 'ફેરવવું છે મન' એમ કહેતાં 'અમન' બનવાની વાત ઉપર આવી જાય છે. અહીં કવિ પણ આવીજ વાત કરે છે.'જબલગ આવે નહિ મન કામ' ત્યાં લગી બધી જ પ્રવૃત્તિઓ નિરર્થક છે. કષ્ટ, તપ, ઉપવાસ, કથા, કીર્તન, દેવદર્શન, 'સવિક્રિયા' આકાશમાં ન દોરાઈ શકાતા ચિત્રની જેમ નિરર્થક છે. ''જ્યાં ગગને ચિત્રામ'' મુનિશ્રીની વાણી કયારેક ઉગ્ર પણ બને છે.'મૂંડ મુડાવત સબહિ ગડરિયાં હરિણરોઝ વન ધામ' જેવી પંક્તિઓમાં કવિની વૈચારિક સ્વતંત્રતાનો અનુભવ થાય છે.

શુધ્ધ કવિતા લેખે આ સર્વ રચનાઓને કેવી ગણીશું એ પ્રશ્ન છે. કયારેક કવિત્તાનો ચમત્કાર અનુભવાય છે. પરંપરા પ્રાપ્ત વિચારો અને નિરૂપણશૈલી 'સધુક્કડી' હિંદીભાષા આ રચનાઓમાં જણાય એનું વિસ્મય ન હોય. કવિની સર્જનશકિત કરતાં સર્જનનો ઉત્સાહ વધુ સંતોષકારક છે. મધ્યકાલીન ગુજરાતી સંતકવિતાની એક મહત્ત્વની કડી રૂપે યશોવિજયજીની રચનાઓનો પરિચય ઉપયોગી બની રહે છે.

## આનંદઘન અષ્ટપદી:-

(જયંત કોઠારી. ઉ.ય.સ્વા.ગ્રંથ.પેજ-૩૨૦)

**લોઢામાંથી કંચન બન્યાની ચમત્કાર કથા**

આનંદઘનનો સંપર્ક થવાથી યશોવિજયજીમાં કંઈક અદ્‌ભૂત પરિવર્તન આવ્યું. એ આનંદમય-આનંદરૂપ બની ગયા. ચિદાનંદ સ્વરૂપ બની ગયા. પરિવર્તનની અદ્‌ભૂતતા પ્રગટ કરવા યશોવિજયજી દષ્ટાંત આપે છે કે લોઢું જો પારસને સ્પર્શે તો એના દબાવથી, એના બળથી એ સોનું બની જાય છે. 'આનંદઘન અષ્ટપદી' લોઢામાંથી સોનું બન્યાની ચમત્કાર ઘટનાનો એક પ્રબળ ભાવાવેશ ભર્યો ઉદ્‌ગાર છે.

યશોવિજયજીનું આ પરિવર્તન આ સ્વરૂપાંતર શું છે, કયા પ્રકારનું છે, કઈ દિશાનું છે? યશોવિજયજી મુખ્યત્વે જ્ઞાની હતા, પંડિત હતા, જ્ઞાનોપાસનાનો ભારે મોટો શ્રમ એમણે ઉઠાવ્યો હતો. એ કાશી ગયા. ન્યાયવિશારદ થયા. ષડ્‌દર્શન વેત્તા બન્યા. એમણે વાદીઓને-પ્રતિપક્ષીઓને હરાવ્યા. કાશી જતા પહેલા એમણે આઠ અવધાનનો પ્રયોગ કર્યો હતો. અઢાર અવધાન કર્યા. સ્મરણશકિતના આ ખેલ યશોવિજયજીનું વિદ્યાસિધ્ધિ તરફ કેવું લક્ષ હતું એના નિર્દેશક છે.

પઢ પઢ કેઈ રિઝાવત પરકું, કષ્ટ અષ્ટ અવધાનમંઇ,
આપકું આપ રિઝાવત નાહી, ભેદન જાન-અજાન જાઈ.

પોથી પંડિતાઇ, આઠ અવધાનનો શ્રમ- આ બધું તો બીજાને રીઝવવા માટે છે. બીજાને પ્રભાવિત કરવા માટે છે. ખરી વાત તો પોતાને રીઝાવવાની છે. પોતે પોતાને રીઝવે તો જ્ઞાની- અજ્ઞાની વચ્ચે કશો ભેદ નથી. આ ઉદ્‌ગાર બતાવે છે કે યશોવિજયજી જ્ઞાનની પણ મર્યાદા જોતા થયા છે. યશોવિજયજી જ્ઞાનને સ્થાને અનુભવ શબ્દ વાપરે છે. અનુભવ એટલે આત્માનુભવ. યશોવિજયજી આવા 'અનુભવી' બન્યા છે. 'જ્ઞાની'માંથી 'અનુભવી' કે જ્ઞાની ઉપરાંત અનુભવી એમણે કહ્યું છે કે અનુભવની જીભ વડે શાસ્ત્રરૂપી ક્ષીરના રસાસ્વાદને જાણનાર-પારખનાર વિરલ હોય છે. યશોવિજય આવા વિરલા માંહેના એક હતા. પોતાની આ અનુભવી અવસ્થાનાં હવાલો પણ યશોવિજયજી આપે છે.

'આનંદઘન અષ્ટપદી'માં એ વાતનો સ્પષ્ટ સ્વીકાર છે કે એમનું આ સ્વરૂપાન્તર આનંદઘનજીના સંસર્ગને આભારી છે. પહેલા પદમાં જ યશોવિજયજી કહે છે કે 'જશવિજય કહે સૂનો હો આનંદઘના હમતુમ મિલે હજૂર' માત્ર મિલે નહીં પણ 'મિલે હજૂર'. હજૂર શબ્દ નિકટતાનો સાક્ષાતપણાનો ભાવ લઇને આવે છે.

આનંદઘનની સાથે યશોવિજય મળ્યા ત્યારે એ આનંદરૂપ બની ગયા. પારસને લોઢું સ્પર્શે તો એના પ્રભાવથી એ સોનું બની જાય તેમ આનંદઘનના સંસર્ગથી યશોવિજયનું આવું અદ્ભૂત, દિવ્યસ્વરૂપાન્તર થયું. દુધ અને પાણી પરસ્પરમાં હળીભળી જાય એમ યશોવિજય આ આનંદાનુભૂતિમાં સંસાર ભાવનો ક્ષયકરીને એ આનંદાનુભૂતિમાં એ રમી રહ્યા છે. એમાં ધસમસતા એટલે ઝડપથી પ્રવેશીને એમણે સિધ્ધ સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે.

આ સિધ્ધ સ્વરૂપી યશોવિજય એ આનંદઘનની દેન છે. એમનો ચમત્કાર છે.'અષ્ટપદી' આ ચમત્કારની રોમાંચક કથની છે.

'અષ્ટપદી'માં કેટલીક વાત વારંવાર ઘૂંટાયેલી જણાશે. કેટલીક પદાવલિ પણ પડઘાયા કરતી લાગશે. 'આનંદ' શબ્દ તો સતત આપણા કાને અથડાયા કરે છે. મોટા ભાગનાં પદો 'આનંદ' શબ્દથી જ આરંભાય છે. યશોવિજય એવા આનંદ વેશમાં છે કે શબ્દનો-ઉક્તિનો અનિયંત્રિત અસ્ખલિત પ્રવાહ વહે છે. અને એ પ્રવાહમાં આપણે પણ વહીએ છીએ. શબ્દે શબ્દનો વિચાર કરવા થોભ્યા વિના આપણે વહીએ છીએ. આ પણ એક કાવ્યરીતિ છે. કાવ્યનો વિષય જ્યારે અતીન્દ્રિય અનુભવનો હોય ત્યારે એ કાવ્યરીતિ કામિયાબ બને છે. આમ છતાં 'અષ્ટપદી'માં કેટલાક માર્મિક સઘન પ્રયોગો મળે છે એમાં ઊંડો અધ્યાત્મ વિચાર ગૂંથાયેલો છે. એ અદકેરો લાભ છે.

## શ્રી ગોડીપાર્શ્વનાથ અને યશોવિજય રચિત સ્તોત્ર:-

નારાયણ કંસારા (ગોડીપાર્શ્વનાથ-સ્તોત્રમ)

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય વાચક પ્રવર શ્રી યશોવિજયગણિ (વિ.સં.૧૭મી સદી ઉત્તરાર્ધ થી ૧૭૪૩, અર્થાત્ ઇ.સ.૧૭મી સદી પૂર્વાર્ધથી ૧૬૮૬)- રચિત સંસ્કૃત 'શ્રી ગોડીપાર્શ્વનાથ સ્તોત્રમ્'ના આજે ઉપલબ્ધ પાઠમાં ૧થી૬, ૫૮થી૬૨ અને ૬૮થી૯૩ એમ કુલ મળીને ૩૭ પદ્યો લુપ્ત થયેલાં હોવાથી એનાં ૧૦૮માંથી ૭૧ પદ્યોજ મળી આવે છે. તેથી આ કૃતિ ખંડિત રહી જતી હતી. આ ક્ષતિ પૂરી કરવા પં.ધુરંધરવિજયજીગણિએ તેમાં ખૂટતાં પદ્યો જાતે રચીને ઇ.સ ૧૯૬૨માં સ્વરચિત વૃત્તિ સહિત આ સ્તોત્રકાવ્યને પ્રસિધ્ધ કર્યું. અમદાવાદની શ્રી જૈન સાહિત્યવર્ધક સભાએ પ્રકાશિત કરેલ આ આવૃત્તિમાં આ ઉમેરેલાં પદ્યો કૌંસમાં છાપ્યાં છે. અને શ્રી ધુરંધર વિજય ગણિજીએ એના આરંભે ગુજરાતી ભાષામાં પરિચય તરીકે પ્રસ્તાવના પણ લખી છે. જેમાં સર્વ પદ્યોનો ભાવાર્થ પણ સમાવિષ્ટ કર્યો છે.

આ સ્તોત્રમાં શ્રી યશોવિજયજીએ ડગલેને પગલે અનુપ્રાસની રમણીય ભાષા છટા ઉભીકરી છે. पुरस्ते, चेदास्ते, जगति गति, प्रान्तैः कान्तैः, प्रसिद्धस्ते दशानामाशानां,

जैत्रैश्चत्रै, ज्वलन् ज्वालाजालैर्ज्वलनजनितैः स्पष्टैः कष्टैः, स्वामीचामी, साक्षाद् द्राक्षा, समस्तो, दस्तो गमद्रोध बोधं વગેરેમાં આ અનુપ્રાસપ્રિયતા આંખે ઉડીને વળગે છે.

દરેકે દરેક શ્લોકમાં આવો અનુપ્રાસ મળવાનો જ પં.ધુરંધરવિજયજી ગણિએ યશોવિજયની આ લાક્ષણિકતા પકડીને સ્વરચિત પૂર્તિના શ્લોકોમાં આગવો પ્રયાસ કર્યો છે.

૧૦૮ શ્લોકોના આ બનેલા મનાતા આ સ્તોત્રની રચનામાં શ્રી યશોવિજયજીનું વ્યાકરણસૂત્રસાધ્ય અને અપ્રચલિત છતાં પંડિત કાવ્યોમાં સુપ્રચલિત ભાષા પ્રયોગો તેમની પાંડિત્ય દર્શન પ્રિયતાને સુપેરે પ્રગટ કરી દે છે. અનુપ્રાસના ગુંજનની સાથે સાથે કવચિત્ યમકની ચમક વેરતા રહીને યશોવિજયજીએ ભાષાને એવી તો મદમસ્ત બનાવી છે કે શ્લોકનું ઉચ્ચારણ કરતા જ એક પ્રકારનું ધ્વનિનું ઘેન ચડવા લાગે છે. અને એમાં મન ખોવાઈ જતાં અર્થ તરફથી લક્ષ હટી જાય છે. બીજીવાર અર્થ તરફજ લક્ષ રાખીને શ્લોકનું ઉચ્ચારણ કરવામાં આવે ત્યારે તેની રજુઆતની પંક્તિમાં મનનો કબજો લઈ લે છે. ત્રીજીવાર મનમાં વાંચવામાં આવે ત્યારે જ અર્થમાધુર્ય અને ભાવ ગાંભીર્યનો પરિચય થાય છે.

આ સ્તોત્રની અંદર ઉ.યશોવિજયની કૃતિ રૂપે ઉપલબ્ધ શ્લોકોમાં ૭થીપ૭, ૬૩થી૬૭ અને ૯૪થી૯૮ એ એકસઠ શ્લોકો શિખરિણી છંદમાં, ૯૯થી ૧૦૨ એ ચાર શ્લોક દ્રુતવિલંબિત છંદમાં, શ્લોક ૧૦૩ સ્રગ્ધરા છંદમાં શ્લોક ૧૦૪ ઉપજાતિ છંદમાં, શ્લોક ૧૦૫ સુંદરી છંદમાં, શ્લોક ૧૦૬ ભુંજંગપ્રયાત છંદમાં, શ્લોક ૧૦૭ તોટક છંદમાં અને શ્લોક ૧૦૮ પૃથ્વી છંદમાં ઢાળેલ છે. શ્રી યશોવિજયજીની છંદો રચનાની હથોટી ખૂબ ચૂસ્ત છે.

કાવ્યના બાહ્ય પરિસરની આટલી બધી કલાકારીગરી જૈન પ્રાસાદના બાહ્ય પરિસરની સૂક્ષ્મ કલાકારીગરીની યાદ અપાવે છે. શ્રી યશોવિજયજી આ સ્તોત્ર રૂપે જાણે કે એક ભવ્ય કાવ્યપ્રાસાદ રચી રહ્યા હોય તેમ લાગ્યા વિના રહેતું નથી. બાહ્ય પરિસર જ આટલો બધો બુધ્ધિને મંત્રમુગ્ધ કરીને આંજી નાંખે તેવો ઝાકઝમાળ છે. તો અંદરનો ભાવ કેટલો ઉદાર, ગંભીર અને શમપ્રદ હશે એ જોવાની સ્વાભાવિક રીતે જ ઉત્કંઠા જાગે છે.

આ રીતે ઝાકઝમાળ ભાષા સૌષ્ઠવ, નવનવીન કલ્પનાઓ, ચમત્કૃતિપૂર્ણ, અભિવ્યક્તિ, અડગશ્રધ્ધા, પરમતખંડનનો ઉદ્દીપ્ત ઉત્સાહના સ્મરણથી નગદ કલ્યાણ

પ્રાપ્તિની ખાતરી. આ બધી સામગ્રી દ્વારા શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રત્યેની ગહન ભક્તિનિષ્ઠાને યશોવિજયજીએ આ રમણીય સ્તોત્રપ્રાસાદમાં પ્રધાન દેવપદે પ્રતિષ્ઠિત કરી છે. અને અંતે દેવોના મુકુટમણિઓ રૂપી દર્પણોમાં પ્રતિબિમ્બિત થતા મુખારવિન્દનું સ્મરણ કરી, વામાદેવીના પુત્ર ભગવાન શ્રીપાર્શ્વનાથને સમસ્ત મનોરથ સંપાદન કરાવનાર કલ્પતરુ તરીકે નવાજીને શ્રીયશોવિજયજી આ કાવ્યપ્રાસાદ ઉપર શુભાકાંક્ષા કે શિવસંકલ્પનો કળશ ચઢાવતાં સ્તોત્રના અંતિમ શ્લોકમાં કહે છે કે,

इति प्रथितविफूमः कमनमन्मरुन्मण्डली,
किरीट मणिदर्पण प्रतिफलन्मुखेन्दुः शुभः।
जगज्जनसमीहित प्रणयनैककल्पद्रुमो ।
यशोविजय सम्पदं प्रवितनोतु वामागङ्जः ॥१०८॥

પૂ. ઉપાધ્યાયજીએ કેટલી કૃતિ રચી છે તેની ચોક્કસ સંખ્યા નક્કી કરવી મુશ્કેલ છે. પરંતુ તેમની કૃતિમાં તથા બીજા કુટકર હસ્તપત્રમાં મળેલી નોંધ પ્રમાણે હાલ તેની નીચે પ્રમાણે સંખ્યા નક્કી કરી શકીએ.

પ્રાકૃત અને સંસ્કૃત ઉપલબ્ધ અને અનુપલબ્ધ ગ્રન્થની સંખ્યા ૮૩ની છે. તેમાં ઉપલબ્ધ-૬૧ અને અનુપલબ્ધ-૨૨ છે.

ઉપલબ્ધ ૬૧માં ૪૩ મુદ્રિત અને ૧૫ અમુદ્રિત છે.

ઉપલબ્ધ ૬૧માં ૪૬ ગ્રન્થો સ્વકૃત, મૂળ અને ટીકાવાળા છે. જેમાંથી ૩૭ મુદ્રિત અને ૯ અમુદ્રિત છે.

બાકીના ૧૫ અન્ય આચાર્યકૃત ગ્રન્થો ઉપરની ટીકાવાળા છે. એમાંથી ૯ મુદ્રિત અને ૬ અમુદ્રિત છે.

ગુજરાતી મિશ્ર ભાષાની કૃતિઓ ઉપલબ્ધ અને અનુપલબ્ધ નાની મોટી થઈને ૫૪ કૃતિઓ છે. તેમાંથી ૫૩ ઉપલબ્ધ અને ૧ અનુપલબ્ધછે. ૫૩માંથી ૪૫ મુદ્રિત અને ૮ અમુદ્રિત છે.

ઉ.યશોવિજયજીએ રચેલા ગ્રન્થોની તારવણી કર્યા બાદ હવે તેમણે રચેલ ગ્રંથોની યાદી જોઈ લઈએ જે હાલમાં ઉપલબ્ધ છે.

# ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી કૃત ગ્રન્થોની યાદી (વિ.સં.૨૦૧૩)

### સંસ્કૃત-પ્રાકૃત ભાષાના ઉપલબ્ધ ગ્રન્થો

૧. અધ્યાત્મ મતપરીક્ષા (સ્વોપજ્ઞ ટીકાસહ)

૨. અધ્યાત્મ સાર

૩. અધ્યાત્મોપનિષદ

૪. અનેકાન્ત (મત) વ્યવસ્થા (અપરનામ- જૈનતર્ક)

૫. અનેકાન્ત વાદ માહાત્મ્ય વિંશિકા

૬. અસ્પૃશદ્ગતિ વાદ (વાદમાલાનું એક પ્રકરણ)

૭. આધ્યાત્મિક મત પરીક્ષા (અપરનામ આધ્યાત્મિક મત ખંડન-સ્વોપજ્ઞ ટીકાસહ)

૮. આત્મખ્યાતિ

૯. આરાધક વિરાધક-ચતુર્ભંગી-સ્વોપજ્ઞ ટીકાસહ

૧૦. આર્ષભીય મહાકાવ્ય

૧૧. ઉપદેશ રહસ્ય સ્વોપજ્ઞ ટીકાસહ

૧૨. ઐન્દ્ર સ્તુતિ ચતુર્વિંશતિકા સ્વોપજ્ઞ ટીકાસહ

૧૩. કૂપ દષ્ટાન્ત વિશદીકરણ-સ્વોપજ્ઞ ટીકાસહ

૧૪. ગુરુતત્ત્વ વિનિશ્ચય-સ્વોપજ્ઞ ટીકાસહ

૧૫. જૈન તર્કભાષા

૧૬. જ્ઞાનબિન્દુ

૧૭. જ્ઞાનસાર

૧૮. જ્ઞાનાર્ણવ સ્વોપજ્ઞ ટીકાસહ

૧૯. તિઙન્વયોક્તિ

૨૦. દેવધર્મ પરીક્ષા

૨૧. દ્વાત્રિંશદ દ્વાત્રિંશિકા-સ્વોપજ્ઞ ટીકાસહ

૨૨. ધર્મ પરીક્ષા-સ્વોપજ્ઞ ટીકાસહ

૨૩. નયપ્રદીપ

૨૪. નયરહસ્ય

૨૫. નયોપદેશ-સ્વોપજ્ઞ ટીકાસહ

૨૬. ન્યાયખંડન ખાદ્ય ટીકા (સ્વકૃત 'મહાવીર સ્તવ' મૂળ ઉપર)
૨૭. ન્યાયાલોક
૨૮. પરમ જ્યોતિઃ- પંચ વિંશતિકા
૨૯. પરમાત્મપંચ વિંશતિકા
૩૦. પ્રતિમાશતક-સ્વોપજ્ઞ ટીકાસહ
૩૧. પ્રતિમા સ્થાપન ન્યાય
૩૨. પ્રમેય માળા
૩૩. ભાષા રહસ્ય-સ્વોપજ્ઞ ટીકાસહ
૩૪. માર્ગ પરિશુધ્ધિ
૩૫. યતિ લક્ષણ સમુચ્ચય
૩૬. વાદમાળા
૩૭. વાદમાળા બીજી
૩૮. વાદમાળા ત્રીજી
૩૯. વિજયપ્રભસૂરિ સ્વાધ્યાય
૪૦. વિજયપ્રભસૂરિ ઉપર પત્ર
૪૧. વિષયતા વાદ
૪૨. વૈરાગ્ય કલ્પલતા
૪૩. વૈરાગ્ય રતિ (અપરનામ મુક્તા શુક્તિ)
૪૪. સમાચારી પ્રકરણ-સ્વોપજ્ઞ ટીકાસહ
૪૫. સ્તોત્રાવલી (૧ થી ૮ સ્તોત્ર)

૧.આદિજિન સ્તોત્ર (શત્રુંજય મંડન)
૨.ગોડી પાર્શ્વનાથ સ્તોત્ર (કા.સં.૧૦૮)
૩.વારાણસી પાર્શ્વનાથ સ્તોત્ર (કા.સં.૨૧)
૪.શંખેશ્વર પાર્શ્વનાથ સ્તોત્ર (કા.સં.૧૧૩)
૫.શંખેશ્વર પાર્શ્વનાથ સ્તોત્ર (કા.સં. ૯૮)
૬.શંખેશ્વર પાર્શ્વનાથ સ્તોત્ર (કા.સં.૩૩)
૭.શમીન પાર્શ્વનાથ સ્તોત્ર (કા.સં.૯)
૮.મહાવીરસ્તવ સ્તોત્ર

૪૬. સ્યાદ્વાદ પત્ર

## પૂર્વાચાર્ય કૃત સં.પ્રા.ગ્રન્થો ઉપરના ઉપલબ્ધ ટીકા ગ્રન્થો

**શ્વેતામ્બર ગ્રંથ ઉપરની ટીકાઓ**

૧. ઉત્પાદાદિ સિધ્ધિ પ્રકરણ ટીકા
૨. કમ્મપયડિ (કર્મ પ્રકૃતિ) બૃહદટીકા
૩. કમ્મપયડિ (લઘુ ટીકા) પ્રારંભમાત્ર
૪. તત્ત્વાર્થ સૂત્રટીકા
(ઉપલબ્ધ પ્રથમાધ્યાય માત્ર)
૫. યોગવિંશિકા-ટીકા
૬. વીતરાગસ્તોત્ર, અષ્ટમપ્રકાશની ત્રણ ટીકાઓ બે અપૂર્ણ
(સ્યાદ્વાદ રહસ્યપૂર્ણ)
૭. શાસ્ત્રવાર્તા સમુચ્ચય ટીકા
૮. ષોડશક ટીકા

**સ્યાદવાદ મંજરી ટીકા ?**

**દિગમ્બર ગ્રન્થ પર ટીકા**

૧. અષ્ટસહસ્રી ટીકા

**જૈનેતર ગ્રન્થ ઉપર ટીકા**

૧. કાવ્યપ્રકાશ ટીકા
૨. પાતંજલયોગદર્શન ટીકા
૩. સિધ્ધાન્ત મજંરી ટીકા

**અન્યકર્તૃક-લભ્ય સંશોધિત ગ્રન્થો**

(૧) ધર્મસંગ્રહ (૨) ઉપદેશ માલા બાલવબોધ
સંપાદિત ગ્રન્થો-દ્વાદશારનય ચક્રોદ્ધાર-આલેખનાદિક

**સ્વકૃત- સં.પ્રા. અલભ્ય ગ્રન્થો અને ટીકાઓ**

૧. અધ્યાત્મ બિન્દુ
૨. અધ્યાત્મોપદેશ
૩. અનેકાન્તવાદ પ્રવેશ
૪. અલઙ્કાર ચૂડામણિ ટીકા
૫. આત્મખ્યાતિ

હૈમ છન્દોનું શાસનની સ્વોપજ્ઞ-છન્દ-ચુડામણિ ટીકા ઉપર ટીકા
(હૈમ કાવ્યાનુશાસનની સ્વોપજ્ઞ અલંકાર ચૂડામણિ ટીકા ઉપર ટીકા)

૬. આલોકહેતુતાવાદ
૭. છન્દશ્ચુડામણિ ટીકા
૮. જ્ઞાનસાર અવચૂર્ણી
૯. તત્ત્વાલોક વિવરણ
૧૦. તત્ત્વાલોક વિવરણ
૧૧. દ્રવ્યાલોક સ્વોપજ્ઞ ટીકાસહ
૧૨. ન્યાયબિન્દુ
૧૩. પ્રમાણરહસ્ય
૧૪. મઙ્ગલવાદ
૧૫. વાદાર્ણવ
૧૬. વાદરહસ્ય
૧૭. વિધિવાદ
૧૮. વેદાન્ત નિર્ણય
૧૯. વેદાન્ત વિવેક સર્વસ્વ
૨૦. શઠ પ્રકરણ
૨૧. શ્રી પૂજ્યલેખ
૨૨. સપ્તભંગી તરઙ્ગિણી
૨૩. સિધ્ધાન્તતર્ક પરિષ્કાર

૨૪ થી ૪૨-૧૯ વિંશિંકા પ્રકરણો (હારિભદ્રીય) ઉપરના ૧૯ ટીકા ગ્રન્થો તે ઉપરાંત અન્તમાં 'રહસ્ય' પદથી અલંકૃત અનેક ગ્રન્થો અને તે સિવાયની અન્યકૃતિઓ અપ્રાપ્ત બની ગઈ છે.

## -: ગુર્જર, મિશ્રભાષાની ઉપલબ્ધ કૃતિઓ:-

- અગિયાર અંગસજ્ઝાય
- અગિયાર ગણધર નમસ્કાર
- અઢાર પાપસ્થાનક સજ્ઝાય
- અધ્યાત્મ મતપરીક્ષા, બાલાવબોધ
- અમૃતવેલીની સજ્ઝાયો
- આનદઘન અષ્ટપદી
- આઠ દષ્ટિ સજ્ઝાય

- એકસોઆઠ બોલ સંગ્રહ
- કાય સ્થિતિ સ્તવન
- ચડ્યા પડ્યાની સજ્ઝાય
- ચોવીશીઓ ત્રણ (પદ્ય.સં.૩૩૬)
- જશવિલાસ-આધ્યાત્મિકપદો (પ.સં.૨૭૨)
- જંબુસ્વામિરાસ
- જિન પ્રતિમા સ્થાપન સજ્ઝાયો
- જેસલમેર પત્રો-હરરાજ શ્રાવક માળા
- જ્ઞાનસાર - બાલાવબોધ
- તત્ત્વાર્થાધિગમસૂત્ર - બાલાવબોધ
- તેર કાઠીયા નિબંધ
- દશમત સ્તવન
- દિક્પટ ચોરાસી બોલ
- દ્રવ્ય-ગુણ પર્યાયરાસ- સ્વોપજ્ઞ ટબાર્થ સહ
- નવપદ પૂજા
- નવનિધાન સ્તવન (પ.સં. ૪૫)
- નયરહસ્ય ગર્ભિત સીમંધર સ્વામિ વિનંતિરૂપ સ્તવન બાલાવબોધ સહ (પ.સં.૧૨૫)
- નિશ્ચય-વ્યવહાર ગર્ભિત સીમંધર જિન સ્તવન (પ.સં.૪૧)
- નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શાંતિ જિન સ્તવન(પ.સં.૪૮)
- નેમ-રાજૂલગીત
- પંચ પરમેષ્ઠિ ગીતા (પ.સં.૧૩૧)
- પંચગણધરભાસ
- પ્રતિક્રમણ હેતુ ગર્ભ સજ્ઝાય
- પાંચ કુગુરુ સજ્ઝાય

- પાંચ મહાવ્રત ભાવના
- પિસ્તાલીશ આગમસજ્ઝાય
- બ્રહ્મગીતા (જંબુ સ્વામિની)
- મૌન એકાદશી સ્તવન
- યતિધર્મ બત્રીસી
- વિચારબિન્દુ (ધર્મ પરીક્ષાનું વાર્તિક)
- વિહરમાન જિન વિંશતિકા (પ.સં.૧૨૩)
- વીરસ્તુતિરૂપ હુંડીનું સ્વોપજ્ઞ બાલાવબોધ સહ(પ.સં.૧૫૦) (જિનપ્રતિમા સ્થાપના સ્વરૂપ)
- શ્રીપાલરાસ-ઉત્તરાર્ધ ભાગ
- સમાધિશતક
- સમુદ્ર-વહાણ સંવાદ
- સંયમશ્રેણી સજ્ઝાય સ્વોપજ્ઞ ટબાર્થ સહ
- સમ્યકત્વના સડસઠબોલની સજ્ઝાય (પ.સં.૬૫)
- સમ્યકત્વ ચોપાઇ ( સ્વોપજ્ઞ ટબાસહ)
- સાધુવંદના
- સામ્યશતક
- સ્થાપનાચાર્ય સજ્ઝાય
- સીમંધરજિન સ્તવન સિધ્ધાન્ત વિચાર ગર્ભિત (પ.સં.૩૫૦) સ્વોપજ્ઞ ટબાસહ
- સુગુરુ સજ્ઝાય

## અન્યકર્તૃક ગ્રન્થ ઉપર અનુવાદિત ગુર્જર ભાષાની અપ્રાપ્ત કૃતિ

(૧) આનન્દઘન બાવીશી બાલાવબોધ
( શ્રી યશોવિજય સ્મૃતિગ્રન્થ-સં.પૂ.મુનિ.શ્રી યશોવિજયજી)

# પરિશિષ્ટ

૧. (મોહનલાલ દલીચંદ દેસાઈ.) જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ
પ્ર.૧.યશોવિજય યુગ પેજ નં.૬૨૧

૨. શ્રી યશોવિજય સ્મૃતિગ્રંથ લેખક.પૂ.યશોવિજય.
પ્રથમઆવૃતિ (૧૯૫૭) પ્રસ્તાવના પેજ. નં.૨૮

| | | પેજ નં. |
|---|---|---|
| ૩. શ્રી યશોવિજય પ્રવચનમાળા | લેખક.આ.શ્રી પ્રદ્યુમ્નસૂરિ | ૫,૭,૮ |
| ૪. શ્રી યશોવિજય સ્વાધ્યાય ગ્રંથ | જયંત કોઠારી. | ૧ |
| ૫. શ્રી યશોવિજય સ્વાધ્યાય ગ્રંથ | જયંત કોઠારી | ૩ |
| ૫(અ) શ્રી યશોવિજય પ્રવચનમાળા | આ.પ્રદ્યુમ્નસૂરીશ્વરજી | ૪૨ |
| ૬. શ્રી યશોવિજય પ્રવચનમાળા | આ.પ્રદ્યુમ્નસૂરીશ્વરજી | ૩ |
| ૭. શ્રી યશોવિજય પ્રવચનમાળા | લે.પ્રદ્યુમ્નસૂરી | ૩૩ |
| ૮. શ્રી યશોવિજય સ્વાધ્યાયમાળા | લે.જયંત કોઠારી | ૯ |
| ૯. ઉપાધ્યાય યશોવિજય સ્મૃતિગ્રંથ | લે.યશોવિજયજી (સંપાદકીય નિવેદન) | ૨૧ |
| ૧૦. ઉપાધ્યાય યશોવિજયનું સ્વાધ્યાગ્રંથ | જયંત કોઠારી | ૧૦ |
| ૧૧. ઉપાધ્યાય યશોવિજયનું સ્વાધ્યાગ્રંથ | જયંત કોઠારી | ૧૧ |
| ૧૨. ઉપાધ્યાય યશોવિજય સ્મૃતિગ્રંથ | પૂ.યશોવિજયજી | ૨૨ |
| ૧૩. ઉપાધ્યાય યશોવિજય સ્મૃતિગ્રંથ | પૂ.યશોવિજયજી | ૨૨ |
| ૧૪. ઉપાધ્યાય યશોવિજયનું સ્વાધ્યાગ્રંથ | જયંત કોઠારી | ૧૨ |
| ૧૫. યશોદોહન પ્રકરણ-૩ | પૂ.યશોવિજયજી | ૧૨ |
| ૧૬. ઉપાધ્યાય યશોવિજય સ્વાધ્યાય ગ્રંથ | (પ્રદ્યુમ્નસૂરિ, જયંત કોઠારી, કાન્તિ.બી.શાહ) | ૧૩ / ૧૪ |
| ૧૭. ઉપાધ્યાય યશોવિજય સ્વાધ્યાય ગ્રંથ | (પ્રદ્યુમ્નસૂરિ, જયંત કોઠારી, કાન્તિ.બી.શાહ) | ૧૬ |

| | | |
|---|---|---|
| ૧૮. ઉપાધ્યાય યશોવિજય સ્મૃતિગ્રંથ | પૂ.યશોવિજયજી | ૨૨ |
| ૧૯. ઉપાધ્યાય યશોવિજય સ્વાધ્યાયગ્રંથ | જયંત કોઠારી | ૧૭/૧૮ |
| ૨૦. જૈન.ગુ.કવિઓ.જ. | જયંત કોઠારી | ૨૩૪ |
| ૨૧. યશોવિજય પ્રવચનમાળા | પ.પૂ.આ.પ્રદ્યુમ્નસૂરિ.મ.સ. | ૧૦૦ |
| ૨૨. યશોદોહન | (પૂ.યશોવિજયજી, હિરાલાલ, રસિકલાલ કાપડિયા) | ૨૧ |
| ૨૩. અનુસન્ધાન-૫૫ | શીલચન્દ્રસૂરિ (મુનિ ધુરન્ધરવિજયજી) | ૫૫ |
| ૨૪. યશોવિજય સ્મૃતિગ્રંથ | સંપાદકિય નિવેદન મુનિયશોવિજય | ૨૧ |
| ૨૫. ઉ.યશો.સ્વા.ગ્રંથ. | જયંત કોઠારી | ૩૦ |
| ૨૬. ઉ.યશોવિજય જીવનવૃત | પ્રદ્યુમ્નસૂરીશ્વરજી | ૩૦/૩૧ |
| ૨૭. ઉ.યશોવિજય.સ્વા.ગ્રંથ. | જયંત કોઠારી | ૩૧ |
| ૨૮. ઉ.યશોવિજય સ્મૃતિગ્રંથ. | મુનિયશોવિજયજી | ૧૫૪ |
| ૨૯. શ્રી યશોવિજય પ્રવચનમાળા | આ.પ્રધુમ્નસૂરિ મહારાજ | |

# પ્રકરણ-૩

## સમકિતના સડસઠ બોલની સજ્ઝાયની સાહિત્યકીય અને તાત્વિક દ્રષ્ટિએ સમીક્ષા

'સમકિતના સડસઠ બોલની સજ્ઝાય'ના રચયિતા અનેક શાસ્ત્રોના જ્ઞાતા અનેક મોટા ગ્રંથો રચનારા, મહાવિદ્વાન તથા માન્યપુરુષ 'ન્યાયાચાર્ય' 'ન્યાયવિશારદ' ઉપાધ્યાયજી મહારાજ શ્રીમદ્ યશોવિજયજી વાચક મહારાજ છે. તેઓશ્રી વિક્રમની ૧૮મી શતાબ્દિમાં વિદ્યમાન હતા. આ સજ્ઝાય પ્રાચીન આચાર્યશ્રીએ રચેલા ૭૦ ગાથાના 'સમ્યક્ત્વ સપ્તતિ' (દર્શન-વિશુધ્ધિ) નામના ગ્રન્થને આધારે ટૂંકામાં ટૂંકા, સરળ અને સચોટ શબ્દોમાં ગુજરાતી ભાષાની ૬૮ કડીમાં વ્યવસ્થિત રીતે રચેલી છે.

સમકિતના ૬૭ બોલના મુખ્ય બાર પ્રકાર છે. એના પેટા-ભેદો ૬૭ થાય છે. અહીંયા બોલ એટલે 'પ્રકાર', 'ભેદ', 'માર્ગણા', 'વચન', 'શબ્દ', કહી શકાય છે. અહીંયા જુદા-જુદા મુદ્દાઓને આગળ કરી સમ્યક્ત્વની ભૂમિકા કેવી હોય તેનો વિચાર કરવાનો છે. જેને સમ્યક્ત્વ પામવું છે, ટકાવવું છે, દઢ કરવું છે, શુધ્ધ કરવું છે. ને તેથી શુંભ પરિણામોમાં વૃધ્ધિ જોઇએ છે એ વ્યક્તિએ આ સડસઠ બોલ બરાબર સમજીને પરિણત કરવાના હોય છે.

### ગાથા - ૧

સુકૃત-વલ્લી-કાદંબિની સમરી સરસ્વતી માત,<br>
સમકિત સડસઠ-બોલની કરીશું મધુરી-વાત. (૧)

<u>શબ્દાર્થ:-</u> સુકૃતરૂપી લતાને ઉગવા માટે, વિકસિત થવા માટે અને લીલાછમ રહેવા માટે વાદળની શ્રેણિ સમાન સરસ્વતી દેવીનું સ્મરણ કરીને અમે સમકિતના ૬૭ બોલની મધુરી વાત કરીશું.

<u>વિવેચન:-</u> શ્રી અજિતશેખર સૂરીશ્વરજી આ ગાથાનો વિશેષાર્થ કરતા જણાવે છે કે, સમ્યકૃત્વ એટલે પરમાત્માનો સ્વીકાર. પરમાત્માની પરમાત્મતાનો સ્વીકાર એટલે કે પરમાર્થરૂપ સુકૃતનો સ્વીકાર. આમ સુકૃત શબ્દ પરમાત્માની પરમાત્મતાનો સૂચક છે. એથી જ આ સજ્ઝાયનો શુભારંભ 'સુકૃત' શબ્દથી કર્યો છે.

- સર્વજીવો પ્રત્યે સદ્ભાવ અને એમની સુરક્ષાની ભાવના-પ્રયત્ન એજ ખરા સુકૃત છે. ''સવિજીવ કરું શાસન રસી'' એ સૌથી મોટું જીવો માટેનું સુકૃત છે. જે સ્વ-

પરનું એકાંતે કલ્યાણ કરે છે.

- દાન-શીલ-તપ-ભાવ આદિ ચાર ધર્મો પણ આ સદ્ભાવ-સુરક્ષાના આશય ભળેલા હોવાથી ધર્મરૂપ અને સુકૃતરૂપ બને છે. તેથી જ દાનમાં સૌથી શ્રેષ્ઠદાન અભયદાન કહેવાય છે. તે માટે સંયમ સૌથી શ્રેષ્ઠ સુકૃત ગણાય છે. મેઘરથ રાજાએ અભયદાન દ્વારા તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું હતું.

- શોભનંકૃતં-સુષ્ઠુ કૃતં- સુકૃતં જે કાર્યો શિષ્ટ પુરુષોમાં પ્રશંસા-લાયક બને એ સુકૃત કહેવાય. શિષ્ટ પુરુષો તરીકે મુખ્ય રીતે પાંચ પરમેષ્ઠીઓ છે. કારણ કે તેઓ જ રાગ-દ્વેષથી મુક્ત છે. મધ્યસ્થભાવને વરેલા છે. આ પાંચ પરમેષ્ઠીઓ પરમાર્થને વરેલા છે. તેથી તેઓ જે પણ કાર્ય નિઃસ્વાર્થ પરમાર્થથી યુક્ત હોય એ કાર્યને સુકૃત ગણે છે.

- સુકૃતલતા માટે આપણું હૈયું આપણા આત્મ પ્રદેશો ફળદ્રુપ ભૂમિ હોવી જરૂરી છે. એટલે કે સુકૃત કરનારા પ્રત્યે અહોભાવ, સદ્ભાવ, અનુરાગ હોવો જરૂરી છે. સુકૃત કરનારા પ્રત્યે ઝુકાવ-પ્રમોદભાવ થવાથી આપણું હૈયું સુકૃત વેલડીના બીજ વાવવા માટે ફળદ્રુપ જમીન સમાન છે. અન્યના નાના-મોટા તમામ સુકૃતોની જાહેરમાં અંતરના ભાવ સાથેની પ્રશંસાને ચિત્તમાં સતત અનુમોદનાનો ભાવ એ ગુણાનુરાગ કહેવાય છે. આ ભાવ સુકૃત લતા માટેના અવશ્ય ફળનારા ઉત્તમ કોટિના બીજ સમાન છે.

જેમ ઉખર ભૂમિમાં બીજ ન ઉગે, તેમ સુકૃત કરનારાઓની કે અન્યોની કરાતી નિંદા-કુથલી, જાહેરમાં કરાતી હલકાઈ, હીન ચીતરવાનો પ્રયાસ, ઘમંડથી એનું કરાતું અંપમાન વગેરે બાબતો સુકૃતરૂપી વેલડીને ઉગવા જ ન દે તેવી કસહીન જમીન છે.

સુકૃતમાં પ્રવૃત્તિ અને બીજાના સુકૃતોની અનુમોદના તો જ થાય, જો તમને સુકૃત ગમતા હોય, સુકૃત કરવાની ઈચ્છા હોય. પણ સુકૃતો કરવાની ઈચ્છા પણ તો જ થાય, જો તમને સુકૃતના લાભ, સુકૃતના ઉપાયો-સાધનો, સુકૃતોનું સ્વરૂપ, સુકૃતો માટે મળેલી સામગ્રી, સુકૃતો માટેના ખરા અવસર, સુકૃતો નહિ કરવાના નુકસાન, દુષ્કૃતોની અહિત કરતા, એનું સ્વરૂપ વગેરેનું સ્પષ્ટ તલસ્પર્શી જ્ઞાન થાય. આમ પ્રવૃત્તિની પૂર્વભૂમિકા ઈચ્છા છે. ને ઈચ્છાની પૂર્વભૂમિકા જ્ઞાન છે. આ જ્ઞાન પણ મુખ્યતયા તો મતિજ્ઞાનના સાથવાળું શ્રુતજ્ઞાન જ લેવાનું છે.

સરસ્વતી દેવીના સ્મરણથી શ્રુતજ્ઞાન માટે જરૂરી ક્ષયોપશમ થાય. એથી શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય. એથી સુકૃત આદિનો સ્પષ્ટ બોધ થાય. તેથી સુકૃત માટે ઈચ્છા જાગે. તેથી જ સુકૃત કરનારાઓ પ્રત્યે ગુણાનુરાગ ને સુકૃત કરવા માટેના પ્રયત્ન થાય.

- વાદળોની શ્રેણિ વેલડીના વિકાસ માટે જરૂરી છે. તેમ સરસ્વતી દેવીનું સ્મરણ સુકૃત લતાને વિકસવા જરૂરી છે.

- આમાં ઉપાધ્યાય યશોવિજયજીએ સૌ પ્રથમ સરસ્વતી માઁનું સ્મરણ કર્યું છે. તેઓ ગંગા નદીના કિનારે સરસ્વતી માઁની સાધના દ્વારા સાક્ષાત કર્યા હતા એવું મનાય છે. તેઓએ દરેક પોતાના સંસ્કૃત ગ્રંથના આરંભે ऐं બીજમંત્રનું સ્મરણ કરે છે.

- ગ્રંથના પ્રારંભમાં મંગલાચરણ રૂપે સાક્ષાત સરસ્વતી દેવીનું નામ લઇ સ્મરણ કર્યું. ઈષ્ટદેવતાનું સ્મરણ મંગલરૂપે છે. ગ્રંથ નિર્વિઘ્ન પૂર્ણાહુતિ માટે મંગલ કરવાનું વિધાન શિષ્ટાચારરૂપ છે.

- ''સમકિત સડસઠ બોલની કહીશું મધુરી વાત'' આ પંકિત દ્વારા પૂજ્યશ્રીએ આ સમગ્ર રચના કયા વિષય પર આધારિત છે એનો પ્રકાશ પાથર્યો છે. શાસ્ત્રીય પરિભાષામાં આ 'ગ્રંથનો અભિધેય' કહેવાય છે. તેઓ કહેશે અને આપણે સાંભળશું આમ વક્તા-શ્રોતાનો સંબંધ નિરૂપણ થાય છે.

સમકિતની વાત સમકિત પામવા માટે છે. પામ્યા છીએ તો એને દઢ શુધ્ધ કરવા માટે છે. એથી આગળ વધીને એના બળપર જ્ઞાન-ચારિત્ર પામી શુધ્ધ દશાને પામવા માટે છે. તેથી આ આખો પ્રયાસ છેવટે એકાંતે હિતકર મોક્ષફળ મેળવવા માટે છે.

સમકિતની વાત મોળી, ફીક્કી, ખાટી, તૂરી, કડવી નથી પણ માત્રને માત્ર મધુરી જ છે. અમૃત પીતા, પેટમાં જતાં, પરિણામે અને ઉદ્‌ગાર ચારેય અવસરે મધુરતા-ઠંડકતા, પોષકતા અને પૂર્ણતાનો અહેસાસ કરાવે છે.

એજ રીતે સમકિત અંગેની વાતો શ્રધ્ધાથી શ્રવણ વખતે, પ્રાપ્તિ વખતે, પરિણામો અને એ પછી ઉદ્‌ભવતા વ્યવહાર વખતે આમ દરેક અવસરે મધુરતા-પ્રસન્નતા આનંદ, પરમસુખ અને ઔદાર્યનો અહેસાસ કરાવે છે.

પ્રકર્ષ શુભ ભાવનો પ્રારંભ સમ્યક્ત્વથી થાય છે. કર્મને ચોંટાડી રાખવાની આત્માની ક્ષમતાનો ઘટાડો દરેક પુદ્‌ગલ પરાવર્તમાં થતો રહે છે. પણ તે અત્યંત મંદગતિએ હોય છે. ચરમાવર્તમાં આવતા એમાં ઝડપ આવે છે. અને સમ્યક્ત્વ પામતાની સાથે જ એ ઝડપ વિશેષ નજરમાં આવે એવી થાય છે.

જીવનો નિગોદથી માંડી તેઈન્દ્રિય સુધીનો અનંતાનંતકાળ અંધપણામાં ગયો. એ ઉપરાંતમાં ચઉરિન્દ્રિય સુધીનો કાળ બહેરાપણામાં ગયો. એથીયે આગળ વધીને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીનો કાળ માનસિક વગેરે વિકળતામાં ગયો. જીવના અત્યાર

સુધીના ભૂતકાળનો બહુ મોટો ભાગ આ અવસ્થાઓમાં જ ગયો. માત્ર એક અનંતમો ભાગ જેટલો કાળજ સંજ્ઞી પંચેન્દ્રિય અવસ્થામાં ગયો. અને આ પૂરેપૂરો કાળ સમ્યક્ત્વની ગેરહાજરીનો હતો, માત્ર મિથ્યાત્વનો કાળ હતો. સંજ્ઞી પંચેન્દ્રિય-મનુષ્ય વગેરે અવસ્થામાં પણ રહેલો જીવ સમ્યક્ત્વ ન હોય તો ખરેખર તો અંધ જ છે., કેમ કે જે પદાર્થો જેવા છે તે પદાર્થોને તેવા રૂપે જ સ્વીકારવા રૂપે એ જોઈ શકતો નથી. જેનાથી મળેલી આંખ સાર્થક થાય એવા પરમાત્મદર્શન, ઈર્યાસમિતિ વગેરે કાર્યો એ કરતો નથી તેથી ખરેખર તો અંધ જ છે. કેમકે જીવની ખરી આંખ તો વિવેક જ છે. બસ એજ રીતે એ સાંભળવા જેવું ગુરુવચન વગેરે ન સાંભળતો હોવાથી વાસ્તવમાં બહેરો છે. ને બાર ભાવનાદિ ભાવવા યોગ્ય ભાવનાઓ ભાવી શકતો ન હોવાથી, કરવા યોગ્ય કાર્યો કરતો ન હોવાથી એ માનસિક-શારીરિક વગેરે રૂપે વિકલાંગ છે. એની અજ્ઞાનતાની અસંજ્ઞિપણાની પરાકાષ્ઠા તો એ છે કે પોતે અજ્ઞાની છે. એ બાબતમાંય એનું અજ્ઞાન છે. એજ એનું ઘોર-મિથ્યાત્વ છે.

- મિથ્યાત્વની અવસ્થામાં જીવો પ્રત્યે કઠોર, કર્કશ, ક્રુર વ્યવહાર કરીને અપ્રિયદર્શન બનેલો જીવ સમ્યક્ત્વ પામતાં જ જીવમાત્રને પોતાને તુલ્ય માનતો થવાથી, પોતાનાથી એક અંશે અભેદરૂપે જોતો થવાથી એ જીવો પ્રત્યે કોમળ, સ્નેહાળ, હેતાળ, વ્યવહારવાળો બનવાથી પ્રિયદર્શન બને છે.

- આવશ્યક નિર્યુક્તિ ગાથા ૮૩૦માં सर्वद्रव्य पर्याय रुचि लक्षणत्वात् એટલે કે સમ્યક્ત્વને સર્વગત કહ્યું છે.

- જેઓ બોધિ-સમ્યક્ત્વથી યુક્ત નથી, તેઓની બુધ્ધિ તીવ્ર હોય તો પણ પરિપક્વ નથી હોતી, અપરિપક્વ હોય છે. મીઠાશ નહિ પણ ખટાશથી ભરેલી હોય છે.

- તેઓ વક્તા હોય, તો અસરકારક નહિ પણ ચોંટદાર બોલે છે. બોલે ઘણું, બધા સાંભળે એવી અપેક્ષાથી, પણ પોતે કોઈનું સાંભળે નહિ. એની ભાષા સંવાદની નહિ પણ વિવાદની હોય, બીજાને વિનંતિ નહિ પણ આદેશ કરવો ફાવે. એ બધાની ભૂલ કાઢી શકે, એની કોઈ નહિ. એની પાસે આંખ છે, પણ અમીભરેલી નજર નથી. એ બધાને ઓળખતો હોય, એક જ નજરમાં બીજાનું પાણી માપી લેનારો હોય, પણ પોતાના આત્માને પરમાત્માને જ ઓળખતો નથી ને પોતાનું જ પાણી માપી શકતો નથી. તે મર્મવાળું નહિ પણ મર્મ પર ઘા કરનારું બોલે. તે સફળતા વખતે નમ્ર નહિ, પણ નિષ્ફળતા વખતે દીન બને છે. એ નિયમ, વ્રત, પચ્ચખાણ, મરણાન્તે પાળવાની ખુમારી વિનાનો હોય. બોધિપ્રાપ્ત થાય ને સમ્યક્ત્વની ઉષ્મા મળે, પછી જ બુધ્ધિ પરિપકવ

થાય છે. મધુર થાય છે.

- આ સમત્યક્ત્વ આંતરિક તેવા પ્રકારનો શુભ પરિણામવાળું છે. આ પરિણામના હેતુ, સ્વરૂપ, ફળ અનુબંધ આદિની અપેક્ષાએ જુદા-જુદા ગ્રંથકારો વગેરેએ જુદી-જુદી વ્યાખ્યાઓ દ્વારા સમ્યકૂત્વને વર્ણવવાનો પ્રયત્ન કર્યો છે, જેમ કે,

(૧) આગમમાં સમ્યક્ત્વ મોહનીય કર્મના ઉપશમ કે ક્ષયથી ઉદ્ભવતો શુભ આત્મ પરિણામ સમ્યક્ત્વ છે.

(૨) સમ્યક્ત્વ સપ્તતિ નામના ગ્રંથની ટીકામાં સમ્યક્ત્વ મોહનીય કર્મના ક્ષય ઉપશમથી દેવ-ગુરુ-ધર્મનું સમ્યગ્ પરિજ્ઞાન થવાથી ઉત્પન્ન થતો શુભ અધ્યવસાય સમ્યક્ત્વ છે.

(૩) નવતત્ત્વમાં જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, બંધ-નિર્જરા અને મોક્ષ આ નવતત્ત્વોને જ જ્ઞેય-હેય-ઉપાદેયાદિ રૂપે સ્વીકારવા તે જ સમ્યક્ત્વ છે.

(૪) તત્ત્વાર્થ સૂત્રમાં तत्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्- તત્ત્વભૂત અર્થો પર શ્રધ્ધા કરવી એ સમ્યગ્દર્શન છે.

(૫) આચાર્ય ભગવંત શ્રી પ્રભાનંદ સૂરીશ્વરજી મહારાજાએ 'હિતોપદેશ' નામના ગ્રંથરત્નમાં આત્માનું હિત સાધવા માટે અત્યંત જરૂરી એવી પાયાની બાબતો (૧)સમ્યગ્દર્શન (૨)ઉત્તમગુણોનું પ્રગટીકરણ (૩)દેશવિરતિ અને (૪) સર્વવિરતિ બતાવી છે.

**<u>સમ્યક્ત્વના જુદી-જુદી દૃષ્ટિએ વિભાગીકરણ:-</u>** કર્મગ્રન્થના આધારે જીવ વિશુધ્ધ અધ્યવસાયના બળે ત્રણ વિભાગ કરે છે., (૧)જેમાં મિથ્યાત્વરૂપ મળ જરા પણ નથી રહ્યો એવા દલિકોનો જથ્થો સમ્યક્ત્વ મોહનીય કહેવાય. (૨)જેમાં અર્ધશુધ્ધ અવસ્થા છે. એવા દલિકોનો જથ્થો મિશ્ર મોહનીય કહેવાય છે. (૩)જે દલિકો પૂર્વે જેવા હતા એવા અશુધ્ધ જ રહે છે. એ દલિકો મિથ્યાત્વ મોહનીય કહેવાય છે.

જીવ ઉપરોકત ત્રણે પ્રકારના દલિકોનો નાશ થાય છે ત્યારથી જે સમ્યક્ત્વનો અનુભવ કરે છે તે ક્ષાયિકસમ્યક્ત્વ કહેવાય છે. જે આવ્યા પછી કયારેય પણ નાશ પામતું નથી, જતું રહેતું નથી.

- નિશ્ચય-વ્યવહાર નયોની અપેક્ષાએ વિચાર કરીએ, તો સાતમા ગુણસ્થાનકથી નિશ્ચય સમ્યક્ત્વ શરૂ થાય છે. જેમાં સમ્યગ્-દર્શન-જ્ઞાન-અને ચારિત્રનો એકાત્મક અખંડ ઉપયોગ હોય છે. આથી એવું કહી શકાય કે

ચોથાથી છઠ્ઠા ગુણસ્થાનક સુધી ક્ષાયિક સમ્યક્ત્વ હોય, તો પણ વ્યવહાર સમ્યક્ત્વ ગણાય છે.

- સંમતિતર્ક ગ્રંથના આધારે એવો પણ ભેદ પડે છે કે ભગવાનના વચન પર માત્ર શ્રધ્ધા હોય, પણ પરમાર્થનું જ્ઞાન ન હોય તો તે દ્રવ્ય સમ્યક્ત્વ કહેવાય. પછી જેમ જ્ઞાન વધતું જાય, એમ એમ સમ્યક્ત્વ વધુ નિર્મળ થતું જાય. પૂર્ણ કેવળજ્ઞાન-વીતરાગ દશામાં પરિપૂર્ણ થાય ત્યારે તે ભાવસમ્યક્ત્વ કહેવાય છે.

જે સમ્યક્ત્વ માત્ર શ્રધ્ધારૂપ હોય છે. પણ અવિરતિના પાપના કારણોના ત્યાગમાં કારણ નથી બનતું તે રોચક કહેવાય છે. જે સમ્યક્ત્વ શ્રધ્ધાની તીવ્રતા જીવને અવિરતિના ત્યાગ તરફ લઈ જાય છે. તે કારક સમ્યક્ત્વ કહેવાય છે. અભવ્યો પોતે શ્રધ્ધા યુક્ત ન હોવા છતાં બીજાને મોક્ષ આદિ તત્ત્વો પર શ્રધ્ધા કરાવે એમનું સમ્યક્ત્વ દીપક સમ્યક્ત્વ કહેવાય છે.

- સ્થાનાંગ સૂત્રમાં (૧)નિસર્ગરુચિ (૨)ઉપદેશરુચિ (૩)આજ્ઞારુચિ (૪)સૂત્રરુચિ (૫)બીજરુચિ (૬)અભિગમરુચિ (૭)વિસ્તારરુચિ (૮)ક્રિયારુચિ (૯)સંક્ષેપરુચિ (૧૦)ધર્મરુચિ આ રીતે સરાગ સમ્યક્ત્વના દસં ભેદ પાડ્યા છે. વીતરાગ સમ્યક્ત્વ ભેદ વિનાનું છે.

આ ગાથા માં માઁ સરસ્વતીને વંદના, જીવનના સકૃતો જે કરેલા છે. તથા કરવાના છે. તેની શ્રેણી બરોબર ચાલુ રહે માટે માઁ સરસ્વતીને વંદના દ્વારા મંગલાચરણ કર્યું છે.

## <u>ગાથા નં-૨</u>

સમકિત દાયક ગુરુતણો પચ્ચુવયાર ન થાય
ભવ કોડા કોડે કરી, કરતાં સર્વ ઉપાય ...(૨)

કરોડો કરોડો ભવ સુધી સતત જુદા-જુદા ઉપાયો-ભક્તિઓ કરીએ, તો પણ સમકિત દાતા ગુરુનો પ્રત્યુપકાર થતો નથી.

એકવાર સમ્યક્ત્વ પામ્યા પછી અથવા તો સ્પર્શ્યા પછી —

(૧) અનંત પુદ્ગલપરાવર્તોથી-અનાદિ કાળથી જીવના જે અંત્યંત પીડામય જન્મ-મરણ થતાં હતા, તે હવે અનંત ભવિષ્યકાળ માટે કાયમ માટે અટકી જાય છે. એક જન્મ-મરણની પીડા બીજી પીડાઓ કરતા અનંત ગણી છે.

(૨) સમ્યકૃત્વ પામ્યા પછી મોક્ષ તરફની દોડ વધી જાય છે. રોગ-ઘડપણ આદિ શરીર સંબધી પીડાઓ શરીર છુટ્યાની સાથે જ છૂટી જાય છે.

(૩) અનાદિમિથ્યાત્વી-આકાંક્ષાઓ-અપેક્ષાઓ, આધિ-વ્યાધિ-ઉપાધિ-જંજાળ-પળોજણના સરવાળા, મોટી અપેક્ષા, આંધળું સાહસ, નિષ્ફળતાના કારણે અકળામણ, હૈયું બાળતી ઈર્ષ્યાઓ વગેરેને કારણે આત્મઘરમાં જ કષાય-સંતાપ-ચિંતા નિરાશા વગેરેથી છૂટકારો એટલે સમ્યકૃત્વની સ્પર્શના. જે અંતે મોક્ષ તરફ લઈ જાય.

(૪) સમ્યકૃત્વ પામ્યા પછી મોક્ષ માર્ગ મળે તે કેવો? સદા અભયદાયક શુધ્ધ અહિંસા, આત્મસ્વરૂપમાં રમણ કરાવતો અપરિગ્રહ, સદા સ્વસ્થ-મસ્ત રાખતો અદ્વેષ, સતત વહેતો આનંદ પ્રવાહ, અનંતજ્ઞાનનો અદ્ભુત ઉજાસ, આનંદઘન મહાનંદ સ્વરૂપ મોક્ષ.

(૫) સમ્યકૃત્વ જીવની દશા અને દિશા બંનેને બદલી નાંખે છે. એના આચાર-વિચાર-વૃત્તિ-પ્રવૃત્તિમાં આમૂલ ચૂલ પરિવર્તન લાવે છે.

(૬) જે ગુરુભગવંત આપણને વળગેલા મિથ્યાત્વની સાચી ઓળખ કરાવી એના પડછાયાથી પણ દુર રહેવા અને સમ્યકૃત્વ નામના સાચા સાથી, મિત્ર, ભોમિયાની ઓળખ કરાવી એનો સંગ ઉઘમાં પણ નહિ છોડવા સમજાવે છે ને સમ્યકૃત્વ સાથે સંબંધ જોડી આપે છે.

- સમ્યકૃત્વ આપણને સ્વચ્છ અંતઃકરણની ભેટ ધરે છે. આ અંતઃકરણ જ આપણો સાચો મિત્ર છે. કેમકે એજ આપણને બાહ્ય આપત્તિમાં ઉદાસ થવાના બદલે પ્રભુના દાસ બનાવે છે. વિષાદના સ્થાને પ્રસાદનો અનુભવ કરાવે છે.
- એક અપેક્ષાએ વહી ગયેલા અનંતા ભૂતકાળ કરતાંય અનંતગુણ ગણાતા અનંત ભવિષ્યને સુધારી દેનારા આવા સમ્યકૃત્વનું દાન જે ગુરુભગવંત કરે એના ઉપકારનો બદલો વાળી શકાય નહિ.

ભોજનદાતા એક દિવસ માટે ઉપકાર કરે છે.
વસ્ત્રદાતા બે-ચાર મહિના માટે ઉપકાર કરે છે.
અભયદાન દેનારો આ જીવનનો ઉપકાર કરે છે.
સમાધિ દેનારો પરલોક સુધી ચાલનારો ઉપકાર કરે છે.
જ્ઞાનદાતા આ લોક-પરલોક ઉભયલોક માટે ઉપકાર કરે છે.
પણ સમકિત દેનારા ગુરુભગવંત તો એ ક્ષણથી માંડી મોક્ષ સુધીનો ઉપકાર કરે છે.

તેથી એમનો ઉપકાર વિશિષ્ટતર છે.

શ્રી ધર્મદાસગણિએ પણ કહ્યું છે કે, સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર જીવે નરક અને તિર્યંચગતિના દ્વાર બંધ કરી દીધા છે. તથા દેવ-મનુષ્યના અને પરંપરાએ મોક્ષના સુખો સ્વાધીન કરી લીધા છે. આવું સમ્યક્ત્વ આપનાર ગુરુનો ઉપકાર ભવોભવ સુધી ભુલી શકાય તેમ નથી.[૨]

પરમાત્માનું સાચું દર્શન કરાવનાર, પરમાત્મા સ્વરૂપનું સાચું જ્ઞાન અપાવનારને પરમાત્મ ભાવનો ખરો અનુભવ કરાવનાર ધર્મનો જેને લાભ જોઈતો હોય, તે ગુરુના ચરણ-શરણથી દૂર રહી શકે જ નહિ. ગુરુ નિભાડા જેવા છે. જેમ નિંભાડો કાચા ઘડાને પાકો કરે છે. એમ ગુરુચરણ સેવાથી વરસેલી ગુરુકૃપા આપણા કાચા 'હું'ને પાકો કરે છે. કાચું-તુટી જનારું-ફુટી જનારું...અત્યાર સુધી 'હું'નો બોધ શરીર વગેરેમાં થતો હતો, પણ શરીર વગેરે નાશવંત હોવાથી એ 'હું'ને ધક્કો પહોંચતો હતો. આ કાચું 'હું' પદ પછી કૃપાવંત ગુરુના પ્રભાવે 'હું' પદ પાકું થાય છે. એ હું તરીકે અવિનાશી આત્માને ઓળખાવે છે. અધ્યાત્મ તરફ દોરે છે.

ગુરુ એટલે,

જેમના સ્મરણથી સમાધિ મળે. જેમનું નામ એજ સરસ્વતી મંત્રના સ્ફુરણ રૂપ છે. જેમના વિચારેજ વિમલતાનો અહેસાસ થાય, જેમના દર્શનથી થયેલી દિવ્ય અનુભૂતિ અનંતકર્મોનો નાશ કરી દે, એવા ગુરુના શબ્દમાં સ્નેહ અને સંકેત ભારોભાર હોય છે. એમના વચનમાં વાત્સલ્ય ને આગ્રહમાં આપણું આત્મહિત જ છુપાયેલું હોય છે. એમની પ્રેરણા જ આપણા માટે પ્રગતિનો પથ છે. એમની પ્રસન્નતા એ શિષ્યની શિષ્યતા છે. એમની આજ્ઞાનું પાલન એજ એમનું પૂજન છે. ગુરુ સામે જુએ એવી અપેક્ષામાં નહિ, પણ ગુરુની સામે જ જોયા કરું એવી ભાવનામાં રમે તે શિષ્ય. ગુરુના શબ્દોનું હૃદયમાં અવતરણ જ ભવ તરણનો ઉપાય છે. ગુરુની દ્રષ્ટિ સાંપડે એવી પ્રતીક્ષા જ શિષ્યની ખરી પરીક્ષા છે. આ બધું જ ત્યારે અનુભવાય જ્યારે ગુરુનો અનન્ય ઉપકાર હૃદયમાં તરવરતો હોય.

## ગાથાનં- ૩

ગાથા. દાનાદિક કિરિયા ન દીયે, સમકિત વિણ શિવ-શર્મ
તે માટે સમકિત વડું, જાણો પ્રવચન મર્મ...૩

અર્થ- સમ્યક્ત્વની ગેરહાજરીમાં દાન વગેરે ક્રિયાઓ મોક્ષસુખ આપી શકતી નથી. તેથી જ સમ્યક્ત્વને મુખ્ય ગણવામાં આવ્યું છે. જૈન આગમના આ સારભૂત

માર્ગને બરાબર સમજવો જોઈએ.

જૈન શાસ્ત્રમાં પરંપરાએ ઉત્કૃષ્ટ ફળ મોક્ષ બતાવે છે. શાસ્ત્રકારો જૈનશાસનમાં દરેક યોગની સાધનાથી અનંતા મોક્ષે ગયા એમ કહે છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચાર પુરુષાર્થોમાં બાકીના ત્રણે પુરુષાર્થોનો સાધક હોવાથી ધર્મ પુરુષાર્થને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. ને જે પુરુષાર્થ પછી અંતિમફળ છે. તે મોક્ષ પુરુષાર્થ છે. મોક્ષમાં જીવ સ્વભાવની પરિપૂર્ણતા પામે છે.

આધિ-વ્યાધિ-ઉપાધિ, રાગ-દ્વેષ-મોહ, જન્મ-જરા-મરણ, શરીર-ઈદ્રિય-વિષય, કષાય-વાસના-સંજ્ઞા, અજ્ઞાન-અશાતા-અંતરાય, કૌટુંબિક-સામાજિક-રાજકીય બંધનો વગેરે વગેરે અંતહીન જંજાળ-અરતિઓથી કાયમ માટે છુટકારાથી જીવ સિધ્ધ અવસ્થામાં જે સુખ અનુભવે છે, તે સિદ્ધવિંશિકામાં પૂજ્યપાદ સૂરિ પુરંદર હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે વર્ણવ્યું છે. આમ ઉપાધિના સ્થાનભૂત શરીર અને ઉપાધિના કારણભૂત કર્મોથી પણ જ્યાં કાયમ માટે મુક્તિ છે. એવા મોક્ષને પામવો, એ મોક્ષમાં પોતાના આત્મ-સ્વરૂપભૂત અનંત જ્ઞાનમાં અને અનંત આનંદ સ્વરૂપમાં જ સદા સ્થિર-મગ્ન રહેવું એજ દરેક ધર્મકાર્યનું અંતિમ અને ઉત્કૃષ્ટ ફળ છે.

વ્યવહારનય પ્રમાણે દાન આદિ ક્રિયાઓ શુધ્ધ ઉપયોગ-નિર્જરા-સંવર વગેરેમાં નિમિત્ત બની શકતી હોવાથી ધર્મરૂપ માને છે. આમ દાન આદિ ક્રિયાઓ પરંપરાએ મોક્ષનું કારણ બની શકે છે. પણ જેમ ચંદ્રકાંત મણિની હાજરીમાં અગ્નિ અગ્નિ તરીકે દેખાતો હોવા છતાં પોતાનું દાહરૂપ જે કાર્ય છે. તે કાર્ય કરી શકતો નથી, તેમ દાન આદિ ક્રિયાઓ પણ ધર્મક્રિયારૂપ હોવા છતાં મિથ્યાત્વની હાજરીમાં મોક્ષરૂપ ઉત્કૃષ્ટ ફળ આપવા સમર્થ બનતી નથી.

દાન આદિ ક્રિયાઓમાં આપવા-લેવાની ક્રિયા છે, ત્યાગ છે, કોકને દેખીતો લાભ છે. વગેરે બધું હોય પણ જો સમ્યક્ત્વ નથી તો એ શુભભાવ-શુધ્ધભાવ સંવર-નિર્જરા વગેરે માટે નકામા બને છે. સાચા આશય-લક્ષ્ય વિનાની ક્રિયા ગેરમાર્ગે દોરે છે. પરંતુ દાન આપનાર વ્યકિત માને કે, ભગવાનના વચન મુજબ, મોક્ષના લક્ષ્યથી, પૂરી શ્રધ્ધા સાથે જેઓ દાન આદિ કરે છે. તેઓ જ એનાથી મોક્ષ આદિ પરંપરાએ, એજ ભવના અંતને પામે છે.

સમ્યક્ત્વનો અભાવ હોય તો જ્ઞાનાદિ દરેક શુભયોગનું તદ્દન નહિવત શુભફળ અને દરેક અશુભયોગનું તીવ્ર વિશિષ્ટતર અશુભફળ. જ્યાં સુધી સમ્યક્ત્વ પામ્યું નથી ત્યાં સુધી પરમાત્મા બહુ બહુ તો વંદનીય, પૂજનીય જ લાગ્યા હતા. સમ્યક્ત્વના સ્પર્શે હવે પરમાત્મા-પરમાત્માના વચન અનુસરણીય પણ લાગવા માંડે છે. કદાચ પ્રભુવચન મુજબ સર્વસ્વત્યાગ આસક્તિના કારણે ન પણ થાય, તો પણ એમના

અહિંસા આદિ માર્ગે ઢીલો-ઢીલો પણ પ્રયત્ન કરવાનો અવશ્ય આરંભ થાય. અને એનો સ્વાદ માણ્યા પછી હિંસા-સ્વાર્થ આદિ કેવા કડવા છે. તે પણ અનુભવાતું જાય.

સમ્યક્ત્વની હાજરીમાં જે અનુષ્ઠાન થાય તે અમૃતઅનુષ્ઠાન બની જાય. અને તેજ અનુષ્ઠાન મિથ્યાત્વની હાજરીમાં વિષઅનુષ્ઠાન બની શકે છે. આ વાત જે જીવ બરોબર સમજી જાય છે. તે પ્રવચન-જૈનઆગમના સારને-મર્મને જાણે છે. જેના હૈયે બરોબર વસી નથી તેની પાસે નવપૂર્વનું જ્ઞાન થઈ ગયું હોય, તો પણ તે જ્ઞાનની કોઈ કિંમત નથી. અજ્ઞાન જ છે. જિનશાસનના ખરા સારને પામ્યો જ નથી.

અરે! જે માખીની પાંખ ન દુભાય તેવું નિર્મળ ચારિત્ર પાળે, કે વિશુધ્ધ બ્રહ્મચર્ય પાળે, અરે જગડુશા જેવા દાનવીરને ટપી જાય એવું દાન આપે. પણ જો સમ્યક્ત્વ નથી, પ્રભુવચન પર શ્રધ્ધા નથી, જૈન શાસનના મર્મરૂપ શ્રધ્ધા નથી તો એ ચરિત્ર, બ્રહ્મચર્ય કે દાનની પણ વિશેષ કશી કિંમત નથી. તેથી જિનશાસનના આ મર્મને જાણી લો કે સમ્યક્ત્વ છે, તો બધું છે. સમ્યક્ત્વ નથી તો કશું નથી.

<u>દ્રઢ સમકિત ઉપર શ્રેણિક રાજાનું દ્રષ્ટાંત</u>[3]:-

રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. તે નગરીની બહાર ગુણશીલ નામના ચૈત્યમાં એકદા જગત્સ્વામીશ્રી મહાવીર પ્રભુ સમવસર્યા. તે વખતે ચેલણા રાણીને લઈને શ્રેણિક મોટા સૈન્ય સહિત પ્રભુને વાંદવા ગયો. જિનેશ્વરને વંદના કરીને તે યોગ્ય સ્થાને બેઠો. તે વખતે તેણે કોઈ કુષ્ઠીને પોતાના કોઢનો રસ લઈ લઈને પ્રભુને પગે ચોપડતો જોયો. તે અયુક્ત કાર્ય જોઈને રાજા તે કુષ્ઠી ઉપર અતિ ક્રોધાયમાન થયો. તેવામાં પ્રભુને છીંક આવી ત્યારે તે કુષ્ઠી બોલ્યો કે, ''મરો અથવા જીવો.'' તેટલામાં કાલસૌકરિક નામના કસાઈને છીંક આવી, ત્યારે તે બોલ્યો કે, ''ન મરો, ન જીવો.'' આ પ્રમાણે તે કુષ્ઠી બોલ્યો. શ્રેણિક રાજાને છીંક આવતા કહ્યું 'તમે જીવો, મરશો નહિ', અભયકુમારને છીંક આવતા કહ્યું 'તમે મરો અથવા જીવો', તેમાં ભગવાનને મરવાનું કહેલું સાંભળીને અધિક ક્રોધ પામેલા શ્રેણિકે વિચાર્યું કે અહો! આ કુષ્ઠી કેવો દુષ્ટ છે? તેને જરૂર સજા કરવી જોઈએ. એમ વિચારીને રાજાએ સેવકોને પકડવા આદેશ કર્યો. પણ તે કોઈ દેવ હતો આકાશમાર્ગે જતો રહ્યો. તેથી રાજાએ પ્રભુને પુછ્યું કે, ''આ કોણ હતો તેની આવી ચેષ્ટા કેમ?'' ત્યારે પ્રભુએ કહ્યું ''દર્દુરાંક નામનો દેવ હતો, તેણે તો બાવના ચંદન વડે અમારા ચરણોની પૂજા કરી છે.'' રાજાએ કહ્યું ''તે દેવતા કેવી રીતે બન્યો?'' તે કેવી રીતે દેવતા બન્યો તે પ્રભુએ કહેવાનું શરૂ કર્યું.

કોશાંબીપુરમાં સેડુક નામનો એક બ્રાહ્મણ હતો. શતાનિક રાજાની સેવા કરતો.

એક દિવસ રાજાએ પ્રસન્ન થઈ વરદાન માંગવાનું કહ્યું, તેણે હમેંશા મિષ્ટાન ભોજન તથા ઉપર એક મહોર દક્ષિણા મળે તેવું કરાવી આપો. સોનામહોરના લોભે ખાવાનું વમન કરી એકથી વધુ ઘરે જતો. જેના લીધે કુષ્ઠી થયો. રાજા તથા કુટુંબે અપમાન કર્યું. તે ગુસ્સે થયો અને બોકડો લાવ્યો, તેને કુષ્ઠનો રસ લગાડી ઘાસ ખવડાવતો તેથી બોકડાનું લોહી વગેરે સર્વ કુષ્ઠ મય થઈ ગયું. પછી તે બ્રાહ્મણે એક દિવસ પુત્ર પરિવારને કહ્યું, કે જ્યારે કોઈ વૃધ્ધ થાય તે પોતાના પરિવારને બોકડાનું માંસ ખવડાવીને પછી તીર્થ ગમન કરે, તેથી તે બધાને એ માંસ ખવડાવી, કુષ્ઠી બનાવીને રાત્રે વનમાં ભ્રમણ કરતા વિવિધ પ્રકારની ઔષધિના મૂળ ધોવાઈને આવેલું કોઈ ખાબોચિયાનું પાણી પીવાથી તે વ્યાધિરહિત થઈ ગયો. પાછો પોતાને ઘેર આવ્યો અને બધાને કહેકે, તમે મારું અપમાન કર્યું, તેનું આ ફળ તમને પ્રાપ્ત થયું અને હું તો વ્યાધિરહિત થઈ ગયો. આ સર્વ જાણીને બધાએ તેની નિંદા કરી કાઢી મૂક્યો. એટલામાં રાજગૃહ નગરે આવી દરવાજા પાસે બેઠો. તેવામાં અમારું સમવસરણ થયું. તે વખતે અમને વાંદવાને ઉત્સુક થયેલો દ્વારપાળ તે સેડુક બ્રાહ્મણને દરવાજા પર ચોકી કરવા રાખીને સમવસરણમાં આવ્યો. પાછળ બ્રાહ્મણે ઠાંસી ઠાંસીને ખાધું અને પાણી-પાણી કરતો મૃત્યુ પામીને તે દરવાજાની પાસે વાવમાં દેડકો થયો. ફરી અમારું સમવસરણ અહીં થયું. વંદન કરવાની ઉત્કંઠાવાળી પાણી ભરનારી સ્ત્રીઓના મુખથી અમારું આગમન સાંભળીને તે દેડકાને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી તે વાંદવાની ભાવનાથી કુદતો બહાર આવતો ત્યાં તમારા ઘોડાના પગ નીચે દબાઈને અમારા ધ્યાનમાં મરણ પામી દર્દુરાંક દેવતા થયો. તે દેવ આજે ઈન્દ્રે પોતાની સભામાં કરેલી તમારી સમકિતની પ્રશંસા સાંભળીને તે પર શ્રધ્ધા નહિ આવવાથી તમારી પરીક્ષા કરવા માટે અહીં આવ્યો છે. રાજાએ પ્રભુને કહ્યું કે તો પછી તેમણે તમને છીંક આવી ત્યારે મરવાનું શા માટે કહ્યું. મને ચિરકાળ જીવો કેમ કહ્યું, અભયકુમારને ''જીવો અથવા મરો'', તથા કાલસૌરિકને ન મરો ન જીવો એવું શા હેતુથી કહ્યું ? પ્રભુ બોલ્યા, દેવે ભક્તિભાવથી કે, હે સ્વામી તમે સમગ્ર કર્મનો ક્ષય કરીને જન્મ-જરા-મરણ વગેરેથી રહિત સ્વાભાવિક સુખવાળા મોક્ષસુખંને પામો. તમને ચિરકાળ જીવવાનું એટલે કહ્યું કે જીવતા છો ત્યાં સુધી રાજ્યસુખને અનુભવો છો, પણ મરી ગયા પછી ઘોર નરકમાં જવાના છો માટે ઘણા કાળ જીવતા રહો કહ્યું છે. અભયકુમાર જીવતો અહીં સુખ ભોગવે છે. મર્યા પછી સર્વાર્થસિધ્ધ વિમાનમાં દેવ થનાર છે. માટે ''મરો અથવા જીવો'' એમ કહ્યું, અને કાલસૌરિક જીવીને પાંચસો પાડાનો વધ કરે છે. મરીને ઘોર નરકમાં જવાનો છે, તેથી તેનું જીવવું કે મરવું લાભકારી નથી તેથી ન મરો ન જીવો એમ કહ્યું. આ સર્વ સાંભળીને રાજા પોતાની નરકગતિ ન થવા માટેનો

ઉપાય બતાવો તેમ કહ્યું ત્યારે પ્રભુ બોલ્યા કે, પૂર્વે મિથ્યાત્વપણામાં જે નારકીનું આયુષ્ય બાંધ્યું છે. તે ભોગવવું જ પડે. બીજી પ્રતિક્રિયા છે જ નહિ. આ છતાં પ્રભુને વધારે આગ્રહ કર્યો ત્યારે તેમણે કહ્યું કે જોતું તારી કપિલા નામની દાસીને હાથે મુનિને દાન અપાવે અથવા હમેંશા પાંચસો પશુનો વધ કરનાર કાલસૌરિકને એક દિવસ હિંસાકર્મથી અટકાવે, તો તારે નરકમાં ન જવું પડે. તે સાંભળી રાજા કહે, આતો મારા હાથની વાત છે. તે નગર તરફ ચાલ્યો. રસ્તામાં દર્દુરાંક દેવે રાજાની પરીક્ષા કરવા માટે, નદીમાં જાળ નાંખીને માછલાં પકડતાં એક મુનિનું રૂપ બતાવ્યું પછી તે મુનિ મત્સ્યનું માંસ ખાતા દીઠો, ત્યારે રાજાજીએ કહ્યું, ''હે સાધુ! આ દુષ્કર્મ કરવું મૂકી દે.'' ત્યારે તે સાધુ બોલ્યો કે હું એકલો જ આવું કર્મ કરું છું, તેમ નથી. પણ મહાવીર સ્વામીના સર્વ શિષ્યો મારા જેવા જ છે. ત્યારે શ્રેણિક બોલ્યા, અરે તારું જ આવું હીન ભાગ્ય છે બાકી વીર-પરમાત્માના સર્વ શિષ્યો ગંગાજળ જેવા પવિત્ર-પુણ્યસ્વરૂપ છે. ત્યાંથી રાજા આગળ વધ્યા ત્યાં યુવાન સાધ્વીનું રૂપ જોયું અલંકારો ધારણ કરેલ, નેત્રમાં કાજળ, મુંખમાં તંબોલ, ગર્ભવતી હતી તેને જોઈ રાજાએ કહ્યું, હે ભલી સાધ્વી આવું શાસન વિરૂધ્ધ આચરણ કેમ કરે છે? ત્યારે તે બોલી કે, હું એકલી આવી છું એમ નથી, પણ સર્વ સાધ્વી આવી જ છે. તે સાંભળી રાજાએ કહ્યું, અરે પાપિણી! તારું જ આવું અભાગ્ય છે. જેથી આવું વિરૂધ્ધ આચરણ કરે છે. તે પ્રમાણે તિરસ્કાર કરી રાજા આગળ ચાલ્યો. તેવામાં દેવતાએ પોતાનું દિવ્યસ્વરૂપ પ્રગટ કરી પ્રણામ કરીને કહ્યું, તમે ધન્ય છો. ઈન્દ્રે પ્રશંસા કરી તેવા છો. જેમ સમુદ્ર મર્યાદા ન મૂકે તેમ તમારા સમ્યક્ત્વની મર્યાદાનો તમે ત્યાગ કર્યો નથી. વદંન કરી દેવ અદૃશ્ય થયા. હવે રાજા પોતાના મહેલમાં આવી કપિલા દાસીને બોલાવીને કહ્યું કે, તું મુનિને દાન આપ. તે બોલી કે હે સ્વામી! મને આવી આજ્ઞા ન આપો. તમે હુકમ કરો તો અગ્નિમાં પેસું, વિષ ખાઉ પણ તે કાર્ય નહિ કરું. તે સાંભળી પછી રાજાએ કાલસૌરિકને બોલાવી, પાંચસો પાડાનો વધ ન કરવા કહ્યું. તે માન્યો જ નહિ અને તેને અંધ કૂપમાં નંખાવ્યો. બીજે દિવસે પ્રભુને કહ્યું કે કાલસૌરિકથી થતા વધને મેં અટકાવ્યો. ત્યારે પ્રભુ બોલ્યા કાલસૌરિકે કૂવામાં રહ્યા માટીના પાંચસો પાડાનો વધ કર્યો છે. તે સાંભળી રાજા કહે, હે નાથ! આપનું શરણ મૂકીને હું કોને શરણે જાઉ. જિનેશ્વર બોલ્યા હે વત્સ! ખેદ ન કર. તું સમકિતના પ્રભાવથી આ ભવથી ત્રીજા ભવે મારા જેવો પદ્મનાભ નામે તીર્થંકર થવાનો છે. આ સાંભળી તે નિત્ય ધર્મઆરાધના કરવા લાગ્યો. વિરતિ રહિત છતાં પણ ક્ષાયિક સમકિતના બળથી આગામી કાળે તો તે તીર્થંકર બનશે. આમ ક્ષાયિક સમકિતના પ્રભાવથી તીર્થંકરપણાને પામશે.

## ગાથાનં. ૪

દર્શન-મોહ-વિનાશથી, જે નિર્મળ ગુણ-ઠાણ
તે નિશ્ચે સમકિત કહ્યું, તેહના એહ અહિઠાણ...(૪)

અર્થ:- દર્શન-મોહનીય કર્મોના નાશ થવાથી જે નિર્મળગુણ સ્થાનક પ્રગટ થાય છે, તે નિશ્ચય નયથી સમકિત કહેવાય છે. તે સમકિતને રહેવાના ૬૭ (અધિષ્ઠાનો) અધિકાર અહીં બતાવે છે.

અનાદિકાળથી જીવની સ્થિતિનું વર્ણન કરતા કર્મસ્તવમાં રમ્યરેણુ જણાવે છે કે અહિંયા સકળ કર્મક્ષયનું કારણ સમ્યક્ત્વાદિ ગુણો છે. જ્યાં સુધી મુમુક્ષુ મોક્ષ તરફનું પ્રયાણ એટલે કે ગુણસ્થાનકની શુધ્ધિ શરૂ ન થાય ત્યાં સુધી સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રાપ્ત થતાં નથી. અને જ્યાં સુધી સમ્યક્ત્વાદિ ગુણો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મિથ્યાત્વાદિ દોષોનો નાશ થતો નથી. જ્યાં સુધી મિથ્યાત્વાદિ દોષોનો નાશ ન થાય ત્યાં સુધી કર્મબંધની પ્રક્રિયાનો અંત આવતો નથી. જ્યાં સુધી કર્મબંધની પ્રક્રિયાનો અંત ન આવે ત્યાં સુધી સત્તાનો અંત આવતો નથી. જ્યાં સુધી કર્મદલિક સત્તામાં હોય ત્યાં સુધી ઉદય-ઉદીરણાની પ્રક્રિયાનો પણ અંત આવતો નથી. એટલે કર્મસત્તાનું કારણ કર્મબંધ છે, અને કર્મબંધનું કારણ મિથ્યાત્વાદિ દોષ છે. તેથી મુમુક્ષુનું ગુણસ્થાનકે ચઢાણની શરૂ થાય ત્યારે મિથ્યાત્વાદિ દોષો નાશ પામીને, સમ્યક્ત્વાદિ ગુણો પ્રાપ્ત થાય છે.[૪]

- દર્શન મોહનીય કર્મને સમજાવતાં પ્રભુદાસ બેચરદાસ પારેખ સમકિતના સડસઠ બોલની સજઝાયના વિવેચનમાં જણાવે છે કે નખના કાળા ભાગ, વાળનો બહારનો ભાગ, તથા શરીરના પોલાણ, સિવાયના આખા શરીરના તમામ ભાગમાં આત્મા ફેલાયેલો છે. દરેક આત્માઓ ગુણથી સરખા છતાં, આત્મા સાથે બંધાયેલા-ચોંટેલા કર્મોને લીધે સુખ.દુઃખ ભોગવે છે.

આત્માના પ્રદેશે પ્રદેશે અનંત કર્મોના પડ-થર ચોંટેલા છે. અને તે આત્મા સાથે દુધ-પાણીની માફક, લોઢાના ગોળા અને અગ્નિની માફક મળી ગયેલ છે. આત્મામાં આઠ ગુણો છે જ અને તે ગુણોને ઢાંકનાર મુખ્ય આઠ કર્મો છે. (૧)જ્ઞાનાવરણીય કર્મ, (૨)દર્શનાવરણીય કર્મ, (૩)વેદનીય કર્મ, (૪)મોહનીય કર્મ, (૫)આયુષ્ય કર્મ, (૬)નામ કર્મ, (૭)ગોત્ર કર્મ, (૮)અંતરાય કર્મ. આ કર્મોના પેટાભેદો ૧૨૦ છે. તેમાં મોહનીય કર્મના બે ભાગ છે. એક ભાગ સમકિત ગુણોને ઢાંકે છે, બીજો ભાગ ચારિત્રના ગુણોને ઢાંકે છે. સમકિતના ગુણોને ઢાંકનાર મોહનીય કર્મનું નામ દર્શનમોહ કર્મ કહેવાય છે. તેના નાશથી સમકિત થાય, તો દર્શન એટલે સમકિત ગુણ પ્રગટ થાય તે

સ્વાભાવિક છે. અહીંયા ગાથામાં નાશ લખ્યું છે. પણ સર્વથા ક્ષય ન થાય પણ થોડા સમય માટે ઉપશમ થાય તે ઔપશમિક સમકિત, અને કંઈક નાશ તથા કંઈક ઉપશમ એટલે ક્ષયોપશમિક સમકિત અને સંપૂર્ણ ક્ષયે ક્ષાયિક સમકિત જે નિશ્ચયનયથી ખરું સમકિત કહ્યું છે.

ક્ષાયિક સમકિત પ્રગટ થવામાં સાત(પ્રકૃતિ) કર્મની શુધ્ધિ થાય છે. તે સમજીએ,

સમકિતિ ગુણને તદ્દન ઢાંકનાર કર્મ - મિથ્યાદર્શન મોહનીયકર્મ
સમકિતિગુણને અરધો ઢાંકનાર કર્મ - મિશ્ર મોહનીયકર્મ
સમકિતિગુણને સ્હેજ ઢાંકનાર કર્મ - સમ્યક્-દર્શનમોહનીય કર્મ તથા
અનંતાનુંબંધી ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાયો હોય છે. એ સાતનો નાશ થવાથી જે શુધ્ધ દર્શન થાય તે ક્ષાયિક સમકિત કહેવાય છે.

ક્ષાયિક સમકિત પ્રગટ થયા પછી ૪થા ગુણસ્થાનકથી જીવ ચઢીને ૧૦ ગુણસ્થાનક ઉપર ચઢે છે. ઉત્તરો ઉત્તર નિર્મળ થતા ૧૪માં ગુણસ્થાને ચઢીને મોક્ષમાં જાય ત્યાં સુધી કાયમ રહે છે. શ્રેણિક મહારાજાનો જીવ ક્ષાયિક સમકિતિ છે.

<u>નયના આધારેઃ-</u> જૈનશાસ્ત્રોમાં નિશ્ચયનય અને વ્યવહારનય પણ છે. બંનેયના ઘણા અર્થો પણ છે. અહીં નિશ્ચયનય એટલે 'મૂળતાત્ત્વિક' એવો અર્થ અને વ્યવહારનય એટલે બહારથી સમજી શકાય એવો અર્થ કરવો.

નિશ્ચયનયથી કરવામાં આવેલું સમકિત આત્માનો નિર્મળ ગુણ છે. પરંતુ તે ગુણ અમુક આત્મામાં છે એવું બહારની જે જે રીતભાત ઉપરથી સમજાય, તે તે રીતભાતને, નિશાનીઓને, સમકિતને રહેવાના કેન્દ્રો કહેવાય છે. વ્યવહારનયથી એ કેન્દ્રો પણ સમકિતિ કહેવાય છે. મૂળ સમકિત ગુણ આત્મામાં પ્રગટ થયો ન હોય તો ઘણે ભાગે નિશાની જોવામાં આવતી નથી. અને વ્યવહાર સમકિત રૂપ કેન્દ્રો જાણવામાં આવે, તો નિશ્ચયનયથી એ આત્માના ગુણરૂપ સમકિત પણ હોઈ શકે. કદાચ ન હોય તો અધિષ્ઠાનો (કેન્દ્રો)નું આચરણ કરવાથી સમક્તિગુણ લાવવામાં મદદ થાય છે. આમ નિશ્ચયનય અને વ્યવહારનય સમક્તિનો સંબધ હોય છે.

અહીંયા દર્શન મોહ વિનાશથી એટલે કે ઉપલક્ષણથી ઉપશમ અને ક્ષયોપશમ સમ્યક્ત્વ સમજી લેવાના છે. દર્શન મોહનીયના ક્ષયથી, ઉપશમથી કે ક્ષયોયપશમથી જે શુભ આત્મપરિણામરૂપ નિર્મળ ગુણસ્થાનક પ્રગટે છે તે અવશ્ય સમ્યક્ત્વરૂપ છે. તે વખતે જીવ અવશ્ય સમ્યક્ત્વને અનુભવે છે.

આત્માના પ્રદેશે પ્રદેશે પરમાત્માના વાત્સલ્યમય સ્પર્શની જાણે કે અનુભૂતિ થતી ન હોય! એવો રોમાચંક અનુભવ સમ્યક્ત્વની દેન છે.

દા.ત. રાજાએ પાંચ વર્ષના રાજકુમાર સાથે રાણીને કાઢી મુકી, રાણી મરી ગઈ. રાજકુમાર ભિખારી અવસ્થામાં ઘર-ઘરની ભીખ માંગી પેટગુજારો કરે છે. વીસેક વર્ષ પછી વૃધ્ધ થયેલા રાજાએ પશ્ચાતાપના ભાવ સાથે મંત્રીઓને એ રાજકુમારને શોધી લાવવા મોકલ્યા. રાજકુમારના હાથમાં બાળપણથી વિશિષ્ટ લાખુ હતું. તેના આધારે યુવાન થયેલ ભિખારી અવસ્થાના રાજકુમારને ઓળખી જાય છે. અને મંત્રી તેને કહે છે, રાજા તમને યાદ કરે છે. રાજ્યના ઉત્તરાધિકારી તરીકે, ભવિષ્યના રાજા તરીકે તમારો રાજ્યાભિષેક કરવા ઇચ્છે છે. આપ તૈયાર થઈ જાવ.

આ સાંભળીને હજી ભિખારીના જ વેશમાં રહેલા તે રાજકુમારને જે રોમાંચ અને આનંદનો અનુભવ થાય એનાથી અંનતગુણો રોમાંચ અને આનંદ હજી સંસારી વિષયોની ભીખ માંગતા ભિખારીના જ વેશમાં રહેલા પણ પ્રથમવાર સમ્યકૃત્વ પામી પોતે પણ મુક્તિનગરના રાજા થવાના છે એ જાણકારીથી એ જીવ અનુભવે છે. આ છે પ્રથમવાર સમ્યકૃત્વની સ્પર્શના થતાં જીવના આનંદનું વર્ણન.[૫]

સમ્યકૃત્વ એટલે પરમાત્માની સતત વહી રહેલી કરુણાનો સ્વીકાર. એ કરુણા માત્ર પામવાનો નહિ, ચાખવાનો એક અનન્ય અનુભવ. જાણે ભગવાન કહે છે, આવ મારી પાસે આવ, હું કહું એમ કર...તું મારા જેવો જ પરમાત્મ સ્વરૂપી છે...આવ...મારે તને મારા જેવો બનાવી દેવો છે...પ્રભુના આ સાદનો સ્વીકાર, પ્રભુના આ પ્રસાદનો અનુભવ, એનું નામ સમ્યકૃત્વ ...જીવ અહીં પ્રથમવાર પરમાત્મા સાથે અભેદની-સમત્વની અનુભૂતિ કરે છે. આવું સમ્યકૃત્વ જેઓ પામ્યા હોય, તેઓની કેવી-કેવી ભૂમિકા હોય, કેવા કેવા આચારો હોય? અથવા જેઓ આ સમ્યકૃત્વ પામવા ઇચ્છતા હોય કે પામેલાએ સમ્યકૃત્વને દઢ-નિર્મળ-વિશુધ્ધ રીતે ટકાવી રાખવા ઇચ્છતા હોય, તેઓએ કેવી ભૂમિકામાં રહેવું- કેવા આચારો પાળવા એ વાત હવે પછી બતાવે છે. તેથી માની શકાય કે વ્યવહારનયથી ને ક્ષાયોપશમિક સમ્યકૃત્વની અપેક્ષાએ વિચારણા છે.

અહીં મુખ્ય બાર અધિકાર છે, દરેક અધિકારના પેટાભેદ ગણતા કુલ સડસઠ અધિકાર છે. તેથી જ આ સમકિતના સડસઠ બોલની સજ્ઝાય કહેવાય છે.

## અધિકાર પહેલો ઢાળ-૧લી

### વીરજિનેશ્વર ઉપદેશે-એદેશી

ચઉ-સદ્દહણા, તિ લિઙ્ગ છે. દશ-વિધ વિનય વિચારો રે,
ત્રણશુધ્ધિ, પણ દૂષણ, આઠ પ્રભાવક ધારો રે...૫

## હરિ-ગીત-છંદ:

પ્રભાવક અડ, પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણિયે,
ષટ જયણા, ષટ આગાર, ભાવના છવ્વિહ મન આણિયે.
ષટ ઠાણ સમકિત તણાં સડસઠ ભેદ એહ ઉદાર એ,
એહનો તત્ત્વ-વિચાર કરતાં, લહીજે ભવ-પાર એ...૬

## ગાથાર્થ

ચાર-શ્રધ્ધા, ત્રણ લિંગ, દશ પ્રકારના વિનયનો વિચાર કરો,
ત્રણ શુધ્ધિ, પાંચ દૂષણ, અને આઠ પ્રભાવકોને મનમાં યાદ રાખો (૫)

આઠ પ્રભાવક, પાંચ ભૂષણ, અને પાંચ લક્ષણ જાણી રાખો.
છ જયણા, છ આગાર, છ પ્રકારની ભાવનાઓ મનમાં યાદ રાખો.
અને સમકિતના છ મુખ્ય સ્થાનો છે. એ સડસઠ ભેદ ઘણા જ મહત્ત્વના છે.
તેઓના તત્ત્વનો બરાબર વિચાર કરવાથી મોક્ષ પામી શકાય છે.(૬)

સમ્યકૃત્વના સડસઠ ભેદ ઉદાર છે. કલ્યાણકર છે. આ ભેદોના સ્વરૂપ વગેરેનો વિચાર કરતાં કરતાં એવો શુભ આત્મ પરિણામ ઉભો થાય છે કે જેના બળ પર સમગ્ર સંસાર તરી જવાય છે.

પૂજ્ય આચાર્ય દેવશ્રી હરિભદ્રસૂરિ મહારાજે ‘સમ્યકૃત્વ સપ્તતિ’ નામનો ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથના આધારે પૂજ્ય મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે ગુજરાતીમાં આ સજ્ઝાય રચી સંસ્કૃત-પ્રાકૃત ભાષાઓથી અનભિજ્ઞ પણ તત્ત્વ જિજ્ઞાસુ જીવો પર મોટો ઉપકાર કર્યો છે. આ સજ્ઝાયમાં બાર અધિકાર અને ૬૭ ભેદનું કાવ્યાત્મક રીતે સુંદર નિરૂપણ કર્યું છે.

| **અધિકાર** | **ભેદ** | **નામ** |
|---|---|---|
| પહેલો | ૪ | ચાર શ્રધ્ધા:-દુન્યવી સુખ અને પ્રાંતે મોક્ષ સુખ આપવાની જૈન ધર્મની શક્તિ અને તત્ત્વજ્ઞાન ઉપર પાકો વિશ્વાસ |
| બીજો | ૩ | ત્રણ લિંગ:- સમકિત ગુણ હોવાની ખાત્રી કરાવે તેવી નિશાનીઓ. |
| ત્રીજો | ૧૦ | દશ વિનય:- હૃદયના બહુમાનથી સમકિતી જીવે કરવાના મુખ્ય કર્તવ્યો. |

| | | |
|---|---|---|
| ચોથો | ૩ | ત્રણ શુધ્ધિઃ- સમકિતગુણ ચોક્ખો રાખવાની મક્કમતાઓ |
| પાંચમો | ૫ | પાંચ દૂષણઃ- સમકિતગુણ મેલો થવાના ખાસ પ્રસંગો |
| છઠ્ઠો | ૮ | આઠ પ્રભાવકઃ- સમકિતગુણની જાહોજલાલી ફેલાવનારા સામર્થ્યશાળીઓ |
| સાતમો | ૫ | પાંચ ભૂષણઃ-સમકિતગુણને શોભા આપનારા ગુણો |
| આઠમો | ૫ | પાંચ લક્ષણઃ- સમકિતગુણ હોવાની મહત્ત્વની તાત્ત્વિક નિશાનીઓ. |
| નવમો | ૬ | છ જયણાઃ- સમકિતગુણનું રક્ષણ કરવાની ચાવીઓ. |
| દસમો | ૬ | છ આગારઃ-સમકિતગુણ પાળવામાં આવી પડતી મોટામાં મોટી મુશ્કેલીઓ વખતે લેવી પડતી છૂટો. |
| અગ્યાર | ૬ | છ ભાવનાઃ- સમકિતગુણને મજબૂત ટકાવી રાખવા માટે મનને દૃઢ કરવા બળનું સિંચન કરનારી મુદ્દાની વિચારણાઓ. |
| બાર | ૬ | છ સ્થાનકઃ- સમકિતગુણને મજબૂત રીતે ટકાવનાર ને સમકિતગુણના આધારભૂત, તાત્ત્વિક સમજ અથવા જગતમાં સમકિત ગુણોની જરૂરીઆત ઉભી થવાના કુદરતી મહત્ત્વના મુદ્દા. |

અહિંયા મહત્ત્વના બાર ગુણોના ૬૭ ભેદો વર્ણવ્યા છે. પેટાભેદો ઘણા થાય છે. પરંતુ વિસ્તાર ઘણો થાય છે માટે આ ૬૭ ઉદાર એટલે કે મહત્ત્વના છે.

અહિંયા ૬૭ ભેદોના તત્ત્વનો વિચાર કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. તત્ત્વનો વિચાર એટલે જ્ઞાન અને તેના દ્વારા ક્રિયા એ મોક્ષપ્રાપ્તિનું ફળ કહ્યું છે. 'એહનો તત્ત્વ' એ અહીં સમ્યક્ત્વનું તત્ત્વ એ અંશ સમ્યક્ત્વ શ્રધ્ધાને આગળ કરે છે.'વિચાર' એ જ્ઞાનનો દ્યોતક છે. ને કરતાં-આ જ કરવું. ક્રિયા એ ચારિત્રનું દ્યોતક છે. આમ દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ મોક્ષમાર્ગ હાજર થવાથી ભવપાર-મોક્ષ પ્રાપ્ત થાય છે. એમાં કોઈ શંકા નથી.'

તત્ત્વ-તત્-તે ત્વ-પણું જે જે હોય, તે તે પણાને પૂર્ણતયા પામી જાય તે તત્ત્વભૂત ગણાય. સશરીર પરમાત્મા પોતાના પૂર્ણ પરમાર્થમય સ્વરૂપને પામ્યા છે. ને

અશરીર પરમાત્મા પોતાના શુધ્ધસ્વરૂપને પામ્યા છે. માટે તેઓ જ તત્ત્વભૂત છે.

જીવનો, જીવને મળેલા માનવભવનો, માનવભવના સમય, શરીર, શક્તિ સાધનો, થતી સાધનાઓનો, પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વનો, દર્શનાદિ રત્નત્રયીનો...આ બધાનો એક જ ઉદ્દેશ્ય છે, એક જ પ્રયોજન છે, એક જ લક્ષ્ય છે, એકજ મેળવવા યોગ્ય ફળ છે ભવપાર-મોક્ષ

- જ્ઞાન ત્રણ પ્રકારનું છે.[૧]

  (૧) વિષયપ્રતિભાસ (૨) આત્મપરિણતિમત્ (૩) તત્ત્વસંવેદન

૧. વિષય પ્રતિભાસ જ્ઞાનઃ- એટલે વસ્તુનું સામાન્ય હેયોપાદેયના વિવેક રહિત જ્ઞાન થાય તે. જેમ કેઃ આ મીઠાઈ છે.

૨. આત્મ પરિણતિમત્ જ્ઞાનઃ- એટલે તે વસ્તુમાં જ્ઞાનોપયોગ એટલે હેય છે કે ઉપાદેય છે? તે વાત ધ્યાનમાં આવે. જેમકેઃ ''આ મીઠાઈ ખાવાના કામમાં આવે છે, ખાવાથી મીઠી લાગે.''

૩. તત્ત્વસંવેદન જ્ઞાનઃ- વસ્તુનો અમલ કરવાથી, તેના પ્રત્યક્ષ લાભા-લાભ સમજાય, તેનો અનુભવ થાય તે.
જેમકેઃ મીઠાઈ ખાવી અને તેનો સ્વાદ અનુભવમાં લેવો.
''વાહ! મીઠાઈ બહુ સરસ લાગે છે.''

અહીં તત્ત્વવિચાર એટલે આ તત્ત્વ સંવેદનરૂપ જ્ઞાન થાય, તો જ આચરણરૂપ સમકિતથી મોક્ષરૂપ ફળ જલ્દી મળે છે.

- લક્ષ્યના નિર્ણય અને લક્ષ્ય પ્રત્યેની એકાગ્રતા વિના લક્ષ્યની સિધ્ધિ નથી. આ નિર્ણય અને આમાં જ એકાગ્ર થવું બહું જરૂરી છે. આ રીતે લક્ષ્ય બાંધી આપવા જ જ્ઞાનસારમાં આ જ પૂજ્ય ઉપાધ્યાયશ્રી કહે છે, નિર્વાણપદ મપ્યેકં...વારંવાર માત્ર નિર્વાણ-મોક્ષપદનું ચિંતન-મનન ભાવન કરતા રહેવારૂપ જ્ઞાનથી કામ થઈ જશે. વધુ જ્ઞાન ન હોય તો પણ.

આમ ભવપારકારક સમ્યક્ત્વના તત્ત્વ ચિંતનથી સડસઠ બોલ દ્વારા આગળ વધીએ.

ચઉ-વિહ સદ્દહણાઃ તિહાં-જીવા-ઽઽદિક પરમત્થોરે.
પ્રવચન માંહિ જે ભાખિયા, લીજે તેહનો અત્થો રે...૭

## હરિ-ગીત-છંદ

તેહનો અર્થ વિચારીએ, એ પ્રથમ સદ્દહણા ખરી.
બીજી સદ્દહણા-તેહના જે જાણ મુનિ ગુણ-ઝવહરી,
સંવેગ-રંગ-તંરગ ઝીલે, માર્ગ શુધ્ધ કહે બુધા,
તેહની સેવા કીજિયે, જિમ પીજિયે સમતા સુધા ...૮

મંદા અનાણી દૂર છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી.
પર દર્શનીનો સંગ તજિયે, ચોથી સદ્દહણા કહી ...૯

હીણા તણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે,
જ્યું જલધિ જલમાં ભળ્યું-ગંગા-નીર લુણપણું લહે ...૧૦

## ગાથાર્થ

૧. જીવ-અજીવ વગેરે પરમાર્થો છે. જૈન શાસ્ત્રમાં તે જે રીતે કહયા છે. તેનો અર્થ જાણવો એટલે તેનો અર્થ વિચારવો એ પહેલી સદ્દહણા મુખ્ય છે. (૭)

૨. તે પરમાર્થના જાણ, વૈરાગ્ય રસના તરંગોમાં ન્હાતા, શુધ્ધ ધર્મમાર્ગનો ઉપદેશ આપતા, ખરેખરા જ્ઞાની અને ગુણરૂપી રત્નોના ઝવેરી સમાન, જે મુનિઓ હોય, તેઓની એવી સરસ સેવા કરવી, કે જેથી કરીને સમતા-ભાવરૂપી અમૃત પી શકાય. (૮)

૩. સમકિત મેળવીને જેઓએ છોડી દીધું હોય. જેમ કે-નિહ્નવો, થાછન્દો, પાર્શ્વસ્થો, કુશીલિયા, વેશ-વિડંબકો, મંદો-શિથિલો.

ત્રીજી સદ્દહણાનો સ્વીકાર કરીને-એવા શિથિલો અને અજ્ઞાનીઓથી દૂર રહેવાનો નિશ્ચય કરવો. (૯)

૪. બીજા ધર્મવાળાઓની સોબત ન કરવી એ ચોથી સદ્દહણા કહી છે. જેમ સમુદ્રના પાણીમાં ભળેલું ગંગાજળ પણ ખારું થઇ જાય છે. તેમ હલકા લોકોની સોબત જે છોડે નહિં તેનો ગુણ ટકી શકતો નથી. (૧૦)

વિવેચન:- સદ્દહણા:- વિશેષ અર્થ કરતા ''પ્રભુદાસ બેચરદાસ પારેખ જણાવે છે કે આ ચાર શ્રધ્ધાને બરાબર વળગી રહેવામાં આવે, તો પણ સમકિત દૃઢ ટકી શકે છે. સાચી વસ્તુમાં વિશ્વાસથી વળગી રહેવાથી પણ સમકિત થાય છે, ટકે છે, અને લાભ મળે છે.''

ઉપદેશ પ્રાસાદ ભાષાંતરમાં (આ.વિજય લક્ષ્મીસૂરિ વિરચિત) વ્યાખ્યાન ૫માં સમકિતની પહેલી શ્રધ્ધા-પરમાર્થ સંસ્તવ પર લખે છે કે,

''जीवाजीवादितत्त्वानां सदादि सप्तभिः भेदैः।
शश्वत्तच्चिन्तनं चित्ते, सा श्रध्धा प्रथमा भवेत्।।''

ભાવાર્થ એ થાય કે, ''જીવ અજીવ વગેરે તત્ત્વોનું સત્ વગેરે સાત પદો વડે ચિત્તમાં નિરંતર ચિંતવન કરવું, તે પ્રથમ શ્રધ્ધા કહેવાય છે. જે પ્રાણોને ધારણ કરે તેને જીવ કહીએ અને તેથી વિપરીત અજીવ કહીએ. અહિંયા જીવ-અજીવ આદિ તત્ત્વોમાં પુણ્ય, પાપ, આસ્રવ, નિર્જરા, બન્ધ અને મોક્ષ એ સાત તત્ત્વો ગ્રહણ કરવાં. આ નવ તત્ત્વોનું સત્તાપણું, સંખ્યા, ક્ષેત્રસ્પર્શ, કાળ, અન્તર, ભાવ અને અલ્પબહુત્વ એ સાત સ્થાનકો વડે નિરંતર મનમાં ચિંતન કરવું તે પરમાર્થ સંસ્તવ નામની પહેલી શ્રધ્ધા કહેવાય છે. એનું બીજું નામ 'પરમ રહસ્ય પરિચય' પણ કહેલું છે.''[૯]

''અહીં ચાર શ્રધ્ધા એટલે કે ચાર પ્રકાર એમ નહિ પરંતુ જેથી શ્રધ્ધા પ્રગટે, ટકે, જાય નહિ એવા શ્રધ્ધાના પાયાભૂત ચાર મુદ્દા. એમાં પ્રથમ શ્રધ્ધા છે, જીવાદિક પરમાર્થ-વાસ્તવિક તત્ત્વોનો આગમાનુસાર અર્થબોધ કરવો, ને વારંવાર વાંચન, શ્રવણ, મનનથી અત્યંત સ્થિર કરવો. ભગવાનના વચન પરની શ્રધ્ધા એના જ્ઞાન વિના કેવી રીતે ઉદ્ભવે ને કેવી રીતે ટકે? તેથી જ શાસ્ત્રકારો (૧) શ્રુત સામાયિક (૨)સમ્યક્ત્વ સામાયિક (૩) દેશવિરતિ સામાયિક (૪) સર્વ વિરતિ સામાયિક... પ્રાપ્તિનો આ ક્રમ બતાવે છે. કે, જિનવચન સાંભળતા, અર્થબોધ પામતા જીવ જે અનાદિકાળથી ભડકે બળતી અનંતાનુબંધી કષાયની પરિણતિમાં કયાંક ઉપશાંતિનો અનુભવ કરે, સમ્યક્ત્વની ઝાંખી અનુભૂતિ કરે. શ્રુતસામાયિક, ત્યારબાદ સામાયિકના બળે જેઓ અનંતાનુબંધી કષાયની અનુભૂતિને રોકી વિશિષ્ટ ઉપશાંતિ-સમતા અનુભવે, તેઓ જિનવચન પર શ્રધ્ધારૂપ સમ્યક્ત્વ સામાયિકને પામ્યાનો પરમ આનંદ અનુભવે છે. એ પછી અપ્રત્યાખ્યાનીય કષાય પણ શાંત થવાથી દેશવિરતિના પરિણામથી જે વિશિષ્ટતર ઉપશમ ભાવ અને સમત્વભાવ અનુભવાય તે દેશવિરતિ સામાયિક. અને પછી અપ્રત્યાખ્યાનીય કષાય પણ ઉદયવિમુખ થવાથી જે વિશિષ્ટતમ ઉપશાંત ભાવ અને સમભાવ આવે, તે સર્વવિરતિ સામાયિક. આમ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે અને પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વને દૃઢ રાખવા શ્રુત-આગમજ્ઞાન જરૂરી છે. જીવનો પ્રથમ ગુરુ એનું પોતાનું જ્ઞાન જ છે. સમ્મતિતર્ક ગ્રંથકાર તો જ્ઞાન વિનાની શ્રધ્ધાને દ્રવ્ય સમ્યક્ત્વ કહે છે. જે પદાર્થો તર્ક ગમ્ય હોય, એ પદાર્થોને તર્કથી અને જે પદાર્થો આગમ ગમ્ય હોય, એ પદાર્થોને આગમથી જાણવા જરૂરી છે.

વૈરાગ્ય પણ જ્ઞાનયુક્ત હોય, તો જ પ્રશંસનીય ગણાય છે.''[10]

પૂ.આર્યપ્રભવસૂરિએ શય્યંભવ બ્રાહ્મણને ''તત્ત્વ શું?'' એ પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે પૂછી પૂછીને તું કેટલું પામશે? એના કરતા તું જ તત્ત્વને ઓળખી લે, તત્ત્વના રહસ્યને પામી જા. એમના એ વચન પર શય્યંભવ બ્રાહ્મણ દીક્ષા લઇ ચૌદપૂર્વ સુધીનું સમસ્ત શ્રુતજ્ઞાન ભણી ગયા. શ્રુત-પારગામી થયા. આત્માવબોધકુલકમાં કહ્યું જ છે કે જે, ભણતર-જ્ઞાન આત્મહિતમાં પરિણામ ન પામે, તે આજીવિકા માત્ર રૂપ છે.[11]

''પરમાત્મા એ કેવળજ્ઞાનથી જોયેલા પદાર્થોને જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ આ નવ તત્ત્વમાં વિભાજિત કર્યા છે. ચૌદપૂર્વ સુધીની સમસ્ત વાતો આ નવ તત્ત્વનો વિસ્તાર છે. એમાં પણ મુખ્ય બે તત્ત્વ છે. જીવ-અજીવ. બાકીના સાત તત્ત્વ મુખ્યતયા જીવને અને ગૌણતયા અજીવને સ્પર્શે છે. જીવ તત્ત્વ જ્ઞેયની સાથે આરાધ્ય છે, અજીવ તત્ત્વ જ્ઞેયની સાથે ઉપેક્ષ્ય-ઉપેક્ષા કરવા યોગ્ય છે.''

નવ તત્ત્વનું જ્ઞાન એટલે પોતાના જીવતત્ત્વની સાચી ઓળખથી શરૂ થયેલી યાત્રા. જીવતત્ત્વની શુધ્ધ પૂર્ણતારૂપ મોક્ષ તત્ત્વ છે. જીવાદિક પરમત્થો કહ્યું, તો જીવાદિ તત્ત્વો જ પરમાર્થ સત્ છે. પરમ વાસ્તવિક તત્ત્વો છે. બીજા દર્શનો અનેક બીજી તત્ત્વોની વાતો કરી છે. પણ તે પરમાર્થરૂપ નથી એનો મૂળ સ્રોતતો પ્રભુવચન જ છે. ઘરમાં આવેલું ગંગાજળ ભલે બાટલીમાં હોય, પણ તે મૂળભૂત બાટલીનું નથી. હિમાલયથી વહેતી ગંગા પ્રવાહનું જ છે, તેવીજ રીતે પ્લાસ્ટીકની કોથળીમાં ભરેલું દૂધ મૂળ તો ગાય કે ભેંસનું છે. એમ,

અન્યદર્શનમાં જે કાંઇ પણ તત્ત્વરૂપ દૂધ હોય, તેનો મૂળ સ્રોત તો પ્રભુજ છે. પ્રભુએ 'પ્રવચનમાં જે ભાખીયું' એને ગણધરો એ ઝીલી આગમમાં ગુંથી લીધું, એ રીતે જ એનો અર્થ લેવો. જાણવો જાણીને દઢ કરવો-ચિંતન-મનન-દ્વારા સાક્ષાત્ આચારમાં ઉતારવો એ પ્રથમ શ્રધ્ધા કહી છે.''[12]

અહીંયા શ્રધ્ધા એટલે કેવળ તાત્ત્વિક શ્રધ્ધાવાળાને જ અધિકારી ગણેલા છે. અંગારમર્દક આચાર્ય જેવા મિથ્યાત્વીને તાત્ત્વિક શ્રધ્ધા બિલકુલ સંભવ નથી આ પહેલી શ્રધ્ધા ઉપર અભય કુમારનું દ્રષ્ટાંત છે.

# અભયકુમારનું દ્રષ્ટાંત

औत्पत्त्यादिधियां सद्म, अभयो मंत्रिणां वरः
तत्त्व परिचयादाप, सर्वार्थसिद्धिकं सुखम्।।

ભાવાર્થ:- "ઔત્પાતિકી વગેરે બુધ્ધિના સ્થાનરૂપ મંત્રીવર અભયકુમાર તત્ત્વના પરિચયથી સર્વાર્થ સિધ્ધિનું સુખ પામ્યો."[૧૩]

રાજગૃહનગરમાં પ્રસેનજિતરાજા રાજ્ય કરતો હતો તેને શ્રેણિક વગેરે ૧૦૦ પુત્રો હતા. રાજાએ પોતાની રાજ્ય ગાદી સોંપવા કુંવરોની પરીક્ષા કરી. તેમાં રાજાની પરીક્ષામાં શ્રેણિક યોગ્ય રીતે પાસ ન થયો. તેથી અન્ય સર્વને જુદા-જુદા દેશો આપ્યા પરંતુ શ્રેણિકને કાંઇ ન આપવાથી, અપમાનિત થયેલા એણે ગુપ્ત રીતે રાજગૃહનગર છોડીને બેનાતટ નીકળી ગયો. ત્યાં ભદ્રનામના શ્રેષ્ઠીની દુકાને બેઠો, શ્રેણિકના પુણ્ય પ્રભાવે શ્રેષ્ઠીને વેપારમાં ઘણો લાભ થયો. પ્રસન્ન થયેલા તેણે પોતાની દિકરી સુનંદાને તેની સાથે પરણાવી. કેટલાક કાળે સુનંદા ગર્ભવતી થઇ. આ બાજુ રાજા શ્રેણિકના વિયોગમાં અત્યંત દુઃખી હતા, તેમને મહાવ્યાધિ ઉત્પન્ન થયો. પોતાનું મૃત્યુ નજીક જાણી તેમણે શ્રેણિકને બેનાતટ લેવા મોકલ્યો. શ્રેણિકે સુનંદાને કહ્યું., "હે પ્રિયા! હું મારા પિતા પાસે જાઉં છું, તમારે હાલ અહીં જ રહેવું યોગ્ય છે, અને તમારે જો ગર્ભવતી પુત્ર પ્રસવે તો તેનું નામ અભય રાખજો. સુનંદા બોલી એ પુત્ર આઠ વર્ષનો થાય અને પિતાનું ઠેકાણું પુછે ત્યારે શું જવાબ આપવો? ત્યારે શ્રેણિકે ખડી વડે ભારવટ પર લખ્યું,

"राजगृहे पालि गाम गोवालि धवले टोडे घर कहीया"

"રાજગૃહ નગરમાં તે ગામના રાજા અમે છીએ. અને રાજમહેલ અમારું ઘર છે. આ બાજુ શ્રેણિકને આવેલો જોઇ હર્ષપૂર્વક રાજા તેનો રાજ્યાભિષેક કરે છે. અને તપશ્ચર્યા અંગીકાર કરી દેવલોક પામ્યા. શ્રેણિક રાજા થયા પછી સમય જતો ગયો વિવિધ પરીક્ષા દ્વારા ચારસો નવ્વાણું મંત્રીઓ કર્યા. ઇંગિત આકાર વડે પારકા મનની વાતને જાણે એવી ઇચ્છાથી જળ વિનાના ઉંડા કુવામાં વીંટી નાંખી અને જાહેર કર્યું જે પુરુષ આ મુદ્રિકાને પોતાના હાથ વડે લેશે તે સર્વમંત્રીમાં અગ્રેસર મંત્રી થશે. આ બાજુ બેનાતટમાં સુનંદાએ પુત્રને જન્મ આપ્યો. તેનું અભયકુમાર નામ પાડ્યું. તે સર્વકળામાં નિપુણ થયો. માતાને પિતાનું નામ પુછતા તેણે શ્રેણિકે લખેલ અક્ષરો વંચાવ્યા. તે વાંચી અભયકુમારે માતાને કહ્યું. આ ભારવટ પર જણાવ્યા પ્રમાણે, મારા પિતા તો રાજગ્રહી નગરીના રાજા છે. ચાલો આપણે ત્યાં જઇએ. ત્યાં જતા વીંટીનું વૃતાંત અભયકુમારે સાંભળ્યું. કુમારે વીંટી પર છાણ નાંખી તે સુકાયું પછી

જળથી કુવો પુર્ણ ભરી દીધો. તે વખતે શુષ્ક છાણું મુદ્રિકા સાથે તરીને આવ્યું. રાજાએ વીંટી અને વૃતાન્ત સાંભળી ખુશ થઈ કુવા પાસે કુમારને મળવા આવ્યો. અભયકુમાર, સુનંદા માતા પાસે લઈ ગયા અને સુનંદાએ અભયકુમારની ઓળખાણ આપી. રાજાએ અભયકુમારને પ્રધાનમંત્રીનું પદ આપ્યું અને અતિ આનંદપૂર્વક ધ્વજ તોરણથી પ્રવેશ કરાવ્યો. અને રાજા અભયકુમારને આગળ કરીને ઘણા દેશો સાધ્યા, કીર્તિ-સમૃધ્ધિ વધી.

એક દિવસ પ્રભુવીર રાજગૃહી ઉપવનમાં સમવસર્યા. તેમને વાંદવા અભયકુમાર ગયા. ત્યાં પ્રભુની દેશના સાંભળી, કે સંધ્યાના રંગ જેવું, પાણીના પરપોટા જેવું, અને દર્ભના અગ્ર ભાગ ઉપર રહેલા જળના બિંદુ જેવું આ જીવિત ચંચળ છે. અને યુવાવસ્થા નદીના પુરની જેમ વહી જનારી છે. તો હે પાપી જીવ! તું કેમ બોધ પામતો નથી. સ્વર્ગાદિકના અનેક સુખ ભોગવ્યાં છતાં જેને તૃપ્તિ થઈ નથી. તો અલ્પ આયુષ્યવાળા મનુષ્ય દેહના અલ્પસુખથી શી રીતે તૃપ્તિ થઈ શકે? જરા વડે જર્જરિત અંગ થયા છતાં વિષયસુખથી તૃપ્ત થતો નથી. આ બધી હકીકત પ્રભુના મુખથી સાંભળીને અભયકુમારે, શ્રેણિક રાજાની પાસે દીક્ષા માટે આજ્ઞા માંગી. ત્યારે શ્રેણિકે કહ્યું હે વત્સ, જ્યારે હું ક્રોધથી તને કહુઃ ''અરે પાપી! મારી પાસેથી દુર જા, મને મુખ બતાવીશ નહિં,'' ત્યારે તું વ્રત ગ્રહણ કરજે. અભયકુમારે પિતાની આજ્ઞા પ્રમાણ કરી.

એકવાર શીતૠતુમાં શ્રેણિક ચેલણા રાણીને લઈ પ્રભુને વાંદવા ગયા. વળતા માર્ગમાં નદીને કાંઠે એક નગ્ન સાધુને કાયોત્સર્ગ ધ્યાનમાં જોયા. તેમને વંદન કરી ઘરે આવ્યા. રાત્રે શ્રેણિકરાજા-ચેલણા સાથે સૂતા હતા ત્યારે નિદ્રામાં રાણીનો હાથ વસ્ત્રની બહાર રહી ગયો. હાથ ટાઢને લીધે ઠરી જવાથી રાણી જાગી ગઈ. ઉગ્ર ઠંડીમાં સાધુનું સ્મરણ થયું કે, ઉગ્ર ટાઢમાં તેમની શી ગતિ થતી હશે? આ વાકય અચાનક જાગેલા રાજાએ સાંભળ્યું. અને વિચાર્યુ ''અહો! આ રાણી દુરાચારિણી જણાય છે. મારા સિવાય બીજો કોઈ પુરુષ વધારે પ્રિય લાગે છે. તેથી ખરેખર વ્યભિચારિણી છે. તો પછી બીજી સર્વે રાણીઓ પણ વ્યભિચારીણી હોય તેમાં શું આશ્ચર્ય. પ્રાતઃકાળે રાજાએ અભયને બોલાવીને આજ્ઞા કરી કે, મારું સમગ્ર અન્તઃપુર દુરાચારી છે. તેથી હમણાં જ આખા અન્તઃપુરને સળગાવી મૂક. આ બાબત મને બીજી વાર પૂછીશ નહિ. આમ કહી તે પ્રભુને વાંદવા ગયા. ત્યાં પ્રભુની દેશના સાંભળ્યા પછી રાજાએ પ્રભુને ચેલણા વિશે પુછ્યું. પ્રભુએ જવાબ આપ્યો., ચેલણા પતિવ્રતા છે. કાલે મુનિને જોયા હતા. તેનું સ્મરણ કરીને મધ્ય રાત્રે ચેલણા બોલી હતી. આ પ્રમાણે વચન સાંભળી શ્રેણિક રાજમહેલ તરફ ઉતાવળથી ચાલ્યા. અહીંયા અભયકુમારે રાજાની આજ્ઞા થયા પછી વિચાર્યુ કે, આનું પરિણામ દુઃખદાયી છે. તેથી સૂકા

ઘાસના ઘરો જીવજંતુ રહિત કરીને સળગાવી મૂકયાં. પછી તે પ્રભુના સમવસણ તરફ ચાલ્યા. શ્રેણિક રસ્તામાં મળ્યા. તેમણે પુછયું શું કર્યુ. અભયે કહ્યું આજ્ઞા પ્રમાણે કર્યુ છે. રાજા ક્રોધથી કહ્યું કે, ''મારી દૃષ્ટિથી દુર જા, મને તારું મુખ દેખાડીશ નહિ., આવું વગર વિચાર્યુ કામ તારા વિના બીજો કયો મુર્ખ કરે?'' આ સાંભળી અભયકુમાર પિતાનું વાકય પ્રમાણ છે કહીને પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી. અહીં રાજાએ ઘાસના ઘરો જ સળગાવેલાં દીઠાં. એટલે તેણે વિચાર્યુ કે, અભયે મને કપટ કરી છેતર્યો. જરૂર તેણે દીક્ષા લઇ લીધી હશે. મૂઠી વાળી દોડતા સમવસરણમાં આવ્યા. ત્યાં તો અભયકુમારને વ્રત લઇને બેઠેલા દીઠા. આટલો વખત મેં તને દીક્ષામાં અંતરાય કર્યો તે બદલ ખમાવું છું. એમ કહીને તેને વંદન કરી ઘરે ગયા. અભય મુનિ ચારિત્ર પાળી તપસ્યા કરી કાળધર્મ પામીને સર્વાર્થસિધ્ધ વિમાનમાં દેવતા થયા.

આ પ્રમાણે ગુણના સ્થાનરૂપ અભયમંત્રી એ પરમાર્થ સંસ્તવ નામની પ્રથમ શ્રધ્ધાને સફળ કરી.[૧૩]

''જીવાદિ નવતત્ત્વોનું જ્ઞાન સમકિત પમાડે,
નવ તત્ત્વોની શ્રધ્ધાય સમકિત પમાડે.''

સમ્યગ્દર્શનને પામવું હોય તો જીવાદિ નવતત્ત્વોનું જ્ઞાન મેળવવું પડે છે. તત્ત્વજ્ઞાનની ઉપેક્ષા કરનાર કયારેય સમ્યગ્દર્શન પામી શકતો નથી.

जीवाइ नव पयत्थे जो जाणइ तस्स होइ सम्मतं ।

જીવાદિ નવતત્ત્વોને જે જાણે તેને સમ્યક્ત્વ હોય છે. જો જીવાદિ નવતત્ત્વના સ્વરૂપાદિ પ્રત્યે શ્રધ્ધાધરાવે તો તેનામાં પણ સમ્યગ્દર્શન સંભવી શકે છે. માટે જ લખ્યું છે. કે, ''भावेण सद्दहंतो अयाणमाणे वि सम्मतं'' જીવાદિ તત્ત્વને નહિ જાણનારો પણ ભાવપૂર્વક શ્રધ્ધા કરે તો તેનામાં સમ્યક્ત્વ હોય છે. આ ઉપરથી નવતત્ત્વના જ્ઞાન સાથે, નવ તત્ત્વની શ્રધ્ધા સાથે સમ્યગ્દર્શનને કેટલો સંબધ છે તેનો ખ્યાલ આવે છે.''[૧૪]

## સમકિતની બીજી શ્રધ્ધા

### ''ગીતાર્થ સેવા''

પ્રવચન ભાષિત આ તત્ત્વોના જાણકાર, ગુણોના ઝવેરી, સંવેગરંગ રૂપ તરંગમાં જે મગ્ન છે. અને જે સાચા જ્ઞાની બુધ પુરુષ શુધ્ધ માર્ગ પ્રકાશે છે. એવા મુનિ ભગવંતની સેવા એવી રીતે કરવી કે જેથી સમતામૃતનું પાન થાય.

"गीतार्थः संयमैर्युज्जास्त्रिधा तेषां च सेवनम् ।
द्वितीया सा भवेच्छ्रद्धा, या बोधे पुष्टकारिणी ।।

સંયમયુક્ત એવા ગીતાર્થ મુનિઓની ત્રણ પ્રકારે સેવા કરવી તે બીજી શ્રધ્ધા કહેવાય છે. તે શ્રધ્ધા બોધમાં એટલે તત્ત્વજ્ઞાનમાં પુષ્ટિ કરનારી છે.

ગીત એટલે સૂત્ર અને અર્થ એટલે સૂત્રના અર્થનો વિચાર. એ બન્ને જેને હોય તે ગીતાર્થ કહેવાય છે. સંયમ એટલે સર્વવિરતિરૂપ સત્તર પ્રકારનું ચારિત્ર. તે આ પ્રમાણે- પાંચ આશ્રવોથી વિરમવું, પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો, ચાર કષાયનો જય કરવો અને ત્રણ દંડથકી વિરામ પામવો. એ પ્રમાણેની વિરતિમાં આસક્ત થયેલા તલ્લીન મનવાળા મુનિઓની તથા જ્ઞાન અને દર્શનવાળાઓની પણ મન, વચન અને કાયા વડે સેવા કરવી એટલે વિનય કરવો, બહુમાન કરવું અને ભક્તિ કરવી વગેરે. આ શ્રધ્ધાને મુનિપર્યુપાસ્તિ અથવા ગીતાર્થ સેવા નામની બીજી શ્રધ્ધા કહેલી છે. આ શ્રધ્ધા વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણવામાં પુષ્ટિ કરનારી છે."[૧૫]

"(૧) આગમો પ્રત્યેની વફાદારીપૂર્વક (૨) આગમાર્થના (૩) ગુરુગમથી જ્ઞાતા બન્યા છે. તે ગુરુ થવાની પ્રથમ યોગ્યતા પામ્યા છે. આ જ જ્ઞાની આગમના પૂર્વાપર વિરોધ ન આવે એવા આગમિક રહસ્યાર્થ-ઐદંપર્યાર્થના જાણકાર બને છે. કેમ કે આગમાર્થરૂપી દૂધમાં વિનયથી પ્રસન્ન થયેલા ગુરુએ પોતાના અનુભવરૂપી સાકર ઉમેર્યા બાદ તેઓ યોગાભ્યાસ જન્ય સંવેદનાથી એમાં બદામ-પીસ્તા ઉમેરવા દ્વારા સ્વાદિષ્ટ દૂધપાક સમાન તત્ત્વના ભોક્તા બનેલા છે."[૧૬]

"સંવેગ રંગ તરંગઝીલે...સંવેગ એટલે ચંક્તિ ભાવ-સંસારના પ્રસંગોથી ભયભીત ભાવ-સતતભય રહે કે કયાંક મને પાપનો ડાઘ નહિ લાગી જાય ને, કયાંક હું રાગનોકે દ્વેષનો શિકાર તો નહિ બની જાઉ ને? એવી ભૂમિકા સંવેગીની હોય. રંગઃ આત્મસ્પર્શી અનુભૂતિ. સંવેગનો એવો રંગ લાગે કે એ મુનિ સ્વયં સંવેગમય બની જાય, સંવેગનો લાગેલો રંગ એવો પાકો હોય કે સંસારના મોટા આકર્ષણરૂપી પાણીથી કે સાધનામાં આવતી મરણાન્ત કષ્ટ સુધી આપત્તિરૂપી આકરા તાપથી પણ એ રંગ જતો નથી. તરંગ-પ્રવાહમાં ઉઠતી લહેરો...પ્રશાંતભાવ નામના પ્રવાહમાં રહેલો સાધુ વારં-વાર સંવેગ રંગરૂપી તરંગ-લહેરોમાં ઝીલે-ઝીલવું. માર્ગસુધ(શુધ્ધ)- કહે બુધા-આમતો આ વિશેષણ માત્ર સ્વરૂપ બતાવતું વિશેષણ જ લાગે, કેમ કે જેઓ તત્ત્વજ્ઞ હોય, ગુણને પારખનારા ઝવેરી હોય ને સંવેગરંગમાં મસ્ત હોય, એવા મુનિઓ જે ઉપદેશ આપે, તે મોક્ષનો શુધ્ધ માર્ગ જ હોવાનો. બોધ પામેલી વ્યક્તિ બુધ છે. એટલે કે જે ગીતાર્થ છે. એ બુધ છે. જે શાસ્ત્રાર્થને જાણે છે. જે સ્વસ્થાન- પરસ્થાન દેશનાના સ્વરૂપને જાણે છે. જે અવસરોચિત ઉપદેશ દેવામાં કુશળ છે. જે

વ્યકિતની ભૂમિકા વગેરે અંગે વિવેક સંપન્ન છે. જે સ્વયં વૈરાગ્યભાવોમાં મસ્ત છે. ને તેથી વૈરાગ્ય સભર પ્રવચન દેવામાં સમર્થ છે. તે અહીં શુધ્ધમાર્ગ કહેનારા બુધ તરીકે ઇષ્ટ છે.[૧૭]

જૈનેતર ગ્રંથ વિવેક ચૂડામણિમાં પણ કહ્યું છે કે, દુર્લભં ત્રયમેવૈતદ્ દેવાનુગ્રહ હેતુકમ્! મનુષ્યત્વં મુમુક્ષુત્વં, મહાપુરુષ સંશ્રયઃ।। આ જગતમાં ત્રણની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે. ઇશ્વરનો-પ્રભુનો અનુગ્રહ થાય, તો જ પ્રાપ્ત થાય છે. તે ત્રણ (૧) મનુષ્યપણું (૨) મુમુક્ષુપણું-સંસારથી મુક્ત થવાની તીવ્ર અભિલાષા (૩) મહાપુરુષનો સંશ્રય-સમ્યગ્ આશ્રય. એમનો સંગ એમની નિશ્રા. તેહની સેવા કિજિએ, જિમ પીજિએ સમતા સુધા...આવા મુનિ ભગવંતની સેવા કરવી જોઇએ. નમિ-વિનમિએ શ્રી ઋષભદેવ ભગવાનની એક વર્ષ સુધી અખંડ, અનુપમ સેવા કરીને ધરણેન્દ્ર દ્વારા વૈતાઢ્ય પર રાજ્ય મેળવ્યું ને હજારો વિદ્યા મેળવી. એમ આવા નિસ્પૃહ ગુરુભંગવંતોની સેવા કરવાથી મોક્ષનગરનું રાજ્ય પ્રાપ્ત થાય છે. ને આત્મહિતકર જ્ઞાનરૂપ ઘણી વિદ્યા પણ પ્રાપ્ત થાય છે.

જીરણ શેઠે ભગવાનને ગોચરી વહોરાવી સેવા કરવાનો લ્હાવો લેવા ચાર મહિના રાહ જોઇ. પછી પણ બાહ્ય દ્રષ્ટિથી એ લાભ નહિ મળ્યો. પણ આંતરિક દષ્ટિથી એ સેવાનો લાભ મેળવી લીધો.

પંચસૂત્રમાં અરિહંતો વગેરે અને પરમ કલ્યાણકારી ગુરુભગવંતો અંગે પહેલા એમના સંયોગાદિ પ્રાપ્ત થવાની ભાવના બતાવીને પછી હું એમની સેવા કરવા યોગ્ય બનું, એમની આજ્ઞાને વહન કરવા યોગ્ય બનું વગેરે જણાવ્યું છે. ગુરુદેવનો અપ્રમત્તભાવ આપણને સમયનું મૂલ્ય સમજાવે છે. એમનું ઇદ્રિય-સંયમન આપણી ઇંદ્રિયોને પવિત્ર કરી દે છે. એમના નૈષ્ઠિક બ્રહ્મચર્યના પ્રભામંડળની અસરમાં આવેલા આપણા કામ વિકારો આપોઆપ શાંત થઇ જાય છે. એમની અધ્યાત્મભૂમિકા આપણા પૌદ્ગલિક સાધનો પ્રત્યેના આંકર્ષણને ખતમ કરી દે છે. એમનો નિરપેક્ષ ભાવ આપણને બીજાઓ પ્રત્યેની અપેક્ષાના દુઃખથી ઉગારી દે છે. એમની નિરાકાંક્ષ મનોવૃત્તિ આપણી બધી મહત્ત્વકાંક્ષાઓને છોડાવે છે. તેથી જ તુલસી પણ કહે છે કે, સત્સંગની અડધી ઘડી પણ કરોડો પાપોનો નાશ કરી દે છે. તેથીજ તેઓની સમીપ રહેલાને સમતા અમૃતનું પાન કરાવે છે. મહામુનિઓ એમના સંગમાં આવેલા ભવ્યજીવોને સમતા અમૃતના પ્યાલા ભરી આપે છે. સમતા જ ખરી સુધા છે. જે આપણા ચહેરા પર પ્રસન્નતાની લીલાશને આગળ કરે છે.[૧૮]

## આ શ્રધ્ધા પર પુષ્પચૂલા સાધ્વીનું દ્રષ્ટાંત.

गीतार्थ सेवने सक्ता, पुष्पचूला महासती।
सर्वकर्मक्षयाल्लेभे, केवलज्ञानमुज्ज्वलम्।।

"ગીતાર્થ મુનિની સેવામાં આસક્ત થયેલી મહાસતી (સાધ્વી) પુષ્પચૂલા સર્વ કર્મનો ક્ષય કરવા વડે ઉજ્જવલ કેવળજ્ઞાનને પામી."

જંબુદ્વીપના ભરતક્ષેત્રને વિષે પૃથ્વીપુર નામના નગરમાં પુષ્પકેતુ નામે રાજા હતો. તેને પુષ્પવતી નામે રાણી અને પુષ્પચૂલ નામે પુત્ર તથા પુષ્પચૂલા નામે પુત્રી યુગલપણે હતા. બન્ને ભાઈ-બહેન વચ્ચે એટલો બધો સ્નેહ હતો કે એક ક્ષણ માત્રનો વિયોગ થતાં તે બન્ને મરવાને તૈયાર થઈ જતા હતા. તે જોઈને પુષ્પકેતુ રાજાએ વિચાર્યું કે, "જો આ બન્નેને જુદે-જુદે સ્થાને પરણાવીશ તો તે બન્ને પરસ્પરના વિયોગથી મૃત્યુ પામશે, તેથી બન્નેને હું પરસ્પર પરણાવું તો ઠીક." એમ વિચારી રાજાએ મંત્રીઓને તથા પૌરજનોને બોલાવીને પ્રશ્ન કર્યો કે "મારા અન્ત:પુરમાં જે રત્ન ઉત્પન્ન થાય તેનો સ્વામી કોણ?" સર્વે બોલ્યા, "આપના સમગ્ર રાજ્યમાં કોઈ પણ સ્થળે ઉત્પન્ન થયેલાં રત્નના આપ સ્વામી છો, અને અન્ત:પુરમાં ઉત્પન્ન થયેલાં રત્નની આપ જે કાંઈ યોજના કરો તે અમારે માન્ય છે." આ પ્રમાણે કપટ વચન વડે સર્વેની સંમતિ મેળવીને રાજાએ રાણી તરફનો વિરોધ છતાં પણ તે બન્નેના પરસ્પર લગ્ન કરાવ્યાં. તેથી પુષ્પવતી રાણી વૈરાગ્ય પામી દીક્ષા લઈ તપસ્યા કરીને સ્વર્ગલોકમાં દેવતા થઈ. કેટલાક સમય પછી પુષ્પકેતુ રાજા મૃત્યુ પામ્યો તેથી પુષ્પચૂલ રાજા થયો, તે પુષ્પચૂલા સાથે વિષયસુખ ભોગવતો કાળ નિર્ગમન કરવા લાગ્યો. "અહો! આ સંસારમાં કામાંધ પુરુષ કાર્ય-અકાર્યનો વિચાર કરી શકતા નથી." હવે એ પુષ્પવતી રાણીનો જીવ જે દેવ થયો હતો તેણે અવધિજ્ઞાન વડે પુત્ર-પુત્રીનું અકાર્ય જોઈને પૂર્વની પ્રીતિના વશથી પુષ્પચૂલાને સ્વપ્નમાં મહાભય ઉત્પન્ન કરનારાં નરકોની વેદના દેખાડી. તે જોઈને ભય પામેલી પુષ્પચૂલાએ જાગૃત થઈ તે સ્વપ્નનો સર્વ વૃતાંત પતિને કહ્યું. રાજાએ અર્ણિકા પુત્ર આચાર્યને બોલાવીને નરકનું સ્વરૂપ પૂછ્યું, ત્યારે સૂરિએ કહ્યું કે, "હે રાજા! નરક સાત છે. તેમાં પહેલા નરકમાં એક સાગરોપમની, બીજામાં ત્રણ સાગરોપમની, ત્રીજામાં સાતની, ચોથામાં દશની, પાંચમામાં સત્તરની, છઠ્ઠામાં બાવીશની, સાતમામાં તેત્રીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે. અને તે સાતે નરક-પૃથ્વીમાં ક્ષેત્રથી ઉત્પન્ન થયેલી વેદના હોય છે. પાંચ નરકમાં ક્ષેત્રવેદના સાથે અન્યોન્ય કૃત વેદના હોય છે. અને પ્રથમની ત્રણ નરકમાં તે બે પ્રકાર ઉપરાંત બીજી પરમાધામી કૃત વેદના હોય છે." વગેરે નરકનું યથાર્થ સ્વરૂપ સાંભળીને રાણીએ આચાર્યને પૂછ્યું કે, "અહો! આપને પણ મારા જેવું જ

સ્વપ્ન આવ્યું છે કે શું?'' ગુરુએ કહ્યું કે,'' હે ભદ્રે! અમને સ્વપ્ન આવ્યું નથી પણ જિનેશ્વરે કહેલા આગમથી અમે એનું સર્વસ્વરૂપ જાણીએ છીએ.'' રાણીએ પૂછ્યું કે,'' હે પૂજ્ય! કયા કર્મથી પ્રાણી નરકે જાય?'' ગુરુએ કહ્યું, ''મહા આરંભાદિક કાર્યો કરવાથી અને વિષય સેવનાદિકથી નરકે જાય છે.'' ત્યારબાદ રાજાએ સભાનું વિસર્જન કર્યું. બીજી રાત્રે દેવતાએ પુષ્પચૂલાને દેવલોકનાં સુખ બતાવ્યાં. સર્વ વૃતાંત રાણીએ રાજાને કહ્યું, તેથી તેનું યથાર્થ સ્વરૂપ સમજવા અર્ણિકા પુત્ર આચાર્યને બોલાવ્યા. તેમણે દેવલોકનું વર્ણન કર્યું. આ સાંભળી રાણીએ કહ્યું કે શી રીતે પ્રાપ્ત થાય? ગુરુએ કહ્યું કે, ''શ્રાવકધર્મ અથવા સાધુધર્મનું સારી રીતે સેવન કરવાથી સ્વર્ગના સુખ પ્રાપ્ત થાય છે.'' આ સાંભળી વૈરાગ્ય પામેલી રાણીએ પુષ્પચૂલ રાજા પાસે ચારિત્ર લેવાની આજ્ઞા માંગી. ત્યારે રાજાએ કહ્યું કે ''અહીં રહેવાનું અને મારે ઘરેથી જ આહાર ગ્રહણ કરવાનું કબૂલ કરે તો હું ચારિત્રની સંમતિ આપું.'' રાણી તે સ્વીકાર કરી આચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી. કેટલાક કાળ પછી આચાર્યે શ્રુતજ્ઞાનના ઉપયોગથી દુષ્કાળ પડવાનો સંભવ જાણીને પોતાના ગચ્છને બીજા દેશમાં મોકલ્યો, અને પોતે વૃધ્ધ હોવાથી ત્યાં જ રહ્યા. ત્યારે પુષ્પચૂલા સાધ્વી નિર્દોષ આહાર લાવીને આપવા પડે અગ્લાન વૃત્તિએ ગુરુની વૈયાવૃત્ય કરવા લાગી. અનુક્રમે શુભધ્યાન વડે ક્ષપક શ્રેણી પર આરૂઢ થઇને તે કેવળજ્ઞાન પામી. તો પણ ગુરુની સેવા કરતી બંધ પડી નહિ. ઉપરથી ગુરુની ઇચ્છાનુસાર આહાર લાવી આપીને સેવા કરવા લાગી. એકવાર વરસાદ વરસતો હતો તે વખતે પણ આહાર આણ્યો. ત્યારે ગુરુએ કહ્યું કે, તમે શ્રુતને જાણો છો છતાં આવા વરસાદમાં આહાર કેમ લાવ્યા? ત્યારે પુષ્પચૂલાએ કહ્યું કે, અચિત્ત અપ્‌કાયની વૃષ્ટિ થતી હતી. તે તે પ્રદેશમાં ચાલીને હું આહાર લાવી છુ. તેથી આહાર અશુધ્ધ નથી. ગુરુએ પૂછ્યું, તે અચિત્ત પ્રદેશ કેવી રીતે જાણ્યો? સાધ્વીએ કહ્યું કે અપ્રતિપાતી જ્ઞાન વડે. આ સાંભળી ગુરુ બોલ્યાં, ''અહો! મે કેવલીની આશાતના કરી, તેને મિથ્યા દુષ્કૃત આપ્યું. પછી આચાર્યે પૂછ્યું, હું મોક્ષ પામીશ કે નહિ?'' કેવલીએ કહ્યું ''તમને ગંગા નદી ઉતરતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થશે.'' તે સાંભળી સૂરિ ગંગા નદી ઉતરવા માટે કેટલાક લોકોની સાથે નાવમાં બેઠા. સૂરિ જે બાજુ બેસે તે બાજુ નાવ નમવા લાગી. પછી વચ્ચે બેઠા તો આખું વહાણ ડૂબવા લાગ્યું. આચાર્ય પૂર્વભવમાં પોતાની સ્ત્રીનું અપમાન કર્યું હતું. તે સ્ત્રી મરીને વ્યન્તરી થઇ હતી. તે આ પ્રમાણે સૂરિને ઉપદ્રવ કરતી હતી. હવે લોકોએ સૂરિને ઉપાડીને જળમાં નાંખ્યાં. તે વખતે પેલી વ્યન્તરીએ જળમાં શૂળી ઉભી કરીને તેમાં આચાર્યને પરોવ્યા. તો પણ મહાત્મા એ વિચાર્યું, ''અહો! મારા દેહના રુધિર વડે અપ્‌કાયના જીવો મરણ પામે છે.'' એમ જીવદયાના ભાવ કરવા લાગ્યા. શુભભાવની વૃધ્ધિ થતાં સર્વકર્મના ક્ષય કરી અંતકૃત કેવલી થઇને મોક્ષે ગયા. તે વખતે દેવતાઓએ

કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો. ત્યારથી તે પ્રયાગ નામે તીર્થ થયું. ત્યાં અન્યદર્શનીઓ સ્વર્ગસુખ પામવાના હેતુથી કરવત મૂકાવે છે.

પુષ્પચૂલા સાધ્વી કેવળીપણે પૃથ્વીપર વિહાર કરી સર્વકર્મનો ક્ષય કરી અનંત આનંદવાળા મોક્ષપદને પામ્યા. આ રીતે જે ભવ્યજીવો ગુરુ પરિચર્યા કરવામાં તત્પર થાય છે તે પરમ સુખનું ધામ મોક્ષને મેળવે છે.[૧૯]

## સમકતિની ત્રીજી શ્રધ્ધા

### વ્યાપન્ન દર્શનીનો ત્યાગ

व्यापन्नं दर्शनं येषां, निन्हवानामसद्ग्रहैः।
तेषां संगो न कर्तव्यस्तच्छ्रद्धानं तृतीयकम्

ભાવાર્થ:-

''કદાગ્રહ વડે જેમનું સમ્યગ્દર્શન નાશ પામ્યું છે. એવા નિન્હવોનો સંગ ન કરવો તે ત્રીજી શ્રધ્ધા કહેલી છે.''

નિન્હવ એટલે જિનેશ્વરના વચનનું નિન્હવ કરે-અપલાપ કરે તે. અસદ્ગ્રહથી એટલે પોતાની મતિકલ્પનાએ માનેલા મત ઉપર કદાગ્રહ રાખવાથી જેમનું દર્શન એટલે સર્વનય વિશિષ્ટ વસ્તુના બોધરૂપ સમકિત નષ્ટ થયું છે. તેવા નિન્હવો સમગ્ર વસ્તુઓમાં યથાવસ્થિત પ્રતિપ્રતિ (શ્રધ્ધા) છતાં પણ કોઇ એકાદ અર્થમાં અન્યથા માન્યતાવાળા હોય છે. નિન્હવ શબ્દનાં ઉપલક્ષણથી પાસત્થા, કુશીલીયા વગેરેના સંગનો પણ ત્યાગ કરવો. અન્યથા સમકિતની હાનિ થાય છે.[૨૦]

નિન્હવો વગેરે પોતાના મતના મમત વગેરેને આગળ કરી સમ્યક્ત્વ ગુમાવી તો દે છે. પણ એની પરવા પણ કરતાં નથી. પોતે -પોતે પકડેલો એકાંત જ સાચો છે, એવી ગાઢ મિથ્યાત્વ ભરેલી ભ્રમણામાં રહે છે, ને પોતાના મતમાં મુગ્ધ જીવોને આકર્ષવા સતત પ્રયત્નશીલ રહે છે. પ્રભુની વાણી બધા જ નયથી ભરેલી હોય છે. તેથી જ પૂર્વના કાળમાં દરેક સૂત્રની સર્વનયથી ને ચારેય અનુયોગથી વ્યાખ્યા શિષ્યને બતાવવામાં આવતી હતી. પછી શિષ્યોની મતિની મંદતા જોઇ તે-તે સૂત્રથી સરળતાથી જે અનુયોગ અને જે નયપકડાય, તેને મુખ્ય રાખી બાકીના અનુયોગ વગેરેનું વિવેચન બંધ કરવામાં આવ્યું. જેઓએ પહેલેથી જ જિનવચનમાંથી કોઇ એક નય પકડી પોતાનો અલગમત ચલાવ્યો, એ બધા બૌધ્ધ આદિ પરદર્શનકારો બન્યા. જેઓએ જૈનમતનો સારો અભ્યાસ કરી પહેલા સમ્યક્ત્વનો સ્પર્શ કર્યો, પણ પછી મિથ્યાત્વના ઉદયથી-બાહ્ય કોઇ તેવા નિમિત્તને-પ્રસંગને વજન આપી કોઇ એક નય

પર એકાંતવાદ પકડી લઈ, બાકીના નયોની વાતનો તિરસ્કાર કર્યો, એ બધા વ્યાપન્નદર્શનવાળા કહેવાય. વ્યાપન્નદર્શન-સમ્યક્ત્વ ગુમાવી દેનારાઓમાં નિન્હવ અને યથાચ્છંદ કદાચ આચારમાં દઢ જોવા મળે. પણ પાર્શ્વસ્થા = પાસત્થાઓ, અવસન્નો, કુશીલો પ્રાયઃ પ્રથમ આચારથી ભ્રષ્ટ થાય છે. ને પછી પોતાના ભ્રષ્ટાચારને શિષ્ટાચારમાં ખપાવવા ઊંધી પ્રરૂપણા કરે છે. પ્રભુના શાસનમાં જમાલિ વગેરે સાત અને દિગંબરોને ગણીને આઠ નિન્હવો પ્રસિધ્ધ થયા છે. એમાં સાત નિન્હવો જિનવચનના જ કો'ક એક સૂત્રના આધારે એકાદ નયપર એકાંતવાદ પકડી સ્વયં ગેરમાર્ગે દોરાઈ ગયાને પછી એ જ માર્ગ સાચો ગણી ઘણાને ગેરમાર્ગે દોરનારા બની ગયા. તથા દિગંબરોએ ગણધરવાણી સમા પીસ્તાલીશ આગમો જ માનવાનો ઈન્કાર કરી તેથી વિશેષાવશ્યક ગ્રંથ વગેરેમાં તેઓ સર્વ નિન્હવ તરીકે પ્રસિધ્ધ થયા. યથાચ્છંદ = છંદ = ઈચ્છા, જેઓ પોતાની ઈચ્છા મુજબ આચાર આદિ સંબધી પ્રરૂપણા કરીએ મુજબ વર્તે તેઓ યથાચ્છંદ છે. જેઓ સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્રની પાસે છે. પણ સ્પર્શ વિનાના છે. તેઓ પાસત્થા છે. કુશીલ-શીલ-સ્વભાવ-વ્યવહાર-આચાર-ચારિત્રમાં ઠેકાણા નથી તે કુશીલ. જમાલિ તપ, સંયમ વગેરેથી વિશિષ્ટ આચાર સંપન્ન હોવા છતાં નિન્હવ તરીકે આભિગ્રાહિક મિથ્યાત્વના ઉદયથી સમ્યક્ત્વ ગુમાવી દેવા પર પોતાનો સંસાર વધારીને દુર્ગતિમાં રખડનારા બન્યા છે."[૧]

## જમાલિનું દ્રષ્ટાંત

કુંડપુર નામના નગરમાં શ્રી મહાવીર સ્વામીની બહેનનો દીકરો જમાલિ નામનો રાજપુત્ર રહેતો હતો. તે મહાવીરની પુત્રી સુદર્શના સાથે પરણીને વિષયસુખ ભોગવતો કાળ નિર્ગમન કરતો હતો. એક વાર પ્રભુ તે નગરના ઉપવનમાં સમવસર્યા તેમને આવેલા સાંભળી વાંદવા માટે ગયા ત્યાં જ પ્રભુની દેશના સાંભળી,

गृहं सुहृत्पुत्रकलत्रवर्गो, धान्यं धनं मे व्यवसायलाभः
कुर्वाण इत्थं न हि वेत्ति मूढो, विमुच्य सर्वं व्रजतीह जन्तुः।।

ભાવાર્થ:-

"મનુષ્ય એમ જાણે કે-આ ઘર, મિત્ર, પુત્ર, સ્ત્રી, ધન, ધાન્ય વગેરે સર્વ મારા ઉદ્યોગની કમાણી છે. પણ તે મૂર્ખ સમજતો નથી કે આ સર્વે અહીં મૂકીને જ પ્રાણી પરલોકમાં એકલો જાય છે.

આ પ્રમાણે પ્રભુની દેશના સાંભળી વૈરાગ્ય પામેલા તેણે પાંચસો ક્ષત્રિય સાથે દીક્ષા લીધી. ત્યારબાદ સુદર્શનાએ હજાર સ્ત્રીઓની સાથે દીક્ષા લીધી. ચારિત્રનું પાલન કરતા જમાલિએ અગ્યાર અંગનો અભ્યાસ કર્યો. અન્યદા એકલા વિહારની

આજ્ઞા માંગી. ભાવિ લાભ ન જણાતા પ્રભુ મૌન રહ્યા. છતાં તે પાંચસો સાધુઓને લઈને વિહાર કરી શ્રાવસ્તી નગરીમાં તિંદુક ઉદ્યાનમાં યક્ષના ચૈત્યમાં રહ્યા. રૂક્ષ અને નિરસ આહારથી જમાલિને તીવ્રદાહ જ્વર ઉત્પન્ન થયો. તેની પીડાથી તે શરીરમાં બેસવાની કે ઉભા રહેવાની શક્તિ રહી નહિ. એક દિવસ સાધુઓને કહ્યું ''મારે માટે જલ્દી સંથારો કરો, જેથી હું સૂઈ જાઉ.'' તે સાંભળીને સાધુઓ સંથારો કરવા લાગ્યા. જમાલિને દાહજ્વર અધિક હોવાથી તરત પૂછ્યું કે સંથારો પાથર્યો કે નહિ? અર્ધો પથરાયેલો હોવા છતાં પણ ''હા'' પાથર્યો એવો જવાબ દીધો. જવાબ સાંભળી તરત સૂવા ગયો ત્યાં અર્ધો પથરાયેલો સંથારો જોયો અને ક્રોધ પામ્યો. ''क्रियामाणं कृतं'' એવું સિધ્ધાંતનું વચન તેના સ્મરણમાં આવ્યું. તે જ વખતે મિથ્યાત્વના ઉદયથી તેણે વિચાર્યું, ''क्रियामाणं कृतं, चलमानं चलितं'' ઈત્યાદિ ભગવાનનું વચન ખોટું છે. એમ આજ પ્રત્યક્ષ થયું. આ પ્રમાણે વિચારીને તે પોતાની કલ્પિત યુક્તિઓ સર્વ સાધુઓને સમજાવવા લાગ્યા. ત્યારે તેમના સ્થવિર સાધુઓએ તેમને કહ્યું કે ભગવાનના વચન સત્ય જ છે. તેમાં કાંઈપણ પ્રત્યક્ષ વિરોધ નથી. કેમકે ઘટાદિક કાર્યમાં અવાન્તર કારણો અને કાર્યો અસંખ્યાતા હોય છે. વળી હે જમાલિ! તમે સંથારો અર્ધો પથરાયેલો જોઈને ''સંથારો કર્યો જ નથી'' એ પ્રમાણે બોલ્યા તે અયોગ્ય જ છે. કેમ કે સંથારો અર્ધો પાથર્યો છે, એમ તો તમે પણ બોલ્યા, તે ન પાથર્યો હોય તો કેમ બોલાય. માટે પ્રથમથી જેટલા આકાશ પ્રદેશમાં સંથારો પાથરવા માંડયો તેટલા આકાશ પ્રદેશમાં તો તે પથરાઈ ગયો છે. આમ ઘણું સમજાવ્યું પણ તે ન સમજ્યા. ત્યારે તે સ્થવિર સાધુઓ તેમને છોડીને પ્રભુ પાસે ગયા, પણ સુદર્શનાએ તો જમાલિ પરના અનુરાગને લીધે તેનો મત કબૂલ કર્યો. અન્યદા સુદર્શના ઢંક નામના કુંભાર જાતિના શ્રાવકને ઘરે જઈ રહી હતી. ત્યાં ઢંકને પોતાનો મત સમજાવવા લાગી. એટલે ઢંકે તેને મિથ્યાત્વ પામેલી જાણીને કહ્યું કે, અમે તો કાંઈ એવી વાતોમાં સમજતા નથી. પછી એક દિવસ ઢંક શ્રાવક નિભાડામાંથી ઠામ કાઢતો હતો અને તે જ ઠેકાણે સુદર્શના સાધ્વીજી સ્વાધ્યાય કરતા હતા. તેને પ્રતિબોધ કરવા માટે ઢંકે અગ્નિનો એક અંગારો તેના વસ્ત્ર પર મૂકી દીધો. તેથી તે વસ્ત્રનો એક છેડો બળી ગયો. તે જોઈ સુદર્શના સાધ્વીજી બોલ્યા, ''હે શ્રાવક! તમો મારું વસ્ત્ર બાળી નાખ્યું'' ત્યારે ઢંક બોલ્યો ''અરે! બળતું હોય તે બાળ્યું કહેવાય, એવો તો શ્રી ભગવાનનો મત છે, તમે તો તેવું ક્યાં માનો છો? તમારા મતે તો આખું વસ્ત્ર બળી ગયું હોય ત્યારે જ બાળ્યું કહેવાય. હજુ તો તમારા વસ્ત્રનો એક જરા સરખો છેડો બળ્યો છે. માટે તમે બાળ્યું કેમ કહો છો? આ પ્રમાણેનું ઢંકનું વાક્ય સાંભળીને સુદર્શના બોધ પામી અને જઈને જમાલિને બોધ કરવા લાગી. પરંતુ તે તો જરા પણ બોધ ન પામ્યા તેથી ભગવાન પાસે ચાલી ગઈ.

જમાલિને પ્રભુના વાકય પર શ્રધ્ધા ન થઇ અને બીજાઓને પણ મિથ્યાત્વી કરવા લાગ્યો. અને મૃત્યુ સમયે પણ પાપકર્મનું પ્રાયશ્ચિત લીધા વિના એક માસનું અનશન કરીને લાંતક દેવલોકમાં તેર સાગરોપમના આયુષ્યવાળો કિલ્બિષી દેવ થયો. આ જમાલિનું ચરિત્ર શ્રી ભગવતી સૂત્રમાં વિસ્તારથી આપેલું છે.

શ્રી જિનેશ્વરે કહ્યું છે કે,''દેવ, તિર્યંચ અને મનુષ્યના ભવમાં પાંચ-પાંચ વાર ઉત્પન્ન થયા પછી તે જમાલિ ફરીને સમકિત પામી સિધ્ધિ સુખને પામશે.''

આ પ્રમાણે શ્રી વીરપ્રભુના પ્રાકૃત ચરિત્રમાં કહેલ છે,

''આ જમાલિનું ચરિત્ર સાંભળીને ભવ્યજીવોએ નષ્ટદર્શનીનો સંગ કરવો નહિ. એવો સંગ પ્રાપ્ત થયા છતાં પણ જેઓ ઢંક શ્રાવકની જેમ શ્રધ્ધાનો ત્યાગ કરતા નથી તેઓ સર્વ પ્રકારના સુખને પામે છે.''[22]

## સમકિતની ચોથી શ્રધ્ધા

### પાખંડી સંગવર્જન

शाक्यादीनां कुदृष्टीनां, बौद्धानां कूटवादिनाम्।
वर्जनं क्रियते भव्यैः, सा श्रद्धा स्यात्तुरीयका।। १।।

ભાવર્થ:-

''શાક્ય વગેરે કુદૃષ્ટિઓનું (મિથ્યાત્વીઓનું) બૌદ્ધોનું અને મિથ્યાભાષીઓનું વર્જન કરવું એ ચોથી શ્રધ્ધા કહેલી છે.''

શાક્યમતવાળાનો તથા અન્ય મિથ્યાદૃષ્ટિનો પણ સંગ વર્જવો. વળી કુદ્રષ્ટિ એટલે જેમનું દર્શન કુત્સિત છે-નિંદ્ય છે. તેવા કુદૃષ્ટિ ત્રણસોને ત્રેસઠ પ્રકારના હોય છે. આગમમાં તેના ભેદ આ પ્રમાણે દેખાડયા છે.

असियसय किरियाणं, अकिरियवाईण होइ चुलसी उ।
अन्नाणिय सत्तट्ठी, वेणइयाणं च बतीसं ।। १ ।।

''ક્રિયાવાદીના એકસોનેએસી ભેદ છે. અક્રિયાવાદીના ચોરાશી ભેદ છે. અજ્ઞાન વાદીના સડસઠ ભેદ છે. અને વિનયવાદીના બત્રીશ ભેદ છે. આમ કુલ ૩૬૩ ભેદ થાય છે.''[23]

કુદૃષ્ટિના સંગનો ત્યાગ કરવો, તથા બૌધ્ધ એટલે ક્ષણિકવાદી તથા મિથ્યાભાષી એટલે નાસ્તિકો, તેમનો સંગ શુધ્ધ બુધ્ધિવાળા ભવ્ય પ્રાણીઓએ સર્વથા પ્રકારે

તત્કાળ વર્જવો. તે ચોથી પાંખડીસંગ વર્જનરૂપ શ્રધ્ધા જાણવી.

જગતમાં દ્રવ્યો બે પ્રકારે છે. (૧) ભાવુક (૨) અભાવુક

**ભાવુકઃ-** સંગની અસર લેનારું. **અભાવુકઃ-** સંગની અસર નહિ લેનારું

કપડું જેમ કસ્તૂરીના સંગે સુગંધી બને તે ભાવુક કહેવાય. પાણીના સંગે પથ્થર એ પથ્થર જ રહે. જે ક્ષાયિક સમકિતીઓ છે. તેઓ શુભ ભાવની એવી દઢતા પામ્યા છે કે હવે મિથ્યાત્વીઓ વગેરેથી પણ ભાવિત થવાના નથી. તેઓ અભાવુક હોવા છતાં શુભ તત્ત્વમય હોવાથી પ્રંશસાપાત્ર છે.

અભવ્ય-દુરભવ્ય જીવો-માન્યતાની દ્રઢ પકડવાળા ગાઢ મિથ્યાત્વીઓ વગેરે પ્રાયઃ અભાવુક છે. એ અનંતીવાર પ્રભુવચનના શ્રવણ પછી પણ પોતાની દુર્બુધ્ધિ છોડતા નથી. મમત મુકતા નથી. સંસારરાગ સુકવતા નથી. આ બધા અભાવુક છે. અશુભ-નિંદનીય અભાવુકતા છે.

<u>**ભાવુક દ્રવ્યો બે પ્રકારેઃ-**</u> (૧) શુભથી ભાવિત થયેલા (૨) અશુભથી ભાવિત થયેલા મોટા ભાગના જીવો ભાવુક છે. સંગની અસર લઇ લેનારા છે. ક્ષયોપશમિક સમ્યક્ત્વ વારંવાર આવી શકે છે. ને જઇ શકે છે. આમ આવા સમ્યક્ત્વવાળા જીવો ભાવુક છે. અન્યદર્શનીઓનું મિથ્યાત્વ પ્રાયઃગાઢ હોય છે. તેથી તેઓ ભાવુક હોય તો પણ જલ્દી સમકિતીની અસર લેતા નથી. પણ સમકિતી એમની અસરથી મિથ્યાત્વ પામી જાય એ વધુ સંભવિત છે. કારણ કે જીવમાત્રનો મિથ્યાત્વને પામવાનો-પોષવાનો-પકડી રાખવાનો કાળ અનંતાનંત છે. ને સમ્યક્ત્વ પામવાનો-પકડવાનો કાળ છેલ્લો છેલ્લો ઘણો થોડો છે. તેથી ક્ષયોપશમિક સમકિતીને પણ મિથ્યાત્વના કારણભૂત કર્મો અને સંસ્કારો આત્મામાં પડેલા હોવાથી નિમિત્ત પામીને ફરી ઉદયમાં આવી જાય છે. ભાવુક દ્રવ્યસંગની અસર લીધા પછી અભાવુક બની જાય. ઘણા મિથ્યાત્વી ભાવુક જીવો સમ્યક્ત્વ પામ્યા પછી એમાં દ્રઢ બની જાય છે. પકડ માટે કારણ છે - કષાય. વિવેક માટે કારણ છે એજ કષાયોનો ક્ષયોપશમ કે ક્ષય. જેવો તીવ્ર ક્ષયોપશમથી દઢ વિવેકી બન્યા છે તેઓ પકડ વિનાના હોવા છતાં સમ્યક્ત્વ અંગે દ્રઢ હોય છે. પણ અનંતાનુંબંધી કષાયનો ક્ષયોપશમ થયો હોવાથી પકડ ઝનુનથી રહિત હોય છે. જો આપણી પાસે દઢ સમ્યક્ત્વ નથી. સાંભળેલી કે જોયેલી પણ એકાદ વાતથી દેવ-ગુરુ-ધર્મ અંગે વિપરીત કલ્પના કે શંકા જાગી જાય એવી ભૂમિકામાં છીએ, તો આપણા અણમોલ સમ્યક્ત્વ રત્નને ટકાવી રાખવા માટે આ ચોથી સદ્દહણા ખૂબ જરૂરી છે. એવા એકાંતવાદીઓ, શિથિલાચારીઓ, સાધુમાર્ગથી દૂર થયેલાઓ અને અન્યદર્શનીઓથી દૂર રહેવામાં જ ભલાઇ છે.

મિથ્યાત્વીઓના આક્રમક કે આકર્ષક પ્રચારમાં ભોળવાઈ જનારો સંમોહન વિદ્યાના પ્રભાવથી ઠગારાને પોતાનું દ્રવ્ય ધરી દે છે. એ જ રીતે પોતાનું સમ્યક્ત્વ ધરી દે છે. તેથી મહામૂલા, દુર્લભ, અલૌકિક-સમ્યક્ત્વ ટકાવવાની ઇચ્છા વાળાએ (૧) વારંવાર અનેકાંત દ્રષ્ટિથી તત્ત્વ શ્રવણ-વાંચન-ચિંતન કરી આત્માને સમ્યક્ત્વમાં સ્થિર કરવો.(૨) એવા સંવેગી, ગીતાર્થ ગુરુ ભગવંતના સતત સત્સંગથી એ સમ્યક્ત્વને દ્રઢ કરવું અને એ સમ્યક્ત્વ ઝુંટવાઈ ન જાય એ માટે (૩) જૈનમતના જ અવલંબને એકાંતવાદી બનેલા નિન્હવ વગેરે અને (૪) પરદર્શનકારોનો પડછાયો પણ લેવો જોઇએ નહિ. જો ભગવાનનું મળેલું શાસન અને એ પ્રત્યે પ્રગટેલી શ્રધ્ધા અમૂલ્ય, અણમોલ, બીજા કોઇપણ લૌકિક સાધન-સામગ્રી-સંપતિ વગેરેથી અનંતગુણ વધુ હિતકર લાગે. એના વિના તો ન જ ચાલે એવો રણકાર ઉભો થાય, તો જ આવી સાવધાનીઓ રાખવાનું મન થાય. નહિંતર તો આજના ભૌતિક વાદના-નાસ્તિકવાદના ધર્મ, ધર્મગુરુ, ધર્મસ્થાનોની નિંદાની ફેશનના કાળમાં સમ્યક્ત્વ મેળવવું અઘરું છે. ને ગુમાવી દેવું અત્યંત સરળ થઇ ગયું છે. આજના આ કાળમાં સમ્યક્ત્વ ટકાવવું ખૂબજ અઘરું છે. જો કે અશક્ય તો નથી જ. જો તમારું મન દ્દઢ છે. સમ્યક્ત્વ માટે બધું જ જતું કરવા તૈયાર છે. ''લોકો શું કહેશે'' એવી વિચારણા તરફ લઇ જતી લોકસંજ્ઞાથી મુક્ત છે. પક્ષપાતના સ્થાને સ્યાદ્દવાદને પ્રાધાન્ય આપનારું છે. મત કે વ્યકિતના રાગના બદલે ગુણાનુરાગ તરફ ઝુકેલું છે. તો સમ્યક્ત્વને વાંધો નહિ આવે.

સમ્યક્ત્વીની તો પ્રાર્થના હોય છે...ભગવન! મને આપનું એટલું ભરચક સ્મરણ આપો કે જેમાં જ ખોવાયેલા રહેતા મારા માટે બીજી બધી વાતોનું મરણ જ થઈ જાય. પછી ઓછા-વત્તાના, મારા-તમારાના, તર્ક-ટોણાના, મહેણા-અપમાનના, સારા-નરસાના, ખરા-ખોટાના, કોઈ પારખા-કોઈ ગણિત રહે જ નહિ. કોઈ નોંધ લેવાની રહે જ નહિ.[૨૪]

## કથાઃ- ઈંદ્રભૂતિ (ગૌતમસ્વામી)

''गुरु वीरं च संप्राप्य, इन्द्रभूतिर्गणाधिपः
जातः कुसंग त्यागेन, सद्धर्मकथने रतः'' ।। १ ।।

ઈન્દ્રભૂતિ (ગૌતમગણધર) મહાવીર સ્વામી ગુરુને પામીને કુંસંગનો ત્યાગ કરી સદ્ધર્મની પ્રરૂપણા કરવામાં આસક્ત થયા.''

શ્રી મહાવીરસ્વામી કેવળજ્ઞાન પામ્યા પછી અપાપા નગરીના મહસેન નામના ઉદ્યાનમાં સમવસર્યા, તે સમયે તે ગામના સોમિલ નામના બ્રાહ્મણને ઘરે યજ્ઞને માટે

અગિયાર વિદ્વાન બ્રાહ્મણો પોતાના શિષ્ય સહિત પધાર્યા હતા. તે સર્વે બ્રાહ્મણ પંડિતો કુલ ૪૪૦૦ હતા. તે સમયે શ્રી વીરપ્રભુને વાંદવા માટે આકાશમાર્ગે અસંખ્ય સુર-અસુર જતા હતા. પરંતુ પંડિતો તે જોઇ બોલ્યા કે, અહો! અમારા યજ્ઞમંત્રોના આકર્ષણથી આકર્ષાઇને આ દેવો સાક્ષાત અહીં આવે છે. પરંતુ દેવોને પ્રભુ પાસે જતા જોઇને તેઓ ખેદ પામ્યા. તેઓએ લોકોના મુખે એવું સાંભળ્યું કે આ દેવતાઓ સર્વજ્ઞને વાંદવા જાય છે. ત્યારે મુખ્ય બ્રાહ્મણ ઇન્દ્રભૂતિ હતો. તેણે વિચાર કર્યો કે ''અહો! હું એક જ સર્વજ્ઞ છતાં શું બીજો પણ કોઇ પોતાનું સર્વજ્ઞપણું પ્રસિધ્ધ કરે છે? કદાચ તે ધૂર્ત મૂર્ખ જનોને છેતરે છે. પણ અહો! આ ધૂર્તે તો દેવોને પણ છેતર્યા જણાય છે. પણ હું આને સહન કરી શકતો નથી. પ્રભુને વંદન કરી આવતા લોકોને પ્રભુ કેવા છે. તે પુછ્યું તો તેઓ બોલ્યા કે,

''यदि त्रिलोकी गणनापरा स्यात्तस्याः समाप्तिर्यदि नायुषः स्यात् ।
परे परार्ध्यं गणितं यदि स्याद् गणेय निःशेष गुणोऽपि स स्यात्'' ।। १।।

જો કદાચ ત્રણ જગતના જીવો તે ભગવાનના ગુણોની ગણના કરવા તત્પર થાય, તેમાં પણ તેમના આયુષ્યની સમાપ્તિ જ ન હોય, અને પરાર્ધથી પણ અધિક સંખ્યાના અંક હોય, તો તે ભગવાનના સમગ્ર ગુણોની ગણના કદાચ થઇ શકે!

આ પ્રમાણે સાંભળીને ઇન્દ્રભૂતિએ વિચાર્યું કે આ મહાધૂર્ત છે. હું સહન ન કરી શકું, તેથી ગર્વિષ્ઠપણાથી પોતાના પાંચસો શિષ્યસહિત સમવસરણ નજીક આવ્યા. સમવસરણમાં પહેલા પગથિયા પર ચડી પ્રભુને જોતા શંકા અને ભય લાગવા લાગ્યો. આ તો જરૂર છેલ્લા તીર્થંકર જ હોવા જોઇએ. ગૌતમ મનમાં વિચારવા લાગ્યા, મેં દુર્બુધ્ધિ એ જગદીશ્વરને જીતવાની ઇચ્છા કરી અને તે માટે અહીં આવ્યો. હું એની પાસે શી રીતે જઇ શકું? આ સમયે જન્મથી જ આરંભીને સેવન કરેલા શંકર મારું રક્ષણ કરો! પણ ત્રણ જગતના નાથ સામે અન્ય શું કરશે? આ પ્રમાણે તે વિચાર કરતો હતો. તેટલામાં ભગવંતે તેને બોલાવ્યો કે, ''હે ઇન્દ્રભૂતિ ગૌતમ! તમને સુખ સાતા વર્તે છે?'' તે સાંભળીને ગૌતમે વિચાર્યું કે ''અહો! શું આ મારું નામ પણ જાણે છે.? ત્રણ જગતમાં પ્રસિધ્ધ એવા મારા નામને કોણ ન જાણે? હું ધારું છું કે તે મારી સાથે વાદવિવાદ કરતા ડરે છે, હું એના આવા મિષ્ટ વચનથી સંતોષ નહિ પામું. જો એ મારા મનના સંશયને દૂર કરે તો હું તેને ખરો સર્વજ્ઞ સમજું.'' આ પ્રમાણે વિચારતા હતા ત્યાં ભગવાન બોલ્યા કે, હે ગૌતમ! જીવ છે કે નહિ? તે વિષે તમારા મનમાં સંશય છે. ચારે પ્રમાણથી જીવ ગ્રાહ્ય થઇ શકતો નથી. માટે જીવ છે જ નહિ એવું તમારું માનવું છે. પણ તે અસત્ય છે.

''विज्ञानघन એટલે જીવ આ પંચ મહાભૂત થકી ઉત્પન્ન થઇને પાછો તે પંચ

મહાભૂતમાં જ વિનાશ પામે છે. તેથી તેની પ્રેત્ય પરલોક સંજ્ઞા નથી.'' આવો જે અર્થ કરીને વેદમાં જીવનો અભાવ સિધ્ધ કરે છે. પણ તે અર્થ અયુક્ત છે. કેમકે વિજ્ઞાનઘનનો અર્થ જીવ નથી, પણ પાંચ ઇન્દ્રિયો છે. તેથી તેની પ્રેત્ય સંજ્ઞા નથી. (આ પદનું સર્વ યુક્તિઓ સહિત વ્યાખ્યાન શ્રી વિશેષાવશ્યકથી જાણી લેવું) તેમજ હે ગૌતમ! જેમ દૂધમાં ઘી છે, તલમાં તેલ છે, કાષ્ઠમાં અગ્નિ છે, પુષ્પમાં સુંગધ છે તથા ચંદ્ર જ્યોત્સ્નામાં અમૃત છે, તેમ જીવ પણ દેહમાં રહેલો છે. માટે જીવ છે. એમ સિધ્ધ થાય છે.

આ પ્રમાણે યુક્તિ યુક્ત જન્મ-મરણ રહિત એવા પ્રભુના વચન સાંભળીને ગૌતમનો સંશય દૂર થયો. તેથી તેણે પાંચસો શિષ્ય સહિત ભગવાનની પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી. અને પ્રભુના મુખે ત્રિપદીને પામીને તેમણે દ્વદશાંગીની રચના કરી. ગૌતમે દીક્ષા લીધાની વાત સાંભળી અગ્નિભૂતિ વગેરે બીજા દશ પંડિતો પણ અનુક્રમે ભગવાનની પાસે આવ્યા અને તેમના સંશયો દૂર થવાથી તે સર્વેએ પણ પોત પોતાના શિષ્યો સહિત દીક્ષા લીધી.

''હે ભવ્ય પ્રાણીઓ! આ ગૌતમ ગણધરનું ગુણોના મંદિર જેવું અને સર્વ સુખને આપનારું ચરિત્ર સાંભળો કે જેથી મિથ્યાદર્શનનો નાશ થાય અને મોક્ષ સુખને પ્રાપ્ત કરાવનારું સમ્યગ્‌દર્શન પ્રાપ્ત થાય.''[૨૫]

## અધિકાર બીજો ઢાળ-બીજી

ત્રણ લિંગ સમકિત તણા રે, પહેલો-શ્રુત-અભિલાષ,
જેહથી શ્રોતા રસ લહે રે, જેહવો-સાકર-દ્રાખ રે.
પ્રાણિ! ધરિયે સમકિત રંગ, જિમ લહિયે સુખ અભંગ રે! પ્રાણિ...૧૧

તરુણ:સુખી:સ્ત્રી-પરિવર્યો રે, ચતુરસુણે સુર-ગીત.
તેહથી રાગે અતિ-ઘણે રે, ધર્મ સુણ્યાની રીત રે...પ્રા...૧૨

ભૂખ્યો અટવી-ઉતર્યો રે, જિમ દ્વિજ ઘેબર ચંગ
ઇચ્છે, તિમ જે ધર્મને રે, તેહિ જ બીજું!લિંગ રે...પ્રા...૧૩

વૈયાવચ્ચ,ગુરુ-દેવનું રે, ત્રીજું! લિંગ, ઉદાર
વિદ્યા સાધક-તણી પરે રે, આળસ નવિય લગાર રે...પ્રા...૧૪

### ગાથાર્થ

પહેલું લિંગ શ્રુત-શાસ્ત્ર સાંભળવાની તીવ્ર ઇચ્છા, જે ઇચ્છાથી શ્રોતાને શાસ્ત્ર સાંભળવામાં ગળી ગળી સાકર અને દરાખ ખાવા જેવી મીઠાશ આવે. (૧૧)

એક તો પુરુષ હોયઃ યુવાન હોય, એટલું જ નહિ પણ તે ખુબ સુખી હોય, એટલું જ નહિ, પણ તેની રસિક પત્ની તેની સાથે હોય, એટલું જ નહિ, તે મૂર્ખો ન હોય, પણ ચતુર-સંગીતજ્ઞ હોય, એટલું જ નહિ, પણ તે સાંભળવાનું સામાન્ય ગીત ન હોય, પણ દિવ્ય-સંગીત સાંભળવાનું હોય. તે વખતે તેને તે સાંભળવામાં કેટલો બધો આનંદ આવતો હોય? તેના કરતાં યે પણ જે શ્રોતાને અત્યંત તીવ્ર ઇચ્છાથી ધર્મ શાસ્ત્ર સાંભળવામાં અત્યંત આનંદ આવે, તે શ્રુત-અભિલાષ-શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા પ્રથમ લિઙ્ગ કહેવાય...(૧૨)

એક તો તે પોતે ભૂખ્યો હોય, પાણી અને ફળાદિક વગરના અને કાંટા ઝાંખરાવાળા, પહાડી જંગલોમાંથી આવી ચડ્યો હોય, પાછો તે બ્રાહ્મણ હોય, અને પછી તેને સુંદર અને તાજાં ઘેબર મળી જાય, ત્યારે તેને તે ખાવાનું કેટલું બધું મન થાય? કેટલી બધી તે તે ખાવાની તેને ઇચ્છા થાય? તેવી રીતે જે સમક્તિી ભવ્ય જીવને ધર્મ પાળવાનું મન થાય, તે બીજું લિઙ્ગ સમજવું. (૧૩)

લગારે ય આળસ રાખ્યા વગર વિદ્યાના સાધકની માફક દેવ અને ગુરુની સેવા કરવી તે મહત્ત્વનું ત્રીજું લિંગ છે. (૧૪)

હે, ભવ્ય-પ્રાણીઓ! આ રીતે ત્રણ નિશાનીઓથી ઓળખી શકાય તેવો સમકિતનો રંગ એવી રીતે ધારણ કરો કે જેથી કરીને અભંગ એટલે કદી પણ નાશ ન પામે, તેવું મોક્ષ સુખ મેળવી શકો."[૨૬]

સમકિતના ત્રણ લિંગ વિશે ઉપદેશપ્રાસાદ ગ્રંથમાં આચાર્ય લક્ષ્મીસૂરિજી જણાવે છે કે,

शुश्रूषा भगवद्वाक्योः, रागो धर्मे जिनोदिते।
वैयावृत्यं जिनसाधौ, चेति लिंगं त्रिधा भवेत् ।। १।।

''શ્રી જિનેશ્વરના વાક્યને વિષે શુશ્રૂષા એટલે સાંભળવાની ઇચ્છા, જિનેશ્વરે કહેલા ધર્મને વિષે રાગ-પ્રીતિ અને જિનેશ્વર તથા સાધુઓનું વૈયાવૃત્ય એ ત્રણ સમકિતનાં લિંગ છે.''[૨૭]

## સમકિતનું પહેલું લિંગઃ શુશ્રૂષા

શ્રી હરિભદ્રસૂરિ શુશ્રૂષા અંગે જણાવે છે કે,

क्षारांभस्त्यागतो यद्वन्मधुरोदकयोगतः ।
बीजं प्ररोहमादत्ते तद्वत्तत्त्वश्रुतेर्नरः ।। १।।

ભાવાર્થ:- ''જેમ ખારા જળના ત્યાગથી અને મીઠા જળના યોગથી બીજ અંકુરિત થાય છે. તેમ તત્ત્વજ્ઞાનના શ્રવણથી મનુષ્ય જ્ઞાનને પામે છે - જ્ઞાનરૂપ અંકુર પ્રગટે છે.''[૨૮]

''ષોડશક ગ્રંથમાં શ્રુતજ્ઞાનનું પ્રથમ લિંગ શુશ્રૂષા બતાવ્યું છે. તેમાં મોહનીયના ક્ષયોપશમથી થતી શુશ્રૂષા પરમ છે, શ્રેષ્ઠ છે. આ શુશ્રૂષા પછી જે શ્રવણ થાય તે ગ્રહણ ધારણ વગેરેમાં પરિણમે છે. (૧)શ્રેષ્ઠ ગુરુભક્તિ (૨)શ્રવણની વિધિ સાચવવાનો પ્રયત્ન (૩)એ શ્રવણથી જાણવા મળેલી ક્રિયાઓ કરવામાં આદર-ઉલ્લાસ (૪)સૂત્ર-અર્થનો સ્પષ્ટ બોધ અથવા આત્મહિતના રહસ્ય પ્રગટ કરતા ગ્રંથોની પ્રાપ્તિ થવી. એવા ગ્રંથરહસ્યો ઉદ્‌ઘાટન કરતા ગુરુભગવંતનું સાંનિધ્ય મળવું. (૫)એમની પાસેથી એ રહસ્યો મળવા કે જેના આધારે પોતે પ્રમાણભૂત તત્ત્વના જ્ઞાનરૂપ શ્રેષ્ઠ ફળને પ્રાપ્ત કરે. આ પાંચ કાર્યો શુશ્રૂષાને કારણે થાય છે. પ્રવચનમાંથી જ સમતા-પ્રસન્નતા-હિતની કમાણી દેખાય છે. અને એ કમાણી પછી ઘરે-બજારેં-દુનિયામાં બનનારા દરેક પ્રસંગમાં સ્વસ્થતા-પ્રસન્નતાના લાભ કરાવી આપતી હોય છે, એને ભગવાનની વાણી સાંભળવાની તીવ્ર ઇચ્છા, અભિલાષા જાગે છે. અતૃપ્ત ઝંખના ઉભી થાય છે. પછી એ એમાં કંટાળતો નથી, પરંતુ દુનિયાભરથી કંટાળેલો તે આવા પ્રવચનોમાં જ સાતા પામે છે. આ શ્રવણ અભિલાષાના કારણે જે ગુરુ ભગવંતના મુખેથી બોલતા દરેક શબ્દને એ કાનથી પીતી વખતે જીભથી ખવાતા સાકર અને દ્રાક્ષથી પણ વધુ મીઠો સ્વાદ અનુભવે છે. સમ્યક્‌ત્વની જેણે અનુભૂતિ કરી છે તે જીવને ભલે કર્મોદયે મનને પ્રિય લાગતા વિષયો ગમતા હશે. પણ હૃદયમાં તો માત્ર શ્રેયોભૂત મોક્ષ અને એમાં કારણભૂત ઉપાયો. સમ્યક્‌ત્વના પ્રભાવે 'આત્મા અને દેહ જુદા છે' એ વાત એ સ્વીકારતો થયો છે. દેહને અને દેહ સાથે જોડાયેલા આ પાંચ ઇન્દ્રિયો અને મનના વિષયોથી આત્માનું અહિત થાય છે. એવાત પણ માનતો થયો છે. તેથી જ પાંચ ઇન્દ્રિયના વિષયો પ્રાપ્ત થાય ને કદાચ રસપૂર્વક ભોગવે, ત્યારે પણ એ વાત એ નિશ્ચય રીતે જાણે છે કે આ ગમતા વિષયો આત્મા માટે અહિતકર જ છે. તેથી જ અષ્ટક પ્રકરણમાં સૂરિપુરંદર હરિભદ્રસૂરિ મહારાજે સમકિતીને 'વિષયપ્રતિભાસ' જ્ઞાનથી ઉપર ઉઠેલોને કમસે કમ 'આત્મપરિણતિમત્‌' જ્ઞાનવાળો કહ્યો છે. ટૂંકમાં, મનને સારા લાગતા વિષયોમાં સારાપણું જ છે. એવું સંવેદન થાય, એ વિષય પ્રતિભાસવાળો છે, મિથ્યાત્વી છે. જેને 'મનને સારા લાગતા વિષયોમાં આત્મા માટે સારાપણું નથી' એવું સંવેદન થાય છે, છતાં વિષયો છોડી શકયો નથી, તેનું જ્ઞાન આત્મપરિણતિમત્‌ છે. અને જે આવા સંવેદનને અનુસરીને વિષયોને છોડી આત્મરમણતા તરફ આગળ વધે છે એનું જ્ઞાન તત્ત્વસંવેદન રૂપ છે. આ સાધુને હોય. બીજા જ્ઞાનવાળો અવિરત સમ્યક્‌ત્વી છે.

હે પ્રાણી! હે આત્મન્! તારે અખંડ, અભંગ, અનાશ્ય, દુ:ખથી અમિશ્રિત સુખ જોઈતું હોય તો મિથ્યાત્વનો કાળો રંગ છોડી સમ્યક્ત્વનો શ્વેત રંગ ધારણ કર. બાહ્ય ભાવો, દેહાદિક ભાવોથી અલિપ્ત થયેલો તું સમ્યગ્ જ્ઞાનના ઉજાશને પામીશ, સદ્ગતિના પ્રકાશને પામીશ, અધ્યાત્મભાવની પવિત્રતાને પામીશ. વિશિષ્ટ સાધના-આરાધનાના ઉલ્લાસને પામીશ. એ બાબત મુખ્યતયા પોતાના પુરુષાર્થ પર આધારિત હોવાથી પ્રાય:નિષ્ફળતા નહિ પણ સફળતા જ મળવાની હોવાથી વિશિષ્ટ પ્રસન્નતા પામીશ ને સ્વથી માંડી સર્વ જીવમાં શિવ દેખાવાથી તું આત્મમિત્રને સર્વમિત્ર બનવાથી પરમ મૈત્રીનો ધારક બનીશ.''[૨૯]

શ્રી અરિહંતે કહેલા વચનને સાંભળવાની ઈચ્છા નિરંતર રાખવી કેમ કે જિનવચન શ્રવણ કર્યા વિના કોઈપણ જ્ઞાનાદિક ગુણ પ્રાપ્ત થતો નથી. આગમમાં કહ્યું છે કે,

सवणे नाणे य विन्नाणे, पच्चक्खाणे य संजमे ।
अनिह्नए तवे चेव, वोदाणे अकिरियं निव्वाणे ।। १ ।।

શાસ્ત્ર શ્રવણ કરવાથી જ્ઞાન થાય, જ્ઞાનથી વિજ્ઞાન થાય, વિજ્ઞાનથી પચ્ચખાણ થાય. પચ્ચખાણથી સંયમ થાય, સંયમ વડે દોષ રહિત તપ થાય, તપથી ક્રિયા રહિતપણું પ્રાપ્ત થાય, પૂર્વ કર્મ નિર્જરે, નવા ન બાંધે અને ક્રિયારહિત થવાથી નિર્વાણ-મોક્ષ પ્રાપ્ત થાય.''[૩૦]

## શુશ્રૂષાના ગુણ ઉપર સુદર્શન શ્રેષ્ઠી તથા અર્જુન માળીનું દ્રષ્ટાંત:-

રાજગૃહ નગરમાં અર્જુન નામનો માળી અને તેને સુંદર યુવાવસ્થાથી મનોહર બન્ધુમતી નામે સ્ત્રી હતી. તેને પંચરંગી પુષ્પવાળો બાગ અને બાગની નજીક એક યક્ષનું દેવળ હતું. તેમાં હજાર પલનું લોઢાનું મુદ્ગર ધારણ કરીને ઉભેલી મુદ્ગરપાણિ નામના યક્ષની મૂર્તિ હતી જેની તે માળી પોતાની સ્ત્રી સહિત નિત્ય અર્ચા કરતો હતો. એકદા મહોત્સવના દિવસે છ પુરુષો યક્ષના દેવળમાં આવ્યા. ત્યાં આ બન્નેને અર્ચના કરવા આવતા જોઈ તેની સ્ત્રી માટે મલિન વિચાર આવ્યો અને છએ જણાએ અર્જુનમાળીને બાંધીને તેની સામે જ છએ જણાએ તેની સ્ત્રી સાથે વિલાસ કરવા લાગ્યા. આનાથી કોપાયમાન થયેલા અર્જુનમાળી મનમાં ને મનમાં યક્ષને ઉપાલંભ દેવા લાગ્યો તેથી કોપાયમાન થયેલા યક્ષે તેના દેહમાં પ્રવેશ કર્યો અને સર્વ બંધન તોડીને લોઢાના મુદ્ગર વડે બંધુમતી સહિત છયે પુરુષોને મારી નાંખ્યા. ત્યારપછી તે અર્જુનમાળીના શરીરમાં રહેલો યક્ષ હંમેશાં એક સ્ત્રી સહિત છ પુરુષોને મારતો નહિ ત્યાં સુધી શાંત થતો નહિ. આ અવસરે વીરપ્રભુ તે નગરમાં સમવસર્યા. તેમનું

આગમન સુદર્શન શ્રેષ્ઠીએ સાંભળ્યું તેથી પ્રભુના વચનામૃત પીવાની ઇચ્છાવાળા તેણે જિનેશ્વરને વાંદવા જવાની રજા માતા-પિતા પાસે માંગી. પરંતુ અર્જુનમાળીના ઉપસર્ગને કારણે માતા-પિતાએ ભાવથી પ્રભુને વંદન કરવાનું કહ્યું. પરંતુ સુદર્શન બોલ્યા, ''હે માત-પિતા! ત્રણ જગતના ગુરુ શ્રી જિનેન્દ્રના મુખથી ઉપદેશનું શ્રવણ કર્યા વિના મારે ભોજન કરવું પણ કલ્પે નહિ'' એ પ્રમાણે કહી સુદર્શન માતા-પિતાની રજા લઇ શ્રી વીરપ્રભુને વાંદવા ચાલ્યા. માર્ગમાં અર્જુનમાળીને દુરથી આવતો જોયો. એટલે તરત જ સુદર્શન શેઠ નમસ્કાર કરી ચાર શરણ અંગીકાર કરી, સર્વ પ્રાણીઓને ખમાવી, સાગારી અનશન કરી, ઉપસર્ગનો નાશ થયા પછી જ કાર્યોત્સર્ગ પાળીશ એમ નિશ્ચય કરીને કાર્યોત્સર્ગ કરવા બેસી ગયા. અર્જુનમાળી તેમની નજીક આવ્યો પરંતુ મંત્રની સામે તેની અંદર રહેલો યક્ષ તેમને પરાભવ કરવા શકિતમાન થયો નહિ. અને ભય પામીને પોતાનો મુદ્ગર લઇ તે યક્ષ અર્જુનમાળીના શરીરમાંથી નીકળી ગયો. યક્ષના પ્રવેશથી મુક્ત અર્જુનમાળી પૃથ્વી પર પડી ગયો. પછી થોડીવારે શુધ્ધિમાં આવ્યો ત્યારે સુદર્શન શ્રેષ્ઠીને જોયો. અર્જુનમાળીએ પૂછ્યું, તમે કોણ છો? કયાં જાઓ છો? શ્રેષ્ઠીએ કહ્યું કે, હું સુદર્શન નામે શ્રેષ્ઠી છું અને શ્રી વીરપ્રભુની દેશના સાંભળવા જાઉ છું. અર્જુન પણ તેમની સાથે ગયો. દેશના સાંભળી અર્જુનમાળીને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી ભગવાનની પાસે દીક્ષા લીધી અને અભિગ્રહ લીધો કે, ''હે વિભુ! આજથી આરંભીને મારે આપની આજ્ઞાથી છઠ્ઠ તપ કરવા વડે આત્માને ભાવતા છતા વિચરવું.'' સ્વામીએ તેને યોગ્ય જાણીને તેમ કરવાની આજ્ઞા આપી. અર્જુનમુનિ છઠ્ઠ છઠ્ઠનું તપ કરતાં વિચરવા લાગ્યા. પારણાને દિવસે ગોચરી માટે તે ગામમાં જતા ત્યારે તેને જોઇને લોકો કહેતા કે, ''આણે મારા પિતાને મારી નાંખ્યો છે.'' કોઇ કહેતું કે ''આણે મારી માતાને મારી નાંખી છે.'' એમ કોઇ ભાઇને, કોઇ બહેનને અને કોઇ સ્ત્રીને મારી નાંખવાનું કહી કહીને તે મુનિને ગાળો દેવા લાગ્યા. આક્રોશ કરવા લાગ્યા, મારવા લાગ્યા, નિંદવા લાગ્યા પણ તે મુનિ તેમના પર મનથી જરાપણ ખેદ પામ્યા વિના સર્વ ઉપસર્ગ સમ્યગ્ પ્રકારે સહન કરવા લાગ્યા. એમ કરતા કોઇ વખત પારણાના દિવસે કાંઇ આહાર મળતો તે મૂર્છા રહિતપણે વાપરતા. એ પ્રમાણે ઉદાર તપકર્મ વડે આત્માને ભાવતાં તે મુનિએ કાંઇક ઊણા છ માસ વ્યતીત કર્યા. અર્ધામાસની સંલેખના કરીને અંતકૃત કેવળી થઇને અનંત ચતુષ્ટયવાળા મોક્ષપદને પામ્યા. અને સુદર્શન શ્રેષ્ઠી પણ સ્વર્ગના સુખ પામ્યા.

''હે ભવ્ય જીવો! આગમનું શ્રવણ કરવામાં જેનું ચિત્ત આદરવાળું છે. એવા સુદર્શન શ્રેષ્ઠીનું આ ચરિત્ર સાંભળીને ધર્મનું શ્રવણ કરવામાં નિરંતર યત્ન કરવો.'' આ સંબધ અંતગડ દશાંગ સૂત્રમાં પણ કહેલું છે.[31]

# સમકિતનું બીજું લિંગ- ધર્મરાગ

રચનાકારે તો માત્ર 'ધર્મ' શબ્દ વાપર્યો છે. પરંતુ અહીં શ્રી સમ્યક્ત્વ સપ્તતિ ગ્રંથના ટીકાકારે પણ અવદ્યત્યાગરૂપ ધર્મ અહીં ઈષ્ટ ગણ્યો છે. અહીં બે ધર્મો આગળ બતાવ્યા છે. (૧) શ્રુતધર્મ (૨) ચારિત્રધર્મ. એમાં પ્રથમ લિંગમાં શ્રુતઅભિલાષ બતાવવા શ્રુતધર્મ અંગેની વાત થઈ. અહિંયા ધર્મ શબ્દથી ચારિત્રધર્મની વાત સમજવી ઉચિત છે.

શ્રુતઅભિલાષી સમ્યક્ત્વી પ્રવચન સાંભળે ત્યારે તેમાં વર્ણવેલા વૈરાગ્યને જ અમૃતતુલ્ય ગણી આનંદ અનુભવે છે. સમક્તિી આત્માને પરમ શુધ્ધ સુખમય સ્વરૂપવાળા મોક્ષતત્ત્વ અંગે માત્ર શ્રધ્ધા નથી પણ મેળવવાની તીવ્ર તમન્ના પણ હોય છે. એ જાણે છે કે ભાવથી ચારિત્રના સ્પર્શ વિના મોક્ષ નથી. આ ભાવચારિત્ર પામવા, ટકાવવા, વિશુધ્ધ કરવા વ્યવહારચારિત્રને પણ અત્યંત જરૂરી ગણે છે. એ સમ્યક્ત્વની અનુભૂતિથી, ગુરુભગવંતના ઉપદેશથી, પરમાત્માના અનુગ્રહથી એટલું જાણી ચૂકયો છે કે આ બધા દુઃખ, પાપ, જંજાળ, પળોજણ ઉપાધિઓથી આ ભવમાં જ છૂટવું હોય તો ચારિત્રધર્મ પામ્યા વિના છૂટકો નથી. અને ચારિત્રધર્મ જ મને મોક્ષ આપી શકશે. એક બાજુ પાપત્યાગ રૂપ ચારિત્રધર્મની તીવ્ર ભાવે ઇચ્છા તો બીજી બાજુ જેટલો પણ પાપત્યાગ-નિયમથી શક્ય બને એટલો કરી જ લે છે. ગમે તેવી આપત્તિમાં, કષ્ટમાં, પીડામાં પણ હવે એ કરેલા પાપત્યાગને પડતો મૂકી પાપમાર્ગે આગળ વધતો નથી. એક દૃષ્ટાંત આવે છે કે, પૂર્વના અશાતા વેદનીય-પાપકર્મના ઉદયથી અનેક રોગથી ઘેરાયેલો બ્રાહ્મણ પુત્ર જૈન સાધુ પાસે શ્રાવકધર્મ પામી સંકલ્પ કરે છે કે, ''શરીરના સ્વાસ્થ્ય માટે કોઈ પણ પ્રકારની સાવદ્ય ચિકિત્સા નહિ કરાવું.'' એની પરીક્ષા કરવા વૈદરૂપે દેવ આવે છે. સાવદ્ય ચિકિત્સા બતાવી એનાથી અવશ્ય રોગમુક્તિ થશે તેની ખાતરી આપે છે. તે જરાપણ તે તરફ આકર્ષાતો નથી. ઘણા સ્વજનો અપવાદ વગેરેનું નામ આપી ચિકિત્સા માટે ઉશ્કેરવા પ્રયત્ન કરે છે. પણ એ મક્કમ છે. એના મનની મક્કમતાથી પ્રસન્ન થયેલા વૈદ પોતાનું દેવરૂપ પ્રગટ કરી, દૈવી પ્રભાવથી શરીર રોગમુક્ત કર્યું. ત્યારથી એ આરોગ્યદ્વિજ તરીકે પ્રસિધ્ધ થાય છે.

શ્રી હરિભદ્રસૂરિ મહારાજે યોગબિંદુમાં કરેલા વર્ણન મુજબ વિષય-ભોગી કામાસક્ત જીવને ઉત્કૃષ્ટ રૂપસુંદરી અને અત્યંત પ્રિયતમા એવી સ્ત્રીના ભોગની જે કામના હોય, તેથી પણ અત્યંત પ્રકર્ષ પામેલો રાગ આ સમક્તિીને ચારિત્રધર્મ માટે હોય. અવિરતિના ઉદયાદિ કારણથી એ ચારિત્રધર્મ અંગીકાર ન કરી શકે, તો પણ તીવ્ર ઈચ્છા તો ચારિત્રધર્મ અંગે જ હોય છે.[૩૨]

# ચિલાતી પુત્રનું દ્રષ્ટાંત

तीव्रेण धर्मरागेण, अघं दुष्टमपि स्फुटम्।

चिलाति पुत्र वत्सद्यः क्षयीकुर्वन्ति देहिनः ।। १।।

ભાવાર્થ:- પ્રાણીઓ ચિલાતી પુત્રની જેમ દુષ્ટ પાપનો પણ ધર્મ ઉપરના તીવ્ર રાગ વડે તત્કાળ ક્ષય કરે છે.

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં યજ્ઞદેવ નામે બ્રાહ્મણ જે જૈનધર્મની નિંદા કરતો હતો. એકવાર ક્ષુલ્લક જૈન મુનિએ તેને બોલાવ્યો અને વાદ કરવાનું કહ્યું પણ તે વખતે તે બ્રાહ્મણે શરત મૂકી કે ''મને જે જીતે તેનો હું શિષ્ય થાઉ.'' વાદ કરતા સાધુએ તેને જીતી લીધો. તેથી તેણે ભાવ વગર શિષ્ય થયો. એકવાર શાસન દેવતા એ સાધુને ચારિત્રમાં સ્થિર થવાનો ઉપદેશ કર્યો. તેથી ધીરે ધીરે ચારિત્રમાં સ્થિર થયો પરંતુ તેની સ્ત્રી તેના પરથી પ્રીતિને છોડી શકી નહિ. તેથી તેને વશ કરવા કામણ કર્યું. તેથી શરીરે પીડા પામતા તે બ્રાહ્મણ મુનિ શુધ્ધચારિત્રનું પાલન કરતા કાળ કરીને દેવતા થયો. તે બ્રાહ્મણ સ્ત્રી પતિનું મરણ થયેલું જાણી વૈરાગ્ય ઉત્પન્ન થવાથી ચારિત્ર ગ્રહણ કરી સ્વર્ગે ગઇ. તે બ્રાહ્મણદેવ આયુષ્ય પૂર્ણ થયે ચવીને રાજગૃહ નગરમાં ધના શ્રેષ્ઠીની ચિલાતી દાસીના પુત્ર રૂપે ઉત્પન્ન થયો. લોકોમાં તે ચિલાતી પુત્રથી પ્રસિધ્ધ થયો. તેની સ્ત્રી સ્વર્ગમાંથી ચવીને ધના શ્રેષ્ઠીના પાંચ પુત્રો ઉપર સુસુમા નામની પુત્રી થઇ. ધના શ્રેષ્ઠીએ પુત્રીને રમાડવા માટે ચિલાતી પુત્રની યોજના કરી. એકવાર ચિલાતી પુત્રને સુસુમા સાથે અસભ્ય ક્રીડા કરતો જોઇને ધના શેઠે તેની કાઢી મૂકયો. તે સિંહગુહા નામની ચોરની પલ્લીમાં જઇને રહ્યો. પલ્લીપતિએ અવસાન સમયે તેને પુત્ર પણે સ્થાપીને પલ્લીપતિ બનાવ્યો. ત્યાં કામદેવના શસ્ત્રથી પીડા પામતો ચિલાતી પુત્ર સુસુમાનું વારંવાર સ્મરણ કરવા લાગ્યો. એકદા તે પાપીએ સર્વચોરોને કહ્યું કે,''હે ચોરો! આપણે આજે રાજગૃહ નગરમાં ધનાશેઠને ઘરે ચોરી કરવા જઇએ. ત્યાંનું ધન સર્વે તમારે લેવું અને તેની પુત્રી સુસુમા મારે લેવી.'' એ રીતે અવસ્વાપિની આપીને સર્વ ચોરો ધન તથા ચિલાતી પુત્રી સુસુમાને લઇ નીકળ્યા. થોડીવારમાં શ્રેષ્ઠી જાગી જવાથી તે પોતાના પાંચે પુત્રો સહિત નગરના કોટવાળ વગેરેને સાથે લઇને પાછળ ચાલ્યા. સર્વ ચોરો પાછળ આવતા જાણી ભય પામી ધન છોડી ભાગી ગયા. ધનાશેઠ પુત્ર સહિત સુસુમાની શોધમાં આગળ ચાલ્યા. તે લોકોને તલવાર સહિત આવતા જાણી ચિલાતી પુત્ર ખડ્ગ વડે સુસુમાનું મસ્તક કાપી ધડ નીચે નાંખી દઇ, મસ્તક હાથમાં રાખીને ઉતાવળો નાસી ગયો. ચિલાતી પુત્ર હાથમાં મસ્તક લઇ દોડતો હતો અને મસ્તકમાંથી નીકળતા લોહી વડે તેનું આખું શરીર લેપાયું હતું. તેણે એક મુનિને કાર્યોત્સર્ગે રહેલા જોયા. તેને જોઇ ચિલાતી પુત્રે કહ્યું, ''હે મુનિ!

મને જલદી ધર્મોપદેશ આપો, નહિ તો ખડ્ગ વડે તમારું મસ્તક હું છેદી નાંખીશ.'' મુનિએ યોગ્ય પાત્ર જાણીને સંક્ષેપમાંજ ''ઉપશમ, વિવેક અને સંવર.'' ત્રણ પદ કહીને નવકારમંત્ર બોલતા તે ઉડી ગયા. મુનિ કહેલા પદો સાંભળી ચોરપતિ વિચાર કરવા લાગ્યો, ઉપશમ એટલે ક્રોધની શાન્તિ, તે વિચારીને ક્રોધના ચિન્હભૂત ખડ્ગ નાંખી દીધું. ફરી વિચાર વિવેક પદ એટલે શું અર્થ વિચાર્યો, ''કૃત્યને વિષે પ્રવૃતિ કરવી અને અકૃત્યને વિષે નિવૃત્તિ કરવી'' તે વિવેક દુષ્ટતાના સૂચક સ્ત્રી મસ્તકનો ત્યાગ કર્યો. પછી સંવર એટલે ''પાંચે ઈન્દ્રિયો અને મનનો નિરોધ કરવો.'' એમ વિચારી મુનિ જ્યાં ઉભા હતા તે જ સ્થાને મુનિની જેમ કાર્યોત્સર્ગ કરીને ઉભા રહ્યા. અને પ્રતિજ્ઞા કરી કે, ''જ્યાં સુધી મને સ્ત્રીહત્યાનું પાપ સ્મરણમાં આવે ત્યાં સુધી મારો દેહ હું વોસિરાવું છુ.'' હવે ભાવ મુનિ થયેલા ચિલાતી પુત્રનું શરીર રુધિરથી વ્યાપ્ત હતું. તેથી તેની ગંધથી અસંખ્ય કીડીઓ એકઠી થઈ અને તેનું શરીર ચાલણી જેવું કરી નાંખ્યું. આ રીતે અઢી દિવસ મહાતીવ્ર વેદનાને સહન કરતાં છતાં તે ધ્યાનથી ચલિત થયા નહિ. પ્રાંતે આયુષ્ય પૂર્ણ થવાથી મહાત્મા મૃત્યુ પામીને આઠમા દેવલોકમાં દેવતા થયા.

'હે, ભવ્યપ્રાણીઓ! સદ્વાકયના અર્થને બુધ્ધિપૂર્વક વિચારીને ચિલાતી પુત્રે મોટાં પાપોનો નાશ કર્યો. તેવી રીતે તમે પણ આસ્રવનો ત્યાગ કરી મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત કરશો.''[33]

## સમકિતનું ત્રીજું લિંગ-વૈયાવૃત્ય

''वैयावृत्यं जिने साधौ, चेति लिंग त्रिधा भवेत्''

'જિન 'એટલે રાગાદિક અઢાર દોષનો જય કરનારા તે દેવ, અને તત્ત્વને પ્રકાશ કરનારા તેમજ પાંચ પ્રકારના આચાર પાળવામાં તત્પર 'સાધુ' તે ગુરુ. તેમાં જિનેશ્વરની દ્રવ્યપૂજા તથા ભાવપૂજા વડે વૈયાવૃત્ય કરવી અને ગુરુની અશનપાનાદિક વડે 'વૈયાવૃત્ય'એટલે સેવા અવશ્ય કરવી.[34]

દસવૈકાલિક ગ્રંથમાં કહ્યું છે કે ''અત્યંત સુખમાં ઉછરેલા રાજકુમારો પણ વિદ્યા મેળવવાના આશયથી વિદ્યાગુરુ ગમે તેટલા કષ્ટ, પીડા આપે પણ તે સહન કરી લે છે. અપ્રમતપણે ગુરુદેવને રીઝવવા પ્રયત્ન કરે છે. ને વિદ્યાપ્રાપ્ત થયા પછી ગુરુદેવને અત્યંત બહુમાન પાત્ર તરીકે સ્વીકારે છે.'' વિદ્યાસાધક કે અમુક વિદ્યા ગુરુગમથી જ પ્રાપ્ત થાય એ વિના નહિ. કેટલીક વિદ્યા એવી છે કે ગુરુગમ વિના ગુરુની મરજી વિના ભણી લેવાથી વિશેષ નુકશાનકારી નીવડે છે. ગુરુ પાસે ભણે અને ગુરુની સેવા નહિ કરનારની વૈનયિક બુધ્ધિ ખીલતી નથી. જે ગુરુ પાસે ભણે, જે ગુરુનું

શિષ્યત્વ સ્વીકારે, એ ગુરુપ્રત્યે દ્વેષ દુર્બુધ્ધિ રાખનારો કુલવાલક મુનિની જેમ છેવટે વૈશ્યા વગેરેથી પતન પામે છે.

અનુયોગદ્વાર સૂત્રમાં, કોઈપણ ગ્રંથ-સૂત્રના અનુયોગ દ્વારા વિશિષ્ટ અર્થો પામવા માટે ચાર દ્વાર બતાવ્યા છે. ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય. એમાં ઉપક્રમ નામના દ્વારમાં એ જ મુદ્દા પર ભાર છે. કે શિષ્ય વિનય-સેવાથી ગુરુને એવી રીતે પ્રસન્ન કરે કે, જેથી જે ગ્રંથનો અભ્યાસકાળ દૂર હતો. એ પ્રસન્ન થયેલા ગુરુ પાસેથી વહેલો ભણવા મળે. જે અર્થો સામાન્યથી ગુરુ પ્રગટ કરવાના ન હતા, તે અર્થો ગુરુએ વિનીત શિષ્ય આગળ પ્રગટ કરે. એ ગુરુ-ઉપનિષદ્ બને છે.

પ્રભુ વીરને પાંચ મહિના અને પચ્ચીસ દિવસના ચૌવિહારા ઉપવાસનું ચંદનબાળા એ અડદના બાકળા વહોરાવી પારણું કરાવીને, વૈયાવચ્ચના પ્રભાવે પ્રભુ પાસેથી દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ મોક્ષ સાધક વિદ્યા મેળવીને પ્રભુના પ્રથમ સાધ્વી થઈ મોક્ષે ગયા.[૩૫]

ગુરૂતત્ત્વ પણ સામાન્ય જનો માટે અનંત ઉપકારી બને છે. જેમકે પ્રભુ વીરના ૨૭ ભવની નયસારના ભવથી શરૂ થઈ તે પહેલાંના અનંત ભવોની ગણતરી જ નથી. આ તો ભુલા પડેલા સામાન્ય સાધુઓની ભક્તિ અચાનક જંગલમાં કરી, તે ગુરૂઓ પાછા ફરી નહિ પણ મલ્યા હોય છતાં સમકિતનું બીજ રોપી ગયા. અથવા એક જ ચિનગારીનો પ્રકાશ પાથરી ગયા. એ વૈયાવચ્ચ ગુણના કારણે નયસાર સમકિત મેળવી શક્યા. આ સમકિત બજારૂ કે સસ્તી વસ્તુ નથી. યુગલિક ભવોમાં 'દેવ-ગુરુ-ધર્મ' નથી. દેવ ભવોમાં પણ નથી ને તિર્યંચોમાં ય નથી, હવે રહ્યો 'સદ્ગુરુનો સુયોગ' ને તેની સુવર્ણ પળો. એ ગુમાવનાર મૂર્ખ નહિ, પણ મહામૂર્ખ ગણાશે. એટલે જ નવકારના પાંચ પરમેષ્ઠિમાં બહુમતી દેવની ૪૦ ટકા ને ૬૦ ટકા તો ગુરુઓની જ છે. તો કોઈ ગતિઓમાં ભમતાં ભમતાં જો કોઈ કેવળીનો ધક્કો પણ લાગે, તોય જીવની બુધ્ધિ સુધરી જાય, મિથ્યાત્વ ભાગી જાય.૩૬

શ્રી હરિભદ્રસૂરિજી મ. વૈયાવચ્ચના સંદર્ભમાં કહે છે કે,

पूयाईए जिणाणं गुरुण विस्सामणाइए विविहे।
अंगीकारो नियमो वेयावच्चे जहासती।।[३७]

અર્થઃ- સમકિતી જીવ પોતાની શક્તિનું અતિક્રમણ કર્યા વિના દેવ-ગુરુ આદિની સેવા બહુમાન પૂર્વક કરે છે. વૈયાવચ્ચ એ ફક્ત બાહ્ય સેવા નથી પરંતુ અભ્યંતર તપ છે. તેમાં સમર્પણ ભાવની મુખ્યતા છે. સમકિતી જીવને દેવ-ગુરુની સેવામાં કંટાળાનો ભાવ ન હોય પણ ઉમળકો હોવો જોઇએ.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે,

नाणं च दंसणं चेव चरितं च तवो तहा।

एस मग्गुत्तिव पन्नतो, जिणेहिं वरदंसिहिं।। [38]

અર્થઃ- જિનેશ્વર ભગવંતોએ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ મોક્ષમાર્ગ પ્રરૂપ્યો છે. વૈયાવચ્ચ એ આભ્યંતર તપ છે. જે આત્માને જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ પ્રત્યે બહુમાન હોય તેજ દેવ-ગુરુની સેવા કરી શકે.

વૈયાવચ્ચનું ફળ દર્શાવતા શ્રી ઉતરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે,

વૈયાવચ્ચ કરવાથી જીવ તીર્થંકર નામ કર્મનો બંધ કરે છે.

## વૈયાવચ્ચ માટે નંદિષેણનું દ્રષ્ટાંતઃ-

वैयावृत्यं वितन्वानः, साधूनां वरभावः।

बध्नाति तनुमान्नन्दिषेणवत् कर्म सुन्दरम्।।

શ્રેષ્ઠ ભાવથી સાધુઓની વૈયાવચ્ચ કરનાર પ્રાણી નંદિષેણ મુનિની જેમ શુભ કર્મને બાંધે છે.

નંદીગ્રામમાં સોમિલ નામના બ્રાહ્મણને સોમિલા નામની સ્ત્રીથી નંદિષેણ નામનો પુત્ર થયો. બાલ્યાવસ્થામાં જ તેનાં મા-બાપ મરણ પામ્યા હતા. તે કદ્રૂપો હતો. સ્વજનોએ તજી દીધો હતો. તેથી તે મામાના ઘરે જઇ દાસકર્મ કરવા લાગ્યો. કદ્રૂપો હોવાથી તેને કોઇએ કન્યા આપી નહિ, તેથી બહુખેદ પામેલાને મામાએ કહ્યું, તને મારી સાત કન્યામાંથી એક આપીશ. મામાએ પુત્રીઓને નંદિષેણ સાથે પરણવાનું કહ્યું, ત્યારે તે સર્વ બોલી કે 'અમે ઝેર ખાઇશું પણ નંદિષેણને અંગીકાર નહિ કરીએ.' તે સાંભળીને તેનો મામો નિરુપાય થયો. ખેદ પામેલ તે મરવા તૈયાર થયો. તેવામાં નજીકમાં કાર્યોત્સર્ગે રહેલા એક મુનિએ દીઠો. તેથી તેને તેમ કરતો અટકાવી સર્વ વૃતાંત સાંભળ્યું. મુનિએ તેને પ્રતિબોધ કર્યો અને ચારિત્રધર્મ સમજાવ્યો. તે સાંભળીને તેણે તરતજ તે મુનિની પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ગુરુ પાસે વિનયપૂર્વક ધર્મશાસ્ત્રોનું પઠન કરતાં તે ગીતાર્થ થયા. તે નંદિષેણ મુનિએ અભિગ્રહ કર્યો કે,"મારે નિરંતર છઠ્ઠ તપ કરીને પારણાના દિવસે વૃધ્ધ, ગ્લાન અને નાના સાધુઓની વૈયાવચ્ચ કરીને પછી આયંબિલ કરવું." આ રીતે અવિચ્છિન્ન અભિગ્રહ પાળતાં ઈન્દ્રે પોતાની સભામાં આ મુનિ વિષે પ્રશંસા કરી. તેથી અવિશ્વાસ આવતા બે દેવ પરીક્ષા કરવા માટે તેની પાસે આવ્યા. એક દેવતા ગ્લાન સાધુનું રૂપ ધારણ કરીને ગામ બહાર રહ્યો, અને બીજો સાધુ દેવ સાધુને રૂપે નંદિષેણ પાસે આવ્યો. તે

વખતે નંદિષેણ મુનિ છઠ્ઠનું પારણું હોવાથી પચ્ચક્ખાણ પારીને ભોજન કરવા બેસતા હતા, તેવામાં પેલા દ્રવ્ય સાધુએ ભાવ સાધુને કહ્યું કે,''અરે નંદિષેણ! તારો અભિગ્રહ કયાં ગયો? આ નગરની બહાર એક ગ્લાન સાધુ અત્યંત તૃષાક્રાંત પડેલા છે. તેનું વૈયાવૃત્ય કર્યા વિના ખાવા કેમ બેસે છે? તે સાંભળીને નંદિષેણ મુનિ પોતાનું ભિક્ષાપાત્ર બીજા મુનિ પાસે મૂકીને ગ્લાન સાધુ માટે પ્રાસુક જળ લેવા નીકળ્યા. પેલા દેવતાએ દેવશક્તિ વડે સર્વ ઘેર પાણી અનેષણીય કરી મૂકેલું હોવાથી નંદિષેણ મુનિને ઘણા ઘેર ફરવું પડયું. છેવટ એક ઘેરથી તેને શુધ્ધ જળ મળ્યું. તે લઇને પેલા સાધુ સાથે નંદિષેણ ગામ બહાર ગ્લાન સાધુ પાસે ગયા. તે ગ્લાન સાધુને અતિસારનો વ્યાધિ થયેલો હતો તેથી તેનું શરીર નંદિષેણ ધોવા લાગ્યા. તે વખતે તે દેવે અત્યંત દુર્ગંધ વિકુર્વી, પરંતુ નંદિષેણ તેથી ખેદ ન પામતાં વિચાર કરવા લાગ્યા કે, ''અહો! કર્મની ગતિ વિચિત્ર છે. તે કોઇને છોડતું નથી.'' એમ શુધ્ધ ભાવના ભાવતાં તે ગ્લાન સાધુને પોતાની ખાંધ પર ઉપાડીને તે ઉપાશ્રય તરફ ચાલ્યા. માર્ગમાં તે ગ્લાન સાધુએ વારંવાર નિહાર કરીને નંદિષેણનું આખું શરીર વિષ્ટાથી લીપી દીધું. તથાપિ નંદિષેણે જરા પણ દુગંછા ન કરી, અને તેને તેવી સ્થિતિમાં ઉપાશ્રયે લાવીને વિચારવા લાગ્યા કે, ''અરે! આ સાધુને હું કેવી રીતે રોગ રહિત કરીશ?'' એમ વિચારીને તે પોતાના આત્માની નિંદા કરવા લાગ્યા. આવી એની ભાવના જોઇને બન્ને દેવો પ્રત્યક્ષ થયા અને તેમને વંદન કરી, ક્ષમા માંગી, સુંગધીજળ, પુષ્પની વૃષ્ટિ કરી પ્રશંસા કરતા સ્વર્ગે ગયા. આ રીતે નંદિષેણ મુનિએ બાર હજાર વર્ષ સુધી તપસ્યા કરી એમ નેમચરિત્રમાં કહ્યું છે. છેવટે મુનિએ અનશન ગ્રહણ કર્યું. તે વખતે કોઇ ચક્રવર્તી રાજા પોતાના સર્વ અન્તઃપુર સહિત તેને વાંદવા આવ્યા. તે ચક્રવર્તીની અત્યંત સ્વરૂપવાન સ્ત્રીઓને જોઇને પોતાની પૂર્વ સ્થિતિનું સ્મરણ થતાં તે મુનિએ ''આ તપસ્યાના પ્રભાવથી હું સ્ત્રી વલ્લભ થાઉં'' એવું નિયાણું કર્યુ. તે મુનિ કાળધર્મ પામીને સાતમા મહાશુક્ર દેવલોકમાં દેવતા થયા. ત્યાંથી તે જીવ અંધક વૃષ્ણી રાજાની સુભદ્રા રાણીનો દશમો વસુદેવ પુત્ર થયો. પૂર્વના નિયાણાના કારણે તે નગરમાં નીકળતો તો સર્વસ્ત્રીઓ ગૃહકાર્ય મૂકીને તેની પાછળ જ ભમતી હતી. તેથી રાજાએ તેને રાજગઢમાં રહેવા આજ્ઞા કરી. એકદા સર્વ વૃતાંત ખબર પડી કે તેમને રાજગઢમાં કેમ આજ્ઞા કરી છે. કારણ કે નગરની સ્ત્રીઓ તેમને જોઇ પોતાના ગૃહકાર્ય મૂકી દેતા હતા. પોતાનું અપમાન જાણી રાજ્ય છોડી દેશાંતર ચાલ્યા ગયા. ત્યાં બહોતેર હજાર વિદ્યાધર વગેરેની કન્યાઓને પરણ્યા. એકવાર રોહિણીના સ્વયંવરમાં સમુદ્રવિજય તથા વસુદેવ (કુબ્જના રૂપે) ત્યાં આવ્યા. રોહિણી વસુદેવને મૂળ સ્વરૂપે જોતી હોવાથી વરમાળા તેમને પહેરાવી. ત્યારે ક્રોધિત સમુદ્રવિજય વામન સાથે યુધ્ધ કરવા તૈયાર થયા. ત્યારે વસુદેવે

મોટાભાઈને પોતાની ઓળખાણ આપી. ત્યારે સમુદ્રવિજયે વસુદેવને રોહિણી પરણાવી નગરમાં લઈ ગયા. આ રીતે સમય જતા રોહિણી એ બળરામને જન્મ આપ્યો. આયુ પૂર્ણ થયે વસુદેવ મૃત્યુ પામી સ્વર્ગે ગયા. આમ વૈયાવૃત્ય નામના લિંગને વિષે નંદિષેણમુનિ રાજાઓને પણ પ્રશંસા કરવા લાયક પદવીને પામીને છેવટે મોક્ષસુખને પામ્યા.[૩૯]

અહિંયા દેવ-ગુરુની વૈયાવચ્ચની વાત બતાવવામાં આવી છે. દેવ-ગુરુની ભક્તિ કેવી હોય? કોઈ વિદ્યાસાધક વિદ્યા મેળવવા માટે સાધનામાં બેસે તો કેવી એકાગ્રતા પૂર્વક તે બેસે. મંત્ર બરાબર યોગ્ય રીતે બોલાય છે કે નહિ, તેનું બરાબર ધ્યાન રાખે. તેની દરેક વિધિનું ધ્યાન રાખે. તે જ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ પણ દેવ-ગુરુની સેવામાં ધ્યાન રાખે. દેવની વૈયાવચ્ચ-ત્રિકાળ દેવપૂજા, દેવ વંદન, પરમાત્માની ભક્તિનાં બધાં જ અનુષ્ઠાન આજ્ઞાપૂર્વક અને વિધિપૂર્વક કરે. સાતક્ષેત્રનો વહીવટ પણ કાળજીપૂર્વક કરે. મા બાળકને વાત્સલ્યથી નવડાવે તેના કરતા અનેક ઘણી કાળજીથી પ્રભુનો પ્રક્ષાલ કરે. વૈયાવચ્ચ કરનારો ૨૪ કલાક સેવાની તક શોધતો ઉભો હોય. જે પણ કરે તે વિધિપૂર્વક, કાળજીપૂર્વક, ઉપયોગપૂર્વક, ભાવપૂર્વક કરે.[૪૦]

## અધિકાર ત્રીજો-ઢાળ ત્રીજી

### દશપ્રકારનો વિનય

અરિહંત તે જિન વિચરતાજી, કર્મ ખપી હુવા સિધ્ધ:
ચેઈય જિનપડિમા કહીજી, સૂત્ર સિધ્ધાંત પ્રસિધ્ધ.
ચતુરનર! સમજો વિનય પ્રકાર
જિમ લહિયે સમકિત-સાર. ચતુ.૧૫

ધર્મ ખિમાડડદિક ભાખિયોજી, સાધુ તેહના રે ગેહ.
આચારજ આચારનાજી, દાયક નાયક જેહ. ચતુ. ૧૬

ઉપાધ્યાય તે શિષ્યને જી, સૂત્ર ભણાવણ હાર
પ્રવચન સંઘ વખાણિયેજી, દરિસણ સમકિત સાર. ચતુ.૧૭

ભગતિ બાહ્ય-પ્રતિપત્તિથી જી, હૃદય-પ્રેમ બહુમાન:
ગુણ-થુતિ અવગુણ ઢાંકવાજી, આશાતનની હાણ: ચતુ.૧૮

પાંચ ભેદે એ દશ તણોજી, વિનય કરે અનુકૂળ
સિંચે તેહ સુધા-રસેજી, ધર્મ વૃક્ષનું-મૂળ. ચતુ.૧૯

:ગાથાર્થ:

(૧) વિચરતાં જિનેશ્વર પ્રભુ: તે અરિહંત ભગવંતો (૨) કર્મ ખપાવીને મોક્ષમાં ગયા: તે સિધ્ધ ભગવંતો (૩) જિનેશ્વર પ્રભુની પ્રતિમા: તે ચૈત્ય (૪) પ્રસિધ્ધ જૈન આગમો: તે સૂત્ર ...૧૫

(૫) ક્ષમા વગેરે ૧૦પ્રકારનો મુનિધર્મ:તે ધર્મ (૬) તે ધર્મને પાળનાર અને ધર્મના સ્થાન રૂપ હોય: તે સાધુ (૭) જે (પાંચ) આચારો શીખવનારા અને માર્ગદર્શન નાયક હોય તે આચાર્ય ...૧૬

(૮) શિષ્યોને સૂત્ર ભણાવે તે ઉપાધ્યાય. (૯) વખાણવા લાયક આણંદ કલ્યાણી શ્રી જૈન સંઘ છે. તે પ્રવચન ...૧૭

(૧૦) ઉત્તમ એવો સમકિત ગુણ: તે દર્શન

(૧) બહારથી સેવા કરવી તે ભક્તિ (૨) હૃદયનો પ્રેમ તે બહુમાન (૩) ગુણોના વખાણ કરવા: તે ગુણોની સ્તુતિ (૪) અવગુણ ઢાંકવા:હેલનાનો ત્યાગ કરવો:તે હેલના ત્યાગ (૫) અપમાન કરવું તે આશાતના. તે ન કરવી તે આશાતનાનો ત્યાગ. ...૧૮

એ દશનો ઉપર જણાવેલા પાંચ ભેદે જે સમકિતવંત તેઓની અનુકુળતા પ્રમાણે વિનય કરે છે, તે અમૃત-રસરૂપી પાણી ધર્મરૂપી વૃક્ષના મૂળમાં રેડે છે..૧૯

હે ચતુર પુરુષો! તમો ઉત્તમ સમકિત ગુણ જે પ્રકારે સારી રીતે મેળવી શકો, તે માટે વિનયના પ્રકાર સમજો.[૪૧]

**૧૦ પ્રકારનો વિનય:-**

**(૧) અરિહંત ભગવંત:-** તીર્થંકર ભગવાન જે વિચરતા હોય, તેને જ અરિહંત કહેવાય છે. નમુત્થુણં સૂત્રમાં અરિહંતાણં, ભગવંતાણં, આઇગરાણં, તિત્થયરાણં એ પણ એક પૂરાવો મળે છે. લોગ્ગસ્સ સૂત્રમાં પણ ચોવીસ જ અરિહંતકેવલી ભરતક્ષેત્રને લઇને હોય છે તે જોવા મળે છે. 'વિચરતા' જિન તે અરિહંત. જે ૩૪ અતિશયવાળા, ૩૫ ગુણોથી શોભતા, તથા ૧૨ અતિશયથી સુશોભિત અરિહંતનો વિનય કરવો, ભક્તિ કરવી જોઇએ.[૪૨]

જે વિચરી શુધ્ધ ધર્મોપદેશ આપી અસાધારણ વિશ્વોપકારપણાનો ધોધ વહેવડાવે છે. આપણામાં સદ્‌ગુણોનો જે લેશ ભાગ છે. અને આપણા વારસામાં તે જશે તે સર્વ ઉપકાર અરિહંત ભગવંતનો જ છે. આજે પણ ધર્મોપદેશનો જે લાભ મળે

છે તે તેમનો જ ઉપકાર છે. તેથી તેઓના લોકોત્તર વિનય સર્વથી પ્રથમ કરવાનું સૂચવવા તેઓને પ્રથમ મૂકેલા છે. તેમનો જાપ, તેમની પ્રતિમાની પૂજા, તેના દ્રવ્યોનો તેમના જીવન સાથે સીધો કે આડકતરો સંબધ ધરાવતા કોઇપણ પદાર્થનો સત્કાર કરીને અને તેઓશ્રી સાક્ષાત્ વિદ્યમાન હોય, ત્યારે પણ અનેક પ્રકારે તેઓની ભક્તિ કરવી જોઇએ. તે અરિહંતનો વિનય છે.[૪૩]

**(૨) સિધ્ધપરમાત્માઓ:-** જે આત્મા પોતાના સર્વ કર્મો ખપાવીને નિર્મળ થઇ ગયેલ છે. અને ફરી સંસારમાં આવવાના નથી તેવા સિધ્ધો જે પંદર પ્રકારે છે તેનો વિનય કરવા યોગ્ય છે. (૧)જિનસિધ્ધ (૨)અજિનસિધ્ધ (૩)તીર્થસિધ્ધ (૪)અતીર્થસિધ્ધ (૫)ગૃહસ્થલિંગસિધ્ધ (૬)અન્યલિંગ સિધ્ધ (૭)સ્વલિંગ સિધ્ધ (૮)સ્ત્રીલિંગ સિધ્ધ (૯)પુરુષલિંગ સિધ્ધ (૧૦)નપુંસકલિંગ સિધ્ધ (૧૧)પ્રત્યેકબુધ્ધ સિધ્ધ (૧૨)સ્વયંસંબુધ્ધ સિધ્ધ (૧૩)બુધ્ધબોધિત સિધ્ધ (૧૪)એક સિધ્ધ (૧૫)અનેક સિધ્ધ[૪૪]

**(૩) ચૈત્ય:-** ચૈત્ય એટલે જિનપ્રતિમા ઉપલક્ષણથી જિનમંદિરો, જૈન તીર્થો, જિનબિંબો, ઉર્ધ્વલોકમાં એક અબજ બાવન કરોડ નવાણું લાખ ચુમ્માળીશ હજાર સાતસોને આઠ શાશ્વતા જિનબિંબો છે. તિર્ચ્છાલોકમાં ત્રણ લાખ એકાણું હજાર ત્રણસો ને વીસ શાશ્વત જિનબિંબો (જ્યોતિષવર્જીને) છે. ભવનપતિમાં તેરશોને નેવ્યાસી કરોડ સાઠ લાખ શાશ્વતા જિનબિંબો છે. જ્યોતિષી વિમાનમાં અસંખ્યાતા શાશ્વતા જિનબિંબો છે. તેવી જ રીતે વ્યંતર નિકાયમાં પણ અસંખ્યાતા જિનબિંબો છે. પંદર અબજ બેતાળીશ કરોડ અઠ્ઠાવન લાખ છત્રીસ હજાર એંશી જેટલા શાશ્વતા જિનબિંબો છે. તેમનો વિનય કરવો.[૪૫]

**(૪) શ્રુતનો વિનય (પ્રસિધ્ધ જૈન આગમો-તે સૂત્ર):-** આચારાંગાદિ ૧૧ અંગો અને ૧૨મું અંગ દષ્ટિવાદ છે. તે આગમ શાસ્ત્રો એ શ્રુત સિધ્ધાંત જે આપણો અણમોલ તરવાનો એકમાત્ર આધાર છે. એવા અનંત જ્ઞાનીઓએ ભાખ્યો છે. તે પ્રત્યે આદરભાવ સર્વ પ્રથમ આવશ્યક છે. સામાયિક સહિત સર્વ જિન આગમોનો વિનય કરવો.

સામાયિકના ચાર પ્રકાર છે.

| | |
|---|---|
| ૧. સમ્યક્ત્વ સામાયિક:- | તે મિથ્યાત્વથી નિવૃત્તિ અને ઔપશમિકાદિ સમ્યક્ત્વની પ્રાપ્તિ રૂપ છે. |
| ૨. શ્રુત સામાયિક:- | જે જઘન્યથી અષ્ટપ્રવચન માતા અને ઉત્કૃષ્ટથી દ્વાદશાંગીના અભ્યાસ રૂપ છે. |

૩. દેશવિરતિ સામાયિક:- તે ગૃહસ્થના બારવ્રતના પાલન સ્વરૂપ છે.
૪. સર્વવિરતિ સામાયિક:- તે સર્વ સાવદ્ય યોગોના ત્યાગરૂપ છે.[૪૬]

(૫) **ધર્મ:-** ક્ષમા, નમ્રતા, સરળતા, તપ, સંયમ, સત્ય, શૌચ, બ્રહ્મચર્ય, નિર્લોભી અને આકિંચન આ દશ પ્રકારનો સાધુ ધર્મ છે. તેનો વિનય કરવો. સમ્યક્ત્વ સપ્તતિમાં એકથી દસભેદે ધર્મ બતાવ્યા છે. તે આ રીતે દયા તરીકે એક પ્રકાર, જ્ઞાન-ક્રિયાથી બે પ્રકાર, દર્શન-જ્ઞાન-ચારિત્રથી ત્રણ પ્રકાર, દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-થી ચાર પ્રકાર, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ પ્રકાર, પૃથ્વીકાયથી માંડી ત્રસકાય રૂપ છકાયની રક્ષાથી છ પ્રકાર, નૈગમ-સંગ્રહ-વ્યવહાર - ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ-એવંભૂત આ સાત નયથી સાત પ્રકાર, પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિથી આઠ પ્રકાર, જીવ વગેરે નવતત્ત્વથી નવ પ્રકાર અને પૂર્વે કહ્યા મુજબ ક્ષમા વગેરે દસ પ્રકારના ધર્મનો વિનય કરવો જોઈએ.[૪૭]

(૬) **સાધુનો વિનય:-** ચારિત્રધર્મના આધારભૂત એવા સાધુ વર્ગનો વિનય કરવો. આ દસે પ્રકારના યતિધર્મ વગેરે ધર્મોના આવાસભૂત આધારભૂત સાધુઓ છઠ્ઠા ભેદે ગ્રહણ થયા છે. તેઓનો વ્યવહાર સુંદર છે, તેઓ મોક્ષના સાધક છે, સર્વ જીવો પ્રત્યે સમભાવવાળા છે. માટે તેઓ સાધુ તરીકે પ્રસિધ્ધ છે. સાધુમાં સામાન્યથી ક્રોધાદિ હોતા નથી. હોય તો પણ પ્રતિક્રમણ સુધીમાં તો ક્ષમા વગેરે પાછા સાધુરૂપી ઘરે પાછા ફરે છે. અતિ જવલ્લેજ એ ક્રોધાદિ પક્ખી સુધી ટકે છે. પણ પક્ખીએ તો ક્રોધાદિ જાય ને ક્ષમા પાછી ફરે જ. તેથી સાધુ ક્ષમા વગેરે સાધુ ધર્મોના ગૃહ-આવાસ ગણાયા છે. આમ ઘર વિનાના સાધુઓ ક્ષમા વગેરેના ઘર છે.[૪૮]

(૭) **આચાર્યનો વિનય:-** પંચાચારના પ્રકાશક અને છત્રીસ ગુણધારી ધર્માચાર્યનો વિનય કરવો. જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એ ચાર આત્માના અનંત સ્વરૂપ સમાન છે. કર્મથી અવરાવેલા એ ગુણોને પ્રગટ કરવાનો, વાદળ ખસે ને સૂર્ય પ્રકાશે, તેમ પુરુષાર્થ થવો જરૂરી છે. એ પુરુષાર્થનું બીજું નામ આચાર-જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચાર-તપાચાર-એ ચારેયમાં શક્તિનો ઝડપી ઉપયોગ કરવો એનું નામ વીર્યાચાર. એનો ઉપદેશ આપણને એ આચારોમાં જોડે તેવા આચાર્ય-ધર્મના નાયકોનો વિનય કરવો.[૪૯]

(૮) **ઉપાધ્યાય:-** જેમની પાસે આવીને સાધુઓ સૂત્ર ભણે છે. તે ઉપાધ્યાય જ્ઞાનરૂપી બગીચાને લીલુંછમ રાખવાનું કાર્ય ઉપાધ્યાયજી કરે છે. આપણા ૪૫ આગમો આ પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) ૧૧ અંગ | (૫) ૪ મૂળ સૂત્રો |
| (૨) ૧૨ ઉપાંગ | (૬) ૧ નંદી સૂત્ર |
| (૩) ૧૦ પયન્ના | (૭) ૧ અનુયોગદ્વાર સૂત્ર |
| (૪) ૬ છેદગ્રંથો | (૪૫ આગમ) |

એ આગમો ઉપાધ્યાયજી ગુરૂગમથી ગીતાર્થો દ્વારા વારસામાં મળેલા રહસ્યોને ઉકેલવાપૂર્વક શિષ્યોને શીખવાડે, ભણાવી શ્રુતજ્ઞાનમાં લીન બનાવી સ્વાધ્યાયમાં રસિયા બનાવે તેવા ઉપાધ્યાયજીનો વિનય કરીને સમ્યગ્દર્શનની નિર્મળતા લાવવી જોઇએ.[૫૦]

**(૯) પ્રવચન વિનયઃ-** ચતુર્વિધ સંઘનો વિનય કરવો. અહીં પ્રવચન શબ્દથી શ્રુતનો ધારક ચતુર્વિધ સંઘ સમજવાનો છે. કારણ કે આગળ જિનાગમના અર્થ શ્રુત-સિધ્ધાંતમાં થઇ ગયા છે. જે જિનવચનરૂપ પ્રવચનના શ્રવણ આદિ દ્વારા ધારક જ ન બને પણ આરાધક અને દરેક પ્રવૃત્તિમાં પ્રવચન જ આધારભૂત હોય. દરેક કાર્યમાં પ્રવચન જ પ્રગટતું હોય એટલે કે સંઘની દરેક વ્યક્તિ પોતાની ભૂમિકાને અનુરૂપ દરેક પ્રવૃત્તિમાં જિનાજ્ઞાને આગળ કરે.[૫૧]

**(૧૦) દર્શનઃ-** ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક એવા ત્રણ પ્રકારના સમ્યક્ત્વ અને સમક્તિધારી આત્માનો વિનય કરવો તેમજ મિથ્યાદષ્ટિ તરફ માધ્યસ્થ ભાવ રાખવો એ દર્શનનો વિનય છે. સમ્યક્ત્વની જેટલી કિંમત આપણે કરીએ તેટલી ઓછી છે. તે આવ્યા બાદ જીવને અર્ધપુદ્ગલ પરાવર્તમાં મુક્તિએ પહોંચાડશે જ એ નક્કી છે. પરંતુ તે પણ કાળ ઘણો લાંબો છે. કારણ કે અનંતા કાળચક્રો એ અર્ધ-પુદ્ગલ પરાવર્તમાં થાય. ગઇ ચૌવીશીમાં નવમાં શ્રી દામોદર ભગવાન પાસે અષાઢી શ્રાવકે પૂછ્યું કે, હે પ્રભો! મારી મુક્તિ કયારે થશે? પ્રભુએ કહ્યું કે, આ ઉત્સર્પિણી પૂર્ણ થશે પછી ૧૮ કોડાકોડી સાગરોપમે શ્રી પ્રથમ તીર્થપતિ થશે એ ચોથા આરાના છેડલે ૨૩મા શ્રી પાર્શ્વપ્રભુ થશે તેમના ગણધર થઇને મોક્ષ મળશે. તરત કહેવા લાગ્યા, આટલો લાંબો કાળ હું કેમ વીતાવીશ? તુરંત અંતરે જવાબ આપ્યો કે, હે આત્મા! તે અનંતા સંસાર ભ્રમણના દુઃખ દાવાનળમાં અનંતો કાળ કેવી રીતે વીતાવ્યો હશે? સુખ માન કે સંતોષપ્રદ પ્રત્યુત્તર મળ્યો. સમન્વય શોધતાં શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુજીની અપ્રતિમ પ્રતિમાનું સર્જન આ નિમિત્તે કર્યું. એમ આવા સમ્યગ્દર્શનનો વિનય કરવો તથા સમક્તિવંતનો આદર કરવા સુયોગ્ય ગણાય છે.[૫૨]

વિનય શબ્દથી અહીંયા ગુણગાન, અવર્ણવાદનો ત્યાગ, બહુમાન, આશાતનાનો પરિહાર એવો અર્થ થાય છે. આશાતના કરવીએ મિથ્યાત્વ છે. જ્યારે આશાતનાનો પરિહાર કરવો તે સમકિત છે.

**દશ પ્રકારના ગુણવંતોના વિનયના પાંચ પ્રકાર :**

**(૧) ભકિત:-** બાહ્ય રીતિએ દેવ-ગુરુના દર્શન થતાં જ સમકિતી આત્માઓને અંતરના ઉમળકાથી ભક્તિ કરવાની જાગૃતિ આવે છે. ભાવના, મહાપૂજા, સુપાત્ર દાન, પૂજા-સ્તવનાદિ કરવાથી ભક્તિનો ગુણ વિશેષ પ્રગટે છે.

**(૨) બહુમાન:-** પ્રવૃત્તિરૂપે કદાચ ઓછોવત્તો હોય પરંતુ દેવ-ગુરુ ધર્મ પ્રત્યે અંતરંગની લાગણી-ધર્મસ્નેહથી ઉમંગપૂર્વક બહુમાન કરવાનું મન સમકિતીને જ થાય. હૃદયના ભાવ દ્વારા સાચું બહુમાન કરી જ શકે છે.

**(૩) ગુણોની સ્તુતિ:-** ગુણીજનોને દેખી હૈયું નૃત્ય કરે તેને સમકિત દૃષ્ટિ સમજવો. વધુમાં ગુણીજનો કોઈપણ દૂર સ્થાને હોય તો પણ બધાની પાસે વારંવાર એઓના ગુણોની સ્તુતિ-પ્રશંસા જ કર્યા કરે. એ સારી રીતે જાણે છે કે દુનિયા દોષોથી ભરેલી છે. છિદ્રો જોવા કે દોષો વીણવા આપણું સમકિતીનું લક્ષણ ન કહેવાય. તીર્થંકરો સમવસરણમાં દેશના આપે છે. ત્યારે અંનતા જીવોના અનંતા કાળા કામ જાણતા હોવા છતાં તે બધા દોષોને પ્રગટ કરતા નથી. આવા રાગ-દ્વેષ જે ભગવંતોએ નાશ કર્યો છે. તેમને પૂજીને આપણે આનંદ પામીએ છીએ તેથી જ પ્રભુ કેવળજ્ઞાન થાય નહિ ત્યાં સુધી ઉપદેશ પણ આપતા નથી.

**(૪) અવગુણ વર્જન:-** ઉપરના ગુણોની સાથે અવગુણ ન જોવા રૂપી ગુણ અવશ્ય હોવો જોઈએ. કુદૃષ્ટિ ત્યાગવી જ જોઈએ. મિથ્યાદ્રષ્ટિના અવગુણ પણ આપણા મુખે ઉચ્ચારવા ન જોઈએ. ગુણીઓના અવગુણ ઢાંકવા ન બોલવા-મૌન રહેવું, ને તેઓની દયા ચિંતવવી કે આ જીવો કયારે બદલાશે? એ અવગુણ વર્જનારૂપી ચોથો ભેદ છે. તે પણ બહુ જ મહત્ત્વનો છે.

**(૫) આશાતના વર્જન:-** જ્યાં-જ્યાં જે પ્રકારની આશાતનાઓ વર્જવાની કહી છે. તેનો અભ્યાસ કરવો એ સમકિતધારીની ફરજ અને કાળજી છે. માટે નિસીહિ બોલીને મંદિરમાં દાખલ થઈએ એ પણ આશાતના વર્જવાની સાવચેતી માટે છે. એમ જિનવરની ૮૪ આશાતના અને ગુરૂવર્યોની ૩૩ આશાતનાઓ વર્જીને ધર્મ કરીએ તો આરાધના જલ્દી ફળે એમ વિરાધના વિનાની આરાધનાઓ જ ફળશે.

આમ આરાધક ઉપરોકત પાંચ ભેદે શાસનને આરાધે તેમજ અરિહંતાદિ દશનો બતાવ્યા પ્રમાણે વિનય કરે તે ભાગ્યવાન 'વિનયરૂપી અમૃતના રસથી સમકિતરૂપી ધર્મવૃક્ષના મૂળને સીંચે છે.'[૫૩]

अर्हत्सिद्धमुनीन्द्रेषु धर्मचैत्यश्रुतेष्वपि।
तथा प्रवचनाचार्योपाध्यायदर्शनेष्वापि ।। १।।

पूजा प्रशंसनं भक्तिरवर्णवादनाशनम्
आशातनापरित्यागः, सम्यक्त्वे विनया दश ।। २।।

ભાવાર્થ:- "અર્હત્, સિધ્ધ, મુનિ, ધર્મ, ચૈત્ય, શ્રુત, પ્રવચન, આચાર્ય, ઉપાધ્યાય અને દર્શનને વિષે પૂજા, પ્રશંસા, ભક્તિ, અવર્ણવાદનો નાશ અને આશાતનાનો પરિત્યાગ કરવો એ સમકિતસૂચક દશ પ્રકારનો વિનય છે."[૫૪]

**વિનયગુણમાં ભુવનતિલકમુનિનો પ્રબંધ:-**

કુસુમપુરમાં ધનદ નામે રાજા, પદ્માવતી નામે રાણી અને ભુવનતિલક નામે કુમાર હતો. એકવાર ધનદ રાજાના દરબારમાં અમરચંદ્ર રાજાનો પ્રધાન રાજાની પુત્રી યશોમતી જે ભુવનતિલક ઉપર સ્નેહ-રાગવાળી હતી તેનું લગ્ન સંબધ કરવા માંગુ લઈને આવ્યા. પ્રધાનના સર્વ વચન સાંભળીને રાજાએ કુમારનો વિવાહ સ્વીકાર્યો. પછી શુભ દિવસે લગ્ન માટે પ્રયાણ કર્યું. માર્ગમાં સિધ્ધપુર નગર પાસે આવતા કુમાર એકદમ આંખો બંધ કરી મૂર્છિત થઇ ગયા. નજીકમાં જ કેવલી દેશના આપતા હતા ત્યાં મંત્રીઓ પહોંચી ગયા. ત્યાં દેશના પૂર્ણ થયા પછી પુછ્યું, હે ભગવાન! ભુવનતિલક કુમારને અણચિંતિ દુઃખ પ્રાપ્તિ થવાનું કારણ શું છે? ત્યારે કેવળી બોલ્યા કે, "ઘાતકી ખંડના ભરતક્ષેત્રને વિષે ભુવનાગાર નામના નગરમાં કોઇ સૂરિ ગચ્છ સહિત પધાર્યા. તે સૂરિને એક વાસવ નામનો શિષ્ય મહાત્માઓના શત્રુરૂપ હતો. તે નિરંતર દુર્વિનયરૂપ સમુદ્રમાં નિમગ્ન રહેતો હતો. એકવાર આચાર્યે ઉપદેશ દીધો કે, હે વત્સ! વિનયગુણ ધારણ કર, કહ્યું છે કે,

विनयफलं शुश्रूषा, गुरुशुश्रूषाफलं श्रुतज्ञानम्।
ज्ञानस्यफलं विरतिर्विरतिफलं चास्त्रवनिरोधः ।। १।।

संवरफलं तपोबलमथ तपसो निर्जरा फलं दिष्टम् ।
तस्मात् क्रियानिवृत्तिः क्रिया निवृत्तेरयोगित्वम् ।। २।।

योगनिरोधात् भवसन्ततिक्षयः सन्ततिक्षयान्मोक्षः
तस्मात् कल्याणानां, सर्वेषां भाजनं विनयः ।। ३।। ५५ (प्रशमरति)

ભાવાર્થ:- વિનયનુંફળ ગુરુની સેવા કરવી, ગુરુસેવાથી શ્રુતજ્ઞાન પ્રાપ્ત થવું તેના દ્વારા વિરતિ પ્રાપ્ત થવી, વિરતિ દ્વારા આશ્રવનો નિરોધ, સંવર દ્વારા બળવાન

થવા રૂપ તપ છે. તપનું ફળ નિર્જરા થવી તે છે. નિર્જરાથી ક્રિયાની નિવૃત્તિ થાય છે. ક્રિયા રહિત થવાથી અયોગીપણું પ્રાપ્ત થાય છે. યોગના નિરોધથી ભવની પરંપરાનો નાશ થાય છે. ભવ પરંપરાનાશથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે વિનય એ સર્વ પ્રકારના કલ્યાણનું ભાજન છે.

આ રીતના ગુરુના ઉપદેશથી ઉધ્ધત શિષ્યને ઉલટો દ્વેષ થયો. તેથી ગુરુએ તથા બીજા સર્વે મુનિઓએ ઉપેક્ષા કરી. એટલે ક્રોધ યુક્ત થઈને તેણે પ્રાસુક જળમાં ગુરુને તથા બીજા મુનિઓને મારી નાંખવા માટે તાલપુટ વિષ નાખ્યું. પોતે ભયને લીધે ત્યાંથી નાસી અરણ્યમાં સૂતો, તેવામાં દાવાનળ સળગવાથી તે દુષ્ટ સાધુ રૌદ્ર ધ્યાનથી મૃત્યુ પામી સાતમી નરક ગયો. અહીં સૂરિ વગેરેને પેલું જળ પીતાં શાસન દેવતાએ અટકાવ્યા.

પેલો વાસવ નરકથી નીકળીને ઘણા ભવોમાં ભટક્યો. તે વાસવ હાલમાં કાંઈક કર્મની લઘુતા થવાથી આ રાજકુમાર થયો છે. પૂર્વે કરેલા માનસિક ઋષિઘાત સંબધી શેષ રહેલા પાપના ઉદયથી આવી દુર્દશાને પામ્યો છે. હે મંત્રી! આ પ્રમાણે મેં કહેલું તેના પૂર્વ ભવનું વૃતાંત તમે તે કુમારને કહેશો એટલે તે સજ્જ થઈ જશે. કેવળીના વચનને અંગીકાર કરીને મંત્રીએ તેમણે કીધું તે પ્રમાણે કર્યું. અને તરત જ તે સજ્જ થયો. પછી જાતિસ્મરણ પામેલો કુમાર કેવળીને વાંદવા આવ્યો. મુનિને વંદના કરીને પૂર્વ કર્મનો ક્ષય કરવાને માટે તેણે તરત જ દીક્ષા ગ્રહણ કરી. તેની સાથે તે મંત્રી વગેરેએ પણ વૈરાગ્ય પામી ચારિત્ર અંગીકાર કર્યું. રાજકુમારી યશોમતી આ વૃતાંત સાંભળીને ક્ષણવાર મૂર્છા પામી. પણ પછી તરત જ સજ્જ થઈને તેણે પણ ચારિત્ર ગ્રહણ કર્યું.

ભુવનતિલકમુનિ તીર્થંકરાદિક દશે પદનો વિનય કરવા લાગ્યા. તે જોઈને તેના ગુરુપણ તેના વિનય ગુણની પ્રશંસા કરવા લાગ્યા. તેમણે બોંતેર લાખ પૂર્વ ચારિત્રનું પ્રતિપાલન કર્યું. અને કુલ એંસી લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરીને અંતે પાદોપગમન અણસણ ગ્રહણ કરી કેવળજ્ઞાન પામી મોક્ષ પદને પામ્યા.

હે ભવ્યજીવો! ભુવનતિલક મુનિના દષ્ટાંતે દસ પદનો વિનય કરી મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરો."[૫૬]

<u>વિનયનો મર્મ સમજાવતા પૂ.આ.અજીતશેખરસૂરિ જણાવેછે કે,</u>

'विणय मूलो धम्मो' ધર્મવૃક્ષનું મૂળ વિનય ગણાય છે. ભક્તિ વગેરે કરવાથી એ વિનય દ્રઢ થાય છે. સાર્થક થાય છે. મજબૂત થાય છે. પણ વિનય અનુકૂળ હોવો જોઈએ. 'અનુકૂળ' એટલે જેનો વિનય થાય છે એણે એ ઈષ્ટ હોવો જોઈએ. એણે

શારીરિક-માનસિક-આત્મિક રીતે સુખકર હોવો જોઇએ. એમની માન-મર્યાદા સાચવવી જોઇએ.

અનુકૂળ વિનય અમૃતરસ સમાન છે.

અહંકાર જીવને અક્કડ બનાવે વિનય નમ્ર બનાવે. અહંકાર જીવને સેવા કરવા ન દે. વિનય સેવા-ધર્મને સર્વસ્વ માને. અહંકારથી હિતશિક્ષા સહન પણ થતી નથી. વિનય તેનો સહર્ષ સ્વીકાર કરાવે છે. અહંકાર વાચના-પૃચ્છનાથી દૂર રાખે છે. વિનયથી વાચના-પૃચ્છના માટે વિશેષ યોગ્યતા અને અધિકાર પ્રાપ્ત થાય છે. અંહકાર પૂજ્ય તત્ત્વના અનુગ્રહથી દૂર રાખે છે. અને વિનય વિશેષાધિકારી બનાવે છે. અહંકારીને જ્ઞાનાદિનો વારસો મળતો નથી. વિનયથી એ સહજ પ્રાપ્ત થાય છે. અહંકારથી બુધ્ધિ વિનાશ પામે છે. વિનયથી વૈનયિકી બુધ્ધિ ઉદ્ભવે છે. વિનય સર્વગુણ સંપન્ન બનાવે છે. સર્વને હિતકારી છે. સર્વદા-શાંતિ-પ્રસન્નતા દાયક છે. માટે જ અમૃતરસ છે.

આ વિનયથી ધર્મવૃક્ષના જ્ઞાન-ધ્યાન-તપ, ત્યાગ, અહિંસા, કરુણા, ક્ષમા, સંતોષ વગેરે તમામ શાખા-પાંદડી પ્રકટિત-વિકસિત-લીલાછમ-હર્યાભર્યા રહેતા હોવાથી જ વિનય ધર્મવૃક્ષના સિંચન માટે અમૃત-સુધારસ સમાન ગણાય છે. ધર્મ વૃક્ષનું મૂળ છે શ્રધ્ધા-સંવેગ ભર્યો શુભ પરિણામ. વિનયથી આ પરિણામ સુંદર-મનોહર-દૃઢ, બનવાથી બધા જ ધર્માનુષ્ઠાનો ઉલ્લાસ ભર્યા, ઉમંગ ભર્યા, વિધિભર્યો થાય છે.[૫૭]

## અધિકાર ચોથો - ઢાળ ચોથી

ત્રણ શુધ્ધિઃ સમકિત તણી રે, તિહાં પહેલી મન-શુધ્ધિ રે.
''શ્રી જિન ને જિન-મત વિના રે-જૂઠ સકળ'' એ બુધ્ધિ રે.
ચતુર! વિચારે ચિત્તમાં રે ...(૨૦)

''જિન ભગતે જે નવિ થયું રે, તે બીજાથી કેમ થાય? રે!''
એવું જે મુખે ભાખિયે રે, તેની વચન-શુધ્ધિ કહેવાય રે.
ચતુર! વિચારો ચિત્તમાં રે ...(૨૧)

છેદ્યો ભેદ્યો વેદના રે જે સહેતો અનેક-પ્રકાર રે,
જિનવિણ પર-સુર નવિ નમે રે, તેહની કાયા-શુધ્ધિ ઉદાર રે.
ચતુર! વિચારે ચિત્તમાં રે ...(૨૨)

ગાથાર્થઃ- સમકિતની ત્રણ શુધ્ધિઓ છે. તેમાં પહેલી મન-શુધ્ધિ છે. તેઃ- ''શ્રી જિનેશ્વર પ્રભુ અને તેઓએ ઉપદેશેલો શ્રી જૈન ધર્મ એ વિના બીજુ બધુંયે નકામું

છે.'' એવી મનમાં જ મક્કમ સમજ. ...(૨૦)

''ઉંચા પ્રકારનું ઉત્તમ કામ ગમે તેવું મુશ્કેલી ભર્યું હોય, પરંતુ એવું જે કામ જિનેશ્વર દેવના અનુયાયિથી ન બની શક્યુ હોય, તે કામ બીજાથી તો ન જ થઇ શકે.'' એમ પોતાને માટે સત્ય નિરૂપણ કરવું-બોલવું તે વચન શુધ્ધિ કહેવાય છે. ...(૨૧)

ઘાયલ થયો હોય, કપાઇ ગયો હોય અને અનેક કષ્ટો સહન કરવાના પોતાને માથે આવી પડ્યા હોય, છતાંય શ્રી જિનેશ્વર દેવ વિના બીજા દેવને ન નમે, તે ન જ નમે. તેની કાયા શુધ્ધિ સારામાં સારી-ઉંચા પ્રકારની જાણવી...(૨૨)

હે ચતુર લોક! સમ્યક્ત્વનો રંગ જેનો લાગ્યો હોય તેવા લોકો આ વાત બરાબર વિચારો અને તેનો અમલ કરો.[૫૮]

વિશેષાર્થ:- અહંકાર અને મમત્વ જેવા દુર્ગુણો દૂર થતાં આત્મા વિનમ્ર બને છે. જેમ દીવામાંથી દીવો પ્રગટે તેમ વિનયમાંથી અનેક ગુણો પ્રગટે છે. જેમ-જેમ નમ્રતા વધે તેમ તેમ ત્રિયોગની શુધ્ધિ થાય છે. તેથી વિનય પછી શુધ્ધિ દર્શાવેલ છે. બાલવીર્યથી પંડિતવીર્ય સુધી પહોંચવા ત્રિયોગની શુધ્ધિ જરૂરી છે.

**શુધ્ધતાનું સ્વરૂપ દર્શાવતા પૂર્વાચાર્ય કહે છેઃ-**

मुत्तूण जिणं मुत्तूण जिणमयं जिणमय ट्ठिए मुत्तुं।
संसारकत्त(च्च) वारं, चिंतिज्जं तं जगं सेसं ।। ५९

અર્થ:- જિનેશ્વરદેવ, નિગ્રંથ પ્રવચન અને ચતુર્વિધ સંઘ એ ત્રણ અનેકાન્તરૂપ હોવાથી સત્ય છે. એવી શ્રધ્ધાથી સમકિતની શુધ્ધિ થાય છે. જિનમતને સત્ય માનવાથી મન શુધ્ધિ થાય છે. જિનાગમથી વિરૂધ્ધ નહિ બોલવાથી વચન શુધ્ધિ થાય છે. જિનેશ્વરદેવ સિવાય અન્ય કોઈદેવ પાસે માથું નહિ નમાવવાથી કાય શુધ્ધિ થાય છે. જે સમ્યક્ત્વને અતિ નિર્મળ બનાવે છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે, સન્માર્ગ સ્થિત યોગો સુખકર્તા છે. ઉન્માર્ગમાં સ્થિત યોગો દુઃખ કર્તા છે. મન, વચન, કાયાની શુધ્ધિ સમ્યક્ત્વનું શોધન કરે છે. સાચી શ્રધ્ધા પરમ શાંતિ ભણી લઇ જાય છે.[૬૦]

**શ્રી ભગવદ્ ગીતામાં પણ કહ્યું છે.,**

श्रद्धाया लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः।
ज्ञानं लब्धवा परां शान्तिमचिरेणाधिगच्छति।। ६१

## -ઃ મનઃ શુધ્ધિઃ-

मनःशुद्धिमबिभ्राणा, ये तपस्यन्ति मुक्तये।
हित्वा नावं भुजाभ्यां ते, तितीर्षन्ति महार्णवम्।। १।।

तदवश्यं मनः शुद्धिः, कर्तव्या सिद्धिमिच्छता।
बह्वारंभेऽपि शुद्धेन, मनसा मोक्षमाप्नुते ।। २।।

ભાવાર્થઃ- ''મન શુધ્ધિ રાખ્યા સિવાય જે મનુષ્યો મુક્તિને માટે તપસ્યા કરે છે. તેઓ વહાણનો ત્યાગ કરીને બે હાથ વડે મહાસમુદ્રને તરવા ઇચ્છે છે. અર્થાત્ સમુદ્ર તરવામાં વહાણની જ જરૂર છે. તે સ્થાને અહીં મન શુધ્ધિ છે. તેથી મોક્ષની ઇચ્છાવાળા મનુષ્યે અવશ્ય મન શુધ્ધિ કરવી. કેમકે બહુ આરંભી છતાં પણ જો મનની શુધ્ધિ રાખી હોય તો તે મોક્ષને પામે છે.''[62]

मनोवाक्कायसंशुद्धिः, सम्यक्त्वशोधनी भवेत्।
तत्रादौ मनसः शुद्धिः सत्यं जिनमतं मुनेत् ।। १।।

ઉપદેશ પ્રાસાદમાં પ.પૂ.આ.વિ લક્ષ્મીસૂરીશ્વરજી જણાવે છે કે, ''મન, વચન અને કાયાની જે શુધ્ધિ, તે સમ્યક્ત્વને શોધન કરનારી થાય છે., તેમાં પ્રથમ મનની શુધ્ધિ કરવી એટલે જિનમતને સત્ય માનવો. જિનમત એટલે જિનેશ્વરે પ્રરૂપેલ સમગ્ર પદાર્થોના ભાવને પ્રગટ કરનાર દ્વાદશાંગી રૂપ શાસ્ત્ર, તેને સત્ય માનવું, અને બીજા સર્વ લૌકિક પરતીર્થના શાસ્ત્રો-દર્શનો અસાર છે.એમ માનવું, તેનું નામ મનઃ શુધ્ધિ કહેવાય છે.[63] મનઃશુધ્ધિ માટે સતી સુલસાનું દૃષ્ટાંત, આનંદ શ્રાવકના દૃષ્ટાંત સુવિખ્યાત છે.[64]

**<u>મનઃશુધ્ધિ પર આનંદ શ્રાવકનું દૃષ્ટાંન્તઃ-</u>**

રાજગૃહી નગરીમાં આનંદ નામે એક કુટુંબી રહેતો હતો. ત્યાં એકવાર ગુણશીલ નામનાં ચૈત્યમાં શ્રી વીરપ્રભુનું પધારવું સાંભળીને પ્રભુને વંદન કરીને દેશના સાંભળવા ગયો. સ્યાદ્વાદ યુક્ત વાણી સાંભળી પ્રતિબોધ પામ્યો. તેથી તેણે દેશવિરતિ ગ્રહણ કરી. અને પ્રભુ પાસે બારે વ્રત ગ્રહણ કર્યા. પછી નવતત્ત્વનું સ્વરૂપ જાણીને તે આનંદ શ્રાવકે પોતાને ઘેર આવી પોતાની શિવાનંદા નામની સ્ત્રીને કહ્યું કે, ''હે પ્રિયા! મેં આજે જૈનધર્મ અંગીકાર કર્યો છે. તું પણ પ્રભુ પાસે જઇને તે ઉત્તમ ધર્મનો સ્વીકાર કર.'' તે સાંભળીને શિવાનંદા તરત જ પોતાની સખીઓ સહિત પ્રભુ પાસે ગઇ. તેણે પણ શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. આ રીતે બન્ને જણે દેશવિરતિ ધર્મ પાળતા-પાળતા-ચૌદવર્ષ વ્યતીત કર્યા. એક દિવસ મધ્યરાત્રિએ જાગૃત થયેલો આનંદ

શ્રાવક ધર્મ ચિંતવન કરવા લાગ્યો કે, ''અહો! મારું આયુષ્ય રાગ-દ્વેષમાં-પ્રમાદમાં ઘણું વ્યતીત થઇ ગયું. કહ્યું છે. કે,

लोक:पृच्छति मे वार्ता, शरीरे कुशलं तव।
कुतः कुशलमस्माकमायुर्याति दिने दिने ।। १ ।।

લોક મને કુશલ સમાચાર પૂછે છે. કે તમારું શરીર કુશળ છે? પરંતુ શરીર તે કુશળ કયાંથી હોય? કેમ કે દિવસે દિવસે આયુષ્ય તો ઘટે છે. માટે હું પ્રમાદ દૂર કરીને શ્રાવકની પ્રતિમા અંગીકાર કરી યથાશક્તિ તેનું પાલન કરું.'' એમ વિચારીને પ્રાતઃકાળે પોતાના કુટુંબને તથા જ્ઞાતિ વર્ગને બોલાવી તેમને ભોજન વસ્ત્રાદિક વડે સંતોષ પમાડીને મોટા પુત્રને ઘરનો ભાર સોંપી પોતે પ્રતિમાનું વહન કરવા તત્પર થયો.

પહેલી પ્રતિમાઃ- છ આગાર રહિત શંકા આદિ પાંચ અતિચારરહિત સમ્યક્ત્વ નામની એક માસ સુધી ધારણ કરી.

બીજી પ્રતિમાઃ- બારવ્રતના પાલનરૂપ (બે માસ સુધી ધારણ કરી)

ત્રીજી પ્રતિમાઃ- સામાયિક નામની ત્રણ માસ સુધી વહન કરી.

ચોથી પ્રતિમાઃ- ચાર માસ સુધી ચાર પર્વણીએ પોષધ કરવા (ચારપર્વણી-અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા, અમાવસ્યા)

પાંચમી પ્રતિમાઃ- રાત્રીના ચાર પ્રહર કાર્યોત્સર્ગ પાંચ માસ સુધી ( ચારપર્વણીના પૌષધમાં)

છઠ્ઠી પ્રતિમાઃ- છ માસ સુધી દોષ રહિત બ્રહ્મચર્યનું પાલન કરવું

સાતમી પ્રતિમાઃ- સચિત્તનું વર્જન કરવું. સાત માસ

આઠમી પ્રતિમાઃ- આઠ માસ સુધી આરંભ ત્યાગ

નવમી પ્રતિમાઃ- સેવક દ્વારા કંઇ આરંભ ન કરાવવા. નવ માસ સુધી

દસમી પ્રતિમાઃ- પોતાના નિમિત્તે કરેલું ભોજન ન કરવું દશ માસ સુધી

અગિયારમી પ્રતિમાઃ- અસ્ત્રાથી મુંડન કરાવી અથવા લોચ કરી રજોહરણ, પાત્રાદિક ગ્રહણ કરી કાયા વડે ધર્મનું પાલન કરતો સાધુની જેમ વિચરે, અને કુટુંબમાં प्रतिमा प्रन्नस्य श्रावकस्य भिक्षां देहि એમ બોલી ભિક્ષા માંગે.

આ રીતે અગિયારે પ્રતિમામાં પાછલી પાછલી પ્રતિમાઓ ભેળી કરવાની જ અને તેને વહન કરતા પાંચ વર્ષ અને પાંચ માસ વ્યતીત થયાં તે પ્રમાણે કરતાં આનંદ શ્રાવકનું બાહ્ય શરીર અને અંતરથી મન અતિ કૃશ થયાં. તે જોઇને તેણે ચાર શરણપૂર્વક અનશન ગ્રહણ કર્યું. તે અવસરે તેની મનઃશુધ્ધિ વિશેષ થવાથી તેને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. એવા જ સમયે પ્રભુ વીર ઉદ્યાનમાં પધાર્યા હતા. ત્યારે ગૌતમગણધર ગોચરી માટે ગામમાં પધાર્યા. લોકોના મુખેથી આનંદ શ્રાવકનું અનશનનું વૃતાંત સાંભળીને તેને શાતા પૂછવા ગયા. ગણધર મહારાજને આવેલા જોઇને ભક્તિ ભાવ વડે આનંદ શ્રાવકે ચરણકમળમાં પ્રણામ કરીને પૂછ્યું કે, હે પૂજ્ય! શ્રાવકને પણ અવધિજ્ઞાન થાય ખરું? ગોતમસ્વામિ બોલ્યા કે, ''ઉત્તમ શ્રાવકને થાય.'' તે સાંભળીને આનંદ બોલ્યો કે, મને તેવુ જ્ઞાન થયું છે. તેથી હું ઉંચે સૌધર્મ દેવલોક સુધી, નીચે લોલુક નરકાવાસ સુધી, તિરછું લવણ સમુદ્રને વિષે ત્રણ દિશામાં પાંચસો પાંચસો યોજન અને ઉત્તર દિશામાં ક્ષુદ્ર હિમાચલ સુધી સર્વ વસ્તુઓ જોઉં છું.'' તે સાંભળી ગૌતમ ગણધર બોલ્યા કે,''એટલું બધું અવધિજ્ઞાન ગુહસ્થને સંભવતું નથી, માટે તું મિથ્યા દુષ્કૃત આપ.'' ત્યારે આનંદે કહ્યું કે, અસત્ય બોલવાનું મિથ્યા દુષ્કૃત આપું કે સત્ય બોલવાનું તો ગૌતમે કહ્યું કે, અસત્ય બોલવાનું. ત્યારે આનંદે કહ્યું કે, હે ભગવન! હું તે લેવાને યોગ્ય નથી.'' તે સાંભળી ગૌતમ શંકા પામ્યા એટલે પ્રભુ પાસે સ્વરૂપ પૂછયું. પ્રભુએ તે જ પ્રમાણે કહ્યું, એટલે ગૌતમ આનંદ પાસે આવીને મિથ્યા દુષ્કૃત આપ્યું. પછી આયુષ્ય પૂર્ણ થયે આનંદ શ્રાવક મૃત્યુ પામીને સૌધર્મ કલ્પમાં અરુણાભ નામના વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો દેવ થયો. ત્યાંથી ચવીને મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થઇ મોક્ષ પદને પામશે.

આ ચરિત્ર ઉપાસક દશાંગ સૂત્રમાં તથા આનંદ સુંદરમાં સવિસ્તર કહેલું છે.

હે, શ્રાવકો! આ આનંદ શ્રાવકનું ચરિત્ર શ્રવણ કરીને આનંદમાં તત્પર થઇ મનશુધ્ધિ કરવામાં નિરંતર આદરવાળા થાઓ.[55]

''तमेव सच्चं निस्संकं, जं जिणेहिं पवेइयं'' જિનેશ્વરે કહ્યું તે સત્ય છે, નિશંક છે. આવી શ્રધ્ધામાં મહાસતી સુલસા આવે છે. આ પરમ શ્રાવિકાના હૃદયનાં તારે તારમાં પ્રભુ મહાવીરની ભક્તિનું દિવ્યસંગીત ગુંજતું હતું. તે શ્રધ્ધાનું અસાધારણ બળ ધરાવતી હતી. તેથી એ મહાશ્રાવિકા પ્રભુ મહાવીરના મુખથી અંબડ પરિવ્રાજક દ્વારા કહેવાયેલા ધર્મલાભરૂપ મહાન આશીર્વાદની અધિકારિણી બની. પચ્ચીસમા તીર્થંકર હોય જ નહિ. એવી દઢ શ્રધ્ધાવાન સુલસા અંબડ સન્યાસીની ધર્મ સભામાં ન ગઈ. મહાસતી સુલસા અવિચલ શ્રધ્ધાના બળે આગામી ચોવીસીના તીર્થંકર થશે.[56]

# -:વચન શુધ્ધિ:-

जीवाजीवादितत्त्वानां प्ररुपकं सदागमम्

तद्विपरीतं वदेन्नाथ, सा शुद्धिर्मध्यगा भवेत।। १।।

જીવ અજીવ વગેરે તત્ત્વોની પ્રરૂપણા કરનારે આગમમાં તેનું જે સ્વરૂપ કહેલું હોય તે પ્રમાણે જ કહેવું, તેથી વિપરીત કહેવું નહિ. તેનું નામ વચન શુધ્ધિ કહેવાય છે.

सद्‌दानेन ग्रहारंभो विवेकेन गुणव्रजः

दर्शनं मोक्षसौख्यांग, वचःशुद्धयेव लक्ष्यते।। २।।

ગૃહસ્થાશ્રમ રૂડા દાન વડે ઓળખાય છે. ગુણનો સમૂહ વિવેક વડે ઓળખાય છે. અને મોક્ષ સુખના અંગભૂત દર્શન વચનની શુધ્ધિથી જ ઓળખાય છે. અર્થાત્ દાન, વિવેક અને વચન શુધ્ધિ વડે જ ગૃહસ્થપણું, ગુણ સમૂહ અને સમકિત હોવાની ખાતરી થઈ શકે છે.[૬૭]

''આ પણ ઠીક છે તે પણ ઠીક છે.'' એવું મંતવ્ય અનભિગૃહિત મિથ્યાત્વના કારણે ઉદ્‌ભવે છે. મન જ્યારે સત્યાસત્યના નિર્ણયમાં સચોટ બને છે. ત્યારે જ શબ્દો મન પ્રમાણે અનુસરે છે. વચનશુધ્ધિ શ્રમણોપાસક સકડાલપુત્રનું દષ્ટાંત વિખ્યાત છે. આ ઉપરાંત ઉપદેશપ્રાસાદ ગ્રંથમાં શ્રીકલિકાચાર્યનું દ્રષ્ટાંત ખૂબ સુંદર રીતે વર્ણવ્યું છે.

જીવની મુખ્ય ઈચ્છા કાયમ માટે-ક્યારેય પણ દુઃખ ન આવે એ રીતે સુખી થવાની છે. વળી એને ઈચ્છા છે, પોતાના ખરા, શુધ્ધ સાચા સ્વરૂપને પામવાની છે. આ બન્ને વાત જિનભક્તિથી જ શકય છે. અન્ય કોઈ દેવની ઉપાસનાથી એ શક્ય બની શકે જ નહિ. આવો હૃદયમાં ઉઠેલો ઉદ્‌ગાર બીજી શુધ્ધિરૂપ છે.

ભગવાન મહાવીરની દેશનાથી સુલભબોધિ સકડાલપુત્રે આગાર ધર્મ સ્વીકાર કરી શ્રાવકપણું અંગીકાર કર્યું. મંખલિપુત્ર ગોશાલકે આ જાણ્યું ત્યારે પોતાના મતમાં સ્થિર કરવા સકડાલ પુત્રને યુક્તિ કરી સમજાવ્યા, પરંતુ સકડાલ પુત્રે ગોશાલકનો કોઈ આદર, સત્કાર ન કર્યો. તેની ઉપેક્ષા કરી. સકડાલ પુત્રને પ્રભુ મહાવીરની ધર્મ પ્રજ્ઞપ્તિમાં શ્રધ્ધા થયા પછી તેમણે ગોશાલક પ્રત્યે ઉપેક્ષાભાવ પ્રદર્શિત કર્યો, તે વચન શુધ્ધિ છે.[૬૮]

## -:શ્રી કલિકાચાર્યનું દૃષ્ટાંત:-

દત્ત રાજાના મામા કાલિક સૂરિની પેઠે મહાપુરુષો સંકટમાં પણ અસત્ય બોલતા નથી.

તુરમણિ નામની પુરીમાં કાલિક નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેને ભદ્રા નામની બહેન હતી. તેને દત્ત નામે પુત્ર હતો. કાલિક દ્વિજે કેટલેક કાળે ગુરુ પાસે ધર્મોપદેશનું શ્રવણ કરી વૈરાગ્યથી ચારિત્ર ગ્રહણ કર્યું. તેથી કોઇના અંકુશ વિના દત્ત ઉદ્ધત થઇ ગયો, સાતે વ્યસનમાં આસક્ત થયો. કેટલેક કાળે તે દત્ત ત્યાંના જિતશત્રુ રાજાનો સેવક બન્યો. સેવા કરતા રાજા તેના પર પ્રસન્ન થયો, તેથી તેને પ્રધાન બનાવ્યો. પછી ધીરે-ધીરે સર્વ રાજ વર્ગને પોતાનો કરીને રાજાને પદભ્રષ્ટ કરી દત્ત પોતે રાજા થયો. તે પરલોકથી ભય પામ્યા વિના જ આસ્રવના કાર્યો, યજ્ઞો કરી ઘણા જીવોની હિંસા કરવા લાગ્યો. હણાતા પશુઓને જોઇને હર્ષ પામવા લાગ્યો. અહિં કાલિક મુનિ બહુશ્રુત થવાથી ગુરુએ તેને સૂરિપદ આપ્યું. અન્યદા વિહાર કરતાં કરતાં કાલિકાચાર્ય તુરમણિ પૂરીના ઉદ્યાનમાં આવ્યા. તેમનું આગમન જાણીને દુષ્ટ દત્ત રાજા પોતાની માતાના આગ્રહથી તેમને વાંદવા ગયો. મામાને વંદના કરીને દત્ત તેમની સન્મુખ બેઠો. પછી તેણે સૂરિને પ્રશ્ન કર્યો કે, ‘‘હે મામા! યજ્ઞ કરવાથી શું ફળ પ્રાપ્ત થાય? તે ઉત્તરમાં ગુરુએ જીવદયારૂપ ધર્મનો ઉપદેશ કર્યો. ત્યારે ફરીથી દત્ત બોલ્યો કે, ‘‘હે પૂજ્ય! હું ધર્મ વિષે પ્રશ્ન કરતો નથી, હું તો યજ્ઞનું ફળ પૂછું છું.’’ આ પ્રમાણે દત્તે વારંવાર પૂછવાથી ગુરુ બોલ્યા કે, ‘‘હે દત્ત! તું જાણતો નથી કે યજ્ઞનું ફળ નરકગમન જ છે, અને તેથી તારી પણ નરકગતિ જ થવાની છે. વળી હે દત્ત રાજા! તું આજથી સાતમે દિવસે કુંભી પાકની વેદના ભોગવીને નરકે જઇશ.’’ તે સાંભળીને ક્રોધ પામેલા દત્તે પૂછ્યું કે, ‘‘તેની ખાતરી શી?’’ સૂરિ બોલ્યા, ‘‘તારા મૃત્યુના સમય પહેલાં તારા મુખને વિષે મનુષ્યની વિષ્ટા પેસશે.’’ દત્તે ક્રોધથી પૂછ્યું, ‘‘હે મામા! ત્યારે તમારી શી ગતિ થશે?’’ ગુરુ બોલ્યા, ‘‘હું સ્વર્ગે જઇશ.’’ તે સાંભળી દત્તરાજા ખડ્ગથી ગુરુને હણવા ઇચ્છતો છતો વિચારવા લાગ્યો કે, ‘‘જો હું સાત દિવસથી વધારે જીવીશ તો પછી જરૂર આને મારી નાંખીશ.’’ એમ વિચારીને સૂરિને સાત દિવસ સુધી નહિ જવા દેવા માટે સખત ચોકી પહેરામાં રાખી પોતે પોતાના મહેલમાં જઇ ભરાયો. પછી તેણે સૂરિનું વચન અન્યથા કરવા માટે એક કરોડ સુભટોને પોતાની ફરતા રાખ્યા. અને રાજમહેલ તથા રાજમાર્ગને અત્યંત સાફ રખાવીને કોઇ પણ જગ્યાએ કિંચિત્ પણ અશુચિ ન રહે તેવો પાકો બંદોબસ્ત કર્યો. તેવી રીતે તેણે છ દિવસ મહેલમાં રહીને જ નિર્ગમન કર્યા. સાતમે દિવસે ભ્રાંતિ થવાથી તેણે સાત દિવસ પૂરા થઇ ગયા છે. એમ ધાર્યું. તેથી આજ આઠમો દિવસ છે એમ ધારી અશ્વ

પર આરૂઢ થઇને હર્ષપૂર્વક તે રાજમાર્ગમાં નીકળ્યો. તે સમયે એક માળી પુષ્પનો ભરેલો કરંડિયો લઇને રાજમાર્ગે જતો હતો. તેને ભેરી વગેરેના શબ્દ સાંભળવાથી અકસ્માત્ ઝાડાની અત્યંત બાધા થઇ આવી. લોકો ઘણા હોવાથી તે બીજે જઇ શક્યો નહિ તેથી રાજમાર્ગમાં જ તેણે યુક્તિપૂર્વક મળોત્સર્ગ કરી લીધો અને તેના પર પુષ્પનો ઢગલો કરીને તે આગળ ચાલ્યો ગયો. તેવામાં દત્ત રાજા ત્યાંથી નીકળ્યો, તેના ઘોડાનો પગ પેલા પુષ્પના ઢગલા પર પડ્યો, એટલે તેમાંથી વિષ્ટા ઉડીને તેનો છાંટો રાજાના મુખમાં પેઠો. તેથી આચાર્યના કહેલા વચન પર વિશ્વાસ આવતાં રાજા એ સેવકને પૂછ્યું કે, ''આજે કેટલામો દિવસ થયો?'' ત્યારે તેઓઓ કહ્યું કે, ''આજે સાતમો દિવસ થયો.'' તે સાંભળીને રાજા ઝંખવાણો થઇ પાછો ફર્યો.

દત્તરાજા જ્યારે સૂરિ પર ક્રોધ કરીને રાજમહેલમાં આવી છ દિવસ એકાંતમાં જ રહ્યો હતો તે અવસરે સર્વે રાજવર્ગ દત્તથી વિરૂધ્ધ થઇને જિતશત્રુ રાજાને રાજ્યગાદી પર બેસાડવાની યુક્તિ શોધતા હતા. તેથી સાતમે દિવસે દત્ત બહાર નીકળ્યો કે તરત જ તેઓએ જિતશત્રુ રાજાને બંધનથી મુક્ત કરીને મહેલમાં દાખલ કર્યા. પછી દત્ત જ્યારે મુખમાં વિષ્ટા પેસવાથી પાછો ફરી રાજમહેલ પાસે આવ્યો ત્યારે તે રાજવર્ગે દત્તને એકાએક બાંધી લઇને જિતશત્રુને સ્વાધીન કર્યો. તેને જોઇને હર્ષ પામેલા જિતશત્રુ રાજાએ તેને કુંભી પાકમાં નાંખીને પકાવ્યો. તેથી મહાપીડાનો અનુભવ કરતો દત્ત મૃત્યુ પામીને નરકનો અતિથિ થયો. કાલિક સૂરિ આયુષ્યનો ક્ષય થયે કાળધર્મ પામીને સ્વર્ગના અલંકારભૂત થયા.

આ કાલિકાચાર્યનુ દૃષ્ટાંત વાંચીને સર્વે પ્રાણીઓએ મૃત્યુના ભયને પણ દૂર તજી દઇને સત્ય વચન જ બોલવું. કેમ કે વચન શુધ્ધિથી આ લોકમાં રાજાદિકથી સન્માન મળે છે અને પરલોકમાં સ્વર્ગનાં સુખ મળે છે.

સર્વે જીવો વચનશુધ્ધિ દ્વારા વચનબળને વધારી મોક્ષમાર્ગ સુધી જલ્દી પહોંચે એવી શુભકામના.[૬૯]

## -:કાય શુધ્ધિ:-

खड्गादिभिर्भिद्यमानः पीड्यमानोऽपि बन्धनैः
जिनं विनान्यदेवेभ्यो, न नेमे तस्य सा भवेत् ।। १।।

ભાવાર્થ:- ''ખડ્ગાદિકથી છેદાતા છતાં અને બંધન વડે પીડાતા છતાં પણ જે મનુષ્ય શ્રી જિનેશ્વર વિના બીજા દેવને નમતો નથી, તેને કાયશુધ્ધિ હોય છે.''[૭૦]

''મિથ્યાત્વી દેવ વગેરે સમકિતી મનુષ્યને પરીક્ષા વગેરે નિમિત્તે શ્રી જિનેશ્વર દેવ

સિવાયના અન્ય દેવને, જૈનગુરુ સિવાય અન્ય ગુરુ વગેરેને નમવાનું કહે અને આ નહિ સ્વીકારવા પર શરીરના અંગો છેદવા-કાપવા-ટૂકડા કરવા યાવત્ મોત સુધીની તમામ પીડાઓ આપવા માંડે, ત્યારે પણ સાચો સમકિત એ બધા કષ્ટ ભોગવવા તૈયાર થાય, પણ અન્ય દેવોને દેવબુધ્ધિથી કે અન્ય ગુરુઓને ગુરુ તરીકે માની નમવા તૈયાર થતો નથી. નમવું એ વિનય છે. તો યોગ્ય સ્થાને નમવું એ વિવેક છે. બધા દેવને દેવબુધ્ધિથી નમનારો ''ટકે શેર ભાજી ટકે શેર ખાજા'' જેવું કરે છે. ક્ષમા વગેરે વિશિષ્ટ ગુણોથી રહિત બીજા દેવોને સમકક્ષ ક્ષમા વગેરે અનંત ગુણ ભંડાર ભગવાનને ગણનારો પ્રવાહી તરીકેના મૂલ્યાંકનથી પાણી અને પેટ્રોલને એક ગણવાની મૂર્ખામી કરે છે.''[૯૧]

''નમવાનું સૌથી પ્રબળ કારણ છે ઉપકાર! અરિહંત પરમાત્માનો જ નિગોદથી નિર્વાણ સુધીનો ત્રૈકાલિક અનન્ય ઉપકાર છે. માતા-પિતા વગેરે માનવ જન્મ આપવા વગેરે વિશિષ્ટ ઉપકાર કરનારા હોવાથી એ રીતે નમનપાત્ર બને છે. પણ ત્યાં સુદેવ-સુગુરુની બુધ્ધિ તો હોતી જ નથી.''[૯૨]

''જ્ઞાતાધર્મ કથા નામના છઠ્ઠા અંગ આગમમાં શ્રી મલ્લિનાથ ભગવાનના કાળે થયેલા શ્રી અર્હન્નક નામના શ્રાવકની વાત આવે છે કે એના સમ્યક્ત્વની ઈંદ્રે કરેલી પ્રશંસા સાંભળી પરીક્ષા કરવા આવેલ દેવ સમુદ્રમાં જઈ રહેલા વહાણને આંધીમાં સપડાવી દીધું, મરણ સુધીના વિવિધ ભયો બતાવી અન્યદેવને નમવા- સ્વીકારવાની આજ્ઞા કરી. પણ અર્હન્નક એ ભયોથી ભયભીત થયા નહિ. મરવું નવું નથી. ધર્મને ટકાવવા, સમ્યક્ત્વને વિશુધ્ધ રાખવા, લીધેલા નિયમને અખંડ રાખવા મરવું એજ નવું છે. અંતે દેવ એના દઢ સત્ત્વથી પ્રસન્ન થાય છે. એવી જ રીતે જ્ઞાતાધર્મ કથામાં જ દ્રૌપદીનો પ્રસંગ વર્ણવ્યો છે કે નારદ પરિવ્રાજકના વેશમાં આવ્યા, તો બાકી બધા તો આદર આપવા ઉભા થયા, પણ દ્રૌપદી શુધ્ધ સમકિતી હોવાથી અન્ય વેશધારી પરિવ્રાજક વગેરેને નમન-સત્કાર આદિ કર્યા નહિ.[૯૩]

## -:કાય શુધ્ધિ-વજ્રકર્ણનું દ્રષ્ટાંત:-

અયોધ્યા નગરીમાં ઈક્ષ્વાકુવંશી દશરથ રાજા રાજ્ય કરતા હતા. એકદા પ્રસન્ન થવાથી પોતાની કૈકેયી નામની રાણીને વરદાન આપ્યું હતું. તે રાણીએ યોગ્ય સમયે માગવા માટે થાપણ કરી રાખ્યું હતું. રામચંદ્રને રાજગાદી આપવાને વખતે તેણે તે વરદાન માગીને રામચંદ્રને વનવાસ અપાવ્યો. તેથી રામ, લક્ષ્મણ અને સીતા વનમાં ગયા. તેઓ ફરતાં ફરતાં અનુક્રમે પંચવટીમાં કેટલોક વખત રહીને આગળ ચાલતાં અવન્તિ નગરી જતાં વચ્ચે એક સમૃદ્ધ પણ નિર્જન નગર આગળ આવ્યા. ત્યાં ખુલ્લી

દુકાનો સર્વે જાતની ચીજોથી ભરપૂર પડી હતી, ઘરો, ધન, સુવર્ણ વગેરેથી પૂર્ણ છતાં ઉઘાડાં પડ્યાં હતા. પણ કોઇ સ્થાને કોઇ મનુષ્ય દૃષ્ટિએ પડતો ન હતો. રામે, લક્ષ્મણને પૂછયુ કે, ''હે વત્સ! આ બધું મનુષ્ય વિના શૂન્ય કેમ જણાય છે?'' લક્ષ્મણે દૂર એક પુરુષ જોયો, તેને બોલાવી સર્વ વૃતાંત પૂછયું, ત્યારે તે બોલ્યો કે, ''હે સ્વામી! સાંભળો-દશપુર નામના નગરમાં વજ્રકર્ણ નામે મહાપરાક્રમી રાજા છે. તે સર્વગુણ સંપન્ન છતાં ચંદ્રની જેમ મૃગયાના (શિકારના) વ્યસનથી દૂષિત થયેલો હતો. એકદા તેણે એક સગર્ભા હરિણીને શર વડે વીંધી, તેથી તેના ઉદરમાંથી ગર્ભ નીકળીને પૃથ્વી પર પડયો. તે ગર્ભને ગરોળીની કાપેલી પૂંછડીની જેમ તડફતો જોઇને તે વજ્રકર્ણના હૃદયમાં દયા આવી. તેથી તે પોતાના આત્માની નિંદા કરવા લાગ્યો કે, ''અહો! મેં નરકે જવા યોગ્ય પાપ ઉપાર્જન કર્યું.'' ઇત્યાદિ પ્રકારે પોતાના આત્માને નિંદતો તે રાજા નિર્દયપણાનો ત્યાગ કરીને વનમાં આમ-તેમ ભ્રમણ કરતો હતો, તેવામાં એક મુનિને દીઠા. તેમની પાસે સર્વ વાત જણાવી આત્મહિત થાય તેવો રસ્તો માંગ્યો. ત્યારે તે ગુરુએ સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવ્યું. ત્યારે તેણે મુનિ પાસે બારવ્રત અંગીકાર કર્યા. વિશેષ કરીને જિનેશ્વર તથા મુનિરાજ સિવાય બીજા કોઇને ન નમવાનો નિયમ ગ્રહણ કર્યો. હવે પોતાના નગરમાં ગયો. ઘેર આવ્યા પછી વિચાર આવ્યો કે હું સિંહરથ રાજાનો સેવક છુ. તેમને નમન કરવા પડશે. તેથી તેણે એક અંગુઠી કરાવી જેમા મુનિસુવ્રત સ્વામીની સૂક્ષ્મ પ્રતિમા કરાવી. પછી તે જ્યારે રાજા પાસે જાય ત્યારે વીંટી સન્મુખ રાખીને પ્રણામ કરવા લાગ્યો. એટલે તે મન વડે જિનેશ્વરને જ પ્રણામ કરતો હતો. અને બહારથી સિંહરથ રાજાને પ્રણામ દેખાતો હતો. એકદા કોઇ ખળપુરુષે તે વૃતાંત સિંહરથ રાજાને નિવેદન કર્યો. તેથી તે સાંભળીને રાજાએ વિચાર્યુ, કે તે રાજ્ય મારું ભોગવે અને પ્રણામ માત્ર કરતો નથી. એમ વિચારી તેણે તેની સાથે સંગ્રામને માટે રણભંભા વગડાવી. આ વાત વજ્રકર્ણ રાજાને પહોંચી તેથી તેણે કિલ્લા બહારના પરાંઓને ભાંગીને સર્વ કિલ્લામાં લઇ દ્વાર બંધ કરીને રહ્યો. પ્રાતઃકાળે સિંહરથ રાજાએ નગરને ઘેરો ઘાલીને દૂતને મોકલ્યો. અને કહેવડાવ્યું કે, ''હે વજ્રકર્ણ! તેં વીટીં પહેર્યા વિના સ્વામીને પ્રણામ કરીને સુખેથી રાજ્ય ભોગવ નહિ તો તારો નાશ થશે.'' વજ્રકર્ણે કહ્યું કે,''હે દૂત! મારે રાજ્યનું કાંઇ પ્રયોજન નથી. પરંતુ મને ધર્મ દ્વારા આપ કે જેથી હું બીજે સ્થાને જઇને મારા નિયમનું પાલન કરું'' તે સાંભળી સિંહરથ ક્રોધયુક્ત થઇને તે નગરને રૂંધી રહ્યો છે, તેથી આ દેશ ઉજ્જડ છે. તે સર્વ વૃતાંત સાંભળીને રામ, લક્ષ્મણ, સીતા વજ્રકર્ણ પાસે ગયા. તેણે ત્રણેનો આદર સત્કાર કર્યો અને ભોજન કરાવ્યું. પછી રામના કહેવાથી લક્ષ્મણ સિંહરથ રાજા પાસે જઇને વજ્રકર્ણ સાથે યુધ્ધ ન કરવાનું કહ્યું. ત્યારે સિંહરથ માન્યો નહિ અને લક્ષ્મણ સાથે યુધ્ધ કરવા તૈયાર થયો. ત્યારે લક્ષ્મણે એક

ક્ષણમાં જીતી લઇને તેને પૃથ્વી પર પાડી દીધો. ત્યારે સિંહરથ રાજા બોલ્યો કે,"મેં અજ્ઞાનપણામાં આપનું અપમાન કર્યુ છે. આપ મારા સ્વામી છો, તેથી જેમ આપની ઇચ્છા હોય તેમ કરો." તે સાંભળીને લક્ષ્મણે વજ્રકર્ણને ઉજ્જયિનીનો રાજા કરી સિંહરથને તેનો સેવક બનાવી મુક્ત કર્યો. વજ્રકર્ણ લીધેલા નિયમનું યથાસ્થિત પાલન કરી સર્વ જીવોને ખમાવી સ્વર્ગે ગયા. ત્યાંથી આવીને મનુષ્ય થઇ મોક્ષપદને પામશે.

હે ભવ્ય જીવો આ દ્રષ્ટાન્ત વાંચીને જિનેશ્વર સિવાય બીજા કોઇને દેવભાવે નમન કરવું નહિ.[૭૪]

બીજાના દેવને ન નમવામાં તેમના તરફ તિરસ્કાર હોય છે. એમ સમજવાનું નથી. પરંતુ, દેવ તરીકેની સર્વ લાયકાત તીર્થંકરોમાં જ હોવાથી અને તેને જ નમવાનું વ્યાજબી હોવાથી, બીજાને શી રીતે નમાય? વેદના અને કષ્ટોથી ગભરાઇને સમકિતી જીવ પણ એવી ખોટી પ્રવૃત્તિ કરે, તો બીજા તેનો દાખલો લે, એટલે સત્ય અને સત્યની રક્ષા ખાતર મોક્ષના મુખ્ય ઉદ્દેશથી પ્રગતિ કરવા બીજાને એ નમન ન કરે.[૭૫]

## અધિકાર પાંચમો પાંચ દૂષણો

સમકિત દૂષણ પરિહરો, જેમાં પહેલી છે શંકા રે,
તે જિન વચનમાં મત કરો, જેહને સમ નૃપ-રંકા રે.
સમકિત દૂષણ પરિહરો...(૨૩)

કંખાઃ કુ-મતની વાંછના. બીજું દૂષણ તજીયે
પામી સુર-તરુ પરગડો, કિમ બાઉલ ભજીએ?... સમકિત...(૨૪)

સંશય ધર્મનાં ફળ તણો, વિતિગિચ્છાઃ નામે.
ત્રીજું દૂષણ પરિહરો, નિજ શુભ-પરિણામે... સમકિત...(૨૫)

મિથ્યા-મતિ-ગુણ-વર્ણનો, ટાળો ચોથો દોષ.
ઉનમારગી થુણતાં, હુવે ઉન-મારગ-પોષ... સમકિત...(૨૬)

પાંચમો દોષ મિથ્યામતિ- પરિચય નવિ કીજે.
ઇમ શુભ-મતિ-અરવિંદની, ભલી વાસના લીજે... સમકિત...(૨૭)

### -ઃગાથાર્થઃ-

સમકિતના પાંચ દૂષણ છે. તે છોડી દેવા. તેમાં પહેલું દૂષણ શંકા છે. તે શંકા શ્રી જૈનધર્મમાં ન કરવી. કેમ કે જૈનધર્મનો ઉપદેશ આપનારા તીર્થંકર વીતરાગ

પરમાત્માઓને રાજા અને રંક સરખા છે. એટલે તેમને ખોટું બોલવાનું કાંઇ કારણ નથી. (૨૩)

ખોટા ધર્મની ઇચ્છા, તે કાંક્ષા નામે બીજું દૂષણ છે. તેનો પણ ત્યાગ કરવો. કેમકે-પોતાની સામે પ્રત્યક્ષ કલ્પવૃક્ષ મળી આવ્યું હોય અને પછી કોઇ બાવળનો આશ્રય લેવા દોડી જાય? ન જ જાય. તે પ્રમાણે જૈન ધર્મ મળ્યા પછી બીજાની ઇચ્છા જ ન થવી જોઇએ, થાય, તો એટલો દોષ છે. (૨૪)

ધર્મ પાળતા, તેનું ફળ મળશે કે નહિ? એવી જાતનો અવિશ્વાસ મનમાં થાય, તે વિતિગિચ્છા નામે ત્રીજું દૂષણ કહેવાય છે. તેનો ત્યાગ કોઇની પ્રેરણાથી નહિ. પણ તમારા મનમાં સમજીને શુભભાવથી કરો. (૨૫)

ઉંધે રસ્તે જનારાના વખાણ કરવાથી ઉંધા મારગને પુષ્ટિ મળે છે. માટે મિથ્યામતિમાં ગુણો હોય, છતાં જાહેરમાં તેના વખાણ કરવા, એ મિથ્યામતિના ગુણો વર્ણવા નામે ચોથો દોષ છે. તેનો પણ ત્યાગ કરો. (૨૬)

મિથ્યાત્વીની સોબત કરવી એ પાંચમો દોષ છે. માટે તે પણ ન કરવી. એમ પાંચેય દોષનો ત્યાગ કરવાથી, સમકિત સ્વરૂપ-શુધ્ધ-બુધ્ધિરૂપી-કમળ ખીલી ઉઠશે, એટલે તમને તેની ઉત્તમોત્તમ સુંગધ મળશે, અથવા તેની સુંગધ લઇ શકશો માટે, સમકિતને દૂષણ લગાડનાર હોય તેનો ત્યાગ કરો. (૨૭)"[૭૬]

વિશેષાર્થ:-

शंका कांक्षा विचिकित्सा मिथ्यादृष्टिप्रशंसनम्

तत्संस्तवश्च पञ्चापि, सम्यकत्वं दूषयन्त्यमी।। १।।

ભાવાર્થ:- શંકા, આકાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદષ્ટિની પ્રશંસા અને તેનો સંસ્તવ એ પાંચ સમકિતને દૂષિત કરનારા અતિચાર છે.

શ્રી અરિહંતે પ્રરૂપેલા ધર્મને વિષે સંદેહની બુધ્ધિ રાખવી, તે શંકા કહેવાય છે. તે દેશ થકી અને સર્વ થકી એમ બે પ્રકારની છે. દેશથી શંકા એટલે જિનેશ્વર પ્રરૂપિત સર્વ પદાર્થોમાં શ્રધ્ધા રાખે, પણ અમુક એક બે ઠેકાણે શંકા કરે. જેમ કે જીવ છે તે વાત તો ખરી. પણ તે સર્વગત હશે કે અસર્વગત? સપ્રદેશી હશે કે અપ્રદેશી? વગેરે એકાદ અંશમાં શંકા કરવી તે દેશથી શંકા કહેવાય અને સર્વથી શંકા એટલે તીર્થંકર ભાષિત સર્વે પદાર્થોમાં શંકા કરે તે. આ બન્ને પ્રકારની શંકા સમ્યક્ત્વને દૂષણરૂપ છે.[૭૭]

"સમ્યક્ત્વ પારસમણિ-ચિંતામણિ વગેરે દુનિયાના શ્રેષ્ઠ ગણાતા રત્નોથી પણ અતિ વિશિષ્ટ રત્ન સમાન છે. કેમકે એ ભવોભવના દુઃખ, દારિદ્રય, અભાવ દૂર કરે છે.

આ રત્ન જેટલું નિર્મળ-સ્વચ્છ રહે એટલો એનો વિશિષ્ટ પ્રભાવ અનુભવાય છે. એ જેમ-જેમ મેલું થાય, તેમ તેમ એનો પ્રભાવ દબાતો જાય છે. આ સમ્યક્ત્વને મલીન કરનારા તત્ત્વો-દુષણો પાંચ છે. આ પાંચથી સમ્યક્ત્વ રત્ન મલીન જ થાય એવું નહિ, સમૂળગું ખોવાઇ જાય, નષ્ટ થઇ જાય એમ પણ સંભવે છે. ક્ષયોપશમિક સમ્યક્ત્વની હાજરીમાં આ પાંચ દૂષણ હોય છે. આ સમ્યક્ત્વમાં મિથ્યાત્વ મોહનીય કર્મ જ શુધ્ધ દલિક બની સમ્યક્ત્વ મોહનીયરૂપે ઉદયમાં આવે છે. આમ મૂળભૂત રીતે મિથ્યાત્વના જ કર્મ દલિકો હોવાથી આવા દૂષણરૂપે અતિચાર લગાડવામાં નિમિત્ત બને છે. તેથી મુહપત્તિના પચાસ બોલમાં સમકિત મોહનીયને પણ પરિહરવાનું-છોડવાનું કહ્યું છે.

વ્યવહારનય આ પાંચ દૂષણથી સમ્યક્ત્વ મલીન થાય એમ માને છે. નિશ્ચયનયમતે તો સમ્યક્ત્વ હમેંશા ઝળહળતું જ હોય, એ મલીન ઝાંખુ થાય જ નહિ. તેથી આ પાંચ દૂષણ સમ્યક્ત્વને મલીન નથી કરતા પણ સમ્યક્ત્વને નાશ જ કરે છે. પણ અહિંયા વ્યવહારનયને આગળ કરીને વિચારણા કરવાની છે. તેથી આ દૂષણો સમ્યક્ત્વને મલીન કરે છે.[૭૮]

## સમકિતનું પ્રથમ દૂષણ-શંકા

પ્રથમ દૂષણ શંકા છે. શંકા સાપણ છે. સમ્યક્ત્વરૂપી શરીરને માટે મારક છે. તત્ત્વ જાણવાની ઇચ્છા જિજ્ઞાસા છે. તત્ત્વશ્રવણની ઇચ્છા શુશ્રુષા છે. આ બંને તત્ત્વજ્ઞાનના કારણ છે. સમ્યક્ત્વના કારક અને પોષક છે. આમ તો સંશય એ સાંશયિક મિથ્યાત્વનો પ્રભાવ છે. ને એ મિથ્યાત્વની હાજરીમાં સમ્યક્ત્વ જ રહેતું નથી. પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને પણ કયારેક તીવ્ર નહિ પણ મંદભાવે કો'ક પદાર્થની સત્યતા અંગે શંકા પડે, કે જે ગીતાર્થ ગુરુ ભંગવંતે આપેલી સમજણથી દૂર થઇ જાય. જો શંકા તીવ્રતાનું રૂપ ધારણ કરે અથવા સમજાવવા છતાં તે દૂર થાય જ નહિ, તો પ્રાયઃસમ્યક્ત્વનો નાશ થઇ જાય છે. જિનેશ્વર ભગવાનના વચન પર જરા પણ શંકા કરવા જેવી નથી. આગમિક પદાર્થો મન-ઇન્દ્રિયના વિષય ન બને, ત્યાં શંકા રાખવી નહિ. સમુદ્રની વિશાળતા જો ચમચીથી માપી શકાતી નથી. તો કેવળજ્ઞાનીના જ્ઞાનને આપણી બુધ્ધિથી કેવી રીતે માપી શકીએ? માટે જ જિનમતમાં શંકાને સ્થાન નથી. એમાં ભેદભાવની જાતિ નથી. આચારાંગ સૂત્રમાં આવે છે કે, જે રીતે નૃપને ઉપદેશ અપાય છે. એજ રીતે તુચ્છ-ગરીબને પણ ઉપદેશ અપાય છે. જે ધર્મ એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના તમામ જીવોની ચિંતા કરે છે.

શ્રી મહાનિશીથ ગ્રંથમાં ગૌશાળાનો પૂર્વભવ વર્ણવ્યો છે. એમાં એનું નામ ઇશ્વર હતું અને તે વખતના તે શાસનના શ્રી ગણધર ભગવંત વગેરેના પ્રવચનો સાંભળી

વારંવાર શંકાઓ ઉઠયા કરતી હતી. પરિણામે ગોશાળાના ભવમાં પણ ભગવાન મહાવીરસ્વામી સાધનાકાળમાં હતા ત્યારે એમની વાત પર શંકા કરતા, છેવટે ગુરુદ્રોહી થઈ કેવળજ્ઞાની ભગવાન પર તેજોલેશ્યાનો ઉપસર્ગ કરનારો થયો.[૭૯]

## -:શંકા પર તિષ્યગુપ્ત નિન્હવનું દ્રષ્ટાંત:-

શ્રી મહાવીર સ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી સોળ વર્ષે બીજો તિષ્યગુપ્ત નામે નિન્હવ થયો. તેનું વૃતાંત આ પ્રમાણે છે.

રાજગૃહી નગરીના ગુણશીલ નામના ચૈત્યમાં એકદા ચૌદ પૂર્વધારી વસુનામના આચાર્ય પધાર્યા. તેમને તિષ્યગુપ્ત નામે એક શિષ્ય હતો. એકદા આત્મપ્રવાદ નામના પૂર્વનો અભ્યાસ કરતાં ભણવામાં પાઠ આવ્યો કે, ''एगे भंते जीवप्पएसे जीवेत्तिवत्तवं सिया? नो इणट्ठे समट्ठे, एवं दो तिन्नि संखिज्जा असंखिजा वा एगप्पएसुणं वि जीवे? नो जीवेत्तिवत्तव्वं। कहं? जम्हा कसिणे पडिपुण्ण लोगागासपएसतुल्ले जीवे जीवेत्तिवत्तव्वं सिया इत्यादि।''

અર્થ:- હે ભગવન્! જીવનાં એક પ્રદેશમાં જીવ વ્યકતવ્યતા થઈ શકે? પ્રભુ કહે, ''ના, એ અર્થ સમર્થ-યોગ્ય નથી.'' આ રીતે, ''બે પ્રદેશમાં, ત્રણ પ્રદેશમાં, સંખ્યાતા પ્રદેશમાં, અસંખ્યાતા પ્રદેશમાં, છેવટ એક પ્રદેશ ઉણા સર્વ પ્રદેશમાં જીવ કહેવાય કે નહિ?'' પ્રભુ કહે- ''ના, એ અર્થ પણ સમર્થ નથી. અર્થાત્ તે જીવ કહેવાય નહિ'' ત્યારે જીવ ક્યારે કહેવાય? પ્રભુ કહે છે કે, ''પરિપૂર્ણ લોકાકાશના પ્રદેશ જેટલા પ્રદેશ એકેક જીવના છે. તે સમગ્રપ્રદેશને 'જીવ' કહીએ ઈત્યાદિ'' આ પ્રમાણે ભણતા તિષ્યગુપ્તને એવી શંકા થઈ કે,''જીવના એક છેલ્લા પ્રદેશમાં જ જીવસંજ્ઞા રહેલી જણાય છે, બાકીના સર્વ પ્રદેશનાં જીવસંજ્ઞા નથી એવું આ સૂત્ર સ્પષ્ટ બતાવે છે.'' આવા પોતાના મતને તે બીજાઓને કહેવા લાગ્યો. ત્યારે ગુરુએ મિત્રરૂપ થઈને તેને સમજાવ્યું કે, ''પરિપૂર્ણ લોકાકાશ પ્રદેશ તુલ્ય જીવમાં જીવસંજ્ઞા છે.'' તેથી શ્રુતને પ્રમાણ માનનારાએ આમાં તારે કુયુક્તિઓ કરવી જ ન જોઈએ. પરંતુ તિષ્યગુપ્ત માન્યો નહિ. અંતે ગુરુએ તેને ગચ્છ બહાર કર્યો. તિષ્યગુપ્ત વિહાર કરતા એકદા આમતકલ્પા નામની નગરીમાં ગયો. ત્યાં મિત્રશ્રી નામનો એક શ્રાવક તેને નિન્હવ જાણીને પ્રતિબોધ કરવાના હેતુથી આહાર લેવા માટે આમંત્રણ આપ્યું. ઘરે વિશિષ્ટ ભક્ષ, ભોજ્ય, અન્ન, પાન. વ્યંજન, વસ્ત્ર વગેરેનો સમુહ તૈયાર કર્યો. તેને આદરપૂર્વક આસન પર બેસાડીને સર્વમાંથી છેલ્લો એક કણ (ભાગ) લઈને તેના પાત્રમાં મૂકયો, અને કહ્યું કે, ''હું આજે મારા આત્માને ધન્ય અને પુણ્યવાન માનું છું. કેમ કે ગુરુ પોતે જ મારે ઘેર પધાર્યા છે.'' તે સાંભળીને તિષ્યગુપ્ત બોલ્યો કે,''હે

શ્રાવક! આવો એક એક કણ આપીને તેં આજે મારી હાંસી કરી છે. તે યોગ્ય કર્યું નથી.'' શ્રાવક બોલ્યો કે ''હે પૂજ્ય! તમારો જ આ મત છે, તે જો સત્ય જ હોય તો આ લાડુ તથા ભાત વગેરેના છેલ્લા અવયવથી આપની તૃપ્તિ થવી જ જોઇએ. જો તેમ ન થાય તો આપે કહેલું સર્વ જૂઠું પડશે.'' તે સાંભળીને પ્રતિબોધ પામેલો તિષ્યગુપ્ત બોલ્યો કે, હે શ્રાવક! તેં મને સારો બોધ આપ્યો. શ્રીવીર ભગવાનના વાક્યમાં પડેલી શંકા અત્યારે દૂર થઇ. પછી તે શ્રાવકે ભકિતપૂર્વક તેમને પ્રતિલાભ્યા. તિષ્યગુપ્ત ગુરુ પાસે જઇ આલોયણ પ્રતિક્રમણ કરી શ્રી જિનેશ્વરના આજ્ઞાનુસાર વિચારવા લાગ્યા. ગુરુના ચરણમાં વર્તતાં સમ્યગ્ માર્ગને પામી સ્વર્ગે ગયો. ''હે ભવ્ય પ્રાણીઓ! આ તિષ્યગુપ્તનું ચરિત્ર સાંભળીને શ્રી જિનેશ્વરના વચનમાં કિંચિત્ પણ શંકા કરવી નહિ.[૮૦]

## સમકિતનું બીજુ દૂષણ-આકાંક્ષા

જૈનમત સિવાયના અન્યમતની ઇચ્છા કરવી બીજાના મત તરફનું ખેંચાણ, ખેંચાવું તે કાંક્ષા નામનો દોષ છે. જૈનદર્શન સિવાય બીજા કોઇપણ દર્શનની વિવેકહીન એવી ક્રિયાઓ, અનુષ્ઠાનો, એનો પ્રભાવ, એના સિધ્ધાંતો, એના પર્વો એના આચારો વગેરે જોઇને તે તરફ મનથી ખેંચાવું તે કાંક્ષા છે.

આવશ્યક નિર્યુક્તિ પરની ટીકામાં પૂ.આચાર્ય શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજે 'કાંક્ષા'નો બીજો અર્થ પણ કર્યો છે. મોક્ષ આપનાર દેવ-ગુરુ-ધર્મ પાસે તુચ્છ સંસારિક સુખો મેળવવા માટે ધર્મ કરવો એ 'કાંક્ષા' નામનો સમ્યક્ત્વમાં અતિચાર છે. માટે દુન્યવી ફળોની ઇચ્છા ન રાખવી એમ તેઓશ્રી જણાવે છે.''[૮૧]

ઉપમિતિ ભવપ્રપંચા કથા નામના અદ્ભૂત સંસ્કૃત કાવ્યના રચયિતા શ્રી સિદ્ધર્ષિગણિને બૌધ્ધ મત ભણવા બૌધ્ધ મઠમાં જવા પર એ મતનું આકર્ષણ થયેલું. એ મત ગમી ગયેલો. વાત એટલે સુધી પહોંચી ગઇ કે પોતે બૌધ્ધાચાર્ય થવા ઓઘો પોતાના ગુરુને પાછો આપવા આવ્યા હતા. કહેવાય છે કે ગુરુની સમજાવટથી જૈન ધર્મ પર શ્રધ્ધા બેસવાથી બૌધ્ધને ના પાડવા ત્યાં ગયા. ત્યાંની વાત સાંભળી ફરી આકર્ષાયા. આમ એકવીશ વાર થયું છેવટે ગુરુ ભંગવંતે આપેલી લલિત વિસ્તરા નામની પ્રત વાંચી પ્રભુના અનન્ય ગુણો સમજી સ્થિર થયા. આ લલિત વિસ્તરા શ્રી નમુત્થુણંસૂત્ર પર પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે રચેલો ગ્રંથ છે.[૮૨]

देशतः सर्वतो वाप्यभिलाषः परदर्शने।

स आकांक्षाभिधो दोषः, सम्यकत्वे गदितो जिनैः ।। १।।

ભાવાર્થ:-"દેશથી અથવા સર્વથી અન્યદર્શનનો જે અભિલાષ તે સમ્યક્ત્વમાં આકાંક્ષા નામનો દોષ જિનેશ્વરોએ કહેલો છે."[63]

## -:સર્વદેવની ભક્તિ કરનાર શ્રીધર શ્રાવકનું દ્રષ્ટાંત:-

गुण दोषा परिज्ञानात्, सर्वदेवेषु भक्तिमान्।
यः स्यात् श्रीधरवत्पूर्वं, स तु नैवाश्नुते सुखम् ।। १।।

ભાવાર્થ:- "ગુણ દોષ જાણ્યા વિના જે મનુષ્ય સર્વ દેવોને વિષે પ્રથમાવસ્થામાં શ્રીધરની જેમ ભક્તિમાન થાય છે. તે પરિણામે સુખ પામતા નથી."

ગજપુરમાં શ્રીધર નામે વણિક, જે સ્વભાવથી જ ભદ્રિક હતો. તેણે એકદા એક મુનિ પાસેથી જૈનધર્મનું શ્રવણ કર્યું, ત્યારથી જિનેશ્વરની ત્રિકાળપૂજા, ભક્તિ કરવી. એક દિવસ તેણે પ્રભુ પાસે ધૂપ કરીને અભિગ્રહ કર્યો કે,"આ ધૂપ જ્યાં સુધી બળે ત્યાં સુધી મારે નિશ્ચળ બેસી રહેવું, ખસવું નહિ."દૈવયોગે ત્યાં એક સર્પ નીકળ્યો, તથાપિ શ્રીધર નિશ્ચળ જ રહ્યો. એટલે સર્પ તેની પાસે આવી ડસવા જાય છે, તેટલામાં શ્રીધરના સત્ત્વથી તુષ્ટમાન થયેલી દેવીએ એ દુષ્ટ સર્પને દૂર કરીને તેના મસ્તકનો મણિ લઈ શ્રીધરને આપ્યો. તે મણિના પ્રભાવથી શ્રીધરના ઘરમાં લક્ષ્મી વૃધ્ધિ પામવા લાગી. એકદા કુટુંબમાં કોઈ પ્રકારનો વ્યાધિ આવવાથી કોઈએ તેને કહ્યું કે,"ગોત્ર દેવીની પૂજા કરવાથી ગોત્રમાં કુશળતા રહે છે." તે સાંભળીને ભદ્રિક શ્રીધરે ગોત્રદેવીની પૂજા કરી. દૈવયોગે વ્યાધિ નિવૃત્ત થયો. અન્યદા એકવાર પોતાને કાંઈ વ્યાધિ ઉત્પન્ન થયો ત્યારે કોઈના કહેવાથી તેણે યક્ષની પૂજા કરી. આ રીતે લોકાના કહેવાથી શાંતિના લાભ માટે અન્ય દેવોની પૂજા કરવા લાગ્યો. એક દિવસ શ્રીધરના ઘરમાં ચોરોએ ધન ચોરી લીધું. એવી સ્થિતિ થઈ ગઈ કે ભોજનનો પણ સંદેહ પડવા લાગ્યો. છેવટે અત્યંત દુ:ખી થવાથી તેણે અઠ્ઠમ કરીને સર્વ દેવોની આરાધના કરી. ત્રીજે દિવસે દેવતાઓ બોલ્યા કે,"અરે! તે શા માટે અમારું સ્મરણ કર્યું? કુળદેવી પાસે જાઓ." આમ બધા દેવોએ તેની ઉપેક્ષા કરી અંતે તે શાસન દેવતાની આરાધના કરવા લાગ્યો. શાસન દેવતા બોલ્યા કે, હે મૂર્ખ! તેં આ બધું શું કર્યું? ઘણી ભૂલ કરી, "હવે વિકથા અને હાસ્યમાં તત્પર એવા કુદેવોને મૂકીને જે દેવના પણ દેવ છે. જેનાં આઠે કર્મો ક્ષીણ થયા છે. અને જે અવતારરૂપ છે. એવા ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞની અર્ચા કર કે, જેથી બન્ને ભવમાં સુખસંપતિની પ્રાપ્તિ થાય." તે સાંભળીને શ્રીધરે તે પ્રમાણે કરવા માંડ્યું. પછી તેને આકાંક્ષા રહિત દઢ નિશ્ચયવાળો જાણીને શાસનદેવીએ ફરીથી મણિ આપ્યો. તેથી તે પાછો સમૃદ્ધિવાન થયો. અને પરભવમાં થોડા કાળમાં સિધ્ધપદને પામ્યો.[64]

## -:સમકિતનું ત્રીજું દૂષણ- વિચિકિત્સા:-

देशतः सर्वतो वापि, कृतक्रियाफलं प्रति।

क्रियते हृदि सन्देहो, विचिकित्साभिधः सकः ।। १ ।।

ભાવાર્થ:-"કરેલી ધર્મ ક્રિયાના ફળ પ્રત્યે દેશથી અથવા સર્વથી મનમાં સંદેહ કરવો, તે વિચિકિત્સા નામનો દોષ કહેવાય છે."[૯૫]

પરમ પૂજ્ય અજિતશેખર સૂરીશ્વરજી વિચિકિત્સા દુષણ પર જણાવે છે કે, "પ્રભુએ બતાવેલા દાન આદિ ધર્મો કે પૂજા વગેરે ધર્મો ઉત્કૃષ્ટ સુખના સ્થાન ભૂત મોક્ષ અપાવી શકે છે. જૈનશાસનના કોઇ ક્રિયા-અનુષ્ઠાન-ધર્મ વખોડવા પાત્ર નથી. વખાણવા લાયક જ છે. આ જ ધર્મ વિશ્વોપકાર સાગર, મોક્ષમાર્ગ દાતાર છે. માત્ર કાયકલેશ રૂપ નથી. સમ્યગ્દર્શનથી યુક્ત આ બધા ધર્મો સર્વાર્થ સાધક બને છે. અને તે વિના પણ સંસારના સુખ આપવામાં સમર્થ પુણ્યનું કારણ બને છે. આ દરેક ધર્મ પ્રભુએ કેવળજ્ઞાનથી એમના સામર્થ્યને જાણવાપૂર્વક બતાવ્યા છે. તેથી જ એ આપણી કલ્પનામાં પણ ન બેસે એવા ફળ આપે છે.

વિચિકિત્સાનો એક બીજો અર્થ છે. જુગુપ્સા-નિંદા-તિરસ્કાર-દેવ-ગુરુ-ધર્મ-ધર્મીજન વગેરેની નિંદા, ટીકા એમના મલીન ગાત્રો જોઇ તિરસ્કાર વગેરે કરવા નહિ. શ્રાધ્ધ વિધિમાં આવી નિંદાને સંસારરસિક જીવનું લક્ષણ કહ્યું છે.[૯૬]

"જે ધર્મ કર્યો તેનું શું ફળ મળશે? મળશે કે નહિ? કરેલ ધર્મ સફળ થશે કે એળે જશે! એવી જે શંકા એ વિચિકિત્સા છે. આપણે પૂરો ધર્મ ન કર્યો અને ફળ જોઇએ તેવું ન મળે તો તેમાં આપણો દોષ છે, વીતરાગનો ધર્મ ક્યારેય નિષ્ફળ જતો નથી. સમ્યગ્દષ્ટિને ધર્મનું ફળ, મોક્ષ જ દેખાય. મોક્ષના આશયથી કરાયેલા ધર્મથી અર્થ અને કામ તો સહજ રીતે મળી જાય છે. પરંતુ એમાં લપેટાય નહિ. તેને અર્થ અને કામ ઘાસનાં તણખલા જેવા લાગે. પરમાત્માની આજ્ઞા મુજબનો નાનો ધર્મ પણ મોક્ષે પહોંચાડવાની તાકાત ધરાવે છે. એક નવકારશી, ઈરિયાવહિયા, એક નવકારમાં પણ મોક્ષે પહોંચાડવાની તાકાત છે. ભગવાનની આજ્ઞા મુજબ વિધિપૂર્વક મોક્ષની તીવ્ર અભિલાષાપૂર્વક કરાતો ધર્મ મોક્ષે લઇ જનાર છે. સંસારમાં બેઠેલો અવિરતિના ઉદયવાળો સમકિતી શ્રાવક પોતે પૂર્વમાં કરેલા ધર્મના પ્રભાવે મળેલ દુન્યવી સુખોને ભોગવે તો પણ તેને ઘાસ જેવા માનીને ભોગવે. ધર્મના સાચા ફળ તરીકે તે તેને ન જ ભોગવે. ધર્મનું સાચું ફળ તો મોક્ષ જ છે. અને એજ જોઇએ છે. એમ માનીને જ જીવન જીવે છે."[૯૭]

બીજી રીતે વિચિકિત્સા એટલે મુનિનું મળથી મલિન શરીર જોઇને તેની જુગુપ્સા-નિંદા કરવી તે. જેમ કે, આ મુનિજનો પ્રાસુક જળથી શરીરનું પ્રક્ષાલન કરતા હોય તો તેમાં શો દોષ લાગે? એમ ધારી તેમની જુગુપ્સા કરવી તે પણ વિચિકિત્સા કહેવાય છે. આ વિચિકિત્સા પણ શ્રી જિનેશ્વર પ્રરૂપિત ધર્મ પર અશ્રધ્ધારૂપ હોવાથી સમકિતને દુષિત કરનાર છે.“

## -:દુર્ગંધા રાણીનું દૃષ્ટાંત:-

એકદા ક્ષાયિક સમકિતી શ્રેણિક રાજા પ્રભુને વંદન કરવા જઇ રહ્યા હતા. ત્યાં ઝાડ નીચે એક તીવ્ર દુર્ગંધથી ભરેલી બાળકી જોઇ,“આ કોણ હશે? એમ વિચારી પ્રભુને વંદન કરી પૂછ્યું. ભગવાને કહ્યું, વેશ્યાને ત્યાં જન્મેલી આને આના તીવ્ર દુર્ગંધથી ત્રાસી વેશ્યા ઝાડ નીચે છોડી ગઇ છે. અવસર જોઇને રાજા એ દુર્ગંધી બાલિકાનો પૂર્વભવ પૂછયો. ભગવાન બોલ્યા કે,“અહિં નજીક રહેલ શાલિ નામના ગામડાના ધનમિત્ર નામે શ્રેષ્ઠી હતા તેમને ધનશ્રી નામે પુત્રી હતી. ગ્રીષ્મઋતુમાં શ્રેષ્ઠીએ તેના વિવાહ લીધા. તેવામાં કોઇ મુનિ ગોચરીને માટે ઘરે પધાર્યા. શ્રેષ્ઠીએ પુત્રીને વ્હોરાવવા આજ્ઞા કરી, એટલે તે મુનિને વહોરાવવા ગઇ. પરંતુ કદી પણ સ્નાન-વિલેપનાદિક વડે શરીરની શુશ્રૂષા નહિ કરનારા તે મહાત્માઓનાં વસ્ત્રોમાંથી અને શરીરમાંથી સ્વેદ તથા મળ વગેરેની દુર્ગંધ આવવાથી તે ધનશ્રીએ મનમાં અણગમો થયો અને વિચાર્યું કે, “અહો! નિર્દોષ જૈનમાર્ગમાં રહેલા આ સાધુઓ જો કદાચ પ્રાસુક જળથી પણ સ્નાન કરતા હોય તો તેમાં શો દોષ? એ પ્રમાણે જુગુપ્સા કરી. એ પાપ આલોવ્યા વિના મરણ પામી. અને ગણિકાના ઉદરમાં પુત્રી પણે ઉત્પન્ન થઇ. અને ગણિકાએ ત્રાસીને આને ઝાડ નીચે મૂકી ગઇ છે. ત્યારબાદ શ્રેણિકે પુછ્યું હવે પછી શી ગતિ હશે? ત્યારે પ્રભુએ કહ્યું કે, “હે રાજા! તે દુર્ગંધાએ પૂર્વે કરેલી મુનિની જુગુપ્સારૂપ અશુભ કર્મનું ફળ સમગ્ર ભોગવી લીધું છે. હવે તે મુનિને આપેલા દાનના ફળરૂપ ભોગ ભોગવવાની છે. તેથી તેનું શરીર કસ્તુરી અને કપુર કરતાં પણ અધિક સુગંધી થઇ ગયું છે. તે તારી પટરાણી બનશે. અને તમે સોગઠે રમશો. તેમાં રમતમાં જીતે તે હારનારની પીઠ પર ચઢે. તેમાં તું હારીશ તે તારી પીઠ પર ચઢશે. સમય જતા આવું જ બન્યું. તે વખતે વીરના વચન યાદ આવતા શ્રેણિક રાજાને હસવું આવી ગયું. દુર્ગંધાએ તેનું કારણ પુછ્યું ત્યારે રાજાએ પૂર્વ જન્મથી આરંભીને હાસ્ય પર્યંત સર્વ વૃતાંત ભગવાનને કહ્યા પ્રમાણે કહી સંભળાવ્યું. તે સાંભળી વૈરાગ્ય પામી વીરપ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી. દુર્ગંધાનું ચરિત્ર સાંભળી હે! જીવો! મુનિઓની જુગુપ્સા કદાપિ પણ ચિત્તમાં ધારણ કરવી નહિ.“

## -:સમકિતનું ચોથું દૂષણ-મિથ્યાત્વીની પ્રશંસા:-

अतीतानागता ये च, सन्ति वा येऽन्यलिंगिनः।

तेषां प्रशंसनं शंसाभिधो दोषश्चतुर्थो वा।। १।।

ભાવાર્થ:- "જે અન્ય લિંગીઓ થઇ ગયા, થવાના છે, અને વર્તમાન કાળે હયાત છે. તેઓની પ્રશંસા કરવી, તે મિથ્યાત્વીની પ્રશંસા નામનું સમકિતનું ચોથું દૂષણ જાણવું."

આ દોષ પણ સર્વથી અને દેશથી એમ બે પ્રકારનો છે. તેમાં સર્વે દર્શનો સત્ય છે. તેની પ્રશંસા કરવી તે સર્વથી પ્રશંસા દોષ જાણવો અને બૌધ્ધનું અમુક વચન, સાંખ્યનું અમુક વચન વધારે શ્રેષ્ઠ છે. એમ કદી એમના મતની પ્રશંસા કરવી તે દેશથી પ્રશંસાદોષ જાણવો.[૯૦]

પ્રભુના વચન, પ્રભુના માર્ગથી જેઓ દૂર છે. કે એ માર્ગ છોડી ઉન્માર્ગે જેઓ પ્રવૃત્ત થયા છે. એમનામાં બાહ્ય ભાવે કશુંક સારું દેખાય, વિશિષ્ટ દેખાય ને તેથી લોકો આગળ તેની પ્રશંસા કરે, તો સમ્યક્ત્વ મલીન થાય છે. ઉન્માર્ગને સ્તવતા વખાણતા-પ્રશંસા કરતા ઉન્માર્ગનું પોષણ થાય છે. મરીચિએ કપિલ આગળ "અહીં પણ ધર્મ છે." એ રીતે પોતાના માર્ગની એટલી પણ પ્રશંસા કરી, તો કપિલ તો ભૂલો પડયો જ. મરીચિનો પણ સંસાર એક કોડાકોડી સાગરોપમ જેટલો વધી ગયો. સામાન્ય લોકોમાં વિવેક-વિભાગ કરવાની આવડત હોતી નથી. તમે એક અંશને આગળ કરી વખાણ કરો. ત્યારે તેઓ બીજા અંશોથી વખાણપાત્ર નથી. એવો નિર્ણય કરી શકતા નથી. તેથી તેઓ તો સર્વાંશે જ ગ્રહણ કરે છે.

દા.ત:- જેમ તપ કરનારો ક્રોધ કરે, તો તપ અને ક્રોધને અલગ નથી કરી શક્તા, પણ બંનેને ભેગા કરી'તપસ્વી ક્રોધ કરે છે. જે તપ કરે તે ક્રોધ કરે' એમ માની લઇ. ક્રોધ તો છોડે કે નહિ, પણ તપ તો છોડી જ દે છે. ને તપસ્વીની નિંદા પણ કરી લે છે. બસ, એમ તેઓ એક બાબતની પ્રશંસાથી બધી બાબત ગ્રાહ્ય માની લે છે. આમ ઉન્માર્ગનું પોષણ થાય છે.[૯૧]

શ્રી સ્થાનાંગ સૂત્રમાં સાત પ્રકારની વિકથાઓ દર્શાવી છે. તેમાં છઠ્ઠી વિકથાનું નામ દંસણભેયણી છે. જેનો અર્થ આ પ્રમાણે કર્યો છે.

ज्ञानाद्यातिशयितकुतीर्थिकप्रशंसादिरुपा।

કુતીર્થિઓની પ્રશંસા કરવાથી. તેમની તરફના આકર્ષણથી ખેંચાઇને કેટલાક લોકો જૈન ધર્મને છોડી અન્યમતના અનુયાયી બને છે. તેથી સમ્યગ્દર્શનની સુરક્ષા

માટે જીવનમાં વિવેકની જરૂર છે.[૯૨]

## -:મહાનિશીથ સૂત્રમાં સુમતિ અને નાગિલનું દૃષ્ટાંત:-

મગધ દેશમાં કુશસ્થળ નામના નગરમાં જીવાજીવાદિક તત્ત્વોને જાણનાર સુમતિ અને નાગિલ નામના બે ધનાઢ્ય ભાઈઓ રહેતા હતા. કેટલેક કાળે કોઈ પાપ કર્મના ઉદયથી તેઓ નિર્ધન થયા, ત્યારે તે બન્નેએ પરસ્પર વિચાર કર્યો કે, ''આપણે દ્રવ્યરહિત થયા છીએ, તેથી ધન ઉપાર્જન કરવા માટે પરદેશ જઈએ.'' એમ વિચારી તેઓ શુભ દિવસે નીકળ્યા. માર્ગે ચાલતા એક દિવસ તેમણે એક શ્રાવક સાથે પાંચ સાધુઓને જતાં જોયા. સારો સંગાથ મળ્યો જાણીને તેઓ તેમની સાથે ચાલ્યા. કેટલેક દિવસે તે સાધુઓની ચેષ્ટા તથા વાણી ઉપરથી તેમને કુશીલીયા જાણીને નાગિલે સુમતિને કહ્યું કે, ''આપણે આ સાધુઓ સાથે ચાલવું યોગ્ય નથી. કેમકે મેં શ્રી નેમિનાથના મુખથી એકવાર એમ સાંભળ્યું હતું કે, 'एवंविहे अणगाररुवे भवंति ते कुसीले, ते दिट्ठिए वि निरक्खिवओ न कप्पंति' એવા પ્રકારના સાધુઓ વેષધારી હોય છે. તેઓને કુશીલીયા જાણવા, તેઓ દ્રષ્ટિથી પણ જોવા યોગ્ય નથી. માટે હે ભાઈ! આ મિથ્યાદષ્ટિને છોડીને આગળ જઈએ. તે સાંભળીને સુમતિએ કહ્યું કે,'' હે નાગિલ! તું વક્રદષ્ટિએ દોષ જોનારો દેખાય છે. પણ મને તો આ સાધુઓ સાથે વાતો કરવી તથા ગમન વગેરે કરવું યોગ્ય લાગે છે.'' નાગિલે જવાબ આપ્યો કે, ''હે ભાઈ! હું મનથી પણ સાધુના દોષને ગ્રહણ કરતો નથી. પરંતુ મે ભગવાન તીર્થંકરની પાસે કુશીલીયાને નહિ જોવાનો નિશ્ચય કર્યો છે.'' સુમતિ બોલ્યો, ''જેવો તું બુધ્ધિ વિનાનો છે. તેવો તે તીર્થંકર પણ હશે કે જેણે તને આવો નિષેધ કર્યો.'' એ પ્રમાણે બોલતા સુમતિના મુખને નાગિલે પોતાના હાથ વડે બંધ કર્યું અને કહ્યું કે, હે બંધુ! અનંત સંસારના કારણરૂપ આવું વાક્ય તું ન બોલ. તીર્થંકરની આશાતના તું ન કર. આ સાધુઓમાં બાળ તપસ્વીપણું જણાય છે. કેમકે તેઓ અનેક ગુપ્ત વિષયાદિ દોષોથી દૂષિત છે, માટે હું તેમનો સંગ મૂકીને જાઉ છું. સુમતિ બોલ્યો કે, ''હું તો પ્રાણાંત થતાં સુધી પણ એમનો સંગ છોડવાનો નથી.'' તે સાંભળી નાગિલ એકલો જુદો પડ્યો. સુમતિએ સાધુ પાસે દીક્ષા લીધી. એ પાંચ સાધુમાં ચાર અનેક ભવમાં પરિભ્રમણ કરી મોક્ષ પામશે અને પાંચમો અભવ્ય અનંત સંસાર ભટકશે. ત્યારે ગૌતમગણધરે જિનેશ્વરને પૂછ્યું કે, હે ભગવાન! સુમતિ ભવ્ય છે, કે અભવ્ય? ભગવાન બોલ્યા.''હે ગૌતમ! સુમતિનો જીવ ભવ્ય છે.''ગૌતમે પૂછ્યું,''ત્યારે હાલ કઈ ગતિમાં છે?'' ભગવાન બોલ્યા કે,''હે ગૌતમ! કુશીલીયાની પ્રશંસા તથા જિનેશ્વરની આશાતના કરવાથી તે પરમાધામી દેવપણે ઉત્પન્ન થયો છે. અને ત્યાર બાદ અનંતસંસાર ઉપાર્જન કર્યો છે. અને અનંતકાળ ભટકશે તે પરમાધાર્મિક ભવથી

ચવીને અંડગોલિક મનુષ્ય થશે. ત્યાંથી ફરી પરમાધાર્મિક થશે. પાછો અંડગોલિક થશે. એ રીતે સાત ભવ કર્યા પછી અનુક્રમે વ્યંતર, વૃક્ષ, પક્ષી, સ્ત્રી, છઠ્ઠી નરકે નારકી અને કુષ્ઠી મનુષ્ય એવા ભવોમાં અનંતકાળ સુધી પરિભ્રમણ કરીને છેવટે કર્મનો ક્ષય થયે ચક્રવર્તી પદ પામી પ્રવજ્યા ગ્રહણ કરીને મુક્તિએ જશે. અને નાગિલ તો તે જ ભવમાં બાવીશમાં તીર્થંકર પાસે દીક્ષા લઇને મુક્તિપદ પામ્યો છે.''(આ પ્રબંધ મહાનિશીથ સૂત્રના ચોથા અધ્યયનમાં વિસ્તારથી છે.)

આ સુમતિનું વૃતાંત સાંભળીને ભવ્ય પ્રાણીઓએ કુશીલીયાની સંગતિનો ત્યાગ કરવો, જેથી દુર્ગતિથી બચી જવાય.[૯૩]

## -:સમકિતનું પાંચમું દૂષણ - મિથ્યાદષ્ટિ સંસ્તવ:-

मिथ्यात्विभिः सहालापो, गोष्ठी परिचयस्तथा।
दोषोऽयं संस्तवो नाम, सम्यक्त्वं दूषयत्यसौ।। १।।

ભાવાર્થ:- ''મિથ્યાત્વીઓની સાથે વાતચીત, ગોષ્ઠી તથા પરિચય કરવો, તે સંસ્તવ નામનો દોષ કહેવાય છે. એ દોષ સમકિતને દૂષિત કરે છે.''

મિથ્યાત્વીઓની સાથે પરિચય કરવાથી સમકિતમાં દોષ લાગે છે. તેમની ક્રિયાઓ સાંભળવાથી તથા જોવાથી સ્યાદ્વાદ મતને નહિ જાણનાર મંદ બુધ્ધિવાળા પુરુષને સમકિતથી ભ્રષ્ટ થવાનો સંભવ રહે છે. પરંતુ સ્યાદ્વાદના સંપૂર્ણ સ્વરૂપના જ્ઞાનવાળાને તે દોષ લાગતો નથી. કેમ કે કેટલાક સમકિતવંતો મિથ્યાત્વીઓનો પરિચય છતાં પણ ગુણને જ ગ્રહણ કરે છે. અને પોતાના સમકિતને ઉલટા સ્ફુટતર - અતિ નિર્મળ કરે છે.[૯૪]

જેના પરિચયમાં રહેવાનું થાય મોટે ભાગે તેના ગુણ-અવગુણ સાથે રહેનારમાં આવતા હોય છે. મિથ્યામતીના પરિચયમાં રહેવાથી મિથ્યામતીના આચાર-વિચાર અને ઉચ્ચારની અસરો ઝીલાયા વિના રહેતી નથી અને ઝીલાયેલી એ અસરો સમ્યગ્ દર્શનને દૂષિત કર્યા વિના પણ નથી રહેતી. આથી જેણે પણ પોતાના સમ્યગ્દર્શનને નિર્મળ રાખવું હોય, મિથ્યા સંસ્કારોની છાયાથી મુક્ત રાખવું હોય તેને માટે મિથ્યામતીનો પરિચય છોડવો અતિ અનિવાર્ય છે. મિથ્યામતીનો પરિચય કરવામાં છેવટે સમ્યગ્દષ્ટિએ જ ગુમાવવાનું હોય છે. કહ્યું છે કે,

अंबस्स य निंबस्स य दोण्णि समागयाइं मूलाइं।
संसग्गेण विणट्ठो अंबो निंबत्तणं पत्तो।।

આગમોમાં કહેવામાં આવ્યું છે કે, આંબો અને લીમડો આ બન્નેયનાં મૂળ ભેગાં

થાય તો લીમડાના સંસર્ગથી આંબો વિનાશ પામ્યો. મિથ્યાત્વીનો પરિચય થાય પછી તેની પ્રશંસા થયા વિના રહેતી જ નથી. શ્રાવકે શક્ય પ્રયત્ન એવા ધંધાઓ પણ કરવાના નથી કે, જેમાં મિથ્યામતીઓના પરિચયમાં આવવાનું થાય. આમ છત્તાં એવા સંયોગ વિશેષમાં શ્રાવકને મિથ્યામતીઓના સંપર્કમાં આવવું પડે તો તે સાવધ રહે. શિયાળામાં તાપણું કરવા બેસો છો, તો હાથ ઉંચા રાખીને ગરમીને મેળવો છો કે હાથ અંદર નાંખી દો છો? ડાહ્યો માણસ હાથ ઉંચા રાખીને ગરમી મેળવે, તાપણામાં પડતું મૂકતો નથી. તેવી જ કાળજી સમ્યગ્દ્દષ્ટિ શ્રાવકે રાખવાની છે.[૯૫] આના પર ધનપાળ કવિનું દ્દષ્ટાંત:-

## -:ધનપાળ કવિનું દ્દષ્ટાંત:-

ધારાનગરીમાં લક્ષ્મીધર નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેને ધનપાળ અને શોભન નામે બે પુત્રો હતા. તે બ્રાહ્મણના ઘરમાં કોઇ સ્થળે નિધિ દાટેલો હતો. પણ નિધિ ઘણું ખોદતાં મળતો ન હતો. એકવાર જિનેશ્વરસૂરિ ધારાનગરીમાં પધાર્યા. તેમને લક્ષ્મીધરે નિધાન વિષે પ્રશ્ન કર્યો ત્યારે સૂરિજી બોલ્યા કે,''જો તું તારા બે પુત્રોમાંથી એક પુત્ર અમને આપે તો તને નિધાન બતાવીએ. સૂરિના વચનને લક્ષ્મીધરે કબૂલ કર્યું, એટલે આચાર્ય મહારાજે અહિવલયચક્રને અનુસાર જોઇને 'અમુક સ્થાને નિધિ છે.' એમ કહ્યું. ત્યાં ખોદવાથી નિધિ હાથ લાગ્યો. પરંતુ કબુલાત પ્રમાણે પુત્ર આપી શક્યો નહિ. મરણ સમય નજીક આવ્યો ત્યારે લક્ષ્મીધરને પોતાની પ્રતિજ્ઞા યાદ આવતા પોતાના પુત્રોને જણાવી. તે સાંભળી નાનો શોભન બોલ્યો, હે પિતા! હું તમને ઋણથી મુક્ત કરીશ.. તેથી લક્ષ્મીધરે સંતોષ પામી દેહ છોડયો. પછી શોભને પોતાના સ્વજનોને પુછયા વિનાજ ગુરુ પાસે જઇને દીક્ષા ગ્રહણ કરી. આથી તેનો ભાઇ ધનપાળ જૈનોનો દ્વેષી થયો.

ધારાનગરીમાં ધનપાળનું વર્ચસ્વ હોવાથી ગુરુએ શિષ્યો સહિત ત્યાં વિહાર છોડી દીધો. આ બાજુ ગુરુ સાથે રહીને શોભનમુનિ મહાવિદ્વાન બન્યો. ગુરુએ શોભનને કહ્યું કે, હે વત્સ! તું ધારાનગરીએ જઇને જૈન ધર્મના દ્વેષી થયેલા તારા ભાઇ ધનપાળને પ્રતિબોધ કર. ''આ બાજુ મુનિને વિદ્વાન જાણીને ધનપાળે પોતાના ત્યાં ઉતારો આપ્યો. તે મુનિને વ્હોરાવવા જતા હતાં ત્યાં મુનિએ ના પાડી, આ મોદક અમારે ના કલ્પે આમાં ઝેર છે. તપાસ કરતાં ધનપાળને ખ્યાલ આવ્યો કે આમાં ઝેર છે. આશ્ચર્ય સાથે જીવ બચાવનાર મુનિને પૂછ્યું કે તમને કેવી રીતે ખબર પડી? મુનિએ કહ્યું કે, શાસ્ત્રમાં જણાવ્યા મુજબ, પીંજરામાં રહેલો આપનો પોપટ આક્રોશ કરે છે તેના પરથી જાણ્યું. આમ ધનપાળને ઘણી ધર્મની વાત સમજાવી, ત્યારે ધનપાળે કહ્યું કે, મને મારો ભાઇ વારંવાર યાદ આવે છે. ત્યારે શોભન મુનિએ

પોતાની ઓળખાણ આપી તેથી તે અતિ આનંદ પામ્યો. છેલ્લે શોભન મુનિએ તેને ૧૨ વ્રતધારી શ્રાવક બનાવી અન્યત્ર વિહાર કરી ગયા. આ બાજુ ધનપાળ પંડિત ભોજરાજાની સભામાં પાંચસો પંડિતોમાં મુખ્ય થયો. એકદા ભોજરાજા પાંચસો પંડિતોને સાથે લઈને શિકાર કરવા ગયા. ત્યાં એક બાણથી હરણને માર્યું. તેથી બીજા પશુઓ ચારે બાજુ નાસવા લાગ્યા. તે જોઈને રાજાએ ધનપાળને પુછયું કે, ''આ બધા મૃગલાં આકાશમાં કુદે છે. ભૂંડો પૃથ્વીને ખોદે છે. તેનું કારણ શું? ધનપાળે કહ્યું કે જ્યારે પ્રાણ નાશનો વખત આવે, ત્યારે શત્રુઓ જો તૃણનું ભક્ષણ કરે-મુખમાં તૃણ લે તો તે શત્રુઓ છતાં પણ તેમને મૂકી દેવામાં આવે છે. તો પછી આ નિરપરાધી પશુઓ તો નિરંતર તૃણનો જ આહાર કરનાર છે. તેમને કેમ હણાય? તેથી રાજાના હૃદયમાં દયા ઉત્પન્ન થઈ અને શિકાર ન કરવાની પ્રતિજ્ઞા કરી. આ રીતે રસ્તામાં ચાલતા સરોવર આવ્યું જેનું વર્ણન રાજાના કહેવાથી કવિએ કર્યું. એ કવિ એ સરોવરના ભરપૂર વખાણ કર્યા. પછી રાજાએ ધનપાળને આજ્ઞા કરી ત્યારે તેણે કહ્યું કે,''આ સરોવરના મિષથી શ્રેષ્ઠ દાનશાળા છે. તેમાં મત્સ્ય વગેરે જળજંતુઓ રૂપી પુષ્કળ ભોજન તૈયાર છે. તેમાં પાત્રરૂપે બગલાં, સારસ અને ચક્રવાક વગેરે પક્ષીઓ છે. તો આને વિષે પુણ્ય કેવું થતું હશે, તે અમે જાણતા નથી.'' આ સાંભળી રાજા ધનપાળ પર ક્રોધયુક્ત દૃષ્ટિ કરીને આગળ ચાલવા લાગ્યો. આ રીતે ધનપાળે યજ્ઞ વિશે પણ સ્પષ્ટ કહ્યું કે, કદી યજ્ઞ કે જેમાં હિંસા હોય તે ધર્મ નથી. મહાપાપ જ છે. તેથી આ સાંભળી રાજા ધનપાળ સામું વક્રદૃષ્ટિથી જોઈ તેના આખા કુંટુંબનો નિગ્રહ કરવા વિચાર કર્યો. તે અભિપ્રાય ધનપાળે જાણ્યો. તો પણ તેણે પોતાનો સત્ય બોલવાનો નિયમ છોડ્યો નહિ. આવા રસ્તામાં પ્રસંગ બન્યા. અંતે ધનપાળે રાજાનું ચિત્ત જીતી લીધું અને રાજાએ ધનપાળને વરદાન માંગવાનું કહ્યું, ત્યારે ધનપાળે કહ્યું કે, હે સ્વામી! જો આપ પ્રસન્ન થયા હો તો મારી લીધેલી વસ્તુ પાછી આપો. રાજાએ કહ્યું કે, ''મે તો કશું લીધુ જ નથી.''ત્યારે ધનપાળે કહ્યું કે,''હે નાથ! તમે શિકારમાં હરણીનો વધ કર્યો, ત્યારે મારું કાવ્ય સાંભળીને તમને ક્રોધ થતાં મારી એક આંખ લેવાનું તમે ધાર્યું હતું. ત્યાર પછી સર્વ કુટુંબનો નિગ્રહ કરવાનું ધાર્યું હતું. માટે ભાવથી ગ્રહણ કરેલા મારા બે નેત્રો મને પાછા આપો.'' તે સાંભળીને રાજા પ્રસન્ન થઈ, ક્રોડ દ્રવ્ય આપ્યું અને કહ્યું કે- ''તુ શ્રાવક થવાથી સર્વજ્ઞ પુત્ર થયો છે. તે ન્યાયયુક્ત છે.''એક દિવસ ધનપાળનું ચિત્ત વ્યગ્ર જોઈને ભોજરાજાએ તેનું કારણ પૂછયું, ત્યારે તે બોલ્યા કે ''હું હાલમાં યુગાદીશનું ચરિત્ર રચું છું તેથી મનમાં વ્યગ્રતા રહે છે.'' ચરિત્ર પૂર્ણ થતા રાજાએ શ્રવણ કરવા માંડ્યું, શ્રવણ કરતા રાજાને રાત-દિવસનું ભાન ન રહ્યું. ચરિત્ર પૂર્ણ થયા પછી રાજાએ ધનપાળને કહ્યું કે,''હે પંડિત! જો તું આ ગ્રંથમાં વિનીતા નગરીને સ્થાને અવન્તિ નગરી, ભરતચક્રીને સ્થાને મારું નામ અને

આદીશ્વરને સ્થાને મહાદેવનું નામ સ્થાપન કરે, તો આ ગ્રંથ સોનામાં સુંગધની જેમ અતિશ્રેષ્ઠ થાય, અને હું તને એક કરોડ સોનામહોર આપું.'' ત્યારે તે સાંભળીને ધનપાળ બોલ્યો કે,

मेरुसर्षपयोर्हंसकाकयोः खरतक्ष्र्यंयोः।
अस्त्यन्तराऽवन्त्यादेरयोध्यादेश्च भूपते!।। १।।

ભાવાર્થઃ- ''હે રાજા! મેરુપર્વત અને સરસવના કણમાં, હંસ અને કાગડામાં તથા ગધેડા અને ગરુડમાં જેટલું અંતર છે. તેટલું અંતર અંવતિ, તું અને મહાદેવ તથા અયોધ્યા, ભરત અને આદીશ્વરમાં છે.'' આ સાંભળી અતિક્રોધ યુક્ત થયો અને ક્રોધથી ગ્રંથ બાળી નાંખ્યો.

ધનપાળ રાજાના ભયથી અને ગ્રંથના નાશથી ઉદ્વેગ પામી શોક સહિત ઘેર આવ્યો-ત્યાં તેની તિલકમંજરી નામની પુત્રીએ પૂછ્યું કે, હે પિતા! તમે આજ શોકાતુર કેમ છો? ત્યારે પંડિતે તેને સર્વ વૃતાંત કહ્યું. પુત્રી બોલી. ''હે પિતાજી! ફિકર કરો નહિ. તે આખો ગ્રંથ મારે મોઢે છે. હું બોલું છું. આપ લખી લો.'' તે સાંભળીને હર્ષ પામી પંડિતે તે ગ્રંથ લખી લીધો, અને પુત્રીના નામની યાદગીરી માટે તેણે તે ગ્રંથનું નામ તિલકમંજરી રાખ્યું. પછી રાજાના ભયથી ધનપાળ પોતાના કુંટુંબ સહિત બીજા ગામે જઇને રહ્યો.

એકદા ભોજરાજાની સભામાં કોઇ પંડિતે આવી સર્વ વિદ્વવાનોનો પરાજય કર્યો. તેથી ખેદ પામીને રાજાએ જાતે જઇને ધનપાળને મનાવી આદર સત્કાર પૂર્વક પોતાની નગરીમાં આણ્યો. ધનપાળને આવેલો સાંભળતા જ તે વિદેશી પંડિત ભય પામીને રાત્રિને સમયે ગુપ્ત રીતે નાસી ગયો. લોકમાં જૈન ધર્મની ઘણી પ્રશંસા થઈ. ધનપાળ રાજાની પાસે સુખેથી રહ્યો.

''દ્રવ્યથી મિથ્યાત્વીઓનો પરિચય છતાં પણ ભાવથી પાપ સંગના નાશની સ્પૃહાવાળા ધનપાળે સર્વ દોષરહિત સમકિતને દઢ ધારણ કર્યું. તેવી રીતે સર્વજીવોએ કરવું.''

## અધિકાર-૬ઠ્ઠો - ઢાળ-૬ - આઠ પ્રભાવક

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા પાવયણી ધૂરિ જાણ.
વર્તમાન-શ્રુતના જે અર્થનો પાર લહે, ગુણ ખાણ.
ધન ધન શાસન-મંડન-મુનિવરા! ...૨૮

ધર્મ-કથી તે બીજો જાણિયે, નંદિષેણ પરે જેહ,
નિજ-ઉપદેશેરે રંજે લોકને, ભંજે હૃદય સંદેહ..ધન ધન ...૨૯

વાદી ત્રીજો રે તર્ક-નિપુણ ભણી, મલ્લવાદી પરે જેહ,
રાજદ્વારે જય-કમલા વરે, ગાજંતો જિમ મેહ...ધન ધન ...૩૦

ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે, પર-મત-જીપણ કાજ,
તેહ નિમિત્તિ રે ચોથો જાણિયે, શ્રી જિન શાસન રાજ..ધન ધન.. ...૩૧

તપગુણ ઓપે રે, રોપે ધર્મ ને, ગોપે નવિ જિન-આણ
આશ્રવ લોપે રે, નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ..ધન ધન.. ...૩૨

છટ્ઠો વિદ્યા રે મંત્ર તણો બલી, જિમ શ્રી વયર મુણીંદ
સિધ્ધ સાતમો રે અંજન-યોગથી, જિમ કાલિક-મુનિચંદ..ધન ધન.. ...૩૩

કાવ્ય-સુધા-રસ-મધુર અર્થ-ભર્યા ધર્મ-હેતુ કહે જેહ,
સિધ્ધસેન પરે રાજા રીઝવે, અટ્ઠમ વર-કવિ તેહ...ધન ધન ...૩૪

જબ નવિ હોવે પ્રભાવક એહવા, તબ વિધિ-પૂર્વ અનેક
જાત્રા-પૂજાદિક-કરણી કરે, તેહ પ્રભાવક છેક...ધન ધન ... ૩૫[૯૭]

ગાથાર્થ:- જૈન શાસનમાં શાસનના આઠ પ્રભાવકો કહ્યાં છે પહેલા પ્રભાવક પ્રાવચનિક સમજવા. જે જે વર્તમાન કાળે જે જે જૈન શાસ્ત્રો હોય, તે દરેકના અર્થ ખૂબ સારી રીતે સમજાવે અને પોતે ગુણ-ગણના ભંડાર હોય, તે પહેલા પ્રભાવક ધર્મોપદેશક સમજવા... (૨૮)

પોતાના ઉપદેશથી નંદિષેણની પેઠે લોકોના મનને રાજી કરે અને મનની શંકાઓ બધીયે દૂર કરે તે ધર્મકથી નામના બીજા પ્રભાવક જાણવા... (૨૯)

વાદી ત્રીજા પ્રભાવક છે. તર્ક શાસ્ત્રમાં હોંશિયાર હોવાને લીધે જેમ વરસાદ ગાજે તેમ રાજ્યસભામાં ગર્જારવ કરીને મલ્લ વાદીને પેઠે વિજય લક્ષ્મી મેળવે તે... (૩૦)

શ્રી જૈનશાસન રૂપી ધર્મ રાજ્યમાં -માત્ર બીજા ધર્મવાળાઓને જીતી લેવા ખાતર જ ભદ્રબાહુ સ્વામીની માફક નિમિત્ત જાહેર કરે. તે ચોથા નૈમિત્તિક પ્રભાવક જાણવા... (૩૧)

તપગુણથી દીપી ઉઠે, ધર્મના પાયા ઉડાં નાંખે, જિનેશ્વર પ્રભુની આજ્ઞા લોપ્યા વિના તેમાં બરાબર સ્થિર રહે, કર્મ બાંધવાના કારણોથી દૂર રહે, કોઇ દિવસ ક્રોધ કરે નહિં તે પાંચમા તપસ્વી પ્રભાવક જાણવા... (૩૨)

શ્રી વજ્ર સ્વામીની પેઠે વિદ્યા અને મંત્રમાં સમર્થ હોય તે છઠ્ઠા વિદ્યાબલી પ્રભાવક અને શ્રી કાલિકાચાર્યની પેઠે ચૂર્ણ: અઞ્જન વિગેરેના પ્રયોગથી બળવાન હોય તે સાતમા સિધ્ધપ્રભાવક જાણવાં... (૩૩)

માત્ર ધર્મના જ કામ ખાતર સિધ્ધસેન દિવાકરજીની માફક અમૃતના રસ જેવા મીઠાં ભાવાર્થોથી ભરેલા કાવ્યો બનાવીને રાજાને ખુશ કરે. તે આઠમા ઉત્તમ કવિ પ્રભાવક જાણવા... (૩૪)

અને જો કદાચ, આવા પ્રભાવક પુરુષો ન પાકતા હોય ત્યારે પણ યાત્રા, પૂજા વગેરે મોટી મોટી ધર્મ ક્રિયાઓ વિધિ પૂર્વક જે કરે, તે પણ છેવટે પ્રભાવક ગણાય... (૩૫)

આવી રીતે શાસનની પ્રભાવ કરનારા શાસનના શણગારરૂપ શ્રેષ્ઠ મુનિવરોને ખરેખર ધન્યવાદ છે!!! ધન્યવાદ!!![૯૮]

વિશિષ્ટ કાર્યો દ્વારા લોકોમાં જૈન ધર્મ પ્રત્યે અહોભાવ ઉભો કરવાથી અને જૈન શાસનના દેવ-ગુરુ-ધર્મના વિરોધીઓ, ઉપદ્રવ કરનારાઓને અટકાવવા દ્વારા જૈનશાસનની પ્રભાવના થાય છે. આ બંનેથી લોકોમાં જૈન ધર્મની અનુમોદના થાય છે. અનુરાગ, આકર્ષણ થાય છે. શાસ્ત્રોમાં 'સત્પ્રશંસા'ને યોગબીજ ગણાવ્યું છે. ગુણાનુરાગ ધર્મનું પ્રવેશદ્વાર છે. ઉપરોકત રીતે ગુણોના સાગરભૂત એવા જૈનશાસન પ્રત્યે પ્રશંસા-ગુણાનુરાગ થવાથી આ જ ભવમાં કે ભવાંતરમાં જૈન ધર્મની પ્રાપ્તિ સુલભ છે. આમ જૈનેતરોને પણ જૈનધર્મની પ્રાપ્તિમાં નિમિત્ત બનવું તે પ્રભાવકતા છે. એ પણ નહિ ભૂલવું કે જે પોતાના તેવા વચનથી, વ્યવહારથી, પ્રવૃત્તિથી બીજાને જૈનધર્મ પ્રત્યે તિરસ્કાર થાય, હાંસી કરવાનું મન થાય એમાં નિમિત્ત બને છે. તે પોતે દુર્લભબોધિ થાય છે. ઘણા ભવો સુધી જૈન ધર્મથી વંચિત થઇ જાય છે.[૯૯]

## -:પ્રથમ પ્રભાવક-પ્રાવચનિક:-

શ્રી સંઘતિલકાચાર્ય મહારાજ, સમ્યક્ત્વ સપ્તતિમાં પ્રાવચનિક પ્રભાવક વિશે જણાવતાં કહે છે કે,

कालोचिय सुत्तधरो, पावयणी तित्थवाहगो सूरी।

જે કાળમાં જેટલા આગમો હોય તેને ધારણ કરનાર, તીર્થને વહન કરનારા આચાર્ય ભગવંત પ્રવચન પ્રભાવક છે.[૯૯અ]

ભગવાનના વચન જે શ્રુત કહેવાય, તેના પૂર્ણ અભ્યાસી પ્રાવચનિક કહેવાય છે.

એ માત્ર સૂત્ર કે માત્ર અર્થ નહિ પણ ઉભયનો જ્ઞાતા હોવો જોઇએ. આગમજ્ઞાતા આચાર્ય ભગવંતો આવા પ્રાવચનિક છે. એ સ્મારક, ધારક, વારક હોવા જોઇએ. સ્વયંસૂત્ર વગેરેનો ધારક હોય. બીજા ભૂલતા હોય તો સ્મારક યાદ કરાવી શકે ને ખોટું બોલતા હોય કે ખોટા અર્થ કરતા હોય, તો અટકાવી શકતા હોય. તે-તે કાળે જેટલું શ્રુત ઉપલબ્ધ હોય તે તમામ શ્રુતના આ રીતે જાણકારને એના અર્થના પારગામી પ્રથમ પ્રભાવક છે. જે જે કાળમાં જેટલું શ્રુત હોય છે, તે શ્રુત અને તેનો અર્થ બરાબર જાણે તેને પ્રાવચનિક કહેવાય છે.[૧૦૦] પ્રાવચનિકને યુગપ્રધાન કહ્યાં છે. આવા જ્ઞાનીઓ તે તે કાળના શ્રેષ્ઠ ગીતાર્થ હોય છે. જેમની એ ગીતાર્થતાના કારણે તેમના માર્ગદર્શન અનુસાર ઉત્સર્ગ અપવાદના વિવેકપૂર્વક જે જે પ્રવૃત્તિ થાય તે પ્રભાવક બને છે.[૧૦૧]

कालोचितं विजनाति, यो जिनोदितमागमम्।
स प्रावचनिको ज्ञेयस्तीर्थं शुभे प्रवर्तकः ।। १ ।।

ભાવાર્થ:- "જે મુનિ જિનપ્રરૂપિત આગમના સમયને અનુસારે પ્રરૂપણા કરી જાણે, તથા તીર્થને શુભ માર્ગે પ્રવર્તાવે તે પ્રવચન પ્રભાવક કહેવાય છે."[૧૦૨]

## -:વજ્રસ્વામીનું દૃષ્ટાંત:-

यः पालनस्थः श्रुतमध्यगीष्ट, षाण्मासिको यश्चरिताभिलाषी।
त्रिवार्षिकः संघममानयद्यः श्री वज्रनेता न कथं नमस्यः ? ।। १ ।।

ભાવાર્થ:- "જેણે પારણામાં સૂતા સૂતા શ્રુતનો અભ્યાસ કર્યો, જે છ માસની ઉંમરે ચારિત્ર લેવાના અભિલાષી થયા. અને ત્રણ વર્ષની વયે જેણે સંઘને માન આપ્યું તે વજ્રસ્વામી કેમ નમસ્કાર કરવા લાયક ન હોય ?"

તંબુવન ગામના રહીશ ધનગિરિ નામના શ્રેષ્ઠીએ પોતાની સુનંદા નામની ગર્ભવતી સ્ત્રીને મૂકીને દીક્ષા ગ્રહણ કરી. સમય થતાં સુનંદાએ પુત્ર પ્રસવ્યો. પ્રસવ સમયે જ માતા પાસે રહેલી સ્ત્રીઓના મુખથી પિતાની દીક્ષાની વાત સાંભળી જાતિ સ્મરણ થયું. તેથી માતાને ઉદ્વેગ પમાડવા માટે તે નિરંતર રડવા લાગ્યો. તેના રડવાથી અત્યંત ખેદ પામેલી સુનંદાએ કાયર થઇને વિચાર્યું કે,"જો આના પિતા અહીં આવે તો આ બાળક તેને આપીને હું સુખે રહું" તેવા સમયમાં ધનગિરિ સહિત ગુરુ સિંહગિરિ તે ગામે પધાર્યા. મધ્યાહ્ન સમયે ધનગિરિએ આહાર લેવા જવાની આજ્ઞા માગી. ત્યારે ગુરુએ કહ્યું કે- "આજે તને જે કાંઇ સચિત્ત કે અચિત્ત મળે તો વિના વિચાર્યે તારે ગ્રહણ કરવું" ધનગિરિ ગામમાં જઇ ગોચરી માટે ફરતાં અનુક્રમે સુનંદાને ઘેર જઇ ચડ્યા. પુત્રથી કંટાળેલ માતાએ બાળક ધનગિરિને પાત્રમાં વ્હોરાવ્યું.

ધનગિરિ તે લઇને ગુરુ પાસે આવ્યા. ગુરુએ તેનું નામ વજ્રકુમાર રાખ્યું. અને તેને સાધ્વીજીના ઉપાશ્રયમાં સોપ્યું. ત્યાં પારણું બાંધીને શ્રાવિકાઓ તેનું પાલન પોષણ કરવા લાગી. બાળક પારણામાં સૂતો સુતો સાધ્વીઓ શ્રુતનો અભ્યાસ કરતી હતી તેનું શ્રવણ કરવાથી જ અગિયાર અંગ શીખી ગયો. અનુક્રમે ત્રણવર્ષનો થયો ત્યારે માતાએ મુનિ પાસે પોતાનો પુત્ર પાછો માગ્યો. પણ તેમણે ન આપ્યો. તેથી રાજાને ફરિયાદ કરી. રાજાએ એવો ઠરાવ કર્યો કે,

''બાળકના પિતા તથા માતાને સભાની સમક્ષ બોલાવે. તેમાં જેની પાસે તે જાય તેને તે પુત્ર સ્વાધીન કરવો.'' પછી વજ્રકુમારને સભામાં બોલાવ્યો. એક બાજુ રજોહરણ બતાવતા પિતા અને બીજી બાજુ દ્રાક્ષ, સાકર, રમકડાં બતાવતી માતાને બેસાડ્યા. પરંતુ વજ્રસ્વામી પિતા પાસે દોડીને ઓઘો લીધો. તેથી તે પુત્ર પિતાને આપ્યો. એટલે સુનંદાએ પણ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. વજ્રકુમારે પણ ત્રણ વર્ષની વયે ચારિત્ર અંગીકાર કર્યું. એક વાર વજ્રસ્વામિના પૂર્વભવનો મિત્ર જે દેવ હતો તેણે તેમની પરીક્ષા લીધી. પરંતુ પરીક્ષામાં વજ્રસ્વામિ અટલ રહ્યા તેથી પ્રસન્ન થઇ વૈક્રિય લબ્ધિ તથા આકાશગામિની વિદ્યા આદિ અનેક લબ્ધિ પ્રાપ્ત થઇ. એકવાર વજ્રમુનિ આઠ વર્ષના થયા, ત્યારે એક વખતે ગુરુ બહિર્ભૂમિએ ગયા હતા અને બીજા મુનિ ગોચરી માટે ગયા હતા. તે વખતે વજ્રમુનિ સર્વ સાધુઓની ઉપધિ પાસે જઇ તેઓ જે જે સૂત્ર ભણતા હતા તેની તેને ઉદ્દેશીને વાચના આપવા લાગ્યા. બહિર્ભૂમિથી આવેલા ગુરુએ તે બધું સાંભળ્યું. તેથી તેને મહાન વિદ્વાન જાણીને સમગ્ર શાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો. પછી તેને યોગ્ય જાણી સૂરિપદ આપ્યું. વજ્રસ્વામીની વાણીથી પ્રતિબોધ પામીને પાંચસો મુનિઓ તેમના પરિવારમાં થયા. એકવાર પાટલીપુરમાં ધનશ્રેષ્ઠીને રુક્મણિ નામે પુત્રી હતી. તેણે સાધ્વીઓના મુખથી વજ્રસ્વામીના ગુણોની પ્રશંસા સાંભળીને,''આ ભવમાં મારે વજ્રકુમારને જ પતિ કરવો.'' આવી પ્રતિજ્ઞા લીધી તેથી ધનશ્રેષ્ઠી એક કરોડ દ્રવ્ય સહિત રુક્મણિને લઇ ગુરુને વંદના કરી રુક્મણિની પ્રતિજ્ઞાની વાત કરી. ત્યારે વજ્રસ્વામી બોલ્યા કે, અમો સાધુઓ મલમલિન ગાત્રવાળી સ્ત્રીઓની ઇચ્છા જ કરતા નથી. ઇત્યાદિ વચનો વડે રુક્મણિને ધર્મોપદેશ આપ્યો જેથી તેણે વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. એકદા બારવર્ષી દુષ્કાળ પડવાથી સમગ્ર સંઘ અત્યંત વ્યાકુળ થયો. તે જોઇને વજ્રસ્વામી સમગ્ર સંઘને એક કપડા પર બેસાડીને આકાશગામિની વિદ્યાના બળથી સુકાળવાળી નગરી લઇ ગયા. ત્યાં રહીને દિવસો નિર્ગમન કરતા પર્યુષણ આવ્યાં. તે નગરીનો રાજા બૌધ્ધ હોવાથી જિનાલય માટે પુષ્પ આપવાનો નિષેધ કર્યો. તેથી તે વાત સંઘે વજ્રસ્વામીને કહી. એટલે સૂરિ આકાશગામિની વિદ્યા વડે માહેશ્વરીપુરીએ ગયા. ત્યાંથી વીસ કરોડ પુષ્પ એકઠા કરી, લક્ષ્મીદેવી પાસેથી મોટું કમળ તથા ઘણાં પુષ્પો લઇ પૂર્વભવના મિત્ર

જૃંભક દેવે રચેલા વિમાનમાં બેસી આકાશમાર્ગે સુભિક્ષાપુરીમાં આવ્યા અને પુષ્પોથી મહામહોત્સવ કર્યો. તે જોઇ બૌધ્ધ રાજા પણ શ્રાવક થઇ ગયા. એકદા શ્રી વજસ્વામીના શરીરમાં કફનો વ્યાધિ થયો. તેથી ભોજન કર્યા પછી ખાવા માટે સૂંઠનો કટકો તેમણે કાન પર રાખી મૂક્યો. પરંતુ ભોજન કર્યા પછી ભૂલી ગયા. તે કટકો પ્રતિક્રમણ સમયે કાન પરથી પૃથ્વી પર પડ્યો. તે જોઇને ''આવો અસંભવિત પ્રમાદ થવાથી હવે મૃત્યુ સમય નજીક છે.'' એમ નિશ્ચય કરી સૂરિએ પોતાના શિષ્ય વજસેનને સૂરિપદે સ્થાપન કર્યા અને પોતે રથાવર્તગિરિ પર જઇ અનશન ગ્રહણ કરીને સ્વર્ગે ગયા.

''આ શ્રી વજસ્વામીના રૂડા ચરિત્રને હૃદયરૂપી કમળમાં ધારણ કરી સારભૂત સિધ્ધાંતના પાઠનો મનુષ્યોએ નિરંતર પ્રયાસ કરવો.''[૧૦૩]

## સમકિતનો બીજો પ્રભાવક-ધર્મકથક પ્રભાવક

व्याख्यानावसरे लब्धिं, यः प्रयुज्योपदेशकः।
स धर्मकथको नामा, द्वितीयोऽपि प्रभावकः।। १।।

ભાવાર્થ:- ''વ્યાખ્યાનને અવસરે જે મુનિ લબ્ધિનો ઉપયોગ કરી ઉપદેશ આપે છે. તે ધર્મકથક નામના બીજા પ્રભાવક કહેવાય છે.''[૧૦૪]

'સમકિતનો સંગ મુક્તિનો રંગ' પુસ્તકમાં પૂજ્ય કીર્તિયશસૂરીશ્વરજી ધર્મકથી વિશે જણાવતા લખે છે કે જૈન ધર્મ પમાડવા ધર્મકથા, ધર્મદેશના એ ઉત્તમ માધ્યમ છે. આ ધર્મદેશના આપનાર જેટલો સક્ષમ હોય તેટલો લાભ વધારે થાય. સામાન્ય રીતે ધર્મદેશના આપનારમાં પણ નિશીથચૂર્ણિ સુધીનું જ્ઞાન અનિવાર્ય છે. જ્યારે ધર્મકથી માટે શાસ્ત્રોમાં ૩૬ ગુણ બતાવ્યા છે. દેશના લબ્ધિવાળા ધર્મકથા કરે ત્યારે ભલભલા પથ્થર હૈયાને પણ તેઓ પીગળાવી દે. નારકી અને દેવલોકનું વર્ણન કરે ત્યારે શ્રોતાને થાય કે, જો આમની ધર્મદેશના આવી છે. તો પછી તીર્થંકર કે ગણધર ભગવંતની ધર્મદેશના કેવી હશે? બીજાના હૈયામાં શ્રી જૈન શાસનને જડબેસલાક બેસાડવાની તાકાત એમનામાં હોય. એમનું પ્રવચન સાંભળીને અનેક આત્માઓને સર્વવિરતિ તો અનેકને દેશવિરતિ લેવાનું મન થાય.[૧૦૫]

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે. 'ધર્મકથા કહેવાથી અને સાંભળવાથી કર્મનિર્જરા થાય છે. નિગ્રંથ પ્રવચનની પ્રભાવના થાય છે તેમજ પુણ્યબંધ થાય છે. ધર્મદાસગણિ રચિત ઉપદેશમાલામાં કહ્યું છે કે, બળભદ્રમુનિ જંગલમાં જ રહેતા હતા. તેમના તપ-દયા, ધર્મદેશનાના અપ્રતિમ પ્રભાવથી આકર્ષાઇને અનેક વનચર પશુ, પક્ષીઓ,

મુનિની સેવા કરતા હતા. હિંસક પ્રાણીઓ પણ જાતિ વૈર ભૂલીને બળભદ્રમુનિની દેશના શ્રવણ કરતા હતા. અને પ્રતિબોધ થતા હતા.[૧૦૬]

મુનિ નંદિષેણ તથા, બળભદ્ર બન્ને પ્રખર ધર્મકથિક હતા. મિથ્યાત્વની ધર્મકથા અકથા કહેવાય છે. કારણકે તેમના દ્વારા કહેવાયેલી ધર્મદેશના વિશિષ્ટ પ્રકારનું તાત્ત્વિક ફળ પ્રગટાવતી નથી.[૧૦૭]

બૃહત્તકલ્પ ભાષ્યમાં ગીતાર્થ સંવિગ્નસાધુ કે જે ધર્મોપદેશ આપવામાં કુશળ છે. એ સાધુએ ધર્મોપદેશ આપવો જોઈએ. એમ જણાવી ધર્મોપદેશના લાભ જણાવ્યા છે.

૧. આ ઉપદેશક સ્વ-પરનો તારક બને છે. બીજાને કહેવાતી ધર્મમય વાતોની સૌથી પ્રથમ પોતાને અસર થાય છે. માટે સ્વનો તારક ને બીજાઓ પણ સંવેગભરી વાતોથી ધર્મ તરફ પ્રેરાય છે.

૨. આજ્ઞાપાલનઃ પ્રભુની આવા સાધુને આજ્ઞા છે કે ધર્મતીર્થને હજારો વર્ષ સુધી ઝળહળતું રાખવા ને તે દ્વારા અગણિત ભવ્યાત્માઓને અનંત સુખમય મોક્ષનો માર્ગ બતાવવા તમારે શક્ય ધર્મોપદેશ અવશ્ય કરવો.

૩. સાધુવાત્સલ્યઃ ધર્મોપદેશથી ભદ્રક-શ્રધ્ધાળુ થયેલા ભવ્યાત્માઓ પછી ગુરુભગવંતોને સંયમમાં સહાયક સામગ્રી ભક્તિથી અર્પે છે.

૪. પ્રભાવનાઃ- ધર્મની, સમ્યક્ત્વની બોધિની પ્રભાવના થાય છે.

૫. પ્રવચનભક્તિઃ પ્રભુના વચન, આગમ, શાસન, સંઘનો મહિમા વર્ણવવાથી એ રીતે એમના પ્રત્યેની ભક્તિ વ્યકત થાય છે. જૈન પ્રવચનને વિશ્વવ્યાપી બનાવવાની ભાવના પણ ભક્તિરૂપ છે.

૬. અવ્યવચ્છેદઃ જૈન શાસનને વિશ્વવ્યાપી બનાવવાની ભાવનાથી અજૈન જૈન બને, જૈન શ્રધ્ધાળુ બને, શ્રધ્ધાળુ શ્રાવક બને ને શ્રાવક સાધુ બનવા ઇચ્છે છે.

આમ જૈન તીર્થ આગળ-આગળ વધતું રહે છે. અખંડ પ્રવાહે વહેતું રહે છે.[૧૦૮]

ઉપદેશ લબ્ધિવાળા મહાત્મા સામાના ભેજામાં સહેલાઈથી બોધ ઉતારી શકે છે. આ લબ્ધિવાળા મહાનુભાવ પોતાના કલ્યાણ સાથે બીજા ઘણાનું કલ્યાણ સફળતાથી કરી શકે છે. સમૂહના સમૂહને તેઓ સદ્બોધ આપી ઉગારી શકે છે. ધર્મકથક પ્રભાવકમાં નંદિષેણ મુનિનો પ્રબંધ પ્રચલતિ છે.[૧૦૯]

## -:નંદિષેણ મુનિનો પ્રંબધ:-

એક ગામમાં ધનાઢ્ય બ્રાહ્મણ હતો. તેણે એકવાર એક લાખ બ્રાહ્મણોને ભોજન કરાવ્યું. તે વખતે તે કામમાં સહાય માટે ગરીબ જૈન બ્રાહ્મણને રાખ્યો હતો અને બદલામાં વધેલું ઘી, અનાજ વગેરે આપ્યું. હવે મળેલ ઘી, અનાજ લઇ તે ગરીબ જૈન બ્રાહ્મણે વિચાર કર્યો કે, આ વસ્તુ ન્યાયોપાર્જિત છે, શુધ્ધમાન છે અને પ્રાસુક છે. તેથી કોઇ સત્પાત્રને દાન કરું તો તે ઘણા ફળને આપનારું થાય. તેથી તેણે બ્રહ્મચર્યાદિકને ધારણ કરનારા સાધર્મીઓને ભોજન માટે નિમંત્રણા કરી. ભોજનના સમયે કોઇ મહાવ્રતધારી મુનિ માસક્ષમણને પારણે ત્યાં આવ્યા. તે જોઇને જૈન બ્રાહ્મણે અતિ આદર સત્કાર કરી અન્ન-જળ વગેરે વ્હોરાવ્યું. પછી તે જૈન બ્રાહ્મણ કેટલેક કાળે આયુષ્ય પૂર્ણ થતાં મરીને સુપાત્ર દાનના મહિમાથી પહેલા દેવલોકમાં દેવતા થયો, ત્યાંથી આયુષ્યને પૂર્ણ થતાં ચ્યવીને રાજગૃહી નગરીમાં શ્રેણિકરાજાનો નંદિષેણ નામનો પુત્ર થયો. તે યુવાવસ્થા પામ્યો ત્યારે રાજાએ તેને પાંચસો રાજકન્યાઓ પરણાવી અને સુખને ભોગવવા લાગ્યો. આ બાજુ ઘણા બ્રાહ્મણને ભોજન કરાવનારો બ્રાહ્મણ પાપાનુબંધી પુણ્ય ઉપાર્જન કર્યું હતું, વિવેકરહિત દાન કરવાથી ઘણા ભવોમાં અલ્પ, અલ્પ ભોગાદિક સુખ ભોગવીને કોઇ અરણ્યમાં હસ્તી થયો. તેનું નામ સચેનક પડ્યું. તેના પિતા જે હાથી હતા તેણે એવું ધાર્યું હતું કે,''મારો પુત્ર કોઇ હાથી થશે તો મને જ મારીને હાથણીઓના ટોળાનો સ્વામી થશે.'' તેથી તે હાથી પોતાની હાથણીઓમાંથી જો કોઇ હાથી(નર)ને જન્મ આપતી તો તે બચ્ચાને તે મારી નાંખતો હતો. એકવાર એક હાથીણીને પ્રસૂતિનો સમય આવ્યો, ત્યારે તેણે પોતાના બચ્ચાને મારી નાંખશે એવા ભયથી હાથીને છેતરી તાપસના આશ્રમમાં જન્મ આપ્યો. અને તેને તાપસ કુમારોએ મોટો કર્યો. તે કુમારોની સંગતિથી સૂંઢ વડે વૃક્ષોને પાણી સીંચતો તેથી તેનું નામ સચેનક પાડ્યું હતું. એકદા તે સચેનક ફરતો હતો ત્યાં હાથણીઓના સ્વામિ પિતા હાથીને જોયો, તેની સાથે યુધ્ધ થતા સચેનકે હાથીને મારી નાંખ્યો. પછી પોતાના માતાના પ્રપંચની જાણ થતાં નવો હાથી ન થાય તે માટે તાપસોનો આશ્રમ ભાંગી નાંખ્યો.તેથી ખેદ પામેલા તાપસોએ વેર લેવા શ્રેણિક રાજા પાસે જઇ સચેનકના વખાણ કરી, તે રાજ્યમાં શોભે તેવો છે. તેવું કીધું. તેથી શ્રેણિક રાજાએ માણસો મોકલી ઘણી મહેનત પછી તેને પટ્ટ હાથી બનાવ્યો. તેથી રાજ્યને યોગ્ય આહાર, વસ્ત્રો વગેરેથી પોષણ કરાતો તે સુખી થયો. એક વખત તાપસો નગરીમાં આવ્યા ત્યારે સચેનકને કીધું કે ''અમારા આશ્રમને તોડી નાંખવાનું ફળ તને મળ્યું છે.'' આ સાંભળી ઉશ્કેરાયેલ હાથી બધું જ તોડી વનમાં ગયો અને તાપસોનો આશ્રમ ફરીથી તોડી નાંખ્યો. રાજાએ ઘણો પ્રયાસ કર્યો પણ કોઇ તે હાથીને પકડી શકયું નહિ. તેથી

નંદિષેણ કુમારે તેને "अप्पा चेव दमियव्वो - આત્માનું દમન કરવું જોઇએ." ઇત્યાદિ વાકયોથી જાગૃત કર્યો. નંદિષેણના વાકયથી સચેનકને જાતિસ્મરણ જ્ઞાન થયું અને શાંત થઇ ઉભો રહ્યો, અને રાજમહેલમાં લાવ્યા. એકવાર મહાવીર સ્વામિને દેશનામાં શ્રેણિક રાજા, નંદિષેણ વગેરે ગયા. પ્રભુના મુખથી દેશના સાંભળતા રાજાએ નંદિષેણથી સચેનક કેમ શાંત થયો તે પુછ્યું. પ્રભુએ નંદિષેણે કરેલ સુપાત્રદાન અને હાથીના જીવે કરેલ લક્ષ બ્રાહ્મણના ભોજન અંગે સર્વ વૃતાંત કહ્યું. ત્યારપછી રાજાએ તેમની ભવિષ્યની ગતિ પૂછી, ત્યારે ભગવાન બોલ્યા કે,"હે રાજા, નંદિષેણકુમાર અનેક ભોગ ભોગવી ચારિત્ર ગ્રહણ કરી સ્વર્ગમાં જઇને મોક્ષ પદ પામશે અને હાથીનો જીવ મરીને નરકમાં જશે." તે સાંભળીને નંદિષેણ કુમારે પ્રતિબોધ પામી શ્રાવકધર્મ અંગીકાર કર્યો. અન્યદા નંદિષેણ ચારિત્ર લેવા તૈયાર થયો. તે વખતે શાસનદેવીએ તથા જિનેશ્વરે તેને નિષેધ કર્યો. કહ્યું કે હજુ તારે ભોગ કર્મ ઘણા બાકી છે. પરંતુ પોતાનો આગ્રહ ન મૂકયો અને હર્ષપૂર્વક ચારિત્રનો સ્વીકાર કરી ઉગ્ર તપસ્યા કરતા તે પ્રભુની સાથે વિહાર કરવા લાગ્યા. અનુક્રમે નંદિષેણમુનિ અનેક સૂત્રાર્થના જાણકાર થયા. કેટલાક કાળે ભોગાવલી કર્મનો ઉદય થવાથી નંદિષેણમુનિને કામ-વિકાર ઉત્પન્ન થવા લાગ્યો. તેને રોકવા ઘણી ઉગ્ર તપસ્યા કરવા માંડી, આતાપના લેવા માંડી. તો પણ વિકાર શાંત થાય નહિ. તેથી ચારિત્રનું રક્ષણ કરવા પર્વત પર ચડીને ઝંપાપાત કરવાનો તેણે વિચાર કર્યો. પછી જેવો પડવા ગયો તેવો શાસનદેવીએ તેને ઉપાડી લીધો અને કહ્યું કે,"શા માટે મરવા ધારો છો? ભોગાવલી કર્મ પૂર્ણ કર્યા વિના મરણ થવાનું નથી." એમ કહીને દેવી અદ્રશ્ય થઇ. પછી એક દિવસે તે મુનિએ છઠ્ઠના પારણા માટે ગામમાં ફરતા અજાણ્યે એક ગણિકાના ઘરમાં પેસીને ધર્મલાભ આપ્યો. ત્યારે વેશ્યાએ મશ્કરી કરતા કહ્યું કે"અમારે ધર્મલાભનું કામ નથી અહિંયા તો અર્થલાભ જોઇએ છે." આ સાંભળી નંદિષેણમુનિ અભિમાનથી ઉપરથી એક તૃણ ખેંચીને લબ્ધિ વડે દશ કરોડ સુવર્ણની વૃષ્ટિ કરી. તે જોઇને આશ્ચર્ય પામેલી વેશ્યા તેના ચરણકમળને ભ્રમરીની જેમ વળગી પડીને ખૂબ આજીજી કરવા લાગી, અનેક પ્રાર્થનાના વાકયો સાંભળીને નંદિષેણે દેવીએ કહેલ ભોગકર્મનું સ્મરણ કરી તેના વચનોથી રક્ત થઇ તે વેશ્યાને અંગીકાર કરી. પરંતુ તે વખતે તેણે એવો અભિગ્રહ લીધો કે,"અહીં આવતા નટવીટ પુરુષોને ધર્મોપદેશ આપીને તેમાંથી દરરોજ દશજણને પ્રતિબોધ પમાડીને દીક્ષા લેવા મોકલ્યા પછી જ મારે ભોજન કરવું." પછી મુનિવેષ ત્યાગ કરી વેશ્યા સાથે જીવન વીતાવવા લાગ્યા અને દરરોજ દસ પુરુષોને પ્રતિબોધ કરી દીક્ષા ગ્રહણ માટે પ્રભુ પાસે મોકલતા. આવું કરતા ૧૨ વર્ષ વ્યતીત થયાં. પછી એક દિવસ તેણે નવ માણસોને પ્રતિબોધ પમાડ્યો. પણ દશમો એક સોની કોઇપણ રીતે પ્રતિબોધ પામ્યો નહિ. ભોજન સમય વીતી ગયો. વેશ્યા વારંવાર

ભોજન માટે બોલાવવા લાગી ત્યારે તે બોલ્યા, ''હજી દશમો માણસ બોધ પામ્યો નથી.'' તે સાંભળી વેશ્યા હસીને બોલી કે,''હે સ્વામી! ત્યારે દશમા તમે જ થાઓ!'' તે સાંભળીને નંદિષેણ તરત જ ભોગકર્મ ક્ષીણ થવાથી ઉઠ્યા, અને વેશ્યાએ ઘણાં મોહક વાક્યોથી આગ્રહ કર્યા છતાં તેની કિંચિત્ પણ દરકાર કર્યા વિના તેને તૃણની જેમ છોડી દઈને જિનેશ્વર પાસે જઈ ફરીથી દીક્ષા ગ્રહણ કરી. અને પોતાના દુષ્કર્મની આલોચના કરીને નંદિષેણ મુનિ અનુક્રમે સ્વર્ગે ગયા.

''હે ભવ્યજીવો! જેઓ આગમ વાક્યની યુક્તિ વડે ભવાભિનંદી જીવોને પણ પ્રતિબોધ પમાડે છે. તેઓ નંદિષેણમુનિની જેમ દિવ્ય ભોગો ભોગવીને અનુક્રમે સિધ્ધિપદને પામે છે.''[૧૧૦]

## ત્રીજો પ્રભાવક:- વાદી પ્રભાવક

શ્રી જૈનશાસન ઉપર અન્યમતિઓ દ્વારા જ્યારે આક્રમણ આવે ત્યારે શ્રી જૈનશાસનને એનાથી બચાવવા માટે વાદશક્તિની આવશ્યકતા રહે છે. ઉદ્દંડ બનેલા મિથ્યામતિઓ જૈનશાસનના પાયાને જ્યારે હચમચાવી મૂકવા ઇચ્છે છે. ત્યારે ધર્મશાસ્ત્ર અને તર્કશાસ્ત્રમાં નિપુણ બનેલા મેધાવી પ્રતિભાસંપન્ન વાદીવરો પોતાની વાદશક્તિ દ્વારા તે મિથ્યામતિઓને નિરુત્તર કરે છે, પરાસ્ત કરે છે. અવસરને ઓળખીને તેને સાચવીને કેમ જીતવું તે વાદીનું મોટું કર્તવ્ય છે. પરમાત્માના માર્ગને, સિધ્ધાંતને જાળવીને જ વાદ કરે. વાદમાં જીતીને જ આવે. તેમનો પરાભવ ક્યારે પણ ન થાય. ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજાએ બે હોઠ એકબીજાને અડે નહિં એવા (પ-ફ-બ-ભ-મ સિવાયના) શબ્દોનો ઉપયોગ કરીને વાદ કર્યો અને જીત્યા હતા.[૧૧૧]

નાસ્તિકદર્શન કરતાં આસ્તિકદર્શનોનું પ્રભુત્વ વધારે છે. પણ એ તમામ દર્શનોને ધ્રુજાવી દેવાની તાકાત-મિથ્યાદર્શનના પ્રભાવને નષ્ટ કરવાની તાકાત અનેકાંતમય જૈનદર્શનની છે. જ્યારે પરદર્શની પોતાના મતની મહત્તા સ્થાપવા વાદ કરવા આવે છે. ત્યારે આ જૈનવાદી તીક્ષ્ણ પ્રતિભાથી તે વાદીના તમામ તર્કોને એમના જ સિધ્ધાંતોની પરસ્પર વિરોધી વાતોના આધારે તોડી શકે છે. ને અજેય અનેકાંતની સ્થાપના કરે છે. તેથી રાજા અને વિદ્વાનો જૈનમતને સ્વીકારે છે.

**શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા સમ્યક્ત્વ સપ્તતિમાં જણાવે છે કે,**

वाई प्रमाण कुसलो रायदुवारेद्धवि लद्ध माहप्पो।

અર્થ:- જે મુનિ પ્રમાણ આદિ ગ્રંથોમાં નિપુણ છે. અને રાજ દરબારમાં પણ સન્માનિત છે, તે વાદી પ્રભાવક છે.[૧૧૨]

ભગવાન મહાવીર સર્વ વાદીઓમાં શ્રેષ્ઠ હતા. તેમણે પ્રકાંડ વેદના જ્ઞાતા એવા ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ બ્રાહ્મણો સાથે વાદ કરી, તેમને વાદમાં હરાવ્યા. તેમને સત્યદર્શન કરાવી જૈનદર્શનના વિદ્વાન પ્રમુખ શિષ્યો તરીકે ગણધર પદ પર નિયુક્ત કર્યા. પ્રભુ મહાવીર અને ઈન્દ્રભૂતિ આદિ ૧૧ બ્રાહ્મણોના સંવાદને 'ગણધરવાદ' કહેવાય છે. ગણધરવાદ જગતના કેટલાય પ્રશ્નો ઉકેલે છે. પ્રભુ મહાવીર અજેયવાદી તરીકે પ્રસિધ્ધ થયા. અગિયારે બ્રાહ્મણોએ પોતાના પરિવાર સહિત પ્રભુ મહાવીરનું શરણું સ્વીકાર કર્યું. આ રીતે ભગવાન મહાવીર જગતના શ્રેષ્ઠ વાદી પુરુષ હતા. વાદીપ્રભાવક દ્વારા અનેક જીવો સમ્યક્દર્શની બને છે.

## -: મલ્લવાદી પ્રબંધ:-

ભૃગુ કચ્છ નગરમાં રાજાની સમક્ષ વાદ થતાં બૌધ્ધ સાધુ બુધ્ધાનંદે જીવાનંદસૂરિને વિતંડાવાદ વડે જીતી લીધા. તેથી લજ્જા પામીને સૂરિ મહારાજ વલ્લભીપુર ગયા. ત્યાં પોતાની બહેન દુર્લભદેવીને તેના અજિતયશા, યક્ષ અને મલ્લ નામના ત્રણે પુત્રો સહિત પ્રતિબોધ પમાડીને દીક્ષા આપી. પછી તે ત્રણેને ગુરુએ નયચક્રવાળા ગ્રંથ વિના બીજાં સર્વ શાસ્ત્રો ભણાવ્યાં. ત્રણેયમાં મલ્લ મુનિ વિશેષ બુધ્ધિમાન થયા. એકદા ગુરુમહારાજે તેમની બહેનને કહ્યું કે,"દેવતાધિષ્ઠિત એવો દ્વાદશાર-નયચક્ર નામનો ગ્રંથ જ્ઞાન ભંડારમાં છે. તે કોઈને દેખાડવો નહિ." અને પોતે અન્યત્ર વિહાર કર્યો. એક દિવસ મલ્લ મુનિએ પોતાની માતાથી છાનું તે પુસ્તક કૌતુકથી લઈને પ્રથમ પત્રમાં પ્રથમ આર્યા વાંચી કે તરત જ શાસન દેવીએ હરી લીધું. તે જોઈ મલ્લ મુનિએ અતિ ખેદ સહિત માતાને તથા સંઘને હકીકત યથાસ્થિત કહી બતાવી. તેઓએ તેને ઘણો ઉપાલંભ આપ્યો. પછી મલ્લ મુનિએ ગ્રંથ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી છયે વિગયનું પચ્ચખાણ કર્યું. અને કેવળ વાલ વડે પારણું કરીને છઠ્ઠ તપ કરવા લાગ્યા. ચાતુર્માસના પારણાને દિવસે સંઘે અત્યંત આગ્રહ કરીને વિગઈગ્રહણ કરાવી. પછી શ્રીસંઘે આરાધેલી શ્રુતદેવીએ મલ્લ સાધુની પરીક્ષા કરવા માટે રાત્રિએ આવીને પરીક્ષા કરી. ફરી છ માસે પરીક્ષા કરી તેના જવાબથી તુષ્ટમાન થયેલી દેવીએ 'વરદાન માંગ' એમ કહ્યું. ત્યારે તેમણે "નયચક્ર પુસ્તક આપો" એ વરદાન માંગ્યુ. એટલે દેવીએ તેને પુસ્તક આપ્યું. તેથી તે મલ્લ મુનિ અધિક શોભા પામ્યા. કેટલેક કાળે ગુરુમહારાજ વિહારના ક્રમે પાછા ત્યાં પધાર્યા અને મલ્લ મુનિને સૂરિપદે સ્થાપન કર્યો. શ્રીમલ્લસૂરિએ ચોવીશ હજાર શ્લોક પ્રમાણ પદકાચરિત્ર રચ્યું. એકવાર વૃધ્ધ સાધુઓ પાસેથી શ્રી મલ્લસૂરિએ ભૃગુકચ્છમાં પોતાના ગુરુના પરાજયની વાત સાંભળવા મળી અને તેઓ પોતાના શિષ્ય સહિત ભૃગુકચ્છ આવ્યા. ત્યાં શિલાદિત્ય રાજાની સમક્ષ બૌધ્ધ સાધુ બુધ્ધાનંદ સાથે તેમનો વાદ થયો. તેમાં મલ્લાચાર્યે

નયચક્રના અભિપ્રાયને અનુસારે છ માસ સુધી અવિચ્છિન્ન વાગ્ધારાએ પૂર્વ પક્ષ કર્યો. તે પૂર્વ પક્ષને ધારણ કરવામાં અશક્ત એવો બુધ્ધાનંદ પોતાના મકાને નાસી ગયો. અને અત્યંત ખેદ પામતાં તેનું હૃદય ફાટી ગયું ને તત્કાલ મૃત્યુ પામ્યો. પ્રાતઃકાળે શાસનદેવીએ તે વૃતાંત મલ્લસૂરિને જણાવી તેના પર પુષ્પવૃષ્ટિ કરી. પછી રાજાએ મલ્લસૂરિને 'વાદીમદભંજક' એવું બિરુદ આપી સર્વ બૌધ્ધોને પોતાના દેશમાંથી રવાના કર્યા.[૧૧૩]

## સમકિતના ચોથા પ્રભાવકઃ-'નિમિત્તવેત્તા પ્રભાવક'

योऽष्टांग निमित्तानि, शासनोन्नति हेतवे
प्रोच्यते प्रयुज्यमानश्चतुर्थोऽयं प्रभावकः।। १।।

અર્થઃ- જે મુનિ અષ્ટાંગ નિમિત્તનો શાસનની ઉન્નતિમાટે ઉપયોગ કરે છે. તે ચોથો પ્રભાવક કહેવાય છે.[૧૧૪]

**નૈમિત્તિક પ્રભાવકની વ્યાખ્યા કરતાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે,**

''नेमितिओ निमित्तं कज्जंमि पउजए निउणं।''

અર્થઃ- જૈનશાસનની ઉન્નતિ માટે અષ્ટાંગનિમિત્તોનો સુનિશ્ચિત રીતે ઉપયોગ કરે તે નૈમિત્તિક કહેવાય.[૧૧૫]

શ્રી જૈનશાસનની પ્રભાવના, રક્ષા માટે અષ્ટાંગ નિમિત્ત શાસ્ત્રોની જાણકારી અને એની કુશળતા પણ એટલી જ જરૂરી છે. જેઓનો વૈરાગ્ય સુદઢ હોય ચારિત્ર નિર્મળ હોય અને જેઓ સંસાર અને સંસારીઓથી સર્વથા નિર્લેપ હોય તેવા સાધુ પુરુષો જ આ નિમિત્ત જ્ઞાનનો ઉપયોગ વિવેકપૂર્વક, મર્યાદાપૂર્વક અને શ્રી જૈનશાસનને લાભ થાય તે રીતે કરી શકે અને એ દ્વારા શાસનની રક્ષા, પ્રભાવના કરી શકે. એમનું જ્ઞાન એવું ચોક્કસ પ્રકારે મેળવેલું હોય કે, તેનું કહેવું સાચું જ પડે. શાસનની પ્રભાવના અને શાસનની રક્ષા માટે જ સાધુ આનો ઉપયોગ કરે.

## -:શ્રી ભદ્રબાહુ સ્વામીની કથાઃ-

દક્ષિણ દેશમાં પ્રતિષ્ઠાનપુરને વિષે ભદ્રબાહુ અને વરાહમિહિર નામના બે પંડિત ભાઇઓએ શ્રી યશોભદ્રસૂરિની પાસે દીક્ષા ગ્રહણ કરી. અનુક્રમે મોટા ભદ્રબાહુએ ચૌદ પૂર્વનો અભ્યાસ કર્યો. તેથી તેને યોગ્ય જાણી ગુરુએ સૂરિપદ આપ્યું. તેમણે દશવૈકાલિક, આવશ્યક વગેરે દશસૂત્રો પર નિર્યુકિત રચી. એકદા વરાહમિહિરે જ્ઞાનની ગર્વતાથી મોટા ભાઇ પાસે સૂરિપદની માંગણી કરી ત્યારે મોટા ભાઇએ કહ્યું કે,''હે

ભાઇ! તું વિદ્વાન છે, છતાં અભિમાની હોવાથી તને સૂરિપદ આપવું યોગ્ય નથી.'' તે વાક્ય વરાહને ગમ્યું નહિ. તેથી તેણે સાધુનો વેષ ત્યાગ કરી ફરીથી બ્રાહ્મણ વેષ અંગીકાર કર્યો. પછી ખોટી વાતો લોકોમાં ફેલાવી તથા રાજાને ભોળવીને તે રાજપુરોહિત બન્યો. તે ગર્વને લીધે શ્વેતાંબરો પર દ્વેષ રાખી નિરંતર નિંદા કરતો હતો. તે નિંદા સહન નહિ કરનારા કેટલાક શ્રાવક ભક્તોએ ભદ્રબાહુ સ્વામી પાસે જઇ તેમને તે નગરે લાવી મોટા ઉત્સવપૂર્વક પ્રવેશ કરાવ્યો. તેમનું આગમન સાંભળીને વરાહને ઘણો ખેદ થયો. થોડા દિવસ પછી રાજાના ઘરે પુત્ર જન્મ થયો. તેની જન્મપત્રિકા વરાહે કરીને તેનું સો વર્ષનું આયુષ્ય નક્કી કર્યું. તથા બીજા પણ શુભયોગોનું વર્ણન કર્યું. રાજા પ્રસન્ન થયો. ત્યારે વરાહ બોલ્યો કે,''હે સ્વામી! આપને ઘેર પુત્ર પ્રસવનો હર્ષ દેખાડવા માટે ગામના સૌ લોકો આવી ગયા, પણ ઈર્ષ્યાળુ ભદ્રબાહુ શ્વેતાંબર આવ્યા નથી. માટે તે હર્ષ વિનાના ભદ્રબાહુને દેશનિકાલનો દંડ જ કરવો જોઈએ.''તે સાંભળીને રાજાએ પોતાના મંત્રીને સૂરિ પાસે અહીં નહિ આવવાનું કારણ જાણવા માટે મોકલ્યો. ત્યારે સૂરિ બોલ્યા કે,''બે વખત જવા-આવવાનો કલેશ શા માટે કરવો જોઇએ? કેમકે સાતમે દિવસે તે પુત્ર બિલાડીના મુખથી મરણ પામશે.'' તે વાત મંત્રીએ જઇને રાજાને કહી. તે સાંભળીને રાજાએ પુત્રના બચાવ માટે આખા ગામની બિલાડીઓ ગામ બહાર કાઢી મૂકાવી. સાતમે દિવસે તે બાળકને તેની ધાવમાતા બારણામાં બેઠી બેઠી ધવરાવતી હતી. તેવામાં અકસ્માત બારણાની અર્ગલા જેનો અગ્રભાગ બિલાડીની આકૃતિવાળો હતો તે પડ્યો અને બાળકનું મૃત્યુ થયું. રાજાએ વરાહનો તિરસ્કાર કર્યો. વરાહને ઘણો ખેદ થયો અને સર્વ પુસ્તકોને જળમાં બોળી દેવા તૈયાર થયો. સૂરિએ નિષેધ કરીને શાંત કર્યો. પછી વારંવાર પતન થવાથી વરાહએ તાપસી દીક્ષા લીધી અને અજ્ઞાનકષ્ટ કરીને આયુષ્ય ક્ષયે મરણ પામી વ્યંતર થયો. પૂર્વનો દ્વેષ સાંભરતા તેણે સાધુઓને ઉપદ્રવ કરવા વિચાર્યું. પણ તેમના પર તેની શક્તિ ચાલી નહિ. તેથી તેણે શ્રાવકોમાં રોગો ઉત્પન્ન કરવા માંડ્યા. શ્રાવકોએ ગુરુને વિજ્ઞપ્તિ કરી,ત્યારે ગુરુએ ઉપસર્ગ માત્રનો નાશ કરનાર 'ઉવસગ્ગહરં સ્તોત્ર' બનાવીને શ્રાવકોને હમેંશા પાઠ કરવા આપ્યું. તેથી તે વ્યંતર શ્રાવકોને પણ કાંઇ કરી શક્યો નહિ. અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરી ભદ્રબાહુ સ્વામી સ્વર્ગે ગયા.

'ભદ્રબાહુ સ્વામીએ' શુભ નિમિત્તના બળથી રાજાને જૈન ધર્મી કર્યો. તેવી રીતે બીજાઓએ શાસનની ઉન્નતિ માટે યથાશક્તિ પ્રયાસ કરવો.[૧૧૬]

## સમકિતના પાંચમોપ્રભાવકઃ- 'તપસ્વી પ્રભાવક'

विविधाभिस्तपस्याभिर्जैनधर्मप्रकाशकः।

विज्ञेयः पञ्चमो भव्यैः, स तपस्वी प्रभावकः।। १।।

જે વિવિધ પ્રકારની તપસ્યા કરીને જૈનધર્મનો પ્રકાશ કરે તેને ભવ્ય પ્રાણીઓએ પાંચમો તપસ્વી પ્રભાવક જાણવો.[૧૧૭]

તપસ્વી પ્રભાવકની વ્યાખ્યા કરતા હરિભદ્રસૂરિ સમ્યકૃત્વ સપ્તતિકામાં જણાવે છે કે, जिणमयमुब्भासंतो विगि दुखमणे हि भण्णइ तवस्सी।

જેઓ વિશિષ્ટ પ્રકારની તપસ્યા વડે જિનશાસનની પ્રભાવના કરે છે. તે તપસ્વી પ્રભાવિક કહેવાય છે.

ક્ષુધા પરિષહ એ પ્રથમ પરિષહ છે. ભુખનું દુઃખ સૌથી અઘરું છે. આહાર સંજ્ઞા અને દેહની મમતા જીવને અનાદિથી ને સૌથી પહેલી વળગી છે. તપસ્યા કરનારો વિશિષ્ટ પરાક્રમ કરી આ બંનેને જીતવા કમરકસે છે. અને આના દ્વારા મહાફળ-મોટી નિર્જરાનું કારણ બને છે. પૂર્વ મુનિસુવ્રત સ્વામી પ્રભુના શાસનમાં મહાપદ્મ ચક્રવર્તીના ભાઇ વિષ્ણુમુનિએ તપોબળથી અનેક લબ્ધિઓ મેળવેલી અને જૈનશાસનના પ્રત્યનીક-વિરોધી થયેલા નમુચી મુનિનો નાશ કરી જૈનશાસનની પ્રભાવના કરી હતી. અકબર બાદશાહને ચંપા શ્રાવિકાના છમાસી તપે આવર્જિત કર્યા હતા. પરિણામે જગદ્‌ગુરુ હીરસૂરિ મહારાજના સત્સંગથી અકબર બાદશાહના જીવનમાં આવેલું પરિવર્તન ખરેખર જૈનશાસનની પ્રભાવનાનું કારણ બન્યું હતું.[૧૧૮]

જેનો તપ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબનો હોય, એ તપની પાછળ જેનું લક્ષ્ય એક માત્ર મુક્તિનું હોય. તપ દરમ્યાન જેણે પોતાની ઇન્દ્રિયો અને કષાયોને જીત્યા હોય, તપ દરમ્યાન જે અપ્રમતપણે બધી આરાધના કરતો હોય તેનો તપ પ્રભાવક બને છે. આવો સુંદર તપ જોઇને તપ જોનારને તપ પ્રત્યે, તપસ્વી પ્રત્યે અને શ્રી જૈનશાસન પ્રત્યેનો અહોભાવ પેદા થાય છે. આ રીતે કરાતા તપથી પણ શ્રી જૈનશાસનની સુંદર પ્રભાવના થઇ શકે છે. માટે તપસ્વીને પણ પ્રભાવક ગણાવ્યો છે.[૧૧૯]

## -ઃકાષ્ઠમુનિનું દૃષ્ટાંતઃ-

રાજગૃહ નગરમાં કાષ્ઠનામે શ્રેષ્ઠી તેને વજા નામે કુલટા સ્ત્રી હતી. અને તે સ્ત્રી દ્વારા ઉત્પન્ન થયેલો દેવપ્રિય નામે એક પુત્ર હતો. જે લેખશાળામાં અભ્યાસ કરતો હતો. તે શ્રેષ્ઠીના ઘરે પરિવારના સભ્ય સરીખા પોપટ, મેના અને કૂકડો એ ત્રણ પક્ષીઓ હતા. તથા એક બ્રાહ્મણના પુત્રને ઘર સંભાળવા રાખ્યો હતો. એકદા શ્રેષ્ઠી લક્ષ્મી મેળવવા પરદેશ ગયા. સર્વ કાર્ય ભાર વજાને સોંપી ગયા. પાછળથી બ્રાહ્મણપુત્ર યુવાવસ્થા પામ્યો, ત્યારે વજા તેની સાથે વિષયસુખ ભોગવવા લાગી.

મેના આ પાપકર્મ જોઇ ન શક્તી. તેથી તેના પર ગુસ્સે થયેલ વજાએ મારી નાંખી. એકદા વજાને ઘેર બે મુનિ ભિક્ષાને માટે આવ્યા. તેમાંથી વૃધ્ધ મુનિએ લઘુ મુનિને કહ્યું કે, ''આ કૂકડાનું મસ્તકમાં જર(કલગી) સહિત જે ખાય તે રાજા થાય. બ્રાહ્મણ પુત્રે આ વાત સાંભળી લીધી. તેણે વજાને બનાવવા કહ્યું અને તે સ્નાન કરવા ગયો. આ બાજુ વજાનો પુત્ર લેખશાળામાંથી ઘરે ખાવા માટે આવ્યો. તેનું જમવાનું બનાવવાનું ભુલી જવાથી તે કૂકડાનું મસ્તક તેને ખાવા આપ્યું. તે ખાઇ ચાલ્યો ગયો. બ્રાહ્મણ પુત્ર સ્નાન કરી ખાવા આવ્યો. કૂંકડાનું મસ્તક વિનાનું શરીર જોઇ તેણે વજાને પૂછ્યું, તેણે કહ્યું કે, મારા પુત્રને આપ્યું, તેથી ગુસ્સે થઇ કહ્યું કે, તારા છોકરાને મારીને તેના પેટમાંથી કૂકડાનું મસ્તક કાઢી મને ખાવા આપીશ તો આપણી પ્રીતીનો ભંગ નહિ થાય. તેથી વજાએ તેમ કરવાનું સ્વીકાર્યું. આ વાત પુત્રની ધાવમાતાએ સાંભળી તેથી તે લેખશાળામાંથી પુત્રને લઇ નગરીની બહાર નીકળી ગઇ. ત્યાંથી તે પુષ્ઠચંપા નગરીના ઉદ્યાનમાં આવી. તે વખતે તે નગરીના રાજા પુત્ર રહિત મરણ પામેલો હોવાથી પ્રધાનોએ પંચદિવ્ય કર્યા હતા. તે પંચદિવ્યે ઉદ્યાનમાં સૂતેલા પેલા પુત્રને પ્રમાણ કર્યો. તેથી પ્રધાનોએ તેનો રાજ્યાભિષેક કર્યો. અને રાજ્યપાલન કરવા લાગ્યો. આ બાજુ કાષ્ઠ શ્રેષ્ઠી પરદેશથી ઘરે આવ્યો. પોપટ જોડેથી સઘળી હકીકત જાણી અને શ્રેષ્ઠીએ વૈરાગ્ય પામી તરત જ દીક્ષા લીધી.

રાજાના ભયથી વજા પણ બ્રાહ્મણને લઇ ત્યાંથી ભાગી ગઇ. તેઓ ચાલતા ચાલતા દૈવયોગે પુત્રના રાજ્યવાળા નગરમાં આવીને રહ્યા. કાષ્ઠ સાધુ પણ વિહારના ક્રમે ફરતાં તેજ નગરમાં આવ્યા અને અકસ્માત તે વજાના ઘરે ભિક્ષા લેવા ગયા. વજાએ પોતાના પતિને ઓળખી વિચાર્યુ કે,''જો આ મને ઓળખશે તો મારી હીલના કરશે.''પછી તેણે ભિક્ષાના પાત્રમાં ભિક્ષાની સાથે પોતાનું એક આભૂષણ મૂકી દઇ પોકાર કર્યો. તેથી રાજસેવકોએ તે સાધુ ને ચોર ધારીને પકડ્યા. અને રાજા પાસે લઇ ગયા. તે વખતે રાજા પાસે બેઠેલી ધાત્રીએ તેમને ઓળખીને રાજાને સર્વ વૃતાંત જણાવી, પિતાને હણવા આ છલ કર્યુ છે તેમ જણાવ્યું. તેથી રાજાએ પિતાને હણવા ઇચ્છતી માતાને કાઢી મૂકી. અને પોતે શ્રાવક થયો. અને સમૃધ્ધિ સહિત ગુરુને વંદન કરવા જવા લાગ્યો. આ પ્રમાણે જૈનશાસનની ઉન્નતિ જોઇ બ્રાહ્મણો દ્વેષ કરવા લાગ્યા. તેથી તેઓ મુનિનાં છિદ્ર જોવા લાગ્યા. પણ તે તપસ્વી મુનિમાં એક પણ દૂષણ જોવામાં નહિ આવ્યું. તેથી બ્રાહ્મણોએ પ્રપંચ કરી ગર્ભવતી દાસીને દ્રવ્યનો લોભ બતાવીને સાધુને કલંક આપવા કહ્યું. આ બાજુ કાષ્ઠ સાધુ વિહાર કરવા માટે તૈયાર થયા અને સર્વે વિદાય આપવા આવ્યા તે વખતે દાસી સાધ્વીનો વેષ પહેરી મુનિ પાસે આવી સર્વના સાંભળતા બોલી કે,''હે પૂજ્ય! આ તમારાથી રહેલા ગર્ભને એમને એમ વિહાર કરો તે યુક્ત નથી.'' ત્યારે મુનિ કહે કે,''હે મુગ્ધા! શામાટે અસત્ય

બોલીને તું અમને કોપ પમાડે છે.''તે બોલી કે ''હું અસત્ય બોલતી નથી.'' તે સાંભળીને શાસનની ઉન્નતિ માટે સર્વ લોકો સમક્ષ લબ્ધિવાન મુનિ બોલ્યા કે,'' જો આ ગર્ભ મારાથી રહેલો હોય તો તેમને તેમ સ્થિત રહો. પરંતુ જો આ ગર્ભ મારાથી રહેલો ન હોય તો તત્કાળ તેની કુક્ષિ ભેદીને નીકળી પડો.'' એવું કહેતા જ તે ગર્ભ કુક્ષિમાંથી નીકળી પૃથ્વી પર પડયો. તેથી ભયથી કંપતી દાસી પગમાં પડી સર્વ સાચી હકીકત બ્રાહ્મણોની જણાવી. બ્રાહ્મણો પણ કંપતા કંપતા ત્યાં આવીને મુનિના પગમાં પડ્યા. રાજા વગેરેની વિનંતિથી મુનિનો ક્રોધ શાંત થયો. મુનિએ સર્વ લોકોને ધર્મનો ઉપદેશ આપ્યો. મુનિ પણ ઉત્કૃષ્ટ તપ વડે સર્વ કર્મનો ક્ષય કરી મુક્તિપદને પામ્યા.[૧૨૦]

## સમકિતના છઠ્ઠા પ્રભાવક:- 'વિદ્યાપ્રભાવક'

मंत्रयन्त्रादि विद्याभिर्युक्तो विद्याप्रभावक:
संघाद्यर्थे महाविद्यां, प्रयुज्जयति नान्यथा।। १।।

ભાવાર્થ:- ''જે મંત્ર, યંત્ર વગેરે વિદ્યાથી યુક્ત હોય તે વિદ્યા પ્રભાવક કહેવાય છે. તે વિદ્યા પ્રભાવક સંઘ વગેરેનાં કાર્યને માટે મહાવિદ્યાનો ઉપયોગ કરે છે. બીજા કાર્ય માટે તેનો ઉપયોગ કરતા નથી.''[૧૨૧]

જેની અધિષ્ઠાત્રી દેવી હોય તેને વિદ્યા કહેવાય અને જેના અધિષ્ઠાયક દેવ હોય તેને મંત્ર કહેવાય. જેની સિધ્ધિ માટે હોમ-હવન કરવો પડે તે વિદ્યા કહેવાય અને જાપ કરવા માત્રથી સિદ્ધ થાય તેને મંત્ર કહેવાય. આ વિદ્યા-મંત્ર જેણે સિદ્ધ કર્યા હોય તેણે શાસનરક્ષા અને પ્રભાવના માટે જ આનો ઉપયોગ કરવાનો છે. જાતની પ્રભાવના માટે આનો ઉપયોગ ક્યારેય કરવાનો નથી.[૧૨૨]

પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ સમ્યકૃત્વ સપ્તતિમાં વિદ્યા પ્રભાવકનું સ્વરૂપ દર્શાવતાં કહે છે કે, सिद्धे बहुविज्जमंतो, विज्जवन्तो य उचियन्ता અર્થાત, જે મંત્ર-તંત્ર વિદ્યાથી યુક્ત હોય તે વિદ્યાપ્રભાવક છે. આર્ય ખપૂટાચાર્ય પોતાની વિદ્યાના બળે વ્યંતર દેવના કોપનું નિવારણ કર્યું. રાજા સહિત નગરજનોએ જૈનધર્મ સ્વીકાર્યો.

દસ પૂર્વધર શ્રી વજસ્વામીએ એકવાર શ્રી જૈનસંઘને દુકાળથી બચાવવા અને બીજીવાર બૌધ્ધ રાજાએ પર્યુષણમાં શ્રાવકોને પ્રભુભક્તિ માટે ફુલો ન મળે એવો બંદોબસ્ત કર્યો, ત્યારે જૈનશાસનની હીલના રોકવા અને રાજાને પણ જૈનધર્મથી આકર્ષિત કરવા વિમાન વિકુર્વી લાખો ફુલો લાવી જૈનશાસનની શોભા વધારી.

## -:શ્રી હેમચંદ્રસૂરિની કથા:-

દેવચંદ્રસૂરિના શિષ્ય હેમચંદ્રસૂરિ, જેઓ પાટણમાં કુમારપાળ રાજા થયે છતે પધાર્યા હતા. ઉદયન મંત્રીને પૂછ્યું કે, રાજા અમને કોવાર સંભારે છે કે નહિ? જવાબ ના આવ્યો. ત્યારે સૂરિએ કહ્યું કે આજે રાજાને એકાંતમાં કહેજો કે, નવી રાણીના મહેલમાં સૂવા જવું નહિ. મંત્રીએ તે પ્રમાણે કર્યું. તે રાત્રે મહેલ પર વીજળી પડી તેથી મહેલ તથા રાણી મૃત્યુ પામી. આશ્ચર્ય પામેલા રાજાએ મંત્રીને કહ્યું કે, તમને ખબર કેવી રીતે પડી. આવું ઉત્કૃષ્ટ જ્ઞાન કોનું છે? ત્યારે મંત્રીએ હેમસૂરિનું નામ આપ્યું. તે સાંભળી રાજા હેમચંદ્રસૂરિ પાસે ગયો. અને કહ્યું કે, આપનો મારા પર પરમ ઉપકાર છે. આપને શેનો ખપ છે તે જણાવો. સૂરિ બોલ્યા કે, તું પ્રત્યુકાર કરવા ઈચ્છતો હોય તો, આત્માને હિતકારક એવા જૈનધર્મને વિષે તારું મન સ્થાપન કર. અર્થાત્ જૈનધર્મ સ્વીકાર કર. રાજા તુંરત સ્વીકારવા તૈયાર થઇ ગયો. ત્યારબાદ એકવાર સોમેશ્વરની યાત્રાએ જતા બ્રાહ્મણોએ કહ્યું કે, જૈનધર્મીઓ તેમના તીર્થંકર સિવાય બીજા દેવને નમતા નથી. તે સાંભળી રાજાએ સૂરિને શિવના વંદન કરવા કહ્યું. ત્યારે સૂરિએ શુધ્ધ સ્વરૂપ સર્વદોષ અને પાપરહિત એવા આત્માને નમસ્કાર હો! રાજા આશ્ચર્ય પામ્યો. પછી ગુરુને કહ્યું કે, ખરું તત્ત્વ શું છે તે કહો? ત્યારે સૂરિએ કહ્યું કે, માત્ર આ શિવ જ તમારી પાસે તત્ત્વનું નિરૂપણ કરશે તે તમે આદરજો. મધ્યરાત્રિએ સૂરિના ધ્યાનથી પ્રત્યક્ષ થઇને શિવે રાજાને કહ્યું કે,"હે રાજા! શ્રી તીર્થંકરો એ પ્રરૂપિત કરેલા સ્યાદ્વાદાદિ તત્ત્વનું આચરણ કરવાથી તું વાંછિત ફળને પામીશ. તે સાંભળી રાજા સમકિતની સન્મુખ થયો. આ રીતે અનેકાનેક અનુભવ કરાવીને સૂરિએ અનેક ભવ્યજીવોને પ્રતિબોધ કરીને તથા જૈનધર્મની પ્રભાવના કરીને સ્વર્ગે ગયા."વિદ્યારૂપ કાંતિવાળા, જૈનધર્મ રૂપ જગતને વિષે સૂર્યસમાન, અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનાર અને ચાલુક્ય વંશમાં સિંહ સમાન કુમારપાળ રાજાને પ્રતિબોધ પમાડનાર એવા શ્રી હેમચંદ્ર ગુરુને હું નમન કરુ છું.''[૧૨૩]

## સમકિતના સાતમા પ્રભાવક:- સિદ્ધ પ્રભાવક

અજંન વગેરે યોગોની સિદ્ધિ દ્વારા જે શ્રી જૈનશાસનની પ્રભાવના, રક્ષા કરી શકે તેમને સિદ્ધ નામના પ્રભાવક કહેવાય છે. આંખમાં અંજન આંજવા વડે અદ્રશ્ય થવું, પગમાં લેપ કરવા વડે આકાશમાં ગમન કરવું, રસસિદ્ધિ દ્વારા સુવર્ણ બનાવવું વગેરે અંજન યોગમાં આવે છે. પ્રભુ મહાવીરના પ્રમુખ શિષ્ય ગૌતમ ગણધરને જિનશાસનમાં અનેક લબ્ધિઓના નિધાન કહેવાય છે. તેમણે અક્ષીણ મહાનસ લબ્ધિ

વડે તાપસોને પારણા કરાવ્યા. લબ્ધિધારી જીવો જિનશાસન કે તીર્થ રક્ષા માટે તથા સંકટ નિવારણ માટે જ વિદ્યાનો પ્રયોગ કરે છે. આનંદઘનજીના પેશાબમાં સુવર્ણ સિધ્ધિ હતી. તેમના અણુ-પરમાણુ ઉત્તમ બની ગયા હતા. કાલિકસૂરિના સાધ્વી સરસ્વતી બહેન હતા. રાજા ગર્દભીલ સ્વભાવે લંપટ હોવાથી સાધ્વીના રૂપમાં મોહિત થઈ અપહરણ કર્યું. કાલિકસૂરિએ અંજનચૂર્ણનો પ્રયોગ, અનેક વિદ્યા દ્વારા સૈન્ય તૈયાર કર્યું અને રાજાને હરાવી સાધ્વી સરસ્વતીને ફરી સંયમમાં સ્થાપિત કર્યા. જિનશાસનના આભૂષણ સમાન કાલકાચાર્યે જિનશાસનની પ્રતિષ્ઠા વધારી.

**ઉપદેશ પ્રાસાદમાં કહ્યું છે કે,**

अञ्जनचूर्णलेपादि सिद्धयोगैः समन्वितः।

जिनेन्द्रशासने ह्यत्र सप्तमः स्यात्प्रभावकः।। १।।

ભાવાર્થઃ- અજંન, ચૂર્ણ અને લેપ વગેરે સિદ્ધ કરેલા યોગોએ કરીને સહિત જે હોય તેને આ જિનેન્દ્રના શાસનને વિષે સાતમા પ્રભાવક કહેલા છે.

## -ઃશ્રી પાદલિપ્તસૂરિનું દૃષ્ટાંતઃ-

અયોધ્યા નગરીમાં નાગહસ્તી નામના સૂરિની પાસે પડિમા નામની શ્રાવિકાના પુત્રે આઠવર્ષની વયે દીક્ષા ગ્રહણ કરી. તે નાની વયમાં ખૂબ ચબરાક અને દક્ષ હતો. એકવાર બાળક સાધુ શ્રાવકને ઘરેથી કાંજી વહોરી લાવીને ગુરુ પાસે આવી ઉભા રહ્યા. તેને ગુરુ મહારાજે પૂછયું કે, હે વત્સ! તુ આલોચના જાણે છે. ત્યારે જવાબ આપ્યો કે, ''ચોતરફ જોવું તે આલોચનનો અર્થ હું જાણું છું. અને લાલવર્ણના વસ્ત્રવાળી અપુષ્પિત અને પુષ્પની કળી સમાન દાંતવાળી નવોઢા સ્ત્રીએ આ નવી ડાંગરના ભાતની કાંજી મને પ્રફુલ્લિત મનથી કડછીથી આપી છે.''આ પ્રમાણે શૃંગારના વચનો સાંભળી ગુરુ ક્રોધિત થઈ બોલ્યા,''અરે પ્રલિપ્ત (પ્રકર્ષે કરીને પાપથી લિંપાયેલા)! તું શું બોલે છે?'' તે વખતે તે ક્ષુલ્લક સાધુ ગુરુના ચરણ કમળમાં નમન કરીને બોલ્યા,''હે પૂજ્ય! મારા પર કૃપા કરીને पलित्त શબ્દમાં એક કાનો વધારી આપો કે જેથી હું पालित्त થાઉં.'' અર્થાત્ પાદ એટલે પગે લિપ્ત એટલે કે, લેપ કરવાથી આકાશે ઉડી શકાય તેવી વિદ્યાવાળો થાઉં. તે સાંભળી બુધ્ધિથી પ્રસન્ન થયેલા ગુરુએ તેને પાદલેપની વિદ્યા આપી. અને અનુક્રમે તેને યોગ્ય જાણી સૂરિપદ આપી તેનું પાદલિપ્તસૂરિ એવું નામ સ્થાપન કર્યું. પાદલિપ્તાચાર્ય વિહાર કરતાં અન્યદા ખેટકપુરમાં આવ્યા ત્યાં જીવાજીવોત્પત્તિ પ્રાભૃત, નિમિત્ત પ્રાભૃત, વિદ્યા પ્રાભૃત અને સિધ્ધિ પ્રાભૃત એ ચાર પાહુડાં તેમને મળ્યા. પછી સૂરિ હમેંશા

પાદલેપ વિદ્યાએ કરીને પાંચે તીર્થોએ જઇ ત્યાં રહેલ જિનબિંબોને વંદના કરીને પછી ભોજન કરવા લાગ્યા. એકવાર નાગાર્જુન નામનો યોગી વિદ્યા શીખવાની ઇચ્છાએ ગુરુ પાસે આવ્યો. ગુરુના ચરણના વંદનથી ઔષધિઓના ગંધ વડે તેણે એકસોને સાત ઔષધિઓ ઓળખી લીધી. પછી તે સર્વઔષધિ જળ સાથે વાટી પગે લેપ કરી આકાશમાં ઉડવા લાગ્યો. પણ થોડે દૂર ઉડીને પાછો પડે તેનાથી તેના શરીર પર ચાંઠા પડવા લાગ્યા. ગુરુએ ચાંઠાનું કારણ પૂછયું. ગુરુને સર્વ સત્ય વાત કહી. તે સાંભળીને બુધ્ધિથી આનંદિત થયેલા ગુરુએ તેને શુધ્ધ શ્રાવક બનાવીને ઔષધીને ચોખાના ઓસામણમાં એકત્ર કરી લેપ કરવાનું કહ્યું. જેથી સ્ખલના નહિ થાય. આ પ્રમાણેના ગુરુવચનથી તેના મનોરથ પૂર્ણ થયા અને સ્વસ્થાને ગયો. એકદા નાગાર્જુને ઘણા દ્રવ્યનો વ્યય કરીને સુવર્ણ સિધ્ધિ નિપજાવી. પછી ગુરુનો ઉપકાર સાંભરીને તેનો બદલો વાળવા માટે તેનો રસ એક કૂંપી લઇને પોતાના શિષ્ય દ્વારા ગુરુને તે ભેટ તરીકે મોકલ્યો. તે જોઇ ગુરુ બોલ્યા અમે તૃણને તથા સુવર્ણને સમાન ગણીએ છીએ એમ કહી રાખ મગાવી રસ તેમાં ઢોળી દીધો. અનં કૂંપીમાં પોતાનુ મૂત્ર ભરીને તે કૂંપી પાછી આપી. તે લઇને તે શિષ્યે નાગાર્જુન પાસે આવી સર્વ વૃતાંત કહ્યું. તેથી ક્રોધિત થયેલ તેણે તે કૂંપીને એક પથ્થર પર પછાડી ફોડી નાંખી. ક્ષણવારમાં શિલા સુવર્ણમય થઇ ગઇ. આશ્ચર્ય પામેલા યોગીએ વિચાર્યુ કે,''મેં હજારો કલેશ સહન કરી આ રસસિધ્ધિ મેળવી અને ગુરુના શરીરમાં તો તે સિધ્ધિ સ્વભાવથી જ રહેલી છે.''ત્યારે પછી કલ્પવૃક્ષ સમાન ગુરુની વંદના વડે ચિરકાળ સેવા કરી ત્યાર બાદ શાલિવાહન રાજાની સભામાં પણ સર્વ બ્રાહ્મણોની વચ્ચે ગુરુએ નિર્વાણ કલિકા, પ્રશ્નપ્રકાશ વગેરે શાસ્ત્રો બનાવી રાજાને સંભળાવ્યાં, તેથી રાજા પ્રસન્ન થઇ જૈની થયો. બ્રાહ્મણો પણ ગર્વ તજીને શ્રી ગુરુના ચરણ કમળમાં ભ્રમરરૂપ થયા. સૂરિ પણ જૈનશાસનની પ્રભાવના કરી શત્રુંજયગિરિ પર અનશન કરીને સ્વર્ગે ગયા.[૧૨૪]

## સમકિતના આઠમા પ્રભાવકઃ- કવિ પ્રભાવક

अत्यद्भूत कवित्वस्य, कृतौ शक्तिर्भवेद्यदि

सम्यक्त्वे स कविर्नाम प्रोक्तोऽष्टमः प्रभावकः।। १।।

ભાવાર્થઃ- ''જો અતિ અદ્ભૂત કવિતા કરવાની શક્તિ હોય તો તે સમકિતને વિષે કવિ નામનો આઠમો પ્રભાવક કહેલો છે.''

જિનમતના રહસ્યને જાણીને અદ્ભુત અર્થવાળા શાસ્ત્રના રચનારને સત્યાર્થ

વર્ણન કરનાર જાણવા. એ પ્રમાણેના સત્યાર્થવાળા શ્રી હેમચંદ્રસૂરિએ ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર અને શબ્દાનુશાસન વ્યાકરણ વગેરે મળી ત્રણ કરોડ શ્લોક બનાવ્યા છે. શ્રી ઉમાસ્વાતિ વાચકે તત્ત્વાર્થ વગેરે પાંચસો ગ્રંથ રચ્યા છે. વાદી દેવસૂરિએ ચોરાસી હજાર શ્લોક પ્રમાણ સ્યાદ્વાદરત્નાકર ગ્રંથ બનાવ્યો છે. શ્રી હરિભદ્રસૂરિએ ચૌદસોને ચુંમાળીશ ગ્રંથો રચ્યા છે. શ્રી માનતુંગાચાર્યે ભક્તામરસ્તોત્ર જેવી સુંદર કાવ્ય રચના કરી ભોજ રાજાને જૈનધર્મી બનાવ્યા.

## -:શ્રી હરિભદ્રસૂરિની કથા:-

ચિત્તોડગઢમાં હરિભદ્ર નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તે ચૌદવિદ્યામાં નિપુણ હતો, સર્વશાસ્ત્રાર્થને જાણનાર હતો. તેથી જાણે ઘણી વિદ્યાઓના ભારથી પોતાનું પેટ ફાટી જાય તેવી બીક રાખતો હોય તેમ પોતાના પેટ પર લોઢાનો પાટો બાંધી રાખતો હતો. અને ''જો હું કોઇનું બોલેલું ન સમજું તો હું તેનો શિષ્ય થાઉ'' એવી પ્રતિજ્ઞા કરીને ફરતો હતો. એકદા નગરમાં ફરતો હતો તેવામાં યાકિની નામની સાધ્વીના મુખથી શ્લોક સાંભળ્યો જેનો અર્થ નહિ સમજાતા તેમની પાસે ગયો. સાધ્વીજીએ અર્થ સમજવા તેમના ગુરુ પાસે મોકલ્યા. અર્થ સમજાતા નિયમ અનુસાર તેમના શિષ્ય થઇ ગયા. જૈન શાસ્ત્રનો ઉંડો અભ્યાસ કર્યો. ગુરુએ યોગ્ય જાણી તેને આચાર્યપદ આપ્યું. એકદા હરિભદ્રસૂરિના હંસ અને પરમહંસ નામના બે શિષ્યો જેઓ સારા વિદ્વવાન તેઓએ બૌધ્ધ ધર્મના શાસ્ત્ર રહસ્ય જાણીને એમનો પરાજય કરીએ માટે તેમની પાસે ભણવા જવાની આજ્ઞા માંગી. સૂરિએ વેષાન્તર કરી જવાની આજ્ઞા આપી. તેઓ ત્યાં પહોંચી ગયા. એકદા બૌધ્ધના ગુરુને તેમની ક્રિયા પ્રવૃત્તિ જોવાથી શ્વેતામ્બરી છે. એવી શંકા આવી. તેથી તેમની ખાતરી કરવા માટે જ્યારે સર્વ છાત્રો અભ્યાસ કરતા હતા તે વખતે શાળાના દાદર પર અર્હતનું બિંબ ચીતર્યું. પછી જતી વખતે સર્વ છાત્રો બિંબ પર પગ મૂકીને ઉતર્યા પરંતુ પેલા બે જણાએ તે બિંબમાં બુધ્ધની આકૃતિ કરી પછી નીચે ઉતર્યા તેથી બૌધ્ધ ગુરુ તેઓને ઓળખી ગયા. હવે બન્ને જણાને ભય લાગ્યો તેથી ત્યાંથી ભાગ્યા. પરંતુ બૌધ્ધ ગુરુને ખબર પડતાં તેની પાછળ સૈન્ય મોકલ્યું, જેના કારણે હંસને તે લોકોએ મારી નાંખ્યો. બીજો જે પરમહંસ હતો તેને પણ ચિત્રકૂટની નજીક મારી નાખ્યો. તે વૃતાત જાણીને હરિભદ્રસૂરિને મહાકોપ થયો, તેથી ઉકાળેલા તેલના કડાઇમાં તે ચૌદસોને ચુંમાળીશ બૌધ્ધોને હોમવા માટે મંત્રજાપ કરવા લાગ્યા. તે વૃતાંત તેમના ગુરુએ જાણ્યું. તેમને પ્રતિબોધ કરવા શ્લોક લખી મોકલ્યા. ગુરુના શબ્દો વાંચી હરિભદ્રસૂરિ પાપકર્મથી નિવૃત્ત થયા. અને ચૌદસો ચુંમાળીશ બૌધ્ધોના નાશના મનથી કરેલા

પાપના પ્રાયશ્ચિત તરીકે ચૌદસોને ચુંમાળીશ ગ્રંથો નવા કરવાનું કબૂલ કર્યું. તેમાં તેમણે સમરાદિત્ય ચરિત્ર, લલિત વિસ્તરા, વગેરે અનેક વિશિષ્ટ ગ્રંથો બનાવી જૈનશાસનના પ્રભાવક બન્યા છે.[૧૨૫]

આ. હરિભદ્રસૂરિએ સમ્યક્ત્વ સપ્તતિમાં બીજી રીતે પણ પ્રભાવકો કહ્યા છે,

अइसेसइड्ढि धम्मकहि वाइ आयरिय खवग नेमित्ती

विज्जा य रायगणसंमया य तित्थं पभावंति।। १२६

અર્થઃ- (૧)અતિશય ઋધ્ધિ (૨)ધર્મકથિક (૩)વાદી (૪)નૈમિત્તિક (૫)તપસ્વી (૬)આચાર્ય (૭)વિદ્યાસિધ્ધ (૮)રાજગણ સમ્મત. એમ બીજી રીતે પણ આઠ પ્રભાવક કહ્યા છે.

## અધિકાર ૭મો. ઢાળ-૭

### (સતીય સુભદ્રાની દેશી)

### -:પાંચ ભૂષણઃ-

સોહે સમકિત જેહથી સખી! જિમ આભરણ દેહ,
ભૂષણ પાંચ તે મનવસ્યાં સખી! મનવસ્યાં. તેહમાં નહિ સંદેહ.
મુજ સમકિત રંગ અચળ હોજો ...૩૬

પહેલું કુશલપણું તિહાં. સખિ! વંદન ને પચ્ચખાણ.
કિરિયાનો વિધિ અતિઘણો સખિ! અતિ ઘણો આચારે.
તેહ સુજાણ મુજ ...૩૭

બીજું તીરથ-સેવના સખિ! તીરથ તારે જેહ.
જે ગીતારથ મુનિ-વરા સખિ! તેહશું કીજે નેહ-મુજ ...૩૮

ભગતિ કરે ગુરુ-દેવની સખિ! ત્રીજું ભૂષણ હોય.
કુણહિ ચલાવ્યો નવિ ચલે સખિ! ચોથું એ ભૂષણ જોય.
મુજ ...૩૯

જિન-શાસન-અનુમોદના સખિ! જેહથી બહુ-જન હુંત.
કીજે તેહ પ્રભાવના સખિ! પાંચમું ભૂષણ ખંત.
મુજ ...૪૦

-:ગાથાર્થ:-

જેમ દાગીનાથી શરીર શોભે, તેમ જેનાથી સમકિત ઉઠે છે. તે પાંચ ભૂષણો મનમાં ગમી જાય એવાં જ છે. તેમાં જરાયે શંકાને સ્થાન નથી. (૩૬)

કુશળપણું એ પહેલું ભૂષણ છે. તેમાં વંદન અને પચ્ચક્ખાણોના સમાવેશ થાય છે. તેને લગતી અનેક પ્રકારની ક્રિયાઓનો ઘણો વિસ્તાર છે. તે વિસ્તારવાળી ક્રિયાઓ છતાં જે સુજાણ સમકિત છે. તે તેનું અવશ્ય આચરણ કરે છે. (૩૭)

તીર્થ સેવના એ બીજું ભૂષણ, સંસારથી તારે, તે તીર્થ એટલે અહીં તેનો અર્થ જૈનશાસનની નાવ ચલાવનાર જ્ઞાની અને અનુભવી-ગીતાર્થ મુનિવરો સમજવા. તેની સાથે નિરંતર પરિચય રાખવો. (૩૮)

દેવ-ગુરુની ભક્તિ કરવી ત્રીજું ભૂષણ છે. કોઈના ચળાવવાથી ધર્મથી જરા પણ ન ચળે, તે દઢધર્મ નામનું ચોથું ભૂષણ જાણવું. (૩૯)

જેથી ઘણા માણસો જૈનશાસનની પ્રશંસા કરે, તેવી ખંતપૂર્વક શ્રી જૈનશાસનની પ્રભાવના કરવી તે પાંચમું ભૂષણ છે. (૪૦)

આ પાંચ ભૂષણની મદદથી મારો સમકિત તરફનો પ્રેમ સ્થિર બન્યો રહે, એમ ઇચ્છું છું.[૧૨૭]

**સમ્યક્ત્વના મુખ્ય પાંચ ભૂષણ:-**

(૧) ધર્મક્રિયા-અનુષ્ઠાનોના વિધિમાં કુશળપણું
(૨) તીર્થસેવા
(૩) દેવ-ગુરુની ભક્તિ
(૪) ધર્મમાં દઢતા
(૫) શાસનની પ્રભાવના

## પહેલું ભૂષણ:- કુશળપણું

જિનાજ્ઞા વિનાનું અનુષ્ઠાન એ પ્રાણ વિનાનું કલેવર છે. શ્રી યોગબિંદુ પ્રકરણમાં હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કે, જે આત્મા ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનોમાં આગમ વિરુધ્ધ સ્વેચ્છાથી પ્રવૃત્તિ કરે છે તે જડ-મૂઢ છે. તે શાસનનો દ્વેષી છે.[૧૨૮]

શ્રી ધર્મદાસ ગણિએ ઉપદેશ માલામાં કહ્યું છે કે, જે જિનેશ્વર ભગવાનની આજ્ઞા અનુસાર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવને અનુસરી પ્રવૃત્તિ કરતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે તે આગમ વિરુધ્ધ વર્તણૂક કરી બીજા જીવોને આગમ વચનમાં શંકા ઉત્પન્ન

કરાવે છે.[૧૨૯]

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે,

जिणवयणे अणुरत्ता, जिणवयणं जे करेंति भावेणं।
अमला असंकिलिट्ठा, ते होंति परित्त संसारी।।

જિન વચનમાં અનુરક્ત, જિનાજ્ઞા અનુસાર ક્રિયાનુષ્ઠાન કરનાર, રાગ-દ્વેષ અને મિથ્યાત્વરૂપી મલથી મુક્ત બની અલ્પ સંસારી બને છે.

ધર્મબિંદુ ગ્રંથમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે,

उचितानुष्ठानं हि प्रधानं कर्मक्षयकारणम्।

અર્થ:- ઔચિત્યપૂર્વક (જિનાજ્ઞા અને યથાશક્તિ) અનુષ્ઠાન કરવાથી પાપ કર્મોનો ક્ષય થાય છે.[૧૩૦]

શ્રી હરિભદ્રસૂરિજીએ ઉપદેશપદમાં કહ્યું છે કે,

सम्मतं पुण इत्थं सुत्ताणुसारेण जा पवित्तीउ।
सुत्तगहणम्मि तम्हा पवत्तियव्वं इहं पढमं।।

અર્થ:- જિનેશ્વર ભગવાનની આજ્ઞા અનુસાર ચૈત્યવંદન, આવશ્યક ક્રિયા, આદિ ધર્માનુષ્ઠાનો વિધિપૂર્વક કરવા તે સમ્યગ્દર્શન છે. પ્રમાદ અને અજ્ઞાન ક્રિયામાં વિક્ષેપ ઉત્પન્ન કરે છે.[૧૩૧]

## -:ક્રિયા કુશળતા:-

આવશ્યકાદિક ક્રિયાઓને વિષે જેની કુશળતા હોય તે સમકિતનું ભૂષણ કહેવાય છે. ક્રિયાકુશળની ક્રિયા જોઈને પણ બીજાને ઉત્તમ ક્રિયાની ભાવના જાગે. આમ પોતે ક્રિયા દ્વારા પણ ધર્મ શોભાવે.

## -:ઉદાયી રાજાની કથા:-

રાજગૃહ નગરમાં કોણિક રાજાની રાણી પદ્માવતીએ પૂર્ણ સમયે પુત્રને જન્મ આપ્યો. તેનું નામ ઉદાયી પાડ્યું. એકદા કોણિક રાજા પોતાની ડાબી જંઘા ઉપર ઉદાયીકુમારને બેસાડી ભોજન કરવા બેઠો હતો. તેણે અર્ધું ભોજન કર્યું ત્યાં બાળકે ઘીની ધારાની જેમ મૂત્રની ધારા થાળીમાં કરી. અતિ વાત્સલ્યતાને લીધે બાળકને તેમ કરવા દીધું. અને ત્યારબાદ મૂત્રવાળું ભોજન કાઢિ નાંખ્યું અને બાકીનું ભોજન

કર્યું. અરે! કેવો મોહનો વિલાસ? પછી સ્નેહથી પરવશ થયેલા રાજાએ પોતાની માતા ચેલણાને કહ્યું કે,"હે માતા! આ પુત્ર પર મારો જેવો સ્નેહ છે. તેવો કોઇનો હતો નહિ, છે નહિ અને થશે પણ નહિ." તે સાંભળીને ચેલણા બોલ્યા, કે તારા પિતાનો તારા પર સ્નેહ હતો તેના કરોડમેં અંશે પણ તારો તારા પુત્ર પર નથી. જ્યારે તું મારા ગર્ભમાં હતો ત્યારે તારા પિતાના આંતરડા ખાવાનો મને દોહલો ઉપડ્યો તેથી પિતાનું અહિત કરનાર પુત્ર થશે એવું વિચારી મેં તને જન્મતાંની સાથે ઉદ્યાનમાં તજી દીધો. ત્યાં કૂકડાએ તારી ટચલી આંગળીને ચાંચથી કરડી. તે આંગળીમાં કીડા પડવાથી પાકવાળી થઇ ગઇ. તારા પિતાને જાણ થતાં તને લઇ આવ્યા. તારી આંગળી તેમના મુખમાં રાખતા જેથી તું શાંત થતો. આ સાંભળી કોણિક રાજા ઘણો પશ્ચાતાપ કરવા લાગ્યા. પછી પોતાના પિતાને પોતે પાંજરામાં પૂરીને રાજ્ય પર બેઠો હતો તેથી તેને પાંજરામાંથી મુક્ત કરવાના હેતુથી મોટો દાંડો લઇ પાંજરા તરફ દોડ્યો. પિતાએ તેને આવી રીતે આવતો જોઇ, કુપુત્રના હાથથી અપમૃત્યુ ન થાય માટે જાતે જ તાલપુટ વિષનું આસ્વાદન કરી મૃત્યુ પામ્યા. આવું પિતાએ કર્યું તેનાથી આઘાત પામેલ કોણિક રાત-દિવસ મહા શોકમાં રહેવા લાગ્યો. તેના શોકને દૂર કરવા રાજગૃહીથી રાજધાની ફેરવીને ચંપાનગરીમાં વસાવી. જેથી કોણિકનો શોક ઓછો થયો.

કોણિક રાજા મહાબળવાન હતો. તેણે અનુક્રમે દક્ષણિ ભરતાર્ધના સર્વ રાજાઓને જીતી લીધા. પછી પોતાના બળથી કૃત્રિમ ચૌદે રત્નો બનાવ્યાં. અને પોતે તેરમો ચક્રવર્તી છે તેમ બોલવા લાગ્યો. એકદા તેણે મોટુ સેન્ય ભેગું કરી ઘણા રાજાઓને લઇ દિગ્વિજય માટે પ્રયાણ કર્યું. વૈતાઢ્ય પર્વતની તમિસ્રા ગુફાના દ્વાર પાસે જઇ તેણે દ્વારના બંધ કમાડ પર જોરથી દંડ પ્રહાર કર્યો તે જોઇ તે ગુફાના અધિષ્ઠાયક કૃતમાલ દેવને અતિ ક્રોધ ચડ્યો. તેથી તે જ ક્ષણે બાળીને ભસ્મ કરી નાંખ્યો. પછી મંત્રીઓએ ગાદી ઉપર ઉદાયીકુમારને બેસાડ્યો. ઉદાયીરાજા માટે પાટલીપુર નામનું નગર વસાવ્યું. તેના પ્રતાપરૂપી સૂર્યના ઉદયને નહિ સહન કરતા શત્રુરાજાઓ ઘુવડની જેમ અંધ થઇ ગયા. જૈનધર્મની પૃથ્વીપર સર્વત્ર પ્રભાવના કરી. સદ્ગુરુ પાસે બારવ્રતો અંગીકાર કર્યા. તે વ્રતના ખંડનમાં કદાપિ પ્રવર્ત્યો નહિ. તેનું સમકિત અત્યંત દઢ હતું. ચાર પર્વણીને વિષે કાયમ ચતુર્થ ભક્ત, દેવગુરુને વંદના, છ આવશ્યક ક્રિયા કરી, પૌષધ ગ્રહણ કરી આત્માને પવિત્ર કરતો હતો. તેણે અંતઃપુરમાંજ પૌષધશાળા કરાવી હતી. તેમાં રાત્રિને સમયે વિશ્રાંતિ લઇને તે સાધુની જેમ સંથારો કરતો હતો. ઉદાયી રાજાએ રણસંગ્રામમમાં કોઇ રાજાને માર્યા હશે, તેનો પુત્ર પિતાનું વેર લેવા માટે ચિંતા કરતો હતો. પરંતુ ઉદાયી રાજાને મારવા શક્તિમાન ન હતો. છેવટે તેણે ઉજ્જયિનીના રાજાને વિજ્ઞપ્તિ કરી કે, હે સ્વામી! આપની આજ્ઞા

હોય તો આપના શત્રુ ઉદાયી રાજાને હું મારી નાંખું. પરંતુ જો હું તેમ કરું તો મને મારા પિતાનું રાજ્ય પાછું મેળવવા મદદ કરવી. તે રાજાએ હર્ષ સાથે સંમતિ આપી. તે રાજપુત્ર ઉદાયી રાજાનો સેવક થઇ નિરંતર તેના છિદ્ર જોવા લાગ્યો. પરંતુ કાંઇપણ છિદ્ર પામ્યો નહિ. પરંતુ રાજાના ગૃહને વિષે નિરંતર અસ્ખલિત ગતિએ રોક-ટોક વગર જતા આવતા જૈન મુનિઓને તેણે જોયા તેથી તેણે કપટથી મુનિ થવાનો વિચાર કર્યો. અને ગુરુ પાસે વૈરાગ્ય થયાની વાતો કરી દીક્ષા ગ્રહણ કરી. તે પોતાના ઓઘામાં ગુપ્ત રીતે કંકલોહની છરી સંતાડી રાખી હતી. એવી રીતે ૧૨ વર્ષ વ્રત પાલન કર્યું. એકદા ગુરુ પાટલીપુત્ર પધાર્યા. રાજાના આમંત્રણથી સૂરિમહેલમાં પધાર્યા. સાથે કપટી સાધુ વિનયરત્ન પણ હતો. પછી રાજાએ ગુરુને અભિવંદના કરી શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પૌષધ લઇ ગુરુ સાથે જ પ્રતિક્રમણ કર્યું. અને પહેલો પ્રહર વીત્યા પછી પ્રતિલેખના કરી સંથારો પાથરીને તે પણ કુર્કુટની જેમ ચરણને સંકોચીને સૂઇ ગયા. તે પાપીએ બીજા પ્રહરમાં નિંદ્રાવશ થયેલા રાજાના કંઠ પર છરી મૂકી દીધી પછી તે ત્યાંથી ભાગી ગયો. આ બાજુ કંઠમાંથી રુધિરનો પ્રવાહ નીકળી ગુરુના સંથારા સુધી ગયો. ગુરુ મહારાજ જાગૃત થઈ ગયા. પછી મૃત્યુ પામેલ રાજાને જોઇ સર્વ હકીકત સમજી ગયા કે સાધુએ આ દુષ્ટ કામ કર્યું છે. તેથી ધર્મનું રક્ષણ કરવા તે સૂરિ પણ ભવચરિમ પચ્ચખાણ કરી છરી પોતાના કંઠ પર મૂકી મૃત્યુ પામ્યા. પ્રાતઃકાળે રાજ સેવકોએ અમાંગળિક કાર્ય જોઇને પોકાર કર્યો. તે સાધુને ઘણો શોધ્યો પણ પત્તો લાગ્યો નહિ. પેલો દુષ્ટ ઉજ્જયિની જઇ ઉદાયી રાજાને મારી નાંખ્યાની યથાસ્થિત બધી વાત કહી. તે સાંભળી રાજા તિરસ્કાર સાથે બોલ્યો કે,''હે પાપિષ્ઠ! ધર્મના મિષથી ધર્મ કરતા એવા ઉદાયી રાજાનો તે ઘાત કર્યો! આવું અધમ કાર્ય કરનાર તું મારા દેશમાંથી ચાલ્યો જા.'' ઇત્યાદિ કહી તેને કાઢી મૂકયો. 'પાપી પુરુષ કોઇપણ સ્થાને ઇચ્છિતની સિધ્ધિ થતી જ નથી.' તે દુષ્ટ અભવ્ય હતો તેથી જ સોળ વર્ષ સુધી આગમનું શ્રવણ કર્યું, અનેક પ્રકારની ધર્મક્રિયા કરવા છતાં નિષ્ફળ ગયું.

ઉદાયી રાજા તથાપ્રકારની ધર્મક્રિયામાં કુશળ હોવાથી મૃત્યુ પામીને દેવલોકમાં ગયા.

ખરેખર! કુશળ ધર્મક્રિયા દ્વારા તેઓએ સમકિતને શોભાવ્યુ છે.[૧૩૨]

## સમકિતનું બીજુભુષણઃ- તીર્થસેવા

જેનાથી સંસાર સાગર તરી શકાય તે તીર્થ છે. તેના બે પ્રકાર છે. સ્થાવર તીર્થ અને જંગમ તીર્થ.

તીર્થયાત્રા વગેરે કરવી તે સ્થાવર તીર્થ અને સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ જંગમ તીર્થ છે.

તારે તે તીર્થ. નિશ્ચયનયથી તો પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય પરિણામ જ પોતાને તારે છે. તેથી જ નિશ્ચયનયના આલંબને અધ્યાત્મ સાધનામાં આગળ વધેલા મહર્ષિઓ આત્મ પરિણામને જ પ્રમાણભૂત ગણે છે. શત્રુંજય મહાતીર્થ વગેરે તીર્થો સ્થાવર તીર્થ છે. પરમેષ્ઠી પદે બિરાજતા આચાર્ય-ઉપાધ્યાય-સાધુ જંગમ તીર્થ છે.

આચારાંગ સૂત્રની નિર્યુક્તિમાં જણાવે છે કે પરમાત્માની કલ્યાણકભૂમિઓ વગેરે તીર્થોની સ્પર્શના-સેવા-સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ, શુધ્ધિ, વૃધ્ધિમાં હેતુ બને છે. તીર્થ સેવાનો એવો પણ અર્થ કરી શકાય કે તે તે તીર્થના જિર્ણોધ્ધાર ઉચિત વહીવટ વગેરે કાર્યોથી તીર્થનો મહિમા વધે-પવિત્રતા વધે-એ માટે પ્રયત્નશીલ બનવું. તથા તીર્થ સેવામાં સંવિગ્ન ગીતાર્થ ગુરુ સાથે પરિચયમાં આવવું. તેમની પાસેથી સૂત્ર-અર્થ-જૈનધર્મનું જ્ઞાન-પૂર્વ પુરુષના ચરિત્રો વગેરે સાંભળી તૈયાર થવું. અને સમ્યક્ત્વને નિર્મળ કરવા સતત પ્રયત્નશીલ રહેવું.[૧૩૩]

## -:સુતીર્થની યાત્રા પર ત્રિવિક્રમની કથા:-

શ્રાવસ્તી નગરીમાં ત્રિવિક્રમ નામે રાજા હતો તે એકદા અરણ્યમાં ગયો હતો. ત્યાં એક પક્ષીને માળામાં વિરસ શબ્દ કરતું સાંભળી તેને અપશુકન થયું જાણી રાજાએ તેને બાણ વડે પ્રહાર કર્યો. એટલે પક્ષી તરત નીચે પડી તરફડીયા મારતું મરી ગયું. તે જોઇને રાજાને પ્રશ્ચાત્તાપ થયો. તે ત્યાંથી આગળ ચાલ્યો. રસ્તામાં મહામુનિ જોયા તેમને નમન કર્યું. મુનિએ અહિંસા ધર્મનો ઉપદેશ કર્યો. એ સાંભળી રાજાને થયું કે મેં તો હિંસાની વાત કરી નથી છતાં મુનિએ જાણી લીધી. તો મારા આ હિંસાના પાપના નાશ માટે મુનિ પાસે દીક્ષા લઇ લઉં. તૃણની જેમ રાજ્યનો ત્યાગ કરીને દીક્ષા લીધી. ઉગ્ર તપસ્યાથી રાજર્ષિને તેજોલેશ્યા ઉત્પન્ન થઇ. તે પૃથ્વી પર વિહાર કરવા લાગ્યા. પેલું પક્ષી મરણ પામી ભિલ્લ થયું. એકદા રાજર્ષિને વિહાર કરતા દેખીને તે ભિલ્લને પૂર્વના વૈરને લીધે તેના પર ક્રોધયુક્ત થઇ લાકડીથી પ્રહાર કર્યો. તેથી રાજર્ષિએ પોતાના મુનિપણાને ભુલી જઇને તેજોલેશ્યા વડે ભિલ્લને બાળી નાંખ્યો. ત્યાંથી મૃત્યુ પામી તે સિંહ થયો. એકદા રાજર્ષિને જોઇ હુમલો કરવા ગયો તેને પણ તેજોલેશ્યા વડે બાળી નાંખ્યો. સિંહ મરીને હાથી થયો. તે હાથી પણ પૂર્વના વૈરને લીધે ઉપસર્ગ કર્યો. મુનિએ તેને પણ બાળી નાંખ્યો. ત્યાંથી તે સાંઢ થયો-સર્પ થયો-બધી વખતે મુનિને ઉપસર્ગ કરતા બાળી નાંખ્યો. પછી બ્રાહ્મણ થયો. ઘણી નિંદા કરતા તેને પણ બાળી

નાંખ્યો. 'અહો! નિર્વિવેકીને સંવર કયાંથી હોય?'

આ પ્રમાણે મુનિએ મમતા રહિત છતાં સાત હત્યા કરી. પછી તે બ્રાહ્મણ મરીને મહાબાહુ નામે રાજા થયો. એકદા બારીમાંથી કોઇ મુનિને જતાં જોઇને ઉહાપોહ થયો અને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થતાં તેણે પોતાના સાત ભવો જોયા. એટલે અહો! તે મુનિને હું પાપનું કારણ થયો. એમ વિચારી તે મુનિની શોધને માટે તેણે અર્ધોશ્લોક કરી તે શ્લોક પુરો કરનારને લાખ સોનામહોર આપવાની ઉદ્‌ઘોષણા કરાવી.

'विहगः शबरः सिंहो, हाथी संढः फणी द्विजः।।'

અર્ધા શ્લોકને પૂર્ણ કરવા માટે બધા લોકો નિરંતર હાલતા-ચાલતા બોલવા લાગ્યા. એકદા મુનિ ફરતા ફરતા વારાણસી નગરી પાસે આવ્યા. ત્યાં ગામ બહાર ગોવાળના મુખથી તેણે અર્ધો શ્લોક સાંભળ્યો એટલે ક્ષણવાર વિચાર કરીને મુનિએ તેનો આ પ્રમાણે ઉત્તરાર્ધ પૂર્ણ કર્યો કે,

''येनामी निहताः कोपात्, स कथं भविता इह।''

એ ઉત્તરાર્ધ સાંભળી ગોવાળ રાજા પાસે જઇ શ્લોક પૂર્ણ કર્યો. આથી રાજા વિસ્મિત પામ્યા અને ગોવાળને દબાણથી પુછ્યું તો તેણે મુનિનું નામ આપ્યું. આથી રાજા મુનિ પાસે પહોંચી ગયા અને તેમને ખમાવ્યા અને સાત ભવની વાત રાજાએ તેમને કરી એટલે મુનિએ પણ રાજાને ખમાવ્યા. બન્ને જણ પરસ્પર અપરાધની નિંદા ગર્હા કરવા લાગ્યા. ત્યાં નગરીમાં કોઇ કેવળજ્ઞાની મુનિ પધાર્યા. તેમને વંદન કરીને તે બન્નેએ પોતાના પાપની આલોયણા માંગી. મુનિએ કહ્યું તમારુ પાપ શત્રુંજય તીર્થે ગયા વિના નષ્ટ નહિ થાય. તે સાંભળી રાજાએ દીક્ષા લીધી. બન્ને શત્રુંજય તીર્થની યાત્રા કરી સંયમ પાળી પાપનો નાશ કરી શત્રુંજય તીર્થે સિધ્ધિ પદને પામ્યા.

આ પ્રમાણે સમકિતના ભૂષણરૂપ 'તીર્થસેવા' કરવા યોગ્ય છે.[૧૩૪]

આ રીતે તીર્થ સેવામાં સાધુ-સાધ્વીના રક્ષણ માટેના કાર્યોમાં પ્રયત્નશીલ રહેવું. પાલીતાણા- સમેતશિખર, ગીરનાર આદિ તીર્થોને બચાવવા, તેના રક્ષણ માટે મહેનત કરવી આદિ સર્વે 'તીર્થસેવા' જ છે. જે સમ્યક્ત્વનું ભૂષણ છે.

## સમકિતનું ત્રીજુ ભૂષણઃ- દેવ-ગુરુની ભકિત

આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે કે,

भत्ती आयरकरणं बहुचियं जिणवरिदं साहूणं।

અર્થઃ- જિનેશ્વર દેવ તથા નિગ્રંથ સંતોનો યથોચિત આદર કરવો એ ભક્તિ

કહેવાય. તીર્થંકરોને વિધિપૂર્વક વંદન કરવાં, તેમનો આદર કરવો, જિનાજ્ઞાનું પાલન કરવું તે ભક્તિ કહેવાય.[૧૩૫]

**આનંદઘનજી મહારાજ કહે છે કે,**

જિનસ્વરૂપ થઈ જિન આરાધે તે સહી જિનવર હોવે રે,
ભૃંગી ઈલિકાને ચટકાવે, તો ભૃંગી જગ જોવે રે...ષડ્દર્શન

અર્થ:- જિનેશ્વરની આરાધનામાં તન્મય થવાથી જિન સ્વરૂપ પ્રગટ થાય છે. એક સામાન્ય કીડો પણ ભમરાનું ચિંતન કરતાં ભ્રમરરૂપ થાય છે.[૧૩૬]

જૈનદર્શનનાં ષડ્આવશ્યકમાં સમતા પછી ભક્તિને બીજું આવશ્યક બતાવવામાં આવ્યું છે. ત્યાં જૈન તીર્થંકરોની સ્તુતિ છે. ભક્તિ એ મુક્તિનો ભવ્ય રાજમાર્ગ છે. ભગવાન મહાવીરની હાજરીમાં એક માત્ર શ્રેણિક મહારાજા જ નહિ બીજા નવ જણાએ ભગવાનની ભક્તિ કરી ઉત્કૃષ્ટ પુણ્ય બાંધ્યું. અરિહંત ભક્તિ ઈષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ હરનારી છે. ચક્રવર્તીપણું, દેવપણું, અહમિંદ્રપણું, ઈન્દ્રપણું, યોગીન્દ્રપણું અને યાવત્ પરમાત્માપણું આપનારી છે.[૧૩૭]

જિનેશ્વર ભગવંતે દાન-શીલ-તપ અને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મ દ્વારા ભક્તિમાર્ગ દર્શાવેલ છે.

દાનના ચાર પ્રકાર છે.

(૧) આહાર દાન (૨) ઔષધ દાન (૩) ઉપકરણ દાન (૪) આવાસ દાન[૧૩૮]

**શ્રી તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે,**

विधि द्रव्य दातृ पात्र विशेषात्तद्विशेषः। [१३९]

અર્થ:- વિધિ વિશેષ, દ્રવ્ય વિશેષ, દાતૃ વિશેષ, પાત્ર વિશેષથી દાનમાં વિશેષતા હોય છે.

૧. વિધિ વિશેષ:- દેશકાળનું ઉચિતપણું, કલ્પનીય વસ્તુનું અર્પણ

૨. દ્રવ્ય વિશેષ:- સ્વાધ્યાય વગેરેની વૃધ્ધિમાં કારણ એવા આહારાદિને દ્રવ્ય વિશેષ કહે છે.

૩. દાતૃ વિશેષ:-શ્રધ્ધા, સંતોષ, ભક્તિ, જ્ઞાન, નિર્લોભતા, ક્ષમા અને સત્ય એ સાત ગુણોથી યુક્ત દાતા હોય.

૪. પાત્ર વિશેષ:- દાન લેવાવાળા રત્નત્રયયુક્ત હોય તો તે પાત્ર કહેવાય છે.

સમ્યક્ત્વયુક્ત મુનિ ઉત્તમપાત્ર, દેશવિરતિ શ્રાવક મધ્યમ પાત્ર તથા વ્રતરહિત સમ્યગદૃષ્ટિ જીવો જઘન્ય પાત્ર છે.[૧૪૦]

દેવ-ગુરુની ભક્તિ એ લોકોત્તર ભક્તિ છે. પરંપરાએ મોક્ષનું કારણ બને છે. ગુરુભક્તિના પ્રભાવે સંગમ ભરવાડનો જીવ શાલિભદ્ર નામનો શ્રેષ્ઠી થયો. આ ઉપરાંત શ્રેયાંસકુમારે ઇક્ષુરસના પારણા દ્વારા ઋષભદેવની ભક્તિ કરી ઉત્તમ ફળ મેળવ્યું. પ્રભુ મહાવીરનો નયસારનો ભવ જેમાં સાધુને ગોચરી વ્હોરાવી અને તેમના સંગથી સમ્યક્ત્વ પામ્યા હતા. આવા અનેક દૃષ્ટાન્ત શાસ્ત્રમાં આવે છે.

## -:જીર્ણશ્રેષ્ઠીની કથા:-

ध्यातः परोक्षेऽपि जिनस्त्रिभक्त्या, जीर्णाभिधश्रेष्ठीवदिष्टसिद्धयै।
सिन्धुप्रवृद्धयै कुमुदौधलक्ष्म्यै, चकोर तुष्ट्यै विधुरभ्रगोऽपि।।

અર્થ:- "જેમ વાદળામાં રહેલો પણ ચંદ્ર સાગરની વૃધ્ધિને માટે, કુમુદના સમૂહની લક્ષ્મી માટે અને ચકોર પક્ષીની પ્રીતિને માટે થાય છે. તેમ પરોક્ષ રહેલા જિનેશ્વરનું પણ મન, વચન, કાયા વડે શુધ્ધ ભકિતથી ધ્યાન કર્યું હોય, તો તે જીર્ણ શ્રેષ્ઠીની જેમ ઇષ્ટસિધ્ધિને માટે થાય છે.

વિશાલા નગરીના ઉદ્યાનમાં શ્રી મહાવીરસ્વામી ચાતુર્માસી તપ કરીને પ્રતિમા ધારણ કરી રહ્યા હતા. તે નગરના રહેવાસી જીર્ણ શ્રેષ્ઠીએ પ્રભુને જોઇ વિજ્ઞપ્તિ કરીકે,"હે પ્રભુ! આજે પારણા માટે ઘરે લાભ દેવા પધારજો." એમ કહી શ્રેષ્ઠી પોતાના ઘેર ગયા. ભોજન સમયે તેણે ઘણીવાર સુધી પ્રભુની રાહ જોઇ, પણ પ્રભુ તો આવ્યા નહિ."ત્યારે બીજે દિવસે 'આજે છઠ્ઠનું પારણું હશે.' એમ ધારી પ્રભુ પાસે જઇ બોલ્યા કે,"હે કૃપાસાગર સ્વામી! આજે મારા ઘરને અને મને પવિત્ર કરવા પધારજો." તે વખતે સ્વામી તો મૌન ધારીને જ રહ્યા. એ રીતે જીર્ણ શ્રેષ્ઠી હમેશાં આવીને વિનંતિ કરતા. તેમ કરતા ચાર્તુમાસ પૂર્ણ થયું. ત્યારે ચાર્તુમાસને અંતે તેણે વિચાર કર્યો કે અવશ્ય આજે જિનેશ્વરને પારણાનો દિવસ હોવો જોઇએ. પ્રભુને કહ્યું કે,"દુર્વાર સંસારરૂપી વ્યાધિને દૂર કરવામાં ધન્વંતરી વૈદ સમાન હે સ્વામી! કૃપા દૃષ્ટિથી મારા સામે જોઇને આજે તો જરૂરથી પધારજો." એમ કહીને તે પોતાને ઘેર ગયો. મધ્યાહ્નના સમયે હાથમાં મોતીનો થાળ લઇ પ્રભુને વધાવવા માટે ઘરના દ્વારના પાસે ઉભા રહી વિચાર કરવા લાગ્યો કે આજ વિશ્વબંધુ ભગવાન અહીં પધારશે, તેમને હું પરિવાર સહિત વંદના કરીશ, પછી પ્રભુને હું ઘરમાં પધરાવીશ, પછી શ્રેષ્ઠ ભોજન અને જળ વડે હું તેમને પ્રતિલાભીશ અને બાકી રહેલું અન્ન હું ખાઇશ. ઇત્યાદિ મનોરથની શ્રેણિ પર આરૂઢ થઇને તેણે બારમા દેવલોકને યોગ્ય એવું પુણ્ય ઉપાર્જન

કર્યું. તેવામાં શ્રી ભગવાન અભિનવ નામના શ્રેષ્ઠીને ઘેર ભિક્ષા માટે પધાર્યા. તે શ્રેષ્ઠીને ઘેર સમય થઈ જવાથી સૌ જમી રહ્યા હતા, તેથી કાંઈ અન્ન નહિ હોવાથી થોડા બાકી રહેલા અડદના બાકળા તેણે વહોરાવ્યા. તે દાનના પ્રભાવથી ત્યાં પંચ દિવ્ય પ્રગટ થયા. તે વખતે દેવ દુન્દુભિનો શબ્દ સાંભળીને જીર્ણ શ્રેષ્ઠીએ વિચાર કર્યો કે,"મને ધિક્કાર છે. હું અધન્ય છું કે જેથી મારે ઘેર પ્રભુ પધાર્યા નહિ." એમ વિચારતા ધ્યાનનો ભંગ થયો. અન્યદા તે ગામમાં કોઈ જ્ઞાની મુનિ પધાર્યા. તેમની પાસે જઈને રાજાએ કહ્યું કે,"હે પૂજ્ય! મારું નગર ધન્ય છે કે જ્યાં શ્રી મહાવીર પ્રભુને પારણું કરાવનાર ભાગ્યશાળી અભિનવ શ્રેષ્ઠી વસે છે." તે સાંભળી તે મુનિ બોલ્યા કે,"હે રાજન! એમ ન બોલો. જો કે તે અભિનવ શ્રેષ્ઠીએ પ્રભુની દ્રવ્યભક્તિ કરી છે. પરંતુ ભાવભકિત તો જીર્ણશ્રેષ્ઠીએ જ કરી છે. માટે ખરો પુણ્યવાન તો જીર્ણશ્રેષ્ઠી છે. જો જીર્ણ શ્રેષ્ઠીએ તે સમયે ભાવના ભાવતાં દેવદુંદુભિનો શબ્દ સાંભળ્યો ન હોત, તો તે જ વખતે તેને ઉજ્જવળ એવું કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હોત." આ પ્રમાણે ગુરુનું વાકય સાંભળીને રાજા વગેરે લોકો દેવ-ગુરુની ભક્તિને વિષે વિશેષ આદરવંત થઈ પોતાને સ્થાને ગયા.

"શ્રી પ્રભુને વિષે ભક્તિયુક્ત ચિત્તવાળા જીર્ણશ્રેષ્ઠી બારમા સ્વર્ગનું સુખ ભોગવીને શિવપદને પામશે."[૧૪૧]

## સમકિતનું ચોથું ભૂષણઃ- ધર્મદઢતા

સમકિતની એવી ખુમારી કે મને કોઈ સમ્યક્ત્વથી ચલિત કરી શકે નહિ. એ એના ભૂષણ સમાન છે. પોતાની આપત્તિ ટાળવા, જૈન દેવ-ગુરુ-ધર્મમાં બીજાએ બતાવેલી ખામી જોઈ કે અન્ય દેવ-ગુરુ-ધર્મથી મળી શકનારા લૌકિક કે પરલૌકિક લાભના આકર્ષણથી પોતે સમ્યક્ત્વથી ચલાયમાન થવું નહિ. પણ જૈન દેવ-ગુરુ-ધર્મ પ્રતિ અવિચળ શ્રધ્ધા રાખવી અને બતાવવી એ સમ્યક્ત્વનું ભૂષણ છે. શ્રેણિક રાજાને દેવે ગર્ભવતી સાધ્વી બતાવી. છતાં શ્રેણિકને એ સાધ્વી પર દુર્ભાવ પણ થયો નહિ ને પ્રભુ વીરની છત્રીશ હજાર સાધ્વીઓ પ્રત્યે પણ શંકા જન્મી નહિ. આ અચળપણું છે.[૧૪૨]

## ધર્મ દઢતામાં સુલસા (ચરિત્ર) કથા

રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. તે સમયે તે નગરમાં નાગસારથિ નામે એક શ્રાવક રહેતો હતો. તેને સુલસા નામની પત્ની હતી. તે સુલસા શીલાદિક ગુણોથી યુક્ત પરંતુ તેને દેવયોગે કાંઈપણ સંતાન થયું ન હતું. એકદા બીજાના પુત્રને જોઈને નાગસારથિ શોકાતુર થયો. તે જોઈને સુલસાએ કહ્યું કે,"હે

સ્વામી! તમે ખેદ ન કરો. આપણો મનોરથ ધર્મના આરાધનથી ફળીભૂત થશે.'' એ રીતે પતિને આશ્વાસન આપી નિરંતર જિનેશ્વરની ત્રિકાળ પૂજા કરવા લાગી. બ્રહ્મચર્ય પાળવા લાગી અને હંમેશા આંબિલ કરવા લાગી. એકદા ઈન્દ્રે પોતાની સભામાં સુલસાના સત્ત્વની શ્લાઘા કરી. તે સાંભળીને હરિણૈગમેષી તેની પરીક્ષા કરવા માટે બે સાધુનું રૂપ ધારણ કરી સુલસા પાસે આવીને સાધુના ઔષધ માટે લક્ષપાક તેલનો ખપ છે. માટે તે આપો. તે સાંભળી હર્ષ પામેલી સુલસા ઘરમાં જઈ લક્ષપાક તેલનો સીસો લાવીને વહોરાવવા જાય છે, તેટલામાં તે દેવ દૈવીશક્તિથી તેના હાથમાં રહેલો સીસો પૃથ્વી પર પાડી ફોડી નાંખ્યો. સુલસા ફરી લેવા ગઈ. ફરીથી ફોડ્યો આ રીતે સાત વાર બન્યું. તો પણ તેનો ભાવ ખંડિત થયો નહિ. તેથી પ્રસન્ન થયેલા દેવે મૂળરૂપમાં આવી, વરદાન માંગવા કહ્યું. ત્યારે સુલસાએ પુત્રની માંગણી કરી. તેથી દેવે હર્ષથી બત્રીશ ગુટિકા આપી અને કહ્યું કે એક-એક ગોળી ખાવી જેથી એક-એક પુત્ર થશે. પછી દેવ સ્વર્ગે ગયા. પછી સુલસા ઋતુ સ્નાતા થઈ ત્યારે તેણે વિચાર કર્યો કે,'' આ ગુટિકા એક-એક ખાવાથી બત્રીશ વખત ગર્ભનાં તથા પ્રસૂતિનાં દુઃખ સહન કરવાં એના કરતાં એક સાથે બત્રીશ ગુટિકા ખાઈ જાઉં તો બત્રીશ લક્ષણો એક જ પુત્ર થશે. એમ ધારી ગુટિકાઓ ખાઈ ગઈ. તેથી એક સાથે બત્રીશ ગર્ભ રહ્યા. તે ગર્ભોના અત્યંત ભારને લીધે સુલસાને બહુ વ્યથા થવા લાગી, એટલે તેણે કાર્યોત્સર્ગ કરી દેવનું સ્મરણ કર્યું. તરત જ દેવ પ્રસન્ન થઈ તેની વ્યથા દૂર કરીને બોલ્યાં કે, ''હે સુલસા! તેં આ અઘટિત કાર્ય કર્યું છે. કેમકે બત્રીશ ગોળી એક સાથે ખાવાથી એક સાથે બત્રીશ પુત્રો થશે. અને તેમનું આયુષ્ય સરખું હોવાથી તે સર્વે સમકાળે જ મૃત્યુ પામશે. પરંતુ ભવિતવ્યતા દુર્લંઘ્ય છે. સુલસાએ ગર્ભસ્થિતિ પૂર્ણ થયે બત્રીશ પુત્રો એક સાથે પ્રસવ્યા. નાગસારથિએ પુત્રોનો જન્મોત્સવ કર્યો. તે પુત્રો યુવાવસ્થાને પામ્યા ત્યારે તેને બત્રીશ કન્યાઓ પરણાવી. તે સર્વે શ્રેણિક રાજાના અંગરક્ષક બન્યા. એકદા શ્રેણિક રાજાનું, ચેલણાને મેળવવાની ઈચ્છાથી ચેટક રાજા સાથે યુધ્ધ થયું જેમાં સુલસાના બત્રીશ પુત્રો હણાયા. આ જાણી સુલસા તથા નાગસારથિ રુદન કરવા લાગ્યા. તે વખતે અભયકુમારે કહ્યું કે,''જૈન ધર્મના જાણકાર એવા તમારે માટે આ રીતે શોકાતુર થવું યુક્ત નથી. જીવન ક્ષણભંગુર છે.'' આ સાંભળી બન્ને શોકરહિત થયા.

એકવાર ચંપા નગરીમાં મહાવીર સ્વામીને નમીને અંબડ નામનો પરિવ્રાજક જે જૈન ધર્મ પામ્યો હતો તે રાજગૃહી નગરી તરફ ચાલ્યો. તે વખતે પ્રભુએ તેની સાથે સુલસાને ધર્મલાભ કહેવડાવ્યો. અંબડ પરિવ્રાજકે વિચાર કર્યો કે, સુલસાની ધર્મ માટેની સ્થિરતા કેવી છે. તેની પરીક્ષા કરું. એમ વિચારીને નગરની પૂર્વદિશાના દરવાજા બહાર વૈક્રિયલબ્ધિથી ચાર મુખવાળા બ્રહ્માનું રૂપ લીધું. પરંતુ જૈન ધર્મમાં દૃઢ

સુલસા ગઈ નહિ. પછી બીજે દિવસે દક્ષિણ દિશાના દરવાજા બહાર શિવનું સ્વરૂપ વિકુર્વ્યું. ત્રીજે દિવસે પશ્ચિમ દિશાના દરવાજા પાસે વિષ્ણુનું સ્વરૂપ બનાવ્યું. પણ સુલસા તો પણ ન ગઈ. પછી ઉત્તર દિશામાં સમવસરણમાં પ્રભુનું સ્વરૂપ કર્યું. અને કોઈ માણસ બોલાવવા ગયો કે, પ્રભુ પધાર્યા છે. તો તમે કેમ નથી આવતા. ત્યારે કહ્યું કે, "તે જિનેશ્વર નથી પણ કોઈ પાંખડી પચ્ચીશમા તીર્થંકરનું નામ ધારણ કરીને લોકોને છેતરે છે." આ રીતે સુલસા લવલેશ પણ ધર્મથી ચલિત થઈ નહિ. પછી પરિવ્રાજક શ્રાવકનો વેષ ધારણ કરી સુલસાને ઘેર ગયો. એટલે સુલસાએ તેનો સારી રીતે સત્કાર કર્યો. પણ તેણે કહ્યું કે,"હે સુલસા! તમે પુણ્યશાળી છો. કેમકે પ્રભુએ તમને ધર્મલાભ કહેવડાવ્યો છે." આ પ્રમાણે હર્ષિત થયેલી તે પ્રભુની સ્તુતિ કરવા લાગી. સુલસાની પ્રશંસા કરી પરિવ્રાજક પોતાને સ્થાને ગયો. શીલગુણથી શોભતી સુલસા શુધ્ધધર્મનું આરાધન કરીને સ્વર્ગે ગઈ. ત્યાંથી ચ્યવીને આ ભરતક્ષેત્રને વિષે આવતી ચોવીશીમાં નિર્મમ નામના પંદરમા તીર્થંકર થઈ મોક્ષે જશે.

શ્રી વર્ધમાન સ્વામીના મુખ થકી સ્થિરતા, ઉદારતા અને મહાર્થતાથી ભરેલું, ત્રણ જગતને આશ્ચર્ય કરનારું આ નિર્મળ સુલસાનું ચરિત્ર સાંભળીને હે ભવ્ય પ્રાણીઓ! તમે પણ આ શ્રેષ્ઠ ધર્મને વિષે સ્થિરતા રાખો. કે જેથી સમકિત વડે વિભૂષિત થયેલા તમે મુક્તિના પરમસુખને પામો."[૧૪૩]

## સમકિતનું પાંચમું ભૂષણઃ- પ્રભાવના

**સમ્યક્ત્વ સપ્તતિમાં હરિભદ્રસૂરિ પ્રભાવના વિશે જણાવતાં કહે છે કે,**

"प्रभाव णुस्सप्पणा करणं।" જિનશાસનની ઉન્નતિ કરવી એ પ્રભાવના છે. આઠે પ્રભાવકોનું કર્તવ્ય શાસનની પ્રભાવના કરવાનું છે. શાસન પ્રભાવના સ્વ-પર ઉપકારી અને તીર્થંકર નામકર્મનું કારણ છે. સમકિતમાં તેની પ્રધાનતા જણાવવા માટે પુનઃભૂષણ દ્વારા પણ પ્રભાવના ગણી છે.

**ધર્મદાસ ગણિ જણાવે છે કે,**

सयलमवि जीवलोए, तेण घोसिए अमाओ
इक्कं पि जो दुहत्त, सतं बोहेइ जिणवयणे।।
सम्मतदायगाणं दुप्पडिआरे भवेसु बहुएसु।
सव्वगुण मेलिआहिं वि उवयारसहस्सकोडीहिं।।

અર્થઃ- કોઈ દુઃખથી પીડાતા જીવને જે ભવ્યાત્મા પ્રતિબોધિત કરે છે, તે જીવે સમસ્ત લોકમાં અમારિઘોષણા કરવાનું કાર્ય કર્યું કહેવાય. તે પ્રતિબોધિત જીવ પૂર્ણ

અહિંસક બની, સમસ્ત જીવોને અભયદાન આપે છે. કરોડો ભવોમાં પણ તે સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવનાર ગુરુના ઉપકારનો બદલો વાળવો કઠીન છે.[144]

સંપ્રતિ મહારાજ, અકબરરાજા, વસ્તુપાલ, તેજપાલ આદિ અનેક મહાન પુરુષોએ, ધર્મના અનેક કાર્યો જેમકે દાન, તપ, શીલવ્રત, અંગીકાર કરવા, પાઠશાળા, વિદ્યાલય, સરસ્વતી ભવનની સ્થાપના, ધાર્મિક મહોત્સવ દ્વારા જિનશાસનની પ્રસિધ્ધિ કરવી તે પ્રભાવના નામનું પાંચમું ભૂષણ છે. જેના દ્વારા સમ્યક્ત્વ દીપી ઉઠે છે. ઉપદેશપ્રસાદમાં પ્રભાવનાના ભૂષણમાં દેવપાળ રાજાના પ્રબંધની કથા વર્ણવી છે.

## -:દેવપાળ રાજાની કથા:-

અચલપુરમાં સિંહ નામે રાજા રાજ્ય કરતો હતા. તે નગરમાં જિનદત્ત નામે એક શ્રેષ્ઠી તેને દેવપાળ નામનો એક ચાકર હતો. તે હંમેશા વનમાં ગાયો ચરાવવા જતો હતો. એકવાર વર્ષાઋતુમાં દેવપાળે નદીના કાંઠા પર શ્રી યુગાદિ જિનેશ્વરનું બિંબ જોયું. તે જોઇને તેણે નાની ઝૂંપડી કરી તેમાં તે બિંબ પધરાવી પુષ્પાદિકથી પૂજા કરી નિયમ ગ્રહણ કર્યો કે પ્રભુ પૂજા વિના મારે ભોજન કરવું નહિ. એવો નિયમ લઇ તે પોતાને સ્થાને ગયો. પછી એકદા ઘણી વૃષ્ટિને લીધે નદીમાં પૂર આવ્યું. તેથી તે કાંઠે જઇ શક્યો નહિ. તેથી પ્રભુનાં દર્શન ન થવાથી સાત દિવસ વીતી ગયા, તો પણ નદીનું પૂર ઉતર્યું નહિ. તેથી તે સાત દિવસ સુધી ભોજન રહિત જ રહ્યો. આઠમે દિવસે પૂર ઉતર્યું ત્યારે પર્ણકૂટિમાં આદિનાથની પૂજા કરવા ગયો. અને પ્રભુને કહે કે, તારા દર્શન વિના મારા સાત દિવસ નિષ્ફળ ગયા. તે વખતે તેના સત્ત્વ અને ભક્તિથી પ્રસન્ન થઇ શાસનદેવે વરદાન માંગવાનું કહ્યું. તેથી તેણે રાજ્ય માંગ્યું. દેવે કહ્યું, સાતમે દિવસે તને અવશ્ય ફળશે. કહી દેવ અદ્રશ્ય થઇ ગયા. સાતમે દિવસે ગામનો અપુત્રિયો રાજા મરણ પામ્યો. તેથી પ્રધાન વગેરેએ પંચદિવ્ય પ્રકટ કર્યા. તે ફરતાં ફરતાં અરણ્યમાં દેવપાળ ઢોર ચારતો હતો ત્યાં હાથણીએ દેવપાળ પર કળશ ઢોળ્યો. તેથી તેને રાજગાદી પર બેસાડ્યો અને રાજ્યાભિષેક કરી રાજા બનાવ્યો. પરંતુ તે પ્રથમ ચાકર હતો તેથી કોઇ તેની આજ્ઞા માનતું ન હતું. તેથી તેણે દેવનું સ્મરણ કર્યું. તેથી તે પ્રગટ થયા એટલે તેણે કહ્યું કે કોઇ મારી આજ્ઞા માનતું નથી દેવે કહ્યું કે તું માટીનો મોટો હાથી કરાવ તેની પર બેસીને તારે ફરવું સૌ કોઇ તારી આજ્ઞા માનશે. તેથી તેણે માટીનો હાથી બનાવ્યો અને દિવ્ય પ્રભાવથી ગંધહસ્તી હાથીની જેમ માર્ગે ચાલવા લાગ્યો. તે જોઇ સર્વે આશ્ચર્ય પામી આજ્ઞા માનવા લાગ્યા. પછી તે દેવપાળ રાજાએ પોતાના પૂર્વના શ્રેષ્ઠિને પ્રધાનપદ આપ્યું. અને સિંહરાજાની પુત્રી સાથે લગ્ન કરી ભોગસુખ ભોગવવા લાગ્યો. એકવાર રાજારાણી મહેલના ઝરૂખામાં ઉભા હતા.

તેવામાં વૃધ્ધ પુરુષ કાષ્ઠનો ભાર લઇ મહેલ પાસેથી નીકળતો હતો તે જોઈને રાણી મૂર્છા પામી. રાજાએ શીત ઉપચાર કરી તેને સજ્જ કરી. તે રાણીએ વૃધ્ધને મહેલમાં બોલાવી અને પોતાનું વૃતાંત કહી સંભળાવ્યું કે, હે સ્વામી! હું પૂર્વભવે આ પુરુષની સ્ત્રી હતી તે વખતે તમે જે બિંબની પૂજા કરો છો તે જ બિંબની મેં પૂજા કરી હતી. તે પૂજાના પ્રભાવથી આ ભવે હું રાજપુત્રી થઇને આપની રાણી થઇ છું. પૂર્વે ભવે મેં આ પુરુષને ઘણું કહ્યું હતું પણ તેણે બિલકુલ ધર્મ અંગીકાર કર્યો નહિ. તેથી હજુ આવી અવસ્થા ભોગવે છે. આ સાંભળી વૃધ્ધ ધર્મનો કંઇક રાગી થયો.

દેવપાળ રાજાએ અનુક્રમે પરમાત્માની પૂજા પ્રભાવના કરીને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું અને પ્રાંતે પ્રવજ્યા ગ્રહણ કરીને સ્વર્ગે ગયો. જિનેશ્વરની પૂજાના પ્રભાવથી દેવપાળે અક્ષય સુખને પ્રાપ્ત કર્યું. આ રીતે અન્ય ભવ્યજીવોએ જિનધર્મની પ્રભાવના કરવી.[૧૪૫]

## અધિકાર (આઠમો) ૮

### -: પાંચ લક્ષણો :-

લક્ષણ પાંચ કહ્યાં સમકિત તણો રે. ધુર ઉપશમ અનુકૂળ, સુગુણ નર!
અપરાધીશું પણ નવિ ચિત્ત થકી, ચિંતવીએ પ્રતિકુળ. સુગુણ નર!
શ્રી જિન-ભાષિત વચન વિચારિયે ...(૪૧)

સુર-નર સુખ જે દુઃખ કરી લેખવે, વંચ્છે શિવ-સુખ એક, સુગુણ નર!
બીજું લક્ષણ તે અંગી કરે, સાર સંવેગશું ટેક. સુગુણ નર!
શ્રી જિન-ભાષિત વચન વિચારિયે ...(૪૨)

નારક-ચારક-સમ-ભવ ઉભગ્યો, તારક જાણીને ધર્મ, સુગુણ નર!
ચાહે નિકળવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ સુગુણ નર!
શ્રી જિન-ભાષિત વચન વિચારિયે ...(૪૩)

દ્રવ્ય થકી દુઃખિયાની જે દયા, ધર્મ-હીણાની રે ભાવ, સુગુણ નર!
ચોથું લક્ષણ અનુકંપા કહી. નિજ-શક્તે મન લાવ. સુગુણ નર!
શ્રી જિન-ભાષિત વચન વિચારિયે ...(૪૪)

''જે જિન ભાખ્યું, તે નહિ અન્યથા, એવો જે દઢ રંગ, સુગુણ નર!
તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો ભંગ. સુગુણ નર!
શ્રી જિન-ભાષિત વચન વિચારિયે ...(૪૫)

## -:ગાથાર્થ:-

શાસ્ત્રમાં સમકિતના પાંચ લક્ષણ કહ્યાં છે. તેમાં પહેલું લક્ષણ **ઉપશમ** શાંત-ચિત્ત પણ સમકિતને બંધ બેસતું છે. તે ગુણથી પોતાને નુકશાન કરનારનું યે પોતાના મનમાંયે પણ બુરુ (પ્રતિકુળ કરવાનું) મન ન થાય. (૪૧)

દેવલોકના અને મનુષ્યોના ભોગ સુખોને જે દુ:ખમય માને, અને માત્ર મોક્ષની જ ઈચ્છા રાખે. એમ કરીને જે ઉત્તમ પ્રકારના વૈરાગ્યમાં દઢ હોય છે તે બીજું **સંવેગ** નામનું લક્ષણ સ્વીકારે છે એમ સમજવું. (૪૨)

એકલો ધર્મ જ સંસારથી તારનારો છે. એમ બરાબર સમજીને નારકી અને કેદખાના જેવા સંસારથી કંટાળીને તેમાંથી ભાગી જવા ઈચ્છે તે **નિર્વેદ** નામે મહત્ત્વનું ત્રીજું લક્ષણ છે. (૪૩)

બાહ્ય-દષ્ટિથી-દુ:ખીની જે દયા: અને ભાવથી-ધર્મ રહિતની જે દયા: તે **અનુકંપા:** નામે ચોથું લક્ષણ કહ્યું છે. પોતાની શક્તિ પ્રમાણે અનુકંપા મનમાં રાખવી જ. (૪૪)

જે જિનેશ્વર પ્રભુએ જે ઉપદેશ્યું, તે જરા પણ ખોટું નથી. પણ પૂરે પૂરું સાચું છે. ''એવો મનમાં દઢ વિશ્વાસ, તેનું નામ **આસ્તિકતા** નામે પાંચમું લક્ષણ છે. એ ગુણ દુર્બુધ્ધિનો- મિથ્યાત્વનો નાશ કરે છે. (૪૫)

શ્રી જિનેશ્વર દેવના આ વચનોનો તો જરાક તો વિચાર કરો! કેટલા અદભુત છે! (૧૪૬)

**'સમ્યક્ત્વ સપ્તતિ 'માં પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજી મ.સા કહે છે કે,**

लक्खिज्जई सम्मतं हिययगयं जेहि ताइं पंचेव
उवसम संवेगो तह निव्वेयणुकंपे अत्थियं।।

અર્થાત:- જેના વડે હૃદયગત આત્માના શુભ અધ્યવસાય રૂપ સમ્યક્ત્વ જાણી શકાય તે લક્ષણ કહેવાય. ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ પાંચ સમ્યક્ત્વનાં લક્ષણો છે.

## -:ઉપશમ પહેલું લક્ષણ:-

शमैः शाम्यति क्रोधादीन्नपकारे महत्यपि।
लक्ष्यते तेन सम्यक्त्वं, तदाद्यं लक्षणं भवेत्।। १।।

ભાવર્થ:- "જે મોટા અપકાર કરનાર ઉપર પણ સમભાવ રાખીને ક્રોધાદિકને શાંત કરે, તેનામાં શમ નામનું પહેલું લક્ષણ કહીએ, તેનાથી સમકિત ઓળખાય છે. અર્થાત્ એવો ઉપશમ જેનામાં હોય તે સમકિતવંત જાણી શકાય છે.[૧૪૭]

ગજસુકુમાર, મેતારજ મુનિ, ખંધક ઋષિ, ઝાંઝરિયા મુનિ, ધર્મરુચિ અણગાર, સ્કન્ધકાચાર્યના પાંચસો શિષ્ય, અવંતિસુકુમાર વગેરે મહાપુરુષોના પ્રસંગો જોતા, સ્પર્શના થાય છે કે તેઓએ વિરોધીઓ તરફથી આવતા મરણાંત કષ્ટમાં પણ ઉપશમ ભાવ રાખ્યો હતો.

**વિંશતિ વિશિંકામાં પૂર્વાચાર્ય કહે છે કે ઉપશમ બે પ્રકારે થાય છે.**

पयईएकम्माणं नाऊणं वा विवागमसुहंति
अवरद्धेऽवि न कुप्पइ उवसमओ सव्वकालंपि।। १।।

અર્થ:- સ્વાભાવિક રીતે કર્મોના અશુભ વિપાકોને જાણીને, કષાય વગેરેનો ઉપશમ થાય છે. જેમ કોઈને તાવ આવ્યો હોય અને સમય મર્યાદા પૂર્ણ થતાં ઔષધના ઉપચાર વિના સ્વભાવિક રીતે ઉતરી જાય તેમ નિસર્ગ સમકિત સ્વભાવિક થાય છે. અને ઔષધ ઉપચારથી ઉતરી જાય તે સમાન અધિગમ સમકિત સમજવું.[૧૪૮]

## -:ઉપશમ લક્ષણ પર શ્રી કૂરગડુ મુનિની કથા:-

વિશાલ નગરીમાં કોઈક આચાર્યના શિષ્ય માસક્ષમણને પારણે એક ક્ષુલ્લક સાધુની સાથે સ્થંડિલ જતા હતા. માર્ગમાં પ્રમાદને લીધે તે તપસ્વીના પગ તળે એક નાની દેડકી આવવાથી મરી ગઈ. તે જોઈને ક્ષુલ્લક સાધુ તે વખતે કાંઈ પણ ન બોલતાં મૌન રહ્યા. પ્રતિક્રમણ વખતે તે તપસ્વીએ તે પાપની આલોયણા લીધી નહિ, ત્યારે તેને ક્ષુલ્લક સાધુએ યાદ અપાવ્યું કે તપસ્વી તમે પેલું પાપ ત્રિકરણ શુદ્ધિપૂર્વક કેમ આલોચતા નથી? તે સાંભળીને તે તપસ્વીએ વિચાર્યું કે "આ દુષ્ટ બુદ્ધિવાળો ક્ષુલ્લક સાધુ સર્વ સાધુ સમક્ષ મારું વગોણું કરે છે માટે તેને હું હણું એમ વિચારીને તે તપસ્વી મુનિ તેને મારવા દોડ્યા. ક્રોધથી અંધ થયેલા તે તપસ્વીને વચમાં થાંભલો આવવાથી તેની સાથે તે જોરથી અથડાયા, એટલે તરતજ મૂર્છા ખાઈને મૃત્યુ પામ્યા. મરીને જ્યોતિષી દેવતા થયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થયે, દેવતાધિષ્ઠિત સર્પ થયા. સર્પના કુળમાં બીજા સર્વે સર્પો પૂર્વભવમાં પાપની આલોચના નહિ કરવાથી જ ઉત્પન્ન થયેલા હતા. જાતિસ્મરણ ઉત્પન્ન થવાથી આહાર શુદ્ધિ કરતા હતા. તેમને જોઈને નવા સર્પને પણ પૂર્વે મુનિના ભવમાં કરેલી આહાર ગવેષણાને સંભારતાં જાતિ સ્મરણ ઉત્પન્ન થયું. "મારી દૃષ્ટિથી કોઈ પણ જીવોનો

નાશ ન થાઓ'' એમ વિચારીને તે સર્પ આખો દિવસ બિલમાં જ મુખ રાખીને રહેતો હતો, અને રાત્રે પ્રાસુક વાયુનું જ ભક્ષણ કરતો હતો.

એકદા કુંભ નામના રાજાનો યુવાન પુત્ર સર્પદંશથી મૃત્યુ પામ્યો. તેથી તે રાજા સર્વ સર્પ જાતિ પર ક્રોધ ઉત્પન્ન થવાથી સર્પ માત્રને મરાવવા લાગ્યો. જે કોઇ માણસ જેટલા સર્પને મારીને લાવે. તેને રાજા તેટલા દીનાર(મહોર) આપશે એમ તેણે જાહેર કર્યું. એકદા કોઇ મનુષ્ય તે દ્રષ્ટિવિષ સર્પના બિલ પાસે આવી સર્પ વિદ્યાનો મંત્ર ભણવા લાગ્યો. તેથી તે સર્પ બિલમાં રહી શક્યો નહિ. તેણે વિચાર કર્યો કે,''મને જોઇને અન્ય જીવોનો નાશ ન થાઓ'' એમ વિચારી તેણે પોતાનું મુખ બિલમાં જ રાખી પૂંછડી બહાર કાઢ્યું. તે પૂછડું હિંસકોએ છેદ્યું. સર્પના આખા શરીરના કકડા કરી નાંખ્યાં. તે વખતે તે સર્પ વિચારવા લાગ્યો કે,''હે ચેતન! આ દેહના કકડા થવાને વિષે તારા દુષ્કર્મના જ કકડા થાય છે. માટે હે જીવ! પરિણામે હિતકારક એવી આ વ્યથાને તું સમતાપૂર્વક સહન કર.''

એમ શુભ ધ્યાન ધ્યાતા તે સર્પ મરણ પામીને તે જ કુંભરાજાની રાણીની કુક્ષિમાં અવતર્યો.

નાગદેવતાએ રાજાને સ્વપ્નમાં આવી ને કહ્યું કે હવેથી તું સર્પનો ઘાત કરીશ નહિ, તને પુત્ર થશે. અનુક્રમે સમય પૂર્ણ થતાં રાણીએ પુત્ર પ્રસવ્યો. રાજાએ સ્વપ્નને અનુસારે તેનું નાગદત્ત એવુ નામ પાડ્યું. તે કુમાર અનુક્રમે યુવાવસ્થા પામ્યો. ત્યારે એક વખત તે મહેલની બારીમાં ઉભો હતો, તે વખતે ત્યાંથી એક મુનિને જતા જોઇને તેને જાતિ સ્મરણ ઉત્પન્ન થયું. તેથી વૈરાગ્ય પામીને તે કુમારે મહાપ્રયત્નથી માતા-પિતાની આજ્ઞા લઇ સુગુરુની સમીપ દીક્ષા ગ્રહણ કરી.

તે સાધુ તિર્યંચ યોનિમાંથી આવેલા હતા તેથી તેમજ ક્ષુધાવેદનીયનો ઉદય થવાથી પોરિસીનું પણ પ્રત્યાખ્યાન કરી શકતા નહિ. તેથી તેને ગુરુએ કહ્યું કે ''હે વત્સ! તું માત્ર એક ક્ષમાનું જ પરિપૂર્ણપણે પાલન કર. તેમ કરવાથી તું સર્વ તપનું ફળ પામીશ.'' તે સાંભળીને તે ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તવા લાગ્યા. તે સાધુ હંમેશા પ્રાતઃકાળ થતા જ એક ગડુક (નાનું વાસણ) પ્રમાણ કૂર(ચોખા) લાવીને વાપરતા હતા. ત્યારે જ તેને કાંઇક શાંતિ થતી હતી. તેથી લોકમાં તેનું કૂરગડુ એવું નામ પડ્યું.

તે ગચ્છમાં ચાર તપસ્વી સાધુઓ હતા. તેમાં પહેલા સાધુ માસોપવાસી હતા, બીજા બે માસના ઉપવાસી હતા, ત્રીજા ત્રણ માસના ઉપવાસી હતા. અને ચોથા ચાર માસના ઉપવાસી હતા. તે ચારે તપસ્વીઓ કૂરગડુ મુનિને નિત્ય ભોજી કહીને તેની નિંદા કરતા હતા. એકદા શાસનદેવીએ ત્યાં આવી કૂરગડુ મુનિને વંદના કરી તથા અનેક પ્રકારે તેની પ્રંશસા કરી. પછી સર્વ સાધુઓ સમક્ષ કહ્યું કે ''આ ગચ્છમાં

આજથી સાતમે દિવસે પ્રથમ એક મુનિને કેવળજ્ઞાન થશે.'' તે સાંભળીને પેલા ચારે તપસ્વીઓ બોલ્યા કે હે દેવી! અમારો અનાદર કરીને તેં આ કૂરગડુક સાધુને કેમ વંદના કરી? ત્યારે દેવી બોલી કે, હું ભાવ તપસ્વીને વાંદું છું. એમ કહીને તે દેવી પોતાને સ્થાને ગઇ. સાતમે દિવસે કૂરગડુ મુનિએ શુદ્ધ આહાર લાવીને ગુરુને તથા પેલા તપસ્વીઓને દેખાડ્યો. તે વખતે પેલા તપસ્વીઓના મુખમાં શ્લેષ્મ(બળખો) આવ્યો હતો. તે તેમણે ક્રોધથી તે આહારમાં નાંખ્યો. તે જોઈ કૂરગડુએ વિચાર કર્યો કે, ''મને પ્રમાદીને ધિક્કાર છે. હું નિરંતર અલ્પ પણ તપસ્યાથી રહિત છું. તેમજ આ તપસ્વીઓની વૈયાવચ્ચ પણ હું કરી શકતો નથી.'' ઇત્યાદિ આત્મનિંદા કરતા અને નિ:શંક પણે દુગંચ્છા રહિતપણે તે આહાર વાપરતાં શુક્લધ્યાનમાં આરૂઢ થયેલા તે મુનિને કેવળજ્ઞાન પ્રગટ થયું. તે વખતે દેવોએ તેનો મહિમા કર્યો. એ જોઇને પેલા ચારે તપસ્વીઓ એ વિચાર કર્યો,''અહો! આ મુનિ જ ખરેખરા ભાવ તપસ્વી છે આપણે તો દ્રવ્ય તપસ્વી છીએ.'' એમ વિચારીને તે ચારે તપસ્વીઓએ તે કેવળીને ખમાવ્યા. તે વખતે મન, વચન અને કાયાની શુધ્ધિથી ખમાવતાં તે ચારેને પણ સમકાળે કેવળજ્ઞાન પ્રગટ થયું. અનુક્રમે તે પાંચે કેવળી મોક્ષપદને પામ્યા.

''શાંતિ, ક્ષમા, ક્ષાંતિ, શમ વગેરે નામથી આ ગુણને સૂત્રને વિષે સમકિતના પ્રથમ લક્ષણ તરીકે વર્ણવેલું છે. તે શમગુણ ધર્મને વિષે પ્રથમ છે, અને છેલ્લા જ્ઞાનને આપનાર છે, માટે હે ભવ્ય જીવો! તમે સમતા ગુણને ધારણ કરો.''[૧૪૯]

## સમકિતનું બીજુ લક્ષણ- સંવેગ

સંવેગનો અર્થ અહીં પરમપદ-મોક્ષનો અભિલાષ ઇષ્ટ છે. હિતોપદેશમાળામાં પણ એવો અર્થ જોવા મળે છે.

**શ્રી હરિભદ્રસૂરિજી મ.સા સમ્યક્ત્વ સપ્તતિમાં કહે છે કે,**

संवेगो मुक्खं परं अहिलासो भवविरागो ऊ।

અર્થ:-મોક્ષ પ્રાપ્તિની તીવ્ર અભિલાષા અને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય તે સંવેગ છે.

**દ્વાત્રિંશદ્-દ્વાત્રિશિંકામાં કહ્યું છે કે,**

तप्तलोहपदन्यास तुल्या वृत्तिःक्वचिद्यदि
इत्युक्तेः कायपात्येव चित्तपाती न स स्मृतः।।

અર્થ:- તપ્તલોહ પદન્યાસ સમાન સમકિતી જીવ કદાચ આરંભાદિ પ્રવૃત્તિ કરે છે આથી શાસ્ત્રોક્તિથી સિધ્ધ થાય છે કે સમકિતી કાયપાતી જ હોય ચિત્તપાતી ન

હોય.

ઉતરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાં સંવેગના ફળ સ્વરૂપે અનુક્રમે મોક્ષ પ્રાપ્ત થાય છે. એવો ઉલ્લેખ જ્ઞાની ભગવંતોએ કર્યો છે.

સૂરિ પુરંદર હરિભદ્રસૂરિ મહારાજે વિંશિકા પ્રકરણમાં આત્માના આનંદની ક્ષણ આગળ દેવ-મનુષ્યના ત્રૈકાલિક આનંદને પણ અનંતમા ભાગે બતાવ્યો છે.

શાલીભદ્રને દેવલોક જેવું સુખ હતું અને જ્યાં સાંભળ્યું શ્રેણિક મહારાજા આપણા સ્વામી છે. ત્યાં જ આ તમામ સુખ પરથી મોહ ઉતરી ગયો અને વૈરાગી થઇ દીક્ષા લીધી. આ છે સંવેગ.

સંસાર એ પાપનું ઘર છે. સંસાર એ દુઃખનું ઘર છે. માટે સંસાર ન જ જોઇએ. કોઇપણ જીવને દુઃખ આપીને મારે સુખ જોઇતું નથી. મોક્ષમાં જ એવું છે કે કોઇપણ જીવને દુઃખ આપ્યા વગર સુખ મેળવી શકાય. માટે મોક્ષની તીવ્ર અભિલાષા તે સંવેગ છે.

''दुःखत्वेनानुमन्वानः सुरादिविषयं सुखम्।
मोक्षाभिलाषः संवेगाञ्चितो हि दर्शनी भवेत्।।'' ।। १।।

ભાવાર્થ:- ''જે પુરુષ દેવાદિકના સુખને દુઃખ માને અને મોક્ષની ઇચ્છા હોય તે પણ સંવેગ સહિત હોય તે સમકિતવાન કહેવાય છે.'' સંવેગ એટલે બીજી કોઇપણ પ્રકારની ઇચ્છા નહિ. એવો જીવ સાંસારિક સુખાભાસને દુઃખરૂપ માને છે. અને એક માત્ર મોક્ષ મેળવવાની જ ઇચ્છા રાખે છે.[૧૫૦]

## -:સંવેગ પર અનાથી મુનિની કથા:-

રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. તે નગરની બહાર ઉપવનમાં રાજાએ એક મુનિને સમાધિમાં તત્પર જોયા. તેમનું શરીર કોમળ, સૌમ્યતા વગેરે જોઇ રાજા આશ્ચર્ય પામ્યા. ધ્યાનમાં તત્પર મુનિના ચરણકમળમાં પ્રણામ કરી તેમનું ધ્યાન પૂર્ણ થયે રાજા એ પુછ્યું,''આવી યુવાવસ્થામાં તમે આવું દુષ્કર વ્રત કેમ ગ્રહણ કર્યું?'' ત્યારે મુનિએ કહ્યું કે, હું અનાથ છું. તેથી હાસ્ય કરતા શ્રેણિક રાજાએ કહ્યું કે હું તમારો નાથ થવા તૈયાર છું. આ સાંભળીને મુનિ બોલ્યા કે, તમે પોતે જ અનાથ છો તો મારા નાથ શી રીતે થઇ શકશો? આ પ્રમાણેનું વાક્ય સાંભળી રાજા બોલ્યા કે, આ પ્રમાણે તમારે કહેવું યોગ્ય નથી. ત્યારે મુનિએ કહ્યું કે, ''અનાથ અને સનાથનો મર્મ તમે જાણતા નથી માટે તે વિષે હું તમને મારા દ્રષ્ટાંતથી સમજાવું છું.'' કોશાંબી નગરીમાં મહીપાલ રાજાનો હું પુત્ર, મને બાલ્યાવસ્થામાં જ નેત્રની પીડા થઇ. અને

આખા શરીરમાં દાહજ્વર પેદા થયો. મારી પીડા દુર કરવા મારા પિતાએ સર્વસ્વ આપી દેવાનું કબુલ કર્યું. પરંતુ તે પણ મને દુ:ખથી મુક્ત કરી શક્યા નહિ. માટે હું અનાથ છું. મારો આખો પરિવાર રુદન કરતો હતો. ત્યારપછી મેં વિચાર કર્યો કે, ''અનાદિ સંસારમાં જો આના કરતાં પણ અધિક વેદનાઓ અનેક વખત સહન કરી હશે, પણ આજે આટલી વેદના પણ હું સહન કરી શકતો નથી. તો આગામી કાળે અનાદિ સંસારમાં હું આવી વેદના કેમ સહન કરી શકીશ? માટે જો હું ક્ષણવાર પણ આ વેદનામાંથી મુક્ત થાઉં તો પ્રવજ્યા ગ્રહણ કરું કે જેથી આગામી કાળે આવી વેદના સહન કરવી પડે નહિ. હે રાજા! આ પ્રમાણે વિચાર કરતા હું સૂઇ ગયો અને તરત જ મારી વેદના શાંત થઇ ગઇ. તેથી યોગ અને ક્ષેમનો કરનાર હોવાથી આત્મા જ નાથ છે. તેથી બધાની અનુમતિ લઇને સંયમ ગ્રહણ કર્યું.'' આ રીતે મુનિના વાકય સાંભળી શ્રેણિક રાજા ખુશ થયો. પોતાના અપરાધ માટે ક્ષમા માંગી અને પાછો અંત:પુર આવ્યો. અને મુનિ ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઇ, ઉગ્ર એવા ત્રણ દંડથી વિરામ પામી, મોહાદિકનો નાશ કરી, સંવેગના પ્રભાવથી અનુક્રમે અક્ષય સુખવાળા મોક્ષ પદને પામ્યા.[૧૫૧]

## સમકિતનું ત્રીજું લક્ષણ:- નિર્વેદ

संसारनरकागार – विवर्जनपरायणा।

प्रज्ञा चित्ते भवेद्यस्य – तन्निर्वेदकवान्नरः।। १।।

અર્થ:- ''સંસારરૂપી કારાગૃહનું વર્જન કરવામાં તત્પર એવી દઢ બુધ્ધિ જેના ચિત્તને વિષે હોય છે. તે પુરુષ નિર્વેદવાન કહેવાય છે.[૧૫૨]

निव्वेओ चागिच्छा तुरियं संसार चारय गि हस्स।

સંસારરૂપી કારાગ્રહને જલ્દીથી છોડવાની તીવ્ર ઇચ્છા તે નિર્વેદ છે.[૧૫૩]

નિર્વેદનું ફળ દર્શાવતા શાસ્ત્રકારો કહે છે કે, (૧) તે જીવ સંસારથી ખસતો જાય છે. (૨) તે સર્વ કામભોગો અને વિષયોથી છૂટો પડે છે. (૩) તે સંસાર-પરિગ્રહનો ત્યાગ કરે છે. (૪) તેની ભવ પરંપરાનો વિચ્છેદ થાય છે. (૫) તે મોક્ષમાર્ગનો પથિક બની અંતે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી રત્નત્રયીની આરાધનારૂપ સિધ્ધિમાર્ગને મેળવે છે.[૧૫૪]

ઉતરાધ્યયનસૂત્રમાં શાસ્ત્રકાર ભગવંત નિર્વેદના વિવિધ અર્થ બતાવતાં કહે છે કે,

(૧) તે સંસારી વિષય કષાયનો ત્યાગ.

(૨) સંસારથી વૈરાગ્ય
(૩) સંસાર પ્રતિ ઉદ્વિગ્નતા
(૪) સર્વ અભિલાષાનો ત્યાગ
(૫) વિવિધ ઉદયભાવોમાં સમભાવ

શાંતિનાથ ભગવાન, મહાવીર પ્રભુ, ભરત ચક્રવર્તી, સનતકુમાર ચક્રવર્તી, શાલિભદ્ર, ધન્નાઅણગાર આદિએ જગતને તુચ્છ જાણીને સંસારનો ત્યાગ કર્યો. સમ્યગ્દૃષ્ટિ જીવ અસાર તત્ત્વનો ત્યાગ કરી સારભૂત તત્ત્વોનો સંગ્રહ કરે છે.

''સંવેગને જન્મ આપતું લક્ષણ છે-નિર્વેદ જયવીયરાય સૂત્રમાં પણ પહેલી પ્રાર્થના ભવ નિર્વેદ અંગે જ છે. નિર્વેદનો અર્થ છે કંટાળો. નિર્વેદનો એક અર્થ એવો પણ થાય છે કે, પોતાને સતાવતા દોષો, પાપકાર્યો પ્રત્યે ભારોભાર તિરસ્કાર. સમરાદિત્ય કથામાં ગુણસેનથી આરંભી સમરાદિત્ય સુધીના ઉત્તરોત્તર આત્મવિકાસ પામતા નવ ભવનું સુંદર આલેખન પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મહારાજે કર્યું છે. જેમાં કથા નિર્વેદ તરફ લઈ જાય છે.[૧૫૫]

## -: હરિવાહન રાજાની કથા :-

ભોગવતી નામની નગરીમાં ઈન્દ્રદત્ત નામે રાજા તેને હરિવાહન નામે પુત્ર હતો. તે પુત્રને સુથાર અને શ્રેષ્ઠીના પુત્ર સાથે મિત્રતા હતી. આ મિત્રતા રાજાને ન ગમતા એકદા દુર્વચનથી તિરસ્કાર કર્યો. એટલે તે દુઃખ સહન ન થવાથી હરિવાહન પોતાના મિત્રોને લઈને ત્યાંથી નીકળી ગયો. ચાલતા ચાલતા મિત્રો મોટા અરણ્યમાં આવ્યા. ત્યાં મદોન્મત હાથી તેમના તરફ આવતો દીઠો તેથી સુથાર અને વણિકનો પુત્ર તો ભયથી નાસી ગયા, પણ રાજપુત્રે સિંહનાદ વડે ચેષ્ટા રહિત કરી દીધો. પછી પોતાના બન્ને મિત્રની શોધ કરતો આગળ ચાલ્યો પણ મળી શકયા નહિ. તેથી આગળ ચાલતા એક મનોહર સરોવર જોયું. સરોવરમાં સ્નાન કરી એક ઉદ્યાનમાં ગયા ત્યાં સુંદર કમળથી સુશોભિત એક વાવ દીઠી. એટલે તેમાં કૌતુકથી ઉતર્યો. તે વાવના મધ્યભાગમાં એક દ્વાર હતું. તેમાં ગયો ત્યાં યક્ષનું મંદિર જોયું. તેવામાં રાત્રી સમય થઈ જવાથી યક્ષનાં મંદિરમાં જ મૂર્તિની પાછળ સૂતો. કેટલીક વારે નુપુરના અવાજ સાથે અપ્સરાઓ આવી અને નૃત્ય કરવા લાગી. શ્રમનો નાશ કરવા અપ્સરાઓ પોતાના કિંમતી વસ્ત્રો ત્યાં જ મૂકી વાવમાં સ્નાન કરવા પડી. રાજપુત્રે યક્ષ મંદિરનું દ્વાર ઉઘાડી વસ્ત્રો લઈ લીધા. અપ્સરાઓએ કહ્યું કે ''અમે તારા સાહસથી પ્રસન્ન છીએ માટે આ ખડ્ગરત્ન અને દિવ્યકંચૂક તને આપીએ છીએ તે લે અને અમારા વસ્ત્ર આપ.'' તેથી રાજપુત્રે ક્ષમા માંગી વસ્ત્ર આપી દીધા અને દેવીઓ બે વસ્તુ આપી

સ્વસ્થાને ગઇ. પછી કુમાર માર્ગમાં ચાલતા નિર્જન નગર જોયું. તે નગરમાં કૌતુકથી ફરતો ફરતો રાજગૃહની સમીપ સાતમી ભૂમિકા પર ચડ્યો ત્યાં એક અતિ સ્વરૂપવાન રાજકન્યા જોઇ. તેને શોકાતુર જોઇને કારણ પુછ્યું. તે બોલી કે, વિદ્યાધરે મારું હરણ કરીને આ નગર વસાવીને મને રાખી છે. અને મારી સાથે લગ્નની તૈયારી કરવા માટે વિવાહની સામગ્રી લેવા ગયો છે. અને મને એક જ્ઞાની મુનિએ કહ્યું હતું કે,''હે રાજપુત્રી! તારો પતિ હરિવાહન નામે રાજપુત્ર થશે.'' તે મુનિની વાણી અન્યથા થાય છે. તેથી અતિખેદ છે. તે સાંભળી રાજપુત્ર બોલ્યા. ખેદ ન કરીશ. ત્યાં જ વિદ્યાધર આવી ગયો. યુધ્ધ કરવા લાગ્યો પરંતુ કુમારે તો ખડ્ગરત્ન વડે તેને જીતી લીધો. તેથી તે પરાક્રમથી ખુશ થઇ સ્ત્રી અને નુપુર આપી સ્વસ્થાને ગયો. વિદ્યાધરની લાવેલી વિવાહની સામગ્રી વડે હરિવાહન તે રાજકન્યા સાથે પરણી તેને પેલો દિવ્ય કંચૂક આપી, નગર વસાવી રાજ્ય કરવા લાગ્યા. એકદા હરિવાહન રાજા અને પ્રિયા જળક્રીડા કરવા ગયા ઉત્તમ વસ્ત્રો અને દિવ્ય કંચૂક કિનારે મૂક્યું. તે પદ્મરાગ મણિની કાંતિયુક્ત હોવાથી માંસની ભ્રાંતિ કોઇ મત્સ્ય આવી ગળી ગયો. તે જોઇ રાજા ખેદ યુક્ત થયા. ઘણી શોધ કરતા પણ તે મત્સ્ય હાથ ન લાગ્યો તેથી સ્વસ્થાનકે પાછા ફર્યા. પેલો મત્સ્ય ફરતો ફરતો બેનાતટ નગરે ગયો. ત્યાં કોઇ મચ્છીમારની જાળમાં તે પકડાઇ ગયો. વિદારતા તેના ઉદરમાંથી કંચૂક નીકળ્યો. મચ્છીમારે પોતાના રાજાને ભેટ કર્યો. રાજાએ વિચાર્યુ કે,''વિશ્વને મોહ પમાડનારી આ કંચૂકને પહેરનારી કોણ હશે? તે સ્ત્રી કોઇપણ ઉપાયે મને મળી શકે? તેથી તેના મંત્રીને કહ્યું સાત દિવસમાં આ પહેરનાર સ્ત્રી લાવી આપ.'' મંત્રીએ રાજેશ્વરી દેવીની આરાધના કરી. દેવી પ્રગટ થયા. મંત્રીએ સ્ત્રીની વાત કરી. દેવીએ કહ્યું કે, સ્ત્રી પોતાનું શીલ મૂકે તેમ નથી તો પણ તારો રાજા કદાગ્રહ મૂકતો ન હોય તો હું લાવી આપું છું, પણ ફરી આ કાર્ય માટે મારું સ્મરણ કરવું નહિ. દેવીએ અનંગલેખાનું હરણ કરી રાજા પાસે મૂકીને તે અદ્રશ્ય થઇ ગઇ. રાજાએ અનેક પ્રકારે પ્રાર્થના કરી. ન માનતા રાજાએ વિચાર્યું કે થોડા સમયે આધીન થશે. તેથી તેણે તેને એકાંતમાં રાખી સ્વસ્થળે ગયા. આ બાજુ અરણ્યમાં હાથીથી ત્રાસ પામીને નાસી ગયેલા બે મિત્રો જે રાજકુમારથી જુદા પડી ગયા હતા તેમણે એક સાધકના ઉત્તરસાધક બની સહાય કરી તેથી પ્રસન્નતાથી તે સાધકે અદ્રશ્ય અંજની, શત્રુસૈન્ય મોહિની અને વિમાનકારિણી ત્રણ વિદ્યા આપી. ત્યાંથી તેઓ બેનાતટ નગરે આવ્યાં. ત્યાં લોકોના મુખથી પોતાના મિત્ર હરિવાહનની પ્રિયાને ત્યાંના રાજાએ હરણ કરાવી હરિવાહનને શોકાતુર કર્યો છે. બન્ને મિત્રોએ મિત્રનો વિરહ દૂર કરવા માટે અજંનના પ્રયોગથી અદ્રશ્ય થઇ અનંગલેખાની પાસે ગયા. અનંગલેખાને પ્રગટ થઇ સર્વ વૃતાંત કહ્યું. પછી ધીરજ અને સંકેત આપી. નગરમાં ગયા ત્યાં તેઓ મંત્રવાદી છે તેવું પ્રસિધ્ધ કર્યું. તેથી રાજાએ અનંગલેખા પોતાને વશ

થઇ રહે તેવું કરવા કહ્યું. તેથી રાજા બન્નેને લઇ ત્યાં ગયા. પ્રથમ સંકેત પ્રમાણે તેણીએ આસન આપી સન્માન કર્યું. રાજાએ પોતાને આધીન થયેલી જાણીને સુખની યાચના કરી. ત્યારે તેણે કીધું. અષ્ટાપદ તીર્થની યાત્રા કર્યા પછી ઇચ્છિત સુખને ભોગવીશ. ત્યારપછી જાત્રા કરવા મિત્રો સાથે અનંગલેખા બેઠી, સાથે રાજાની બે કન્યાઓ સાથે સમય પસાર કરવા, વિનોદ કરવા માંગી. રાજાએ આપી. એક સાથે બધા વિમાનમાં બેઠા. વિમાન ઉડ્યું એટલે રાજાને દૂરથી કીધું કે હવે તું આ લોકોની આશા રાખીશ નહિ. આ બાજુ મિત્રના દુઃખનો નાશ કરવા ત્યાં જઇ પહોંચ્યા. પ્રિયાને જોઇ હરિવાહન અત્યંત આનંદ પામ્યો. સર્વ વૃતાંત સંભળાવ્યું. બે કન્યાઓ હરિવાહને મિત્રો સાથે પરણાવી. હરિવાહનના પિતા ઇન્દ્રદત્તે બધાને બોલાવી રાજ્ય સોંપી દીક્ષા ગ્રહણ કરી. અને કર્મક્ષય થવાથી તેઓ કેવળજ્ઞાન પામ્યા અને ત્યાં તેજ નગરમાં પધાર્યા. હરિવાહન પરવિાર સહિત ત્યાં ગયો. ત્યાં ધર્મદેશના પછી હરિવાહન રાજાએ કેવલીને પોતાના આયુષ્ય અંગે પુછ્યું. ત્યારે કહ્યું કે માત્ર નવપ્રહરનું જ બાકી છે. તે સાંભળીને મરણથી ભય પામેલા તે રાજાનું અંગ કંપવા લાગ્યું. ત્યારે કેવલીએ મૃત્યુની ચિંતાથી ભય પામતો હોય તો પ્રવજ્યા ગ્રહણ કર. અંતમૂર્હત માત્ર પણ જો વિધિપૂર્વક પ્રવજ્યા ગ્રહણ કરી પાળે તો સર્વ દુઃખોનો અંત કરે છે. જ્ઞાનીના વચન સાંભળી રાજાએ સ્ત્રી તથા મિત્રો સહિત તરત જ દીક્ષા લીધી. શુભધ્યાન ધ્યાતા મૃત્યુ પામી સર્વાર્થ સિધ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષ પદ પામશે.

શ્રી જિનેન્દ્રના માર્ગને વિષે 'નિર્વેદ' શબ્દનો અર્થ 'સંસાર પર વિરાગતા' એવો કરેલો છે. તે નિર્વેદરૂપ ભાવસિંહનો આશ્રય મોક્ષ માર્ગનું કારણ બને છે. માટે નિર્વેદને વિષે દઢતા રાખવી.[૧૫૬]

## સમકિતનું ચોથું લક્ષણ- અનુકંપા

અનુકંપા બે પ્રકારે છે. દ્રવ્યથી અને ભાવથી.

પાપના ઉદયથી વર્તમાન કાળમાં જેઓ વિવિધ દુઃખ, વેદના, વ્યાધિ, આપત્તિથી દુઃખી છે. તેઓ પ્રત્યેની લાગણી તે તેઓના દુઃખ દૂર કરવાનો મનમાં ઉગતો ભાવ દ્રવ્ય અનુકંપા છે. દ્રવ્યપદ એટલા માટે છે કે દુઃખ દૂર કરવાનો પ્રયત્ન સારો હોવા છતાં પૂર્ણ નથી.

ભાવ અનુકંપા ખરેખર અનુકંપા છે. લોકો દ્રવ્ય અનુકંપા કરી બોધીબીજ પ્રાપ્ત કરે છે.

રાયપસેણીય ઉપાંગમાં આવે છે કે, પ્રદેશી રાજા સમ્યક્ત્વ પામવા પૂર્વે

લોકપયોગી ઘણા કાર્યો કરતા હતા. જ્યારે એ સમ્યકૃત્વ શ્રાવક થયા ત્યારે શ્રી કેશી ગણધરે ખાસ ભલામણ કરેલી કે, હવે લોકોપયોગી કાર્ય બંધ કરીને લોકોને અપ્રિય થઈશ નહિ. નહિ તો ધર્મ વગોવાશે. વાસ્તવમાં અનુકંપા એ જ કહેવાય કે જે સામી વ્યકિતને દુઃખથી કાયમી છૂટકારો કરાવે.

અન્નદાનથી દિવસ સુધરે,
વસ્ત્રદાનથી વરસ સુધરે,
આજીવિકાદાનથી જીવન સુધરે,
જ્ઞાનદાન-સમાધિદાનથી આ જીવન-પરલોક બધું સુધરે,

ધર્મહીન જીવો ધર્મ પામે અને અનંત સુખભાગી થાય એવી ભાવના એ જ ખરી અનુકંપા છે.[૧૫૭]

दाणाणं सेठ्ठं अभयप्पयाणं - સર્વદાનોમાં અભયદાન શ્રેષ્ઠ છે. જગતમાં તીર્થંકરોની કરુણા શ્રેષ્ઠ કોટિની હોય છે.[૧૫૮]

ઈસ્લામ, હિંદુ, પાતંજલ બધામાં દયાને મહત્ત્વ આપ્યું છે. સાચી અનુકંપા નિર્વેદ તરફ લઈ જાય છે.

दीनदु:स्थितदारिद्रय-प्राप्तानां प्राणिनां सदा
दु:ख निवारणे वांछा, सानुकंपाभिधायते ।। १ ।।

દીન, દુઃખી અને દારિદ્રયને પામેલા પ્રાણીઓનાં દુઃખોનું નિવારણ કરવાની નિરંતર જે વાંછા કરવી તે અનુકંપા છે.

अपकारेऽपि कारुण्यं, सुधी: कुर्याद्विशेषत:
दन्दशूकं दशन्तं, श्रीवीर: प्रबोधयद्यथा ।। १ ।।

ભાવાર્થ:- ''બુધ્ધિમાન પુરુષો અપકાર કરનાર પર પણ વિશેષ કરીને અનુકંપા કરે છે. શ્રી મહાવીર ભગવાને દંશ દેતા સર્પને પણ બોધ કર્યો હતો.

## -:ચંડકૌશિકની કથા:-

શ્રીમહાવીર સ્વામી છદ્મમસ્થપણામાં ચંડકૌશિક નામના સર્પને પ્રતિબોધ કરવા કનકખલ નામે તાપસોના આશ્રમમાં ગયા હતા. તે સર્પના પૂર્વભવનું સ્વરૂપ આ પ્રમાણે છે. એક તપસ્વી મુનિ ક્ષુલ્લક સાધુને સાથે લઈ પારણાને માટે ગોચરી કરવા ગયા હતા. ત્યાં માર્ગમાં તપસ્વી મુનિના પગ તળે નાની દેડકી દબાઈને મરણ પામી. તેની આલોચના પ્રતિક્રમણ વખતે તેણે કરી નહિ, એટલે પેલા ક્ષુલ્લક સાધુએ તેને

'દેડકી ચંપાઇ ગયાની આલોચના કેમ લેતા નથી?'' એમ કહી સ્મરણ કરાવ્યું. તે વખતે ક્ષુલ્લક પર ક્રોધ આવવાથી તે તપસ્વી સાધુ તેને મારવા દોડ્યા. રસ્તામાં સ્તંભ આડો આવવાથી તે સાથે અથડાઇને તે તપસ્વીમુનિ મૃત્યુ પામ્યા, અને જ્યોતિષીદેવમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને કનકખલ નામના તાપસના આશ્રમમાં પાંચસો તાપસોના અધિપતિ ચંડકૌશિક નામે તાપસ થયા.

એકદા કેટલાક રાજપુત્રોને તે આશ્રમમાં ફળો તોડતા જોઇને ક્રોધથી તેમને મારવા માટે કુહાડી લઇ તે ચંડકૌશિક તાપસ દોડ્યો. માર્ગમાં મોટા અન્ધકૂપમાં પડી તેજ પરશુ વડે મૃત્યુ પામી તેજ નામથી દષ્ટિવિષ સર્પ થયો. તે સર્પને પ્રતિબોધ કરવાની ઇચ્છાથી બીજા લોકોએ નિષેધ કર્યા છતાં પણ પ્રભુ તેજ રસ્તે જઇ તે ચંડકૌશિકના રાફડા પાસે કાર્યોત્સર્ગ ધ્યાને ઊભા રહ્યા. તેમને જોઇને ક્રોધથી જ્વલિત થયેલો ચંડકૌશિક સર્પ સૂર્યની સન્મુખ જોઇ જોઇને મુખમાંથી જ્વાળા મૂકવા લાગ્યો. પરંતુ તે જ્વાળાઓથી પ્રભુને કાંઇ પણ થયું નહિ. ત્યારે તેણે પ્રભુના પગના અંગૂઠે દંશ દીધો, તેથી પ્રભુના પગમાંથી ગાયના દૂધ જેવું શ્વેત લોહી નીકળવા લાગ્યું. તે જોઇને તેને આશ્ચર્ય થયું. એટલામાં પ્રભુ બોલ્યા કે,''**बुज्झ बुज्झ चंडकौशिक!**'' હે ચંડકૌશિક! બોધ પામ, બોધ પામ. એ વચન સાંભળીને ઉહાપોહ કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તે સર્પે પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઇ વંદના કરીને અનશન ગ્રહણ કર્યું. પછી. ''બીજા જંતુઓ મારા વિષની જવાળાથી મૃત્યુ ન પામો'' એમ વિચારી તેણે પોતાનું મુખ રાફડાની અંદર બિલમાં રાખ્યું. લોકોને તે વાતની ખબર થતાં સર્વે લોકો તે રસ્તે નીકળવા લાગ્યા. ઘી, દૂધ વગેરે વેચવા જનારી મહિયારીઓએ તે સર્પની પૂજા નિમિત્તે તેના પર ઘૃતનું સિંચન કર્યું. તેથી અસંખ્ય કીડીઓ ત્યાં ઉત્પન્ન થઇ અને ચટકા ભરી ભરીને સર્પનું શરીર ચાલણીની જેમ અસંખ્ય છિદ્રવાળું કરી દીધું. તે દુ:ખથી અત્યંત પીડા પામતા છતાં પણ પ્રભુની દ્રષ્ટિરૂપ અમૃતથી સીંચાતો તે સર્પ શુભધ્યાનપૂર્વક પંદર દિવસનું અનશન પાળી મૃત્યુ પામીને આઠમા સહસ્રાર દેવ લોકમાં દેવતા થયો. ચ્યવીને તે થોડા ભવમાં જ મોક્ષસુખને પામશે. તાત્પર્ય એ છે કે, પોતાને કરડનાર સર્પને પ્રભુએ માત્ર ક્ષમા જ ન આપી પણ કરુણા કરી તેનો ઉદ્ધાર કર્યો, તેમ ગમે તેવા અપકારી પર પણ સંતપુરુષોએ અનુકંપા જ રાખવી જોઇએ.[૧૫૯]

## સમકિતનું પાંચમુ લક્ષણ:- આસ્તિક્ય

प्रभुभिर्भाषितं यत्तत्तत्वान्तर श्रुतेद्धपि हि

नि:शंकं मन्यते सत्यं, तदास्तिक्यं सुलक्षणम्।। १।।

ભાવાર્થ:- બીજા તત્ત્વનું શ્રવણ કર્યા છતાં પણ ''પ્રભુએ જે કહ્યું છે તેજ સત્ય છે.'' એમ જે નિ:શંકપણે માને છે તે આસ્તિક્ય નામનું પાંચમું લક્ષણ જાણવું.[૧૬૦]

સમ્યક્ત્વ સપ્તતિમાં હરિભદ્રસૂરિ જણાવે છે કે,अत्थिक्कं पच्चओ वयणे। તીર્થંકરના વચન ઉપર શ્રધ્ધા તે આસ્તિક્ય લક્ષણ છે. આસ્તિક્ય એ સંસ્કૃત શબ્દ છે. અસ્તિ - હોવું આત્માના શાશ્વત અસ્તિત્ત્વની પરમ આસ્થા માનનારો આસ્તિક કહેવાય.[૧૬૧]

**આચાર્ય શુભચન્દ્રજીએ જ્ઞાનાર્ણવમાં જણાવે છે કે,**

તમે દર્શન નામના અમૃતનું જલપાન કરો કારણકે તે અતુલ ગુણોનું નિધાન છે. સર્વ કલ્યાણનું બીજ છે. સંસાર સાગર તરી જવાનું જહાજ છે. ભવ્ય જીવોનું એક લક્ષણ છે. પાપરૂપી વૃક્ષને છેદવા માટેનો કુહાડો છે. તે પવિત્ર એવું તીર્થ છે. સર્વ રીતે શ્રેષ્ઠ છે. મિથ્યાત્વને જીતનારું છે.[૧૬૨]

શ્રી ભગવતીસૂત્રમાં મુદ્દુકશ્રાવકનો અધિકાર છે કે, આસ્તિક્ય એ નવ તત્ત્વની આસ્થા છે.[૧૬૩]

આ જગત વગેરે બધા જ જ્ઞેય તત્ત્વોનું સ્વરૂપ જેવું ભગવાને કહ્યું છે. તેવું જ છે! આવી લાગણી સમકિતના આસ્તિક્ય રૂપ છે. શ્રેણિક મહારાજની પરીક્ષા કરવા આવેલા દેવે માછલી પકડતા સાધુ અને ગર્ભિણી સાધ્વી શ્રેણિક મહારાજને દેખાડી, વળી એવું પણ તેઓના મુખેથી સાંભળ્યું કે, આવું તો ભગવાનના ઘણા સાધુ-સાધ્વી કરે છે. છતાં શ્રેણિકની શ્રધ્ધા ડગી નહિ. તે જ ખરી આસ્તિકતા છે.[૧૬૪]

सव्वाइं जिणेसर भासियाइं वयणाइं नन्हा हुंति
इय बुद्धि जस्स मणे सम्मतं निच्चलं तस्स।। १।।

''જિનેશ્વર પ્રભુએ કહેલાં સર્વ વચનો જરાપણ ખોટાં નથી હોતાં. આવી બુધ્ધિ જેના મનમાં હોય તેનું સમ્યક્ત્વ(આસ્તિક્ય) નિશ્ચલ સમજવું.''[૧૬૫]

## -: પદ્મશેખર રાજાની કથા:-

પરમ પૂજ્ય વિનયંધરસૂરિથી પ્રતિબોધ પામી પૃથ્વીપુર નગરનો પદ્મશેખર રાજા જૈન ધર્મી થયો. જૈન ધર્મની આરાધનામાં હમેંશા તત્પર રહેતો હમેશા સભામાં ગુરુનું વર્ણન કરતો. અને તે વર્ણન દ્વારા ઘણા જીવોને ધર્મમાં સ્થાપન કર્યા. પરંતુ તે નગરમાં એક જય નામનો વણિક નાસ્તિક મતવાળો હતો. હંમેશા બોલતો સ્વર્ગ અને મોક્ષ કોણે જોયા માટે તેણે ઘણા લોકોને ભરમાવ્યા. તેથી રાજાએ તેને શિક્ષા આપવા માટે, જૈન ધર્મનો પ્રતિબોધ પમાડવા એક યુક્તિ કરી. પોતાનો લક્ષ મૂલ્યનો

હાર તે વણિકના ઘરમાં દાબડામાં ગુપ્ત રીતે નંખાવ્યો. પછી આખા નગરમાં પડહ કરી લોકોને જણાવ્યું કે, રાજાનો હાર કોઇ ચોરી ગયું છે. જો કોઇ તરત આપી જશે તો શિક્ષા કરશે નહિ પરંતુ પછીથી ઘરમાંથી નીકળશે તો સખત દંડ થશે. આ પ્રમાણે ઘોષણા કરાવી. પણ કોઇએ આપ્યો નહિ. પછી અનુક્રમે શોધ કરતાં કરતાં જય વણિકના ઘરમાંથી તે હાર નીકળ્યો. તેથી રાજ પુરુષોએ તેને બાંધી રાજા પાસે લાવ્યા. રાજાએ તેનો વધ કરવાનો હુકમ કર્યો. પણ સ્વજનોની અતિ પ્રાર્થનાથી કહ્યું કે ‘‘જો મારે ઘરેથી તેલનું સંપૂર્ણ ભરેલું પાત્ર લઇ તે ચાલે, માર્ગમાં જરા પણ તેલનું બિંદુ પડવા ન દે. આખા નગરમાં ફરીને અહીં મારી પાસે આવે. તો હું તેને મરણની શિક્ષાથી મુકત કરું. તેથી શ્રેષ્ઠીએ મરણના ભયને લીધે કરવા તૈયાર થઇ ગયા. પદ્મશેખર રાજાએ રસ્તામાં સર્વ ઠેકાણે વીણા, વાંસળી, મૃદંગ વગેરે વાજિંત્રો વગડાવ્યા. ઇન્દ્રિયોને ઉપજે તેવા અનેક નાટકો કરાવ્યા. શ્રેષ્ઠી હાથમાં તેલથી પરિપૂર્ણ ભરેલું પાત્ર લઇ ચાલે છે. બન્ને પડખે રાજાના સિપાહી ખુલ્લી તલવાર લઇને ચાલે છે. પણ એક ટીપું નીચે પડ્યા વગર પાછો રાજાના દરબારમાં પહોંચી જાય છે. ત્યારે રાજા શ્રેષ્ઠીને પૂછે છે તમે રસ્તામાં શું શું જોયું? શું શ્રેષ્ઠ લાગ્યું? ત્યારે જય શ્રેષ્ઠી કહે છે: મારું ધ્યાન તેલના પાત્રમાં જ હતું મને કંઇજ ખબર નથી. ત્યારે રાજા બોલ્યા કે, મન-ઇન્દ્રિય તો અતિ ચપળ છે. તેને કેવી રીતે રોક્યા? ત્યારે તે શ્રેષ્ઠી બોલ્યા કે મોતના ભયથી રોક્યાં. રાજાએ કહ્યું કે,‘‘જ્યારે એક જ ભવના મરણના ભયથી તેં પ્રમાદનો ત્યાગ કર્યો, ત્યારે અનંતા મરણથી ભય પામેલા સાધુ વગેરે ઉત્તમજનો શી રીતે પ્રમાદ કરે?’’ આમ વિવિધ રીતે શ્રેષ્ઠીને પ્રતિબોધ પમાડ્યો. જય શ્રેષ્ઠી જિનેશ્વરના ધર્મનું તત્ત્વ સમજીને શ્રાવક ધર્મ પામ્યો. આમ પદ્મશેખર રાજા અનેકને ધર્મ પમાડી સ્વર્ગે ગયા.

આ રીતે ગુણવાન એવા આસ્તિક પુરુષોએ નિર્મળ અંતઃકરણથી આ પદ્મશેખર રાજાનું ચરિત્ર જાણીને જિનેશ્વરના મતને વિષે શુભ શ્રધ્ધા ધારણ કરવી.’’[૬૬]

## અધિકાર ૯મો (ઢાળ-નવ)

### -:છ જયણાઃ-

પર-તીરથી, પરના સુર, તેણે-ચૈત્ય ગ્રહ્યાં વળી જેહ.
વંદન-પ્રમુખ તિહાં નવિ કહ્યું, તે જયણા ષટ્ ભેદ રે.
ભવિકા! સમકિત-યતના કીજે. ..૪૬

વંદન કર-યોજન કહિયે, નમન તે શીષ નમાવે.
દાન-ઇષ્ટ અન્નાદિક દેવું, ગૌરવ-ભગતિ દેખાવે રે.

ભવિકા! સમકિત-યતના કીજે. ..૪૭

અનુ પ્રદાન તે તેહને કહિયે- વારં વાર જે દાન.
દોષ કુપાત્રે- પાત્ર મતિએ, નહિ અનુકંપા માન રે.
ભવિકા! સમકિત-યતના કીજે. ..૪૮

અણ બોલાવ્યે જેહ બોલાવે, તે કહીએ આલાપ.
વારંવાર આલાપ જે કરવો, તે જાણો સંલાપ રે.
ભવિકા! સમકિત-યતના કીજે. ..૪૯

એ જયણાથી સમકિત દીપે, વળી દીપે વ્યવહાર.
એમાં પણ કારણથી જયણા, તેહના અનેક-પ્રકાર રે.
ભવિકા! સમકિત-યતના કીજે. ..૫૦

-:ગાથાર્થ:-

બીજા ધર્મવાળાના ધર્મ ગુરુઓ, બીજા ધર્મવાળાના દેવો, બીજા ધર્મવાળાઓએ જિન-પ્રતિમા વગેરેને પોતાના તરીકે ઠરાવ્યા હોય કે તેના કબજામાં રાખી તેમની રીતે પૂજતા- માનતા હોય, તેને વંદન ન કરવું તે જયણા છે. તેના છ ભેદ છે. (૪૬)

વંદન એટલે બે હાથ જોડીને પ્રણામ ન કરવો. નમન એટલે માથું નમાવી પ્રણામ ન કરવો. દાન એટલે તેઓનું માન-સન્માન ગૌરવ આણીને ભક્તિ દેખાડવા માટે જરૂરી ઈષ્ટ, અન્ન, વસ્ત્ર, પાત્ર વગેરે કાંઇ ન આપવું તે. (૪૭)

અનુપ્રદાન તે કહેવાય કે વારંવાર દાન આપવું, તે પાત્ર બુધ્ધિથી કુપાત્રને દાન આપવામાં આવે, તો તેમાં દોષ છે. તેવા દાનને અનુકંપા દાન પણ માનવાનું નથી. (૪૮)

બોલાવ્યા વિના બોલવું તેનું નામ આલાપ કહેવાય છે. વારંવાર આલાપ કરવો તેનું નામ સંલાપ જાણવો. (૪૯)

હે ભવ્યજીવો! સમકિતનું આવા પ્રસંગે ખાસ રક્ષણ કરવું. આ જયણાઓ સાચવવાથી સમકિત દીપે છે. અને વ્યવહાર પણ દીપે છે. જો કે ખાસ કારણ પ્રસંગે જયણાઓમાં પણ જયણા રાખવાની હોય છે. તેના પણ અનેક પ્રકારો છે. (૫૦)[૬૬૭]

પ્રવચનસારોધ્ધારમાં શાસ્ત્રકાર ભગવંત જણાવે છે. કે,''સમ્યગ્ દ્રષ્ટિ આત્મા અન્ય દર્શનીઓને, તેમના દેવોને તથા તેમણે ગ્રહણ કરેલ પ્રતિમાને વંદન, નમન, દાન, અનુપ્રદાનનો ત્યાગ કરે છે. તેમના બોલાવ્યા વિના તેમની સાથે આલાપ-

સંલાપ પણ ન કરે.''

શ્રી ઉપાસક દશાંગના અધ્યયન ૭માં શાસ્ત્રકાર ભગવંત જણાવે છે કે, શકડાલપુત્ર શ્રાવકે ગૌશાલકને ધર્મ બુધ્ધિથી નહિ પરંતુ અનુકંપા બુધ્ધિથી શય્યા-સંથારો આપ્યો હતો.

<u>**પહેલી બે યતના:-**</u>

अन्यतीर्थिकदेवानां, तथान्यैगृहीतार्हताम्

पूजनं वन्दनं चैव, विधेयं न कदापि हि।। १।।

''અન્ય તીર્થીઓના દેવોનું તથા અન્ય તીર્થીએ ગ્રહણ કરેલ અરિહંતની મૂર્તિઓનું પૂજન વંદન કદાપિ કરવું નહિ.'

## -:સંગ્રામશૂર રાજાની કથા:-

પદ્મિની ખંડ નામના નગરમાં સંગ્રામદઢ રાજા તેને સંગ્રામશૂર પુત્ર હમેશાં શિકાર કરી પ્રાણીઓનો વધ કરતો તેથી પિતાએ નારાજ થઇને તેને નગર બહાર કાઢી મૂક્યો. એટલે તે કુમાર નગર બહાર એક ઘર વસાવી રહ્યો અને ત્યાં પ્રાતઃકાળે કૂતરાઓ લઇને વનમાં પ્રાણીઓનો વધ કરી પ્રાણવૃત્તિ કરવા લાગ્યો. એકદા કૂતરાઓને ત્યાં રાખીને સંગ્રામશૂર કોઇ ગામ તરફ ગયો. તે વખતે ઉદ્યાનમાં કોઇસૂરિ મહારાજ સમવસર્યા હતા. તે સૂરિએ કૂતરાઓને પ્રતિબોધ કર્યો. અને પરિણામ સ્વરૂપ કૂતરાઓએ જીવન પર્યંત પ્રાણીવધ નહિ કરવાનો સંકલ્પ કર્યો. સંગ્રામશૂર પાછો વળ્યો તો કૂતરાઓ પ્રાણીવધ કરવા તૈયાર ન હતા. કારણ પૂછતાં ખબર પડી કે સાધુ દ્વારા પ્રતિબોધ થયા છે. ત્યારે મનમાં વિચારે છે કે, હું પશુ જેવો પણ નહિ. એમ વિચારી ગુરુ પાસે ગયો. ત્યાં ધર્મશ્રવણ કરી શ્રાવકધર્મ અંગીકાર કર્યો. તે જાણીને રાજાએ તેને યુવરાજ પદે અંગીકાર કર્યો. હવે કુમારનો એક મિત્ર મતિસાગર જે સંપત્તિ કમાવા ગયો હતો તે સંપત્તિ કમાવી પાછો ફર્યો હતો. ત્યારે બન્ને મિત્રો મળ્યા અને કુશળ વાર્તા પૂછી. પછી ત્યારે મિત્રે કહ્યું કે, હું વહાણમાં બેસી સમુદ્રમાં જતો હતો. ત્યારે મેં ભરતખંડની મર્યાદામાં એક ઉંચા કલ્પવૃક્ષની શાખા પર હીંચકો બાંધીને હીંચકા પર પલ્યંક પર રહેલી સુંદર સ્ત્રી જોઇ. મેં વાહણ તેની તરફ હંકાર્યું. પરંતુ હું તેની પાસે પહોંચું એટલામાં તો તે સમુદ્રમાં નિમગ્ન થઇ ગઇ. આ આશ્ચર્ય જોયું. ત્યારે વાત સાંભળી કામદેવના બાણથી જેનું અંગ જર્જરિત થયું છે એવો કુમાર મિત્રને સાથે લઇને વહાણમાં બેસી સમુદ્રના તે ભાગમાં આવ્યો. એટલામાં તેણે તે જ રીતે ક્રીડા કરતી સ્ત્રી જોઇ. નજીક જતાં તે સ્ત્રી સમુદ્રમાં પડી નિમગ્ન થઇ. તેથી સાહસિક કુમારે હાથમાં ઉઘાડું ખડ્ગ લઇને તેની પાછળ ઝંપાપાત કર્યો. એટલે તે કુમાર જળકાંત

મણિથી બનાવેલા સાત માળના પ્રસાદ ઉપર પડ્યો. ત્યાંથી કુમાર નીચેના માળમાં આવ્યો. ત્યાં સ્ત્રીને જોઇ. સ્ત્રીએ ઉભી થઇને કુમારને બેસાડ્યો. કુમારનું નામ અને કુળ પૂછ્યું. કુમારે જવાબ આપીને તેનું વૃતાંત પૂછ્યું. ત્યારે તેણે કહ્યું કે, હું વિદ્યુત્પ્રભ રાજાની મણિમંજરી નામની પુત્રી છું. એકવાર પિતાએ નૈમિત્તિકને પુછ્યું કે,''મારી પુત્રીને યોગ્ય પતિ ક્યારે મળશે?'' ત્યારે નૈમિત્તિકે કહ્યું કે,''હે રાજા! સમુદ્રમાં જળકાંત મણિનો મહેલ કરાવીને કલ્પવૃક્ષની શાખા સાથે પલ્યંક બાંધી ત્યાં તમારી પુત્રીને રાખો. ત્યાં સંગ્રામગઢ રાજાનો પુત્ર સંગ્રામશૂર આવશે તે પતિ થશે.'' આ પ્રમાણે કહી તે બોલી ઘણે દિવસે દર્શન થયું. આ પ્રમાણે બન્ને વાર્તાલાપ કરતા હતા તેવામાં ઉઘાડી તલવાર ધારણ કરીને કાળો ભયંકર રાક્ષસ એકદમ પ્રગટ થયો. ઘણા પ્રયત્નો કુમારે કર્યા છતાં રાક્ષસે તેને બાંધી દીધો અને બોલ્યો કે,''હે રાજપુત્ર! જો તારે તારી પ્રિયાને છોડાવવી હોય, તો મને બીજી સ્ત્રી અથવા તારી સ્થૂળ કાયા આપ. તે પણ ન કરી શકે તો મારી ગુરુ ચરક પરિવ્રાજકને પ્રણામ કર. અથવા મારા વિષ્ણુની મૂર્તિ સાથે જિનપ્રતિમા છે તેને પ્રણામ કરી તું પૂજા કર. નહિ તો તેને આખી ખાઈ જઈશ.'' ત્યારે કુમાર બોલ્યો, મારાં જીવિતનો અંત થાય, તો પણ જિનેશ્વરને અને સુસાધુને મૂકી બીજાને નમસ્કાર કરીશ નહિ. ત્યારે રાક્ષસ બોલ્યો તું જિનાલયને વિષે ચાલ ત્યાં વીતરાગનું બિંબ છે તેને પ્રણામ કર. કુમાર ત્યાં ચાલ્યો, ત્યાં જોયુ તો બિંબ અન્ય લોકો દ્વારા પૂજિત હતું. તેથી તેણે નમન ન કર્યા. તેથી રાક્ષસ મણિમંજરીનું પગથી ભક્ષણ કરી ગળા સુધી ગળવા લાગ્યો. મણિમંજરી કરુણ સ્વરે વિલાપ કરે છે. પણ કુમાર તૈયાર થતો નથી. ત્યારે કુમારે કહ્યું કે, પ્રાણાન્તે પણ તારા કહેવા પ્રમાણે હું કરીશ નહિ. તેથી રાક્ષસે પોતાનું દિવ્ય સ્વરૂપ પ્રગટ કરીને બોલ્યો કે, હે સાહસિક શિરોમણિ! દેવેંદ્રે કરેલી તારી પ્રશંસાને નહિ માનતો હું તારી પરીક્ષા કરવા આવ્યો હતો. તારા પ્રતાપે મને પણ સમકિત પ્રાપ્ત થયું છે. તેમ કહી દેવ ગાંધર્વ લગ્ન કરી સ્વર્ગે ગયો. પછી કુમાર પણ પોતાના મહેલમાં મહોત્સવપૂર્વક આવ્યો. અને કુમાર શ્રાવક ધર્મનું પરિપાલન કરી પરંપરાએ મોક્ષ પદને પામશે.

આમ સંગ્રામશૂર રાજા બે યતનાને વિષે સાવધાન ચિત્તવાળો થઈને કષ્ટમાં પણ અહિંસાદિક નિયમો પાળી સિધ્ધ સુખને પરંપરાએ પામ્યો.[૬૮]

## સમકિતની છયતનામાંથી બાકીની ચાર યતના (જયણા)

मिथ्यात्वलिप्तचित्तानां, संलापालापवर्जनम्
सकृद्वा बहुवारं वा, न यच्छेदशनादिकम् ।। १।।

ભાવાર્થઃ- મિથ્યાત્વે કરીને લિપ્ત છે, ચિત્ત જેના એવા ચરકાદિક તાપસોને તમે કુશળ છો? એમ સ્નેહ પૂર્વક વારંવાર પૂછવું તે સંલાપ અને એકવાર પૂછવું તે આલાપ. તે બન્નેનું વર્જવું તે ત્રીજી તથા ચોથી યતના જાણવી. તેમ જ તે મિથ્યાત્વીઓને એકવાર અથવા વારંવાર અશનાદિક આપવું નહિ. તે પાંચમી તથા છઠ્ઠી યતના જાણવી.''

**ઉપદશાંગ સૂત્રમાં શાસ્ત્રકાર ભગવંત જણાવે છે કે,**

नो मे कप्पइ अज्ज प्पभिइं अन्नउत्थिए वा देवयाणि वा
अन्नउत्थिय परिग्गहियाणि अरिहंत देवयाणि वा वंदित्तएवा नमंसित्तए
वा पुव्विं अणालवित्तेणं आलवित्तए वा संलवित्तए वा तेसिं वा
असणं वा पाणं वा खाइमं वा साइमं वा दाउं वा अणुप्पयाउं वा ।।

અર્થઃ- ''આજથી આરંભીને મારે અન્ય તીર્થિકને, અન્ય તીર્થિકોના હરિહરાદિક દેવોને તથા અન્ય તીર્થિકોએ ગ્રહણ કરેલાં અરિહંતના બિંબોને વાંદવા ન કલ્પે, નમન કરવું ન કલ્પે, પૂર્વે નહિ બોલાવેલા એવા તે મિથ્યાત્વીઓની સાથે મારે આલાપ કે સંલાપ કરવો ન કલ્પે, તથા તેઓને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વગેરે એકવાર આપવું કે વારંવાર આપવું ન કલ્પે. આ પ્રસંગ ઉપર સદ્દાલપુત્ર શ્રાવકનું દ્રષ્ટાંત છે. તે ઉપાસક દશાંગ સૂત્રમાંથી અહીં લખ્યું છે.''

## -ઃસદ્દાલપુત્રની કથાઃ-

પોલ્લાસ પુર નામના નગરમાં મંખલીપુત્ર ગોશાળાના મતને માનનારો સદ્દાલપુત્ર નામનો શ્રાવક રહેતો હતો. તે પાંચસો કુંભારની દુકાનોનો સ્વામી હતો. તેની પાસે ત્રણ કરોડ સોનામહોરો હતી અને દશ હજાર ગાયોનો પોષક હતો. તેને અગ્નિમિત્રા નામની પત્ની હતી. એકદા તે શ્રેષ્ઠી પાસે આવી આકાશમાં અદ્રશ્ય રહીને એક દેવે કહ્યું કે,''હે શ્રેષ્ઠી! કાલે આ નગરમાં મહામાહણ અરિહંત સર્વજ્ઞ પધારશે, તેની તારે કલ્યાણકારક અને મંગળકારક દેવ સ્વરૂપ જ છે એમ ધારી સેવા કરવી. એમ કહીને તે દેવ ગયા. ત્યારે તેણે વિચાર કર્યો કે ''ખરેખર મારો ધર્મ ગુરુ ગોશાળો જ મહામહાણ અને સર્વજ્ઞ છે. તેથી તે જ કાલે પધારશે. હું એની અશનાદિક વડે સેવા કરીશ.'' પછી બીજે દિવસે ગોશાળાને બદલે પ્રભુવીર પધાર્યા. તે ઘણો હર્ષિત થયો. પ્રભુ પાસે જઇ તેમને વંદન કરીને બેઠો. પ્રભુએ દેશના દીધી તે સાંભળી, પછી પ્રભુએ પૂછ્યું કે,''હે સદ્દાલપુત્ર! કાલે તને દેવતાએ જે કહ્યું હતું તે સાંભરે છે?'' ત્યારે તેણે હા કહીને તેણે વિનંતિ કરી કે,'' હે પ્રભુ! મારી કુંભારની દુકાને આપ પધારો.જેથી હું આપની સેવા કરું.'' પ્રભુ ત્યાં પધાર્યા.

એકદા માટીનાં વાસણોને તડકામાં મૂકેલા જોઈને જિનેશ્વરે તેને પૂછ્યું કે,"હે શ્રેષ્ઠી! કયા ઉપાયથી આ વાસણો બનાવ્યા?" તે બોલ્યા કે માટીના પિંડને ચક્ર પર મૂકી બનાવ્યા. પ્રભુ કહે, તું ઉદ્યમથી આ વાસણ બનાવે છે. કે, ઉદ્યમ વિના? ત્યારે ગોશાળાના મતને માનનારો, (નિયતિવાદ) ઉદ્યમ વડે બને છે. જો એવો ઉત્તર આપે તો પોતાના મતનો ક્ષય થાય. તેથી કહ્યું કે, ઉદ્યમ વિના થાય છે. એવો જવાબ આપ્યો. પ્રભુએ ફરી પ્રશ્ન કર્યો કે, "હે સદ્દાલપુત્ર! કદાચ કોઈ માણસ આ તારાં વાસણો ચોરીને લઈ જાય, અથવા ભાંગી નાંખે, અથવા તારી સ્ત્રી સાથે ભોગ વિલાસ કરે. તો તેને તું શું દંડ કરે?" તેણે જવાબ આપ્યો, હું તે માણસના પ્રાણ અકાળે જ હણું. ત્યારે સ્વામી બોલ્યા કે, આ પ્રમાણે તું ઉદ્યમની પરતંત્રતાથી જ સર્વ કાર્ય કરતાં છતાં. "ઉદ્યમ વિના જ થાય છે." એમ જે બોલે છે. તે મિથ્યા છે. એકાંતપણે માનેલું સર્વ અસત્ય છે. ઈત્યાદિ ભગવાનની યુક્તિથી પ્રતિબોધ પામેલા તે શ્રેષ્ઠીએ પોતાની સ્ત્રી સહિત જિનેશ્વરની પાસે પાંચ અણુવ્રત અને શિક્ષાવ્રતરૂપ ધર્મ અંગીકાર કર્યો. એકવાર સદ્દાલપુત્રે ભગવંતનો ધર્મ સ્વીકાર્યાની વાત સાંભળી ગોશાળો તેને ઘેર આવ્યો. તેને જોઈ સદ્દાલપુત્ર મૌન ધારી બેસી જ રહ્યો. ઉભા થઈને આવકાર પણ આપ્યો નહિ. તે વખતે લજ્જા વડે મંખલીપુત્રે ભગવાનના ગુણનું આ પ્રમાણે વર્ણન કર્યું કે," હે દેવાનુપ્રિય! અહીં મહામહાણ પધાર્યા હતા?" ત્યારે સદ્દાલપુત્રે પૂછ્યું તમે કોને મહામહાણ કહો છો? ગોશાળાએ જવાબ આપ્યો કે,"હે સદ્દાલપુત્ર! સૂક્ષ્મ અને બાહર બન્ને પ્રકારના જીવોની હિંસાથી વિરમેલા હોવાથી શ્રી મહાવીર જ મહામહાણ છે. પ્રભુ વીરના વિવિધ વખાણ સાંભળી હર્ષિત થયેલા શ્રેષ્ઠીએ બહુમાન પૂર્વક ગૌશાળાને કહ્યું કે, "તમે તે સર્વજ્ઞનું યથાર્થ વર્ણન કર્યું છે. તેથી હું તમને સત્કારપૂર્વક અશન, વસ્ત્ર, વગેરે આપું છું, પરંતુ ધર્મબુધ્ધિથી આપતો નથી." આ પ્રમાણે અનેક યુક્તિ યુક્ત વાક્યોથી તેને પ્રભુના ધર્મમાં દઢ જાણીને ગોશાળે વિલક્ષ થઈ અન્યત્ર વિહાર કર્યો. આવા ધર્મનિષ્ઠ સદ્દાલપુત્ર શ્રાવકધર્મ પામ્યા પછી પંદરવર્ષ પૌષધ લઈ પૌષધશાળામાં રહ્યો હતો. ત્યાં પિશાચ દ્વારા અનેક ઉપસર્ગ છતાં ધર્મમાં સ્થિર રહ્યો. અને શ્રાવકની અગિયાર પ્રતિમા વહન કરી ત્યાંથી મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો દેવતા થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિધ્ધપદને પામશે.[૬૯]

## -:જયણામાં જયણા:-

સમ્યક્ત્વ જાળવવા જતાં શાસન હીલના થાય, જૈન ધર્મ પર લોકોને દ્વેષ ભાવ ઉભો થાય. જૈન દેવ-ગુરુ પ્રત્યે દુર્ભાવ થાય એવી પરિસ્થિતિ સર્જાતી હોય. અથવા કો'ક જયણા ઢીલી કરવામાં બીજાને ધર્મ પમાડવાની તક ઉત્તમ થતી હોય ઈત્યાદિ

નિમિત્તો આવે, તો આ પાળવાની જયણામાં પણ કેટલીક જયણા છે. મનમાં સમ્યક્ત્વને ટકાવી ઉપરોક્ત બાબતથી અન્ય રીતે વર્તી શકાય છે.

પૂજ્યપાદ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજ શ્રી સિધ્ધરાજ જયસિંહ સાથે સોમનાથ મંદિરે ગયા હતા ને વીતરાગ સ્વરૂપને જ આગળ કરી મહાદેવની સ્તુતિ કરી હતી.

(૧) સંપ્રતિ રાજાએ જાતિ સ્મરણ જ્ઞાનથી પોતાનો પૂર્વનો ભિખારીનો ભવ જાણી ભિક્ષુક-ભિખારી વગેરે બધા માટે અન્નશાળાઓ ખોલી હતી. શ્રી વસ્તુપાળ-તેજપાળે જૈનેતર મંદિરો અને મસ્જિદો બંધાવ્યાના ઉલ્લેખો પણ આવે છે.

(૨) શ્રી ભગવતી સૂત્રમાં આવે છે. શ્રી ગૌતમસ્વામી પ્રભુ વીર પાસે આવી રહેલા સ્કંદક વગેરે અન્ય તીર્થિકોને લેવા સામે ગયા હતા, કેમકે પ્રભુને પૂછીને જાણી લીધું કે તે સ્કંદક વગેરે પ્રભુ પાસે ધર્મ પામવાના છે.

(૩) શ્રી ભરત ચક્રવર્તીએ પરિવ્રાજક વેશમાં રહેલા મરીચિને ભાવી તીર્થંકર જાણી પ્રદક્ષિણા-વંદનાદિ કર્યા હતા.

(૪) ટુંકમાં આવા વિવિધ દાખલાઓ-દ્રષ્ટાંતોમાં સમકિતીની ઉપરોક્ત છ જયણામાંથી કોકને કોક જયણા જળવાઈ નથી, છતાં તે માન્ય ગણાય છે. કેમ કે એથી જૈન શાસનની શોભા વધી વગેરે લાભ થાય છે.[૧૭૦]

## અધિકાર દશમો - ઢાળ દશમી - છ આગાર

શુદ્ધધર્મથી નવિ ચળે, અતિ દઢ ગુણ આધાર લલના....
તો પણ જે નહિ એહવા, તેહને એહ આગાર...લલના. ...૫૧

બોલ્યું તેહવું પાળીએ, દંતિદંત સમ બોલ લલના....
સજ્જનને દુર્જન તણા કચ્છપ કોટિને તોલ લલના. ...૫૨
બોલ્યું તેહવું....

રાજા નગરાદિકનો ધણી, તસ શાસન અતિયોગ લલના....
તેહથી કાર્તિકની પરે, નહિ મિથ્યાત્વ સંયોગ લલના. ...૫૩
બોલ્યું તેહવું....

મેળો જનનો ગણ કહ્યો, બળ ચોરાદિક જાણ લલના....
ક્ષેત્રપાલાદિક દેવતા, તાતાદિક ગુરુ જાણ લલના. ...૫૪
બોલ્યું તેહવું....

વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણ કાંતાર લલના....
તે હેતે દૂષણ નહિ, કરતાં અન્ય આચાર... લલના. ...૫૫
બોલ્યું તેહવું....

**-:ગાથાર્થ:-**

દઢપણે સત્યના ગુણોને વળગી રહેનાર સાત્ત્વિક પુરુષો શુધ્ધધર્મથી લેશ માત્ર ડગતા નથી. તો પણ, જે એવા સાત્ત્વિક પુરુષો ન હોય. અને કદાચ હુમલો ન સહન કરી શકે તેને માટે આ આગારો સમજવાના છે. (૫૧)

કેમકે ખરી રીતે તો જેવું બોલ્યા હોઈએ, તેવી રીતે પ્રતિજ્ઞા પાળવી જોઈએ. કેમકે સજ્જનો તો હાંથીના દાંત જેવા બોલવાળા હોય છે. માત્ર દુર્જનો જ કાચબાની ડોક જેવી પ્રતિજ્ઞાવાળા હોય છે. રાજા એટલે-શહેર-રાજ્યધાનીનો આગેવાન. તેની આજ્ઞાનો અભિયોગ- એટલે હુમલો આવે. તે રાજાભિયોગ કહેવાય. (૫૨)

કાર્તિક શેઠની પેઠે ગૈરિક-તાપસને રાજાની આજ્ઞાથી જમાડતા મિથ્યાત્વ લાગેલું નહોતું તેમ સમકિતથી વિરૂધ્ધ આચરણ કરતાં મિથ્યાત્વ ન લાગે. (૫૩)

માણસોનો મેળો એટલે જનસમૂહનું દબાણ આવે. તે ગણાભિયોગ, ચોરલુંટારા, લશ્કરનું દબાણ આવે તે બલાભિયોગ, ક્ષેત્રપાળાદિક દેવતાનું દબાણ થાય તે દેવાભિયોગ, અને માતા પિતા વગેરે વડિલ તરીકે હોય તેમનું દબાણ થાય, તે મહત્તર-ગુરુ નિગ્રહાભિયોગ (૫૪)

મુશ્કેલી ભરી આજીવિકા કે ભયંકર જંલાદિકમાં મુશ્કેલી આવી પડે તેનું નામ ભીષણકાંતર-વૃત્તિ નામે આગાર. આ છ કારણે સમકિતને છાજે તેનાં કરતા જુદી રીતે વર્તન કરવા છતાં, દોષ લાગતો નથી. (૫૫)

છતાં શાસ્ત્રકારોનો ઉપદેશ એ છે કે જેમ બને તેમ પોતાના બોલ, પોતાની પ્રતિજ્ઞા પાળવામાં દઢ રહેવું જોઈએ.[૨૭]

પ્રવચનસારોધ્ધારમાં શાસ્ત્રકાર ભગવંત જણાવે છે કે, આગાર એટલે અપવાદ તે છ પ્રકારે હોઈ શકે છે. (૧) રાજાભિયોગ, (૨) ગણાભિયોગ, (૩) બલાભિયોગ, (૪) દેવાભિયોગ, (૫) ગુરુનિગ્રહ, (૬) કાંતાર વૃત્તિ.

જૈન શાસનમાં જ્ઞાની ભગવંતોએ બતાવેલ બે માર્ગ છે. જિનકલ્પી મુનિઓ જે શૂરવીર અને મક્કમ હોય છે. તેઓ ઉત્સર્ગ માર્ગ અપનાવે છે. ગમે તેટલી મુશ્કેલી પડવા છતાં માર્ગ અપનાવવા માટે મજબૂત હોય છે. જ્યારે વર્તમાન કાળે કાળ, સંઘયણ, ધૃતિ અને બળના અભાવે જીવો પ્રાયઃ ઉત્સર્ગ માર્ગનું સેવન કરી શકતાં

નથી. અપવાદમાર્ગમાં આંતરિક શ્રધ્ધા અખંડ હોય છે. બાહ્ય વર્તન જુદા પ્રકારનું હોય છે.

आगारा:षड्विद्या: प्रोक्ता अपवादे जिनादिभि:।
राजगुरु वृत्ति कान्तार–गणदेवबलैर्युता:।। १।।

ભાવાર્થ:- ''શ્રી જિનેશ્વરોએ અપવાદ માર્ગે છ પ્રકારના આગાર કહેલા છે. રાજાની આજ્ઞાથી, ગુરુજનની આજ્ઞાથી, આજીવિકાને માટે, સમુદાયના કહેવાથી, દેવના બળાત્કારથી અને કોઇ બળવાનના બળાત્કારથી એ પ્રમાણે છ આગાર છે.''

उस्सग्गसुअं किंचि किंचिअ अववायं भवे सुत्तं
तदुभय सुत्तं किंचि, सुत्तस्स भंगा मुणेयव्वा।। १।।

ભાવાર્થ:- ''કોઇક સૂત્ર ઉત્સર્ગનું હોય તો કોઇક સૂત્ર અપવાદનું હોય અને કોઇક સૂત્ર ઉત્સર્ગ તથા અપવાદ એ બન્નેને લાગુ પડે છે. એમ સૂત્રના ત્રણભંગ સમજવા. એવી જ રીતે જિનવચનમાં સમજવું.[૧૭૨]

## રાજાભિયોગ નામનો પ્રથમ આગાર

दाक्षिण्येन क्षितीशस्य, बलाद्वा वाक्यतोऽथवा।
कुदृष्टीनां नमस्कारो, राजाभियोग उच्यते।। १।।

રાજાની દાક્ષિણ્યતા વડે, તેના બળાત્કારથી, અથવા તેના વચનથી મિથ્યાત્વીઓને નમસ્કાર કરવો પડે તે રાજાભિયોગ કહેવાય છે.

## -:કાર્તિક શેઠનું દ્રષ્ટાંન્ત:-

પૃથ્વીભૂષણ નગરમાં મુનિસુવ્રત સ્વામીથી ધર્મ પામેલા કાર્તિક શ્રેષ્ઠી હતા. એકદા ગૈરિક નામનો તાપસ કાયમ માસોપવાસ કરીને પારણું કરતો હતો. એક કાર્તિક શેઠ વિના સર્વ તેના ભક્ત થઇ ગયા. તેથી ગૈરિક તાપસને તેના પર દ્વેષ રહેવા લાગ્યો. એકવાર રાજાને ત્યાં પારણું કરવાનું આમંત્રણ આવ્યું. તેથી તેણે (તાપસે) કહ્યું કે જો કાર્તિક શેઠ પીરસવા આવશે તો પારણું કરીશ. રાજાએ હા પાડી. રાજાએ કાર્તિકને કહેવડાવ્યું કે તારે તાપસને પારણું કરાવવા આવવાનું છે. શ્રેષ્ઠીએ કહ્યું કે આપની આજ્ઞાથી હું જમાડીશ. ''रायाभियोगेणं'' આગાર હોવાથી રાજાના આગ્રહ વડે નિષિદ્ધ કાર્ય કરવામાં વ્રતનો ભંગ થતો નથી. એમ વિચારી હા પાડી. પછી તાપસને પીરસવા માટે ગયો. ત્યાં પીરસવા માટે નમતા જોઇ તાપસે પોતાના નાક પર આંગળી ઘસીને ઇશારો કર્યો કે, ''તારું નાક કપાયું.'' તે જોઇ શ્રેષ્ઠીએ વિચાર કર્યો

કે ''જો પ્રથમથી જ દીક્ષા ગ્રહણ કરી હોત તો આ તાપસ મારો પરાભવ કરી શકત નહિ.'' એમ વિચારી તેણે એક હજારને આઠ વણિક પુત્ર સહિત દીક્ષા લીધી. આગમ અભ્યાસી બાર વર્ષ સંયમ પાળી સૌધર્મેન્દ્ર ઇન્દ્ર થયા. તાપસ મરણ પામી પોતાના અજ્ઞાન ધર્મને પ્રભાવે તે જ સૌધર્મેન્દ્રનો ઐરાવણ હાથી થયો. ઇન્દ્રે અવધિજ્ઞાનથી જોયું તો ગૈરિક તાપસનો જીવ જાણ્યો. તેથી ઇન્દ્રે પોતાનું સ્વાભાવિક રૂપ પ્રગટ કર્યું. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થઇ સિધ્ધપદને પામશે.[૧૭૩]

## સમકિતનો બીજો આગાર:- ગણાભિયોગ

समुदायो जनानां हि, स एवोक्तो जिनैर्गणः
क्रियते तस्य वाक्येन, निषिद्धमपि सेवनम्।। १।।

गणाभियोग आगारो, द्वितीयोऽयं निगद्यते
केचिदुत्सर्गपक्षस्था, नैवं मुञ्चत्यभिग्रहम्।। २।।

ભાવાર્થ:- મનુષ્યના સમુદાયને જિનેશ્વરો એ ગણ કહેલો છે. તે ગણના વાક્યથી નિષિદ્ધ કાર્યનું પણ સેવન કરવું પડે તે બીજો ગણાભિયોગ નામનો આગાર કહેવાય છે. ઉત્સર્ગ પક્ષમાં દૃઢ એવા કેટલાક ગણાભિયોગે પણ પોતાના નિયમને છોડતા નથી. આ પ્રંસગ પર સુધર્મ રાજાની કથા.

## -:સુધર્મ રાજાની કથા:-

પંચાલ દેશમાં જૈનધર્મનો દૃઢ રાગી સુધર્મ નામનો રાજા હતો. એકવાર રાજા પાસે વાત આવી કે મહાબલ નામનો ચોર લોકોને બહુ પીડા કરે છે. રાજા જાતે જ સૈન્ય લઇને ચોરનો નિગ્રહ કર્યો. ત્યારબાદ જ્યારે રાજ્યમાં પાછા ફર્યા ત્યાં નગર પ્રવેશ કરતી વેળાએ નગરનો મુખ્ય દરવાજો એકાએક તૂટી પડયો. તે જોઇને અપશુકન જાણી રાજા ગામની બહાર જ રહ્યો. મંત્રીઓએ જલદીથી નવો દરવાજો કરાવ્યો તે પણ પ્રવેશ વખતે પડી ગયો. વારંવાર દરવાજો કેમ પડી જાય છે? તે પ્રશ્ન રાજાએ મંત્રીને કર્યો ત્યારે મંત્રીએ કહ્યું કે, જો આપ પોતાના હાથથી એક પુરુષને હણીને તેનું બલીદાન આપો તો દરવાજાનો યક્ષદેવ પ્રસન્ન થાય. રાજાએ કહ્યું કે જે નગરમાં પ્રવેશ કરવા માટે જીવ વધ કરવો પડે તે નગરમાં જવાનું મારે શું પ્રયોજન છે? આ રીતે રાજાએ ના પાડી. આ બાજુ મંત્રીએ સમગ્ર પૌરજનો, મહાજન વગેરે બોલાવી વાત કરી. બધા રાજાને સમજાવવા પ્રયત્ન કર્યો. સઘળું પાપ અમારે માથે ઇત્યાદિ કહીને મહાપ્રયત્ને રાજાની પાસે મૌન રહેવા હા પડાવી. પછી મહારાજનોએ એક સુવર્ણ પુરુષ બનાવ્યો અને એક કરોડ સોનામહોર ગામમાં ફેરવી અને જાહેર કર્યુ કે,''જો કોઇ

માતા પોતાના પુત્રને પોતાના હાથે વિષ ખવરાવે અને તેનો પિતા પોતાને હાથે તેનું ગળું મરડી નાંખે તો આ બધુ ભેટ મળશે.'' ગામમાં એક દરીદ્ર વરદત્ત નામનો બ્રાહ્મણ તેને સાત પુત્રો હતા. તેણે તેની પત્નીને કહ્યું કે, આપણો નાનો પુત્ર આપીને આપણે બધું દ્રવ્ય ગ્રહણ કરીએ. તેણે પણ નિર્દયપણાથી પતિનું વાક્ય અંગીકાર કર્યું. હવે માતા પિતાએ તેમનો નાનો પુત્ર ઇન્દ્રદત્ત મહાજનને આપ્યો. ત્યારે ઇન્દ્રદત્તે વિચાર કર્યો કે, ''અહો! સંસાર કેવો સ્વાર્થી છે કે દ્રવ્ય માટે પોતાના પુત્રને પણ મારી નાંખવા તૈયાર થયા છે.'' મહાજનો એ પુત્રને શણગારી રાજા પાસે લઇ ગયા. રાજાએ હસતે મુખે આવતા તે બાળકને જોઇને પૂછયું કે,''હે બાળક! તું કેમ હસે છે? શું તું મરણથી પણ બીતો નથી?'' તે સાંભળી બાળક બોલ્યો કે, હે રાજા! જ્યાં સુધી ભય પ્રાપ્ત થયો ન હોત ત્યાં સુધી જ ભયથી બીવું. પરંતુ ભયને આવેલો જોઇને તો તેને નિ:શંકપણે સહન કરવું. પછી ભય રાખવો નિષ્ફળ છે. પછી ઇંદ્રદત્તે કહ્યું કે,''હે રાજા! આ જગતનો એવો નિયમ છે કે- પિતાથી તાપ પામેલો પુત્ર માને શરણે જાય,- માતાથી ઉદ્વેગ પામેલો પુત્ર પિતાને શરણે જાય, બન્નેથી પરિતાપ પામેલો રાજાને શરણે જાય. અને રાજાથી પણ ઉદ્વેગ પામેલો હોય તો તે મહાજનને શરણે જાય છે. હવે જ્યાં માતા પોતે જ વિષ આપે છે, પિતા ગળું મરડે છે, રાજા તે કાર્યમાં પ્રેરણા કરે છે. અને મહાજનો દ્રવ્ય આપીને તે કાર્ય કરાવે છે. તો પછી કોનું શરણું લેવું? કેમ કે- માતા-પિતાએ પુત્રને આપી દીધો. રાજા શત્રુ થઇને ઘાત કરવા બેઠો, દેવતા બલિદાનની ઇચ્છા રાખે છે. તો હવે લોકો શું કરે? માટે હે રાજન! હવે મારે ભય રાખીને શું કરવું? હવે તો રાજી ખુશીથી યમરાજાના અતિથિ થવું તે જ યોગ્ય છે.''

આ પ્રમાણે બાળકના વચનથી રાજા બોલ્યો કે, હું તને છોડી મૂકું છું. તને જે મારે તે મારો શત્રુ છે. તું સુખેથી જીવતો રહે. મારે આ નગરનું કોઇ જ પ્રયોજન નથી. આ રીતે સમગ્ર નગરમાં સેવક દ્વારા પડહ વગડાવ્યો. આ પ્રમાણે રાજાનું ધૈર્ય જોઇને તરત જ એકદેવ પ્રગટ થઇ બોલ્યો કે, ''હે રાજન! તારા ધૈર્યની શક્રે કરેલી પ્રશંસા સાંભળી તેની પરીક્ષા કરવા માટે મેં દરવાજો ત્રણ વાર પાડી નાંખ્યો હતો. પરંતુ તારા ધૈર્યથી હું સંતુષ્ટ થયો છું.'' એમ કહી રાજાને પ્રણામ કરી દરવાજો હતો તેવો કરી દઇ રાજાની પ્રશંસા કરતો તે દેવ સ્વસ્થાને ગયો.

સુધર્મ રાજાએ સર્વજનોના આગ્રહથી પણ હિંસાવાળું વાક્ય કબૂલ કર્યું નહિ. પ્રાંતે વૈરાગ્યથી ચારિત્ર ગ્રહણ કરી રાજા મોક્ષસુખને પામ્યો.''[૧૭૪]

## સમકિતનો ત્રીજો આગારઃ- વૃત્તિકાંતાર.

दुर्भिक्षारण्यसंपर्के, जीवनार्थं विधायते।

मिथ्यात्वं स च कान्तारवृत्तिनाम निगद्यते।। १।।

ભાવાર્થઃ- દુષ્કાળને વિષે અન્નાદિકને અભાવે તથા અરણ્યમાં ભૂલા પડતાં, જળ ફળ વગેરેના અભાવે જીવવાને માટે જે કાંઇ મિથ્યાત્વનું સેવન કરવું પડે તે 'કાંતાર વૃત્તિ' નામનો આગાર કહેવાય છે.

ઉત્સર્ગ અપવાદને જાણનાર કોઇ સંવિજ્ઞ પુરુષ જીવિતને રાખવા માટે મિથ્યાત્વ સેવે નિયમભંગાદિ કરે તે વૃત્તિકાંતાર નામનો ત્રીજો આગાર છે.

## ચોથો આગાર- ગુરુ નિગ્રહ.

पितृमातृकलाचार्या, मिथ्यात्वभावितचेतसः

कारयन्ति यथेच्छं ते, तद्गुरुनिग्रहो भवेत् ।। १।।

ભાવાર્થઃ- માતા-પિતા, કલાચાર્ય જો મિથ્યાત્વથી વાસિત્ત ચિત્તવાળા હોય અને તેથી તેઓ પોતાની ઇચ્છાથી કાંઇપણ નિષિદ્ધકાર્ય કરાવે. તો તે ગુરુ નિગ્રહ કહેવાય. આરોગ્યદ્વિજનું દષ્ટાંત ઇતિહાસમાં પ્રસિધ્ધ છે કે તેણે ગુરુ નિગ્રહ આગાર જાણવા છતા ધર્મમાં દઢ રહ્યો અને પાપનું સેવન ન કર્યું.

## પાંચમો આગારઃ- દેવાભિયોગ

कुलदेवादिवाक्येन, यन्मिथ्यात्वं विधायते।

स सम्यक्त्वरतानां च, भवेत्सुराभियोगकः।। १।।

ભાવાર્થઃ- 'કુલદેવાદિકના વચને કરીને જે કાંઇ મિથ્યાત્વનું સેવન કરવું પડે તે સમ્યકૃત્વધારીને દેવાભિયોગ નામનો આગાર કહેવાય છે.'

આ માટે નમિ રાજર્ષિની કથા તથા શ્રી ઉપાસકદશાંગ સૂત્રમાં ચૂલનીપિતા નામના શ્રાવકની જેમ કેટલાક જીવો વ્રત ગ્રહણ કર્યા પછી દેવાદિકના ઉપસર્ગથી ચપળતા પામે છે. પરંતુ મહાદોષ લાગતો નથી.

## છઠ્ઠો આગારઃ- બલાભિયોગ

बहूनां हठवादेन, बलाद्वा त्यक्तसेवनम् ।

एवं बलाभियोगः स्यात्, षडेते छिडिका मताः।।

ભાવાર્થ:- ઘણા લોકોના હઠવાદથી અથવા કોઈના બળાત્કારથી ત્યાગ કરેલાનું સેવન કરવું પડે એ બલાભિયોગ આગાર કહેવાય છે.

સુદર્શન શ્રેષ્ઠીની કથા ઘણી પ્રસિદ્ધ છે. અભયારાણીએ સુદર્શનને પોતાને વશ કરવા ઘણા પ્રયત્નો કર્યા. પરંતુ મરણાન્ત ઉપસર્ગ થવા છતાં તે દઢ રહ્યા અને અંતે કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.[૧૭૫]

## અધિકાર ૧૧મો - ઢાળ ૧૧ - છ ભાવના (મલ્હાર રાગ)

ભાવિજે રે! સમકિત જેહથી રુઅડું,
તે ભાવના રે! ભાવો કરી મન પરવડું,
જો સમકિત રે! સાજું તાજું મૂળ રે!
તો વ્રત-તરુ રે ! દીએ શિવફળ અનુકુળ રે!. ...૫૬

### -: હરિગીત છંદ:-

અનુકૂળ મૂળ રસાલ સમકિત, તેણ વિણ મતિ અંધ એ,
જે કરે કિરિયા ગર્વ ભરિયા, તેહ જુઠો ધંધ એ....
એ પ્રથમ ભાવના મુણો રુડી, સુણો બીજી ભાવના....
દ્વાર સમકિત ધર્મપુરનું એહવી એ પાવના. ...૫૭

### (મલ્હાર રાગ)

ત્રીજી ભાવના રે! સમકિત પીઠ જો દઢ સહી
તે મોટો રે! ધર્મ પ્રાસાદ ડગે નહિ!
પાયે ખોટે રે! મોટે મંડાણ ન શોભિયે....
તેણે કારણે રે! સમકિત શું ચિત્ત થોભિયે. ...૫૮

થોભિયે ચિત્ત નિત્ય એમ ચોથી ભાવના ભાવિયે,
સમકિત નિધાન સમસ્ત ગુણનું તેહવું મન લાવિયે;
જેહ વિણ છૂટાં રત્ન સરિખાં, મૂલ-ઉત્તર ગુણ સવે,
કિમ રહે તાકે જેહ હરવા, ચોર જોર ભવે ભવે... ...૫૯

### (મલ્હાર રાગ)

ભાવો પાંચમી રે! ભાવના સમદમ સાર રે...
પૃથ્વી પરે રે! સમકિત તસ આધાર રે...

છઠ્ઠી ભાવના રે! સમકિત ભાજન જો મળે,
શ્રુત શીલનો રે! તો રસ તેહમાંથી નવિ ઢળે. ...૬૦

## :હરિગીત:

નવિ ઢળે સમકિત ભાવના રસ અમિય સમ સંવર તણો
ષટ્ ભાવના એ કહી, એહમાં કરો આદર અતિ ઘણો
ઈમ ભાવતા પરમાર્થ જલનિધિ, હોય નિત્ય ઝકાઝોલ એ,
ઘન પવન પુણ્ય પ્રમાણ, પ્રગટે ચિદાનંદ કલ્લોલ એ. ...૬૧[૧૭૬]

### -:ગાથાર્થ:-

જેનાથી સુંદર સમકિત જેવા ગુણને વધુને વધુ સુવાસિત બનાવી શકાય, તેનું નામ અહીં સમકિતની ભાવના, મનને પવિત્ર કરીને એ ભાવનાઓ ભાવો.

'જો સમકિતરૂપી તાજું મૂળ જો કપાયા વગરનું સાજું હોય તો વ્રતોરૂપી ઝાડ મોક્ષરૂપી મનગમતું ફળ અવશ્ય આપે છે.' (૫૬)

માટે સમકિત એ રસભર્યું અનુકુળ મૂળ છે. તે વિના બુધ્ધિ આંધળી જ સમજવી. અને તેવી આંધળી બુધ્ધિથી જેઓ ગર્વમાં આવી ક્રિયાઓ કર્યા કરે છે. તે બધું જુઠું ધાંધલ સમજવું. એમ પહેલી ભાવના ગુણોથી ભરેલી સુંદર છે.

'સમકિતઃ ધર્મ રૂપી શહેરનો દરવાજો છે.' એવી બીજી પવિત્ર ભાવના સાંભળો. (૫૭)

**હવે ત્રીજી ભાવના:-**

'જો સમકિતરૂપ મજબૂત પડથાર બાંધીને તેના ઉપર મોટો ધર્મ મહેલ ચણિયે તો તે ડગે નહિ. કેમ કે- ખોટા પાયા ઉપર મોટી રચના કરીયે. તો તેમાં શોભા મળે જ નહિ. માટે સમકિતમાં ચિત્તને બરાબર સ્થિર કરવું.' (૫૮)

એમ ભાવના ભાવીને હંમેશા ચિત્તને સમકિતમાં સ્થિર કરવું. પછી ચોથી ભાવના ભાવિયે ત્યારે મનમાં. 'સમકિતએ સર્વ ગુણરૂપી રત્નોને સાચવી રાખવા માટેનો ભંડાર છે. એમ મનમાં લાવવું. કેમકે સમકિત વિના સર્વ ગુણો અને ઉત્તરગુણો છુટા રત્ન જેવા સમજવા. જેની ચોરી કરવાને ભવોભવથી કષાયો રૂપી જોરદાર ચોરો તાકી રહ્યા હોય છે. તે કેમ કરીને રહે? તેનું રક્ષણ શી રીતે થાય? તે ચોરાઈ જ જાય. (૫૯)

**પાંચમી ભાવના:-**

શમ-શાંતિ-દમ-ઈન્દ્રિયોનો સંયમ વગેરે ઉત્તમ ગુણો છે. પરંતુ સકળ પદાર્થનો આધાર પૃથ્વી છે. તેમ તે સર્વ ઉત્તમ ગુણો ટકવાનો આધાર તો સમકિત જ છે.

**છઠ્ઠી ભાવના:-**

જો સમકિતરૂપી મજબૂત વાસણ મળે તો શાસ્ત્ર અને સદાચારનો રસ તેમાંથી ઢળી શકે નહિં. (૬૦)

સમકિતના ભાવનો રસ તો ન ઢળે, પણ અમૃત જેવો સંવરનો રસ પણ ન ઢળે. એ છ ભાવનાઓ કહી. એ ભાવનાઓ ઉપર બહુ આદર રાખો. એ રીતે, રોજ રોજ દરેક વખતે સમકિતને દઢ કરનારી ભાવનાઓ ભાવવામાં આવે તો, પરમાર્થ બોધિરૂપે સમુદ્ર કાયમ છલોછલ ભર્યો રહે. અને જ્યારે ઉત્તમ પુણ્યરૂપી જોરદાર પવનના સપાટા તેને લાગે છે, ત્યારે તો આત્મામાં આનંદના તરંગો પેદા થાય છે.[૧૭૭]

## પહેલી ભાવના:- સમ્યક્ત્વ એ ધર્મનું મૂળ છે.

ધર્મસંગ્રહ ગ્રંથમાં કહ્યું છે કે, શ્રાવકના બાર વ્રતો સમ્યક્ત્વની શાખાઓ છે. અને બાર વ્રતોને આશ્રયીને ૧૩૮૪૧૨૮૭૨૦૨ ભાંગા છે. આ ભાંગામાંથી એક પણ ભાંગો સમકિત વિના ટકી શકે નહિ. તેથી સમ્યક્ત્વ એ ધર્મનું મૂળ છે.[૧૭૮] લલિત વિસ્તરાના પંજિકાકારે નિદાનની વ્યાખ્યા કરતી વખતે ધર્મ કલ્પવૃક્ષના મૂળ તરીકે સમ્યક્ત્વ બતાવી વિનયને થડ તરીકે વર્ણવ્યું છે.

દિગંબર આચાર્ય શુભચંદ્રજીએ જ્ઞાનાર્ણવ ગ્રંથમાં કહ્યું છે કે,

સમ્યક્ત્વ એ જ્ઞાન-ચારિત્રનું બીજ છે. (મૂળ છે.) મહાવ્રત અને ઉપશમ માટે પ્રાણ સ્વરૂપ છે. તપ-સ્વાધ્યાય માટે તે આશ્રય દાતા છે.[૧૭૯]

## બીજી ભાવના:- સમ્યક્ત્વએ ધર્મરૂપ નગરનું પ્રવેશ દ્વાર છે.

દર્શનપાહુડગ્રંથમાં શ્રીકુંદકુંદાચાર્ય કહે છે કે, ધર્મ એ દર્શન મૂલક છે. તેથી સમ્યક્ત્વ સહિત ચારિત્ર વંદનીય છે. જે દર્શનથી ભ્રષ્ટ છે. તે ભ્રષ્ટ છે. દર્શનથી ભ્રષ્ટ થયેલા જીવોને નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. ચારિત્રથી ભ્રષ્ટ છે. તે સિધ્ધિ મેળવી શકે પરંતુ દર્શનથી ભ્રષ્ટ સિધ્ધિ પ્રાપ્ત ન કરી શકે.[૧૮૦]

અચરમાવર્તમાં અનાદિકાળથી રહેલો જીવ ચરમાવર્ત કાળમાં આવે છે. યોગરૂપ બનતા ધર્મમાં પ્રવેશ સમ્યક્ત્વથી જ થાય છે. પ્રભુ મહાવીરનો નયસારનો ભવ, જેમાં

તેમને સમ્યક્ત્વની સ્પર્શના થઇ અને આગળ વધતા તીર્થંકર બની મોક્ષ સુખ પામ્યા. આમ શરૂઆત સમ્યક્ત્વમાં પ્રવેશથી જ થાય છે.

**ત્રીજી ભાવના:-** સમ્યક્ત્વ એ પાયો છે. જ્યારે પાયો કાચો હોય તો મકાન કે દેવાલય મજબૂત ન બની શકે તેમ, સમ્યક્ત્વરૂપી પાયો મજબૂત ન હોય તો યતિધર્મ કે શ્રાવકધર્મના વ્રતરૂપી મકાન ટકી ન શકે.

જ્ઞાન અને ચારિત્ર વિના પણ સમ્યગ્દર્શન પ્રશંસનીય છે. પરંતુ મિથ્યાત્વરૂપી વિષથી દૂષિત થવા પર જ્ઞાન અને ચારિત્ર અશ્લાઘનીય અપ્રશંસનીય બને છે.[૯૧]

## ચોથી ભાવના:-સમ્યક્ત્વ ધર્મનો ભંડાર છે.

સમ્યક્ત્વ એ નિધિ છે. જેમ ખાણ મળે પછી જ તેમાંથી રત્નો નીકળે છે. તેમ સમ્યક્ત્વરૂપી ખાણ મેળવ્યા પછી જ ચારિત્રરૂપી ધન પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શની આત્મા વિરતિધર્મ યુક્ત ન હોવા છતાં તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. તેના માટે કૃષ્ણરાજા અને શ્રેણિક રાજાનું દષ્ટાંત પ્રસિધ્ધ છે.[૯૨] ભૂતકાળમાં જેટલા નરપુંગવો સિધ્ધ થયા અને ભવિષ્યમાં જે થશે તે સમકિતનો જ પ્રભાવ છે.[૯૩]

દેવ-નારકીમાં અંતર્મુહૂર્ત પછી નવું સમકિત મળે જ્યારે મનુષ્યમાં આઠ વર્ષ પછી થાય છે અને તિર્યંચોમાં દિવસ પૃથકત્વ પશ્ચાત્ પ્રથમ સમકિતપ્રાપ્ત થવાની સંભાવના છે. એકવાર સમકિતથી ચ્યુત થયા પછી અંતર્મુહૂર્ત કાળ પછી પુન: સમકિત પ્રાપ્ત થઇ શકે છે. અહિં એવો ખ્યાલ આવે છે કે સમકિત એ અમૂલ્ય નિધાન છે. સાત પ્રકૃતિના ક્ષય-ઉપશમ-ક્ષયોયશમથી સમકિત પ્રગટે છે. મિથ્યાત્વી લોકોની જાળમાં ફસાઇ કેટલાંક ભોળા લોકો આ મહાનિધિ લૂંટાવી દરિદ્ર બને છે.

## પાંચમી ભાવના:- સમકિત એ ધર્મનો આધાર છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રમાં સર્વ પ્રથમ સઘળા પ્રયત્નથી સમકિતને મેળવવાનો જ પ્રયાસ કરવો જોઇએ. કારણ કે તેના સદ્ભાવમાં જ્ઞાન સમ્યગ્ જ્ઞાન અને ચારિત્ર સમ્યગ્ ચારિત્ર બને છે.[૯૪] આ રીતે શ્રાવક અને શ્રમણ ધર્મનો મુખ્ય આધાર સમ્યક્ત્વ છે.

## છઠ્ઠી ભાવના:- સમ્યક્ત્વ એ ધર્મનું પાત્ર છે.

સમકિત એ દ્વાદશાંગી અને સદાચાર રૂપી રસનું પાત્ર છે. કોઇપણ પેય પદાર્થ પાત્ર વિના ન રહી શકે. સમકિત ધર્મરૂપી અમૃત માટે પાત્ર તુલ્ય છે. સમકિત પ્રાપ્તિનો આધાર સમ્યક્શ્રુત છે. આચાર્ય ઉપાધ્યાય કે સાધુની પદવી સમ્યક્ત્વ વિના

ન હોય. અહિંસાનો આરાધક સ્યાદ્વાદી કે સમ્યગ્દષ્ટિ હોય. મૂળ, દ્વાર અને પ્રતિષ્ઠાન આ ત્રણ ભાવનામાં સમકિતના મૂળ દર્શાવેલ છે. જ્યારે નિધિ, આધાર અને ભાજન આ ત્રણ ભાવનામાં સમકિતથી ધર્મનું રક્ષણ થાય છે.

## -:વિક્રમ રાજાની કથા:-

मूलं द्वारं प्रतिष्ठान – माधारो भाजनं निधिः

द्विविधस्यापि धर्मस्य, षडेता बोधिभावनाः।। १।।

ભાવાર્થઃ- મૂળ દ્વાર, પ્રતષ્ઠિાન, આધાર, ભાજન અને નિધિ એ છ બન્ને પ્રકારના ધર્મને વિષે બોધિની ભાવના કહેલી છે.

કુસુમપુરને વિષે હરિતિલક રાજા અને ગૌરી નામની રાણી તેને વિક્રમ નામે પુત્ર હતો. વિક્રમ યુવાન થયો. તેને બત્રીશ રાજકન્યાઓ પરણાવી. તે દોગુંદક દેવની જેમ એકાંત સુખનો અનુભવ કરવા લાગ્યો. એકદા અશુભ કર્મના વશથી કુમારને અકસ્માત, કાસ, શ્વાસ અને જ્વરાદિક વ્યાધિઓનો ઉપદ્રવ થયો. તેના નિવારણ માટે ઘણા મંત્રતંત્ર અને ઔષધાદિક વડે ઉપચારો કર્યા. પરંતુ રોગ મટ્યો નહિ. એકદા તે નગરના ઉદ્યાનમાં વિમલ નામના કેવળી સમવસર્યા. તેથી રાજા વંદન કરવા ગયા સાથે પુત્રને લઇ ગયા. ત્યાં ધર્મદેશના સાંભળ્યા પછી રાજાએ પુત્રની મહાવ્યાધિનું કારણ પૂછ્યું, કેવળીએ કહ્યું કે પૂર્વે આ કુમાર પદ્મ નામે રાજા હતો. અન્યાયનું મંદિર હતો. એકવાર વનમાં જતા મુનિને કારણ વિના હણી નાંખ્યા. તેના ધાર્મિક પ્રધાનોએ પાંજરામાં નાંખ્યો. અને તેના પુત્રને ગાદીએ બેસાડ્યો. થોડા સમય પછી પાંજરામાંથી છૂટેલ રાજા વનમાં ગયા. ત્યાં મુનિને દીઠા એટલે તેને મારવા ગયા. મુનિએ જ્ઞાનથી દુરાચારી જાણીને તેજોલેશ્યા વડે મારી નાંખ્યો. ત્યાંથી મરીને સાતમી નરકે ગયો. ત્યાંથી મત્સ્યપણે, પછી છઠ્ઠી નરકે ભ્રમણ કરી, અનંતા ભવ કરી અકામનિર્જરા વડે કર્મ હલકા થવાથી કોઇ શ્રેષ્ઠીનો પુત્ર થયો. ત્યાં તાપસ તરીકે દીક્ષા લીધી. ત્યાંથી મરી તારો પુત્ર થયો. મુનિ ઘાતના પાપને કારણે રોગો ઉત્પન્ન થયા છે. આ પૂર્વભવ સાંભળી કુમારને ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. કુમારે મુનિને વિનંતિ કરી કે મને આ સંસારરૂપી કૂવામાંથી બહાર કાઢો. મુનિએ દયા વડે છ ભાવનાથી યુક્ત એવા સમકિતનું વર્ણન કર્યું. તેથી તે સમકિત સહિત શ્રાવક ધર્મને અંગીકાર કરી પોતાના નગરમાં ગયો. આરાધનાના બળે નિરોગી થયો. આ પછી મરણાંત ઉપસર્ગ આવવા છતાં ક્યારે પણ જીવહિંસા કરી નહિ. યક્ષ દ્વારા ઉપસર્ગ આવવા છતાં સ્થિર રહ્યા અને યક્ષને પ્રતિબોધ કર્યો. એક દિવસ રજવાડીમાં ફરવા જતાં એક શ્રેષ્ઠીને ત્યાં મહોત્સવ થતો જોઇ આનંદ પામ્યા. પણ પાછા ફરતાં રુદનનો

અવાજ આવ્યો. કારણ પુછતાં ખબર પડી કે પહેલા પુત્રનો જન્મ થયો હતો તેથી મહોત્સવ થતો હતો. પણ જન્મ્યા પછી તે પુત્ર મરણ પામ્યો તેથી કુંટુબીઓ રુદન કરે છે. આ સાંભળી રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. અને પુત્રને રાજ્ય પર બેસાડી દીક્ષા ગ્રહણ કરી અનુક્રમે કેવળજ્ઞાન પામી તે મોક્ષપદને પામ્યા.[૮૫]

## અધિકાર ૧૨મો છ સ્થાનો (ઢાળ-૧૨)

ઠરે જિહાં સમકિત તે થાનક, તેહના ષટ્‌વિધિ કહિયે રે...
તિહાં પહેલું થાનક છે ચેતન, લક્ષણ આતમ લહિયે રે...
ખીર નીરપરે પુદ્‌ગલ મિશ્રિત, પણ એહથી અળગો રે...
અનુભવ હંસચંચુ જો લાગે, તો નવિ દીસે વળગો રે. .. ૬૨

બીજું થાનક નિત્ય આતમા, જે અનુભવ સંભારે રે...
બાલકને સ્તનપાન વાસના, પૂરવ ભવ અનુસારે રે...
દેવ મનુજ નરકાદિક, તેહના છે. અનિત્ય પર્યાયો રે...
દ્રવ્ય થકી અવિચલિત અખંડિત નિજગુણ આતમ રાયા રે. .. ૬૩

ત્રીજું સ્થાનક ચેતનકર્તા, કર્મતણે છે યોગે રે...
કુંભકાર જિમકુંભ તણો જગ દંડાદિક સંયોગે રે...
નિશ્ચયથી નિજ ગુણનો કર્તા, અનુપચરિત વ્યવહારે રે...
દ્રવ્ય કર્મનો-નગરાદિકનો તે ઉપચાર પ્રકાર રે. .. ૬૪

ચોથું થાનક ચેતન ભોક્તા, પુણ્યપાપ ફળ કેરો રે...
વ્યવહારે નિશ્ચયનય દૃષ્ટિ નિજગુણ અનેરો રે...
પાંચમું થાનક એ છે પરમપદ, અમલ અનંત સુખવાસો રે...
આધિ વ્યાધિ તનમનથી લહીએ, તસ અભાવે સુખ ખાસો રે. .. ૬૫

છઠ્ઠું થાનક મોક્ષ તણું છે, સંજમ જ્ઞાન ઉપાયો રે...
જો સહેજે લહીએ તો સઘળે, કારણ નિષ્ફલ થાયો રે...
કહે જ્ઞાનનય જ્ઞાન જ સાચું, તે વિણ જુઠી કિરિયા રે...
ન લહે રૂપું રૂપું જાણી, સીસ ભણી જે ફિરિયા રે. .. ૬૬

કહે કિરિયા નય કિરિયા વિણ, જે જ્ઞાન તેહશું કરશે રે. ..
જલ પેસી કર પદ ન હલાવે, તારા તે કિમ તરશે રે
દૂષણ ભૂષણ છે ઇહાં બહુલા, નવ એક એકને વાદે રે...
સિધ્ધાંતી તે બિહું પખ સાધે, જ્ઞાનવંત અપ્રમાદે રે. ..૬૭

## -:ગાથાર્થ:-

જેમાં સમકિત સ્થિર થાય, તેનું નામ-સમકિતનું સ્થાનક તેના છ પ્રકાર છે. તેમાં

**પહેલું સ્થાનક :** 'આત્મા-એટલે-જેનામાં ચેતનારૂપ નિશાની જોવામાં આવે તે, એમ જાણવું.' દૂધ અને પાણી જેમ એક-બીજામાં મળી જાય છે. તેમ આત્મા અને પુદ્ગલ-શરીર એક બીજામાં મિશ્ર થઈ ગયેલા હોય છે. પણ ખરી રીતે આત્મા પુદ્ગલથી જુદો જ છે. સ્વ અને પરની વહેંચણ રૂપ અનુભવ જ્ઞાનરૂપી હંસની ચાંચ જો આત્મા અને પુદ્ગલરૂપ દૂધ અને પાણીના મિશ્રણને લગાડવામાં આવે તો 'આત્મા પુદ્ગલ સાથે તદ્દન મળી ગયો છે.' એમ નહિ દેખાય, 'પરંતુ જુદો જ છે.' એમ બરાબર સમજાશે. (૬૨)

**બીજું સ્થાનકઃ-** 'આત્મા નિત્ય છે.' 'કેમકે- નિત્ય હોવાથી જ અનુભવેલી પાછલી વસ્તુ તે યાદ કરી શકે છે.' જેમ બાળકને જન્મતાંની સાથે જ ધાવવાનું મન થાય છે. અને પૂર્વ વાસનાથી 'કેમ ધાવવું!' તે પણ તેને આવડે છે. તે પૂર્વ ભવના અનુભવને અનુસારે જ બને છે. નહિંતર ન બને. જો કે- આત્મા દ્રવ્ય નિત્ય છે, છતાં તેના દેવ, મનુષ્ય, નારક, તિર્યંચ વગેરે બધા પર્યાયો અનિત્ય છે. પોતાના ગુણોની અપેક્ષાએ તો આત્મારૂપી રાજા અવિચલિત અને સદા અખંડિત જ છે. એટલે આત્મા નિત્ય જ છે. (૬૩)

**ત્રીજું સ્થાનકઃ-** 'આત્મા યોગોની મદદથી કર્મ સાથેનો સંબધ રચે છે. તેથી કર્તા છે. જેમ દુનિયામાં દંડ, ચાકડો, વગેરેની મદદથી કુંભાર ઘડાનો બનાવનાર છે. તેમ આત્મા પણ કર્મોનો કર્તા છે.' નિશ્ચયનયથી- 'જો પોતાના ગુણોનો કર્તા છે.' અને અનુપચરિત વ્યવહારનયથીઃ 'પુદ્ગલ દ્રવ્યરૂપ કર્મનો પણ કર્તા છે. અને ઉપચરિત પ્રકારના વ્યવહારનયથી– 'પોતાના શહેર વગેરેનો પણ કર્તા છે. (૬૪)

**ચોથું સ્થાનકઃ-** 'આત્મા પુણ્ય અને પાપોના ફળોનો ભોગવનારો છે.' એ વાત વ્યવહારનયથી સમજવી. નિશ્ચયનયથી દ્રષ્ટિથી- 'આત્મા સ્વતંત્રપણે પોતાનાજ ગુણોને ભોગવે છે.'

**પાંચમું સ્થાનકઃ-** 'અચળ અને અનંતસુખના ધામરૂપ મોક્ષ સ્થાનક છે. આ જગતમાં- આધિ રૂપ મનનાં દુઃખો છે. અને વ્યાધિરૂપ શરીરનાં દુઃખો છે. ત્યાં મોક્ષમાં તેનો સર્વથા અભાવ હોવાથી પૂરે પૂરું સુખ જ છે.' (૬૫)

સંયમરૂપ ચારિત્ર અને સમ્યગ્જ્ઞાન એ બેનો મેળ મોક્ષ મેળવવાનો ઉપાય છે. જો મોક્ષ કોઈપણ પ્રકારના ઉપાય વિના મળી જતો હોય. તો સઘળેય ઠેકાણેથી અને સઘળીય રીતે મળી જવો જોઈએ અને તેમ હોય તો પછી જગતમાં કારણ-કાર્ય ભાવ

જ નકામો થાય. બધી સામગ્રી નકામી જ ગણાય. હવે અહીં જ્ઞાન નય કહે છે કે, ''જ્ઞાન જ સાચું છે. તે વિના ક્રિયા-સંયમ બધું નકામું છે. જે માણસનું મન રૂપું લેવાનું છે. તે રૂપું ઓળખતા જ નથી. તે દેખીને આ રૂપું પડ્યું છે.'' એમ જાણીને રૂપાને બદલે છીપ તરફ દોરવાઇ જશે. તેથી તે રૂપું શી રીતે લઇ શકે? ન લઇ શકે માટે જ્ઞાન જોઇએ. (૬૬)

ક્રિયાનયવાદી-સંજમવાદી કહે છે કે, ક્રિયા જ મોક્ષ આપનાર છે. તે વિનાનું જ્ઞાન શું કરવાનું હતું? વારુ! પાણીમાં પડ્યા પછી તરીયો માણસ હાથ પગ ન હલાવે, તો શું તે પાણીમાં તરી શકશે? ન તરી શકે.'' આ સ્થળે એક નયનો પક્ષપાત કરીને ચર્ચા કરવામાં પોતપોતાના તરફથી ઘણા ઘણા ફાયદા અને સામા પક્ષ તરફના ઘણા ઘણા નુકસાન બતાવવામાં આવે છે. પરંતુ જે જ્ઞાની અને અપ્રમાદી-સંયમી કે જેને જૈન શાસ્ત્રના સિધ્ધાંતના રહસ્યો જાણતો નથી. તે બન્નેય પક્ષને યોગ્ય સમજીને તેની મારફતે યોગ્ય રીતે પોતાની સાધના કરી શકશે નહિ. (૬૭)[૨૯]

**ઉપદેશ પ્રાસાદમાં લક્ષ્મીસૂરીશ્વરજી છ સ્થાનોને જણાવતા લખે છે કે,**

अनुभव सिद्धो जीवः प्रत्यक्षो ज्ञान चक्षुषाम्।
ज्ञायतेऽनेकवाञ्छाभि-रस्तिस्थानं तदेव हि ।। १ ।।

ભાવાર્થઃ- જ્ઞાનરૂપી નેત્રવાળાઓને પ્રત્યક્ષ એવો જીવ અનુભવ સિધ્ધ છે. તેમજ તે જીવ અનેક વાંચ્છાથી જણાય છે.(સિધ્ધ થાય છે.) તે પહેલું 'અસ્તિસ્થાન' કહેવાય છે.

द्रव्यस्यापेक्षा नित्यो हि, व्ययोत्पादिवर्जितः
पर्यायापेक्षयादनित्यः स सद्भावेन च शाश्वतः।। १ ।।

ભાવાર્થઃ- ''દ્રવ્યની અપેક્ષાએ નાશ અને ઉત્પત્તિ રહિત એવો નિત્ય આત્મા છે! પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે અને સદ્ભાવ વડે તે આત્મા શાશ્વત છે.''

शुभाशुभानि कर्माणि, जीवः करोति हेतुभिः।
येनात्मा कर्तृको ज्ञेयः कारणैः कुंभकृद्यथा ।। १ ।।

ભાવર્થઃ- ''જેમ કુંભાર માટી, ચક્ર અને ચીવર (દોરો) વગેરે કારણોથી ઘડાનો કર્ત્તા છે તેમ જીવ કષાયાદિક બંધનો હેતુઓ વડે શુભ અને અશુભ કર્મો કરે છે. માટે આત્મા કર્ત્તા કહેવાય છે.''

આ જીવ કર્ત્તા છે એવું સમકિતનું ત્રીજું સ્થાનક જાણવું. હવે ચોથું ભોક્તા

સ્થાનક કહે છે.

स्वयं कृतानि कर्माणि, स्वयमेवानुभूयते।
कर्मणामकृतानां च, नास्ति भोगः कदापि हि ।। २ ।।

ભાવાર્થ:- ''પોતે (આત્માએ) કરેલાં કર્મો (કર્મોનું ફળ) પોતે જ ભોગવે છે. કેમ કે નહિ કરેલા કર્મોનો ભોગ (અનુભવ) કદાપિ થતો જ નથી.'' આ જીવ ભોકતા છે એવું સમકિતનું ચોથું સ્થાનક જાણવું.

अभावे बन्धहेतूनां, घातिकर्मक्षयोद्भवे।
केवले सात मोक्षः स्या-च्छेषानां कर्मणां क्षये।। १।।

सुरासुरनरेन्द्राणां, यत्सुखं भुवनत्रये।
तत्स्यादनन्तभागोऽपि, न मोक्षसुखसंपदाम्।। २।।

अन्नतसुखसंपूर्णं, निर्वाणपदमक्षयम्।
नाद्यनन्नतप्रवाहेण, भाषितं विश्ववेत्तृभिः ।। ३।।

ભાવાર્થ:- ''કર્મના બંધ હેતુઓનો અભાવ થવાથી અને ઘાતી કર્મોનો ક્ષય થવાથી કેવળજ્ઞાન થયા પછી બાકીના અઘાતી ક્ષય થયે મોક્ષ પ્રાપ્ત થાય છે. ત્રણ જગતમાં સુર, અસુર અને નરેંદ્રોને જે સુખ છે. તે સર્વ સુખને એકત્ર કરીએ તો તે મોક્ષસુખની સંપદાને અનંતમે ભાગે પણ થાય નહિ. વિશ્વના સર્વ ભાવને જાણનાર જિનેશ્વરોએ નિર્વાણ(મોક્ષ)પદને અનંત સુખથી સંપૂર્ણ, અક્ષય(અવિનાશી) અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ અનંત કહેલું છે.'' આ નિવાર્ણ છે એ નામનું સમકિતનું પાંચમું સ્થાનક જાણવું.

**હવે છઠ્ઠું 'મોક્ષોપાય' (મોક્ષનો ઉપાય) છે એ નામનું સ્થાનક કહે છે:-**

ज्ञानादयस्त्रयः शास्त्रे, मोक्षोपायाः प्रकाशिताः।
इति सम्यक्त्वरत्नस्य, षट् स्थानानि विचिन्तयेत्।। १।।

ભાવાર્થ:- ''શાસ્ત્રોને વિષે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ મોક્ષના ઉપાયો કહેલા છે. આ પ્રમાણે સમકિતરૂપી રત્નના છ સ્થાનોનું ચિંતવન કરવું.''[૬૭]

अत्थिजिओ तह निच्चो कत्ता
भुतायपुण्णपावाणं
अत्थिधुवं निव्वाणं
तस्सोवाओ य छट्ठाणा ।। ५९।।

**સમ્યક્ત્વ સપ્તતિમાં આચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી સમકિતના છ સ્થાન બતાવે છે કે,**

(૧) આત્મા છે. (૨) તે નિત્ય છે. (૩) તે કર્મોનો કર્તા છે. (૪) પુણ્ય-પાપનો ભોકતા છે. (૫) મોક્ષ છે. (૬) મોક્ષના ઉપાય છે.

જૈનદર્શન અનુસાર આત્મા છે. તે અરૂપી છે. તે ઈન્દ્રિય ગ્રાહ્ય નથી. આત્માને કેવલી ભગવંત પ્રત્યક્ષ જાણે છે અને જુએ છે.[૧૯૮]

**(૧) જીવ છે (આત્મા છે.):** શ્રી ભગવતી સૂત્રમાં (આત્મા/જીવ) માટે પ્રાણ, ભૂત, સત્ત્વ, વિજ્ઞ, વેત્તા જેવા શબ્દો દર્શાવેલ છે. આત્મા ચૈતન્યયુક્ત અવિનાશી દ્રવ્ય છે. તે સદા જ્ઞાનવંત અને સુખ-દુઃખનો વેદક છે. આત્માથી ભિન્ન જડ તત્ત્વ છે. તે ચૈતન્યરહિત, જ્ઞાયકતા, અને વેદકતા રહિત છે.

**(૨) આત્મા નિત્ય છે:**

**શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે,**

दवदुयाइं निच्यो उप्पायविणासवज्जिओ जेणं।
युब्बकयाणु सरणओ पज्जाया तस्स उ अणिच्चा।।

ભાવાર્થ:- ''દ્રવ્ય અપેક્ષાએ ઉત્પત્તિ-વિનાશ રહિત, આત્મા નિત્ય છે. પૂર્વે કરેલાં કાર્યોના સ્મરણની જેમ તેની પર્યાયો અનિત્ય છે. શ્રી કલ્પસૂત્રમાં ભગવાન ઋષભદેવના, ભગવાન નેમિનાથના, ભગવાન પાર્શ્વનાથના તથા ભગવાન મહાવીર સ્વામીના પૂર્વભવોનું વર્ણન છે. વેદાન્ત દર્શન આત્માને એકાંત નિત્ય માને છે. તેવી જ રીતે સાંખ્ય અને યોગદર્શન પણ આત્માને એકાંત નિત્ય માને છે. અર્થાત્ આત્મા દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે. અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે.''[૧૯૯]

**(૩) આત્મા કર્મનો કર્તા છે.:-** જૈનદર્શનમાં કાર્મિક પુદ્ગલોને કર્મ કહેવામાં આવે છે. દ્રવ્યથી આત્મા નિત્ય હોવા છતાં જીવોમાં વિભિન્નતાનો કોઈ પાર નથી. તેનું મુખ્ય કારણ કર્મ છે.

कत्ता सुहाऽ सुहाणं कम्माणं कसयनेचमारहिं।
मिउदंड चक्रचीवर सामग्गि वसा कुलालुव्व।।

ભાવાર્થ:- કુંભાર, માટી, દંડ, ચક્ર, ચીવર આદિ સામગ્રીઓ વડે ઘડો નિર્માણ કરે છે. તેમ જીવ કષાય-યોગાદિકર્મ બંધના કારણો વડે શુભાશુભ કર્મોનો કર્તા બને છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ કહ્યું છે કે,''જીવ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મો

ઉપાર્જન કરી સંસારમાં પરિભ્રમણ કરે છે. જીવનો દરેક જન્મ તેના પૂર્વજન્મની અપેક્ષાએ પુનર્જન્મ છે. આત્મા કર્મનો કર્તા છે. તેથી જ કર્મથી મુક્ત થવા સાધના-આરાધના દરેક દર્શનોમાં દર્શાવેલ છે.''

**(૪) આત્મા કર્મનો ભોકતા છે :** कडाण कम्माण न मोक्ख अत्थि કરેલા કર્મો ભોગવ્યા વિના છુટકારો નથી. આત્માએ શુભાશુભ ભાવો વડે જે કર્મ ઉપાર્જન કર્યું છે. તે અનુસાર કર્મ ઉદય આવતા પોતાનું ફળ અવશ્ય દર્શાવે છે. શુભકર્મ પુણ્યરૂપે પરિણમે છે. અશુભ કર્મ પાપરૂપે પરિણમે છે. અને તે પ્રમાણે જીવ સુખ અને દુઃખનો અનુભવ કરે છે.

**(૫) મોક્ષ છે:** મોક્ષનું સુખ નિરુપમ-ઉપમા રહિત છે. મુક્ત જીવો રાગ-દ્વેષથી સર્વથા રહિત હોવાથી ફરી જન્મ લેતા નથી. એક સિધ્ધની અપેક્ષાએ મોક્ષની સ્થિતિ સાદિ અનંત છે. સર્વ સિધ્ધની અપેક્ષાએ અનાદિ અનંત છે. ઉત્તરાધ્યયનમાં અઠ્ઠયાવીસમા અધ્યયનમાં પ્રભુ મહાવીરે મોક્ષમાર્ગનું સ્વરૂપ દર્શાવેલ છે. અષ્ટવિધ કર્મોનો સંપૂર્ણ ક્ષય થવો તે મોક્ષ છે. તીર્થંકર પ્રતિપાદિત સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનું આચરણ કરવું તે મોક્ષ પ્રાપ્તિનો માર્ગ છે.[૯૦]

**(૬) મોક્ષના ઉપાય છે:** સમસ્ત દ્વાદશાંગી સૂત્રનો સાર સિધ્ધ અવસ્થા એટલે કે અયોગી દશા પ્રાપ્ત કરવાનો છે. તત્ત્વાર્થ સૂત્રમાં ઉમાસ્વાતિ મહારાજ જણાવે છે કે, सम्यग् दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः અર્થાત સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. માટે સમ્યગ્દર્શન મેળવવાથી જ મિથ્યાત્વ હટે નહિં ત્યાં સુધી સમ્યગ્દર્શન પ્રગટે નહિ. અને સમ્યગ્દર્શન વિના ત્રિરત્નની આરાધના એ છાણ પર લીંપણું કર્યા સમાન છે. આમ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ કર્મબંધનાં કારણો છે.[૯૧]

આ છ સ્થાન પર પ્રસંગોપાત સર્વ ગણધરોનું વર્ણન આવે છે કે, તેઓ વિવિધ શંકાથી પ્રભુ મહાવીર પાસે ગયા અને શાશ્વત સુખને પામ્યા. આવશ્યક નિર્યુકિતમાં કહ્યું છે કે,

परिनिव्वुआ गणहरा, जीवंते णायए नवजणाओ।
इंदभूइ सुहम्मो य, रायगिहे निव्वुए वीरे ।। १।।

ભાવાર્થ:-''નવ ગણધરો મહાવીર સ્વામીની હયાતીમાં નિવૃતિ પદને પામ્યા અને ઈન્દ્રભૂતિ તથા સુધર્મા સ્વામી રાજગૃહી નગરીમાં વીર ભગવાન નિર્વાણ પામ્યા પછી મોક્ષપદને પામ્યા.''[૯૨]

# અધિકાર- ૧૩મો

ઇણિપરે સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાહે રે,
રાગ દ્વેષ ટાલી, મનવાલી, તે સમ-સુખ અવગાહે રે,
જેહનું મન સમકિતમાં નિશ્ચળ, કોઇ નહિ તસ તોલે રે,
શ્રી નયવિજય વિબુધ-પય સેવક-વાચક જશ ઇમ બોલે રે..

**ગાથાર્થ:-** શ્રી નયવિજય વાચકના ચરણ કમલોની સેવા કરનાર શ્રી મહોપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે,''એ પ્રમાણે સડસઠ બોલનો બરાબર વિચાર કરી, સમજી અને જેઓ સમકિત ગુણની આરાધના કરશે, તે રાગદ્વેષનો નાશ કરી શકશે, સાચી શાંતિ મેળવી શકશે, મનને વશ કરી શકશે.''[૧૯૩]

''સમભાવનું સુખ મેળવી શકશે.''

જેનું મન સમકિતમાં દૃઢ હશે. તેની તોલે કોઇ નહિ આવી શકે.

અહિયા ઉપાધ્યાય યશોવિજય મહારાજે સજ્ઝાયની રચના દ્વારા ૬૭ બોલને આવરીને ગાગરમાં સાગર સમાવવા જેવું અદ્દ્ભૂત કાર્ય કર્યું છે. પૂ.હરિભદ્રસૂરિ રચિત 'સમ્યક્ત્વ સપ્તતિ' ગ્રંથના આધારે ઉપાધ્યાય મહારાજે અદ્દ્ભૂત વર્ણન કર્યું છે.

## સડસઠ બોલની સજ્ઝાયમાં કવિની કાવ્યશક્તિ

મધ્યકાલીન સાહિત્યમાં ૧૭મી ૧૮મી સદીનો સમય સાહિત્યનો સુવર્ણ યુગ મનાય છે. આ સમયગાળામાં જૈન સાધુ કવિઓએ વિપુલ સાહિત્ય સર્જન કર્યું છે. આ સમયમાં અનેક રાસાઓ, ફાગુ, બારમાસી, સ્તવનો, સજ્ઝાય જેવા સ્વરૂપોમાં સારા પ્રમાણમાં ખેડાણ થયું છે. જે મહત્ત્વના કવિઓએ સાહિત્યનું સર્જન કર્યું તેમાં અવધુયોગી આનંદઘનજી, ઉદયરત્નજી, મોહનવિજયજી, દેવચંદ્રજી વગેરે નોંધપાત્ર છે.

આ સર્વ કવિઓમાં જેમને લઘુ હરિભદ્ર, બીજો હેમચંદ્ર, કુર્ચાલી શારદ, વગેરે બિરુદો પ્રાપ્ત કર્યા છે તેવા ઉપાધ્યાય યશોવિજયજી જૈન સાહિત્યમાં સદાકાળ ચમકતા સિતારા છે. ઉપાધ્યાય યશોવિજયજીએ તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ ગ્રંથોની રચના કરી જ્ઞાનસાર, અધ્યાત્મસાર વગેરે. તેઓ ન્યાય શાસ્ત્રી હતા તેથી ન્યાય ગ્રંથોની રચનાઓ કરી, તેઓ એક કવિ પણ હતા. ઉપાધ્યાય યશોવિજયજીએ ત્રણ ચૌવીશીઓ, સજ્ઝાયો, અધ્યાત્મિક પદો, પ્રભુભક્તિના લલિત પદો, જંબુસ્વામી રાસ, સમુદ્ર વહાણ સંવાદ, જેવી અનેક કાવ્યમય રચનાઓ કરી છે.

ઉપાધ્યાય યશોવિજયજી સજ્ઝાયની રચના કરે છે. ત્યારે પણ તેમનામાં રહેલો

કવિ આપોઆપ પ્રગટ થાય છે અને તેથી જ તેમણે રચેલી 'સમકિતના સડસઠ બોલની સજ્ઝાય' શુષ્ક અને માત્ર તત્ત્વથી ભરપૂર ન બનતાં એક કાવ્યમય કૃતિ બની છે. તેથી જ આટલા વર્ષો પછી પણ આ કૃતિ માત્ર લોકપ્રિય જ નથી પણ 'સમ્યક્ત્વ' પામવા માટેની એક અદ્વિતીય અને અણમોલ કૃતિ બની રહી છે. જેના પર અનેક સાધુ ભગવંતોએ વિવેચના કરેલ છે.

ઉપાધ્યાય યશોવિજયજીએ રચેલા ચોવીસી અને પદોમાં તેમની કાવ્યશક્તિની પ્રતીતિ થાય એ તો સ્વાભાવિક છે. પણ કવિ જ્યારે જૈન ધર્મના ગહન તત્ત્વ 'સમ્યક્ત્વ'નું આલેખન કરે છે. ત્યારે તેમનું કાવ્યત્વ પ્રગટ થાય છે. અને વાચકને વાંચવા પ્રેરે છે. અને જીવનમાં ઉતારવાની પ્રેરણા પણ આપે છે.

જે રીતે સ્ત્રીઓ પોતાના સૌંદર્યને વધારવા અથવા સુંદર બનાવવા માટે અલંકારો, અભૂષણો, સુંદર વસ્ત્રોનો ઉપયોગ કરે છે. એજ રીતે કવિઓ પણ પોતાની કૃતિને સુંદર બનાવવા ભાષાના કેટલાંક અલંકારોનો, ઉપમાઓ, રૂપકનો ઉપયોગ કરે છે.

ઉપાધ્યાય યશોવિજયજી 'સમકિતના સડસઠ બોલ'ની સજ્ઝાયમાં બાર ઢાળ અને ૬૮ કડીની આ રચનામાં 'સમ્યક્ત્વ'ને સમજાવવા જેવાં કે ઉપમા, રૂપક, દષ્ટાંત વગેરેનો ઉપયોગ કરી કૃતિને સૌંદર્ય આપ્યું છે.

સડસઠ બોલની સજ્ઝાયમાં મંગલાચરણના પ્રથમ દોહામાં કવિ ઉપમા દ્વારા ઉત્તમ કાર્ય માટે સરસ્વતી માતાનું સ્મરણ કરવાનું કહે છે.

સુકૃતવલ્લી કાદંબિની, સમરી સરસ્વતીમાત
સમકિત સડસઠ બોલની, કહીશું મધુરી વાત ...(૧)

ઉપરોક્ત પંક્તિઓમાં ઉપમા અલંકારનો ઉપયોગ કવિએ કર્યો છે. સુકૃતરૂપી લત્તાને ઉગવા માટે, વિકસિત થવા માટે કે લીલીછમ રહેવા માટે વાદળોની શ્રેણિ સમાન સરસ્વતી દેવીનું સ્મરણ કરી. સમકિતના ૬૭ બોલની મધુરી વાત કરી છે.

- કવિ પ્રથમ ઢાળમાં હરિગીત છંદમાં વર્ણન કરતા કેટલીક કડીઓમાં ઉપમા આપતા જણાવે છે કે,

બીજી સદ્દહણા તેહના જે જાણ મુનિ ગુણ ઝવહરી...

ઉપરોક્ત પંક્તિમાં ચાર શ્રધ્ધામાં બીજી શ્રધ્ધાની વાત જણાવતા કવિ મુનિને ગુણોના જાણકાર ઝવેરીની ઉપમા આપે છે.

• આ ઉપરાંત, સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુધ્ધ કહે બુધ
તેહની સેવા કીજીએ, જીમ પીજીએ સમતા સુધા...(૮)

અને મુનિ સેવા સમતારૂપી અમૃત પીતા હોઇએ તેવી રીતે કરવી. આમ સમતાને અમૃતની ઉપમા આપીને કડીને અલંકૃત કરી છે.

• ત્રીજી શ્રધ્ધાના આલેખન વખતે કવિ દ્રષ્ટાંત અલંકારોનો ઉપયોગ કરે છે. અન્ય દર્શનીની સોબત ન કરવા માટે તેઓ સમુદ્રના ખારા જળમાં ભળેલું ગંગાનું મીઠું નીર પણ ખારૂં થઇ જાય છે. તે કડીઓ આ પ્રમાણે છે.

હીણા તણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે,
જ્યું જલધિ જલમાં ભળ્યું, ગંગાનીર લુણપણું લહે... (૧૦)

કવિ ત્રણ લિંગ જે સમકિતના છે. તેમાં શ્રુત અભિલાષ જે પ્રથમલિંગ છે. તેમાં કહે છે કે શ્રોતા શ્રવણ દ્વારા સાકર અને દ્રાક્ષ જેવો રસ પામે છે અહિં કવિ કહે છે કે, ગુરુભગવંતના મુખેથી બોલાતા શબ્દો એ કાનથી પીતી વખતે જીભથી ખવાતી સાકર અને દ્રાક્ષથી વધારે મીઠાશનો અનુભવ કરાવે છે. અદ્ભૂત રીતે ઉપમા દ્વારા ગળે ઉતરી જાય તેવી રીતે સમજાવે છે. એટલું જ નહિ રસ કેવો હોવો જોઇએ તે જણાવતા કહે છે કે, યુવાન વયવાળો સુખી, સ્ત્રીથી પરિવરેલો, ચતુર હોય એ સુરગીત જે રાગથી સાંભળે તેનાથી અતિ ઘણા વધારે રાગથી ધર્મ શ્રવણની રીત એટલે કે અભિલાષા હોય છે. તે દ્દષ્ટાન્ત દ્વારા પ્રથમ લિંગને અલંકાર, ઉપમા અને દ્દષ્ટાન્ત દ્વારા સમજાવ્યું છે.

• બીજા લિંગનું વર્ણન કરતા કવિ વર્ણવે છે કે,

ભુખ્યો અટવી ઉતર્યો રે, જિમ દ્વિજ ઘેબર ચંગ
ઇચ્છે તિમ જે ધર્મને રે, તેહિજ બીજું લિંગ રે...

પૂર્વકાલે બ્રાહ્મણ સામાન્યથી ભોજન પ્રિય હોય એમાં પણ ખાસ મિષ્ટાન પ્રિય હોય. આવો બ્રાહ્મણ જંગલ ઉતરેલો હોય. પાછો ભુખ્યો હોય અને સામે ઘેબરનું ભોજન હોય અને એ સમયે ભોજનની જેમ તીવ્ર ઈચ્છા હોય તેથી વધુ ધર્મ માટે, ત્યાગરૂપ ધર્મ માટે તીવ્ર ઇચ્છા હોય. આમ કવિ લૌકિક વાતના દ્દષ્ટાન્ત દ્વારા સુંદર રીતે આલેખન કર્યું છે. આમાં કવિની કાવ્ય શક્તિ અને સામાજિક માનસનું સુંદર

આલેખન કર્યું છે. કડી-૧૯માં ૧૦ પ્રકારનો વિનય જે ધર્મવૃક્ષના મૂળને પાંચ પ્રકારનો વિનય અમૃત રસથી સીંચે છે. આમ દસે વિનયને પાંચ ભેદ દ્વારા નવપલ્લવિત રાખવાની વાત કવિએ સુંદર રીતે નિરૂપી છે.

પાંચ દૂષણમાં બીજા દૂષણને વર્ણવતાં કવિ આલેખે છે કે,

કંખા કુમતની વાંછના, બીજું દૂષણ તજીએ
પામી સુરતરુ પરગડો, કિમ બાઉલ ભજીએ... ૨૪

જૈનમત સિવાય અન્ય મતની ઇચ્છા રાખવી આ દૂષણ એટલા માટે ત્યાજ્ય છે કે કલ્પવૃક્ષ સમાન જૈન ધર્મને છોડી કોણ બાવળ સમાન અન્યમતને ભજે. આમ જૈન મતને કલ્પવૃક્ષની ઉપમા દ્વારા કવિ કહે છે કે તેમાંથી બધું જ મળી જાય તો જીવ તું બાવળ સમાન અન્ય જગ્યાએ કેમ જાય છે?

આ ઉપરાંત કવિ કહે છે કે,

''બોલ્યું તેહવું પાળીએ, દંતિદંત સમ બોલ લલના...
સજ્જનને દુર્જન તણા કચ્છપ કોટિને તોલ લલના''...

છ આગારનું વર્ણન કરતા કવિ બીજા આગારને વર્ણવતાં કહે છે કે, સજ્જન તો હાથીના દાંતની જેમ એટલે કે જે વ્રત લેતી વખતે જે બોલ્યો હતો. તે પ્રમાણે પાળી બતાવે. વાત બદલવી કે વચન ફોક કરવું એ તો દુર્જનનું લક્ષણ છે. હાથીના દાંત એકવાર મોંમાંથી બહાર નીકળ્યા પછી ફરીથી હાથીના મોંમા જતાં નથી. જ્યારે કાચબો ડોકું બહાર કાઢે, પણ જરા ભય કે આપત્તિ દેખાય કે તરત અંદર લઇ લે. એની ડોક બહાર નીકળી એ નીકળી હવે અંદર નહિ જાય એવું નહિ. એમ દુર્જન કંઇક બોલે તો ખરા, પણ જરા કષ્ટ આપત્તિ આવતા ફેરવી તોલે! આમ સુંદર રીતે કવિએ દષ્ટાંત સહિત વર્ણન કર્યું છે. આ ઉપરાંત કવિએ સમકિતને બારણાની, ધર્મના પાયાની, રત્નની, ભાજનની, પૃથ્વીની આદિ વિવિધ ઉપમા દ્વારા જૈન શાસનમાં તેનું અજોડ મહત્ત્વ છે. તેવું જણાવે છે. આ ઉપરાંત સમકિતના છ સ્થાનમાં આત્મા અને પુદ્ગલના મિશ્રણને દુધ અને પાણીની ઉપમા દ્વારા સમજાવ્યા છે. અને જો હંસની ચાંચ જેવો અનુભવ થાય તો કદી પણ પુદ્ગલ વળગેલો દેખાય નહિ, તથા કુંભ-ઘડાના દષ્ટાંત દ્વારા આત્માને કર્મનો કર્તા છે, તેની પ્રતીતિ કવિ કરાવે છે.

આમ આ સજ્ઝાયમાં કવિ સંસારનાં ઉદાહરણો આપીને તત્ત્વની વાત કાવ્યમય રીતે સરળતાથી ગળે ઉતરી જાય તેમ સમજાવવા પ્રયત્ન કર્યા છે. તેમણે આઠ પ્રભાવકમાં પ્રવચન પ્રભાવકને મેઘની ઉપમા, તો પાંચ ભૂષણમાં સમકિતને આભૂષણો તરીકે વર્ણવ્યા છે. જ્યારે સંસારને કેદખાના રૂપે સરખાવ્યા છે. સામાન્ય, અજ્ઞાની, અબુધ માણસ પણ આ વાત સમજી શકે અને સમ્યક્ત્વ પામવા માટે પ્રયત્ન કરે એવું સુંદર વર્ણન કર્યું છે.

કવિની તાત્ત્વિકતા તો છે જ પણ તેને કાવ્યમય રીતે અલંકારોથી યુક્ત સજ્ઝાયમાં આલેખવી તે તેમની અદ્‌ભૂત કાવ્યમયતાની પ્રતીતિ કરાવે છે. જૈનધર્મમાં આ એક સજ્ઝાય પ્રાથમિક ભૂમિકાના જીવો માટે ખજાના સમાન છે.

આ સજ્ઝાયમાં આખા 'સમ્યક્ત્વ સપ્તતિ' ગ્રંથને આવરી લીધો છે. કવિની આ શૈલી, કળા એ વિશિષ્ટ રીતની સરસ્વતીની કૃપા જોઈ શકાય છે. તેમને જે ઉપનામ આપ્યુ છે કે 'કુર્ચાલી શારદ' તે એકદમ સાર્થક છે.

અહીં વિવિધ છંદો અને રાગ જેવા કે દેશી, હરિગીત છંદ, મલ્હાર રાગ, આદિમાં વર્ણન કરી અદ્‌ભૂત કાવ્યત્મક શક્તિ ઉપસી આવે છે.

આ રીતે 'સજ્ઝાય'ના વર્ણનથી જીવો 'સમકિત'ને પ્રાપ્ત કરે અને જીવનને મંગલમય બનાવે એ જ શુભ મંગલ ભાવના.

ઉપાધ્યાય યશોવિજયજી રચિત સડસઠ બોલની સજ્ઝાયમાં કવિની કાવ્યશક્તિ અને તાત્ત્વિકતાનો સુંદર સમન્વય પ્રતિત થાય છે. આ રીતે જોતાં આ સજ્ઝાય મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્યની એક નોંધપાત્ર કૃતિ ગણી શકાય.

# પાદનોંધ

| | પુસ્તકનું નામ | રચયિતા-લેખક | પાનાનં | આવૃતિ |
|---|---|---|---|---|
| ૧. | ધરિયે સમકિત રંગ | આચાર્ય વિજયઅજિત શેખરમહારાજ | ૧ | પ્રથમ |
| ૨. | સમ્યક્ત્વ સપ્તતિ | આચાર્ય હરિભદ્રસૂરિ (અનુવાદકર્તા-સૌમ્યજ્યોતિશ્રીજી) | ૧૩ | પ્રથમ |
| ૩. | શ્રીઉપદેશપ્રાસાદ ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૧૬ | પ્રથમ |
| ૪. | કર્મ સ્તવ (રમ્યરેણુ) | પ.પૂ.દેવેન્દ્રસૂરિ મહારાજ | ૬૨ | દ્વિતીય |
| ૫. | ધરિયે સમકિત રંગ | આ.વિ.અજિતશેખર મહારાજ | ૪૨ | પ્રથમ |
| ૬. | ધરિયે સમકિત રંગ | આ.વિ.અજિતશેખર મહારાજ | ૪૬ | પ્રથમ |
| ૭. | સમકિતના સડસઠ બોલની સજાઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૧૯ | પ્રથમ |
| ૮. | સમકિતના સડસઠ બોલની સજાઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૨૩ | પ્રથમ |
| ૯. | શ્રીઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૨૦ | પ્રથમ |
| ૧૦. | ધરિયે સમકિતરંગ | આ.વિ.અજિતશેખર મહારાજ | ૪૭ | પ્રથમ |
| ૧૧. | ધરિયે સમકિતરંગ | આ.વિ.અજિતશેખર મહારાજ | ૪૮ | પ્રથમ |
| ૧૨. | ધરિયે સમકિત રંગ | આ.વિ.અજિતશેખર મહારાજ | ૫૦ | પ્રથમ |
| ૧૩. | શ્રીઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૨૦ | પ્રથમ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪. | સમકિતનો રંગ મુક્તિનો રંગ | પૂ.આ.કીર્તિયશસૂરીશ્વરજી મ. | ૭૩ | પ્રથમ |
| ૧૫. | શ્રીઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૨૬ | પ્રથમ |
| ૧૬. | ધરિયે સમકિતરંગ | આ.વિ.અજિતશેખર મહારાજ | ૫૩ | પ્રથમ |
| ૧૭. | ધરિયે સમકિતરંગ | આ.વિ.અજિતશેખર મહારાજ | ૫૪ | પ્રથમ |
| ૧૮. | ધરિયે સમકિતરંગ | આ.વિ.અજિતશેખર મહારાજ | ૫૬ | પ્રથમ |
| ૧૯. | શ્રીઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૨૬ | પ્રથમ |
| ૨૦. | શ્રીઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૨૯ | પ્રથમ |
| ૨૧. | ધરિયે સમકિતરંગ | આ.વિ.અજિતશેખર મહારાજ | ૬૦ | પ્રથમ |
| ૨૨. | શ્રીઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૨૯ | પ્રથમ |
| ૨૩. | શ્રીઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૩૨ | પ્રથમ |
| ૨૪. | ધરિયે સમકિતરંગ ભા.૧ | આ.વિ.અજિતશેખર મહારાજ | ૬૫ | પ્રથમ |
| ૨૫. | શ્રીઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૩૩ | પ્રથમ |
| ૨૬. | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૨૯ | પ્રથમ |
| ૨૭. | ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૩૭ | પ્રથમ |
| ૨૮. | ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૩૭ | પ્રથમ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯. | ધરિયે સમકિતરંગ ભાગ.૧ | અજિતશેખર મહારાજ | ૭૫ | પ્રથમ |
| ૩૦. | ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૩૭ | પ્રથમ |
| ૩૧. | શ્રીઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૩૮ | પ્રથમ |
| ૩૨. | ધરિયે સમકિતરંગ ભાગ.૧ | અજિતશેખર મહારાજ | ૮૫ | પ્રથમ |
| ૩૩. | ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૪૦ | પ્રથમ |
| ૩૪. | ઉપદેશપ્રાસાદ ગ્રંથ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૪૨ | પ્રથમ |
| ૩૫. | ધરીયે સમકિતરંગ | આ.વિ.અજિતશેખરસૂરિ મ. | ૮૮ | પ્રથમ |
| ૩૬. | આત્મશુધ્ધિનો માર્ગ | પૂ.મુનિશ્રી જિતેન્દ્રવિજયજી | ૩૬ | પ્રથમ |
| ૩૭. | સમ્યકૃત્વ સપ્તતિ | શ્રી હરિભદ્રસૂરિજી | ૮૫ | પ્રથમ |
| ૩૮. | ઉતરાધ્યયન સૂત્રઅધ્યયન-૨૮, ગાથા-૨ ભાગ.૪ | | ૧૩૩ | પ્રથમ |
| ૩૯. | ઉપદેશપ્રાસાદ ગ્રથં.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિરચિત | ૪૨ | પ્રથમ |
| ૪૦. | સમકિતનોસંગ મુક્તિનો રંગ | આ.વિ.કીર્તિયશસૂરીશ્વરજી | ૧૫૪ | પ્રથમ |
| ૪૧. | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૩૫ | પ્રથમ |
| ૪૨. | આત્મશુધ્ધિનો માર્ગ | પૂ.મુનિ શ્રી જિતેન્દ્ર વિજયજી | ૪૦ | પ્રથમ |
| ૪૩. | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૩૭ | પ્રથમ |
| ૪૪. | શ્રી જીવાભિગમસૂત્ર પ્રતિપત્તિ-૧ | (શ્રીગુરુપ્રાણ ફાઉન્ડેશન) રાજકોટ | ૧૫-૧૭ | પ્રથમ |
| ૪૫. | શ્રી સમ્યકૃત્વ સપ્તતિ | સંઘતિલકાચાર્ય મહારાજ | ૧૦૧ | પ્રથમ |
| ૪૬. | શ્રી સમ્યકૃત્વ સપ્તતિ | સંઘતિલકાચાર્ય મહારાજ | ૧૦૨ | પ્રથમ |

| | | | |
|---|---|---|---|
| ૪૭. | ધરિયે સમકિત રંગ | આ.વિ.અજિત શેખરસૂરીશ્વરજી | ૧૦૫ |
| ૪૮. | ધરિયે સમકિત રંગ | આ.વિ.અજિત શેખરસૂરીશ્વરજી | ૧૦૬ |
| ૪૯. | આત્મશુધ્ધિનો માર્ગ | પૂ.મુનિશ્રી જિતેન્દ્ર વિજયજી | ૪૨ |
| ૫૦. | આત્મશુધ્ધિનો માર્ગ | પૂ.મુનિશ્રી જિતેન્દ્ર વિજયજી | ૪૨ |
| ૫૧. | ધરિયે સમકિત રંગ | આ.વિ.અજિત શેખરસૂરીશ્વરજી | ૧૦૭ |
| ૫૨. | આત્મશુધ્ધિનો માર્ગ | પૂ.મુનિશ્રી જિતેન્દ્રવિજયજી | ૪૪ |
| ૫૩. | આત્મશુધ્ધિનો માર્ગ | પૂ.મુનિશ્રી જિતેન્દ્રવિજયજી | ૪૪ |
| ૫૪. | ઉપદેશપ્રસાદ ભાષાંતર ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૪૫ |
| ૫૫. | ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૪૭ |
| ૫૬. | ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૪૬ |
| ૫૭. | ધરિયે સમકિત રંગ | આ.વિ.અજિત શેખરસૂરીશ્વરજી | ૧૦૮ |
| ૫૮. | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૪૨-૪૩ |
| ૫૯. | પ્રવચનસારોધ્ધાર ભાગ.૨ ગા.૯૩૦ | સં.વજ્રસેનવિજયજી મ | ૧૩૧ |
| ૬૦. | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભા.૩ (અ.૨૦ ગાં.૩૭) | શ્રીઘાસીલાલજી મ.સા. | ૬૦૨ |
| ૬૧. | શ્રીમદ્ ભગવદ્ ગીતા અ.૪ ગા.૩૯ | શ્રીઘાસીલાલજી મ.સા. | ૧૪૫ |
| ૬૨. | ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૫૮ |
| ૬૩. | ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૫૫ |
| ૬૪. | સતી સુલસા (સ.મફતલાલા સંઘવી) | શ્રીજિનામૃત ગ્રંથમાળા | |
| ૬૫. | ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૫૮ |
| ૬૬. | સતી સુલસા | શ્રીજિનામૃતગ્રંથમાળા | |

| | | | |
|---|---|---|---|
| ૬૭. | ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૧ | પ.પૂ.આ.લક્ષ્મીસૂરિવિચરિત | ૬૧ |
| ૬૮. | ભંગવતીસૂત્ર ભા.૧ | અ.૧/૩/૬ | ૫૬૫ |
| ૬૯. | ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૧ | પ.પૂ.આ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૬૧ |
| ૭૦. | ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૧ | પ.પૂ.આ.લક્ષ્મીસૂરિવિચરિત | ૬૩ |
| ૭૧. | ધરિયે સમકિત રંગ | આ.વિ.અજિતશેખરસૂરીશ્વરજી | ૧૨૬ |
| ૭૨. | ધરિયે સમકિત રંગ | આ.વિ.અજિતશેખરસૂરીશ્વરજી | ૧૨૭ |
| ૭૩. | ધરિયે સમકિત રંગ | આ.વિ.અજિતશેખરસૂરીશ્વરજી | ૧૨૮ |
| ૭૪. | શ્રીઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૧ | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરિવિચરિત | ૬૩ |
| ૭૫. | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | સં.પ્રભુદાસબેચરદાસ પારેખ | ૪૫ |
| ૭૬. | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | સં.પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૪૮ |
| ૭૭. | શ્રીઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૧ | આ.વિ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૬૬ |
| ૭૮. | ધરિયે સમકિત રંગ | આ.વિ.અજિતશેખરસૂરીશ્વરજી | ૧૩૧ |
| ૭૯. | ધરિયે સમકિત રંગ | આ.વિ.અજિતશેખરસૂરીશ્વરજી | ૧૩૫ |
| ૮૦. | શ્રી ઉપદેશપ્રાસાદ ભા.૧ | પ.પૂ.આ.લક્ષ્મીસૂરિવિચરિત | ૬૬ |
| ૮૧. | સમકિતનો સંગ મુક્તિનો રંગ | સં.પ.પૂ.આ.કીર્તિયશસૂરીશ્વરજી | ૧૪૩ |
| ૮૨. | ધરિયે સમકિત રંગ | આ.વિ.અજિતશેખરસૂરીશ્વરજી | ૧૩૮ |
| ૮૩. | ઉપદેશપ્રાસાદ ભા.૧ | પ.પૂ.આ.લક્ષ્મીસૂરિવિચરિત | ૬૯ |
| ૮૪. | ઉપદેશપ્રાસાદભા.૧ | પ.પૂ.આ.લક્ષ્મીસૂરિવિચરિત | ૭૦ |
| ૮૫. | ઉપદેશપ્રાસાદ ભા.૧ | પ.પૂ.આ.લક્ષ્મીસૂરિવિચરિત | ૭૨ |
| ૮૬. | ધરિયે સમકિત રંગ | આ.વિ.અજિતશેખરસૂરીશ્વરજી | ૧૩૯ |
| ૮૭. | સમકિતનો સંગ મુકિતનો રંગ | આ.વિ.કીર્તિયશસૂરીશ્વરજી | ૧૪૪ |
| ૮૮. | ઉપદેશપ્રાસાદ ભા.૧ | પ.પૂ.આ.લક્ષ્મીસૂરીશ્વરજી | ૭૨ |

| | | | |
|---|---|---|---|
| ૮૯. | ઉપદેશપ્રાસાદ ભા.૧ | પ.પૂ.આ.લક્ષ્મીસૂરીશ્વરજી | ૭૨ |
| ૯૦. | ઉપદેશપ્રાસાદ ભા.૧ | પ.પૂ.આ.લક્ષ્મીસૂરીશ્વરજી | ૭૪ |
| ૯૧. | ધરિયે સમકિત રંગ | આ.વિ.અજિતશેખરસૂરીશ્વરજી | ૧૪૧ |
| ૯૨. | શ્રીસ્થાનાંગસૂત્ર સ્થાન.૭ સૂત્ર-૭૮ | શ્રીગુરુપૃાણ ફાઉન્ડેશન- રાજકોટ | ૧૯૨ |
| ૯૩. | ઉપદેશ પ્રાસાદ-ભાગ.૧ વિચરિત | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરીશ્વરજી | ૭૪ પ્રથમ |
| ૯૪. | ઉપદેશ પ્રાસાદ-ભાગ.૧ | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરીશ્વરજી વિચરિત | ૭૬ |
| ૯૫. | સમકિતનો સંગ મુકિતનો રંગ | પ.પૂ.આ.વિ.કીર્તિયશસૂરીશ્વરજી | ૧૪૫ |
| ૯૬. | ઉપદેશ પ્રાસાદ-ભાગ.૧ | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરીશ્વરજી વિચરિત | ૭૭ |
| ૯૭. | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૬૧ |
| ૯૮. | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૬૩ |
| ૯૯. | ધરિયે સમકિત રંગ | પ.પૂ.આ.અજિત શેખર સૂરિ | ૧૪૮ |
| ૯૯/૧. | સમ્યકૃત્વ સપ્તતિ ગા-૩૨ | સંઘતિલકાચાર્ય મહારાજ | ૧૬૧ |
| ૧૦૦. | સમ્યકૃત્વ સપ્તતિ ગા-૩૨ | સંઘતિલકાચાર્ય મહારાજ | ૧૪૯ |
| ૧૦૧. | સમકિતનોસંગ મુકિતનો રંગ | પ.પૂ.આ.કીર્તિયશસૂરીશ્વરજી | ૧૬૭ |
| ૧૦૨. | ઉપદેશ પ્રાસાદ-ભાગ.૧ | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૮૪ |
| ૧૦૩. | ઉપદેશ પ્રાસાદ-ભાગ.૧ | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૮૪ |
| ૧૦૪. | ઉપદેશ પ્રાસાદ-ભાગ.૧ | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૮૭ |
| ૧૦૫. | સમકિતનોસંગ મુકિતનો રંગ | પ.પૂ.આ.કીર્તિયશસૂરીશ્વરજી | ૧૬૮ |
| ૧૦૬. | ઉપદેશમાલા(બળભદ્રમુનિ) | ધર્મદાસ ગણિ | ૨૨૦ |

| | | |
|---|---|---|
| ૧૦૭. દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા ૯/૨૨ | સં.મુનિ યશોવિજયજી | ૩૭૧ |
| ૧૦૮. ધરિયે સમકિત રંગ | પ.પૂ.આ.અજિતશેખરસૂરિ | ૧૫૨ |
| ૧૦૯. ઉપદેશ પ્રાસાદ મહાગ્રંથ | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરિ વિચરિત (સંપાદક.પ.પૂ.આ.વિશાલસેન સૂરિ) | ૮૬ |
| ૧૧૦. ઉપદેશ પ્રાસાદ-ભાગ.૧ | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૯૦ |
| ૧૧૧. સમકિતનો સંગ મુકિતનો રંગ | પ.પૂ.આ.કીર્તિયશસૂરીશ્વરજી | ૧૬૮ |
| ૧૧૨. શ્રીસમ્યક્ત્વ સપ્તતિ ગા-૩૨ | સંઘતિલકાચાર્ય મહારાજ | ૧૭૨ |
| ૧૧૩. ઉપદેશ પ્રાસાદ-ભાગ.૧ | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૯૪ |
| ૧૧૪. ઉપદેશ પ્રાસાદ-ભાગ.૧ | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૦૬ |
| ૧૧૫. સમ્યક્ત્વ સપ્તતિ ગા-૩૮ | શ્રીસંઘતિલકાચાર્ય મહારાજ | ૧૭૭ |
| ૧૧૬. ઉપદેશ પ્રાસાદ-ભાગ.૧ | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૦૭ |
| ૧૧૭. ઉપદેશ પ્રાસાદ-ભાગ.૧ | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૦૯ |
| ૧૧૮. ધરિયે સમકિત રંગ | પ.પૂ.આ.અજિતશેખરસૂરિ | ૧૫૯ |
| ૧૧૯. સમકિતનોસંગ મુકિતનો રંગ | પ.પૂ.આ.કીર્તિયશસૂરિશ્વરજી | ૧૬૯ |
| ૧૨૦. શ્રીઉપદેશ પ્રાસાદ ભાષાંતર | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૦૯ |
| ૧૨૧. શ્રીઉપદેશ પ્રાસાદ ભાષાંતર | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૧૧ |
| ૧૨૨. સમકિતનોસંગ મુકિતનો રંગ | પ.પૂ.આ.કીર્તિયશસૂરિશ્વરજી | ૧૭૦ |
| ૧૨૩. શ્રીઉપદેશ પ્રાસાદ ભાષાંતર | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૧૧ |
| ૧૨૪. શ્રીઉપદેશ પ્રાસાદ ભાષાંતર | પ.પૂ.આ.વિ.લક્ષ્મી સૂરિ વિચરિત | ૧૧૫ |
| ૧૨૫. શ્રીઉપદેશ પ્રાસાદ ભાષાંતર | પ.પૂ.આ.વિ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૧૮ |
| ૧૨૬. સમ્યક્ત્વ સપ્તતિ ગા-૩૮ | સંઘતિલકાચાર્ય મહારાજ | ૨૧૫ |
| ૧૨૭. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૬૭ |
| ૧૨૮. શ્રીયોગબિંદુ પ્રકરણ ગા.૨૪૦ | હરિભદ્રસૂરિ વિચરિત | ૧૨૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૨૯. | શ્રીઉપદેશમાલા ગા.૫૦૪ | ધર્મદાસ ગણિ | ૪૫૧ |
| ૧૩૦. | ધર્મબિંદુ પ્રકરણ.અ.૬ ગા.૧૩ | પૂ.હરિભદ્રસૂરિ વિચરિત | ૩૦૨ |
| ૧૩૧. | ઉપદેશપદ ગા.૧૯ | હરિભદ્રસૂરિ વિચરિત | ૪૮ |
| ૧૩૨. | ઉપદેશ પ્રાસાદ ભાગ.૧ | લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૩૪ |
| ૧૩૩. | ધરિયે સમકિત રંગ | પ.પૂ.આ.અજિતશેખર સૂરિ | ૧૬૮ |
| ૧૩૪. | ઉપદેશ પ્રાસાદ ભાગ.૧ | લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૪૨ |
| ૧૩૫. | સમ્યક્ત્વ સપ્તતિ ગા-૪૨ | પૂ.હરિભદ્રસૂરિ વિચરિત | ૨૩૬ |
| ૧૩૬. | આનંદઘન ચૌવીસી(સાર્થ) ૨૧મા નમિનાથ જિનસ્તવનમાં કડી-૭ | આનંદઘનજી મહારાજ | ૩૪૨ |
| ૧૩૭. | પ્રાકૃતિક પરમતત્ત્વનું મિલન | — | ૪૦૨ |
| ૧૩૮. | રત્નકરંડક શ્રાવકાચાર ગા.૧૧૮ | — | ૨૭૨ |
| ૧૩૯. | તત્ત્વાર્થસૂત્ર અધ્યાય.૭ સૂત્ર.૩૪ | પૂ.ઉમાસ્વાતિ રચિત | ૩૧૯ |
| ૧૪૦. | પુરુષાર્થ સિધ્ધિઉપાય શ્લોક ૧૬૯ થી ૧૭૧ | પૂ.ઉમાસ્વાતિ રચિત | ૭૧ |
| ૧૪૧. | ઉપદેશ પ્રાસાદ ભાગ.૧ | લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૩૯ |
| ૧૪૨. | ધરિયે સમકિત રંગ | પ.પૂ.આ.અજિતશેખર સૂરિ | ૧૭૧ |
| ૧૪૩. | ઉપદેશ પ્રાસાદ ભાગ.૧ | લક્ષ્મીસૂરિ વિચરિંત | ૧૨૯ |
| ૧૪૪. | ઉપદેશમાલા ગા.૨૬૮/૨૬૯ | ધર્મદાસગણીવિચરિત | ૩૬૧ |
| ૧૪૫. | ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧ | લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૩૩ |
| ૧૪૬. | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૭૪ |
| ૧૪૭. | ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧ | લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૪૩ |
| ૧૪૮. | વિશંતિ વિશિંકા છઠ્ઠી,ગા.૧૦ | — | ૪૫ |
| ૧૪૯. | ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧ | લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૪૩ |
| ૧૫૦. | ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧ | લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૪૫ |
| ૧૫૧. | ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧ | લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૪૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૫૨. | ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧ | લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૪૮ |
| ૧૫૩. | સમ્યક્ત્વ સપ્તતિ ગા-૪૫ | પૂ.હરિભદ્રસૂરીજી | ૨૫૯ |
| ૧૫૪. | ઉતરાધ્યયન સૂત્રભા.૪,અ.૨૯ સૂત્ર | | ૨૦૧ |
| ૧૫૫. | ધરિયે સમકિત રંગ | પ.પૂ.અજિતશેખર સૂરીશ્વરજી | ૧૭૧ |
| ૧૫૬. | ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧ | લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૪૮ |
| ૧૫૭. | ધરિયે સમકિત રંગ | પ.પૂ.અજિતશેખરસૂરીશ્વરજી | ૧૯૧ |
| ૧૫૮. | શ્રીસૂયડાંગ સૂત્ર ભા.૨ | પ્રથમ શ્રતસ્કન્ધ ઉ.૧ ગા.૨૩ અ.૬૫૨૦ | |
| ૧૫૯. | ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧૫. | પૂ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૫૩ |
| ૧૬૦. | ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧ | પ.પૂ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૫૫ |
| ૧૬૧. | સમ્યક્ત્વ સપ્તતિ ગા-૪૫ | પૂ.હરિભદ્રસૂરિ વિચરિત | ૨૭૪ |
| ૧૬૨. | જ્ઞાનાર્ણવ,અ.૬ ગા.૫૯ | આ.શુભચન્દ્રજી | ૧૦૩ |
| ૧૬૩. | શ્રીભગવતીસૂત્ર.ભા.જ.શ.૧ ઉ.૭ | ૪૩૩/૪૩૪ | |
| ૧૬૪. | ધરિયે સમકિત રંગ | પ.પૂ.અજિતશેખરસૂરીશ્વરજી | ૧૯૫ |
| ૧૬૫. | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૭૯ |
| ૧૬૬. | શ્રીઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧ | પ.પૂ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૫૫ |
| ૧૬૭. | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૮૨ |
| ૧૬૮. | શ્રીઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧ | પ.પૂ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૫૮ |
| ૧૬૯. | શ્રીઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧ | પ.પૂ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૫૮ |
| ૧૭૦. | ધરિયે સમકિત રંગ | પ.પૂ.અજિતશેખરસૂરીશ્વરજી | ૨૦૪ |
| ૧૭૧. | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૮૮ |
| ૧૭૨. | શ્રીઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧ | પ.પૂ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૬૩ |
| ૧૭૩. | શ્રીઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧ | પ.પૂ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૬૪ |
| ૧૭૪. | શ્રીઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧ | પ.પૂ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૬૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૭૫. | શ્રીઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧ | પ.પૂ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૬૫ |
| ૧૭૬. | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૯૪ |
| ૧૭૭. | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૯૭ |
| ૧૭૮. | ધર્મસંગ્રહ ભા.૧ વિ.૨ | | ૧૬૧ |
| ૧૭૯. | જ્ઞાનાર્ણવ,અ.૬ ગા.૫૪ | આ.શુભચન્દ્રજી | ૧૦૨ |
| ૧૮૦. | અષ્ટપ્રાભૃતમાં દર્શનપ્રાભૃત ગા.૨.૩ | | ૮ |
| ૧૮૧. | સમ્યક્ત્વકૌમુદી (ભાષાંતર) | શ્રી જિનહર્ષ ગણિ | ૧૫૦ |
| ૧૮૨. | આરાધનાસાર ગા.૬૭ | — | ૮૨ |
| ૧૮૩. | અનગારધર્મામૃત અ.૨ ગા.૬૪ | — | ૧૬૦ |
| ૧૮૪. | પુરુષાર્થ સિધ્ધ્યુપાય ગા.૨૧ | અમૃતચંદ્રાચાર્યે | ૨૫ |
| ૧૮૫. | ઉપદેશપ્રાસાદ ભાષા ભા.૧૫. | પૂ.લક્ષ્મી સૂરિ વિચરિત | ૧૮૪ |
| ૧૮૬. | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૧૦૦ |
| ૧૮૬. | (૧)ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૧ | આ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૧૮૭ |
| ૧૮૭. | શ્રીસ્થાનાંગસૂત્ર ભા.૧ | | ૧૫ |
| ૧૮૮. | સમ્યક્ત્વ સપ્તતિ | પૂ.હરિભદ્રસૂરિજી મહારાજ | |
| ૧૮૯. | ઉતરાધ્યયન સૂત્ર.અ.૨૮ ગા.૩ | પૂ.હરિભદ્રસૂરિજી મહારાજ | ૧૩૫ |
| ૧૯૦. | શ્રીતત્ત્વાર્થસૂત્ર અ.૮ સૂ.૧ | પૂ.ઉમાસ્વામી મહારાજ | ૧૬૧ |
| ૧૯૧. | ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૧ | પૂ.લક્ષ્મીસૂરિ વિચરિત | ૨૦૧ |
| ૧૯૨. | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | |

# પ્રકરણ-૪

## સમકિતનું સ્વરૂપ વિવિધ દૃષ્ટિએ

પૂ.યોગનિષ્ઠ આચાર્ય વિ.કેશરસૂરીશ્વરજી મહારાજ સમ્યક્ત્વ સમજાવતા જણાવે છે કે,

तत्त्वादिश्रद्धानं सम्यक्त्वं जिनवरैः निर्दिष्टम्।
व्यवहाराद् निहृययतः आत्मा भवति सम्यक्त्वम्।। १।।

सूत्रार्थं जिनभणितं जीवाजीवादि बहुविधमर्थम्।
हेयाहेयं च तथा यो जानाति स स्फुटं सद्दृष्टिः।। २।।

મનરૂપી ભૂમિ ખેડીને સાફ રાખવી. જેમ ખેડુતો અનાજ વાવવા પહેલાં જમીનને ખેડીને સાફ કરે છે. તેમાંથી કાંટા, કાંકરા, જાળાં, ઝાંખરાં, કાઢી નાંખી તૈયાર કરે છે. હળ દ્વારા જમીનમાં ઉંડી રાંપ્ નાંખી જમીનને પોચી કરે છે. અને તેમાં રહેલા નિરુપયોગી મૂળીયા કે બીજોને બહાર કાઢી નાંખે છે. જમીન પોચી કરવાથી તેમાં વરસાદનું પાણી ઉંડું ઉતરીને ભરાઇ રહે છે. જે વાવેલા બીજોના પોષણને માટે ઉપયોગી થાય છે. અને બીજાં નિરુપયોગી મૂળીયાં ઉખેડી નાંખવામાં આવે છે.

આવી જ રીતે ધર્મરૂપ બીજ લાવવા માટે આ મનભૂમિ સાફ કરવી જોઇએ, તેમાં વિચારરૂપી હળની ઉંડી રાંપ્ નાંખીને અંદર રહેલા કામ, ક્રોધ, ભય, ઇર્ષા, ઇચ્છા, અભિમાન આદિ નિરુપયોગી સંસાર પ્રવાહને આડે માર્ગે દોરનારાં બીજો છે તે કાઢી નાંખવા જોઇએ. અને મનોભૂમિને કાંઇક પોચી બનાવવી જોઇએ. જે નમ્રતા અને સરલતા દ્વારા જ પોચી પડી શકે છે. કામ, ક્રોધ, રાગ, દ્વેષ આદિ વિભાવ ઉપાધિથી મલિન અંતઃકરણને શુધ્ધ કરવાની જરૂર છે. તે શુધ્ધિ-આત્મદ્રષ્ટિરૂપ ખટાશ કે ખારવાળા અગર ઘર્ષણ આપે તેવા પદાર્થ દ્વારા જ થઇ શકે છે.

### આત્મા દૃષ્ટિ થવી-આત્મા તરફ લક્ષ આપવું.

દરેક પ્રસંગે આત્મા ઉપયોગની જાગૃતિપૂર્વક વર્તન કરવું. તેનું નામ સમ્યગ્દર્શન છે. તે દ્વારા કર્મમળ દૂર કરી શકાય છે.[1]

सम्यगदर्शन की महत्ता बताते हुए मुनिराज श्री जयानंदविजयजी कहते है कि, ''सम्यगित्यस्य भावः सम्यक्त्वम्। सम्यक् शब्दः प्रशंसार्थोऽविरुद्धार्थो वा। सम्यग् जीवः तद्भावः सम्यक्त्वम्।'' (चतुर्थ कर्मग्रंथ)

सम्यग् जिसके भाव है। वह सम्यक्त्व। सम्यक् शब्दका प्रयोग प्रशंसा के अर्थ में या वास्तविक सत्य अर्थ के रुप में होता है।

- ''तत्त्वार्थ श्रध्धाने'' (आवश्यकसूत्र ६ अध्ययन)

तत्त्व पर श्रध्धा का होना सम्यक्त्व है।

- ''तत्त्व प्रीतौ'' (३ अधिकार धर्मसंग्रह)

तत्त्व पर प्रीति होना सम्यक्त्व है।

- ''सम्यग्दर्शने'' (प्रश्नव्याकरण ५ संवर द्वार)

पदार्थ पर वाास्तविक दर्शन होना सम्यक्त्व है।

- ''मिथ्यात्व मोहनीय क्षयोपशमादि समुत्थे जीव परिणामे''

(प्रश्नव्याकरण ४ संवर द्वार)

मिथ्यात्व मोहनीय के क्षय, उपशम या क्षयोपशम जनित आत्मा के परिणाम भाव वह सम्यक्त्व है।

''तत्त्वार्थ सद्दहणं सम्मतं'' तत्त्वार्थानां सर्वविदुपदिष्टतया पारमार्थिकानां जीवादि पदार्थानां श्रध्धानम् एतदेव सम्यक्त्वम् (पच्चाशक विवरण १, प्रथम)

तत्त्व एवं अर्थ की श्रध्धा का होना सम्यक्त्व है। सर्वज्ञो द्वार उपदेशित तत्तवार्थ पारमार्थिक जीवादि पदार्थो पर पूर्ण रुप से श्रध्धा का होना वही सम्यक्त्व है।

(अभिधान राजेन्द्रकोष सप्तमभाग पृ.४८२)

सम्यक्त्व शब्दकी ऊपर दर्शित व्याख्याओं को देखते हुए 'सम्यक्त्व' भाव से संबंधित है। आत्मा के परिणामों में शुध्धता विशुध्धता का होना सम्यक्त्व है। जब तक आत्मा के परिणाम निर्मल, निर्मलतर, निर्मलतम नहीं होते तब तक आत्मा को पदार्थ का वाास्तविक दर्शन नहीं हो सकता। चर्म चक्षु में अगर पीलिया हो गया है तो उस व्यक्ति को प्रत्येक पदार्थ पीला दिखाई देगा। नयन पटल स्वच्छ है पर चश्में काले रंग के लगा दिये है तो उन नयनो से प्रत्येक पदार्थ श्याम दिखाई देगा। यह एक ठोस सत्य है। पदार्थ का वास्तविक दर्शन प्राप्त करने हेतु, वास्तविक ज्ञान करने हेतु एवं उसका वास्तविक उपयोग करने हेतु उस पदार्थ को संपूर्ण रुप से देखने की शक्ति का होना आवश्यक है।[२]

**સમકિત એટલે શું? તેના વિશે જણાવતા મુનિ શ્રી કાન્તિઋષિજી મહારાજ કહે છે કે,**

"આત્મા જ્યારે એકેન્દ્રિયથી માંડી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી પહોંચ્યો ત્યાં સુધી અનાભોગિક મિથ્યાત્વી હતો એટલે કે તેને વિચાર કરવાનું મન મળ્યું ન હતું. જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય થયો ત્યારે મન મળ્યું તેમાં પણ માનવ થયો. ત્યારે લાંબા પરિણામનો વિચાર કરી શકે એવા મનને કેળવવા માટે સદ્ગુરૂનો સંયોગ મળ્યો ત્યારે અનાદિકાળથી મોહ-મિથ્યાતરૂપી નિંદ્રામાં સુતેલા જીવને વીતરગના વચનો સંભળાવી આત્માનું સ્વરૂપ સમજાવ્યું કે આત્મા નિત્ય છે. અખંડ અવિનાશી છે. પરંતુ તેને અનાદિકાળથી કર્મનો સંગ હોવાથી તેની શુધ્ધતા મૂળ સત્તામાં હોવા છતાં કર્મના સંગે મેલો છે. તે કર્મોનો કર્તા પણ આત્મા છે. અને કર્મ ઉદયમાં આવે છે ત્યારે તે જ કર્મ તેને કોઈપણ ગતિમાં લઈ જાય છે. હવે આત્મા તે કર્મો, ન બાંધે એવી સમજ સમકિત પામવાથી જીવને આવે છે."[3]

**શ્રી કુંદકુંદાચાર્યદેવ સમ્યક્ત્વ વિશે જણાવે છે કે,**

'દંસણમૂલો ધમ્મો' અર્થાત્ સમ્યગ્દર્શન જેનું મૂળ છે તે ધર્મ છે. "જેના હૃદયમાં સમ્યક્ત્વરૂપી જળનો પ્રવાહ નિત્ય વહ્યા કરે છે. તેને પૂર્વબધ્ધ કર્મમળ રેતીની પાળની પેઠે ધોવાઇ જઇ ક્ષય પામી જાય છે."

"જેમ વૃક્ષ મૂળ સહિત હોય તો તેની શાખા, પ્રશાખા, સ્કંધ, વગેરે સમૃધ્ધ બને છે તે પ્રમાણે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગનું મૂળ જિનશાસનમાં સમ્યગ્યદર્શનને કહ્યું છે."

"એવું જિનેન્દ્ર કથિત સમ્યગ્દર્શન રૂપ રત્ન તમે ભાવપૂર્વક ધારણ કરો. રત્નત્રયમાં તે સારરૂપ છે. અને મોક્ષનું પહેલું પગથિયું છે."[4]

એટલું અવશ્ય છે કે મોક્ષમાર્ગનો પ્રારંભ સમ્યગ્દર્શનથી થાય છે.

**સમ્યક્ત્વનો મહિમા જણાવતા ધીરજલાલ ટોકરશી શાહ કહે છે કે,**

"સમ્યક્ત્વનો મહિમા અપૂર્વ છે. સમ્યક્ત્વની શક્તિ અચિંત્ય છે."

તેથી જ શ્રીભદ્રબાહુસ્વામીએ "ઉવસગ્ગહરં" નામના પાર્શ્વજિન સ્તવનમાં કહ્યું છે કે,

"तुह सम्मते लद्धे, चिंतामणि कप्पपाय वब्भहिए
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं।।"

"હે ભગવન્! ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક એવું તમારું સમ્યક્ત્વ મળવાથી જીવો નિર્વિઘ્ને અજરામર સ્થાનને પ્રાપ્ત કરે છે."

એક મહર્ષિએ કહ્યું છે કે,

> ''अतुल गुण निधानं, सर्व कल्याण बीजं
> जनन जलधिपोतं, भव्यसत्त्वैकचिन्हम्।
> दुरिततरु कुठारं, पुन्य तीर्थं प्रधानं,
> पिबत जितविपक्षं, दर्शनाख्यं सुधाम्बु।।''

''હે લોકો! તમે 'દર્શન' નામના અમૃત જલને પીઓ, કારણ કે તે અતુલ ગુણોનું નિધાન છે. સર્વ કલ્યાણનું બીજ છે. સંસાર સાગરને તરી જવા માટેનું વહાણ છે. ભવ્યજીવોનું એક લક્ષણ છે, પાપરૂપી વૃક્ષને છેદવા માટેનો કુહાડો છે. પવિત્ર એવું તીર્થ છે. સર્વ રીતે શ્રેષ્ઠ છે. અને મિથ્યાત્વને જિતનારું છે. સમ્યક્ત્વએ અધ્યાત્મનો એકડો છે. સમ્યક્ત્વ હોય તો જ્ઞાન અને ચારિત્રનું ભારે મૂલ્ય છે.[૫]

સમકિત એટલે શું? તો આત્માના તથાવિધપરિણામ સ્વરૂપ છે. પણ એનાથી નિપજતી અસરની અપેક્ષાએ કહી શકાય કે, સમ્યગ્દર્શન એટલે તત્ત્વભૂત એવા પદાર્થોનું જેવું સ્વરૂપ શ્રી જિનેશ્વરે કહ્યું છે, તેવું સ્વરૂપ જીવને રુચવું તે!

સમ્યગ્દર્શન બે પ્રકારનું છે. (૧) નિશ્ચય (૨) વ્યવહાર સમકિત.

**નિશ્ચય સમકિતિ:-** તેમાં સત્યાર્થ સમ્યક્ત્વ છે. તેજ સાચું સમ્યક્ત્વ છે. તેમાં વિપરીત અભિનિવેશ મિથ્યાત્વ રહિત શ્રધ્ધાન રૂપ આત્માના પરિણામ હોય છે. સમ્યક્ત્વ વિરોધી પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપક્ષમ, ક્ષય હોય છે.

**વ્યવહાર સમકિત:-** આ વિપરીતાભિનિવેશ રહિત શ્રધ્ધાનને કારણભૂત જે શ્રધ્ધા હોય છે. તેને વ્યવહાર સમકિત કહે છે. દેવ-ગુરુ-ધર્મનું શ્રધ્ધાન તે વ્યવહાર સમકિત છે.

**સમ્યગ્દર્શન બે પ્રકારે ઉપજે:-**

(૧) **નિસર્ગજ સમ્યગ્દર્શન:-** વર્તમાન ઉપદેશાદિ પ્રત્યક્ષ બાહ્ય નિમિત્ત વિના પ્રગટ થાય છે. તે નિસર્ગજ અથવા સ્વાભાવિક સમ્યગ્દર્શન કહેવાય છે. નિસર્ગજનો અર્થ એવો થાય છે કે જે આત્માને સમ્યગ્દર્શન પ્રગટે છે. તેને તે સમયે બાહ્ય નિમિત્ત પ્રત્યક્ષપણે ન હોવા છતાં પણ પૂર્વના સંસ્કાર બળે પ્રગટે છે. સમ્યગ્દર્શન પ્રગટે છે, તે જીવના પોતાના જ વિશુધ્ધ પરિણામો વડે પ્રગટે છે. ગુર્વાદિકનો ઉપદેશ તો તેમાં નિમિત્ત કારણ હોય છે. પરિણામોને નિર્મળ કરવાનો પુરુષાર્થ આત્માનો પોતાનો જ હોય છે. સમ્યગ્દર્શન સ્વદ્રવ્યના આશ્રયથી જ પ્રગટે છે. તેથી જ્યારે સમ્યગ્દર્શન પ્રગટી રહ્યું હોય ત્યારે પ્રગટાવનાર આત્માને પરનો કોઇ આશ્રય હોતો નથી, પરના આશ્રયનો વિકલ્પ પણ હોતો નથી, એટલું જ નહિ પરંતુ 'હું શુધ્ધ છું' એવા પોતાના

શુધ્ધસ્વરૂપનો વિકલ્પ પણ અસ્ત થઈ જાય છે. અને નિર્વિકલ્પ દશામાં જ આત્માનું તે સમયે પ્રવર્તન હોય છે. આત્મા પોતે પોતામાં વ્યાપ્ય-વ્યાપકપણે પ્રવર્તે છે.

(૨) **અધિગમજ-સમ્યગ્દર્શનઃ-** પ્રત્યક્ષ ઉપદેશાદિક બાહ્ય નિમિત્તપૂર્વક પ્રગટ થાય તે અધિગમજ અથવા નૈમિત્તિક સમ્યગ્દર્શન કહેવાય છે. તેમાં આત્મજ્ઞાની ગુર્વાદિકના ઉપદેશનું વર્તમાનમાં પ્રત્યક્ષ નિમિત્ત હોય છે. કોઈ ભવ્ય-આત્મા આત્મજ્ઞાની પુરુષનો ઉપદેશ સાંભળે ત્યારે જે શીઘ્ર સમ્યગ્ દર્શન પ્રગટે છે. તે અધિગમજ સમ્યગ્દર્શન કહેવાય છે.[૬]

**સમ્યકૃત્વના ત્રણ ભેદઃ-**

૧. ઉપશમ સમકિતઃ- ઉપશમ સમકિતના બે ભેદ
(૧) પ્રથમોપશમ સમકિત (૨) દ્વિતીયોપશમ સમકિત.

પ્રથમોપશમ સમકિતઃ- સમ્યગ્દર્શનની વિરોધી પાંચ/સાત પ્રકૃતિઓનો ઉપશમ થાય છે. અને જે પ્રથમવાર જ જીવને પ્રાપ્ત થાય તે પ્રથમોપશમ- સમકિત કહેવાય છે. આ અવસ્થામાં જીવનું મૃત્યુ થતું નથી.

દ્વિતીયોપશમ-સમ્યક્ત્વઃ- ઉપશમ શ્રેણિની સન્મુખ થયેલા મુનિમહાત્માને સાતમા ગુણસ્થાનમાં ક્ષયોપશમ- સમ્યક્ત્વમાંથી જે ઉપશમ સમ્યક્ત્વ થાય છે તે મુનિમહાત્માને ઉપશમ શ્રેણિ વડે અગિયાર ગુણસ્થાને પહોંચ્યા પછી ત્યાંથી નીચે ઉતરવાનું થાય છે ત્યારે છઠ્ઠે, પાંચમે, ચોથે ગુણસ્થાને પણ આવી શકે છે. તેને દ્વિતીય ઉપશમ સમકિત કહે છે. જેના તળીયે કીચડ જામ્યો છે. અને ઉપર નિર્મળ જળ છે. તેવું ઉપશમ સમકિત છે.

૨. ક્ષયોપશમ સમકિતઃ- અનંતાનુબંધી કષાય ચતુષ્ક તથા મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વના વર્તમાન કાળમાં ઉદય આવવા યોગ્ય નિષેકોનો ઉદય થયા વિનાજ તેની નિર્જરા થાય તે ક્ષય તથા તેના જ નિષેકોની ભાવિકાળમાં ઉદય આવવા યોગ્ય સત્તા હોય તે ઉપશમ છે. અને સમ્યકૃત્વ મોહનીય પ્રકૃતિનો ઉદયવર્તે છે. તેને વેદક કે ક્ષયોપશમ સમ્યકૃત્વ કહે છે.

૩. ક્ષાયિક સમકિતઃ- મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યકૃત્વ મોહનીય તથા અનંતાનુંબંધી ક્રોધ, માન, માયા, લોભ એ સાતેય પ્રકૃતિનો સર્વથા ક્ષય થતાં અત્યંત નિર્મળ તત્ત્વાર્થ શ્રધ્ધાન થાય તે ક્ષાયિક સમ્યકૃત્વ છે. ક્ષાયિક-સમ્યકૃત્વ એટલું દઢ હોય છે કે તર્ક તથા આગમની વિરૂધ્ધ, શ્રધ્ધાને ભ્રષ્ટ કરનાર વચનો કે હેતુ આ સમકિતને ભ્રષ્ટ કરે નહિ. મિથ્યાત્વમાંથી સીધું ક્ષાયિક-સમ્યકૃત્વ થતું નથી.સર્વ પ્રથમ ચોથે ગુણસ્થાને ઉપશમ સમ્યકૃત્વ પ્રગટે છે. અને ત્યારબાદ ઉપશમમાંથી ક્ષયોપશમ

થઇ ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે. જે ભવમાં ક્ષાયિક સમકિત પ્રગટે તે ભવે જો આયુ:બંધ ન થયો હોય તો તે જ ભવે, નહિ તો વધુમાં વધુ ચાર ભવમાં સિધ્ધપદ પ્રાપ્ત કરે છે.[૭]

## સમ્યક્ત્વના બીજી રીતે ત્રણ પ્રકાર છે.

(૧) **રોચક સમકિત:-** આ સમકિતના પ્રભાવથી સમકિતીને માત્ર સમ્યક્ ક્રિયામાં રુચિ હોય છે. તે ચોથા ગુણસ્થાનકવાળા હોય છે. શ્રેણિક, કૃષ્ણ મહારાજા વગેરે જાણવા.

(૨) **કારક સમકિત:-** આ સમકિતના પ્રભાવથી સમકિત દૃઢ શ્રધ્ધાવાન બની સમ્યગ્ ચારિત્રનું પાલન કરે છે. તે ૫,૬,૭ ગુણસ્થાનક વાળાને હોય છે.

(૩) **દીપક સમકિત:-** જેમ દીપકની નીચે અંધારું હોય છે. તેમ આ સમકિતીને તત્ત્વજ્ઞાન હોય પણ તત્ત્વશ્રધ્ધા ન હોય. આવા જીવો બીજાને સમ્યક્ત્વ પમાડે પણ પોતે કોરા જ રહે છે. અંગારમર્દકાચાર્યના ૫૦૦ શિષ્યો તેમનાથી સમકિત પામ્યા પરંતુ આચાર્ય સ્વયં મિથ્યાત્વી રહ્યા.

## ઉત્તરાધ્યયન સૂત્રમાં સમકિતના દસ પ્રકાર દર્શાવેલ છે.

णिसग्गुवएसरुई आणारुइ, सुत्त वीय सइमेव।
अभिगम वित्थाररुइ, किरिया संखेव धम्मरुइ।।८

१. નિસર્ગરુચિ:- જિન કથિત ભાવોમાં ગુરુ આદિના ઉપદેશ વિના સમકિતને આવરણ કરનારી પ્રકૃતિઓના ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ થવાથી જે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તેને નિસર્ગ સમકિત કહેવાય.

૨. ઉપદેશરુચિ:- તીર્થંકર, કેવળજ્ઞાની કે શ્રમણ ભગવંતોના ઉપદેશથી જીવાજીવાદિ તત્ત્વોમાં યથાર્થપણાની રુચિ થાય તે ઉપદેશરુચિ સમ્યક્ત્વ છે.

૩. આજ્ઞારુચિ:- જિનેશ્વર અથવા ગુરુ આજ્ઞાથી તત્ત્વોની રુચિ થાય તે આજ્ઞારુચિ છે.

૪. સૂત્રરુચિ:- શ્રી જિનેશ્વર કથિત તેમ જ ગણધર રચિત દ્વાદશાંગી સૂત્રનું પઠન-પાઠન કરતાં, તેના રહસ્યોનું જ્ઞાન અનુભવતાં જ્ઞાનના અદ્ભૂત રસમાં તલ્લીન બને તેને સૂત્રરુચિ કહેવાય છે.

૫. બીજરુચિ:- સદ્ગુરુના ઉપદેશથી ભવ્ય આત્માના ખેતરમાં વાવેલું જ્ઞાનબીજ વૃધ્ધિ પામે છે. કોઇ એક પદનું જ્ઞાન અનેક પદોમાં પરિણમે છે. તે

બીજરુચિ કહેવાય છે.

૬. અભિગમરુચિઃ- અંગ-ઉપાંગસૂત્રના અર્થ ભણવાથી, તેના રહસ્યને સમજવાથી, તત્ત્વોની જે શ્રધ્ધા થાય છે. તે અભિગમરુચિ સમ્યક્ત્વ છે.

૭. વિસ્તારરુચિઃ- જીવાદિ નવતત્ત્વ, ધર્માસ્તિકાય આદિ ષડ્દ્રવ્ય, સાતનય, ચાર નિક્ષેપ, પ્રત્યક્ષાદિ ચાર પ્રમાણ આ સર્વનો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી વિસ્તારપૂર્વક અભ્યાસ કરવા જેથી અતિ વિશુધ્ધ શ્રધ્ધા પ્રગટ થાય, તે વિસ્તારરુચિ સમકિત કહેવાય છે.

૮. ક્રિયારુચિઃ- જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનય, વૈયાવચ્ચ, સમિતિ, ગુપ્તિ આદિ અનુષ્ઠાનોનું આરાધન કરવાની રુચિ થવી તે ક્રિયારુચિ સમકિત છે.

૯. સંક્ષેપરુચિઃ- જે જ્ઞાનાવરણીય કર્મની ક્ષયોપશમતાની મંદતાથી વધુ જાણતો નથી પણ સંક્ષેપમાં થોડા શબ્દો સાંભળી ધર્મ પ્રત્યે શ્રધ્ધાવાન બને છે. તેને સંક્ષેપરુચિ સમકિત કહેવાય.

૧૦. ધર્મરુચિઃ- સમ્યક્ત્વ આદિ શ્રુતધર્મ, વ્રતાદિ ચારિત્રધર્મ, દસ પ્રકારના યતિધર્મ, અને ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોની શાસ્ત્ર અનુસાર શ્રધ્ધા કરવાથી જે તત્ત્વરુચિ ઉત્પન્ન થાય તે ધર્મરુચિ સમકિત કહેવાય.

## -ઃજૈન સાહિત્યમાં સમ્યગ્દર્શનઃ-

### આચારાંગ વગેરે આગમ તથા અન્ય ગ્રંથોમાં સમ્યગ્દર્શન

સમકિતમાં બુધ્ધિ, પ્રજ્ઞા, મતિ સ્થિર થાય છે. ગીતામાં તેને સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. શ્રી આચારાંગ સૂત્રમાં સ્થિત આત્મા કહેવાય છે.

**(૧) આચારાંગ સૂત્રઃ-** શ્રી આચારાંગ સૂત્રના સમકિત અધિકારમાં કહ્યું છે કે,

जे य अईया जे य पडुप्पाण्णा जे य आगमस्सा अरहंता भगवतो ते सव्वे एव माइक्खंति, एवं भासंति, एवं पण्णवेतिं, एव परुवेंति-सव्वेपाण्णा सव्वे भूया सव्वे जीवा सव्वे सत्ता ण हंतव्वा, ण उज्जावेयव्वा, ण परियेयव्वा, ण परियावेयव्वा, ण उदेवेयव्वा।[૬]

અર્થઃ- જેટલા પણ તીર્થંકરો ભૂતકાળમાં થઇ ગયા છે, વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. અને ભવિષ્યમાં તીર્થંકર થવાના છે. તે સર્વ અહિંસા ધર્મની પ્રરૂપણા કરી સમજાવે છે કે, ''હે જીવો! તમે કોઇપણ પ્રાણીની હિંસા ન કરો, ન ઘાત કરો, ન તેને પીડા ઉપજાવો, કોઇને દુઃખી ન કરો અને અન્ય જીવોને દુઃખી કરવાની આજ્ઞા ન આપો. જીવમાત્રની દયા પાળો.''

एस धम्मे शुद्धे णिइए सासए समिच्च लोयं खेयण्णेहिं पवेइए।[१०]

અર્થ:- આ અહિંસા ધર્મ શુધ્ધ, નિત્ય અને શાશ્વત છે. રાગ દ્વેષના વિજેતા એવા અરિહંતો દ્વારા પ્રતિપાદિત અહિંસા ધર્મ શ્રેયકારી છે.

યજ્ઞમાં થવા વાળી હિંસા પણ હિંસા જ છે. તેથી શુધ્ધધર્મની શ્રધ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે. પ્રબળતમ વૈરાગ્ય, ઉગ્ર તપશ્ચર્યા કરવાથી આત્માની સમાધિ, ચિત્તની પ્રસન્નતા અને અધ્યવસાયોની વિશુધ્ધિની પૂર્ણ કાળજી રાખો, દેહની આસક્તિનો ત્યાગ કરો. સમકિત સહિત મુનિધર્મ સાચો છે. મિથ્યાત્વ સહિતનું મુનિપણું અસાર છે. જે સાધક સમ્યક્ ચિંતન કરે છે તેને સમ્યક્ કે અસમ્યક્ તત્ત્વો સમ્યક્દ્દષ્ટિના કારણે સમ્યક્રૂપે પરિણમે છે.

**(૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર:-**

सोच्चा य धम्मं अरिहंत भासियं, समाहियं अट्ठपओवसुद्धं।

तं सद्दहंतीय जणा अणाऊ, इंदा व देवाहि य आगमिस्संति।।[११]

શ્રી અરિહંત દેવ દ્વારા ભાષિત યુક્તિ સંગત શુધ્ધ અર્થ અને પદવાળા આ ધર્મને સાંભળીને જે જીવ એમાં શ્રધ્ધા કરે તે મોક્ષને પ્રાપ્ત કરે છે. અથવા ઇન્દ્રની જેમ દેવતાઓના અધિપતિ થાય છે.

મિથ્યાદ્દષ્ટિના તપ, દાન, યમ, નિયમ આદિ સર્વ પ્રયત્નો અશુધ્ધ છે. જ્યારે સમકિતીની સર્વ ક્રિયાઓ કર્મનાશ માટે સફળ બને છે. સમ્યગ્દ્દષ્ટિ જઘન્ય આર્ય છે. દેશવિરતિ શ્રાવક મધ્યમ આર્ય છે. શ્રમણો ઉત્તમ આર્ય છે.

આ ગ્રંથમાં (૧) નિ:શંકા, નિ:કાંક્ષા અને નિર્વિચિકિત્સા આ સમકિતના ત્રણ અંગોનો એકસાથે પ્રયોગ થયો છે. (૨) જીવ-અજીવ આદિ તત્ત્વનો વિષય છે. (૩) મુનિ ઉપરાંત શ્રાવકો પણ સમ્યગ્દર્શની હોય છે.

**(૩) શ્રી દશવૈકાલિક સૂત્ર:-** આચારધર્મની પ્રધાનતા દર્શાવતું દશવૈકાલિક સૂત્ર છે.

पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्व संजए।

अन्नाणी किं काही? किंवा नाही सेयपावगं।।[१२]

અર્થ:- સંયતિ સમ્યક્દ્દષ્ટિ જ હોય છે. તેમજ જ્ઞાન પછી દયા અર્થાત્ વિરતિ હોય. વિરતિનું મૂળ સમ્યગ્દર્શન છે. એવું પૂર્વ આચારાંગ સૂત્રમાં સ્પષ્ટ થયું છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન પૂર્વક જ હોય, એવું અહીં સ્પષ્ટ થાય છે.

**(૪) ઉત્તરાધ્યયન સૂત્ર:-** ઉત્તરકાળમાં રચાયેલું હોવાથી ઉત્તરાધ્યયન સૂત્ર કહેવાય છે.

ते हियाणं तु भावाणं सब्भावे उवएसणं।

भावेणं सद्दहंतस्स, सम्मतं तं वियाहियं।।[१३]

અર્થ:- જીવ-અજીવાદિ પદાર્થોના સદ્ભાવમાં સ્વભાવથી અથવા કોઇના ઉપદેશથી ભાવપૂર્વક શ્રધ્ધા થાય છે. તેને સમકિત કહેવાય છે.

દર્શન સંપન્ન જીવ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરે છે. આત્મરક્ષક મુનિ અપ્રમત થઈ વિચરે, જ્યાં પ્રમાદ છે ત્યાં આત્મદષ્ટિ ભુલાય છે. અહિં આત્મદષ્ટિ એટલે સમ્યગ્દર્શન છે. આ સૂત્રમાં સમકિતનું સ્વરૂપ અને મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન સમ્યગ્દર્શન છે.

**(૫) શ્રી નિશીથ સૂત્રઃ-** શ્રીઆચારાંગ આદિ સૂત્રોની જેમ આચારની પ્રધાનતા દર્શાવતું શ્રી નિશીથસૂત્ર છે. તેનું બીજું નામ આચારકલ્પ છે. તેની રચનાના સંદર્ભમાં બે પરંપરા છે.

(૧) આચાર્ય ભદ્રબાહુસ્વામીએ શ્રીનિશીથસૂત્રની રચના કરી. જે વીરનિર્વાણ પછી ૧૫૦ વર્ષ હોઇ શકે.

(૨) વિશાખાચાર્ય મુનિઃ- જે ભદ્રબાહુ સ્વામી પછી થયા છે. તેમણે આ ગ્રંથની રચના કરી છે. તેથી આ ગ્રંથનો રચનાકાળ વીરનિર્વાણ પછી ૧૭૫ વર્ષની આસપાસનો હોવો જોઇએ. મિથ્યાત્વીનો સંગ ત્યાગ એટલે સમકિતની સુરક્ષા આવું જ્ઞાન આ સૂત્ર દ્વારા થાય છે.

**(૬) શ્રી દશાશ્રુત સ્કંધઃ-** આ છેદ સૂત્રનું બીજું નામ આચારદશા છે. જેમાં જૈનાચાર સંબધી દશ અધ્યયન છે. આ સૂત્રને તેથી દશાશ્રુત સ્કંધ કહેવાય છે. તેનું સંકલન આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ કર્યું છે. નવમા સ્કંધમાં મોહનીય કર્મ તીવ્રબંધના ૩૦ સ્થાનોનું વર્ણન છે. જે સમકિતની પ્રાપ્તિમાં બાધક છે.

**(૭) શ્રી પ્રજ્ઞાપનાસૂત્રઃ-** ઉપાંગ સૂત્રમાં સૌથી મોટુ પ્રજ્ઞાપના સૂત્ર છે. તેના કર્તા શ્યામાચાર્ય છે. આ સૂત્રમાં સમકિતની ચાર સદ્દહણાનો ઉલ્લેખ થયો છે.

परमत्थ संथवो वा सुदिट्ठपरमत्थ सेवणा वा वि

वावण्ण–कुदंसण वज्जणा य सम्मत्त सद्दहणा।।[१४]

પરમાર્થ સંસ્તવ, સુદષ્ટ પરમાર્થ સેવના, વ્યાપન્ન-કુદર્શન વર્જના આ ચાર સમકિતની શ્રધ્ધા છે.

**(૮) શ્રી ભગવતી સૂત્રઃ-** આ સૂત્રનું બીજુ નામ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સૂત્ર છે. આ સૂત્રમાં મિથ્યાદષ્ટિ સમ્યગ્દષ્ટિ કઇ રીતે થાય છે? તેનો ઉલ્લેખ છે.

**(૯) શ્રી નંદિસૂત્રઃ-** આ સૂત્ર જ્ઞાનરૂપ આનંદ પ્રદાન કરનારું છે. માટે નંદિસૂત્ર કહેવાય છે. આમાં સમ્યગ્‌દર્શનને વિવિધ ઉપમાઓ આપી શ્રેષ્ઠ કહ્યું છે. એમાં શાસ્ત્રકાર કહે છે કે, સમ્યગ્‌દર્શન ગુણ વસુંધરા જેવો છે. જેમ વસુંધરા પર માર્ગ અને ભવન હોય છે. તેમ સમ્યગ્‌ દર્શન મોક્ષરૂપી ભવ્ય ભવનનો પાયો કહયો છે.

विसेसिय सुयं सम्मदिट्ठिस्स सुयं सुयनाणं, मिच्छ दिट्ठिस्स सुयं सुयअन्नाणं।[१३]

અર્થઃ- સમ્યક્‌દષ્ટિનું શ્રુત શ્રુતજ્ઞાન છે. મિથ્યાદષ્ટિનું શ્રુત શ્રુતઅજ્ઞાન છે. ચૌદ પૂર્વધારીઓનું શ્રુત સમ્યક્‌શ્રુત છે. દશપૂર્વથી ઓછાં પૂર્વધરનાં શ્રુત સમ્યક્‌ હોય અથવા ન હોય, મિથ્યાદષ્ટિ દ્વારા રચિત શ્રુત સમ્યક્‌દષ્ટિને સમ્યક્‌શ્રુત બને છે. કારણ કે સમ્યગ્‌દષ્ટિને સમ્યક્‌ રૂપમાં ગ્રહણ થવાથી સમ્યક્‌શ્રુત છે.

શ્રી નંદિસૂત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ થયો છે કે, સમકિતના પ્રભાવે જ્ઞાન સમ્યક્‌ બને છે.

**(૧૦) શ્રી આવશ્યક નિર્યુક્તિઃ-** જૈન આગમોની પ્રાચીન ટીકાઓમાં નિર્યુક્તિનું સ્થાન વિશેષ છે. આવશ્યક નિર્યુક્તિ આચાર્ય ભદ્રબાહુની પ્રથમ કૃતિ છે. આવશ્યક નિર્યુક્તિમાં સમકિત શબ્દની નિર્યુક્તિ કરવામાં આવી છે.

सम्मदिट्ठी अमोहो सोही सब्भाव दंसणं बोही।
अविवज्जओ सुदिट्ठित्ति एवमाई निरुत्ताइं।।[१४]

અર્થઃ- સમ્યગ્‌દષ્ટિ, અમોહ, શુધ્ધિ, સદ્‌ભાવ, દર્શન, બોધિ, અવિપર્યય, સુદષ્ટિ આદિ સમકિતની નિર્યુક્તિ છે.

જે સમ્યગ્‌ અર્થોનું વિશ્લેષણ કરે છે તે સમ્યગ્‌દષ્ટિ છે. વિચારોમાં અમૂઢતા એ અમોહ છે. મિથ્યાત્વરૂપી મેલને દૂર કરે તે શુધ્ધિ છે. સદ્‌ભાવ એ શુભભાવ છે. પદાર્થોને યથાર્થ જોવા એ દર્શન છે. પરમાર્થનું જ્ઞાન થવું તે બોધિ છે. કદાગ્રહ રહિત તે વિપર્યય છે. સુંદર સમ્યક્‌દષ્ટિ તે સુદષ્ટિ છે. આ પ્રમાણે સાત પ્રકારે સમકિત શબ્દની નિર્યુક્તિ કરી છે.

**(૧૧) શ્રી વિશેષાવશ્યકભાષ્યઃ-** નિર્યુક્તિના ગૂઢાર્થને સરળ બનાવવા પૂર્વાચાર્યોએ વિસ્તૃત વ્યાખ્યાઓ લખી છે. જે પ્રાકૃત ભાષામાં છે. આ ગ્રંથના કર્તા જિનભદ્ર ગણી છે.

અહીં સમકિતનાં પાંચ ભેદોનું કથન છે.

उवसमियं सासाणं खयसमजं वेययं खइयं।

અર્થઃ- ઔપશમિક, સાસ્વાદન, ક્ષાયોપશમિક, વેદક અને ક્ષાયિક, પાંચ ભેદો

સમકિતનાં વર્ણવ્યા છે.

કર્મક્ષય કરવામાં પ્રવર્તેલ આત્માના અધ્યવસાય તે પ્રથમ યથાપ્રવૃત્તિકરણ, પૂર્વે કયારેય પ્રાપ્ત ન થયેલ એવા અપૂર્વસ્થિતિ ઘાત, રસઘાત આદિરૂપ અધ્યવસાય તે બીજું અપૂર્વકરણ. સમકિતનો લાભ થાય ત્યાં સુધી જે પરિણામ પાછા ન પડે તે અનિવૃત્તિકરણ છે. આ ત્રણ કરણો ઉત્તરોત્તર વધુ વિશુધ્ધ હોય છે. તે ભવ્ય જીવોને હોય છે. અભવ્યોને યથાપ્રવૃત્તિ કરણ ન હોય.

**૧૩. શ્રી તત્ત્વાર્થસૂત્રઃ-** આ ગ્રંથના રચયિતા વાચક ઉમાસ્વાતિ છે. આ સૂત્રનો પ્રારંભ સમકિતથી થાય છે.

जीवाजीवासव बन्धसंवर निर्जरा मोक्षास्तत्वम्।

અહીં વાચક ઉમાસ્વાતિએ સાત તત્ત્વો દર્શાવેલ છે. તેમજ તત્ત્વજ્ઞાનના અન્ય ઉપાયો પણ દર્શાવેલ છે.

શ્રી તત્ત્વાર્થસૂત્રમાં સમકિતનું સ્વરૂપ, લક્ષણ, ઉત્પત્તિ, પ્રાપ્તિના ઉપાય ઉપલબ્ધ થાય છે. સમકિતના વિસ્તારનું આ પ્રથમ સોપાન સૂત્ર છે.

**૧૪. સન્મતિ પ્રકરણઃ-** આચાર્ય સિધ્ધસેન દિવાકરની કૃતિ છે. તેમનો સમય લગભગ વિક્રમની ચર્તુથ શતાબ્દી મનાય છે. આ સૂત્રમાં કહ્યું છે કે, જ્ઞાન દર્શનપૂર્વક છે. પરંતુ દર્શન જ્ઞાનપૂર્વક નથી. નિશ્ચયથી દર્શન જ્ઞાનથી અભિન્ન છે. સમકિત એકાંત દષ્ટિનો નાશ કરે છે. સમ્યક્જ્ઞાન સમકિતપૂર્વક થાય છે. તેમજ અનેકાંત દષ્ટિ એજ સમકિત છે.

**૧૫. સમ્યક્ત્વ સપ્તતિઃ-** આચાર્ય હરિભદ્રસૂરિ રચિત સમકિત સપ્તતિ ગ્રંથમાં વ્યવહાર સમકિતના સડસઠ બોલનું વિવરણ થયું છે.

સંબોધપ્રકરણ ગ્રંથ જેના રચયિતા હરિભદ્રસૂરિ છે. તેમાં ૬૭ બોલની પ્રરૂપણા થઇ છે. પૂ.આ.પ્રદ્યુમ્નસૂરિએ મૂલશુધ્ધિગ્રંથમાં આ ભેદમાંથી ઘણા ભેદોનું વિવેચન કર્યું છે.

**૧૬. ઉપદેશમાલાઃ-** આ ગ્રંથના રચયિતા ધર્મદાસગણિ છે. આ ગ્રંથમાં સૂત્રકારે સમકિત પ્રદાતા ગુરુનો અસીમ ઉપકાર દર્શાવ્યો છે.

सम्मत्तम्मि उवलद्धे ठइयाइं नरयतिरिय दाराई।

दिव्वाणि माणिसाणि य मोक्ख सुहाइ अहीणाई।।[१६]

સમકિત પ્રાપ્ત થતાં જીવ નરક, તિર્યંચરૂપી દુર્ગતિના દ્વાર બંધ કરે છે. દેવ, મનુષ્ય અને મોક્ષ સંબધી સુખ પ્રાપ્ત કરે છે.

**૧૭. અધ્યાત્મસારઃ-** ઉપાધ્યાય યશોવિજયજીની આ કૃતિ છે. આ ગ્રંથમાં દસ પ્રકારની રુચિ અને સમકિતના પાંચ લક્ષણોનું વિવેચન પણ થયું છે.

## અન્ય ધર્મમાં સમકિતનું વર્ણનઃ-

કૃષ્ણ ભક્ત નરસિંહ મહેતાનું જગ પ્રસિધ્ધ લોકગીત,

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે.

પર દુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે............૧"

દાક્ષિણ્યતા, ગંભીરતા, અને પારકાની પ્રશંસાના અવસરે ઈર્ષાનો નાશ થવો તેજ સાચો વૈષ્ણવ છે.

સમકિતી આત્મા ગુણાનુરાગી હોય, બીજાના દોષ જાણવા છતાં ગુપ્ત રાખે. અન્યનાં કાર્યો કરતાં ભયનાં નિમિત્તો આવે, છતાં ધીરતા કેળવી શાંતિ રાખે પણ આકુળ-વ્યાકુળ ન બને.

સકળલોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે
વાચકાછ મન નિશ્ચલ રાખે, ધનધનજનની તેની રે ........૨

સમદ્રષ્ટિને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે
જિવ્હા થકી અસત્ય ન બોલે, પરધન નવઝાલે હાથ રે.......૩

સાચા વૈષ્ણવના ગુણો જણાવતાં કહે છે કે, વિનયી, ગુણાનુરાગી, ઈન્દ્રિય વિજેતા, સમદષ્ટિ, નિરાકાંક્ષી, ઉચિત પ્રવૃતિ કરનાર, સત્યભાષી, અચૌર્ય ગુણોથી યુક્ત હોય. સમ્યગ્દષ્ટિ આત્મામાં ઉપરોક્ત સર્વ ગુંણો વિદ્યમાન હોય છે. ગુણીજનો પ્રત્યે પ્રમોદ ભાવ આવ્યા વિના ગુણાનુરાગી કે સ્વદોષ નિંદકની પ્રવૃત્તિ ન આવે.

સમ્યગ્દર્શન એટલે અસત્ કર્મોની મર્યાદા, સમ્યગ્દર્શન એટલે નિરાસક્ત વ્યવહાર, સમ્યગ્દષ્ટિ આત્મામાં કષાયોની ઉપશાંતતા, મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ આ ચાર ભાવનાઓનો સુમેળ હોય છે.

જૈનત્વની પ્રથમ ભૂમિકા સમકિત છે. સમકિતી કર્મ સત્તાને હંફાવે છે. સમકિત એ જીવને પરિવર્તનની કળા છે.

**બૌધ્ધ ધર્મઃ-** બૌધ્ધ પિટકોમાં મજ્ઝિમનિકાયમાં सम्मादिट्ठि નામનું નવમું સુત્ત છે. વિરતિને ધારણ કરનાર મુનિ જ સમ્યગ્દષ્ટિ હોય છે. એવું શ્રી આચારાંગ સૂત્રની જેમ મજ્ઝિમનિકાયમાં પણ કહ્યું છે.

જૈન દર્શનમાં જેમ દેવ- ગુરુ-ધર્મની શ્રધ્ધાને સમ્યગ્દર્શન કહેલ છે. તેમ બૌધ્ધ

દર્શનમાં બુધ્ધ(દેવ), સંઘ(ગુરૂ) અને ધર્મની શ્રધ્ધા સ્વીકારી છે.[૧૭]

**૧. સાંખ્યદર્શન:-** સાંખ્ય દર્શનમાં સમ્યગ્‌દર્શન કે શ્રધ્ધાનો ઉલ્લેખ મળતો નથી પરંતુ સમ્યક્‌જ્ઞાન અને ચારિત્રથી મોક્ષ પ્રાપ્ત થાય છે. તેવો ઉલ્લેખ જોવા મળે છે. જૈન દર્શન અનુસાર વિવેકથી ભેદજ્ઞાન થાય છે.

સાંખ્યદર્શનમાં પચ્ચીશ તત્ત્વ દર્શાવેલ છે. જે તત્ત્વાર્થસૂત્રના કથન સાથે સામ્યતા ધરાવે છે. જૈન દર્શન અનુસાર સમ્યગ્‌દર્શન પ્રાપ્ત થતા જ્ઞાન સમ્યક્ બને છે. સમ્યક્‌જ્ઞાન પ્રાપ્તિની પ્રાથમિક ભૂમિકા વિવેક ખ્યાતિ છે. જ્યાં સુધી વિવેક ખ્યાતિ દઢ કે પ્રબળ ન બને, ત્યાં સુધી વ્યુત્થાન સંસ્કારો વિક્ષેપ નાંખે છે.

સંપૂર્ણ કર્મનો ક્ષય એટલે મોક્ષ એવું જૈન દર્શન માને છે. સાંખ્યદર્શન અનુસાર ત્રિવિધ દુ:ખોથી સંપૂર્ણ નિવૃત્તિ એટલે મુક્તિ.

આ પ્રમાણે સાંખ્યદર્શન અને જૈનદર્શનની માન્યતામાં કેટલીક સમાનતા છે.

**૨. યોગદર્શન:-** યોગદર્શનમાં પ્રજ્ઞાની વિશુધ્ધ અવસ્થાને ઋતંભરા (સત્યને ધારણ કરવાવાળી પ્રજ્ઞા) પ્રજ્ઞા કહે છે. જે વિવેકખ્યાતિ સાથે તુલનીય છે. વિવેકખ્યાતિના ઉદ્‌ભવથી સાધકની પ્રજ્ઞા ઋતંભરા બને છે.

જૈનદર્શન અનુસાર સમ્યગ્‌દર્શન પ્રાપ્ત થતાં જ્ઞાન સમ્યક્ બને છે. સમ્યક્‌જ્ઞાન પ્રાપ્તિની પ્રાથમિક ભૂમિકા વિવેકખ્યાતિ છે. જ્યાં સુધી વિવેકખ્યાતિ દઢ કે પ્રબળ ન બને ત્યાં સુધી વ્યુત્થાન સંસ્કારો વિક્ષેપ નાંખે છે, નિરંતર અભ્યાસથી વિવેકખ્યાતિ પ્રબળ બનતાં મિથ્યાત્વનો નાશ થાય છે.[૧૮]

જૈન દર્શન અનુસાર ઉપરોકત અવસ્થા એ ઉપશમ અને ક્ષાયિક સમ્યક્‌ત્વની અવસ્થા છે.

યોગદર્શન સમકિતને વિવેકખ્યાતિ કહે છે. વિવેકખ્યાતિના અભ્યાસથી યોગી જીવનમુક્ત અવસ્થા મેળવી શકે છે. જૈન દર્શન સમ્યક્‌ત્વને અધ્યાત્મનું પ્રથમ પગથિયું કહે છે.

**૩. ન્યાય-વૈશેષિકદર્શન:-** ન્યાયદર્શનના રચયિતા મહર્ષિ ગૌતમ છે. વૈશેષિક દર્શનના પ્રણેતા મહર્ષિ કણાદ છે. બન્ને દર્શન એકબીજાના પૂરક છે.

ન્યાયસૂત્રકાર અનુસાર શાસ્ત્રના શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી તત્ત્વજ્ઞાન પ્રગટે છે. જ્ઞાનગ્રહણ, જ્ઞાનાભ્યાસ અને જ્ઞાનીઓ સાથે સંવાદ કરતાં સંશય દૂર થાય છે. પ્રજ્ઞાનો ઉદય થાય છે. તેવું જૈનદર્શન પણ માને છે.[૧૯]

**૪. વેદાંતદર્શનઃ-** ડૉ.રાધાકૃષ્ણ અનુસાર વેદાંતદર્શનના રચયિતા વ્યાસ છે. વેદાંતદર્શનમાં સર્વ પ્રથમ આત્મદર્શનની ચર્ચા કરી છે. આત્મદર્શન એટલે સમ્યગ્દર્શન ત્યાર પછી જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. ચિત્તની આનંદમય અવસ્થા એ શ્રધ્ધા છે. ચિત્તની પ્રસન્નતાથી જ શ્રધ્ધા ટકે છે. માટે સૌ પ્રથમ શ્રધ્ધા આવશ્યક છે.

**૫. શ્રીમદ્ ભગવદ્ગીતાઃ-** ગીતામાં સમ્યક્ત્વના બદલે શ્રધ્ધા શબ્દ વાપર્યો છે. ગીતાકાર કહે છે કે, શ્રધ્ધા યુક્ત, દોષ રહિત બુધ્ધિવાળો સંપૂર્ણ કર્મથી મુક્તિ મેળવે છે. યોગથી ચલિત, શિથિલ મનવાળા શ્રધ્ધાયુક્ત પુરુષની દુર્ગતિ ન થાય.[૨૦]

જૈનદર્શનમાં પણ કહ્યું છે કે, સમ્યગ્દર્શની વૈમાનિક દેવલોકમાં જાય છે. તેની દુર્ગતિ ન થાય. ગીતા અનુસાર શ્રધ્ધા રહિત અને સંશયયુક્ત પુરુષ પરમાર્થથી ભ્રષ્ટ બને છે. તે સંસારમાં પરિભ્રમણ કરે છે. જૈન દર્શન અનુસાર સંશય શ્રધ્ધાનો ઘાત કરે છે. શ્રધ્ધા રહિતની મુક્તિ અસંભવ છે. અહીં જૈનદર્શન અને ગીતાની માન્યતા સમાન છે.

પરમતત્ત્વની પ્રાપ્તિ માટે, ધર્મની શરૂઆત માટે શ્રધ્ધા આવશ્યક છે. એવું ભારતીય સર્વ દર્શનો માને છે.

૬. આ ઉપરાંત યહૂદી ધર્મમાંથી ઉદ્ભવ પામેલ ઈસાઈ ધર્મ જેનો મૂળ ગ્રંથ છે બાઈબલ તેમાં પણ આસ્થા (શ્રધ્ધાને) વિશિષ્ટ મહત્ત્વ આપેલ છે. તથા ઈસ્લામ ધર્મ જેનો ઉદ્ભવ અરેબિયામાં થયો તેના સ્થાપક મહમદ પયગંબર હતા. તેમનો મૂળ ગ્રંથ 'કુરાનશરીફ' એમાં જણાવે છે કે ''જે 'અવ્યક્ત' શ્રધ્ધા રાખે છે, તેની પ્રાર્થના કરે છે, તેને પરમાત્મા બધું જ આપે છે.'' ત્યાં શ્રધ્ધા માટે 'ईमान' તથા શ્રધ્ધાવાન માટે 'मोमीन' શબ્દપ્રયોગ થયો છે.

આમ સર્વ ક્ષેત્રમાં સમ્યગ્દર્શનની ખુબ આવશ્યકતા છે.

## સમ્યગ્દર્શનનો અર્થ અને ભૂમિકા

**સમ્યગ્ શબ્દનો અર્થઃ-** સમ્યક્ શબ્દનો અર્થ પ્રશસ્ત, યથાર્થ શ્રેષ્ઠ છે. સમ્યક્ એટલે સર્વજ્ઞના વચન અનુસાર દર્શન એટલે જોવું, જોઈને વિચારવું, વિચારીને નિશ્ચય કરવો. નિશ્ચય કરીને ધારણ કરવું અને તેમાં સ્થિત થવું. सम् ઉપસર્ગપૂર્વક यच् ધાતુથી क्विप् પ્રત્યય લગાડતાં સમ્યક્ શબ્દ બને છે. તેની વ્યુત્પત્તિ सम्मच्चति इति सम्यक् એ પ્રકારે થાય છે.

અર્ધમાગધી ભાષામાં સમ્યક્ત્વને દર્શાવનાર सम्मत्त શબ્દ છે. તેમજ सम्म શબ્દથી

પણ તેવા ભાવ વ્યક્ત થાય છે.

ભગવાન મહાવીર અને ભગવાન બુધ્ધના સમયમાં તત્ત્વચિંતન, આત્મદર્શન, તપશ્ચર્યા અને ત્યાગનું વાતાવરણ હતું. તેથી આગમો અને પિટકોની વર્ણનશૈલી દર્શાવે છે કે તે વખતે શ્રધ્ધાનું વાતાવરણ હતું. વિક્રમ પૂર્વના પાંચમા અને છઠ્ઠા સૈકાનો સમય શ્રધ્ધાની પ્રધાનતાવાળો સુવર્ણયુગ હતો. ત્યારબાદ તર્કનું જોર વધતા શ્રધ્ધાગૌણ બની તેથી સમકિતનો સ્થૂળ અર્થ વિસ્તાર પામ્યો. ભગવાન મહાવીરના નિર્વાણ પછી લગભગ આઠમા-નવમા સૈકામાં જૈન મતવાદીઓ જૈનેતર શ્રુતને મિથ્યાશ્રુત માનવા લાગ્યા. તેથી જૈન અને જૈનેતર વચ્ચે સંકુચિતતાની દિવાલ ઉભી થઇ. ભગવાન મહાવીરનો મુખ્ય ઉપદેશ અને જૈનદર્શનનો પાયાનો સિધ્ધાંત અનેકાન્ત, અહિંસા, સામ્યતા, સહિષ્ણુતા, વિશ્વપ્રેમ, વાત્સલ્ય, મૈત્રી અને અનુકંપાના ઉત્તમ ભાવોનું, ધીમે ધીમે વિસ્મરણ થવા લાગ્યું. આચાર્ય હરિભદ્રસૂરિએ 'યોગદષ્ટિ સમુચ્ચય'માં સમ્યગ્દષ્ટિ શબ્દનો અર્થ કરતા કહ્યું છે કે, ''બુધ્ધ, કપિલ, જિન આદિની વાણી અને શૈલીભલે જુદી હોય પરંતુ અંતે સર્વે કલ્યાણવાદી છે.''

જૈનદર્શન તત્ત્વ શ્રધ્ધાને સમ્યગ્દર્શન કહે છે. અહીં શ્રધ્ધા એટલે રુચિ એવો અર્થ થાય છે. એટલે કે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ આ તત્ત્વો પર શ્રધ્ધા. આ શ્રધ્ધા માટે મુખ્ય કારણ ગ્રંથિભેદ છે. જે મોહનીય કર્મમાં, દર્શન મોહનીય કર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી થાય છે.

હવે આપણે અનાદિ મિથ્યાત્વી જીવ પ્રથમ વાર ગ્રંથિભેદ દ્વારા સમ્યક્ત્વ પામે છે તે કેવી રીતે કયા ક્રમથી પામે છે તે જોઇએ.

**ગ્રંથિભેદ:-**

મંદ મિથ્યાદષ્ટિ જીવોને નદી ઘોળ ગોળ પાષાણ ન્યાયે એટલે જેમ નદીના પ્રવાહમાં તણાઇ રહેલો પત્થર પોતાની મેળે જ લીસો બની જાય છે. તેમ સાહજિક રીતે જ આયુષ્ય સિવાયની સાતે કર્મની દીર્ઘ સ્થિતિ સત્તા કપાઇને અંત:કોડાકોડી સાગરોપમ થઇ જાય એવો જ વિશુધ્ધ અધ્યવસાય ઉત્પન્ન થાય છે. તેને **યથાપ્રવૃત્ત કરણ** કહેવાય. જ્યારે યથાપ્રવૃત્ત કરણ નામનો અધ્યવસાય પ્રાપ્ત થાય છે ત્યારે જીવ 'ગ્રન્થિદેશે' આવ્યો કહેવાય છે.

ગાઢ મિથ્યાદષ્ટિ અને મંદ મિથ્યાદષ્ટિ જીવો ઘણીવાર ગ્રન્થિદેશે આવે છે. પણ ગાઢ મિથ્યાદષ્ટિ જીવો સંકલેશ વધી જવાથી, ત્યાંથી જ પાછા ફરી જાય છે. અને મંદ મિથ્યાદષ્ટિમાંથી જે જીવ અનંત ગુણ વિશુધ્ધ પરિણામની ધારાએ ચઢેલો હોય તે આસન્ન ભવ્ય ગ્રન્થિભેદ કરવા માટે આગળ જાય છે. અને જે અપૂર્વ વીર્યોલ્લાસને

ફોરવી શકતો નથી તે ત્યાંથી જ પાછો ફરી જાય છે.

અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્ય જીવ- જે સમકિત પામવાનો હોય તે ત્રણ કરણ કરે છે. (૧) યથાપ્રવૃત્તિ કરણ (૨) અપૂર્વ કરણ (૩) અનિવૃત્તિ કરણ.

<u>**૧. યથાપ્રવૃત્તિ કરણઃ-**</u> યથાપ્રવૃત્ત કરણવર્તી ગાઢ મિથ્યાદૃષ્ટિ અને મંદ મિથ્યાદૃષ્ટિ જીવ વિશુધ્ધ અધ્યવસાયવાળા હોવા છતાં પણ તે બન્નેની વિશુધ્ધિમાં ઘણો ફરક હોય છે. જે જીવ ગ્રન્થિભેદ કરવાનો છે. તે ગાઢ મિથ્યા દૃષ્ટિની અપેક્ષાએ અનંતગુણ વિશુધ્ધિવાળો હોય છે. તેનું જે યથાપ્રવૃતકરણ છે, તે 'ચરમયથાપ્રવૃત્તકરણ' કહેવાય છે. અપૂર્વકરણની પૂર્વેનું જે છેલ્લું યથાપ્રવૃત્તકરણ થાય છે. તે ચરમયથાપ્રવૃત્તકરણ કહેવાય છે.

અનાદિ મિથ્યાદૃષ્ટિ મોહનીયકર્મની દીર્ઘ સ્થિતિ સત્તામાંથી માત્ર અંતઃકોડાકોડી સાગરોપમ સ્થિતિ રાખીને બાકીની બધીજ સ્થિતિસત્તાને કાપી નાંખે છે. તે વખતે જીવ 'ગ્રન્થિદેશે' આવ્યો કહેવાય.

જૈનદર્શનમાં અનાદિકાળથી જીવને વળગેલા રાગદ્વેષના ગાઢ પરિણામને 'ગ્રન્થિ' કહે છે. જ્યારે અનાદિકાલીન રાગ-દ્વેષના તીવ્ર પરિણામ રૂપ દુર્ભેદ્ય ગાંઠને ભેદી નાંખે છે. ત્યારે 'ગ્રન્થિભેદ' કર્યો કહેવાય.

ચરમ યથાપ્રવૃત્તકરણવર્તી આસન્ન ભવ્ય મહાત્મા એકેક સમયે ક્રમશઃ કર્મદલિક વિપાકોદયથી ભોગવીને નાશ કરતો કરતો આગળ વધી રહ્યો છે. જ્યારે યથાપ્રવૃત્તકરણનું અંતર્મુહૂર્ત સમય પૂર્ણ થાય છે. ત્યારે તે અત્યંત વીર્યોલ્લાસને ફોરવીને અપૂર્વકરણમાં પ્રવેશ કરે છે.

<u>**૨. અપૂર્વકરણઃ-**</u> પૂર્વે કયારેય નહિ આવેલા એવા વિશુધ્ધ અધ્યવસાયને અપૂર્વકરણ કહે છે. અપૂર્વકરણનું બીજું નામ 'નિવૃત્તિકરણ' પણ છે. એકીસાથે ગ્રન્થિભેદ કરનારા સર્વ જીવોના અધ્યવસાયમાં તરતમતા હોય છે. તેથી તેને નિવૃત્તિકરણ પણ કહે છે. અપૂર્વકરણના પ્રથમ સમયથી જીવ (અ)સ્થિતિઘાત (બ)રસઘાત (ક)ગુણશ્રેણી (ડ)અપૂર્વસ્થિતિબંધ શરૂ કરે છે.

**(અ) સ્થિતિઘાતઃ-** આયુષ્ય સિવાયની જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મની નિષેક રચનાના ઉપરના ભાગમાંથી (જે પ્રયત્ન વિશેષથી કર્મની સ્થિતિમાં અને રસમાં ઘટાડો થાય છે તે) અપવર્તનાકરણથી જઘન્યથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમપ્રમાણ સ્થિતિખંડનો નાશ કરવો તે સ્થિતિઘાત કહેવાય.

અપૂર્વકરણમાં રહેલો જીવ નિષેકરચનાના ઉપરના ભાગમાંથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ નિષેકમાંથી પ્રથમ સમયે અસંખ્યાતા દલિકોને નીચે ઉતારે છે. તેનાથી બીજા સમયે અસંખ્યગુણા દલિકોને નીચે ઉતારે છે. એ રીતે પૂર્વ-પૂર્વના સમય કરતાં પછી-પછીના સમયે અસંખ્ય ગુણાકારે દલિકોને નીચે ઉતારીને જે સ્થિતિનો નાશ થતો નથી તેમાં નાંખે છે. જ્યારે સ્થિતિઘાતનું અંતર્મુહૂર્ત સમય પૂર્ણ થાય છે. ત્યારે પલ્યોપમના સંખ્યાતમા ભાગ (નિષેક)માં એક પણ દલિક રહેતું નથી. એટલે અંતર્મુહૂર્ત કાળે પલ્યોપમના સંખ્યાતમા ભાગ સમયની સ્થિતિનો નાશ થાય છે. તે સમયે 'પ્રથમ સ્થિતિઘાત' પૂર્ણ થાય છે.

અપૂર્વકરણમાં રહેલો જીવ નિષેક રચનાના નીચેના ભાગમાંથી એક-એક સમયે ક્રમશ:એક એક નિષેકમાં રહેલા દલિકોને ભોગવીને નાશ કરી રહ્યો છે. અને ઉપરથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ નિષેકમાંથી ક્રમશ:અસંખ્ય ગુણાકારે દલિકોને નીચે ઉતારીને, જે સ્થિતિનો ઘાત થતો નથી તેમાં નાંખી રહ્યો છે. આ મુજબ જ્યારે સ્થિતિઘાતનું અંતર્મુહૂર્ત પૂર્ણ થાય છે. ત્યારે નીચેથી અને ઉપરથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ નાશ થાય છે. એટલે જ્યારે પ્રથમ સ્થિતિ પૂર્ણ થાય છે. ત્યારે મિથ્યાત્વ મોહનીયની અંત: કોડાકોડી સાગરોપમની સ્થિતિસત્તા રહે છે. અપૂર્વકરણમાં આવા હજારો સ્થિતિઘાત થાય છે.

**(બ) રસઘાત:-** જીવ દ્વારા ગ્રહણ કરાયેલા કર્મપુદ્ગલોમાં 'કષાયયુક્ત લેશ્યા જન્ય' અધ્યવસાયથી ન્યૂનાધિક પ્રમાણમાં શુભાશુભ ફળ આપવાની જે શક્તિ ઉત્પન્ન કરાય છે. તે 'રસ' કહેવાય અને સત્તામાં રહેલા અશુભ પ્રકૃતિના રસનો અપવર્તના કરણથી નાશ કરવો. તે 'રસઘાત' કહેવાય છે.

સત્તાગત અશુભ કર્મપુદ્ગલોમાં રહેલા રસના અનંતાભાગ કરવા તેમાંથી એક અનંતમા ભાગ જેટલો રસ રાખીને, બાકીના ઘણા અનંતા ભાગ જેટલા રસનો અંતર્મુહૂર્ત કાળમાં નાશ કરવો, તે 'પ્રથમ રસઘાત' કહેવાય છે. ત્યાર પછી પ્રથમ રસઘાત કરતી વખતે જે એક અનંતમા ભાગ જેટલો રસ રાખ્યો હતો, તેના અનંતા ભાગો કરીને, તેમાંથી એક અનંતમા ભાગ જેટલો રસ રાખીને, બાકીના ઘણા અનંતા ભાગ જેટલા રસનો અંતર્મુહૂર્ત કાળમાં નાશ કરવો, તે 'બીજો રસઘાત' કહેવાય છે. આમ એક સ્થિતિઘાત પૂર્ણ થાય ત્યાં સુધી હજારો 'રસઘાત' થઈ જાય છે.

**(ક) ગુણશ્રેણી:-** શ્રેણી:- અનુક્રમે ગુણ:- અસંખ્ય ગુણાકારે કર્મદલિકને ગોઠવવા આયુષ્ય વિના બાકીની કર્મપ્રકૃતિની નિષેકરચનાના ઉપરના ભાગમાંથી

આયુષ્ય વિના બાકીની કર્મપ્રકૃતિની નિષેકરચનાના ઉપરના ભાગમાંથી અપવર્તના કરણથી નીચે ઉતરતાં દલિકોને ઉદયવતી કર્મપ્રકૃતિમાં ઉદય સમયથી અનુદયવર્તી કર્મપ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમ સમયથી માંડીને અંતર્મુહૂર્તના જેટલા સમયો થાય, તેટલા નિષેકમાં પૂર્વ-પૂર્વના નિષેક કરતાં પછી પછીના નિષેકમાં અસંખ્ય ગુણાકારે ગોઠવવા, તે 'ગુણશ્રેણી' કહેવાય.

પહેલા સમયે જેટલા દલિકો ઉપાડ્યા હોય, તેમાંથી ઉદય સમયમાં થોડા ગોઠવે છે. તેનાથી અસંખ્યગુણા બીજા નિષેકમાં ગોઠવે છે, તેનાથી અસંખ્યગુણા ત્રીજા નિષેકમાં ગોઠવે છે. એ રીતે, અંતર્મુહૂર્તના જેટલા સમય થાય. તેટલા નિષેકમાં ક્રમશઃ અસંખ્ય ગુણાકારે દલિકોને ગોઠવવા તે ગુણશ્રેણી કહેવાય છે.

**(ડ) અપૂર્વ સ્થિતિબંધઃ-** પૂર્વે કયારેય નહિ થયેલો એવો જે અલ્પ સ્થિતિબંધ થાય છે, તે અપૂર્વ સ્થિતિબંધ કહેવાય છે. સ્થિતિબંધનું કારણ કષાયોદય છે. જેમ કષાયોદય તીવ્ર બનતો જાય છે. તેમ સંકિલષ્ટતા વધવાથી સ્થિતિબંધ વધતો જાય છે. અને જેમ કષાયોદય મંદ પડે છે. તેમ વિશુધ્ધિ વધવાથી સ્થિતિબંધ ઘટતો જાય છે. એ નિયમાનુસારે વિશુધ્ધ પરિણામની ધારાએ ચઢેલો અપૂર્વકરણવર્તી જીવ પૂર્વ-પૂર્વના સ્થિતિબંધ કરતાં પછી-પછીનો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ન્યૂન-ન્યૂન કરે છે.

જીવ નિષેકરચનામાંથી નીચેથી એક-એક સમયે ક્રમશઃ એક-એક નિષેકને ભોગવીને નાશ કરતાં-કરતાં અને નિષેકરચનાની ઉપરના ભાગમાંથી સ્થિતિઘાતથી સ્થિતિને ઓછી કરતાં-કરતાં આગળ વધી રહ્યા છે. જ્યારે અપૂર્વકરણનું અંતર્મુહૂર્ત પૂર્ણ થાય છે. ત્યારે 'તીક્ષ્ણ કુહાડાની ધાર' સરખા 'અપૂર્વ વીર્યોલ્લાસ વડે' અનાદિકાલીન રાગ-દ્વેષના તીવ્ર પરિણામરૂપ દુર્ભેદ્ય ગાંઠને તોડીને અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે.

**<u>૩. અનિવૃત્તિકરણમાં પ્રવેશઃ-</u>** જે સમયે એકીસાથે ગ્રન્થિભેદ કરનારા સર્વજીવોને એક સરખો અધ્યવસાય થઈ જાય છે. તે વખતે તેઓ અનિવૃત્તિકરણમાં પ્રવેશ્યા કહેવાય. નિવૃત્તિતરતમતા અનિવૃત્તિતરતમતા ન હોવી...

અનિવૃત્તિ કરણમાં રહેલો જીવ નિષેક રચનાની નીચેના ભાગમાંથી ક્રમશઃએક-એક સમયે એક-એક નિષેકમાં રહેલું દલિક ભોગવીને નાશ કરતો અને નિષેક રચનાના ઉપરના ભાગમાંથી સ્થિતિઘાતથી સ્થિતિને ઓછી કરતો આગળ વધી રહ્યો છે. જ્યારે અનિવૃત્તિકરણના અંતર્મુહૂર્તના ઘણા સંખ્યાતા ભાગ ગયા પછી એક

અસંખ્યાતમો ભાગ બાકી રહે છે. ત્યારે અંતરકરણની ક્રિયા શરૂ કરે છે.

<u>અંતરકરણની ક્રિયા પ્રારંભ:-</u> મિથ્યાત્વની સ્થિતિમાંથી નીચેથી અનિવૃત્તિ કરણના છેલ્લા એક સંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિને છોડીને, તેની ઉપરની અંતર્મુહૂર્ત જેટલી સ્થિતિમાંથી દલિકોને ઉપાડીને, ઉપરની અને નીચેની સ્થિતિમાં નાંખીને તેટલી સ્થિતિને દલિક વિનાની શુધ્ધ સ્થિતિ કરવાની જે ક્રિયા થાય છે. તે અંતરકરણની ક્રિયા કહે છે.

અંતરકરણની ક્રિયા શરૂ થયા પછી મિથ્યાત્વની નીચેની સ્થિતિમાં ઉદયાવલિકાની ઉપરના નિષેકમાંથી કેટલાક દલિકોને ઉદીરણાકરણથી ઉદયાવલિકામાં નાંખી રહ્યો છે, તેને ઉદીરણા કહે છે. અને ઉપરની સ્થિતિમાંથી કેટલાક દલિકોને ઉદીરણાકરણથી ખેંચીને ઉદયાવલિકામાં નાંખી રહ્યો છે. તેને આગાલ કહે છે. જ્યારે અંતરકરણની ક્રિયાનું અંતર્મુહૂર્ત પૂર્ણ થાય છે. ત્યારે નિષેકમાં એકપણ દલિક રહેતું નથી. દલિક વિનાની સ્થિતિને અંતરકરણ કહે છે. જ્યારે આંતરૂ પાડવાની ક્રિયા પૂર્ણ થાય છે. તે સમયે મિથ્યાત્વ મોહનીય કર્મની સ્થિતિ બે વિભાગમાં વહેંચાઈ જાય છે. અને પ્રથમ સ્થિતિ અને 'દ્વિતીય સ્થિતિ'ની વચ્ચે જે મિથ્યાત્વના દલિક વિનાની શુધ્ધ સ્થિતિ છે. તેને 'ઉપશમાદ્ધા' કહે છે. પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ અને દ્વિતીય સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે.

અંતરકરણની ક્રિયા પૂર્ણ થયા પછી જીવ મિથ્યાત્વની પ્રથમ સ્થિતિમાંથી એક-એક રહેલું કર્મદલિક વિપાકોદયથી ભોગવીને નાશ કરી રહ્યો છે. અને દ્વિતીય સ્થિતિમાં રહેલા કર્મદલિકોને પ્રતિ સમયે અસંખ્ય ગુણાકારે ઉપશમાવી રહ્યો છે. કર્મદલિકોને અંતર્મુહૂર્ત સુધી પ્રદેશોદયથી કે વિપાકોદયથી ફળનો અનુભવ ન કરાવી શકે એવી સ્થિતિમાં મૂકી દેવા, તે 'ઉપશમ' કહેવાય.

<u>**૧. ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ:-**</u> જ્યારે પ્રથમ સ્થિતિ ઉદય-ઉદીરણાથી ભોગવાઈને નાશ પામી જાય છે. ત્યારે મિથ્યાત્વ મોહનીય કર્મનો બંધ અને ઉદય અટકી જાય છે. અને બીજી સ્થિતિમાં રહેલા બધા જ કર્મદલિકો ઉપશાંત થઈ જાય છે. ત્યાર પછીના સમયે જીવને ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

જીવને ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. ત્યારે તેને જન્માંધ માણસને આંખો મળતા જેટલો આનંદ થાય છે. તેના કરતાં પણ વધુ આનંદ થાય છે.

હવે દ્વિતીય સ્થિતિમાં રહેલા મિથ્યાત્વ મોહનીયના દલિકોમાં ન્યૂનાધિક પ્રમાણમાં

રસનો ઘટાડો થવાથી, કર્મદલિકો ત્રણ વિભાગમાં વહેંચાઇ જાય છે.

(૧) જે દલિકોમાંથી રસ ઘટીને મંદ દ્વિસ્થાનિક થઇ જાય છે. તે દલિકોનો જે વિભાગ છે તે 'શુધ્ધપુંજ' કહેવાય છે. જે સમ્યક્ત્વ મોહનીય કહેવાય છે.

(૨) જે દલિકોમાંથી રસઘટીને મધ્યમ દ્વિસ્થાનિક થઇ જાય છે. તે દલિકોના વિભાગને 'અર્ધશુધ્ધપુંજ' એટલેકે મિશ્ર મોહનીય કહેવાય છે.

(૩) જે દલિકોમાં રસ તીવ્ર દ્વિસ્થાનિક-ત્રિસ્થાનિક-ચતુઃસ્થાનિક હોય છે. તે દલિકોનો જે વિભાગ છે તે 'અશુધ્ધપુંજ' મિથ્યાત્વ મોહનીય કહેવાય છે.

**૨. ક્ષયોપશમિક સમ્યક્ત્વઃ-** હવે જો જીવને સમ્યક્ત્વ મોહનીય કર્મનો પુંજ ઉદયમાં આવે, તો ઉદયમાં આવીને ક્ષય પામે જાય અને બાકીની પ્રકૃતિઓનો ઉપશમ રહે છે. એટલે ઉપશમ સમ્યક્ત્વ પછી ક્ષયોપશમિક સમ્યક્ત્વ થાય છે.

**૩. સાસ્વાદન સમ્યક્ત્વઃ-** મિથ્યાત્વ મોહનીય પુંજ ઉદયમાં આવે તો અંતરકરણ પુરૂ થતાં પહેલા, વધારેમાં વધારે છ આવલિકા સુધી સાસ્વાદન સમ્યક્ત્વ રહે છે. પછી મિથ્યાત્વ ગુણઠાણું પ્રાપ્ત થાય છે.

**૪. વેદક સમ્યક્ત્વઃ-** સમ્યક્ત્વ મોહનીયનો પુંજ ઉદયમાં હોય, ત્યારે ક્ષયોપશમિક હોય, પરંતુ સંક્રમણ થતાં થતાં મિથ્યાત્વનાં મિશ્રમાં, અને મિશ્રમાંથી સમ્યક્ત્વમાં આવીને તે ક્ષય થઇ જાય, ત્યારે સમકિતમોહનીયના ઉદયાવલિકામાં પ્રવિષ્ટ છેલ્લા દળના વેદન વખતે 'વેદક સમકિત' હોય છે. કેમકે તે વખતે કોઇપણ કર્મ ઉપશમતા નથી તેમજ વેદાઇને તદ્દન ક્ષય પણ પામ્યું નથી. પરંતુ અલ્પ પણ વેદાય છે. માટે એક સમયનું વેદક સમ્યક્ત્વ ગણાય છે.

**૫. ક્ષાયિક સમ્યક્ત્વઃ-** દર્શન મોહનીયના તમામ કર્મોને તદ્દન ક્ષય થયા પછી જ ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

આ પ્રમાણે જીવનો ગ્રંથિભેદ અને પાંચ પ્રકારના સમ્યક્ત્વના સ્વરૂપ સમજવા.

સમ્યક્ત્વ પ્રદીપના આધારે સમ્યક્ત્વના પ્રકાર સ્થિતિ વગેરે નીચેના કોઠામાં દર્શાવ્યા છે.

| નં. | સમકિતના પ્રકાર | સ્થિતિ | ભવાંતરમાં કેટલીક વાર મળે | ગુણ સ્થાન | કેટલા ભવે મોક્ષમાં જાય |
|---|---|---|---|---|---|
| ૧ | ઉપશમ સમકિત | અંતર્મુહૂર્ત | સંસાર પરિભ્રમણમાં પાંચ વખત પ્રાપ્તથાય | ૪થી ૧૧ | વધુમાં વધુ દેશઉણુ |
| ૨ | સાસ્વાદન સમકિત | જઘન્યથી ૧સમય ઉત્કૃષ્ટથી ૬ આવલિકા | સંસાર પરિભ્રમણમાં પાંચ વખત પ્રાપ્ત થાય | ૨જું ગુણ | અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ સુધી સંસારમાં રહે પછી અવશ્ય મોક્ષમાં જાય |
| ૩ | ક્ષયોપશમ સમકિત | સાધિક ૬૬ સાગરોપમ | અસંખ્યાતી વાર | ૪થી ૭ગુણ | વધુમાં વધુ દેશે ઉણું અર્ધપુદ્ગલ પરાવર્તનકાળ |
| ૪ | વેદક સમકિત | જઘન્ય ૧ ઉત્કૃષ્ટ સમય | એકવાર | ૪થી ૭ગુણ | અર્ધ પુદ્ગલ સુધી સંસારમાં રહે પછી અવશ્ય મોક્ષમાં જાય |
| ૫ | ક્ષાયિક સમકિત | સાધિક ૩૩ સાગરોપમ | એકવાર | ૪થી ૧૪ગુણ | તેજ ભવે મોક્ષમાં જાય અથવા ત્રણ ચાર કે વધુમાં વધુ પાંચ ભવ કરે |

સમ્યક્ત્વનો મહિમા અપૂર્વ અને અચિંત્ય છે. તેથી જ પૂર્વધર આચાર્ય શ્રીભદ્‌બાહુસ્વામી પણ પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરતાં 'ઉવસગ્ગહરં સ્તોત્ર'માં કહે છે કે,

तुह सम्मते लद्धे चिंतामणी कप्पपायवब्भहिए।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं
इयसंथुओ महायस, भत्तिभर निब्भरेण हियएण।
ता देव दिज्ज बोहिं, भवे भवे पास जिण चंद। २२

અર્થ: હે ભગવાન! આપની સ્તુતિ કરતાં ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક કિંમતી એવું સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી જીવો નિર્વિઘ્ને અજરામર સ્થાન પામે છે. આપનાં નામ સ્મરણથી કામધેનુ આદિ ઇચ્છાપૂરક વસ્તુઓ અવશ્ય પ્રાપ્ત થશે. પરંતુ મને તો બોધિની જ પ્રાપ્તિ જોઇએ. આ બોધિ પણ એક ભવ પૂરતી નહિ પણ ભવોભવ જોઇએ છે.


સમ્યક્ત્વ અને ગ્રન્થિ-ભેદની પ્રક્રિયા
● અંતરકરણ નો અંત મુહૂર્તની છેલ્લી ૬ આવલિકા વા જઘન્યથી એક સમય શેષ રહેતા કોઈ મંદ - પરિણામી જીવને અનંતાનું બંધીનો ઉદય થતાં સાસ્વાદન ગુણ સ્થાનક બીજુ પામી અંતર પછી મિથ્યાત્વ પામે.
■ અંતરકરણ કાલમાં અંતર સ્થિતિગત દલિકો ને ઉપર - નીચે ની સ્થિતિમાં નાંખી સંપૂર્ણ ખાલી કરે.
૬ આવલિકા
અનિવૃત્તિ કરણનો સંખ્યાતનો ભાગ
મિથ્યાત્વની દ્વિતિય સ્થિતિ
① સમકિત મોહનીય
શુદ્ધ-પુંજ
② મિશ્ર મોહનીય
અર્ધ શુદ્ધ-પુંજ
③ મિથ્યાત્વ મોહનીય
અશુદ્ધ-પુંજ
ઉત્કિરણ પ્રક્રિયા
અંતર
① અંતરકરણ પૂરૂ થયા પછી જીવના પરિણામ અનુસાર શુદ્ધ સમકિતના પુંજ ઉદય માં આવેતો ક્ષાયોપશમિક સમકિત ની પ્રાપ્તિ ગુણસ્થાનક-૪
② કોઈ જીવનાં પરિણામે મધ્યસ્થ થાય અને મિશ્ર મોહનીય પુંજ નો ઉદય થાય તો મિશ્ર ગુણસ્થાનક - ૩
③ કોઈ જીવનાં પરિણામ કલુષિત થાય અને મિથ્યાત્વ મોહનીય - પુંજના ઉદયે મિથ્યાત્વ ગુણ સ્થાનક - ૧ પ્રાપ્ત થાય.
● ત્રિપુંજી કરણ પ્રક્રિયાનો આરંભ કાળ
● અપૂર્વ આત્માનો આનંદ
ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ
તે સાથે કોઈ જીવને
- દેશ વિરતિ - ૫ ગુણ.
- સર્વ વિરતિ - ૬ ગુણ.
- અપ્રમત - ૭ ગુણ.
ની સ્પર્શના થાય
■ અંતર કર્યા પછી મિથ્યાત્વ ની પ્રથમ સ્થિતિ
● અંતકરણ - ક્રિયા કાળ
સંખ્યાત બહુભાગ
અધ્યવ સાયની પ્રતિ સમય અનંતગુણ વિશુદ્ધિ
અનિવૃત્તિ કરણમાં પ્રવેશ
● એક સાથેના પ્રવેશક નો સમાન અધ્યવસાય - અનિવૃતિ
૪ અપૂર્વ
૧. અપૂર્વ સ્થિતિ -બંધ
૨. અપૂર્વ રસ-ઘાત
૩. અપૂર્વ સ્થિતિ-ઘાત
૪. અપૂર્વ ગુણ શ્રેણિ
વિશુદ્ધ
યથા પ્રવૃત્તિ
કરણ
અપૂર્વ કરણ માં પ્રવેશ
-તીવ્ર સંવેગ-નિર્વેદથી ગ્રન્થિ ભેદ
● અર્ધપુદ્ગલ પરાવર્ત - કાળથી વધુ સંસાર ભ્રમણ નહિ
ગ્રન્થી
દેશ
ભવ્ય જીવનો ચરમાવર્તમાં પ્રવેશ
નિબિડ રાગ, દ્વેષ ની
ગૂઢ-ઘન-દુર્ભેદ્ય ગ્રન્થી
● યથાપ્રવૃતિ કરણથી ભવ્ય-અભવ્ય-દુર્ભવ્ય જીવો કર્મની લઘુતાએ અનંતીવાર ગ્રંથી દેશે આવી અપૂર્વકરણની વિશુદ્ધિના અભાવે પાછા ફરે છે.
|| ચરમાવર્ત હો ચરણકરણે તથા ભવ-પરિણતિ પરિપાક, દોષ ટળે વળી દ્રષ્ટિ ખુલે ભલી, પ્રાપ્તિ પ્રવચન વાક્, પૂ. આનંદઘનજી
સંસાર નાં સુખ પ્રત્યે તીવ્ર રાગ
સંસાર નાં દુઃખ પ્રત્યે ઉગ્ર દ્વેષ
-નદી-ઘોલ પાષાણ ન્યાયે અનંતા યથા પ્રવૃતિકરણ દ્વારા આયુ: વિના સાત કર્મોની સ્થિતિ એક કોડા કોડી સાગરોપમ માં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન જેટલી કરે અર્થાત અંત:- કોટા કોટી સાગર પ્રમાણ બને.
-ગાઢ મિથ્યાત્વના યોગે જીવને સંસાર માં પરિભ્રમણ
● ૮૪ લાખ યોનિ માં
● ૧૪ રાજલોક માં
● ૪ ગતિ માં અનંત જન્મ-મરણ ની પરંપરા.
▪ ગાઢ મિથ્યાત્વના ઉદયે ૭૦ કો. કો. મિથ્યાત્વની સ્થિતિ વારંવાર બાંધે
▪ ભવિષ્યમાં માત્ર બે વાર ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે તે દ્વિર્બંધક
▪ એકવાર બાંધે તે સતકૃત બંધક
▪ ઉત્કૃષ્ટ સ્થિતિ ન બાંધે તે અપુનર્બંધક

સમ્યક્ત્વનું ફળ દર્શાવતા પૂર્વાચાર્યો કહે છે. દેવમાં પણ ઈન્દ્રપદને શુધ્ધ સમ્યગ્દષ્ટિ જીવો જ પ્રાપ્ત કરી શકે છે. સમ્યગ્દર્શન અધ્યાત્મ જગતનું શ્રેષ્ઠ રત્ન અને સિધ્ધનું સુખ દેનાર છે. સમ્યગ્દર્શન જ મોક્ષપ્રસાધક છે. સમકિતનું અનંતર ફળ સદ્ઃગતિ છે. અને પરંપર ફળ મોક્ષગતિ છે.

**આચાર્ય શુભચન્દ્રજી જ્ઞાનાર્ણવ ગ્રંથમાં કહે છે કે,**

अतुलगुणनिधानं सर्वकल्याणबीजं, जननबलविपोतं भव्यसत्त्वैकचिन्हम्।

दुरिततरुकुठारं पुन्यतीर्थप्रधानं पिबत जिपं विपक्षं दर्शनाररयं सुधाम्बु।।

અર્થઃ- હે ભવ્ય જીવો! તમે સમ્યગ્દર્શન નામના અમૃતજલનું પાન કરો, કારણકે તે અતુલગુણ નિધાન છે. સર્વ કલ્યાણનું બીજ છે. સંસાર સાગર તરવાનું જહાજ છે. ભવ્યજીવોનું એક લક્ષણ છે. પાપરૂપી વૃક્ષને છેદવાનો કુહાડો છે. પવિત્ર એવું તીર્થ છે. તે અવર્ણનીય છે. મિથ્યાત્વરૂપી શત્રુ પર વિજય મેળવનાર છે.

તેવી જ રીતે 'જયવીયરાય સૂત્ર'માં ભક્ત પ્રભુને ૧૩ પ્રાર્થના કરે છે. તેમાં ભવનિર્વેદ, તત્ત્વાનુસારિતા, ઈષ્ટફળસિધ્ધિ, લોકવિરૂધ્ધનો ત્યાગ, ગુરુપૂજન, સદ્ગુરુનો યોગ આદિ અખંડ સેવા માંગે છે.

**લોગ્ગસ સૂત્રમાં સૂત્રકાર કહે છે કે,**

आरुग्ग बोहिलाभं समाहिवरमुत्तमं दितुं।

અર્થઃ- સાધક લોગ્ગસસૂત્રમાં તીર્થંકર પરમાત્મા પાસે બોધિબીજની માંગણી કરે છે. કારણ કે સમ્યક્ત્વ વિના ભવરોગ મટતો નથી. ભવરોગની પરંપરા કપાય નહિ ત્યાં સુધી મોક્ષ ન મળે.

રત્નાકર પચ્ચીશીના રચનાકાર આચાર્ય રત્નાકરસૂરિજી પોતાના આત્માનું આંતર નિરીક્ષણ કરી પોતાના પાપોનું પ્રગટીકરણ કરતાં દ્રવ્યલક્ષ્મી કે ભાવલક્ષ્મીની માંગણી ન કરતાં સમ્યક્ત્વ રત્નની માંગણી કરે છે.

આપો સમ્યક્રત્ન શ્યામજીવને તો તૃપ્તિ થાયે ઘણી.

સમકિતના બે પ્રકાર પણ કહ્યાં છે.

(૧) નિશ્ચય સમકિત (૨) વ્યવહાર સમકિત

**(૧) નિશ્ચય સમકિતઃ-** જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ આત્માના શુભ પરિણામને નિશ્ચય સમકિત કહેવાય છે. નિશ્ચયનયથી આત્મા જ દેવ છે, આત્મા જ ગુરુ છે. આત્મા જ ધર્મ છે. આત્માનું શુધ્ધ સ્વરૂપ તે દેવ.

**જ્ઞાનસારના મૌન અષ્ટકમાં કવિ યશોવિજયજીએ કહ્યું છે કે,**

अत्माऽऽत्मन्येव तच्छुद्धं जानात्यात्मानमात्मना।
सेयं रत्नत्रये ज्ञप्तिरुच्याचारैकता मुनेः।।

અર્થઃ- આત્મા, આત્મામાં જ આત્મા વડે વિશુધ્ધ આત્માને જાણે, જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નમાં જ્ઞાન, શ્રધ્ધા અને આચારની અભેદ પરિણતિ મુનિને હોય છે.

**શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્માર્થી ગુરુ માટે આત્મસિધ્ધિ શાસ્ત્રમાં કહ્યું છે કે,**

આતમજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય,
બાકી કુલગુરુકલ્પના, આત્માર્થી નહિં જોય.

**સંત કબીરના શબ્દોમાં કહીએ તો,**

આત્મજ્ઞાન વિના સૂના, કયા મથુરા? કયા કાશી?
ભીતર વસ્તુ ધરી નહિં, સૂઝત બાહર દેખ ન જાસી!

તીર્થંકર દેવો પણ આત્મતત્ત્વનો જ બોધ આપે છે. સમકિતના છ સ્થાનો નિશ્ચય સમકિત પ્રાપ્ત કરવા માટે છે.

**(૨) વ્યવહાર સમકિતઃ-** સમકિત પ્રાપ્તિના બાહ્ય નિમિત્તો અનેક છે. (૧) જિનદર્શન, જિનમહોત્સવ, તીર્થયાત્રાદિ હેતુથી ઉત્પન્ન થતા સમકિતને વ્યવહાર સમકિત કહેવાય છે. (૨) સમકિતના ૬૭ બોલનું વ્યવહારથી આચરણ કરવું (૩) સુદેવ, સુગુરુ અને સુધર્મની શ્રધ્ધા કરવી.

આમ વ્યવહારનું પાલન કરતાં કરતાં નિશ્ચયમાં સ્થિર થવાય છે.

## નવપદની પૂજામાં સમ્યક્ત્વનું સ્થાન

નવપદની પૂજા વિવિધ આચાર્યોએ રચી છે. તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ ધર્મ છે.

• ઉપાધ્યાય યશોવિજયજી જે ઇ.સ ૧૭મી સદીમાં થયા તેમણે રચેલ દુહા જે હાલ નવપદની પૂજા રૂપે પ્રચલિત થયા. તેમાં સમ્યક્ત્વનો મહિમા ગાતાં કહ્યું છે કે,

જે વિણ નાણ પ્રમાણ ન હોવે, ચારિત્ર તરુ નવિ ફળીઓ,
સુખ નિર્માણ ન જે વિણ લહીએ, સમકિત દર્શન બળિયો રે...[૨૪]

જેની ગેરહાજરીમાં જ્ઞાન પ્રમાણભૂત થતું નથી, ચારિત્રરૂપી વૃક્ષ ફળ આપતું નથી, મોક્ષનું સુખ પ્રાપ્ત થતું નથી, તે સમકિત બળવાન છે.

જે સડસઠ બોલોથી અંલકૃત છે. જ્ઞાન અને ચારિત્રનું મૂળ છે. મોક્ષમાર્ગને પ્રાપ્ત કરવાની અનુકૂળતા યોગ્યતાવાળું છે. તે સમકિતને નિત્ય પ્રણામ કરું છુ.

• ઉપાધ્યાય પદ્મવિજયજીએ વિક્રમ સંવત ૧૮૩૮, મહા વદ બીજ ગુરુવારે નવપદની પૂજા રચી જે જૈનસંઘોમાં લોકપ્રિય બની.

<u>સાધુ કવિ પદ્મવિજયજી દર્શન પદની પૂજામાં જણાવે છે કે,</u>

સમકિત વિણ નવ પૂર્વી, અજ્ઞાની કહેવાય,
સમકિત વિણ સંસારમાં, અરહો પરહો અથડાય. ...[૨૫]

આમ સમકિતના અભાવમાં નવપૂર્વ સુધીના જ્ઞાનવાળો પણ અજ્ઞાની કહેવાય. સમકિતના સડસઠ ભેદથી શોભતું આ સમકિત કેવા પ્રકારનું હોય ? તે માટે જણાવે છે કે,-

કેવળી નિરખીત સૂક્ષ્મ અરૂપી, તે જેહને ચિત્ત વસીઓ રેઃ,
જિન ઉત્તમપદ પદ્મની સેવા, કરવામાં ઘણું રસીઓ રે. ...[૨૬]

• કવિ માણેકવિજયજી દર્શન પદની પૂજામાં સમકિતની વિશેષતા દર્શાવતાં લખે છે કે,

જિમ ગિરિમાં સુર ગિરિ વડો, જ્ઞાનમાં કેવળજ્ઞાન,
તરુગણમાં સુરતરુ વડો, દાનમાં અભયદાન,
વિમલાચલ સવિ તીર્થમાં. તીર્થપદે મજાહ,
સઘલા ગુણમાંહે વડો, તિમ સમકિત ગુણ સાર. [૨૭]

ઉપરોક્ત કડીમાં સમકિત ગુણની મહાનતા, શ્રેષ્ઠતા અને સારતા દર્શાવે છે.

• વિજયાનંદસૂરિ જેમનું પ્રસિધ્ધ નામ આત્મારામજી મહારાજ તેમણે નવપદની પૂજા તથા વીસસ્થાનક પદ પૂજાની રચના કરી છે. કવિ આત્મારામજી ભવ્યજીવોને સંબોધીને કહે છે કે, હે આતમ! તમે એકવાર સમકિત સુધાની મધુરતા માણો. તેઓએ સમકિતના વિવિધ પ્રકારો, એક જીવની અપેક્ષાએ ભવાંતરમાં કેટલી વખત સમકિત પ્રાપ્ત થાય છે. વગેરે દર્શાવેલ છે.[૨૮]

## ''વીસ સ્થાનક પદની પૂજામાં સમકિતનું માહાત્મ્ય''

૧. પરમપૂજ્ય આચાર્ય વિજયલક્ષ્મીસૂરીશ્વરજી કૃત વીસસ્થાનક પદની પૂજામાં નવમી સમ્યગ્દર્શન પદની પૂજા છે. જેમાં સમકિતનું માહાત્મ્ય દર્શાવેલ છે. તેમાં દર્શન મોહનીય કર્મના ક્ષયથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. તથા સમકિતના બે પ્રકાર દ્રવ્યસમકિત અને ભાવસમકિત. દ્રવ્યસમકિત ભાવ સમકિતનું કારણ છે, સમકિતી જીવ વૈમાનિક ગતિનું આયુષ્ય બાંધે છે.

૨. કવિ આત્મારામજી વીસસ્થાનક પદની પૂજામાં નવમી દર્શનપદની પૂજાના પ્રથમ દુહામાં કહે છે કે,

> તત્ત્વ પદારથ નવ કહે, મહાવીર ભગવાન,
> જો સરધે સદ્ભાવસે, સમ્યગ્દર્શી જાન,
> શ્રધ્ધા વિણ નહી જ્ઞાન હૈ, તદવિન ચરણ ન હોય,
> ચરણ વિના મુક્તિ નહી, ઉત્તરજ્ઝયણે જોય.[૨૯]

ભગવાન મહાવીર સ્વામી દ્વારા કહેવાયેલા જીવાદિ નવતત્ત્વોની યથાર્થ શ્રધ્ધા જે કરે, તે સમકિતી કહેવાય છે. સમકિત વિના જ્ઞાન યથાર્થ નથી. જ્ઞાન વિના ચારિત્ર નથી, ચારિત્ર વિના મોક્ષ નથી, એવું શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે, કવિએ આગમની સાક્ષીએ મોક્ષમાર્ગનું નિરુપણ કર્યું છે.

કવિ સમકિતનું મહત્ત્વ દર્શાવતાં લખે છે કે,

> દર્શન પદ મનમેં વસ્યો, તબ સબ રંગ રોલા,
> જગમેં કરણી લાખ છે, એક દશ અમોલા,
> દર્શન વિના કરણી કરી, એક કોડી ન મોલા,
> દેવ-ગુરુ ધર્મસાર હૈ, ઈનકા કયા મોલા.[૩૦]

## -:મિથ્યાત્વના ભેદ:-

સમકિત જીવ પામે તે પહેલા અનાદિ કાળથી મિથ્યાત્વમાં સમય ગુમાયો. જ્યાં સુધી મિથ્યાત્વ અંગેની સમજણ નહિ આવે ત્યાં સુધી તે છોડવું છે. અને સમ્યક્ત્વ પામવું છે. તે ભૂમિકા નહિ બને. માટે મિથ્યાત્વ અંગે અનંતજ્ઞાની શું જણાવે છે તે સમજીએ.

> आभिग्गहिअमणाभिग्गहं च तह अभिनिवेसियं चेव।
> संसइअ मणाभोगं मिच्छत्तं पंचहा एअं ३१

અર્થ :- (૧) આભિગ્રહિક મિથ્યાત્વ (૨) અનાભિગ્રહિક મિથ્યાત્વ (૩) આભિનિવેશિક મિથ્યાત્વ (૪) સાંશયિક મિથ્યાત્વ (૫) અનાભોગિક મિથ્યાત્વ. આમ મિથ્યાત્વના મુખ્ય પાંચ ભેદો છે.

સંસારનું મૂળ કારણ જૈન દર્શનની દૃષ્ટિએ મિથ્યાત્વ છે. વેદાંતમાં માયા તરીકે ઓળખાય છે. ખ્રિસ્તી ધર્મમાં `Devil sin' તરીકે ઓળખાય છે. બુધ્ધો તેને 'માર' કહે છે. જૈનો તેને 'મિથ્યાત્વ' કહે છે. તે 'બહિરાત્મભાવ' નામે પણ ઓળખાય છે. કાયાદિને "હું માનવો તે મિથ્યાત્વ છે. હું અને મારાપણાની અજ્ઞાન બુધ્ધિ એ મિથ્યાત્વ, બહિરાત્મભાવ, અજ્ઞાન કે અવિદ્યા નામે ઓળખાય છે."

મિથ્યાદૃષ્ટિ એવા તામલી તાપસના મહાતપ કરતાં પણ સમ્યગ્દૃષ્ટિ આત્માનો માત્ર નવકારશીનો તપ પણ વધારે ફલદાયક છે. આનું કારણ શું ? તો જેનામાં સંસાર છૂટવાની અને મોક્ષ પામવાની અભિલાષા જ ન હોય તેનામાં સમ્યક્ત્વ હોઈ શકે જ નહિ પરંતુ જેનામાં સંસારથી છૂટવાની અને મોક્ષને પામવાની અભિલાષા પ્રગટી છે, એવા જીવોમાં ય સમ્યક્ત્વ ન હોય, તો એ શક્ય છે. પરંતુ મોક્ષની રુચિવાળા જીવો સમ્યક્ત્વ પામવાના જ એ નિશ્ચિત છે. પણ સમ્યક્ત્વ એ મોક્ષની રુચિ માત્રથી પેદા થનારી વસ્તુ નથી. મિથ્યાત્વની હાજરીમાં પણ મોક્ષની રુચિ પ્રગટી શકે છે. સમ્યક્ત્વ તો મોક્ષના ઉપાયને અંગે હૈયાનું વાજબી સુનિશ્ચિતપણું માંગે છે.

પ્રશમરતિના ૨૨૪માં શ્લોકમાં જ્ઞાની ભગવંત ફરમાવે છે કે, જીવાદિ પદાર્થોને વિષે નિશ્ચયાત્મક તત્ત્વબુધ્ધિ, એનું નામ છે. અને જીવાદિ પદાર્થોને વિષે તેવા પ્રકારની તત્ત્વબુધ્ધિનો અભાવ, એ છે, મિથ્યાત્વ. મિથ્યાત્વના મુખ્ય ભેદો બે છે. વિપર્યાસાત્મક અને અનધિગમાત્મક. વિપર્યાસાત્મક મિથ્યાત્વ એટલે વિપરિત શ્રધ્ધા જેમ કે જીવાદિ પદાર્થો તત્ત્વભૂત હોવા છતાં તેને તત્ત્વ તરીકે ન માનતાં અતત્ત્વ તરીકે માનવાં અને અનધિગમાત્મક મિથ્યાત્વ એટલે જીવાદિ પદાર્થો તત્ત્વ-હોવા છતાં એનો તત્ત્વરૂપે સ્વીકાર ન થવો.[૩૨]

न मिथ्यात्व समः शत्रुर्न मिथ्यात्व समं विषम्
न मिथ्यात्व समो रोगो न मिथ्यात्व समं तमः।।

અર્થ:- મિથ્યાત્વ સમાન કોઈ શત્રુ નથી. મિથ્યાત્વ સમાન કોઈ વિષ નથી. મિથ્યાત્વ સમાન કોઈ રોગ નથી અને મિથ્યાત્વ સમાન કોઈ અંધકાર નથી. અર્થાત્ મિથ્યાત્વ પ્રબળ શત્રુ છે. ભયંકર વિષ છે. તે દુઃસાધ્ય રોગ છે. તેમજ ગાઢ અંધકાર છે.

अदेवे देवबुद्धिर्या गुरुधीरगुरौ च या।
अधर्मे धर्मबुद्धिश्च मिथ्यात्वं तत्त्वप्रवेदितम्।। [३४]

અર્થ:- કુદેવમાં દેવબુધ્ધિ, કુગુરુમાં ગુરુ બુધ્ધિ. તથા હિંસા આદિ કુધર્મમાં ધર્મ બુધ્ધિ તે મિથ્યાત્વ છે.

આશ્રવ અને બંધનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે. તેથી જ ઉમાસ્વાતિજી કહે છે કે,

मिथ्यादर्शनाविरति प्रमाद कषाय योगाः बन्ध हेतवः

અર્થ:- મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ બંધના હેતુ છે. અહીં મિથ્યાદર્શન એટલે કે મિથ્યાત્વને બંધનું કારણ કહ્યું છે.

નિગોદમાં અનંતકાળ વ્યતીત થયો. અનાદિકાળથી સંસાર પરિભ્રમણમાં જીવ રખડે છે, તેનું કારણ અજ્ઞાન, મિથ્યાત્વ જ છે. જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી ધર્મનો આવિષ્કાર થતો નથી. મિથ્યાત્વનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થાય ત્યારે ધર્મના દ્વાર ખુલે છે.

**મિથ્યાત્વને કાળની અપેક્ષાએ લઈએ તો ત્રણ પ્રકાર પડે છે.**

(૧) અનાદિઅનંત:- જે મિથ્યાત્વની આદિ પણ નથી અને અંત પણ નથી તે અનાદિઅનંત મિથ્યાત્વ. અભવ્યજીવોમાં આ મિથ્યાત્વ જોવા મળે છે.

(૨) અનાદિસાંત:- અનાદિ કાળથી મિથ્યાત્વી હોવાથી જે મિથ્યાત્વની આદિ નથી તે અનાદિ, પરંતુ સમ્યકૃત્વ પ્રાપ્ત થવાથી મિથ્યાત્વનો અંત થયો, તેથી અનાદિસાંત મિથ્યાત્વ કહેવાય.

(૩) સાદિસાંત:- જે મિથ્યાત્વ એકવાર ક્ષય થઇ ગયું છે. પરંતુ ફરીથી મિથ્યાત્વ પેદા થયું છે અને ફરી યોગ્ય સમયે નષ્ટ થઇ જશે તે સાદિસાંત મિથ્યાત્વ છે.

## હવે મિથ્યાત્વના પાંચ ભેદ છે તે વિસ્તારથી સમજીએ.

**૧. આભિગ્રહિક મિથ્યાત્વ:-** સર્વ મિથ્યાત્વમાં આ મિથ્યાત્વ પ્રધાન છે. પોતાની માન્યતાને મિથ્યા કદાગ્રહથી કટ્ટરતાપૂર્વક પકડી રાખવી તે આભિગ્રહિક મિથ્યાત્વ છે. તેનાથી તીવ્ર કર્મબંધ થાય છે. અન્ય મિથ્યાત્વમાં તીવ્ર સંકલેશ કે કદાગ્રહ ન હોવાથી કર્મનો અનુબંધ તીવ્ર ન પડે. કદાગ્રહી વ્યક્તિ મારું છે, તે જ સાચું છે એવું માને, તેથી સત્ય કે અસત્યની કસોટી કરે જ નહિ. તે વિચારપૂર્વક, કસોટીપૂર્વક કોઇ વસ્તુને સમજી ગ્રહણ કરવાની તૈયારી ન હોવાથી સત્યથી અજાણ રહે છે. એકાંતવાદી આ મિથ્યાત્વના ૬ વિકલ્પો હોય છે. (૧)આત્મા નથી. (૨)આત્મા અનિત્ય છે. (૩)આત્મા કર્તા નથી. (૪)આત્મા ભોક્તા નથી. (૫)મોક્ષ એ કલ્પના માત્ર છે. (૬)મોક્ષના ઉપાય નથી.

આભિગ્રહિક મિથ્યાત્વ ભવ્ય અને અભવ્ય જીવને હોય છે.

**૨. અનાભિગ્રહિક મિથ્યાત્વ:-** જે કર્મના ઉદયથી તત્ત્વ પર ન રુચિ હોય કે અતત્ત્વ પ્રતિ અરુચિ હોય આવી વિવેક રહિત અવસ્થા તે અનાભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય.

अनाभिग्रहिकं किञ्चित्सर्वदर्शन विषयम् यथा सर्वाणि 'दर्शनानि शोभनानि' इति।

किञ्चदादेशविषयम् यथा 'सर्व एव श्वेताम्बर दिगम्बरादिपक्षाः शोभनाः' इत्यादि।

(ધર્મપરીક્ષા શ્લોક-૧૦ની ટીકા)

અનાભિગ્રહિક મિથ્યાત્વવાળામાં અજ્ઞાન ખરું, પણ આભિગ્રહિક મિથ્યાત્વવાળામાં પોતાની માન્યતાના આગ્રહનું જે જોર હોય છે, તેવું અનાભિગ્રહિક મિથ્યાત્વવાળા જીવોમાં કાંઈ હોતું નથી. અજ્ઞાન હોય પણ આગ્રહ ન હોય. એવા જીવોને કોઈ તક મળી જાય અને તત્ત્વ સમજવાનું મન થઈ જાય. તો તત્ત્વની પ્રાપ્તિ થવી સુલભ છે. અણસમજુ ખરા, કારણ કે ગોળ અને ખોળને સરખા માનવા જેવી મનોવૃત્તિના સ્વામી છે. પરન્તુ આગ્રહી નથી. સર્વધર્મ સમભાવની વાત કરનારા અજ્ઞાનપણે આ પ્રકારના મિથ્યાત્વમાં સમાય છે. આમ આ મિથ્યાત્વ ફક્ત ભવ્યજીવોને જ હોય છે.[૩૫]

**૩. આભિનિવેશિક મિથ્યાત્વ:-** આ મિથ્યાત્વ સમ્યગ્દષ્ટિ વિદ્વાન માણસો માટેનું મિથ્યાત્વ છે. સત્ય તત્ત્વને જાણવા છતાં દુરાગ્રહને કારણે પોતાની પકડેલી મિથ્યા માન્યતાને છોડે નહિ. તેમજ જિનેન્દ્ર દેવ દ્વારા પ્રરૂપિત સત્શાસ્ત્ર વિરૂધ્ધ પ્રરૂપણા કરવી. પોતાની મિથ્યા માન્યતા સિધ્ધ કરવા કુતર્ક અને કુયુક્તિઓનો આશ્રય લેવો તે આભિનિવેશિક મિથ્યાત્વ છે. નિહ્નવોને આ મિથ્યાત્વ હોય છે.

विदुषोऽपि स्वरसवाहि भगवत्प्रणीतशास्त्र बाधितार्थश्रध्धानमाभिनिवेशिकम्

(ધર્મપરીક્ષા શ્લોક-૮ની ટીકા)

આવા વ્યકિતઓ સ્વયં દુરાગ્રહી હોવાથી અન્ય જીવોને પણ મિથ્યાત્વ તરફ લઈ જાય છે. તેમને ભવિષ્યમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થવું દુર્લભ બને છે. અનુપયોગથી ઉલટો અર્થ થઈ જાય તો પણ મિથ્યાત્વથી બચી શકાય કારણ કે છદ્મસ્થપણાને લીધે ખોટો અર્થ થઈ ગયો હોય તો 'મિચ્છા મિ દુક્કડં' દઈને એવું માને કે ભગવાને કહ્યું છે તે જ સાચું છે. અને જ્યાં સુધી એ તારકે કહેલું હું કહું ત્યાં સુધી જ હું સાચો છું. માટે એ તારકે કહેલા અર્થથી ઉલટો અર્થ અનુપયોગથી પણ મારાથી થઈ ગયો હોય, તો તે મારે સુધારી લેવો જોઈએ આ વિચારણાથી તે બચી જાય છે. પણ એમ વિચારે કે,

"આ અર્થ મેં કરેલો છે. અગર મેં પકડેલો છે. માટે જ સાચો છે." ત્યાં સમ્યક્ત્વ ટકી શકે નહિ. માણસને જ્યારે પોતાની વાતનો ચડસ થઇ જાય છે, ત્યારે તે કેટકેટલા અનર્થોને જન્માવે છે, તે કહી શકાય નહિ.

આચાર્ય જિનભદ્ર અને આચાર્ય સિધ્ધસેન વચ્ચે શાસ્ત્રીય અર્થના વિષયમાં મતભેદ થયો. પરંતુ તે મિથ્યાત્વ ન હતો. બંને આચાર્ય વીતરાગ પ્રરૂપિત શાસ્ત્રપ્રતિપૂર્ણ નિષ્ઠાવાન હતા. તેમણે બંનેએ શાસ્ત્રનો આધાર લઇ પોતાનું મંતવ્ય રજુ કર્યું હતું. જ્યારે ગોષ્ઠામાહિલ આદિ આભિનિવેશિક મિથ્યાત્વથી યુક્ત હોવાથી પોતાના મત અનુસાર શાસ્ત્રીય અર્થને તોડતા-મરોડતા હતા. તેઓ શાસ્ત્રીય અર્થની અવહેલના કરતા હતા.

આ મિથ્યાત્વ જેણે સમ્યક્ત્વનું વમન કર્યું છે. તેને હોય છે.[૩૭]

**૪. સાંશયિક મિથ્યાત્વઃ-** સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના વચનો પ્રતિ શંકાશીલ રહેવું તે સાંશયિક મિથ્યાત્વ છે. અર્હત્ ભગવાન સર્વજ્ઞ અને વીતરાગી છે, તેથી તેમનું વચન મિથ્યા હોય જ નહિ. જ્યાં અજ્ઞાન અને રાગ-દ્વેષ હોય ત્યાં જ વચનો મિથ્યા હોઇ શકે. અરિહંત પ્રભુમાં આ બંને દોષ ન હોવાથી તેઓ સત્યવક્તા છે. જ્યાં શંકા હોય ત્યાં આત્માનું અધઃપતન થાય છે.

તત્ત્વજ્ઞાનના વિષયમાં જીજ્ઞાસાની શાંતિ માટે શંકા કરવી અનુચિત નથી. તે શંકાને ચિરકાળ સુધી સ્થિર ન રાખી વિશિષ્ટ જ્ઞાનીઓ દ્વારા શંકાનું નિરાકરણ કરવું જોઇએ. યથોચિત સમાધાન ન મળતા, तत्त्वं केवलीगम्यं જાણી શંકાથી નિવૃત થવું ઉચિત છે. ગણધર ગૌતમસ્વામીએ જીજ્ઞાસાવશ તેમંજ અન્ય જીવોના ઉપકાર માટે શંકા પ્રસ્તુત કરી. તેનું સમાધાન પ્રભુ વીરના શ્રીમુખેથી મેળવી શંકારહિત બન્યા. જ્યારે ગૌશાલક પોતાની ખોટી સમજશક્તિના કારણે મિથ્યાત્વી બન્યો.

સંશયથી જિજ્ઞાસા થાય, જિજ્ઞાસાથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. શ્રી ભગવતી સૂત્રમાં પણ કહ્યું છે કે, સાધુ પણ શંકા-કાંક્ષા મોહનીયકર્મનું વેદન કરે છે. તેઓ શંકાનું નિવારણ વિશિષ્ટ જ્ઞાનીઓ દ્વારા કરવાના ઇચ્છુક હોય તો તેમને મિથ્યાત્વનો દોષ લાગતો નથી. જો શંકાનું નિરાકરણ ન કરે તો સાંશયિક મિથ્યાત્વ કહેવાય.

આ મિથ્યાત્વ અભવ્યજીવને ન હોય કારણ કે મોક્ષ વિશે શંકા થાય જ નહિ.

સાશંયિક મિથ્યાત્વ અને આભિનિવેશિક મિથ્યાત્વમાં ભેદ એજ છે કે, સાંશયિક મિથ્યાત્વમાં તો, ભગવાન શ્રી જિનેશ્વરદેવોના વચનની પ્રમાણિકતાના સંબધમાંજ સંશય પેદા થયો છે. જ્યારે આભિનિવેશિક મિથ્યાત્વમાં તો સંશય નથી પણ ભગવાન શ્રી જિનેશ્વરદેવોના વચનના ખોટાપણાને લગતો નિર્ણય છે. એટલે કે સ્વ-

રસ-વાહિતા એટલે કે હું પણાની આગેવાનીથી એવો નિર્ણય કે,''આ અર્થ જ સાચો, પછી ભલે તે શાસ્ત્રથી ગમે તેટલો બાધિત થતો હોય.''

**૫. અનાભોગ મિથ્યાત્વઃ-** અનાભોગ એટલે અજ્ઞાન-અબોધ. વિકલતાના કારણે વિચારશક્તિ અને વિવેકનો અભાવ હોવાથી તત્ત્વ પ્રતિ અશ્રધ્ધાવાન તે અનાભોગ મિથ્યાત્વ છે. બીજા શબ્દોમાં કહીએ તો, સાક્ષાત્ પણ તત્ત્વની અપ્રતિપત્તિ અને પરંપરાએ પણ તત્ત્વની અપ્રતિપત્તિ એને અનાભોગ મિથ્યાત્વ કહેવાય. એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય તથા ક્યારેક સંજ્ઞી પંચેન્દ્રિયમાં અબોધ અને અવિવેક જોવા મળે છે. આ અવસ્થામાં જ્ઞાનાવરણીય આદિ કર્મોની તીવ્રતા વધુ હોય છે. જેથી જીવની વિચારશક્તિ કુંઠિત બને છે. અને પંચન્દ્રિય જીવોમાં પણ જેઓ તત્ત્વ શું અને અતત્ત્વ શું ? એવા પ્રકારના અધ્યવસાયોથી રહિત હોય છે.

આ મિથ્યાત્વ ભવ્ય અને અભવ્ય જીવોને સંભવે છે.

**આ ઉપરાંત સ્થાનાંગસૂત્રમાં મિથ્યાત્વના દસ ભેદ કહ્યા છે.**

અધર્મને ધર્મ માનવોઃ- હિંસા આદિ અધર્મને ધર્મ માનવો તે મિથ્યાત્વ છે.

ધર્મને અધમ ર્માનવોઃ- તીર્થંકરોએ આગમ વાક્ય દ્વારા અહિંસાને શાશ્વત અને શુધ્ધધર્મ કહ્યો છે. એવા અહિંસામય ધર્મને અધર્મ માનવો તે મિથ્યાત્વ છે.

અમાર્ગને માર્ગ અને માર્ગને અમાર્ગ માનવોઃ- જે સંસાર વૃધ્ધિનું કારણ છે. તેવા ઉન્માર્ગને મોક્ષમાર્ગ માનવો તે મિથ્યાત્વ છે. શ્રી સૂત્રકૃતાંગ સૂત્રમાં 'માર્ગ' અધ્યયનમાં મોક્ષમાર્ગનું સ્વરૂપ દર્શાવેલ છે.

જીવને અજીવ અને અજીવને જીવ માનવાઃ- જીવ અને અજીવના સ્વરૂપને જાણ્યા વિના મોક્ષમાર્ગની સાધના સફળ ન થાય. જીવને અજીવ અથવા અજીવમાં જીવ માનવા તે મિથ્યાત્વ છે.

સાધુને અસાધુ ને અસાધુને સાધુ માનવાઃ- જે રત્નત્રયી એટલે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર, તથા તત્ત્વત્રયી એટલે કે દેવ-ગુરુ-ધર્મની શુધ્ધ આરાધના કરે છે. તેવા સાધુને અસાધુ માનવા અને અસાધુને સાધુ કહેવાને મિથ્યાત્વ છે.

મુક્તને અમુક્ત ને અમુક્તને મુક્ત માનવાઃ- આઠ કર્મોથી સર્વથા મુક્ત એવા સિધ્ધ ભગવંત છે. તેમને અમુક્ત માનવા તથા જે મુક્ત નથી તેને મુક્ત માનવા એ મિથ્યાત્વ છે. મુક્ત જીવોનું સંસારમાં પુનરાગમન માનવું એટલે મુક્તને અમુક્ત માનવા, આ મિથ્યાત્વ છે. તેવી જ રીતે ભૌતિક ઐશ્વર્યથી યુક્ત જીવોને મુક્ત માનવા તે મિથ્યાત્વ છે.

**<u>અનુયોગ દ્વાર સૂત્રમાં બીજા ત્રણ પ્રકારના મિથ્યાત્વ કહેલ છે.</u>**

(૧) લૌકિક મિથ્યાત્વ (૨) લોકોત્તર મિથ્યાત્વ (૩) કુપ્રાવચનિક મિથ્યાત્વ

**<u>ઠાણાંગ સૂત્રમાં અન્ય રીતે ત્રણ પ્રકાર દર્શાવેલ છે.</u>**

(૧) અક્રિયા મિથ્યાત્વ (૨) અવિનય મિથ્યાત્વ (૩) અજ્ઞાન મિથ્યાત્વ.

ઉપરોકત વિવિધ અનેક પ્રંકારના મિથ્યાત્વ એ મહાઆસ્રવનું કારણ છે. તેના અસ્તિત્ત્વમાં સમ્યક્ત્વ અને મોક્ષ મળી શકે નહિ. માટે જ મિથ્યાત્વનો ત્યાગ કરી સમ્યક્ત્વની આરાધના કરવી એ જ સાધના છે.

મોક્ષ પુરુષાર્થ ત્યારે જ થાય જ્યારે કર્મભૂમિના સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યપણામાં હોઈએ, અન્ય ભવમાં થાય નહિ. ૧૫ કર્મભૂમિના ભરતક્ષેત્રમાં આવ્યા પછી મોક્ષમાર્ગનું પહેલું પગથિયું એટલે કે 'સમ્યક્ત્વ' પ્રાપ્ત કર્યા વગર જઈએ તો હીરા જેવો મનુષ્ય ભવ, કોલસાના ભાવે વેચી કાઢીયે. માટે જ સમ્યક્ત્વ મેળવવાના ૬૭ દ્વાર બાર ઢાળો દ્વારા પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી આખા ગ્રંથને આવરે છે તો આપણે તેમાં પુરુષાર્થ કરવો જ આત્મહિતનું કારણ બનશે.

## <u>કર્મગ્રંથમાં અને સિધ્ધાન્તકારો વચ્ચે 'સમ્યગ્દર્શન' અંગેની વિવિધ માન્યતાઓ:-</u>

ધર્મસંગ્રહ ગ્રંથમાં બન્ને વચ્ચે જે મતભેદ થાય છે તેનું સ્પષ્ટ વર્ણન આવે છે. અને બન્ને વચ્ચેની સામ્યતા પણ દર્શાવી છે.

સિધ્ધાન્તકારોના મત અનુસાર જે જીવ સર્વપ્રથમ ઔપશમિક સમકિત સંપાદન કરે છે, તેનો પ્રકાર કર્મગ્રંથકારોએ દર્શાવેલ યથાપ્રવૃત્તિકરણ આદિ ત્રણ કરણની પ્રાપ્તિ પૂર્વક અંતરકરણના પ્રથમ સમયે ઔપશમિક સમકિત પ્રાપ્ત થાય છે. ત્યાં સુધી મળતો આવે છે. અહીં વિશેષતા એ છે કે, ઔપશમિક સમકિતના અનુભવ કાળમાં તે જીવ 'પૂંજ' કરતો નથી. અહીં સ્પષ્ટ થાય છે કે, જીવ નિર્મળ ઔપશમિક ભાવને અંતર્મુહૂર્ત સુધી અનુભવી ત્યારપછી મિથ્યાદૃષ્ટિ જ બનશે તેને ક્ષયોપશમ કે મિશ્રદૃષ્ટિ એવી સ્થિતિ પ્રાપ્ત થતી નથી.

કર્મગ્રંથ મુજબ અનાદિ મિથ્યાત્વી જીવને સૌ પ્રથમ ઉપશમ સમકિતપ્રાપ્તિ મનુષ્ય ભવમાં જ થાય છે. જ્યારે સિધ્ધાંતકાર અનુસાર કોઈ જીવને સર્વપ્રથમ ક્ષયોપશમ અથવા કોઈ જીવને ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. આ સમકિત ચારે ગતિના જીવો પ્રાપ્ત કરી શકે છે. જ્ઞાતાધર્મ કથામાં મેઘકુમારના આત્માએ

હાથીના ભવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું હતું.

કર્મગ્રંથમાં જણાવ્યા અનુસાર અનાદિ મિથ્યાદષ્ટિ સર્વ પ્રથમ ઉપશમ સમકિત પ્રાપ્ત કરે છે. ઉપશમ સમકિતનો અંતર્મુહૂર્તનો કાળ પૂર્ણ થતાં ક્ષયોપશમ સમકિત મિશ્રદષ્ટિ, કે મિથ્યાદષ્ટિ એ ત્રણ સ્થિતિમાંથી કોઈપણ એક સ્થિતિ પ્રાપ્ત કરે છે.

સિધ્ધાન્તકારોના મતે અનાદિ મિથ્યાદષ્ટિ પ્રથમ ઉપશમ સમકિત જ પ્રાપ્ત કરે, એવો એકાંત નિયમ નથી. અનાદિ મિથ્યાદષ્ટિ જીવ અધ્યવસાયે વિશુધ્ધિથી અપૂર્વકરણમાં પ્રવેશી, ગ્રંથિભેદ કરી મિથ્યાત્વના ત્રણ પુંજ કરે. પછી અનિવૃત્તિકરણના સામર્થ્ય વડે શુધ્ધ પૂંજને વેદતો પ્રથમ ક્ષયોપશમ સમકિત પ્રાપ્ત કરી શકે છે.

આ પ્રમાણે સિધ્ધાંતકારો અને કર્મગ્રંથના મતમાં ભિન્નતા હોવા છતાં અનાદિ મિથ્યાદષ્ટિ જીવ જ શ્રેણી વિનાનું ઔપશમિક સમકિત પામે છે. આ વિષયમાં બન્ને સંમત છે.

કર્મગ્રંથકારોના મતે ક્ષયોપશમ સમકિતી જીવ મરીને વૈમાનિક દેવપણે જ ઉત્પન્ન થાય છે. સિધ્ધાંતકારોના મતે સમકિત પ્રાપ્ત કર્યા પહેલા જે ગતિનું આયુષ્ય બાંધ્યું હોય તે ગતિમાં તે જીવ જાય છે. અને સમકિત પણ તેની સાથે જાય છે. નરકગતિમાં છઠ્ઠી નરક સુધી સમ્યક્ત્વ સાથે લઈ જાય છે. શ્રેણિક મહારાજાએ સમકિત પ્રાપ્ત કરવા પૂર્વ નરકનું આયુષ્ય બાધ્યું હોવાથી, તેઓ સમકિતી હોવા છતાં નરકમાં ગયા.

સિધ્ધાન્તકારો અનુસાર ગ્રન્થિભેદ થયા પછી કોઈ આત્મા સમકિત વમી નાખે. તો પણ તે મિથ્યાત્વી જીવ હવે ઉત્કૃષ્ટ કોટિના કર્મ બંધન કરતો નથી. જ્યારે ગ્રંથકારોના મતે મિથ્યાદષ્ટિ બનેલો આત્મા ઉત્કૃષ્ટ કોટિના કર્મો બાંધે છે. પરંતુ ઉત્કૃષ્ટ રસવાળા કર્મો બાંધતો નથી. બંને પક્ષમાં સ્થિતિના વિષયમાં વિવાદ છે. ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ પોતાનું તીવ્રપણું રસ વિના દર્શાવી શકે, તેથી ખાસ કોઈ ભિન્નતા નથી.

સમ્યગ્દર્શન અંગે વિવિધ કવિઓએ અનેક પ્રકારની સજ્ઝાયો, સ્તવનો, રાસા, ફાગુ બનાવ્યા છે. એમાં ઉપાધ્યાય યશોવિજયજીએ જે ૬૭ બોલની સજ્ઝાય બનાવી છે. તે એક વિશિષ્ટ કક્ષાની છે. સજ્ઝાયનું સ્વરૂપ જૈનસાહિત્યમાં અત્યંત સમૃધ્ધ છે. સજ્ઝાય એ આત્માનુભવની સાધના છે. પરમાત્માની આજ્ઞાનું પાલન, સમ્યક્દર્શનનો સ્વીકાર, મિથ્યાત્વનો નાશ, આમ સમકિતનું માહત્મ્ય દર્શાવતી કેટલીક સજ્ઝાયો આ પ્રમાણે છે. જેમાં 'સમકિત સુખડી સજ્ઝાય'તેની અંદર ૬૭ બોલના ૧૨ દ્વારનું વર્ણન અદ્ભૂત રીતે કર્યુ છે. કવિ માણેકવિજયજી દ્વારા રચિત ચુંદડી વિષેના લોકગીતથી પ્રેરિત સમકિતની સજ્ઝાય છે.

તપગચ્છના જ્ઞાનવિમલસૂરિએ અનેક સ્તુતિ, સ્તવન, ચૈત્યવંદન, સજ્ઝાય આદિ દ્વારા સમ્યક્ત્વની વાત જણાવી છે.

મુનિ દેવચંદ્રજીએ સમકિતના સંદર્ભમાં સજ્ઝાય લખી પોતાના ભાવ વ્યક્ત કર્યા છે.

> ''બાહ્ય ક્રિયા સબ ત્યાગ પરિગ્રહ દ્રવ્યલિંગ ધર લીનો,
> દેવચંદ્ર કહે યા વિધિ તો હમ, બહુતવાર કર લીનો,
> સમકિત નવિ લહ્યું રે તે તો, રુલ્યો ચતુર્ગતિમાંહે. ...(૫)

કવિ આનંદઘનજી દ્વારા રચેલ અનેક સ્તવન સજ્ઝાય જેમાં સમ્યક્ત્વ રસથી નિતરતી હોય છે. 'એમાં હું તો પ્રણમું સદ્‌ગુરુ રાયા રે' એ સજ્ઝાયમાં રત્નત્રયી, તત્ત્વત્રયીની વાત, કષાયને કાઢીને, ચારગતિમાંથી નીકળીને પંચમગતિને પ્રાપ્ત કરવાનું વર્ણન અદ્‌ભુત છે. અંતે કહે છે કે,

> શુધ્ધ દેવ ગુરુ સુપસાય રે, મારો જીવ આવે કાંઇ કાય રે,
> પછી આનંદઘનમય થાય, જીવનજી બાહિર મત જાજો રે. ...

અહીં શુધ્ધ દેવ-ગુરુ-ધર્મના પસાયે સમ્યક્ત્વ પામી જીવ આનંદ યુક્ત થાય એટલે કે શાશ્વત આનંદને પ્રાપ્ત કરવાની વાત જણાવે છે.

આ ઉપરાંત યશોવિજયકૃત સમ્યક્ત્વના ષટ્ સ્થાનની ચોપાઇમાં પણ ખુબ સુંદર રીતે વર્ણન કર્યું છે. જેની ગાથા ૧૨૫ છે. અને વર્ણનમાં નાસ્તિવાદ, બૌધ્ધમત, અકર્તા, અનિર્વાણવાદ, નિયતિવાદ, જૈનદર્શનનું અદ્‌ભૂત રીતે આલેખન કર્યું છે. અને સમ્યક્ત્વનું મહત્ત્વ બતાવ્યું છે.

આ ઉપરાંત પૂ.ચિદાનંદજી, પૂ.મયાવિજય, પં.વીરવિજયજીએ અનેક વર્ણન કરીને તેમની કાવ્યશક્તિ તથા તત્ત્વરૂચિની સમૃધ્ધતા આંખે ઉડીને દેખાઇ આવે છે.

**'સમકિત' શબ્દમાં ઘણું બધું સમાઈ જાય છે. વ્યવહારિક ભાષામાં લઈએ તો**

**સ-** સમજણ, તો શેની? આત્મ સ્વરૂપની, સાચા તત્ત્વની સમજણ.

**મ-** મમત્વ ત્યાગ, કયું મમત્વ? શરીર, વસ્તુ, પરિવારનું મમત્વ? ના સ્વના વિચારોના આગ્રહરૂપી મમત્વનો ત્યાગ.

**કિ-** કષાય- ક્રોધ-માન-માયા-લોભનો ત્યાગ કરવો જોઈએ. ન થાય તો કંઈક અંશે ઘટાડવા જરૂર પ્રયત્ન કરવો.

**ત-** તૃષ્ણા ત્યાગ- તૃષ્ણા- ઈચ્છા- વાસનાનો ત્યાગ કરવો જોઈએ. બહિર્મુખમાંથી

આંતરમુખી થવું જોઈએ.

આમ સમ્યગ્દર્શન મેળવવું, મેળવ્યા પછી ટકાવવું અને તેના આચરણ દ્વારા મોક્ષલક્ષી પ્રયત્નો એ જ મનુષ્યભવની સાર્થકતા છે.

<u>શ્રી ભગવતીસૂત્રમાં સમકિતી જીવોના કુટુંબ વિશે વર્ણવતા જણાવે છે કે,</u> કુંટુંબ બે પ્રકારના હોય (૧) દ્રવ્ય કુટુંબ (૨) ભાવ કુટુંબ

દ્રવ્ય કુટુંબમાં માતા-પિતા આદિ પરિવાર આવે જ્યારે ભાવ કુટુંબમાં આત્માના વિવિધ ગુણો આવે છે. આ વિવિધ ગુણોમાં ઉદાસીનતા, વિરતિ, યોગાભ્યાસ, સમતા, વીતરાગતા, વિવેક, વિનય, સમ્યક્ત્વ, તપ, પવિત્ર ભાવના, સંતોષ, સમ્યક્જ્ઞાન, સુમતિ આ બધા જ ગુણો સમ્યગ્દર્શનીની સાથે હંમેશા રહે છે. તેનાથી કદી વિયોગ પામતા નથી. આને આપણે સમ્યક્ત્વી જીવોના ગુણોનું વૃક્ષ બનાવીએ આ ગુણો દ્વારા સમ્યગ્દર્શી જીવોના મૂળીયા મજબૂત રહે છે. અને આ ગુણો દ્વારા મોક્ષરૂપી ફળ પ્રાપ્ત કરવાની ભાવના જાગે છે.



**સમ્યક્ત્વની દુર્લભતા:-** શાસ્ત્રકાર ભગવંત કહે છે કે,'सद्धा परम दुल्लहा।' શ્રધ્ધા પરમ દુર્લભ છે.

અનંત ઉપકારી ભગવાન શ્રી જિનેશ્વર દેવોના શાસનમાં, આ અસાર સંસારમાં બોધિ એટલે કે સમ્યગ્દર્શનને આટલું બધું દુર્લભને તેની સાથે એવું મહત્ત્વનું માનવામાં આવ્યું છે કે - એ પ્રકારની મહત્તા સાથેની દુર્લભતા, આ સંસારમાં જીવ માટે બીજી કોઇ પણ વસ્તુની હોય એવું માનવામાં આવ્યું નથી.

બોધિ એ તો એક એવી દુર્લભ અને મહત્ત્વની વસ્તુ છે કે એના યોગે જ જ્ઞાન પણ સમ્યક્જ્ઞાનની કોટિમાં અને ચારિત્ર સમ્યક્ચારિત્રની કોટિમાં ગણાય છે. સંસારમાં કદાચ ગમે તેટલું સુખ મળી જાય તો પણ જ્યાં સુધી આત્માને બોધિની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી સારામાં સારો જન્મ મળવા છતાં પણ એ જન્મ નિષ્ફળ નીવડે છે. આ સંસારમાં આપણા અત્યાર સુધીમાં અંનતા જન્મો નિષ્ફળ ગયા છે. તે આ એક બોધિની ખામીને લીધે જ! આ જન્મમાં પણ જો બોધિ પામી શકાય નહિ તો અનંતા જન્મોની જેમ આ જન્મ પણ નિષ્ફળ જાય. આટલી બધી સામગ્રી અનુકુળ મળવા છતાં જો બોધિ ન પમાય, તો એ કેવું કહેવાય? માટે જીવે સંકલ્પ કરવો જોઇએ કે, દુર્લભ મનુષ્યભવમાંથી બોધિ પામ્યા વિના જઇશું જ નહિં.

અત્યાર સુધી દિલમાં સંસાર હતો માટે અનંતો કાળ ભટકવું પડ્યું. બાહ્ય રીતે ચાર ગતિરૂપ સંસાર હતો અને આંતર દૃષ્ટિએ વિષય-કષાય રૂપ સંસારમાં ભટકવું પડ્યું. ચારગતિ રૂપ સંસારમાં ભટકતા અનંતો કાળ વહી ગયો. આટલા બધા કાળ સુધી કેમ ભટકવું પડ્યું તો વિષય-કષાય રૂપસંસાર જીવતો ન હોત તો આટ-આટલું ભટકવું પડત જ નહિં. એ સંસાર દિલમાં કયાં સુધી ચોંટ્યો રહી શકે? જ્યાં સુધી બોધિ ન આવે ત્યાં સુધી! જેનામાં બોધિ આવે, તેનું દિલ સંસારમાં કદી પણ રંજિત થાય નહિ અને એથી પરિણામે સંસારને ભાગે જ છૂટકો થાય! જ્ઞાનીઓએ કહેલું જ્યાં સુધી આપણા દિલમાં ચોક્કસપણે વસે નહિ, ત્યાં સુધી આપણો સંસાર તો જેવો છે તેવોજ ઉભો રહેવાનો! પરંતુ જીવ બોધિ પામે છે. એટલે તેનામાં નિર્મમભાવ આવે છે.

શરીરમાં 'હું'પણાની બુધ્ધિ અને બીજામાં 'મારા'પણાની બુધ્ધિ આ છે સંસારની જડ. જે જીવ બોધિને પામે અથવા તો તરતમાં બોધિ પમાડે એવી યોગ્યતા પામે. તેને લાગી જ જાય કે - આ શરીર તે હું નથી અને આ શરીર અને સંસારના સઘળાય પદાર્થો વસ્તુતઃ મારા નથી પણ પર છે.

બોધિ અને બોધિની ઇચ્છાની હાજરી વિના સુખ હાનિ કરે છે. બોધિને પામેલો

તો દુઃખમાં પણ સુખથી અધિક સુખી રહેવાય એવી ઇચ્છાવાળો હોય છે.

**સમ્યગ્દર્શનનું જીવનમાં મહત્ત્વઃ-** આપણી બધી જ ધર્મ ક્રિયાએ અમૃતવેલડી જેવી છે. જીવના પરિણામનું જ ઠેકાણું હોય નહિ ત્યાં માત્ર ક્રિયાઓથી પરિણામ કેવી રીતે આવે? આ ક્રિયાની શરૂઆત કરનારે સૌ પ્રથમ ''સંસારનું સુખ, એટલે કે સંસારના સુખનો રાગ એ બહુ ખરાબ ચીજ છે. અને મારે એનાથી છૂટવું જોઇએ.'' એમ થવું જોઇએ. પરિણામ વેશમાત્રથી કે ક્રિયા માત્રથી આવે છે. એવું નથી ગૃહસ્થ વેષવાળાને પણ સર્વવિરતિના પરિણામ આવે એવું પણ બને. પણ, સર્વવિરતિના એ પરિણામને ટકાવવાને માટે સાધુપણાના વેષ વગેરેની જરૂર ખરી જ. ધર્મને વધુમાં વધુ પ્રમાણમાં પામવાની અને ધર્મને વધુમાં વધુ પ્રમાણમાં પાળવાની અનુકૂળતા સાધુવેષમાં છે, સાધુ ક્રિયામાં છે. સંસારના સુખની આશામાં રમતો જીવ ધર્મ ક્રિયા કરે એવું પણ બને. જો એને લાગી જાય કે ''આનાથી મારે જે સુખ જોઇએ છે. તેમને મળશે.'' તો એ પણ કરે. આ લોકમાં નહિ પણ પરલોકમાં આ સુખ મળશે એમ લાગે, તો એ જીવ આ લોકમાં ઘણાં ઘણાં કષ્ટ વેઠીને પણ ધર્મ ક્રિયા કરે. પણ એ બધુ કરતાં એના મનમાં, એની આંખ સંસારના સુખ ઉપર જ હોય તો ધર્મ ક્રિયા એના પરિણામને સુધારવાવાળી કેવી રીતે બને? ટૂંકમાં જેને મોક્ષ ગમે છે તેને સંસારનું સુખ ગમતું નથી.

સાચે સાચ જો ધર્મ પામવો હોય અને ધર્મ કરવો હોય, તો સૌથી પહેલાં સંસારના સુખ તરફ આંખ બગડવી જ જોઇએ. સંસારના સુખ ઉપરથી આંખ ઉઠે નહિ. ત્યાં સુધી ધર્મ ધર્મરૂપે રુચે નહિ. અને જ્યાં સુધી ધર્મ ધર્મરૂપે રુચે નહિ ત્યાં સુધી ધર્મ ધર્મરૂપે કરવાનું મન થાય નહિ. દરેક જીવે આત્માને પૂછવું કે, પૂજા કરીએ છીએ, સામાયિક કરીએ છીએ, પૌષધ કરીએ છીએ, તે શા માટે કરીએ છીએ? જો તમને ધર્મ ગમે છે તો રોજ અધિક-અધિક ધર્મ કરવાનું મન થાય છે. અધિક-અધિક ધર્મ કરતાં કરતાં સાધુપણાને પામવાની ઇચ્છા છે? તમે ધર્મ કરો તો એવું અનુભવમાં આવવું જોઇએ કે હજી વધુ ધર્મ કરવો છે.

''સંસારની બાબતમાં અસંતોષ એ પાપ છે.
ધર્મની બાબતમા સંતોષ એ પાપ છે.''

બીજાની હૂંફે જીવવાની વૃત્તિ છોડીને ધર્મની હૂંફે જીવનારા બનો. આમ સુખ-દુઃખમાં શરણભૂત ધર્મ જ છે. દુનિયાની કોઇ સામગ્રી કે કોઇ સગા-સંબધી જે કાળમાં કામ લાગે નહિ, તે કાળમાં પણ ધર્મ હોય તો તે કામ લાગે. એ શાતા પણ

ઉપજાવી શકે અને અશાતાના ઉદયમાં એ સમાધિમાં પણ રાખી શકે. માટે હૂંફ ધર્મની જ જોઈએ. જે કોઈ જીવો નિગોદમાં ગયા, જાય છે કે જશે તેમાં મુખ્ય કારણ આ સુખનો જ રસ છે. અત્યાર સુધીમાં આ જીવનું જે કાંઈ પણ ભૂંડું થયું, તે પ્રતાપ આ સંસારના સુખના રસનો જ છે. જે જીવની સંસારના સુખ ઉપરથી આંખ ઉઠી અને જે જીવને આત્માના કલ્યાણ માટે ધર્મને જાણવાનું મન થાય તે જીવ એટલું તો સમજે ને કે સાધુ સિવાય દુનિયામાં બીજે ક્યાંય મારે જે જાણવું છે, તે જાણવા મળવાનું નથી. આમ ધર્મ દ્વારા સમ્યક્ત્વના મનોરથમાં બધા મનોરથ આવી જાય. સમ્યક્ત્વને પામવાની સાચી ભાવનામાં, સાધુપણાને પામવાની ભાવના પણ હોય જ. સંસારના સંગને તજવાની ભાવના વિના, સંસારનો સંગ તજવા જેવો જ છે, એવું લાગ્યા વિના સમ્યક્ત્વ આવે નહિ. એ ભાવનાથી વિપરીત ભાવના આવતાં સમ્યક્ત્વ ટકી શકે નહિ. માટે પહેલો પુરુષાર્થ સમ્યક્ત્વને પામવા માટે કરવો છે. એ માટે શાસ્ત્ર શ્રવણ કરવું છે. અને તત્ત્વ સ્વરૂપનું જ્ઞાન મેળવવું છે.

સમ્યગ્દૃષ્ટિ આત્મા પાપ કરતો હોય તો પણ, પાપથી છૂટવાના મનવાળો હોય. એને સ્વપ્નમાં પણ પાપમાં પડ્યા રહેવાનું મન અથવા પાપ કર્યે જવાનું મન હોય નહિ.

સમ્યગ્દૃષ્ટિ બહારથી ભોગમાં આસક્ત લાગે તો પણ દિલથી એ ભોગની અવગણના કર્યા કરતા હોય.

આમ સમ્યગ્દર્શન ગુણને પામેલા અને એથી મોક્ષ સિવાય જેમને બીજું કાંઈ જ મેળવવાનું મન નથી, એવા જીવો તો ''અમે સંસારમાં પણ જે કાંઈ મહેનત કરીએ છીએ તે મોક્ષ માટે જ કરીએ છીએ.'' એવું પ્રમાણિકપણે કહી શકે એવી સ્થિતિને પામી જાય છે.

શ્રી તીર્થંકર ભગવાન તે બધા ઉત્તમોત્તમ આત્મા ગણાય. તથા શ્રી અરિહંતના જે સાચા અનુયાયી, તે સાધુ હોય કે શ્રાવક હોય, પણ તે બધા ઉત્તમમાં ગણાય.

દરેક તીર્થંકર પરમાત્માના ભવની ગણત્રી જે થાય છે તે સમ્યગ્દર્શન પામ્યા પછી એ આત્મા સંસારમાં વિવિધ ભવો કરી ઉત્તમ ગતિને પામે છે. આપણે અહિંયા વર્તમાન ચૌવીશીના તીર્થંકર પરમાત્માના ભવો વિશે ટૂંકમાં નામ આપ્યા છે. જે દરેક પરમાત્માના સમ્યગ્દર્શનની સ્પર્શના કર્યા પછીના છે.

# વર્તમાન ચૌવીશીના તીર્થંકરોના ભવોની યાદી.

**૧. શ્રી ભગવાન ઋષભદેવ** આ અવસર્પિણી કાળમાં ત્રીજા આરાના છેડે થયેલા પ્રથમ તીર્થંકર છે. **તેમના ૧૩ ભવ આ પ્રમાણે છે.**

<u>ભવ</u>

| | | |
|---|---|---|
| પહેલા | :- | ધનસાર્થવાહ |
| બીજો | : | -ઉત્તરકુરુમાં યુગલિક |
| ત્રીજો | :- | સૌધર્મ દેવલોક |
| ચોથો | :- | મહાવિદેહમાં મહાબલરાજા |
| પાંચમો | :- | લલિતાંગ કુમાર(દેવ) |
| છઠ્ઠો | :- | વજ્રજંઘ રાજા |
| સાતમો | :- | યુગલિક |
| આઠમો | :- | સૌધર્મદેવ લોક |
| નવમો | :- | જીવાનંદ વૈદ્ય |
| દસમો | :- | અચ્યુત દેવલોક |
| અગ્યારમો | :- | મહાવિદેહમાં વજ્રનાભચક્રી |
| બારમો | :- | સર્વાથ સિધ્ધ વિમાનમાં દેવ |
| તેરમો | :- | ઋષભદેવ |

**૨. બીજા તીર્થંકર અજિતનાથ ભગવાનના ૩ ભવ છે.**

<u>ભવ</u>

| | | |
|---|---|---|
| પહેલો | :- | વિમલવાહનરાજા |
| બીજો | :- | વિજય નામના અનુત્તર વિમાનમાં ૩૩ સાગરોપમ આયુવાળો દેવ થયો |
| ત્રીજો | :- | અજિતનાથ |

**૩. સંભવનાથ ભગવાનના ભવ -૩**

| | | |
|---|---|---|
| પહેલો ભવ | :- | વિપુલવાહન રાજા |
| બીજો ભવ | :- | આનત નામનો નવમો દેવલોક |
| ત્રીજો ભવ | :- | સંભવનાથ |

### ૪. અભિનંદન સ્વામિના ભવ-૩

| | | |
|---|---|---|
| પહેલો ભવ | :- | મહાબલ નામે રાજા |
| બીજો ભવ | :- | વિજય વિમાનમાં મહર્દ્ધિક દેવતા |
| ત્રીજો ભવ | :- | અભિનંદન સ્વામી |

### ૫. સુમતિનાથ ભગવાનના ભવ-૩

| | | |
|---|---|---|
| પહેલો ભવ | :- | પુરુષસિંહ નામે કુમાર |
| બીજો ભવ | :- | વૈજયંત વિમાનમાં મહર્દ્ધિક દેવ |
| ત્રીજો ભવ | :- | સુમતિનાથ |

### ૬. પદ્મપ્રભુ સ્વામીના ભવ-૩

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | અપરાજિત રાજા |
| ભવ બીજો | :- | નવમા ગ્રૈવેયકમાં મહર્દ્ધિક દેવ (૩૧ સાગરોપમનું આયુવાળા) |
| ત્રીજો ભવ | :- | પદ્મપ્રભ સ્વામી |

### ૭. શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના ભવ-૩

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | નંદીષેણ રાજા |
| ભવ બીજો | :- | છઠ્ઠા ગ્રૈવેયકમાં (૨૮ સાગરોપમના આયુષ્યવાળા) દેવ |
| ભવ ત્રીજો | :- | સુપાર્શ્વનાથ |

### ૮. શ્રી ચંદ્રપ્રભ સ્વામીના ભવ-૩

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | પદ્મનામે રાજા |
| ભવ બીજો | :- | વૈજયંત વિમાનમાં (ત્રેવીશ સાગરોપમ આયુવાળા) દેવ |
| ભવ ક્ષીજો | :- | ચંદ્રપ્રભ સ્વામી |

### ૯. શ્રી સુવિધિનાથ ભગવાનના ભવ-૩

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | મહાપદ્મ નામે રાજા |
| ભવ બીજો | :- | વૈજયંત વિમાનમાં દેવ (તેત્રીશ સાગરોપમનું આયુવાળા) |
| ભવ ત્રીજો | :- | સુવિધિનાથ (પુષ્પદંત) |

## ૧૦. શ્રી શીત્તલનાથ ભગવાન ના ભવ-૩

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | પદ્મોત્તર નામે રાજા |
| ભવ બીજો | :- | પ્રાણત નામના દશમાં દેવલોકમાં દેવ (વીશ સાગરોપમનું આયુ) |
| ભવ ત્રીજો | :- | શીતલનાથ |

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ ભગવાનના ભવ-૩

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | નલિનીગુલ્મનામે રાજા |
| ભવ બીજો | :- | મહાશુક્ર નામના સાતમા દેવલોક |
| ભવ ત્રીજો | :- | શ્રેયાંસનાથ |

## ૧૨. શ્રી વાસુપૂજ્ય સ્વામી ભગવાનના ભવ-૩

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | પદ્મોત્તર રાજા |
| ભવ બીજો | :- | પ્રાણત નામનો દશમો દેવલોક |
| ભવ ત્રીજો | :- | વાસુપૂજ્ય સ્વામી |

## ૧૩. શ્રી વિમલનાથ ભગવાનના ભવ-૩

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | પદ્મસેન રાજા |
| ભવ બીજો | :- | સહસ્રાર દેવલોકમાં |
| ભવ ત્રીજો | :- | વિમલનાથ |

## ૧૪. શ્રી અનંતનાથ ભગવાનના ભવ-૩

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | પદ્મરથ નામે રાજા |
| ભવ બીજો | :- | પ્રાણત દેવલોકમાં પુષ્પોત્તર વિમાનમાં દેવ |
| ભવ ત્રીજો | :- | અનંતજિન (અનંતનાથ) |

## ૧૫. શ્રી ધર્મનાથ ભગવાન ના ભવ-૩

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | દઢરથ નામે રાજા |
| ભવ બીજો | :- | વૈજયંત વિમાનમાં દેવ |
| ભવ ત્રીજો | :- | ધર્મનાથ |

## ૧૬. શ્રી શાંતિનાથ ભગવાનના ભવ-૧૨

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | શ્રીષેણરાજા |
| ભવ બીજો | :- | ઉત્તરકુરુક્ષેત્રમાં યુગલિકરૂપે જન્મ્યા |
| ભવ ત્રીજો | :- | સૌધર્મ દેવલોકમાં દેવ |
| ભવ ચોથો | :- | અમિતતેજ નામે વિદ્યાધર |
| ભવ પાંચમો | :- | દશમા દેવલોકમાં દિવ્યચૂડ(૨૦ સાગરોપમ આયુષ્યવાળા) નામે દેવ થયા |
| ભવ છઠ્ઠો | :- | અપરાજિત નામે બળદેવ થયા |
| ભવ સાતમો | :- | અચ્યુત દેવલોકમાં ઈન્દ્ર થયા |
| ભવ આઠમો | :- | વજાયુધ નામે ચક્રવર્તી થયા |
| ભવ નવમો | :- | ત્રીજા ગ્રૈવેયકમાં (પચ્ચવીશ સાગરોપમની સ્થિતિવાળા) દેવ થયા |
| ભવ દશમો | :- | મેઘરથ રાજા |
| ભવ અગ્યારમો | :- | સર્વાર્થ સિધ્ધવિમાનમાં દેવ |
| ભવ બારમો | :- | શાંતિનાથ |

## ૧૭. શ્રી કુંથુનાથ ભગવાનના ભવ-૩

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | સિંહાવહ રાજા |
| ભવ બીજો | :- | સર્વાર્થ સિધ્ધમાં અનુત્તર વિમાનમાં દેવ |
| ભવ ત્રીજો | :- | કુંથુનાથ |

## ૧૮. શ્રી અરનાથ ભગવાનના ભવ-૩

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | ધનપતિ રાજા |
| ભવ બીજો | :- | નવમા દેવલોકમાં દેવ |
| ભવ ત્રીજો | :- | અરનાથ |

## ૧૯. શ્રી મલ્લિનાથ ભગવાનના ભવ-૩

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | મહાબલ રાજા |
| ભવ બીજો | :- | અનુત્તર વિમાનમાં દેવ |
| ભવ ત્રીજો | :- | મલ્લિકુમારી (મલ્લિનાથ) |

## ૨૦. શ્રી મુનિસુવ્રત ભગવાનના ભવ-૩

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | સુરશ્રેષ્ઠ રાજા |
| ભવ બીજો | :- | પ્રાણત દેવલોકમાં દેવ |
| ભવ ત્રીજો | :- | મુનિસુવ્રત |

## ૨૧. શ્રી નમિનાથ ભગવાનના ભવ-૩

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | સિધ્ધાર્થનામે રાજા |
| ભવ બીજો | :- | અપરાજિત વિમાનમાં દેવ રૂપે થયા |
| ભવ ત્રીજો | :- | નમિનાથ |

## ૨૨. શ્રી નેમનાથ ભગવાનના ભવ-૯

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | ધનકુમાર |
| ભવ બીજો | :- | સૌધર્મ દેવલોક |
| ભવ ત્રીજો | :- | ચિત્રગતિ |
| ભવ ચોથો | :- | પરર્માર્ધ્યક દેવ |
| ભવ પાંચમો | :- | અપરાજિત રાજા |
| ભવ છઠ્ઠો | :- | આરણ નામના દેવલોકમાં દેવ |
| ભવ સાતમો | :- | શંખરાજા |
| ભવ આઠમો | :- | અપરાજિત નામના અનુત્તર વિમાનમાં દેવ |
| ભવ નવમો | :- | નેમનાથ |

## ૨૩. શ્રી પાર્શ્વનાથ ભગવાનના ભવ-૧૦

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | મરુભૂતિ |
| ભવ બીજો | :- | યૂથપતિ હાથી |
| ભવ ત્રીજો | :- | સહસ્રાર દેવલોકમાં દેવ (સત્તર સાગરોપમ આયુષ્યવાળા) |
| ભવ ચોથો | :- | કિરણવેગ રાજા |
| ભવ પાંચમો | :- | બારમા દેવલોકમાં દેવ |
| ભવ છઠ્ઠો | :- | વજ્રનાભ રાજા |
| ભવ સાતમો | :- | ગ્રેવયકમાં દેવ (લલિતાંગ નામે) |
| ભવ આઠમો | :- | સુવર્ણબાહુ રાજા |
| ભવ નવમો | :- | દશમા દેવલોકમાં મહાપ્રભ વિમાનમાં દેવ |
| ભવ દસમો | :- | પાર્શ્વનાથ |

## ૨૪. શ્રી મહાવીર ભગવાનના ભવ-૨૭

| | | |
|---|---|---|
| ભવ પહેલો | :- | નયસાર |
| ભવ બીજો | :- | સૌધર્મદેવ |
| ભવ ત્રીજો | :- | મરિચી ભવ |
| ચોથો | :- | બ્રહ્મ દેવલોકમાં દેવ |
| ભવ પાંચમો | :- | કૌશિક બ્રાહ્મણ |
| ભવ છઠ્ઠો | :- | પુષ્પમિત્ર ત્રિદંડી |
| ભવ સાતમો | :- | સૌધર્મ દેવ |
| ભવ આઠમો | :- | અગ્નિદ્યોત |
| ભવ નવમો | :- | ઈશાન દેવ |
| ભવ દસમો | :- | અગ્નિભૂત |
| ભવ અગ્યાર | :- | સનત કુમાર |
| ભવ બાર | :- | ભારદ્વિજ ત્રિદંડી |
| ભવ તેર | :- | માહેન્દ્ર દેવ |
| ભવ ચૌદ | :- | સ્થાવર (બ્રાહ્મણ) |
| ભવ પંદર | :- | બ્રહ્મદેવ |
| ભવ સોળ | :- | વિશ્વભૂતિ રાજકુમાર |
| ભવ સત્તર | :- | મહાશુક્ર દેવ |
| ભવ અઢાર | :- | ત્રિપૃષ્ઠ વાસુદેવ |
| ભવ ઓગણીસ | :- | સાતમી નરક |
| ભવ વીશ | :- | સિંહ |
| ભવ એકવીશ | :- | ચોથી નરક |
| ભવ બાવીશ | :- | વિમલ રાજકુમાર |
| ભવ ત્રેવીશ | :- | પ્રિયમિત્ર ચક્રી |
| ભવ ચોવીશ | :- | મહાશુક્ર દેવ(સર્વાથ વિમાન) |
| ભવ પચ્ચીશ | :- | નંદન રાજકુમાર |
| ભવ છવ્વીશ | :- | દસમા દેવલોકમાં (પ્રાણત દેવ) |
| ભવ સત્તાવીશ | :- | શ્રી વર્ધમાન કુમાર |

આ રીતે બધા જ પરમાત્માના ભવની ગણત્રી સમ્યક્ત્વ પામ્યા પછીની ગણાય છે.

સમકિત તે સાર છે, તે સમયનું સર્વસ્વ છે.
સિધ્ધાંતનું તે જીવન છે. ને મોક્ષનું તે બીજ છે.
વિધિ જાણીને બહુમાનથી આરાધજો સમકિત ને.
સહુ સુખ એવા પામશો. આશ્ચર્ય થાશે જગતને. ૩૯

આપણે સમકિતને ચાર અનુયોગમાં વિવિધ રીતે સમજીએ. જૈન આગમમાં પદાર્થ નિરૂપણ ચાર રીતે કરવામાં આવે છે. જીવની કક્ષા રુચિ આદિ અપેક્ષાએ જુદી-જુદી ચાર રીતે તત્ત્વનું નિરૂપણ જુદા-જુદા શાસ્ત્રોમાં કરેલ છે. આ ચાર અનુયોગ કહેવાય. (૧) કથાનુયોગ (૨) ચરણાનુયોગ (૩) દ્રવ્યાનુયોગ (૪) કરણાનુયોગ.

શ્રધ્ધાની નિર્મળતા ક્રમિક પ્રાપ્ત થાય છે. તેમજ જીવની પાત્રતા અને અવસ્થા એક જ પ્રકારની હોતી નથી. એટલે પાત્રતા મુજબ મોક્ષ માર્ગનો ઉપદેશ મળે તે રીતે જુદા-જુદા અનુયોગમાં જુદા-જુદા દષ્ટિકોણથી જુદી-જુદી શૈલીથી કથન કરવામાં આવેલ છે. હવે ચાર અનુયોગમાં સમકિતનો દષ્ટિકોણ સમજીએ.

**(૧) કથાનુયોગના દષ્ટિકોણથી:-** સમકિતવાળા જીવમાં આઠ વિશિષ્ટ ગુણો પ્રગટ થાય છે. આ ગુણોના સદ્ભાવથી સમ્યગ્દષ્ટિની ઓળખ થાય છે. નિ:શંકા, નિ:કાંક્ષા, નિર્વિચિકિત્સા, અમૂઢ દષ્ટિ, ઉપગૂહન, સ્થિરીકરણ, વાત્સલ્ય, પ્રભાવના એ પ્રકારના આઠ ગુણો છે. સમકિતી જીવમાં વિવેક દષ્ટિ અને આત્મ વિકાસના પરિણામે ચાર-પ્રશમ-સંવેગ, અનુકંપા, આસ્તિક્ય,આદિ પાયાના ભાવો પ્રગટે છે. ક્રમે ક્રમે પ્રશમભાવમાંથી નિ:શંકા અને ઉપગૂહનના ગુણો ફલિત થાય છે. તેવીજ રીતે સંવેગમાંથી નિ:કાંક્ષા અને સ્થિરીકરણ, અનુકંપામાંથી નિર્વિચિકિત્સા અને વાત્સલ્ય અને આસ્તિક્ય ભાવમાંથી અમૂઢદષ્ટિ અને પ્રભાવનાના ગુણો ફલિત થાય છે.

કથાનુયોગમાં આ અંગે કથા દ્વારા વિકસાવવાનો પ્રયાસ છે. ઉદાહરણ રૂપે અંજનચોરની કથા દ્વારા નિશંકાનો ગુણ, અનંતમતીની કથા દ્વારા નિ:કાંક્ષાનો ગુણ, ઉદાયન રાજાની કથા દ્વારા નિર્વિચિકિત્સાનો ગુણ, રેવતીરાણીની કથા દ્વારા અમૂઢદષ્ટિનો ગુણ, જિનેન્દ્રભક્ત શેઠની કથા દ્વારા ઉપગૂહનનો ગુણ, વારિષેણની કથા દ્વારા સ્થિરીકરણનો ગુણ, વિષ્ણુકુમાર મુનિની કથા દ્વારા વાત્સલ્યનો ગુણ અને વજ્રકુમાર મુનિની કથા દ્વારા પ્રભાવનાનો ગુણ- આ પ્રકારે આ ગુણો ફલિત કરવાનો બાળજીવોને કથાના માધ્યમથી ઉપદેશ આપવામાં આવે છે. કથાનું ફળ મર્યાદિત હોય છે. પરંતુ પાત્ર બાળ-જીવ હોવાથી મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન છે. શ્રોતા સંસારમાંથી પાછો ફરવાનો અને મોક્ષ માર્ગ અપનાવવાનો અભિલાષી બને. શ્રોતામાં જીવનની

દિશા બદલાવવાના ભાવ જાગે, જીવનના મૂલ્યાંકન બદલાય અને પ્રયોજનભૂત જિજ્ઞાસાનો વિકાસ થાય તે મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન છે અને એ જ કથાનુયોગની યથાર્થતા છે.

**(૨) દ્રવ્યાનુયોગના દષ્ટિકોણથી સમકિત:-** સમકિતનું સ્વરૂપ બતાવતા કથન કરેલ છે કે, 'તત્ત્વાર્થ શ્રધ્ધાનં સમ્યગ્ દર્શનમ્' આનો અર્થ એ છે કે જીવાદિ સાત તત્ત્વો જે સ્વરૂપે અવસ્થિત છે તે તત્ત્વોની તેવા જ સ્વરૂપે શ્રધ્ધા કરવી, અન્યથા શ્રધ્ધા ન કરવી તે સમ્યગ્દર્શન છે. જીવ-અજીવ-આસ્રવ-સંવર-બંધ-નિર્જરા-મોક્ષ તેમ સાત તત્ત્વ છે. તેનાં પુણ્ય અને પાપ છે. આસ્રવ અને બંધના ભેદો છે. એક દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથેનો સંબધ બતાવેલ છે. જીવ અને અજીવ પદાર્થ મૌલિક તત્ત્વો છે. જેને અશુધ્ધમાંથી શુધ્ધ કરવું છે. તે જીવતત્ત્વ છે. જેના કારણે અશુધ્ધતા વિકાર થાય છે તે અજીવ તત્ત્વ છે. અત્રે અજીવ તત્ત્વોનો મુખ્યરૂપે પુદ્ગલ પ્રકાર અભિપ્રેત છે. તત્ત્વાર્થ શ્રધ્ધા એટલે તત્ત્વ અને અર્થ બંનેની શ્રધ્ધા જરૂરી છે. જીવાદિ પદાર્થોને તત્ત્વ તરીકે માનવાં એટલું પુરતું નથી પરંતુ તે ઉપરાંત જીવાદિ પદાર્થોને જેવા સ્વરૂપે છે, તેવા જ સ્વરૂપે માનવા. આ અનુયોગમાં નવતત્ત્વ, અસ્તિકાય, છ દ્રવ્ય આદિ તત્ત્વોનું નિરૂપણ હોય છે. દષ્ટાંત, આગમ, અનુમાન, તર્ક, યુક્તિ, ન્યાય, પ્રમાણ, નય, ભંગ, નિક્ષેપ આદિથી આ શાસ્ત્રો વસ્તુ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન ધરાવે છે.

આ અનુયોગમાં વિષય બહુ વિશાળ છે. વસ્તુ સ્વભાવ શાસ્ત્ર, ઉપરાંત ધર્મશાસ્ત્રનો તેમજ નીતિશાસ્ત્રનો પણ આ અનુયોગમાં સમાવેશ થાય છે. વસ્તુ સ્વભાવ શાસ્ત્ર એ ખરેખર દ્રવ્યાનુયોગ છે.

દ્રવ્યાનુયોગના પેટામાં અગત્યનો વિષય તે અધ્યાત્મ શાસ્ત્રોનો છે. આત્મા સંબધિત અને તેને અનુલક્ષીને જે જ્ઞાન થાય તેને અધ્યાત્મ જ્ઞાન કહેવાય છે. વસ્તુ સ્વભાવ બતાવી તે દ્વારા વૈરાગ્યભાવ પેદા કરે તેવા વૈરાગ્યના ગ્રંથ-સમુહનો આમાં સમાવેશ થાય છે.

દ્રવ્યાનુયોગના સારસ્વરૂપ એવા પરમ શાસ્ત્રનો અભ્યાસ કરવાથી જીવની પાત્રતા પ્રમાણે ઉત્તમફળ આપનારા છે.

**(૩) કરણાનુયોગના દષ્ટિકોણથી સમ્યક્ત્વ:-** આ અનુયોગમાં ચારગતિનું સ્વરૂપ અને લોકનું સ્વરૂપ બતાવવામાં આવેલ છે. વળી જીવોના ગુણસ્થાન, માર્ગણાસ્થાન, આદિ ભેદો, કર્મની સ્થિતિ, સત્તા, બંધ, લેશ્યા આદિનું સૂક્ષ્મ વર્ણન મળે છે. કર્મના ઉદય, ઉપશમ, ક્ષય અગર ક્ષયોપશમ સંબધિત સૂક્ષ્મ નિરૂપણ પણ આ અનુયોગમાં મળે છે. આ અનુયોગના ગ્રંથ, વાંચન, મનન, ચિંતન, ધારણા આદિ દ્વારા

તત્ત્વજ્ઞાનની કથંચિત સૂક્ષ્મતા અને નિર્મળતા પાત્ર જીવોને પ્રાપ્ત થાય છે. પાત્ર જીવો સંસાર પ્રત્યે ઉદાસીન વૃત્તિ કેવળી શકે છે.

**(૪) ચરણાનુયોગ:-** આ અનુયોગમાં ચારિત્ર વિષયક કથન હોય છે. મુનિ-આચાર અને શ્રાવકાચાર અંગે વિશેષ કથન હોય છે. આવા ગ્રંથોના અભ્યાસથી ધર્માચરણમાં લાગવાની રુચિ થાય છે. જીવ ધીમે-ધીમે મંદ કષાયી થઇ, ક્રમે-ક્રમે આચારધર્મ તરફ વળી શકે છે.

આચારાંગ સૂત્ર પ્રમુખ ગ્રંથ છે. આ ઉપરાંત દશવૈકાલિક, અન્ય શ્રાવકાચાર, મૂલાચાર, ભગવતી આરાધના, આચારસાર, પ્રશમરતિ, ઉપદેશમાલા આદિ ગ્રંથો આ અનુયોગના આદરણીય ગ્રંથો છે.

આ રીતે કથાનુયોગ અને ચરણાનુયોગ-બંને અનુયોગમાં આચારની પ્રધાનતાથી પદાર્થના કથન કરવાની શૈલી છે. દ્રવ્યાનુયોગમાં તત્ત્વચિંતનની પ્રધાનતા છે. કરણાનુયોગમાં આત્માને કાર્યકારી જીવ-કર્માદિકના અને ત્રિલોકાદિકના નિરૂપણની પ્રધાનતા હોય છે. એ રીતે જુદી-જુદી શૈલીથી જુદી-જુદી રીતે એકજ પ્રયોજનનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

આના દ્વારા જીવ શ્રધ્ધાની નિર્મળતા પ્રાપ્ત કરી ઉત્તમ અવસ્થા સુધી પહોંચે તે જ ઉદ્દેશ હોય છે.[૪૦]

**પરમપૂજ્ય કીર્તિયશ મહારાજ 'સમ્યગ્દર્શન' પુસ્તકમાં સમ્યગ્દર્શનનો (અર્ક) સાર સમજાવતા વર્ણવે છે કે,**

૧. દુન્યવી વસ્તુઓ હૃદયપૂર્વક ગમે એજ રોગ.

૨. દર્દીને જેટલી કુપથ્યની બીક લાગે એટલી આપણને સંસારની લાગવી જોઇએ.

૩. પારકા (પર પદાર્થો)ને પોતાનું માનવું તે મિથ્યાત્વ.

૪. સંસારની ક્રિયા કરતાં કે કરવા જતાં પણ ઉત્તમ આત્માઓના મનમાં મોક્ષ ન હોય એવું તો બને જ નહિ.

૫. સમ્યગ્દર્શન એટલે તત્ત્વરુચિ.

૬. સમ્યગ્દર્શન એ રત્નદીપક છે.

૭. સુદેવાદિને માનવા છતાં પણ જો મોક્ષની રુચિ ન હોય તો સમ્યક્ત્વ નથી.

૮. અજ્ઞાન રહેવું ગમે એ પણ મિથ્યાત્વ છે.

૯. તત્ત્વજ્ઞાન એ સમ્યક્ત્વની પ્રાપ્તિનું સાધન છે.

૧૦. જ્ઞાનીને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ અને તેનું નિરતિચાર પાલન પણ સુલભ છે.

૧૧. અધર્મની પ્રવૃત્તિ કરતાં પણ અધર્મના પરિણામથી બચો.

૧૨. આગમની ઉપરવટ થઇને કુલાચારને ન વળગાય.

૧૩. સુદેવ, સુગુરુ, સુધર્મ પુણ્યથી મળ્યા છે પણ એની કિંમત હોત તો જૈનશાસનની કોઇ અનોખીજ ભાત હોત.

૧૪. તત્ત્વબોધ માટેનો વાદ એ ધર્મવાદ છે. એ સિવાયમાં વાદો તે કુવાદ છે.

૧૫. મિથ્યાભિમાનીઓને એમની વિદ્યા પચેલી ન હોય એટલે એ એમને કષાયના અગ્નિમાં શેકે, અને જે કોઇ એમની હડફેટ ચડી જાય એમને પૂરો કરી દીધા વિના રહે નહિ. માટે એવાઓની સાથે વાદમાં ઉતરવાનો જૈન શાસનમાં નિષેધ કરાયો છે.

૧૬. જે કાંઇ પણ કહેવું, તે ભગવાન શ્રી જિનેશ્વરદેવોના શાસનને અનુસરતું જ કહેવું, પણ તે એવી રીતે કહેવું, કે જે કહેલું નિષ્ફળ નીવડે નહિ અને ઉપકારક થયા વિના રહે નહિ.

૧૭. દેશ કાળને નામે પણ શ્રી જિનશાસનનું અહિત થાય તેવું બોલવું કે અવસરોચિત સત્યને ગોપવવું એ તો શ્રી જિનશાસનનો ભયંકર કોટિનો દ્રોહ જ કહેવાય.

૧૮. સંસારનું સુખ એવું છે કે જે એને વળગે તેને દુઃખી કર્યા વિના રહે નહિ.

૧૯. સંસારમાં પરિભ્રમણ કરતા જીવને માટે શરણરૂપ માત્ર એક ધર્મ જ છે.

૨૦. જ્યાં સુધી સંસારનાં સુખ ઉપરથી આંખ ઉઠે નહિ ત્યાં સુધી ધર્મ ધર્મરૂપે રુચે નહિ. અને જ્યાં સુધી ધર્મ ધર્મરૂપે રુચે નહિ ત્યાં સુધી ધર્મ ધર્મરૂપે કરવાનું દિલ થાય નહિ.

૨૧. આ મનુષ્ય જન્મરૂપી વૃક્ષનું સુંદર ફળ, ભોગ નથી પણ ચારિત્ર છે.

આ રીતે ‘સમ્યગ્ દર્શન’નો જીવનમાં લાભ ખુબ જ છે. ભવોભવ ભટકતો આત્મા આ પ્રાપ્ત કર્યા પછી શાંત થાય છે. આનંદને પામે છે. અનંતકાળના જન્મ-મરણના ફેરામાં મનુષ્ય જીવન મળવું તે કાળી અંધારી રાતમાં વીજળીના ચમકારા જેવું છે. મળેલ મનુષ્ય જીવનને ધર્મ આરાધના દ્વારા પાવન કરવું જોઇએ. આત્માને શુધ્ધ કરવા માટે આ જ ગતિમાં સૌથી વધુ સમજણ છે. આ પ્રકરણમાં સમકિત એટલે શુ? તેને પામવાનો ક્રમ જણાવ્યો છે. અને વ્યવહારમાં શુધ્ધિ લાવી આત્મા ઉત્તરોત્તર પરિણામની શુધ્ધિ લાવે એ જ સાર્થકતા છે.

# પાદનોંધ

| ક્રમાંક | પુસ્તકનું નામ | લેખકનું નામ | આવૃતિ | પૃષ્ઠ નં |
|---|---|---|---|---|
| ૧ | સમ્યગ્દર્શન | પ.પૂ.યોગનિષ્ઠ આચાર્ય વિ.કેશરસૂરીશ્વરજી મ.સા | ૪ | ૩૧ |
| ૨ | સમ્યગ્દર્શન | મુનિરાજ શ્રીજયાનંદ વિજયજી | ૧ | ૩૭ |
| ૩ | સમકિતનું મૂળ | પૂજ્ય કાન્તિઋષિજી મહારાજ | ૧ | ૧૯ |
| ૪ | સમ્યગ્દર્શન કેવી રીતે પ્રગટે? | ભીખાલાલ ગિરધરલાલ શેઠ | ૧ | ૧૬ |
| ૫ | શ્રધ્ધા અને શક્તિ | ધીરજલાલ ટોકરશી શાહ | ૧ | ૧૮ |
| ૬ | સમ્યગ્દર્શન કેવી રીતે પ્રગટે? | ભીખાલાલ ગિરધરલાલ શેઠ | ૧ | ૫૧ |
| ૭ | સમ્યગ્દર્શન કેવી રીતે પ્રગટે? | ભીખાલાલ ગિરધરલાલ શેઠ | ૧ | ૫૫ |
| ૮ | ઉત્તરાધ્યયનસૂત્ર.ભાગ.૨ અ.૨૮ ગા.૧૬ | | | |
| ૯ | શ્રી આચારાંગ સૂત્ર૧/૪/૨/૧ | | | |
| ૧૦ | શ્રી આચારાંગ સૂત્ર ૧/૪/૨/૧ | | | |
| ૧૧ | શ્રીસૂત્રકૃતાંગ સૂત્ર ૧/૬/૨૯ | | | |
| ૧૨ | શ્રીપ્રજ્ઞાપન સૂત્ર ગા.૧૩૧ | | | |
| ૧૩ | નંદિસૂત્ર ભા.૧ સ.૨૫ | | | |
| ૧૪ | આવશ્યક નિર્યુક્તિ ગા.૮૬૨ | | | |
| ૧૫ | ઉપદેશમાલા ગા.૨૭૦ ધર્મદાસગણિ | | | |
| ૧૬ | રાજ ભક્તિ સંતવાણી. ગીત.૧૨૮ કડી.૫ | | ૧ | ૧૮૫ |
| ૧૭ | तेविज्जवच्छ गौत्तसुत्त.म.नि | | | |
| ૧૮ | યોગસૂત્ર.૧થી૧૯, ૧૧થી૨૦ | | | |
| ૧૯ | ન્યાયસૂત્ર ૪-૨ -૪૭ | | | |
| ૨૦ | ગીતા ૪-૩૯ -૧ | | | |
| ૨૧ | કર્મસ્તવ દ્વિતીય: રમ્યરેણુ | | દ્વિતીય | ૭૦થી ૯૪ના આધારે |
| ૨૨ | નવલનિત્ય સ્વાધ્યાય | | પ્રથમ | ૫૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩ | જ્ઞાનાર્ણવ ગા.૫૯ | પ.પૂ.આ.શુભચન્દ્રજી મ.સા | પ્રથમ | ૧૦૩ |
| ૨૪ | વિવિધપૂજાસંગ્રહ ભાગ.૪ | ઉ.યશોવિજયજી.મ.સા | પ્રથમ | ૨૬૭-૨૬૮ |
| ૨૫ | વિવિધપૂજાસંગ્રહ ભાગ.૪ | ઉ.પદ્મવિજયજી મ. | પ્રથમ | ૨૮૩ |
| ૨૬ | વિવિધ નવપદ. ઢાળ.૨ | ઉ.પદ્મવિજયજી મ. | પ્રથમ | ૨૮૪ |
| ૨૭ | નવપદમંજુષા દુહા. કડી-૧,૨ | કવિ માણેકવિજયજી મ. | પ્રથમ | ૫૮૮ |
| ૨૮ | વિવિધ પૂજાસંગૃહ ભાગ.૪ નવપદ પૂજા | પૂ.વિજયાનંદ સૂરીશ્વરજી | પ્રથમ | ૮૭-૮૮ |
| ૨૯ | વિવિધ પૂજા સંગ્રહ | | | ૧૬૫ |
| ૩૦ | શ્રીવીશસ્થાનકપદ પૂજા | | | ૧૬૫ |
| ૩૧ | ધર્મસંગ્રહ ભા-૧. વિ.૨ | | | ૧૦૯ |
| ૩૨ | સમ્યગ્દર્શન | પૂ.આ.કીર્તિયશસૂરીશ્વરજી | ત્રીજી | ૫ |
| ૩૩ | અભિનવ ઉપદેશપ્રાસાદ | દીપરત્ન સાગર | ૧ | ૫૧ |
| ૩૪ | યોગશાસ્ત્ર પ્ર.૨ શ્લોક ૩ | | ૧ | ૨૦ |
| ૩૫ | સમ્યગ્દર્શન | પૂ.આ.કીર્તિયશસૂરીશ્વરજી | ૩ | ૫૪-૫૫ |
| ૩૬ | સમ્યગ્દર્શન | પૂ.આ.કીર્તિયશસૂરીશ્વરજી | ૩ | ૫૭ |
| ૩૭ | સમ્યગ્દર્શન | પૂ.આ.કીર્તિયશસૂરીશ્વરજી | ૩ | ૫૯ |
| ૩૮ | શ્રીસ્થાનાંગ સૂત્ર.ભા.૨ સ્થાન.૧૦ સૂત્ર.૬૬ | (શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન) | | ૩૪૬ |
| ૩૯ | સમકિત વિચાર | પાનાચંદભાઇ મહેતા | ૩ | ૩૨ |
| ૪૦ | સમકિત વિચાર | પાનાચંદભાઇ મહેતા | | ૩૨૪ |
| ૪૧ | સમ્યગ્દર્શન | પ.પૂ.કીર્તિયશસૂરીશ્વરજી | | |

<u>પ્રકરણ-૫</u>

## ‘સમકિતના ૬૭ બોલની સજ્ઝાય’નું અન્ય કૃતિ સાથે તુલનાત્મક અધ્યયન.

**૧. પૂજ્ય ઉપાધ્યાય યશોવિયજીની ‘સમકિતના ૬૭ બોલની સજ્ઝાય’ની પૂજ્ય આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મહારાજ રચિત ‘સમ્યક્ત્વ સપ્તતિ’ ગ્રંથ સાથે તુલના.**

**આચાર્ય શ્રીહરિભદ્રસૂરિજીનો પરિચયઃ-** હરિભદ્ર નામે એ ચિત્તોડના રાજ પુરોહિત હતા. એમનું બુધ્ધિબળ જોરદાર હોવાથી ચૌદ ચૌદ વિદ્યાઓના પારગામી બન્યા. તેઓ ભારે મિથ્યાદષ્ટિ હતા. પ્રસંગ આવે જિનેશ્વર દેવોની મૂર્તિની મશ્કરી કરતાં પણ તે અચકાયા ન હતા. તેઓ સર્વભાષાના નિષ્ણાત હોવાથી તેમને જ્ઞાનનું ભારે અભિમાન. તેઓએ નિર્ણય લીધો કે, ‘‘જે કોઈના પણ વચનને હું સમજી શકું નહિ, તેનો હું શિષ્ય બની જાઉં!’’ તેમનો નિર્ણય માનસિક હતો પણ પ્રતિજ્ઞા સમાન હતો.

એકવાર એવું બન્યું કે, હરિભદ્રજી કાર્યવશ રાજગૃહમાં ગયા હતા. રાજગૃહમાંથી વળતા પૌષધશાળા પાસેથી નીકળવાનું થયું તે સમયે સાધ્વીજી ભગવંત સ્વાધ્યાય કરી રહ્યા હતા. શાંત વાતાવરણના કારણે તે શબ્દો સ્પષ્ટ રીતે સંભળાતા હતા. તે સમયે તેઓ ‘चक्की दुगं’ એવી એક ગાથા બોલ્યાં અને તે હરિભદ્ર પુરોહિતના કાને પડી. તેમને ગાથાનો અર્થ સમજાયો નહિ. તેઓ સાધ્વીજી પાસે પહોંચ્યા અને તેમણે કહ્યું કે- માતા! આજથી હું આપનો શિષ્ય છું. આપ મને ‘चक्की दुगं’ આદિ વાળી જે ગાથા છે તેનો અર્થ મને સમજાવો!

સાધ્વીજી ગાથાનો અર્થ જાણતા હતા. પણ મર્યાદાના એ જાણકાર હતા. તેથી તેમણે હરિભદ્ર પુરોહિતને કહ્યું કે,‘‘તમારે જો આ ગાથાનો અર્થ સમજવો હોય તો અમારા ગુરૂની પાસે જવું જોઇએ અને એ મહાપુરુષના તમારે શિષ્ય બનવું જોઇએ.’’સાધ્વીજી પાસેથી હરિભદ્ર પુરોહિતે જાણી લીધું કે- પોતાને કયા મહાપુરુષની પાસે જવાનું છે. અને પછી પુરોહિત એ પૌષધશાળામાંથી નીકળી પોતાના ઘરે ગયા.

બીજે દિવસે હરિભદ્ર પુરોહિત આચાર્ય ભગવંત શ્રીમદ્ જિનભદ્ર મહારાજની પાસે પહોંચ્યાં અને તેઓને પોતાની હકીક્ત જણાવી. ગુરુદેવ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના જાણકાર હતાં. તેઓએ હરિભદ્રજીને કહ્યું કે, ‘‘એ ગાથાનો અર્થ જાણવો હોય તો

તમારે શ્રી જૈનશાસનની સાધુદીક્ષા ગ્રહણ કરવી જોઇએ અને જૈનશાસ્ત્રોનો યથાવિધ અભ્યાસ કરવો જોઇએ.''

શ્રી હરિભદ્ર પુરોહિતે દીક્ષા ગ્રહણ કરી અને શ્રી જૈન શાસનના વિધિ મુજબ શ્રી જિનાગમાદિ જૈનશાસ્ત્રોનો સારી રીતે અભ્યાસ કર્યો. તેઓ શ્રી જૈનશાસને પ્રરૂપેલાં તત્ત્વોના એ સામર્થ્ય જ્ઞાતા બન્યા. એટલું જ નહિ પણ શ્રી જૈનશાસને પ્રરૂપેલા તત્ત્વોની સુવિકસિત પ્રરૂપણા કરવાને માટે એ સમર્થ બન્યા. જિનેશ્વર પ્રભુનો અદ્ભૂત મહિમા ગાયો. એટલું જ નહિ એ મહાપુરુષે એવું સામર્થ્ય પ્રાપ્ત કર્યું કે પોતાના જીવનકાળમાં ૧૪૪૪ ગ્રન્થોની રચના કરી.

એ મહાપુરુષ આવા સમર્થ બન્યા છતાં પણ તેઓ તે સાધ્વીના ઉપકારને વિસર્યા નહિ. તેઓ જાણતા હતા કે જો તે સાધ્વીજીએ મને ગુરુ પાસે મોકલ્યો ન હોત તો આવું સુંદર પરિણામ આવત નહિ. આથી જ પૂ.શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ પોતાનાં દરેક ગ્રન્થોમાં પોતાને 'યાકિની-મહત્તરા સૂનુ' એટલે કે યાકિની નામની મહત્તરા કહેતાં વિશિષ્ટ સાધ્વી- તેના પુત્ર તરીકે ઓળખાવેલ છે.

એ સાધ્વીનો આટલો બધો ઉપકાર તેમણે યાદ કર્યો તેની પાછળ ઘણાં કારણ છે. તેમને પ્રતિજ્ઞા હતી કે જેના ઉચ્ચારેલા વચનના અર્થને હું સમજી શકું નહિ, તેનો હું શિષ્ય બની જાઉં! તેમની આવી પ્રતિજ્ઞા હતી પણ સાધ્વીએ તેમના ગુરુ પાસે મોકલ્યા. આથી તેમણે પોતાની પ્રતિજ્ઞા રદ ન જાય એ માટે પોતાને એ સાધ્વીના પુત્ર તરીકે ઓળખાવ્યા. આમાં તેમના કૃતજ્ઞતા ગુણના દર્શન થાય છે. આ ઉપરાંત સાધ્વીજીના નિમિત્તે જિનેશ્વર દેવોના શાસનને પામ્યા. હૈયામાં સુન્દર ભાવો પેદા થવા પામ્યા.

આચાર્ય ભગવંત શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહા વિદ્વાન હતા. તે મહાપુરુષે કહ્યું છે કે, જગતમાં જેટલા દેવો ગણાય છે, તેમનાં શાસ્ત્રોને જોઇએ, તે શાસ્ત્રોમાંથી તે તે દેવોના ગુણોને જોઇએ. તે તે દેવોના સ્વરૂપને જોઇએ, તો પણ જણાય આવે કે, ભગવાન શ્રી જિનેશ્વરદેવો જ સર્વપ્રધાન હોય છે.! ''સાચું દેવતત્ત્વ ભગવાન શ્રી જિનેશ્વર દેવો સિવાય અન્ય કોઇ પણ દેવમાં ઘટી શકતું નથી, ભગવાન શ્રી જિનેશ્વર દેવોમાં જ સાચું દેવતત્ત્વ ઘટી શકે છે માટે તે જ સર્વપ્રધાન છે.''

પરમ પૂજ્ય હરિભદ્રસૂરીશ્વરજી લગભગ વિ.સં.૭૫૭ થી ૮૫૭માં થઇ ગયા. જ્યારે ઉ.યશોવિજયજી ૧૭મી સદીમાં થયા. પૂ.હરિભદ્રસૂરીશ્વરે અનેક ગ્રંથો અને સાહિત્યોની રચના કરી. જેવા કે,

| | | | |
|---|---|---|---|
| (૧) | અનેકાન્તવાદ પ્રવેશ | (૨) | અનેકાન્ત જય પતાકા |
| (૩) | અનુયોગદ્વાર સૂત્ર વૃત્તિ | (૪) | અષ્ટક પ્રકરણો |
| (૫) | આવશ્યક સૂત્ર બૃહદ્દવૃત્તિ | (૬) | ઉપદેશ પદ પ્રકરણ |
| (૭) | દશવૈકાલિક સૂત્ર વૃત્તિ | (૮) | દિઙ્નાગકૃત ન્યાયપ્રવેશ સૂત્રપર વૃત્તિ |
| (૯) | ધર્મબિન્દુ પ્રકરણ | (૧૦) | ધર્મસંગ્રહણી પ્રકરણ |
| (૧૧) | નન્દીસૂત્ર લઘુવૃત્તિ | (૧૨) | પંચાશક પ્રકરણો |
| (૧૩) | પંચવસ્તુ પ્રકરણ ટીકા | (૧૪) | પંચસૂત્ર સટીક |
| (૧૫) | પ્રજ્ઞાપનાસૂત્ર પ્રવેશ વ્યાખ્યા | (૧૬) | યોગદષ્ટિ સમુચ્ચય |
| (૧૭) | યોગબિન્દુ | (૧૮) | લલિત વિસ્તરા |
| (૧૯) | વિંશતિ વિંશતિકા પ્રકરણ | (૨૦) | ષડ્દર્શન સમુચ્ચય |
| (૨૧) | શાસ્ત્રવાર્તા સમુચ્ચય | (૨૨) | સમ્બોધ પ્રકરણ |

(૨૩) સમ્બોધ સપ્તતિકા પ્રકરણ આદિ આવા ૧૪૪૪ ગ્રંથ રચ્યા છે. જે જૈન શાસનનો અણમોલ ખજાનો છે. પૂ.હરિભદ્રસૂરિજીએ (દર્શન વિશુધ્ધિ) 'સમ્યક્ત્વ સપ્તતિ' નામના ગ્રંથની રચના કરી છે. જેમાં ૧૨ અધિકારનું સુંદર વર્ણન કર્યું છે. એ જ ગ્રંથને આદર્શ રૂપે રાખી ઉ.યશોવિજયજીએ 'સમકિતના ૬૭ બોલની સજ્ઝાય'ની રચના કરી છે.

'સમ્યક્ત્વ સપ્તતિ' ગ્રંથમાં પરમપૂજ્ય હરિભદ્રસૂરીશ્વરજી પ્રથમ ગાથામાં મંગલાચરણ રૂપે ચરમ તીર્થંકર શ્રીમહાવીરપ્રભુને નમસ્કાર કરીને દર્શન શુધ્ધિના સ્વરૂપને કહીશ એમ જણાવે છે. તેઓ ગાથામાં વર્ણવે છે,

दंसणसुद्धि पयासं, तित्थयरमपच्छिमं नमंसित्ता।
दंसणसुद्धि सरुवं, कित्तेमि सुयाणुसारेणं ।। १ ।।[1]

અહિંયા 'દર્શનશુધ્ધિ'એટલે જેનાથી સમસ્ત પદાર્થ સમૂહ યથાવત-રૂપે-જે રૂપે છે તે રૂપે જણાય તે દર્શન. અને તેવું સ્વરૂપ યથાર્થપણે કોને હોય તો તીર્થંકર ને. તો એવા તીર્થંકરને નમસ્કાર કરીને 'સમ્યગ્દર્શન'ના સ્વરૂપને કહે છે.

''સુકૃતવલ્લી કાદંબિની, સમરી સરસ્વતી માત,
સમકિત સડસઠ બોલની, કહીશું મધુરી વાત.''[2]

કવિ યશોવિજયજી મંગલાચરણમાં ઉત્તમકાર્ય નિર્વિઘ્નપણે પાર પામે તે માટે સકૃતરૂપી લત્તાને ઉગવા માટે વાદળાની શ્રેણિસમાન સરસ્વતી દેવીનું સ્મરણ કર્યું છે.

આમ બન્ને ગુરુદેવે મંગલાચરણ ઉત્તમ કરીને, 'સમ્યગ્દર્શન'નું જ વર્ણન કર્યું છે.

પૂ.હરિભદ્રસૂરિજીએ 'દર્શનશુધ્ધિ' કહ્યું તો પૂ.યશોવિજયજીએ સ્પષ્ટતા પૂર્વક 'સમકિત ૬૭ બોલ' કહ્યું છે.

दंसणमिह सम्मतं, तं पुण तत्तत्थसद्दहणरुवं।
खइयं खओवसमियं, तहोवसमियं च नायव्वं।। २।।

अवउज्झिय मिच्छत्तो, जिणचेइय साहुपूअणुज्जुत्तो।
आयारमट्ठभेअं, जो पालइ तस्स सम्मत्तं ।। ३।।[3]

પૂ.હરિભદ્રસૂરિજી ગાથા બે અને ત્રણની અંદર સમ્યક્ત્વના ભેદ જણાવે છે. તથા મિથ્યાત્વત્યાગ, જિન, ચૈત્ય, સાધુની પૂજામાં ઉદ્યમવંત, દર્શનાચારના આઠ આચારનું પાલન કરે તેનામાં સમ્યક્ત્વ છે. તેમ સ્પષ્ટતા પૂર્વક વર્ણવે છે.

સમકિતદાયક ગુરુતણો, પચ્ચુવયાર ન થાય
ભવકોડાકોડે કરી, કરતાં સર્વ ઉપાય. ... ૨

દાનાદિક કિરિયા ન દીયે, સમકિત વિણ શિવ-શર્મ,
તે માટે સમકિત વડું, જાણો પ્રવચન મર્મ. ... ૩ ૪

કવિ યશોવિજયજી આજ વિષયને વધુ સરળ ભાષામાં વર્ણવે છે. તેઓ બીજી ગાથામાં સમકિત આપનાર ગુરુને નમસ્કાર કરી, ત્રીજી ગાથામાં કોઈપણ દાન આદિ ક્રિયા સમકિતની ગેરહાજરીમાં મોક્ષ સુખ આપતી નથી તેમ જણાવે છે. અને તેઓ ચોથી ગાથામાં દર્શન મોહનીય કર્મના વિનાશથી જે નિર્મળ ગુણઠાણું પ્રાપ્ત થાય તે નિશ્ચયથી સમકિત કહેવાયું છે. તેના અધિકાર વર્ણવ્યો છે.

આ ઉપરથી એમ કહી શકાય કે, બન્ને એકજ વિષયને વર્ણવે છે. બન્નેમાં વિવિધતા છે. છતાં પણ બન્ને વિષય રસપ્રદ છે. શરૂઆતની ગાથામાં પૂ.હરિભદ્રસૂરિજી, ક્ષાયિક, ક્ષયોપશમિક, ઔપશમિક ભેદને વર્ણવે છે. ત્યારબાદ સમ્યક્ત્વીજીવની ભૂમિકા કેવી હોવી જોઈએ તે જણાવ્યું, તેવી જ રીતે કવિ યશોવિજયજી એ ત્રીજી ગાથામાં સમકિતનું મહત્ત્વ જણાવી જૈન આગમના સારભૂત આ માર્ગને બરાબર જાણવો જોઈએ તેમ વર્ણવ્યું છે. ચોથી ગાથામાં મોહનીય કર્મમાં દર્શન મોહનીયનો જે જીવ નાશ કરે છે. તેને સમકિત કહીને આ અધિકાર દર્શાવ્યો છે. આ રીતે બન્ને ગુરુદેવે સમકિતિ જીવની ભૂમિકા અલંકૃત કરી છે. બન્ને ગુરુદેવે ગાથાના ક્રમ મુજબ જ વિષયની ભૂમિકા વર્ણવી છે. બન્નેમાં મંગલાચરણ, ગુરુનું મહત્ત્વ, સમકિતનું મહત્ત્વ અને જીવની ભૂમિકા આ ક્રમસર જ નિરૂપ્યું છે.

પૂ.હરિભદ્રસૂરીશ્વરજી જણાવે છે કે,

चउसद्दहणातिलिङ्ग दसविणयतिसुद्धिपञ्चगयदोसं।
अट्ठपभावणभूसण लक्खण पञ्चविह संजुत्तं ।। ५।।

छव्विहजयणागारं, छ भावणा भाविज्ज छट्ठाणं ।
इह सत्तसट्ठिलक्खण भेयविसुद्धं च सम्मतं ।। ६।।[५]

ગાથાર્થ:- ૪ શ્રધ્ધા, ત્રણ લિંગ, દશ વિનય, ત્રણ શુધ્ધિ, પાંચ દૂષણ, આઠ પ્રભાવના, પાંચ ભૂષણ, પાંચ લક્ષણ, છ જયણા, છ આગાર, છ ભાવના, છ સ્થાન, આ પ્રમાણે સડસઠ ભેદથી વિશુધ્ધ એવું સમ્યક્ત્વ હોય છે.

ચઉ સદ્દહણા તિ લિંગ છે., દશવિધ વિનય વિચારો રે. ...
ત્રણ શુધ્ધિ પણ દૂષણ, આઠ પ્રભાવક ધારો રે. ... ૫

પ્રભાવક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણીએ,
ષટ્જયણા ષટ્આગાર, ભાવના છવ્વિહ મનઆણીએ.
ષટ્ ઠાણ સમકિત તણાં, સડસઠ ભેદ એહ ઉદાર રે. ...
એહનો તત્ત્વ વિચાર કરતાં, લહીજે ભવપાર રે. ... ૬[૬]

આવું જ નિરૂપણ કવિ યશોવિજયજીએ પહેલી ઢાળમાં ગાથા ૫ અને ૬ માં આલેખ્યું છે. અને કહે છે કે, આ ભેદોના સ્વરૂપ વગેરેનો વિચાર કરતાં કરતાં એવા શુભ આત્મ પરિણામ ઉભા થાય કે સમગ્ર સંસાર તરી જવાય છે.

કવિ યશોવિજયજીએ જરા પણ ક્રમ ફેર ન થાય તે રીતે આ ૬૭ સ્થાનોને વર્ણવ્યા છે. જે રીતે હરિભદ્રસૂરિએ સાતમી ગાથામાં જણાવ્યું કે, પૂર્વ મુનિઓએ કહ્યું છે. તે હું સંક્ષેપથી જીવોને હિતકારી થાય તે રીતે કહીશ. જ્યારે કવિ યશોવિજયજીએ એજ વિષયનું વર્ણન કરતા કહે છે કે, આગમમાં ભાખ્યો છે તે મુજબ જીવે અર્થ પામવો જોઈએ. અર્થાત્ બન્ને ગુરુવર પૂર્વાચાર્યે વર્ણવ્યું છે. તેમ આધાર આપે છે. આ રીતે બન્નેનાં વર્ણનમાં વિવિધતા છતાં મૂળમાં સામ્યતા છે.

## પહેલો અધિકાર

परमत्थ संथवो खलु सुमुणियपरमत्थ जइजणनिसेवा।
वावन्न कुदिट्ठीण य, वज्जणमिह चउहसद्दहणं ।। ८।।

ગાથાર્થ:- 'પરમાર્થ સંસ્તવ, સુદષ્ટ પરમાર્થ એવા ગુરુભગવંતની સેવા, વ્યાપન્ન,

કુદર્શન વર્જન એમ સમ્યક્ત્વની સદ્દહણા ચાર ભેદે છે.[7]

પરમ પૂજ્ય હરિભદ્રસૂરીશ્વરજી ગાથા નં ૮ થી ૧૨માં શ્રધ્ધાના ચાર ભેદોનું વર્ણન કર્યું છે. આના દ્વારા જીવની પ્રાથમિક ભૂમિકા બતાવી છે. જ્યારે કવિ યશોવિજયજી આ જ શ્રધ્ધાના ચાર ભેદનું વર્ણન ગાથા ૭ થી ૧૦માં કર્યું છે. પરંતુ બીજી શ્રધ્ધામાં ઉપમા દ્વારા અલંકૃત કર્યું છે. જેમ કે,

> તેહનો અર્થ વિચાર કરીએ, એ પ્રથમ સદ્દહણા ખરી,
> બીજી સદ્દહણા તેહના જે જાણ મુનિ ગુણ ઝવહરી. ...
> સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુધ્ધ કહે બુધા,
> તેહની સેવા કીજીએ, જીમ પીજીએ સમતા સુધા. ...૮[8]

આ ઉપરાંત ત્રીજી અને ચોથી શ્રધ્ધાના વર્ણન વખતે કવિ ખૂબ સરળ ઉપમા આપીને અન્ય દર્શનીનો ત્યાગ કરવો તે જણાવે છે. આમા કવિ કહે છે કે,

> હીણાતણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે,
> જ્યું જલધિ જલમાં ભળ્યું, ગંગાનીર લુણપણું લહે. ...૧૦[9]

આ રીતે ઉપાધ્યાય યશોવિજયજીએ શ્રધ્ધાના ચાર ભેદોના વર્ણનમાં ખૂબ સુંદર અલંકારો, ઉપમાઓ વર્ણવીને વધુ સરળ બનાવ્યું છે. આમાં તેમની કાવ્યાત્મક શકિતનાં દર્શન થાય છે. આમ બન્ને કવિએ પ્રથમ અધિકાર ખૂબ સુંદર રીતે વર્ણવ્યો છે. કવિ યશોવિજયજીએ કોઇ પણ માળખાનો ફેરફાર કર્યા વગર ઢાળ રૂપે પહેલી ઢાળમાં પ્રથમ અધિકાર વર્ણવ્યો છે.

## બીજો અધિકાર

सम्यक्त्व सप्तति માં,

> परमागमसुस्सूसा, अणुराओ धम्मसाहणे परमो
> जिण् गुरु वेयावच्चे, नियमो सम्मत्त लिंगाइं ।। १३।।

ગાથાર્થઃ- જિનાગમ સાંભળવાની ઇચ્છા, જિનેશ્વરે કહેલા ધર્મ ઉપર પરમ પ્રીતિ, જિનેશ્વર તથા સાધુઓનું વૈયાવૃત્ય આ ત્રણે સમકિતના લિંગ છે.[10]

બીજા અધિકારના વર્ણનમાં બન્ને ગુરુદેવ ત્રણ લિંગનું વર્ણન કર્યું છે. સમ્યક્ત્વ સપ્તતિ ગ્રંથમાં હરિભદ્રસૂરિજીએ ગાથા ૧૩ થી ૧૬માં બીજા અધિકારનું વર્ણન કર્યું છે.

ત્રણ લિંગ સમકિત તણાં રે, પહેલો શ્રુત અભિલાષ,
જેહથી શ્રોતા રસ લહે રે,...જેહવો સાકર-દ્રાખ રે. ...૧૧ [૧૧]

જ્યારે કવિ યશોવિજયજી ઢાળ બીજીમાં ત્રણ લિંગનું વર્ણન દેશીરાગમાં વર્ણવ્યું છે. કવિ શ્રુત અભિલાષ નામના પહેલા લિંગના વર્ણન વખતે કહે છે કે જ્યારે શ્રોતા શ્રુત શ્રવણ કરે ત્યારે સાકર અને દ્રાક્ષ જેવો રસ પામે છે. આમ ઉપમા દ્વારા વધુ સ્પષ્ટ કર્યું છે.

(પહેલું લિંગ 'શ્રુત અભિલાષ'માં બન્ને કવિઓએ એક સરખુ દ્દષ્ટાન્ત આપ્યું છે. જ્યારે બીજું લિંગ 'ધર્મરાગ'માં પણ સમ્યકૃત્વ સપ્તતિમાં જણાવે છે કે,)

कंतारुत्तिन्नदिओ घयपुण्णे भुत्तुमिच्छई छुहिओ।
जह तह सदणुट्ठाणे, अणुराओ धम्मराओत्ति ।। १५।। [१२]

ગાથાર્થઃ- ભુખથી પીડાતો, જંગલ ઉતરીને આવેલો બ્રાહ્મણ જેમ ઘીથી પૂર્ણ ઘેબર ખાવાની ઇચ્છા રાખે છે. તેવી રીતે સદ્દનુષ્ઠાનમાં પરમ પ્રીતિ તે ધર્મરાગ જાણવો. આ જ વિષય કવિ યશોવિજયજી ગાથા નં ૧૩માં જણાવે છે કે,

ભુખ્યો અટવી ઉતર્યો રે, જિમ દ્વિજ ઘેબર ચંગ,
ઇચ્છે તિમ જે ધર્મને રે, તેહિ જ બીજું લિંગ રે. ..પ્રાણી [૧૩]

આમ બન્ને કવિઓમાં પ્રથમ લિંગ શ્રુત અભિલાષમાં એક સરખુ દ્દષ્ટાન્ત તરુણ (યુવાન)નું દ્દષ્ટાન્ત આપ્યું છે.અને બીજા લિંગમાં ભુખ્યા બ્રાહ્મણનું દ્દષ્ટાન્ત આપ્યું છે. કવિ યશોવિજયજીએ, પૂ.હરિભદ્રસૂરિજીએ વર્ણવેલ એક પણ વિષયના ફેરફાર કરતા નથી અને તેને વધુ સરળ બનાવવા પ્રયત્ન કર્યો છે. અને દરેક કડીના અંતે કવિ જણાવે છે કે, હે જીવ! તું સમ્યકૃત્વનો રંગ ધારણ કર કે જેથી તું અભંગ સુખ પામશે.

આમ યશોવિજયજીએ બીજા અધિકારનું વર્ણન બીજી ઢાળમાં પૂર્ણ કર્યું છે.

## ત્રીજો અધિકાર

**પૂ.હરિભદ્રસૂરિજી કહે છે કે,**

अरहंत सिद्ध चेइय सुए य धम्मे य साहुवग्गे य।
आयरिय उवज्झाए पवयणे दंसणे विणओ ।। १७।। [१४]

ગાથાર્થઃ- અરિહંત, સિધ્ધ, ચૈત્ય, શ્રુત, ધર્મ, સાધુવર્ગ, આચાર્ય, ઉપાધ્યાય,

પ્રવચન દર્શનને વિષે વિનય કરવો.

ત્રીજા અધિકારના વર્ણન વખતે પૂ.હરિભદ્રસૂરિજી ગાથા નં.૧૭ થી ૨૪માં દસ સ્થાનનો વિનય કરવાનું જણાવે છે. એ દસમાં અરિહંત, સિધ્ધ, ચૈત્ય, શ્રુત, ધંર્મ, સાધુ વર્ગ, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવચન, દર્શનનો ઉલ્લેખ કરે છે. એ દસ સ્થાનનો પાંચ પ્રકારે વિનય કરવો તે ગાથા નં. ૨૧ થી ૨૪માં આલેખ્યું છે.

પાંચ પ્રકારના વિનય વિશે વર્ણવે છે કે,

भत्ती बहुमाणो वन्नजणण नासणमवण्णवायस्स।
आसायण परिहारो, विणओ संखेवओ एसो ।। २१।। [१५]

ગાથાર્થઃ- ભક્તિ, બહુમાન, ગુણસ્તુતિ, અવર્ણવાદનો ત્યાગ, આશાતનાનો પરિહાર આ પાંચ પ્રકારે સંક્ષેપથી વિનય જાણવો.

કવિ યશોવિજયજી ઢાળ-૩માં ગાથા ૧૫ થી લઇને ૧૯ સુધીમાં આજ દસ વિનયના સ્થાન અને તેની પાંચ પ્રકારે (ભક્તિ) વિનય કરવાની રીત ઉલ્લેખી છે. વધુમાં કવિ એટલું સરસ રીતે છેલ્લી પંક્તિમાં જણાવે છે કે,

પાંચ ભેદે એ દશ તણોજી, વિનય કરે અનુકૂળ,
સિંચે તેહ સુધારસેજી, ધર્મવૃક્ષનું મૂળ...ચતુર. ...૧૯ [૧૬]

અર્થાત, આ પાંચ ભેદે ઉપરોક્ત દશનો અનુકૂળ વિનય જે કરે છે તે ધર્મવૃક્ષના મૂળને અમૃત રસથી સિંચે છે.

કવિ 'ધર્મરૂપી વૃક્ષને વિનયરૂપી અમૃતરસ' જેવી ઉપમા દ્વારા અલંકૃત કરીને અંદર વધુ રસપ્રદ બનાવે છે. આમાં તેમની કાવ્યાત્મક શૈલીના દર્શન થાય છે.

## ચોથો અધિકાર

मणवायाकायाणं सुद्धी संमत्त सोहिणी तत्थ।
मणसुद्धी जिणजिणमय वज्जमसारं मुणइ लोयं।। २५।।

तित्थंकर चलणाराहणेण जं मज्झ सिज्झइ न कज्जं ।
पत्थेमि तत्थ नन्नं देवविसेसेहिं वय सुद्धि ।। २६।।

छिज्जंतो भिज्जंतो पीलिज्जंतो य दज्झमाणोऽवि ।
जिणवज्जदेवयाणं, न नमइ जो तस्स तणुसुद्धी ।। २७।। [१७]

ગાથાર્થ:- મન, વચન, કાયાની શુધ્ધિ સમ્યક્ત્વને નિર્મલ કરે છે. તેમાં જિનેશ્વર અને જિનમતને છોડીને સર્વ લોકને અસાર માને તે મનશુધ્ધિ જાણવી. ... ૨૫

તીર્થંકર ભગવંતના ચરણ કમલની આરાધના વડે જે મારું કાર્ય સિધ્ધ થતું નથી, તે કાર્ય માટે અન્ય દેવની પ્રાર્થના પણ ન કરું તે વચનશુધ્ધિ જાણવી... ૨૬

છેદન, ભેદન, પીલણ, દહનને પામવા છતાં પણ જે મનુષ્ય શ્રી જિનેશ્વરદેવ વિના બીજા દેવને ન નમે, તેને કાયશુધ્ધિ હોય છે...૨૭

ચોથો અધિકાર સમજાવતા પરમ પૂજ્ય હરિભદ્રસૂરીશ્વરજી મન, વચન, કાયાની શુધ્ધિનું નિરૂપણ કરે છે.

ત્રણ શુધ્ધિ સમકિત તણી રે, તિહાં પહેલી મન શુધ્ધિ રે...
શ્રી જિનને જિનમત વિના રે, જૂઠ સકળ એ બુધ્ધિ રે...
ચતુર વિચારો ચિત્તમાં રે... ૨૦[૧૮]

પૂ.ઉપાધ્યાય યશોવિજયજી ચોથી ઢાળમાં આજ વિષયને વર્ણવ્યો છે. સાથે જીવને ઉદ્દેશી કહે છે કે હે ચતુર! તમે ચિત્તમાં આ વિચારો. કવિએ 'સમ્યક્ત્વ સપ્તતિ'ના ક્રમને જરા પણ ફેરવ્યો નથી, વિષય બદલ્યો નથી, છતાં રજુઆત થોડા શબ્દોમાં ખુબ સુંદર રીતે કરી છે.

## પાંચમો અધિકાર

दूसिज्जइ जेहि इमं, ते दोसा पंच वज्जणीज्जाउ।
संका कंख विगिच्छा, परतित्थि संससंथवणं ।। २८।।

ગાથાર્થ:- જેના વડે સમ્યક્ત્વ દૂષિત થાય છે. તે શંકા, કાંક્ષા, વિચિકિત્સા, અન્ય તીર્થિક પ્રશંસા અને પરતીર્થિક સંસ્તવ આ પાંચ દોષ વર્જવા જોઈએ.[૧૯]

પૂ.હરિભદ્રસૂરીશ્વરજી પાંચમા અધિકારમાં પાંચ દૂષણોના નામ ખૂબ ટૂંકમાં સમજાવ્યું છે. જ્યારે તે જ દુષણોને કવિ યશોવિજયજીએ થોડું સ્પષ્ટતાપૂર્વક વર્ણવ્યું છે. પહેલું દુષણ શંકા તે કરવી નહિ, કે જૈનમત રાજા અને રંક બધાને સમાન ગણે છે.

કંખા કુમતની વાંછના, બીજું દુષણ તજીએ,
પામી સુરતરુ પરગડો, કિમ બાઉલ ભજીએ. સમ...૨૩[૨૦]

બીજું દુષણ છે આકાંક્ષા તેમાં અન્ય મતની ઈચ્છા રાખવી નહિ કારણ કે કલ્પવૃક્ષ સમાન જૈનધર્મ છોડી કોણ બાવળ સમાન અન્ય મતને ભજે-સ્વીકારે? આ રીતે દષ્ટાન્ત આપી સરખામણી દ્વારા જૈન ધર્મને ઉત્તમ વર્ણવ્યો છે. અંતે કવિ એવું

પણ લખે છે કે,

ઈમ શુભમતિ અરવિંદની, ભલી વાસના લીજે...અર્થાત,

શુભમતિ-નિર્મળ બુધ્ધિરૂપ અરવિંદ-કમળની વાસના-સુવાસ લો.[૨૧]

આમ પાંચમી ઢાળમાં પાંચમો અધિકાર વર્ણવી સજ્ઝાયને પણ ખુબ સુંદર રીતે રચી છે જે ગેયતા વખતે વિષય સ્પષ્ટતા વધુ રહે છે.

## છઠ્ઠો અધિકાર

**પૂ.હરિભદ્રસૂરિજી પ્રભાવક વિશે વર્ણવે છે કે,**

पावयणी धम्मकही वाई नेमित्तिओ तवस्सी य

विज्जा सिध्धे य कवी, अट्ठैव पभावगा भणिया ।। ३२।।

ગાથાર્થઃ- પ્રવચન પ્રભાવક, ધર્મકથક, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યા-પ્રભાવક, સિધ્ધપ્રભાવક, કવિપ્રભાવક એમ આઠ પ્રકારે પ્રભાવક કહેલા છે.[૨૨]

છઠ્ઠો અધિકાર પ્રભાવક સંબધી છે. જે પૂ.હરિભદ્રસૂરિજીએ ગાથા ૩૧ થી ૩૯માં આલેખ્યું છે.

જેમાં આઠ પ્રભાવક.

(૧) પ્રવચન પ્રભાવક (૨) ધર્મકથક (૩) વાદી (૪) નૈમિત્તિક (૫) તપસ્વી (૬) વિદ્યાપ્રભાવક (૭) સિધ્ધ (૮) કવિનું વર્ણન છે. તથા જિનશાસનની પ્રભાવના કરનાર સર્વે પ્રભાવક, અતિશય લબ્ધિવાળા, ધર્મકથક, વાદી, આચાર્ય, તપસ્વી, નૈમિત્તિક, વિદ્યાવંત, રાજગણ સંમત આ પણ પ્રભાવક તરીકે કહ્યા છે. છેલ્લી ૩૯મી ગાથામાં જિનેશ્વર ભગવંત સંબંધી, ગુરુ ભગવંત સંબંધી લોકોના મનને આનંદ પમાડનારી એવી યાત્રા-પૂજાદિ કરણી શુધ્ધિ ભાવથી કરવાથી જિન શાસનની પ્રભાવના થાય તે સર્વે પ્રભાવકમાં ગણ્યા છે.

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યાં, પાવયણિ ધુરિજાણ...

વર્તમાન શ્રુતના જે અર્થનો, પાર લહે ગુણ ખાણ...

ધન ધન શાસન મંડન મુનિવરા...૨૮ [૨૩]

કવિ યશોવિજયજી છઠ્ઠી ઢાળમાં આઠ પ્રભાવકનું જ વર્ણન કર્યું છે. પરંતુ તેમાં કવિએ પ્રભાવકના નામ પણ આપ્યા છે. જેમકે ધર્મકથીમાં નંદિષેણમુનિ, વાદીપ્રભાવકમાં મલ્લવાદીસૂરિ, નૈમિત્તકમાં ભદ્રબાહુસ્વામી, વિદ્યા-મંત્રથી બળવાન

પ્રભાવક વજસ્વામી, શાંત સુધારસથી ભરેલા, મધુરા, અર્થભરેલા કાવ્યો રચી શ્રી સિધ્ધસેન દિવાકરસૂરિ આ રીતે વિવિધ પ્રભાવકના નામનો ઉલ્લેખ કર્યો છે.

આમ પૂ.હરિભદ્રસૂરિજીએ આઠ પ્રભાવક વર્ણવ્યા છે. તેને કવિ યશોવિજયજીએ તેજ રૂપે વર્ણવ્યા છે. તેમાં દૃષ્ટાન્તોનો વધારો કરીને ભૂતકાળમાં થઈ ગયેલ ઉત્તમ ગુરુભગવંતો, વિશિષ્ટ કોટિના સાધકોનો ઉલ્લેખ કર્યો છે. કે જેમણે જૈનશાસનની પ્રભાવના કરી છે.

## સાતમો અધિકાર

'સમ્યકૃત્વ સપ્તતિ'માં પૂ.હરિભદ્રસૂરિ ૪૦, ૪૧, ૪૨મી ગાથામાં આખો સાતમો અધિકાર વર્ણવ્યો છે. જેમાં સમકિતના પાંચ ભૂષણ વર્ણવ્યા છે. 'સમ્યકૃત્વ સપ્તતિ'માં જણાવે છે કે,

**સમ્યક્ત્વના ભૂષણોઃ-**

सम्मत्त भूसणाइ, कोस' तित्थसेवणं भत्ती,
थिरया पभावणाविय भावत्थं तेसि वुच्छामि ।। ४०।।

ગાથાર્થઃ- જિનશાસનમાં કુશળતા, પ્રભાવના, તીર્થસેવા, ભક્તિ અને સ્થિરતા આ પાંચે સમ્યકૃત્વને દેદીપ્યમાન કરનારા ગુણો છે. તેઓના ભાવાર્થને હું કહીશ.[૨૪]

ઉપાધ્યાય યશોવિજયજીએ પણ ઢાળ સાતમીમાં ગાંથાનં.૩૬ થી ૪૦માં પાંચ ભૂષણનું વર્ણન કર્યું છે. તેમાં કવિએ એટલું સુંદર રીતે વર્ણવ્યું છે કે,

સોહે સમકિત જેહથી સખી, જિમ આભરણે દેહ,
ભૂષણ પાંચ તે મન વસ્યાં, સખી મનવસ્યાં તેહમાં નહિ સંદેહ...
મુજ સમકિત રંગ અચલ હોજો રે...

અર્થાતઃ હે સખી, જેમ આભૂષણથી શરીર શોભે છે. તેમ જેનાથી સમ્યકૃત્વ શોભે છે. એવા પાંચ ભૂષણ મારા મનમાં વસ્યા છે. એમાં કોઈ સંદેહ નથી. મારો સમ્યકૃત્વ રંગ અચળ હોજો!

આમ કવિએ 'સમ્યકૃત્વ'નો રંગ અચળ રહે તે માટે સામાન્ય જનને પણ ખબર પડે તેમ સખી, આભુષણ વગેરે ઉપમા આપી સમ્યકૃત્વના ભૂષણનું નિરૂપણ કર્યું છે. જેના દ્વારા આત્મા માટેની, સમ્યકૃત્વ માટેની જાગૃતિ આવે.

અહીં આત્મા પોતાની સખી સમાન સદ્બુધ્ધિને જાણે કહે છે કે, સખી! મારા સમ્યકૃત્વરૂપી શરીરને શોભાવે એવા અત્યંત મૂલ્યવાન પાંચ (દાગીના) ભૂષણ મને

ખૂબ જ ગમ્યા છે. એમાં તારે કોઈ સંદેહ રાખવાની જરૂર નથી.

સજ્ઝાયના રૂપમાં કવિએ એટલું સુંદર તત્ત્વ પીરસ્યું છે. જે હૃદયના ભાવને આનંદિત કરી દે છે.

## આઠમો અધિકાર

'સમ્યક્ત્વ સપ્તતિ' ગ્રંથમાં પૂજ્ય હરિભદ્રસૂરિજી સમકિતના પાંચ લક્ષણો વર્ણવે છે. જેનો અધિકાર આઠમાં સમાવેશ થાય છે. પૂ.હરિભદ્રસૂરિ સમકિતનાં પાંચ લક્ષણને સૌ પહેલા એક જ ગાથામાં જણાવે છે. પછી બીજી ગાથામાં અલગ-અલગ એક-એક લક્ષણ ને જણાવે છે.

ગાથા નં ૪૩ જે આ પ્રમાણે છે.,

लक्खिज्ज सम्मतं, हिययगयं जेहि ताइं पंचेव ।
उवसम संवेगो तह निव्वयेणुकंपे अत्थियं ।। ४३।। [२५]

ગાથાર્થઃ- જેના વડે હૃદયગત સમ્યક્ત્વ જાણી શકાય તે લક્ષણ કહેવાય છે. તે સમ્યક્ત્વના ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એમ પાંચ લક્ષણો છે.

લક્ષણ પાંચ કહ્યાં સમકિત તણાં, ધુર ઉપશમ અનુકુળ સુગુણ નર,
અપરાધીશું પણ નવિ ચિત્ત થકી, ચિંતવીએ પ્રતિકુળ..સુગુણ નર
શ્રી જિનભાષિત વચન વિચારીએ... [૪૧]

જે જિન ભાખ્યું તે નહિ અન્યથા, એહવો જે દઢ રંગ...સુગુણ...
તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો એ ભંગ...સુગુણ...૪૫ [૨૬]

ઉપાધ્યાય યશોવિજયજી સમકિતના લક્ષણનું વર્ણન આઠમી ઢાળમાં કરે છે. તેઓ દરેક ગાથાએ એક-એક લક્ષણ જણાવે છે. ઢાળ આઠમીની ગાથા-૪૧ થી ૪૫માં દરેક ગાથાએ ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય આદિ પાંચ લક્ષણોનું ક્રમસર આલેખન છે.

ઉપાધ્યાય યશોવિજયજીએ અધિકારનો ક્રમ અને બોલના ક્રમમાં કંઈ ફેરફાર કર્યો નથી. બન્નેમાં સામ્યતા છે.

## નવમો અધિકાર

ઉપાધ્યાય યશોવિજયજી એ નવમી ઢાળમાં છ પ્રકારની જયણાનું વર્ણન કર્યું છે.

પરતીરથી પરના સુર, તેણે ચૈત્ય ગ્રહ્યા વળી જેહ,
વંદન પ્રમુખ તિહાં નવિ કરવું, તે જયણા ષટ્ ભેદ રે...
ભવિકા સમકિત યતના કીજે ...[૪૬]

વંદન તે કરયોજન કહિએ, નમન તે શિષ નમાવે,
દાન ઈષ્ટ અન્નાદિક દેવું, ગૌરવ ભક્તિ દેખાવે રે...૪૭[૨૭]

તેમાં અન્ય તીર્થી, અન્યના દેવ, તેઓએ ગ્રહણ કરેલ ચૈત્ય વગેરેને વંદન-નમન-દાન-અનુપ્રદાન-આલાપ-સંલાપ ન કરે. એટલે કે છ પ્રકારની જયણાનું પાલન કરે. આ જ બોલને પૂ.હરિભદ્રસૂરીશ્વરજીએ અલગ રીતે વર્ણવ્યા છે.

परतित्थयाण तदेवयाण तग्गहिय चेइयाणं च।
छव्विहवावारं न कुणइ सा छव्विहा जयणा ।। ४६।।

ગાથાર્થ:-અન્ય તીર્થિકોને, અન્ય તીર્થિક દેવોને, તેમણે ગ્રહણ કરેલી પ્રતિમાને જે છ પ્રકારનો વ્યવહાર કરતો નથી તે જ છ પ્રકારની જયણા જાણવી.

वंदणनमंसणं वा दाणाणुपयाणमेसि वज्जेई ।
आलावं संलावं पुव्वमणालत्तगो न करे ।। ४७।।

ગાથાર્થ:- પૂર્વે કહેલા ત્રણે મિથ્યાદષ્ટિઓ સાથે વંદન-નમન-દાન-અનુપ્રદાનનો ત્યાગ કરે તથા તેઓએ પહેલા બોલાવ્યા વગર તેઓની સાથે આલાપ-સંલાપ ન કરે.[૨૮]

તેઓએ ગાથા નં.૪૬ તથા ૪૭માં છ જયણાનું વર્ણન તો કર્યું છે. અને ગાથા ૪૮માં વંદન કોને કહેવાય તથા નમન કોને કહેવાય તે, આમ પહેલી બે જયણાનો ઉલ્લેખ છે.

ગાથા-૪૯માં ત્રીજી અને ચોથી જયણા એટલે કે દાન-અનુદાનને વિસ્તારથી આલેખ્યું છે. જ્યારે ગાથા-૫૦માં પાંચમી-છઠ્ઠી જયણા આલાપ અને સંલાપનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. આ રીતે છ જયણાનું વર્ણન બન્નેમાં રચનાકારે અલગ-અલગ રીતે કંડાર્યું છે. બન્ને વિષયમાં હાર્દ એક જ છે કે 'સમ્યક્ત્વ'ને સાચવવા માટે મિથ્યાદષ્ટિ જીવોથી દુર રહેવું, તેને મલિન કરે તેવો વ્યવહાર ન કરવો. તેની જયણા રાખવી, નહિ તો અમૂલ્ય 'સમ્યગ્ દર્શન' સચવાશે નહિ. જીવની ઉત્તમ ભૂમિકા બનાવવા તથા બની હોય તો તેને ટકાવવા માટેનો સફળ પ્રયોગ છે.

# દસમો અધિકાર

દસમા અધિકારમાં બન્ને રચનાકાર છ પ્રકારના આગાર વર્ણન કરે છે. તે છ આ મુજબ છે.

(૧) રાજાભિયોગ (૨) ગણાભિયોગ (૩) બલાભિયોગ (૪) દેવાભિયોગ (૫) ગુરુ નિગ્રહ (૬) કાંતાર વૃત્તિ.

જેમાં પૂ.હરિભદ્રસૂરીશ્વરજી ગાથા ૫૨ અને ૫૩માં છ આગારનું વિસ્તૃત વર્ણન કરે છે કે જેમાં રાજાભિયોગ આદિ કોને કહેવાય.

राया पुराइसामी, जणसमुदाओ गणो बलं बलिणो ।
कारंति वंदणाई कस्सवि एए तह सुरावि ।। ५२।। [२९]

ગાથાર્થઃ-નગર આદિનો સ્વામી તે રાજા, લોકોનો સમુહ્ તે ગણ, બળવાન એવી કોઈપણ વ્યક્તિ તે બળ. તથા દેવ-દેવીઓ... આ ચારે કોઈપણ સમકિતિ જીવને વંદનાદિ કરાવે તે અનુક્રમે રાજાભિયોગ, ગણાભિયોગ, બલાભિયોગ, દેવાભિયોગ કહેવાય છે.

गुरुणो कुदिट्ठिभत्ता, जणगाई मिच्छदिट्ठिणो जे उ ।
कंतरो ओमाई, सीयणमीह वित्तिकंतारं ।। ५३।। [३०]

ગાથાર્થઃ- કુદષ્ટિના ભક્ત તથા મિથ્યાદષ્ટિ એવા માતા-પિતાદિ ગુરુજનના દબાણથી અન્ય દેવાદિને નમન કરવું પડે તો તે ગુરુ અભિયોગ કહેવાય છે. ભયંકર જંગલમાં ફસાઈ પડેલા તથા ત્યા ક્ષુધાદિને સહન કરતા એવા સમકિતિને કોઈક મિથ્યાદષ્ટિ ભોજન આદિનું દાન આપીને, દબાણથી અન્ય દેવને વંદન નમસ્કાર કરાવે તો તે વૃત્તિકાંતાર અભિયોગ કહેવાય છે.

આમ પૂ.હરિભદ્રસૂરીશ્વરજીએ છ આગારનું વર્ણન કર્યું છે જ્યારે ઉપાધ્યાય યશોવિજયજીએ ઢાળ દસમીમાં સજ્જન અને દુર્જનનું આલેખન કરતા કહે છે કે,

સજ્જન તો હાથીના દાંતની જેમ બોલ-વચન-પ્રતિજ્ઞા માને છે. તેથી જેવું બોલે તેવું પાળે છે. દુર્જનના વચન કાચબાની કોટિના હોય છે.

ગાથા ૫૩માં કાર્તિક શેઠનું ઉદાહરણ આપી મિથ્યાત્વ યોગ કહ્યો છે. બન્ને રચનાકાર ખૂબ સરળ શબ્દોમાં અપવાદનું સેવન ન કરવું છતાં કદાચ કરવું પડે તો 'સમ્યકૃત્વ' મલિન થતું નથી. આમ આત્માએ હંમેશા સજાગ રહીને અણમોલ એવું 'સમ્યગ્ દર્શન' સાચવવું.

## અગ્યારમો અધિકાર

અગ્યારમા અધિકારમાં બન્ને વિદ્વાનો એ છ ભાવનાને ખુબ વિસ્તારપૂર્વક વર્ણવી છે. કવિ યશોવિજયજીએ ઢાળ-૧૧મી માં ગાથા.૫૬, ૫૮, ૬૦ને મલ્હાર રાગમાં તો ગાથા.૫૭,૬૧ને હરિગીત છંદમાં રચી છે. તે ગાથાઓમાં તેમણે સમકિત એ (૧) ધર્મનું મૂળ (૨) ધર્મનું દ્વાર (૩) ધર્મનો પાયો (૪) ધર્મની તિજોરી (૫) ધર્મનો આધાર (૬) ધર્મનું ભાજન-પાત્ર છે.

આ ભાવના ભાવતા છેલ્લી કડીઓમાં કવિ કહે છે કે,

ઈમ ભાવતા પરમારથ જલનિધિ, હોય નિત્ય ઝકઝોલ એ,
ઘન પવન પુણ્ય પ્રમાણ, પ્રગટે ચિદાનંદ કલ્લોલ એ...૬૧ [૩૧]

ગાથાર્થઃ- એમ ભાવના કરતાં પરમાર્થ સાગર હંમેશા ઝકઝોળ-ભર્યા ભર્યા રહે છે. ગાઢ પવન સમાન પુણ્ય પ્રમાણભૂત થાય છે. ને ચિદાનંદ કલ્લોલ પ્રગટે છે. અહિંયા પરમાર્થ એટલે આત્મહિત. આ ભાવનાઓથી પુષ્ટ થયેલા સમ્યક્ત્વના પ્રભાવે સ્વ-પરહિત સાધક કાર્યો ભરપુર થાય છે. કેમકે સાચો સમકિતી જ વાસ્તવિક સ્વ-પરહિત શું છે એ સમજી શકે છે. ને વર્તમાનમાં મળેલી સામગ્રી વાપરવી એજ એ સામગ્રીનું ઉત્કૃષ્ટ ફળ છે. અહિંયા ગાઢ પવન પુણ્ય એટલે પુણ્યાનુબંધી પુણ્ય-વિશુધ્ધ પુણ્ય. પુણ્યથી ઉત્તરોત્તર વિશિષ્ટ સામગ્રીઓ મળવાથી ને એના આધારે મોહનીય કર્મનો ક્ષય-ક્ષયોપશમ થવાથી આત્માનું ચિદાનંદ-સ્વરૂપ પ્રગટે છે.

આમ ભાવનાઓથી પુષ્ટ થયેલા સમ્યક્ત્વથી પરમાર્થની પરંપરા ઊભી થાય છે. એક બાજુ, તે વિશુધ્ધ પુણ્ય પ્રગટે છે. બીજી બાજુ આ બંનેના કારણે પછી જીવને વારંવાર ચિદાનંદની અનુભૂતિઓ અનુભવવા મળે છે.

આજ વિષયને પૂ.હરિભદ્રસૂરીશ્વરજી 'સમ્યક્ત્વ સપ્તતિ'માં ચાર ગાથામાં વિસ્તૃત રીતે વર્ણવે છે. જેમાં એક ગાથામાં બધી ભાવના વર્ણવે છે. ત્યાર પછી અન્ય ગાથાઓમાં વિસ્તારથી જણાવે છે.

भाविज्ज मूलभूयं दुवारभूयं पइट्ठनिहिभूयं ।
आहार भायणमिमं सम्मतं चरण धम्मस्स् ।। ५५।। [३२]

ગાથાર્થઃ-ચારિત્ર ધર્મના મૂળ, દ્વાર, પ્રતિષ્ઠાન, નિધિ, આધાર અને ભાજન રૂપ એવા સમ્યક્ત્વને ભાવો.

देह लहु मुक्खफलं, दंसणमूले दढंमि धम्मदुमे ।
मुत्तुं दंसणदारं न पवेसो धम्मनयरम्मि ।। ५६।।

नंदइ वयपासाओ दंसण पीढंमि सुप्पइट्ठंमि ।
मूलुत्तरगुणरयणाण दंसणं अक्खय निहाणं ।। ५७।।

समत्त महाधरणी आहारो चरण जीव लोगस्स ।
सूयसील मणुन्नरसो दंसणवर भायणे धरइ ।। ५८।। [33]

ઉપરોક્ત ચાર ગાથામાં ૬ પ્રકારની ભાવનાઓ વિસ્તારથી સમજાવી છે. કવિ યશોવિજયજીએ પૂ.હરિભદ્રસૂરિએ જે ભાવના વર્ણવી છે તે જ ભાવનાને તે જ રીતે પણ જુદી શૈલીથી વર્ણવી છે. બન્ને વિષયમાં સામ્યતા છતાં વિવિધતાએ કવિની અનુપમ કાવ્યાત્મ શક્તિ, તાત્ત્વિકતાનાં દર્શન થાય છે. કવિએ ક્રમસર બધા જ બોલને વિભાગ પાડીને અલગ અલગ ઢાળમાં વર્ણવ્યા છે.

## બારમો અધિકાર

બારમો અધિકાર એટલે છેલ્લા અધિકારમાં પૂ.હરિભદ્રસૂરિજી છ સ્થાનનું વર્ણન કરતાં લખે છે કે,

अत्थिजिओ तह निच्चो कत्ता भुत्ता य पुण्णपावाणं ।
अत्थि धुयं निव्वाणं तस्सोवाओ य छट्ठाणा ।। ५९।। [34]

ગાથાર્થઃ- આત્મા છે. તથા તે નિત્ય છે. તે કર્મોનો કર્તા છે. અને પુણ્ય-પાપનો ભોક્તા છે. નિશ્ચે મોક્ષ છે. તથા મોક્ષના ઉપાયો પણ છે. આ સમકિતના છ સ્થાનો છે. અત્ર હરિભદ્રસૂરિજીએ સૌ પ્રથમ એક જ ગાથામાં છ સ્થાન જણાવી દીધા જ્યારે કવિ યશોવિજયજી એક-એક ગાથામાં એક-એક સ્થાન જણાવે છે.

**પૂ.હરિભદ્રસૂરિજી પ્રથમ સ્થાનનું વર્ણન કરતા લખે છે કે,**

आया अणुभवसिध्धो, गम्मइ तह चित्त चेयाणाईहिं ।
जीवो अत्थि अवस्सं पच्चक्खो नाणदिट्ठीणं ।। ६०।। [35]

ગાથાર્થઃ- જ્ઞાનરૂપી નેત્રવાળાઓને આત્મા અવશ્ય પ્રત્યક્ષ છે. તેમજ તે આત્મા, જ્ઞાન-ચેતના-સુખ-દુઃખાદિથી અનુભવ સિધ્ધ જણાય છે. આ જ સ્થાનને જણાવતાં કવિ યશોવિજયજી લખે છે કે,

ઠરે જિહાં સમકિત તે થાનક, તેહના ષટ્‌વિધ કહીયે રે...
તિહાં પહેલું થાનક છે, ચેતન, લક્ષણ આતમ લહિયે રે...
ખીર નીર પરે પુદ્‌ગલ મિશ્રિત, પણ એહથી અળગો રે...
અનુભવ હંસચંચુ જો લાગે, તો નવિ દીસે વળગો રે...૬૨ [૩૬]

અર્થાત:- જેમાં સમકિત કરે તે સ્થાનક છે. તેના છ પ્રકાર કહ્યા છે. તેમાં પ્રથમ સ્થાનક છે, ચૈતન્ય લક્ષણવાળો આત્મા છે તેમ લેવું. દૂધ અને પાણીની જેમ એ પુદ્‌ગલથી મિશ્રિત થયો છે. પણ હકીકતમાં એ પુદ્‌ગલથી ભિન્ન છે. હંસની ચાંચ જેવો અનુભવ જો પ્રાપ્ત થાય તો કદી પણ એ પુદ્‌ગલને વળગેલો દેખાતો નથી.

અત્ર કવિ યશોવિજયજીએ આત્માના અનુભવને હંસની ચાંચ જેવી ઉપમા આપીને સુંદર નિરૂપણ કર્યું છે.

**બીજા સ્થાનને વિશે પૂ.હરિભદ્રસૂરિજી લખે છે કે,**

दव्वट्ठयाइ निच्चो उप्पायविणा सवज्जिओ जेणं ।
पुव्व कयाणु सरणओ पज्जाया तस्स उ अणिच्चा ।। ६१ ।। [३७]

ગાથાર્થ:- દ્રવ્યની અપેક્ષાએ ઉત્પત્તિ-નાશથી રહિત એવો નિત્ય આત્મા છે. પૂર્વે કરેલા કાર્યોના સ્મરણની જેમ તેના પર્યાયો અનિત્ય છે. અહીં પૂ.હરિભદ્રસૂરિજી ટૂંકમાં જ આત્મા નિત્ય છે. તે સંમજાવ્યું છે. જ્યારે કવિ યશોવિજયજી એ દૃષ્ટાન્ત દ્વારા આત્માની નિત્યતા સમજાવવા પ્રયત્ન કર્યો છે.

તેઓ વર્ણવે છે કે,

બીજું થાનક નિત્ય આતમા, જે અનુભવ સંભારે રે...
બાલકને સ્તનપાન વાસના, પૂરવ ભવ અનુસારે રે...
દેવ મનુજ નારકાદિક, તેહના છે અનિત્ય પર્યાયો રે...
દ્રવ્યથકી અવિચલિત અખંડિત નિજ ગુણ આતમ રાયા રે...૬૩ [૩૮]

અર્થાત:- બીજું સ્થાનક છે. આત્મા નિત્ય છે, જે પૂર્વનું સંભારે છે. બાળકને જે સ્તન-પાનની વાસના-ઇચ્છા થાય છે. તે પૂર્વભવના અનુસારે છે. આ નિત્ય આત્માના જ દેવ-મનુષ્ય-નરક વગેરે અનિત્ય પર્યાયો છે. દ્રવ્યથી તો એ અવિચલિત અને અખંડિત નિજ ગુણવાળો આત્મા રાજા છે.

અહીં કવિએ બાળકના પૂર્વના સંસ્કાર તથા અલગ-અલગ ગતિમાં પર્યાયોની અનિત્યતા હોવા છતાં દ્રવ્યથી તે નિત્ય જ છે. એમ સ્પષ્ટતાપૂર્વક સરળ રીતે વર્ણવ્યું છે.

**ત્રીજા સ્થાનને વિશે પૂ.હરિભદ્રસૂરિજી વર્ણવે છે કે,**

कत्ता सुहासुहाणं कम्माण कसायजोयमाईहिं ।
मिउदंड चक्क चीवरसामग्गिवसाम कुलालुव्व ।। ६२।। [३९]

ગાથાર્થ:- જેમ કુંભાર માટી-દંડ-ચક્ર, ચીવર વગેરે સામગ્રીથી ઘડાનો કર્તા છે. તેમ જીવ કષાય-યોગાદિ બંધના હેતુઓ વડે શુભ-અશુભ કર્મોનો કર્તા છે.

જ્યારે ઉપાધ્યાય યશોવિજયજી ગાથા-૬૪માં જણાવે છે કે, ચેતન આત્મા કર્મના સંયોગથી કર્તા છે. જેમ કે જગતમાં કુંભાર દંડ વગેરેના સંયોગથી કુંભ-ઘડાનો કર્તા છે. અનુપચરિત વ્યવહાર નયથી એ કર્મરૂપ દ્રવ્યનો અને ઉપચાર ઉપચરિત વ્યવહારથી એ નગર વગેરેનો કર્તા છે.

**ચોથા સ્થાનમાં પૂ.હરિભદ્રસૂરિજી શ્લોકમાં આલેખે છે કે,**

भुंजइ सयंकयाइ परकयंभोगे अइप्पसंगो उ ।
अकयस्स नत्थि भोगो अन्नह मुक्खेऽवि सो हुज्जा ।। ६३।। [४०]

ગાથાર્થ:- પોતે કરેલા કર્મોને જીવ પોતે જ ભોગવે છે. બીજા જો તેને ભોગવે તો અતિપ્રસંગ પ્રાપ્ત થાય. વળી નહિ કરેલા કર્મોનો ભોગ કદાપિ થતો નથી. જો એમ બને તો મોક્ષમાં પણ તે સંભવે.

કવિ કહે છે કે, જીવ પોતે કરેલા પુણ્ય-પાપના ફળનો ભોક્તા છે. આ વ્યવહારનયથી છે. નિશ્ચયનયથી તો એ પોતાના ગુણોનો જ ભોક્તા છે. પાંચમું સ્થાનઃ તથા છઠ્ઠા સ્થાન વિશે પૂ.હરિભદ્રસૂરિજી વર્ણવે છે કે,

निव्वाणमक्खयपयं निरुवमसुहं संगयं सिवं अरुयं ।
जियरागदोसमोहेहिं भासियं ता धुवं अत्थि ।। ६४।। [४१]

ગાથાર્થ:- રાગ, દ્વેષ-મોહને જીતનારા, જિનેશ્વર ભગવંતોએ નિરૂપમ સુખથી યુક્ત કલ્યાણકારી, અરુજ, અક્ષય એવું નિર્વાણપદ કહેલું છે. અને તે નિશ્ચયે છે.

सम्मत नाण चरणा संपुन्नो मोक्खसाहणोवाओ ।
ता इह जुत्तो जत्तो ससत्तिओ नायतत्ताणं ।। ६५।। [४२]

ગાથાર્થ:- સમ્યકૃત્વ-જ્ઞાન-ચારિત્ર સંપૂર્ણ પ્રાપ્ત કરવા તે જ મોક્ષ સાધવાનો ઉપાય છે. તે ઉપાય આ નરભવને વિષે જ સાધવા યોગ્ય છે. કારણ કે તત્ત્વના જાણ પુરુષો સ્વશક્તિ વડે અહીં જ તેને મેળવે છે.

અહિયા કવિ પાંચમા અને છઠ્ઠા સ્થાન વિશે નિરૂપે છે કે,

પાંચમું થાનક એ છે પરમપદ, અમલ અનંત સુખવાસો રે,
આધિ વ્યાધિ તન મનથી લહીએ, તસ અભાવે સુખ ખાસો રે... ૬૫

છઠ્ઠું થાનક મોક્ષ તણું છે, સંજમ જ્ઞાન ઉપાયો રે,
જો સહેજે લહીએ તો સઘળે, કારણ નિષ્ફલ થાયો રે...
કહે જ્ઞાનનય જ્ઞાન જ સાચું, તે વિણ જુઠી કિરિયા રે...
ન લહે રૂપું રૂપું જાણી, સીસ ભણી જે ફિરિયા રે... ૬૬

કહે કિરિયાનય કિરિયા વિણ, જે જ્ઞાન તેહ શું કરશે રે...
જલ પેસી કરપદ ન હલાવે, તારા તે કિમ તરશે રે...
દૂષણ-ભૂષણ છે ઈહાં બહુલા, નવ એક એકને વાદે રે...
સિધ્ધાંતી તે બિહું પખ સાધે, જ્ઞાનવંત અપ્રમાદે રે... ૬૭[૪૩]

પાંચમું સ્થાન મોક્ષ છે. અને છઠ્ઠું સ્થાન તે મોક્ષના ઉપાયો છે. તે અહિયા વર્ણવ્યું છે. તેમાં કવિ યશોવિજયજી જ્ઞાન અને ક્રિયા બે નય બન્ને પોતપોતાને સાચું કરવા જાય છે. બન્ને નયમાં દોષ તથા ગુણ છે. ખરો સિધ્ધાંત તો બેઉ પક્ષને સાધે એટલે કે જ્ઞાની પણ હોય તથા અપ્રમત ભાવે ક્રિયા પણ કરે. આમ કવિએ આ સ્થાનનો ખુબ વિસ્તારથી ઉદાહરણ દ્વારા સ્પષ્ટતાપૂર્વક ઉલ્લેખ કર્યો છે. પૂ.હરિભદ્રસૂરિજીએ જે છ સ્થાન બતાવ્યા તે જ છ સ્થાનને વિસ્તારથી વર્ણવ્યા છે. જેથી સામાન્ય મનુષ્ય પણ 'સમ્યગ્દર્શન'નું મહત્ત્વ, તેના દ્વારા પ્રાપ્ત થતો મોક્ષ અને તેને મેળવવાના ઉપાયો સમજી તેના અંગે સારો ઉદ્યમ કરી ઉત્તમ ફળ એવા મોક્ષને મેળવે.

અહિયા સુધી બન્ને રચનાકારે ૬૭ બોલનું વર્ણન પૂર્ણ કર્યું. હવે પૂ.હરિભદ્રસૂરિજી વર્ણવે છે કે,

इय सतसट्ठिपयाइं उच्चिणिउं विउलआगमारामा ।
संगहिया इत्थमए, मंद मईणं सरण हेउं ।। ६६।।

एसिं दुविह परिन्ना दंसणसुद्धिं करेइ भव्वाणं ।
सुद्धंमि दंसणंमि, करपल्लव संठिओ मुक्खो ।। ६७।। [૪૪]

ગાથાર્થ:- સમ્યગ્દર્શનના ૬૭ ભેદો રૂપી પુષ્પોને વિશાળ આગમ રૂપી બાગમાંથી ચૂંટીને અહીં મારા વડે મંદ બુધ્ધિવાળા જીવોના સ્મરણાર્થે સંગૃહિત કરાયા છે. (૬૬)

સમ્યકૃત્વ ભેદોની બે પ્રકારની પરિજ્ઞા ભવ્ય જીવોની દર્શન શુધ્ધિ કરે છે. દર્શન

શુધ્ધિ થતાં હસ્તકમળમાં મુક્તિ આવે છે. (૬૭)

**કવિ યશોવિજયજી અંતિમ ગાથામાં વર્ણવે છે કે,**

ઇણિપરે સડસઠ બોલ વિચારી જે સમકિત આરાહે રે,
રાગ-દ્વેષ ટાળી મન વલી તે સમસુખ અવગાહે રે...
જેહનું મન સમકિતમાં નિશ્ચળ, કોઇ નહીં તસ તોલે રે...
શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચક જસ ઇમ બોલે રે...૬૮ [૪૫]

અર્થાતઃ આ રીતે સડસઠ ભેદનો વિચાર કરી સમકિત આરાધે છે, તેઓ જ રાગ-દ્વેષને દૂર કરી મનને પણ પાપ ભાવોમાંથી પાછું વાળી સમભાવના સુખને માણે છે. જેહનું મન સમ્યક્ત્વમાં સ્થિર છે-જગતમાં બીજો કોઇ એની તોલે આવી શકે નહિ એમ શ્રીનયવિજય પંડિતના ચરણકમળના ઉપાસક શ્રી વાચક યશોવિજયજી કહે છે.

બન્ને રચનાકાર અંતમાં જીવ સમ્યક્ત્વ પામે અને આગળ વધે તેમ વર્ણવે છે. પૂ.હરિભદ્રસૂરિજી કહે છે કે પહેલા દર્શનશુધ્ધિ થશે પછી જ મુક્તિ મળશે. હવે દર્શનશુધ્ધિ કેવી રીતે થાય તે જણાવતાં વર્ણવે છે કે,

संघे तित्थयरंमि सूरिसु रिसीसु गुणमहग्घेसुं ।
अप्पच्चओ न जेसिं, तेसिं चिय दंसणं सुद्धं ।। ६८।।

ગાથાર્થઃ- સંઘ, તીર્થંકર, આચાર્ય, મુનિભગવંત વગેરે ગુણથી પૂજનિકમાં જે અવિશ્વાસ નહિ તેનું સમકિત શુધ્ધ છે.

जे पुण इय विवरीया पल्लवगाही सबोहसंतुट्ठां ।
सुबहुं पि उज्जमंता ते दंसण बाहिरा नेया ।। ६९।। [૪૬]

ગાથાર્થઃ- જે જીવો આનાથી વિપરિત છે, કોઇપણ મતને ગ્રહણ કરી પોતાને જ્ઞાની માનનાર તપાદિમાં ઉદ્યમ કરનારા તે સમ્યગ્દર્શનથી બાહ્ય(મિથ્યાત્વ) જાણવા.

આ રીતે પૂ.હરિભદ્રસૂરિજી જીવે કેવી રીતે શુધ્ધિ કરવી તે પણ વર્ણવે છે. તથા અંતિમ ગાથામાં આલેખે છે કે,

इय भाविउण तत्तं गुरुआणाराहणे कुणह जत्तं ।
जेणं सिवसुक्खबीयं, दंसण सुद्धिं दुवं लहइ ।। ७०।।

ગાથાર્થઃ- એ પ્રમાણે તત્ત્વને જાણીને ગુરુની આજ્ઞાના આરાધનામાં પ્રયત્ન કરવો જોઇએ. જેથી મોક્ષ સુખના બીજભૂત દર્શન શુધ્ધિને જલ્દી પામો. અંતે સમ્યગ્દર્શન પામી મુક્તિને મેળવો.

આમ બન્ને વિદ્વાનો ૬૭ બોલ દ્વારા મોક્ષ મેળવવાની પ્રાથમિક ભૂમિકા એટલે કે 'સમ્યગ્દર્શન' મેળવવાની તથા ટકાવવાની અને આગળ વધવાની વિવિધ રીતો વર્ણવે છે.

આગમ સાગરના અગાધ શ્રુતરૂપજલમાં ડુબકી લગાડીને શ્રુતજ્ઞાનનો ખજાનો પ્રગટ કરનારા, પ્રકરણાચાર્ય યાકિનીમહત્તરાસુનુ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાએ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી તેમાં બિંદુમાં સિંધુ સમાન ૭૦ગાથા પ્રમાણશ્રી 'સમ્યક્ત્વ સપ્તતિઃ' નામના ગ્રંથની રચના કરી છે.

'ન્યાયવિશારદ','તાર્કિક શિરોમણિ', 'ન્યાયાચાર્ય' પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી એ 'સમકિતના સડસઠ બોલની સજ્ઝાય'ની રચના કરી છે.

પૂ.હરિભદ્રસૂરિજી મહારાજા અને પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી બન્ને વિદ્વાન અને જૈન ધર્મના અમૂલ્ય રત્ન થઈ ગયા. કવિ યશોવિજયજીએ પૂ.હરિભદ્રસૂરિએ બનાવેલ પ્રાકૃત ભાષામાં પદ્ય રૂપે શ્રી 'સમ્યક્ત્વ સપ્તતિકા' નામનો ગ્રંથ જેને આદર્શ રૂપે રાખી 'સમકિતના સડસઠ બોલની સજ્ઝાય'ની રચના કરી છે. બન્ને ગ્રંથમાં સામ્યતા હોવા છતાં વિવિધતા છે. ઉપાધ્યાય યશોવિજયજીની રચનામાં આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાની રચનાની સંપૂર્ણ ઝલક દેખાય છે. તેથી કાંતિવિજયજીએ 'સુજસવેલી'ની ઢાળ-૪માં ઉ.યશોવિજયજીને 'લઘુહરિભદ્ર' તરીકે વર્ણવ્યા છે.

લઘુબાંધવ હરિભદ્રનો, કલિયુગમાં એ થયો બીજો રે
છતાં યથારથ ગુણ સુણી, કવિયણ બુધ કો મત ખીજો રે... ૪

ઉપાધ્યાય યશોવિજયજીએ પ્રાચીન ગ્રંથની છબી મધ્યકાલીનમાં ઉપસાવી છે. ખુબ સુંદર રીતે સજ્ઝાયની અંદર બધા જ વિષયને આવરી લીધા છે જે સરળતાથી સમજી શકાય છે.

| **સમ્યક્ત્વ સપ્તતિ** | **સમકિતના ૬૭ બોલની સજ્ઝાય** |
|---|---|
| કર્તાઃ-પૂ.હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા | પૂ.ઉ.યશોવિજયજી મહારાજા |
| ભાષાઃ- પ્રાકૃત | જૂની ગુજરાતી |
| ગાથાઃ- ૭૦ શ્લોક | ૬૮ ગાથા |
| અધિકારઃ- ૧૨ | ૧૨ ઢાળ |
| બોલઃ- ૬૭ | ૬૭ |
| કાળઃ- પ્રાચીન | મધ્યકાલિન |
| સ્વરૂપઃ- ગ્રંથ | સજ્ઝાય |

ઢબ:- પદ્ય　　　　　　　　　　પદ્ય

રસ:- તાત્ત્વિક　　　　　　　　　　તાત્ત્વિક

આમ બન્ને વિષય, સુંદર, તાત્ત્વિક, હૃદયસ્પર્શી અને જીવનમાં પરિવર્તન લાવે એવા છે. બન્ને કૃતિ વિશે એમ કહી શકાય કે, જેમ એક માને બે દીકરા હોય તો કોને ચઢિયાતો કહેવો તે અશક્ય છે. તેમ બન્ને કૃતિઓ અવિસ્મરણીય છે.

**૨. કવિ યશોવિજયજીકૃત સમકિતના સડસઠ બોલની સજ્ઝાયની કવિ ઋષભદાસકૃત 'સમકિત સાર રાસ' સાથે તુલના.**

કવિ ઋષભદાસ એ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના શિરોમણિ શ્રાવક હતા. તેમના જન્મ તથા મૃત્યુ સંબધી કોઇ વિશેષ વિગત પ્રાપ્ત થતી નથી. પરંતુ તેમના સાહિત્યના રચના કાળના સમય ઉપરથી અનુમાન કરી શકાય કે તેઓનો જન્મ ઇ.સ.૧૫૭૫ની આસપાસ થયો હોવો જોઇએ. અને સ્વર્ગવાસ ઇ.સ.૧૬૩૫ આસપાસ થયો હોવાની સંભાવના છે. કવિ ઋષભદાસે તેમની રચેલ કૃતિ ભરત-બાહુબલિ રાસ કૃતિમાં તેમનો પરિચય આપ્યો છે. તેઓ ગર્ભ શ્રીમંત હતા. સંતોષી હતા. જીવન આનંદિત હતું. તેમના પરિવારમાં આજ્ઞાંકિત-પ્રેમાળ પત્ની, બહેન, ભાઇઓ, બાળકો હતા. તેમના ઘરમાં ગાય-ભેંસનું દુઝણું હતું, તેના ઉપરથી લાગે કે તેઓ સુખી-સમૃધ્ધ હતાં. તેઓ બાર વ્રતધારી શ્રાવક હતા. કવિ ઋષભદાસ કહે છે કે"પૂ.હીરસૂરિજીના શિષ્ય આ.વિ.સેનસૂરિજી આદિ પ્રભાવશાળી સંતોના આર્શીવાદ મસ્તકે હોવા તે પણ પ્રખર પુણ્યોદય છે. તપગચ્છના સમર્થ સાધુ ભગવંતોની પરંપરા પોતાને પ્રાપ્ત થઇ, તેથી કવિ પોતાની જાતને ધન્યાતિધન્ય સમજે છે." શ્રાવક કવિ ઋષભદાસ શીલવંત અને ચારિત્રવંત ધર્મગુરુના પ્રભાવથી પ્રભાવિત થયા. તેમના તરફની ભકિતથી પ્રેરાઇ કવિએ સાહિત્ય લેખનની પ્રવૃત્તિ શરૂ કરી. તેમજ તે સમયનું શાંતિમય અને અનુકુળ રાજકીય વાતાવરણ કાવ્ય સર્જન માટે પ્રેરણાદાયક બન્યું હતું. મધ્યકાલીન સાહિત્યના વિકાસમાં શ્રાવક કવિ ઋષભદાસનું યોગદાન અવિસ્મરણીય છે. તેમણે જીવનમાં ધન કરતાં ધર્મને વધુ મહત્ત્વ આપ્યું છે. કવિની સાહિત્ય લેખનની પ્રવૃત્તિ તથા કૃતિઓ પરથી કહી શકાય કે તેમણે આચાર્ય વિજયસેનસૂરિજીના સહવાસથી સરસ્વતી માતાની કૃપા મેળવી છે. કવિ ઋષભદાસે સંખ્યાબંધ કૃતિઓ રચીને ગુર્જર સાહિત્યને ધબકતું રાખ્યું છે. કવિ ઋષભદાસની સાહિત્યકૃતિ પરથી અનુમાન કરી શકાય કે, ઓછામાં ઓછી મોટી રાસ કૃતિઓ ૩૬ હોવી જોઇએ. તે ઉપરાંત કવિએ સાત જેટલી નાની કૃતિઓ, ૩૩ સ્તવનો, ૩૨ નમસ્કાર, ૪૨ થોયો-સ્તુતિઓ, ૪૦૦ સુભાષિતો, ૪૧ ગીત, ૫ હરિયાળી, કેટલીક બોધપ્રદ સજ્ઝાયો વગેરે નાની કૃતિઓ રચી ગુજરાતી સાહિત્યને ખીલવ્યું છે. સર્વ સાહિત્ય મળી કવિ

ઋષભદાસનું કાવ્યસાહિત્ય આશરે ૪૦,૦૦૦ થી ૪૫,૦૦૦ કડી ઉપરાંત હોવાની સંભાવના છે. તેમનું સાહિત્ય પ્રેમાનંદ અને શામળની પૂર્વે લખાયેલું છે. તેઓ કવિત્વ અને પ્રતિભામાં કવિ નયસુંદરની જેમ જૈનેતર કવિઓની હરોળમાં ઉભા રહી શકે છે. કવિ ઋષભદાસની 'હિત શિક્ષારાસ'ની શૈલી કવિ દલપતરામની કાવ્ય શૈલીને મળતી આવે છે. તેથી કહી શકાય કે શામળ અને દલપતરામ ઉપર કવિ ઋષભદાસની અસર હોવી જોઈએ.

આ ઉપરથી કહી શકાય કે, કવિ ઋષભદાસની શૈલી ખૂબ સરળ છે. તેમાં મુખ્ય તત્ત્વજ્ઞાન છે. તેમનો મુખ્ય ઉદ્દેશ લોકોને ધર્માભિમુખ કરવાનો છે. તેમની રચનામાં લોક પ્રચલિત કથાઓ, શાસ્ત્રોક્ત પ્રસંગો આલેખ્યા છે. કેટલીક રચનામાં હાસ્યરસ ખીલવવા પ્રયત્ન કર્યો છે. કેટલીક રચનાઓમાં ચમત્કારોનું વર્ણન, યુધ્ધનું વર્ણન, શુકન-અપશુકનનું વર્ણન, ચૌદ સ્વપ્નનું વર્ણન, કરુણારસનું વર્ણન આલેખ્યું છે. આ ઉપરાંત કવિ સંસારની અસારતા, જીવનની ક્ષણભંગુરતા અને ધર્મ વિચારનો બોધ પણ આપે છે.

કવિ ઋષભદાસે જે સાહિત્યનો ખજાનો અર્પણ કર્યો છે તે અમૂલ્ય છે. હવે કવિ ઋષભદાસે રચેલ,'સમકિતસાર રાસ'નું ઉપાધ્યાય કવિ યશોવિજયજીએ રચેલ 'સમકિતના ૬૭ બોલની સજ્ઝાય' સાથે તુલનાત્મક અભ્યાસ પ્રસ્તુત કરીએ છીએ.

'સમકિતસાર રાસ'ની રચના સંવત ૧૬૭૮ (ઈ.૧૬૨૨)માં થઈ. આ રાસ જેઠ સુદ બીજ, ગુરુવારે ખંભાત નગરીમાં રચાયો છે. અને પૂર્ણાહુતિનો સમય સં.૧૬૭૯ વૈશાખ સુદ-ત્રીજ (અખાત્રીજ) છે.

આ રાસાની ભાષા જૂની ગુજરાતી છે. અને કવિ ખંભાત વિસ્તારના હોવાથી રાસાકૃતિમાં ચરોતરી બોલીનો પ્રભાવ છે. આ રાસાકૃતિ ૮૭૯ કડીમાં પથરાયેલી છે. આ રચનામાં ૫૪ દુહા, ૪૫ ઢાળ, ૨૦ ચોપાઈ છે.

આ રાસાકૃતિની ૮૭૯ કડીમાંથી ૨૫૬ કડીઓમાં કથા પથરાયેલી છે. તેમાં કપિલમુનિની કથા-૩૮ કડીઓમાં, નંદિષેણ મુનિની કથા-૫૯ કડીઓમાં વિક્રમ રાજાની કથા-૬૪ કડીઓમાં તથા બાકીની આઠ પ્રભાવક તથા દાન-શીલ-તપ અને ભાવ ધર્મનાં ઉદાહરણોમાં ૯૫ કડીઓ વપરાયેલી છે. કવિ ઋષભદાસે 'સમકિતસાર રાસ'માં સૌ પૃથમ મંગલાચરણમાં 'માતા સરસ્વતી' ત્યાર બાદ ચોવીસ તીર્થંકરો અને ગણધરોને સ્તવ્યા છે. તેવી જ રીતે ઉપાધ્યાય યશોવિજયજીએ પણ પ્રારંભમાં મંગલાચરણમાં 'સરસ્વતી માતા'ને નમસ્કાર કર્યા છે. આમ બન્ને કવિ સરસ્વતી માતાના પરમ ઉપાસક છે.[૪૭]

**ચોપાઇ-૧માં** કવિ ઋષભદાસે સમકિતનો મહિમા ગાયો છે. તે સમજાવવા જગતમાં મૂલ્યવાન વસ્તુના દૃષ્ટાન્ત આપ્યા તથા ધર્મ આદિની શ્રેષ્ઠ ક્રિયા કરો પણ જો સમકિત નથી તો તે નિષ્ફળ છે. એમ કહી સમકિતનું મહત્ત્વ સમજાવ્યું છે.

''સમકિત વ્યણ સ્યું કીજઇ ધ્યાનં, સમકિત વ્યણ સ્યું કરતો ગાન;
સમકિત વ્યણ સ્યું વિદ્યા ભણઇ, સમકિત વ્યણ સ્યું વાણી સુણઇ''...૧૮[૪૮]

આજ વિષયને કવિ યશોવિજયજી ગાથા-૩માં સંપૂર્ણ સમજાવે છે. તેઓ જણાવે છે કે દાન આદિ ક્રિયા 'સમકિત'ને પ્રાપ્ત થયા વિના થાય તો મોક્ષફળ આપતી નથી.

દાનાદિક કિરિયા ન દીએ, સમકિત વિણ શિવશર્મ;
તે માટે સમકિત વડું, જાણો પ્રવચન મર્મ... ૩[૪૯]

**ઢાળ-૨માં** કવિ ઋષભદાસ ૧૨ દ્વારના વર્ણનથી સમકિતના ૬૭ ભેદનું વર્ણન કરે છે. તેમાં ૬૭ ભેદ કયા-કયા છે તેમ પૂછે છે. આજ વિષય એટલે કે ૬૭ ભેદને ઉપાધ્યાય યશોવિજયજી ઢાળ-૧ની પાંચમી-છઠ્ઠી ગાથામાં વર્ણન કરે છે.

કવિ ઋષભદાસ સમ્યક્ત્વરહિત જીવના અવ્યવહારરાશી કાળનું વર્ણન દુહા-૩માં કરે છે. ચોપાઇ-૨માં 'જીવનો વિકાસ ક્રમ' ગાથા-૭૨ સુધીમાં વિસ્તારથી વર્ણવે છે. ત્યારબાદ દુહા-૪ ક્ષાયિક સમકિતનું મહત્ત્વ અને તેની દુર્લભતા સમજાવે છે.

**ઢાળ-૩માં** દુર્લભ એવો મનુષ્ય ભવ મળ્યો છે. તે વિવિધ દૃષ્ટાંતે સરળ રીતે સમજાવે છે.

પાંચઇ અંદ્રી પાંમીઉજી, પણ્ય પાપિં ધન હીણ;
ભમતાં યૌવન જનમ લઇજી, અગ્યન જ યોગ્ય જયમ મીણ.સોભાગી..૮૩

અર્થઃ- કયારેક પાંચે ઇન્દ્રિયની પરિપૂર્ણતા પ્રાપ્ત થઇ, પાપના ઉદયે ગરીબ થયો.[૫૦]

તરૂણ અવસ્થામાં ધન મેળવવામાં તથા પાંચે ઇન્દ્રિયોના ઉપભોગ અગ્નિના સંયોગથી જેમ મીણ પીગળી જાય છે. તેમ ભોગસુખોમાં જીવન પૂર્ણ થયું... ૮૩

આમ દુહા-૫માં કવિ ઋષભદાસ જણાવે છે કે, સદ્ગુરુનો યોગ થતાં જીવાત્મા સમકિત પ્રાપ્ત કરે છે. સમકિત વિના આ જીવે પૂર્વે અનંત પુદ્ગલ પરાવર્તન કાળ પસાર કર્યો છે.

**ઢાળ-૪માં** 'ગ્રંથિભેદ' એટલે કે પ્રથમવાર જીવ સમકિત પ્રાપ્ત કરે તેનું વર્ણન

કર્યું છે. ત્યાર પછી કવિ-ચોપાઇ-૩માં દેવતત્ત્વ, ઢાળ-૫માં સિધ્ધ પરમાત્માનું વર્ણન, ઢાળ-૬માં સુગુરુ તત્ત્વનો પરિચય કરાવે છે. કવિ વિષયને વધુ વિસ્તૃત અને સ્પષ્ટ સમજાવવા ચોપાઇ-૪માં પાંચ મહાવ્રતનું સ્વરૂપ દર્શાવે છે. ત્યારબાદ જ્ઞાનાચાર આદિનું વર્ણન, દીક્ષાને યોગ્ય-અયોગ્ય વ્યકિતનું વર્ણન, શ્રમણત્વનું વર્ણન, સુધર્મ તત્ત્વની આરાધના, સુપાત્રદાનની મહત્તા, ચાર પ્રકારના ધર્મ, કુદેવનું સ્વરૂપ, કુગુરુનું સ્વરૂપ, અતત્ત્વની આરાધના, પાંચ પ્રકારના મિથ્યાત્વનું વર્ણન, વગેરે સવિસ્તાર કર્યું છે.

**અધિકાર-૧** કવિ સમકિતના પાંચ પ્રકાર ચોપાઇ-૮માં આલેખીને દુહા-૨૦થી સમકિતના સડસઠ બોલનું વર્ણન કર્યું છે. તેમાં ચોપાઇ-૯માં ચાર શ્રધ્ધાનું વર્ણન કર્યું છે. તે વિષયને વિશાળ કરતા કવિ ઢાળ-૧૬માં જ્ઞાનીની મહત્તા વર્ણવીને કપિલ કેવલીનું કથાનક ગાથા ૩૧૪ થી ૩૫૧ની અંદર વર્ણવીને રાસાને કથારસથી તરબોળ કર્યો છે. આમ ચારે શ્રધ્ધા ૩૫૯ ગાથામાં વર્ણવી છે ત્યારબાદ ત્રણ લિંગનું વર્ણન તેમાં ૪૫ આગમના નામ લીધા છે. આ ઉપરથી ખબર પડે કે શ્રોતાગણ અજ્ઞાન હોય તો પણ તેને આ રાસામાં રસ પડે. કારણ કે નાનામાં નાના વિષયની સ્પષ્ટતા કરી છે. દુહા-૨૫માં ધર્મરાગ-વૈયાવચ્ચનું વર્ણન કર્યું છે. તેમાં નંદિષેણની કથા કીધી છે.

ઉપાધ્યાય યશોવિજયજીએ ત્રણ લિંગનું વર્ણન ઢાળ-બીજીમાં સાકર-દ્રાક્ષના વિવિધ દૃષ્ટાન્ત દ્વારા સમજાવવા પ્રયત્ન કર્યો છે.

કવિ ઋષભદાસે ત્રીજા અને ચોથા દ્વારને ઢાળ-૨૪માં સંક્ષિપ્તમાં વર્ણન કર્યું છે. ઉપાધ્યાય યશોવિજયજીએ ઢાળ-ત્રીજામાં દસ પ્રકારનો વિનય વિસ્તૃત વર્ણન કર્યું છે. જ્યારે ઢાળ-ચોથીમાં ત્રણ શુધ્ધિનું આલેખન કર્યું છે.

આમ બન્ને કવિ વિષયને ક્રમસર વર્ણવે છે. બન્નેમાં સામ્યતા છતાં વિવિધતા છે. કવિ ઋષભદાસ દરેક વિષયને વિસ્તૃત કરી વર્ણવે છે. જ્યારે ઉપાધ્યાય યશોવિજય દરેક વિષયને ઢાળના ક્રમમાં ટૂંકમાં છતાં સ્પષ્ટતાપૂર્વક વર્ણવે છે. ઢાળ-૫માં ઉપાધ્યાય યશોવિજયજી પાંચ દૂષણોનું વર્ણન કરે છે.

આ જ પાંચ દૂષણોનું વર્ણન કવિ ઋષભદાસ ઢાળ-૨૫, ઢાળ-૨૬, ચોપાઇ-૧૨, ઢાળ-૨૭, ઢાળ-૨૮, ઢાળ-૨૯ એટલેકે ગાથા ૪૬૨ થી ૪૯૮માં વિસ્તારપૂર્વક વર્ણવે છે.

આઠ પ્રભાવકના વર્ણનમાં કવિએ ઢાળ-૩૦થી ૩૩માં વિસ્તારથી કર્યો છે. જેમાં પ્રભાવક કથાઓ વિસ્તારથી વર્ણવી છે. આમ ઋષભદાસે દરેક પ્રભાવકની કથાનું વર્ણન કર્યું છે. જ્યારે ઉપાધ્યાય યશોવિજયજીએ 'આઠ પ્રભાવક'ના વર્ણનમાં પ્રભાવકના નામના ઉલ્લેખ કર્યા છે.

કવિ ઋષભદાસ ચોપાઇ-૧૬માં સમ્યક્ત્વના પાંચ ભૂષણનું નિરૂપણ કરતા કહે છે કે,

ભૂષણ પાંચ ધરિ સમકીત તણાં, કુસલપણું દેઈ લહિ વાંદણાં
તીર્થસેવા અર્થ વીચારય, સંવેગીની સેવા સારય ... ૫૯૮[૫૧]

અર્થ:-જિનશાસનની ક્રિયામાં કુશળતા, ભાવપૂર્વક વંદના અથવા જિનશાસનની પ્રભાવના, તીર્થસેવા, જિનધર્મમાં સ્થિરતા અને જિનશાસનની ભક્તિ આ પાંચ સમ્યક્ત્વને દેદીપ્યમાન કરનારા ભૂષણો છે.

કવિ આ ભૂષણમાં આગળ વંદનાના દોષ જણાવે છે, એના પછી એક-એક ભૂષણને વિસ્તારથી જણાવી તેત્રીસ પ્રકારની આશાતના જણાવે છે. ચોથા ભૂષણના વર્ણન વખતે કથાનું આલેખન કરી તેને રસપ્રદ બનાવ્યું છે. અત્રે કવિએ એક-એક ભૂષણમાં ખૂબ સ્પષ્ટતાપૂર્વક વર્ણવ્યું છે. ઉપાધ્યાય યશોવિજયજીએ ભૂષણનું વર્ણન સાતમી ઢાળમાં કર્યું છે. તેઓએ એક-એક ભૂષણને એક-એક ગાથામાં ઢાળીને સુંદર નિરૂપણ કર્યું છે.

કવિ ઋષભદાસે ચોપાઇ-૨૧માં સમ્યક્ત્વના આઠથી બાર દ્વારનું વર્ણન કર્યું છે. તેમાં સમ્યક્ત્વના લક્ષણોના વર્ણન વખતે કહે છે કે,

પાંચ લખ્યણ સમકીતનાં જોય, ઝીલિં ઉપશમમાંહી જિ કોય,
સંવેગ અર્થ સહૂ શ્રવણે સૂણો, જે અભીલાષી મુગત્ય જણોતે... ૮૦૦

છાંડેવા હીડઇ સંસાર, અનુકંપા જસ હઈઇ અપાર,
વચન ઉપરિં અસતા(આસ્થા)હોય, દરસાણ સીત્યારિમાં હઈ જોય...૮૦૧[૫૨]

અર્થ:- સમકિતનાં પાંચ લક્ષણ છે. ઉપશમ ભાવમાં ઝીલવું, એ પ્રથમ લક્ષણ છે. હવે સંવેગનો અર્થ કહું છું, તે સાંભળો, મુક્તિ પ્રાપ્તિની અભિલાષા તેને સંવેગ કહેવાય... ૮૦૦

હૃદયમાંથી સંસાર ત્યાગવાની તીવ્ર ઇચ્છા (તે નિર્વેદ નામનું ત્રીજું લક્ષણ છે.), દુ:ખી જીવો પર હૈયામાં અનુકંપા (ચોથું લક્ષણ) છે. અને જિનેશ્વરનાં વચનો પર વિશ્વાસ (આસ્થા-એ પાંચમું લક્ષણ છે.) દર્શન સીત્યરિમાં આ પાંચ પ્રકારના લક્ષણો દર્શાવેલ છે... ૮૦૧

કવિ ઋષભદાસ પાંચે લક્ષણો ખૂબ ટૂંકમાં સમજાવે છે. આ જ લક્ષણોને ઉપાધ્યાય યશોવિજયજી આઠમી ઢાળમાં એક-એક ગાથાએ એક-એક લક્ષણ એમ પાંચ ગાથામાં વર્ણવ્યું છે. જેમકે,

''જે જિન ભાખ્યું તે નહી અન્યથા''એવો જે દઢ રંગ.સુ૦ન૦
તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો ભંગ...
સુગુણનર શ્રી જિનભાષિત વચન વિચારીએ રે... ૪૫[૫૩]

અર્થઃ-શ્રી જિનેશ્વર પરમાત્માએ જે કાંઇ કહ્યું છે. તે જરાપણ ખોટું નથી. એવો મનમાં જે દઢ વિશ્વાસ તે 'અસ્તિકતા' નામનું પાંચમું લક્ષણ જાણવું. આ લક્ષણ કુમતિનો મિથ્યામતિનો નાશ કરે છે... ૪૫

આ રીતે કવિ ઋષભદાસ અને ઉપાધ્યાય યશોવિજયજીએ સમકિતના લક્ષણો એક સરખી રીતે વર્ણવ્યા છે. છતાં બન્ને એ વિષયનો રસ જળવાઇ રહે તે રીતે આલેખ્યા છે.

કવિ ઋષભદાસે છ પ્રકારની યત્નાનું વર્ણન ગાથા ૮૦૨ થી ૮૦૪માં નિરૂપણ કર્યું છે. જે આ પ્રમાણે છે.

''વલી ષટ જઇણા તિહાં કણિ કહી, અર્થ પ્રકાસ કરૂ ગહિ ગઇ,
અન્યતીર્થી જેહના દેવ, તેણઇ ચઇતગ્રહાં જે હેવ.'' ... ૮૦૨

''ષટષટ બોલ તીહાં વર્જવા, વંદન કહઇતા કર જોડવા,
નમસકાર વચનિં નવી કરઇ, દાન તણૂં દેવૂં પરીહરઇ'' ... ૮૦૩

''અનુંપન તીહાં ટાલવૂં, વારવાર તેહનિં નાલવૂં,
નવિ કીજઇ આલાપ સંલાપ, આગલથી બોલતાં પાપ.'' ...૮૦૪[૫૪]

અર્થઃ- દર્શન સિત્તરીમાં છ યત્નાનું સ્વરૂપ કહેલ છે. તેનો અર્થ હવે કહું છું. અન્ય દર્શનીઓના દેવ તેમજ તેમણે ગ્રહણ કરેલા ચૈત્ય જે છે. ... ૮૦૨

ત્યાં છ બોલ વર્જવા યોગ્ય છે વંદન એટલે હાથ જોડવા રૂપવંદન, વચનથી ગુણગાન કરવા તે નમસ્કાર, તેમને અનુકૂળ આહાર આદિ આપવા રૂપ દાન તેઓને આપવું નહિ. ...૮૦૩

તેઓને વારંવાર દાન આપવા રૂપ અનુપ્રદાન ટાળવું. તેમની સાથે એકવાર બોલવા રૂપ આલાપ તેમજ વારંવાર બોલવારૂપ સંલાપ પણ ટાળવો. તેમને સામેથી બોલાવવામાં પાપ લાગે છે.

**ઉપાધ્યાય યશોવિજયજીએ ઢાળ-૯ મીમાં છપ્રકારની જયણાનું વર્ણન કર્યું છે.**

પરતીરથી પરના સુરતેણે, ચૈત્ય ગ્રહ્યાં વળી જેહ,
વંદન-પ્રમુખ તિહાં નવી કરવું, તે જયણા ષટ ભેદ રે...
ભવિકા! સમકિત યતના કીજે... ૪૬[૫૫]

ગાથાર્થ:- પરધર્મીના જે ધર્મગુરુઓ, પરધર્મીના જે દેવો, તથા પરધર્મીઓએ પોતાના કબ્જે કરેલાં જૈન ચૈત્યો અને જિનેશ્વર પ્રભુની પ્રતિમા આદિને વંદન નમન વગેરે કરવું નહિ. તેને જયણા કહેવાય છે. તેના ૬ ભેદ છે. હે ભવ્ય જીવો, તમે સમ્યક્ત્વ વ્રતની જયણાઓ પાળવામાં પ્રયત્ન કરો. ... ૪૬

આ રીતે કવિની વિવિધ રચનાત્મક શક્તિના કારણે એક જ વિષયને જુદી-જુદી રીતે આલેખ્યો છે. છતાં બન્નેમાં ઐક્ય છે.

કવિ ઋષભદાસ છ પ્રકારના આગારનું વર્ણન સુંદર કડીઓમાં કરે છે,

અપવાદિ છ છીડી કહી, રાયાભીઓનેણું તે સહી,
ભુપતી જોર કરઇ તીહાંજહા, સમકિત ધર્મ ન જાઇ તહા. ...૮૦૫

અર્થ:- સમકિતનાં છ અપવાદ છે. રાજાના દબાણ પૂર્વક કોઇ કાર્ય કરવું પડે તેને (૧) રાજાભિયોગ આગાર કહેવાય. તેથી સમકિત ધર્મ નષ્ટ થતો નથી....૮૦૫

ગણાભીઓગેણ આગાર, ઘણા લોક મલઇ જેણીવાર,
બલ પ્રાકમતે સબલૂં કરઇ, તે સમકિત નવી જાઇ શરઇ. ...૮૦૬

અર્થ:- ઘણા લોકોનું સમૂહમાં મળવું અને ઘણા લોકોના કહેવાથી, પોતાની ઇચ્છા વિના કરવું પડે તેને (૨) ગણાભિયોગ આગાર કહેવાય છે. તેથી સમકિત જતું નથી. ... ૮૦૬

બલાભીઓગેણું જે કહં, કો બલીઓ બલ કરતો લહૂં,
દેવી આભીઓગેણું તેહ, બલિં કરી વંદાવઇ તેહ. ... ૮૦૦

અર્થ:- કોઇ બળવાન, શક્તિશાળીના કહેવાથી કોઇ કાર્ય કરવું પડે, તે (૩) બલાભિયોગ આગાર છે. ક્ષેત્રપાળ આદિ દેવોના દબાણથી વંદન કરવું પડે તે (૪) દેવાભિયોગ આગાર છે. ... ૮૦૭

ગુરનીગીહેણૂં મનમાહાં ધરઇ, માતાપીતાનું કહણ જ કરઇ,
વતીકંતા છઠો આગાર, ભાખું તેહના દોય પ્રકાર. ... ૮૦૮

અર્થ:- માતા-પિતાના કહેવાથી તેમજ ગુરુની આજ્ઞાનું દબાણ થતાં જે કાર્ય અનિચ્છાએ કરવું પડે: તે ગુર્વાભિયોગ આગાર છે. (૬) કાંતારવૃત્તિએ છઠો આગાર છે. તેના બે પ્રકાર કહું છું. ... ૮૦૮

ઉપાધ્યાય યશોવિજયજીએ ઢાળ દસમીમાં છ આગારનું વર્ણન કર્યું છે.

શુધ્ધધર્મથી ન વિચળે, અતિદૃઢ ગુણ આધાર... લલના
તો પણ જે નહિ એહવા, તેહને એહ આગાર... લલના...૫૧[૫૬]

ગાથાર્થઃ- સમ્યક્ત્વાદિ ગુણોને દૃઢ પણે વળગી રહેનારા ઉત્તમ સાત્વિક પુરુષો જો કે શુધ્ધ ધર્મથી કદાપિ ચલિત થતા નથી. તો પણ જે પુરુષો આવા સાત્વિક નથી તેઓ માટે નીચે મુજબ છ આગાર જાણવા...૫૧

આમ ઉપાધ્યાય યશોવિજયજીએ ક્રમસર છ આગારનું વર્ણન કર્યું છે. કવિ ઋષભદાસે છ આગારને વિસ્તૃત કર્યા નથી છતાં બધી જ ગાથામાં સુંદર રીતે વણી લીધા છે.

છ પ્રકારની ભાવના વર્ણવતા કવિ ઋષભદાસ ગાથા ૮૧૧થી લઈને ગાથાનં. ૮૧૭ સુધીમાં કહ્યું છે જેમ કે,

''પઈઠાંણ ભાવના ત્રીજી એહ, વ્રતરુપી પ્રાસાદ જ જેહ,
સમકીત રુપિણી તિહાં પીઠિકા, ભૂવન અખંડ તે પાયો થકાં''...૮૧૪[૫૭]

અર્થઃ- પ્રતિષ્ઠાપન એ સમકિતની ત્રીજી ભાવના છે. વ્રતરૂપી મહેલ સમકિતરૂપી પાયા પર પ્રતિષ્ઠિત છે. ધર્મરૂપી મહેલ સમ્યક્ત્વરૂપી પાયા ઉપર અખંડપણે ઉભો છે. ...૮૧૪

આ જ ભાવનાઓને ઉપાધ્યાય યશોવિજયજીએ ઢાળ અગિયારમીમાં સુંદર રીતે ઉલ્લેખ્યા છે. જે આ પ્રમાણે છે.

અનુકૂલ મૂળ રસાલ સમકિત તેહ વિણ મતિ અંધ એ,
જે કરે કિરિઆ ગર્વ ભરિયા, તેહ જુઠો ધંધ એ,
એ પ્રથમ ભાવના મુણો રૂડી, સુણો બીજી ભાવના,
દ્વાર સમકિત ધર્મ-પૂરનું, એહવી એ પાવના....૫૭[૫૮]

ગાથાર્થઃ- તે કારણથી સમ્યક્ત્વરૂપી વૃક્ષનું મૂળ તે રસથી ભરેલું છે. અને આત્માને અનુકૂળ છે. તે સમ્યક્ત્વવ્રત વિના બુધ્ધિ અંધ છે. એમ જાણવું. સમ્યક્ત્વ વિના મિથ્યાત્વ અને અજ્ઞાનથી ગર્વપૂર્વક જે ધર્મ ક્રિયા કરે છે. તે સર્વે જુઠી ધાંધલ માત્ર સમજવી. એમ 'સમ્યક્ત્વએ ધર્મનું મૂળ છે.' એવી રૂડી પહેલી ભાવના જાણો. હવે 'સમ્યક્ત્વ એ ધર્મનગરનું દ્વાર છે.' એવી બીજી ભાવના સાંભળો. ...૫૭

આમ કવિ ઋષભદાસ અને કવિ યશોવિજયજીએ ગાથા ક્રમ, વિષયક્રમ જાળવી

રાખ્યો છે. સામ્યતા, સુંદરતા, ગેયતાને લઈને બન્ને વિષયમાં ઐક્ય દેખાય છે.

**સમકિતના છ સ્થાનનું નિરૂપણ કરતા કવિ ઋષભદાસ કહે છે કે,**

થાનક છઈ સમકિતનાં જેહ, સમકિત દષ્ટી જાણઈ તેહ,
જીવ છતી જગ માહા સધઈ, ચેતના લખ્યણ પ્રાણી કહ્ઈ. ... ૮૧૮

ત્રીજું થાનક નરનું જોય, જીવ કરમનો કર્તા હોય,
વરત હીણ મિથ્યાતકષાય, તેણઈ બહૂ કર્મ મલઈ સમદાય. ...૮૨૦

ગાથાર્થઃ- સમકિતના છ સ્થાન છે. સમકિત દષ્ટિ જીવે આ છ સ્થાન જાણવા યોગ્ય છે. જગતમાં 'જીવ' છે. તેની શ્રધ્ધા કરો. ચૈતન્ય લક્ષણથી યુક્ત જીવ કહેવાય....૮૧૮

સમકિતનું ત્રીજું સ્થાન છે. 'જીવ કર્મનો કર્તા છે', આ જીવ મિથ્યાત્વ, અવ્રત, અને કષાયના કારણે બહુ કર્મ સમુદાયથી મલિન બને છે. ...૮૨૦[૫૯]

આ જ વિષયને ઉપાધ્યાય યશોવિજયજીએ અલગ-અલગ ગાથા દ્વારા ઢાળ-૧૨મીમાં કંડાર્યું છે. જેમ કે,

ત્રીજું થાનક, ચેતનકર્તા કર્મ તણે સંયોગે રે,
કુંભકાર જિમ કુંભ તણો, જગ દંડાદિક સંયોગે રે,
નિશ્ચયથી નિજ ગુણનો કર્તા અનુપચરિત વ્યવહારે રે,
દ્રવ્યકર્મનો નગરાદિકનો તે ઉપચાર પ્રકારે રે....૬૪[૬૦]

ગાથાર્થઃ- જેમ આ દુનિયામાં દંડ અને ચાકડો વગેરેની મદદથી કુંભાર ઘડાનો કર્તા છે. તેમ પૂર્વબધ્ધ કર્મોના ઉદયજન્ય કષાય અને યોગાદિ વડે આ જીવ પણ કર્મોનો કર્તા છે. આ ત્રીજું સ્થાનક છે. આ જીવ નિશ્ચયનયથી પોતાના ગુણોનો કર્તા છે. અનુપચરિત વ્યવહારનયથી જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મોનો કર્તા છે. અને ઉપચરિત વ્યવહારનયથી નગરાદિકનો કર્તા છે. ...૬૪

બન્ને રચનાકાર છ સ્થાનને ખૂબ સુંદર રીતે વર્ણવે છે. કવિ ઋષભદાસે છ સ્થાનનું વર્ણન કર્યા બાદ સમકિતના વિવિધ ભેદોનું વર્ણન કર્યું છે. જેથી અબુધ-અજ્ઞાની જીવોને પણ સમકિતની સ્પષ્ટ સમજ ખીલે. જેમ કે,

ત્રણિ પ્રકારિ સમકીત કહીઇ, રોચક ભલું તે રૂચતૂં લહીઇ,
જિનંઇ કહ્યું તે તિમ કરઇએ. ... ૮૨૪

દીપક સમકીત અર્થ જ ભાવઇ, સાહમાનિ સમકીત દીપાવઇ,
પોતાનિ પાસઇ નહી એ. ... ૮૨૫

વલી સમકીત કહૂં અ્યાર પ્રકાર, ઉપશમિક તે પહિલું ધારે,
સાસ્વાદન બીજૂ સહીએ. ... ૮૨૬

ખ્યાઓં ઉપાસમિક તે ત્રીજુ કહીઇ ચોથૂં ખ્યાયક સમકીત લહઇ,
અ્યાર ભેદ સમકીત તણાએ. ... ૮૨૭

પાંચ પ્રકાર સમકીતના ધારૂ, ઉપસમીક સાસ્વાદન સારં,
ખ્યાયો ઓપ સમીકસ્વું એ. ... ૮૨૮ "

અર્થાતઃ- સમ્યક્ત્વના ત્રણ પ્રકાર કહ્યા છે. રોચક સમકિતી માત્ર સમ્યક્ ક્રિયામાં રુચિ-પ્રીતિ રાખે છે. જિનેશ્વર ભગવંતે જે પ્રમાણે કહ્યું છે. તે પ્રમાણે સદા કરે, તે કારક સમકિતી છે. ... ૮૨૪

દીપક શબ્દ અર્થ બતાવે છે. તે બીજાને સમકિત પમાડે પરંતુ પોતે ન પામે તે દીપક સમકિત છે. ... ૮૨૫

સમકિતના ચાર પ્રકાર કહ્યા છે. પ્રથમ ઉપશમ સમકિત છે તે જાણ, બીજું સાસ્વાદન સમકિત છે. ... ૮૨૬

ત્રીજું ક્ષયોપશમ સમ્યક્ત્વ છે. ચોથું ક્ષાયિક સમકિત છે. સમકિતનાં આચાર ભેદ છે. ... ૮૨૭

સમકિતનાં પાંચ પ્રકાર દર્શાવું છું. ઉપશમ સમકિત, સાસ્વાદન સમકિત, ક્ષયોપશમ સમકિત, ક્ષાયિક છે. ... ૮૨૮

અહી ઋષભદાસ એક એક ગાથાનો સુંદર અર્થ કરીને સમકિતના પ્રકાર વર્ણવ્યા છે. આ ઉપરાંત સમકિતને દીપકની ઉપમા આપીને વધુ સ્પષ્ટ અને સુંદર વર્ણન કર્યું છે.

આ ઉપરથી કહી શકાય કે બન્ને કવિઓએ સમકિતને મેળવવા માટે જીવની

ભૂમિકા, ન મળ્યું હોય તો મેળવવા શું કરવું, સમકિત મળ્યું હોય તો તેને ટકાવવા જીવે શું શું કરવું વગેરે આલેખન કર્યું છે.

કાવ્ય રચના કરવી તે દરેક કવિની અલગ-અલગ શૈલી હોય છે. બન્ને કવિની રચના શક્તિ અદ્‌ભૂત છે. વિષયની સામ્યતા છે, વિષયનો પાયો એક સરખો જ છે.

બન્ને રચનામાં ભરપૂર તત્ત્વનું નિરૂપણ કર્યું છે. વિષયનો રસ ન તૂટે માટે બન્ને રચનામાં કથારસ નાંખ્યો છે. એવું કહી શકાય કે, ''જાણે કડવી દવા પીવડાવવા માઁ દવા ઉપર ગોળ લગાડી આપે જેથી બાળક તરત ગળી જાય.''

તેવી જ રીતે આ બન્ને અબુધ-અજ્ઞાની જીવો માટે માઁ સમાન કામ કર્યું છે. તત્ત્વરૂપી કડવી દવા કથારસ રૂપી ગોળ લગાડી ખવડાવ્યું છે. જેમ માઁને બાળક સાજો થવામાં રસ હોય તેમ બન્ને રચનાકારને જીવો મોક્ષની સીડીના પાયા રૂપ 'સમ્યક્ત્વ' પામે એજ ઉત્તમ ભાવના છે.

| | 'સમકિત સાર રાસ'' | સમકિતના ૬૭ બોલની સજ્ઝાય' |
|---|---|---|
| કર્તા:- | કવિ ઋષભદાસ | ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ |
| ભાષા:- | જૂની ગુજરાતી | જૂની ગુજરાતી |
| કડી:- | ૮૭૯ કડી | ૬૮ |
| વિષય:- | સમ્યક્ત્વ | સમ્યક્ત્વ |
| દ્વાર:- | ૧૨ દ્વારનું વર્ણન | ૧૨ દ્વારનું વર્ણન |
| બોલ:- | ૬૭ બોલ | ૬૭ બોલ |
| ઢબ:- | પદ્ય | પદ્ય |
| રસ:- | તાત્ત્વિક | તાત્ત્વિક |
| સ્વરૂપ:- | રાસા સ્વરૂપ<br>કથા રસ | સજ્ઝાય સ્વરૂપ<br>કથા રસ |

કવિ ઋષભદાસે 'સમકિત સાર રાસ'ની રચના રાસા સ્વરૂપમાં ૮૭૯ કડીમાં વિસ્તૃત રૂપે કરી છે. કારણકે રાસાના સ્વરૂપમાં વિષયનો વિસ્તાર કરીને કહેવામાં

આવે છે. જ્યારે ઉપાધ્યાય યશોવિજયજીએ સમકિતના ૬૭ બોલની રચના બોલ સ્વરૂપમાં કરી છે. તેથી ૬૮ કડીમાં લાઘવયુક્ત શૈલીમાં અભિવ્યક્તિ સાધી છે.આમ બન્ને કવિએ વિષય કુશળતાપૂર્વક નિરૂપ્યો છે.

બન્ને વિષય રસપ્રદ છે. હૃદયસ્પર્શી નિરૂપણ કર્યું છે. શ્રોતાવર્ગનો રસ જળવાઈ રહે તે રીતે કવિ ઋષભદાસ અને ઉ.યશોવિજયજીએ પદ્ય શૈલીમાં આલેખન કર્યું છે. બન્ને રચના તાત્ત્વિક રસથી તરબોળ છે. જે પીતા હંમેશા શાશ્વત આનંદ અનુભવવા તરફ જવાય. એમ કહી શકાય કે મધ્યકાલીન યુગમાં અદ્‌ભૂત રચનાઓ બની છે. જેના લીધે ગુજરાતી સાહિત્ય જીવંત રહ્યું છે.

કવિ ઋષભદાસ તથાઉ.યશોવિજયજી જેવા મહાન રત્નો અને તેમની વિવિધ રચનાઓ મળવી એ જૈન સમાજનો મોટો પુણ્યોદય છે.

## પાદનોંધ:

| ક્ર. | નામ | લેખક | આવૃત્તિ | પાના નં |
|---|---|---|---|---|
| ૧. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી | પ્રથમ | ૧૪ |
| ૨. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૧ |
| ૩. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૧૫ |
| ૪. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૧૭ |
| ૫. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૪૧ |
| ૬. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૪૪ |
| ૭. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૪૧ |
| ૮. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૫૧ |
| ૯. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૫૯ |
| ૧૦. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૭૮ |
| ૧૧. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૭૦ |
| ૧૨. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૮૨ |
| ૧૩. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૮૫ |
| ૧૪. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૯૯ |
| ૧૫. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૧૦૩ |
| ૧૬. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૧૦૮ |
| ૧૭. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૧૧૧ |
| ૧૮. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૧૧૯ |
| ૧૯. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૧૩૫ |
| ૨૦. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૧૩૦ |
| ૨૧. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૧૩૦ |
| ૨૨. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૧૬૧ |
| ૨૩. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૧૪૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૨૨૨ |
| ૨૫. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૨૪૯ |
| ૨૬. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૧૭૩ |
| ૨૭. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૧૯૮ |
| ૨૮. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૨૭૭ |
| ૨૯. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૨૯૨ |
| ૩૦. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૨૯૨ |
| ૩૧. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૨૧૮ |
| ૩૨. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૩૧૨ |
| ૩૩. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૩૧૨ |
| ૩૪. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૩૨૩ |
| ૩૫. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૩૨૪ |
| ૩૬. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૨૩૪ |
| ૩૭. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૩૨૪ |
| ૩૮. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૨૩૫ |
| ૩૯. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૩૨૬ |
| ૪૦. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૩૨૬ |
| ૪૧. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૩૨૭ |
| ૪૨. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૩૨૮ |
| ૪૩. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૨૩૫ |
| ૪૪. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૩૩૫ |
| ૪૫. | ધરિયે સમકિત રંગ | પૂ.અજિતશેખરસૂરિજી | પ્રથમ | ૨૩૫ |
| ૪૬. | શ્રીસમ્યક્ત્વ સપ્તતિ | શ્રીમદ્ હરિભદ્રસૂરિજી | પ્રથમ | ૩૩૬ |
| ૪૭. | સમ્મત્તમ | ડૉ.ભાનુબેન શાહ | પ્રથમ | ૪૯ |
| ૪૮. | સમ્મત્તમ | | | ૫૫ |

| | | | |
|---|---|---|---|
| ૪૯. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | ડૉ.ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા | પ્રથમ | ૧૦ |
| ૫૦. સમ્મત્તમ | ડૉ.ભાનુબેન શાહ | પ્રથમ | ૭૫ |
| ૫૧. સમ્મત્તમ | ડૉ.ભાનુબેન શાહ | પ્રથમ | ૨૩૪ |
| ૫૨. સમ્મત્તમ | ડૉ.ભાનુબેન શાહ | પ્રથમ | ૨૭૯ |
| ૫૩. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | ડૉ.ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા | પ્રથમ | ૧૪૦ |
| ૫૪. સમ્મત્તમ | ડૉ.ભાનુબેન શાહ | પ્રથમ | ૨૭૯-૮૦ |
| ૫૫. સમ્મત્તમ | ડૉ.ભાનુબેન શાહ | પ્રથમ | ૨૮૦ |
| ૫૬. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | ડૉ.ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા | પ્રથમ | ૧૮૯ |
| ૫૭. સમ્મત્તમ | ડૉ.ભાનુબેન શાહ | પ્રથમ | ૨૮૦ |
| ૫૮. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | ડૉ.ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા | પ્રથમ | ૧૯૩ |
| ૫૯. સમ્મત્તમ | ડૉ.ભાનુબેન શાહ | પ્રથમ | ૨૮૦ |
| ૬૦. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | ડૉ.ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા | પ્રથમ | ૧૯૯ |
| ૬૧. સમ્મત્તમ | ડૉ.ભાનુબેન શાહ | પ્રથમ | ૩૦૦ |

# પ્રકરણ-૬

## ઉપસંહાર

સમકિતના ૬૭ બોલની સજ્ઝાયનો જ્યારે અભ્યાસ કરીએ ત્યારે એમ કહી શકાય કે, આ સજ્ઝાય એ ''સિધ્ધશીલા રૂપી કોલેજમાં જવા માટે નર્સરી રૂપે છે.'' જેમ નર્સરીએ પાયો છે. તેમ મોક્ષમાં જવા માટે સમ્યગ્દર્શન એ પાયો છે. એની સ્પર્શના થયા પછી જ કર્મરૂપી બેડીઓ તૂટવા માંડે છે. સમ્યક્દર્શન મેળવવા જીવે જાતેજ પુરુષાર્થ કરવાનો છે. ચાર ગતિમાં ઉત્તમ એવી મનુષ્યગતિ મળી, પાંચે ઇન્દ્રિયોની પૂર્ણતા મળી, સંસ્કારી, ધાર્મિક પરિવાર મળ્યો, સંત-મહાત્માઓ જ્યાં હંમેશા વિચરે છે તેવી આર્ય ભૂમિ મળી, આ બધી જ અનુકુળતા મળ્યા પછી પણ જીવ સ્વના કલ્યાણ માટે મહેનત કરતો નથી. જીવ આ બધું જ જાણે છે. આ ભવ મળ્યાની દુર્લભતા સમજે છે. છતાં પણ આમાંથી ઉઠવા માટેનો પ્રયત્ન જ નથી કરતો અને તેથી જ આ ભવ ગુમાવી અનંતા ભવોમાં રખડે છે.

સંસારી ભોગ સુખ પાછળ એવો દોડે છે કે એને સ્વનું ભાન જ ભુલાઇ ગયું છે. એ જ વસ્તુ, એ જ વ્યકિત ગમે જેમાં ભોગરૂપી વાસનાઓની તૃપ્તિ થાય. એ જ વાતાવરણમાં રહેવું ગમે જ્યાં તેનો અહંકાર પોષાય, જેના કારણે આત્માના અનંતાગુણો વિસરાઇ ગયા છે.

જ્ઞાની ભગવંતો દરેક શાસ્ત્રમાં, વિવિધગ્રંથોમાં, વિવિધ અનુષ્ઠાનો દ્વારા જીવને સ્વનું ભાન કરાવવા પ્રયત્ન કરે છે. જીવના મોહને દૂર કરી જાગૃત કરવા અલગ-અલગ સ્વરૂપે વર્ણન કરી મોક્ષરૂપી કેડીમાં સાથે લઇ જવા પ્રયત્ન કરે છે. પરંતુ જીવ ભૌતિક સુખ જે ક્ષણિક છે તેમાં એવો ઘેલો બન્યો છે કે તે આગળ ચાલવા તૈયાર થતો નથી.

'બાળક માંદો પડે તો મા તેને કડવી દવા પીવડાવે છે. જેનાથી તેનું સ્વાસ્થ્ય સારું થાય' તેવી જ રીતે 'ભવરૂપી રોગ દૂર થાય તે માટે જીવને જ્ઞાનરૂપી દવા આપીને તેને બચાવવા જાય છે. કડવી દવા માટે જેમ બાળક અજ્ઞાન હોવાથી આનાકાની કરે તેમ સંસારી જીવ આરાધના અને જ્ઞાનની વાતમાં અરુચિ બતાડે છે.'

જીવ કદાચ પોતાના જીવનમાં સંયોગાધીન કે કર્માધીન થઇ. આરંભ-સમારંભનો ત્યાગ ન કરી શકતો હોય, નિરારંભી-નિષ્પરિગ્રહી ન બની શકતો હોય. જિતેન્દ્રિય ન

બની શકતો હોય તો પણ આત્મા પોતાને જે મળ્યું છે તેનું દયા-દાન કરે, સાત ક્ષેત્રમાં ભક્તિ કરે તો આરંભ-સમારંભ વચ્ચે રહીને પણ સમકિત પામી શકે છે. અને ટકાવી શકે છે. જિતેન્દ્રિય બનો, નિરારંભી બનો, નિષ્પરિગ્રહી બનો, એ મોક્ષમાર્ગ છે. એ ન કરી શકતો હોય તો પ્રભુએ બીજો માર્ગ પણ બતાવ્યો છે કે આત્માને જે શક્તિઓ મળી છે, તે મળેલી શક્તિઓનો સદુપયોગ કરો. સાત ક્ષેત્રમાં વ્યય કરો. દર્શનાચારનું પાલન કરો તો સમ્યક્ત્વ પામી શકાય છે. અને સમકિત ટકી રહે છે.

જે પરોપકારના માર્ગે પ્રયાણ કરે છે. તે પોતાના જીવનમાં પ્રેમ તત્ત્વને ટકાવે છે. અને તેને કષાય ઉભાં થતાં નથી. ગમે તેટલા તપ ત્યાગ હોય. નિષ્પરિગ્રહતા હોય તો પણ જો પ્રેમ તત્ત્વ ન ખીલે, કષાયો આવે તો સમકિત જવાની પૂર્ણ શકયતા છે. પ્રેમ એ લેવાની ચીજ નથી, આપવાની ચીજ છે, ઉત્પન્ન કરવાની ચીજ છે. કષાય એ છોડવાની ચીજ છે. દર્શનાચાર એ પ્રેમદૃષ્ટિ છે. જીવ માત્રમાં પ્રભુનું દર્શન, જીવમાત્રમાં પરમાત્મ તત્ત્વનું દર્શન એ દર્શનાચારની પરાકાષ્ઠા છે. આવા જીવને સમકિતની પ્રાપ્તિ અને સમકિત ટકાવવું સહેલું છે.[1]

સમકિતને ટકાવવા એક સુંદર અને સરળ માર્ગ છે, ભક્તિમાર્ગ. વાસના અને ભક્તિ બન્નેમાં શક્તિ તો પ્રેમની જ છે. અને તેથી બન્નેમાં અમુક સમાનતા રહેલી છે. જ્યારે પ્રેમ જાગે ત્યારે હૃદયમાં અગ્નિ ઉત્પન્ન થાય છે. પછી તે વાસના હોય કે ભક્તિ. પ્રેમ જાગે ત્યારે આગ પ્રગટે છે. પ્રેમપાત્રના મિલનની આકાંક્ષા જાગે છે. વિરહ અને વેદના રહે છે. એક પીડા સળગે છે. વાસનામાં પણ આગ હોય અને ભક્તિમાં પણ આગ હોય છે. પણ બન્નેમાં ફરક છે. વાસનાની આગ બાળે છે. ભક્તિની આગ શુધ્ધ કરે છે. વાસનાની આગ મૂર્ચ્છિત કરે છે, ભકિતની આગ જગાડે છે. વાસનાની આગ શરીરનું ભાન કરાવે છે, ભક્તિની આગ શરીરનું વિસ્મરણ કરાવે છે. વાસનાની આગ કર્તાભાવની વૃધ્ધિ કરે છે. ભક્તિની આગ કર્તાભાવનો નાશ કરે છે. બન્નેમાં આગ પ્રગટે છે. પણ કાર્ય જુદા થાય છે. એકમાં શુધ્ધભાવનો નાશ થાય છે. બીજામાં શુધ્ધભાવની વૃધ્ધિ થાય છે.[2]

ભક્તિ જાગે ત્યારે જીવ પરમાત્મામય બનવા પ્રયત્ન કરે છે. જેનાથી કર્તૃત્વભાવ વિલીન થતો જાય છે. અને 'તું' મૂલ્યવાન બને છે. અને 'હું' ભાવ ઓગળતો જાય છે. જીવ ધીરે ધીરે અહંભાવરહિત થતો જાય છે, અને શુધ્ધ પ્રેમને પામતો જાય છે. અને અંતે પરમાત્મ રૂપ બની જાય છે.

પરમાત્માની ખોજ બે માર્ગથી થાય છે. એક જ્ઞાનમાર્ગ અને બીજો ભકિતમાર્ગ છે. બન્ને માર્ગ સાચા છે. બન્ને માર્ગથી મંજિલ પ્રાપ્ત થાય છે પણ બન્નેની પધ્ધતિ ભિન્ન છે. જે પરમાત્માની શોધ સત્ય તરીકે કરે છે. તેનો માર્ગ રસમય નથી હોતો કે જે પરમાત્માને પ્રીતમ તરીકે જુએ છે. પ્રીતમ તરીકે પરમાત્માને સ્વીકારી અનુસંધાન કરનાર સાધકનો માર્ગ ભક્તિમાર્ગ છે. ભક્તિના માર્ગમાં રસ છે, સંગીત છે, નૃત્ય છે. ભક્તિનો માર્ગ સરળ છે. સુગમ છે.

મહાયોગી પરમ પૂજ્ય આનંદઘનજીના શબ્દો યાદ આવે છે કે,

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે,
ઔર ન ચાહું રે કંત,
રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે રે,
ભાંગે સાદિ અનંત... (૧)

ભક્ત પ્રભુને પ્રીતમ તરીકે જુએ છે. અને પોતાને પ્રેયસી તરીકે માને છે. તેની ભાષા એક વિરહિણી સ્ત્રીની છે. તે જે પ્રેમની વાત કરે છે, તે સંસારગત પ્રેમની નહિ, ભૌતિક પ્રેમની નહિ, પણ લોકોત્તર, અધ્યાત્મિક પ્રેમની. જેમ સ્ત્રીને વિરહમાં કોઈ વસ્તુમાં રસ પડતો નથી તેમ પરમાત્માના વિરહમાં ભક્તને પાંચ ઈન્દ્રિયના વિષયો લોભાવતા નથી, તેને રસ પડતો નથી.

ભક્તિ દ્વારા ભક્ત હૃદય સરળતાથી પરમાત્મામય બની જાય છે. અને અનાદિ મિથ્યાત્વને ક્ષણવારમાં તોડીને સમ્યગ્દર્શનની અનુભૂતિમાં સહજતાએ વળે છે.

પરમાત્મા ભક્તિએ પ્રથમ યોગ બીજ છે. મન-વચન-કાયાથી જિનભક્તિ કરવાની છે. આત્માને ભક્તિભાવથી ભાવિત કરવાનો છે. પદ્મપ્રભ સ્વામિના સ્તવનમાં ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે કે, ''સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝેજી, હોડા હોડે રે બેહું રસ રીઝથી, મનમાં મનોરથ સીઝેજી.'' કવિ કહે છે કે, હે પ્રભો! આપ તો સંસારમાંથી નીકળી ગયા છો. મોક્ષમાં પહોંચી ગયા છો. અનંત આનંદમાં બિરાજો છો. અનંતસુખને ભોગવી રહ્યા છો. અમારી ભક્તિને આપ નજરમાં લેતાં નથી. આપની સાથે સ્નેહ-પ્રીત કેવી રીતે કરવી? વીતરાગના પુરમાં આપ વહી રહ્યા છો... અમારી ભક્તિ આપને નજરમાં નથી આવતી રે.

કવિ કહે છે કે,-ભક્તિમાં રૂબરૂ આવીને મળવાની કંઇ જરૂર નથી. પરમાત્માની સાથે પ્રીત કરવી છે.? તો ભાવન રસ ઉભો કરી દ્યો... ''રસ હોય તિહાં દોય રીઝેજી.'' પરમાત્માની સાથે ભાવ ના રસ ઉભો કરવો એ શ્રેષ્ઠ ભક્તિ છે.[3]

પરમાત્મા માટેનો પ્રેમ વાણીમાં આવી શકે તેમ નથી. તેને શબ્દ દ્વારા પ્રગટ કરવાની કોશિશ હંમેશા થઇ છે. સંતો અને કવિઓએ તેને કાવ્યમાં મૂકવાનો ખૂબ પ્રયત્ન કર્યો છે. પરંતુ તેમની ચેષ્ટા એક નાના બાળક જેવી નીવડે છે કે જે ખૂબ કહેવા ઇચ્છે છે, અભિવ્યક્ત કરવા ઇચ્છે છે. પણ તેની પાસે શબ્દ નથી. તેની અનુભૂતિ તો ખૂબ ગહન અને વિરાટ હોય છે. ભાષા નાની પડે છે. શબ્દો તેને પ્રગટ કરી શકતા નથી. બાળક જેમ તોતડું બોલે છે. તેમ પ્રેમના વિષયમાં બોલાય છે. પણ પૂરું અભિવ્યકત થતું નથી. વળી વાણીમાં ન આવી શકવાનું બીજું કારણ એ પણ છે કે, ત્યાં બોલનારો રહ્યો જ નથી હોતો! જ્યાં પ્રેમ પૂર્ણ થાય છે ત્યાં શૂન્ય થઇ જવાય છે. દ્વૈત નાશ પામે છે. કર્મકૃત વ્યક્તિત્ત્વ પરમમાં વિલીન થઇ જાય છે. પ્રેમ પૂર્ણતાએ પહોંચે છે. ત્યાં મૌન ઘટે છે. કારણ કે કહેવાવાળો રહ્યો જ નથી! ભક્તિ એટલે પરમપ્રેમ- એવો પ્રેમ કે જેમાં પોતે વિલીન થઇ જાય છે. ઝોળી નાની લાગે છે. માંગવાવાળાનું હૃદય નાનું પ્રતીત થાય છે. જેમ બુંદમાં સાગર ઉતરી આવે અને જે દશા બુંદની થાય તેવી જ દશા ભક્તની થાય છે. આ એક ગહન અનુભૂતિ છે કે જે વાણીમાં આવી શકે તેમ નથી. ક્યારેક ક્યારેક એવો અનુભવ થયો જ હશે કે, પરમાત્માની છત્ર છાયામાં બેઠા હોઇએ, તેઓ મૌન હોય છતાં આપણને લાગે કે આપણે અચાનક ભરાઇ રહ્યા છે. હાથમાં કાંઇ પ્રગટ રૂપે આપ્યું ન હોય છતાં હાથ ભરાઇ ગયા હોય. તેઓ કંઇ આપે તો પ્રગટ કરવું સહેલું છે. પણ આ તો મૌનમાં મળે છે. શૂન્યમાંથી આવે છે. આ પ્રતીત થાય છે. પણ કહી શકાતું નથી. એ અનુભૂતિ આવે છે. ત્યારે મસ્તીરૂપે આવે છે. શબ્દ રૂપે નહિ. નશારૂપે આવે છે. પોતારૂપે રહેવાતું નથી. બધું બદલાઇ જાય છે. મતિની ગતિ નથી. અનુભૂતિ છે પણ અભિવ્યક્તિ નથી.

આમ ભક્તિ દ્વારા કષાયોની તીવ્રતા ઘટે છે. અને પરમપદને પામવાની કેડી મળે છે. વધુ શું લખું પણ એટલું જરૂરથી કહી શકે,

ઉપાધ્યાય યશોવિજયજીએ સજ્ઝાયના સ્વરૂપમાં આખું જે જ્ઞાન પીરસ્યું છે. તે ભક્તિથી તરબોળ છે. એ સજ્ઝાયના વર્ણન પરથી તેમની ઊંચી દશાનો ખ્યાલ આવ્યા વગર રહેતો નથી. ખરેખર જ્ઞાન-ભક્તિનો સુમેળ સજ્ઝાયમાં ઉપસી આવે છે.

ભકત હૃદયને જ્ઞાન દ્વારા શુધ્ધિ તરફ લઈ જવાનું સરળ બનાવી દીધું.

આ સજ્ઝાયમાં ઉપાધ્યાય યશોવિજયજીએ આત્માનો મુખ્યગુણ જે સમ્યગ્દર્શન છે, તેને બતાવી જીવને જાગૃત કરવા ખૂબ પ્રયત્ન કર્યો છે. જૈન શાસનમાં ગેયતા રૂપે સ્તવનો, કાવ્યો, રાસાઓ, ફાગુઓ વગેરે ખૂબ રચાય છે જેનાથી અજ્ઞાની જીવને તેના દ્વારા સરળતાથી બોધ થાય અને તે ક્રમશઃ આત્માની ઉત્તમ ભૂમિકા ઉપર આરૂઢ થાય. પૂર્વના આચાર્યો, મહાપુરુષોના જીવનના પ્રસંગોનું વર્ણન સજ્ઝાયમાં કરવામાં આવે છે. જે સાંભળતા જીવની અંદર આત્માની શક્તિ ફોરવવાની ઇચ્છા થાય, બોધ પામે. સજ્ઝાયો મોટે ભાગે જ્ઞાન ગર્ભિત હોય છે. તેનાથી જીવ આગળ વધીને શુધ્ધતાને પામે. સજ્ઝાય શ્રાવક જીવનમાં પ્રતિક્રમણ વખતે બોલવામાં આવે છે. પ્રતિક્રમણ એટલે પાપની આલોચના. જ્યારે જીવ પાપની આલોચના કરતો હોય ત્યારે શાંત થઈ, કોમળ હૃદયે કરે છે. લોકમાં કહેવાય છે કે, જ્યારે લોઢું તપ્યું હોય ત્યારે ઘા કરીએ તો બરાબર આકાર બને છે. તેમ જીવ ભાવ દ્વારા પ્રભાવિત થયો હોય ત્યારે જ્ઞાન રૂપી હથોડો મારવામાં આવે તો અનંતા કર્મોના ભુક્કા ક્ષણવારમાં થઈ જાય છે.

આમ સજ્ઝાયના માધ્યમથી જીવને બોધ પમાડવા સુંદર પ્રયત્ન કર્યો છે. અહીં બીજા અધ્યાયમાં પરમ પૂજ્ય યશોવિજયજીના જીવન અને કવનનું વર્ણન છે. પૂજ્ય યશોવિજયજીની જીવનરૂપરેખા માટે શબ્દો ઓછા પડે. નજીકના સમયમાં થયેલ મહાન ધુરન્ધર, ન્યાયાચાર્ય આવા ગુરૂદેવ મળવા એ મોટા પુણ્યનો ઉદય હોય તો શક્ય છે. તેમણે વિવિધગ્રંથોની રચના કરીને જૈનસમાજને અમૂલ્ય ખજાનો ભેટ કર્યો છે. એમની એક સજ્ઝાય જીવના આત્માને ઢંઢોળી નાંખે છે. મોક્ષ માટેની તાલાવેલી જગાડે છે. તેના જીવનમાં વિનય આદિ ગુણો પ્રગટે છે. પરમાત્મા માટેની શ્રધ્ધા મજબૂત બને છે. જીવનમાં મન-વચન-કાયાની શુધ્ધિ કેવી રીતે પાળવી તેનો નિર્મળ માર્ગ આપે છે. શ્રાવકના જીવનમાં પરિવર્તન લાવવા શ્રુતનો આધાર લઈ શુધ્ધિ કરવી. આ ઉપરાંત શાસન પ્રભાવકોના વર્ણન દ્વારા તેનામાં એવી પ્રભાવના કરવી જોઈએ, તેવી પ્રેરણા કરે છે. આગળ વધતા જીવને આત્માનું મુખ્ય લક્ષ મોક્ષ છે, તે પામવા, ટકાવવા કેવા પ્રાથમિક ભાવ કરવા તે જણાવે છે. આમ જીવને આગળ વધવું, ચિંતારહિત, સરળતાથી સ્વના સ્વરૂપને પામવાની પ્યાસ જગાવે છે. અત્રે તેમણે જે ૬૭ બોલ કે ગુણ વર્ણવ્યા છે. તેની ઉપર એક રસપ્રદ ઐતહાસિક કથાના વર્ણનથી દરેક ગુણ સરળતાથી સમજી શકાય અને એનો વિકાસ થાય તેવું જણાવ્યું

છે. જેમકે, પહેલો અધિકાર વર્ણવ્યો છે તેમાં ચાર શ્રધ્ધાનું વર્ણન કર્યુ છે. તેમાં અભયકુમાર, પુષ્પચૂલા સાધ્વીનું, જમાલિનું, ગૌતમસ્વામીનું વર્ણન કરીને પહેલો અધિકાર સમજાવ્યો છે. બીજો અધિકાર જે ઉપાધ્યાય યશોવિજયજી એ વર્ણવ્યો છે. તેની અંદર ત્રણ લિંગનું વર્ણન છે. તેને પણ અહિં દષ્ટાન્ત દ્વારા વર્ણવ્યો છે. જેમાં સુદર્શનશ્રેષ્ઠી, ચિલાતી પુત્ર, નંદિષેણ વગેરેના વર્ણન કરીને જણાવ્યું છે. આમ ૧૦ પ્રકારના વિનયમાં ભુવનતિલકનો પ્રબંધ સમજાવ્યો છે. ત્રણ શુધ્ધિમાં આનંદ શ્રાવકનું, કાલિકાચાર્યનું,વજકર્ણનું દષ્ટાંત આદિ સમજાવી જીવનમાં ઉતારવા લઘુ પ્રયત્ન કર્યો છે.

આમ વિવિધ ૧૨ અધિકારને ઉ.યશોવિજયજીએ સુંદર ઢાળોમાં ઢાળીને શ્રોતા વર્ગનો રસ ન તૂટે એ રીતે સ્વનું ભાન કરાવવા અથાગ મહેનત કરી છે.

આ ઉપરાંત પ્રકરણ ૪ની અંદર સમકિતનું સ્વરૂપ આલેખ્યું છે. સમકિત એ અનાદિકાળથી રખડતા આત્માને તે રખડપટ્ટી અટકાવી શકે તેવું સર્ટિફિકેટ છે. આ પામવા દરેક જીવે અથાગ પ્રયત્ન કરવો જોઈએ. આજની ફાસ્ટ લાઈફમાં જીવ ધન માટે ખૂબ દોડે છે પણ શાંતિનો અનુભવ કે સંતોષ નથી. એક ઉદાહરણથી સમજીએ. ધારો કે એક પરિવારમાં ૬ સભ્યો છે. માતા. પિતા, પતિ, પત્ની, બે બાળકો. હવે કમાવવા માટે પિતા અને પતિ બન્ને બહાર જાય છે. બાળકો સ્કુલ જાય છે. બધા આખો દિવસ મહેનત કરવા છત્તાં પણ આખો પરિવાર એક સાથે જમવા બેસી શકતો નથી. બધાના સમય અલગ છે. ભૌતિક સુખ ખૂબ મળ્યું પણ આંતરકિ શાંતિ મળતી નથી. પરિવારમાં રહેવા છતાં એક-બીજાની સાથે વાત કરવાનો સમય નથી. પરિણામ એજ કે, ડીપ્રેશન આજના સમાજમાં આ બિમારી વાયુવેગે પ્રસરી ગઈ છે. માણસને શાંતિ નથી. ભૌતિકસુખ પાછળ ભાગે છે. જેનાથી ટેન્શન આવીને દુ:ખી થાય છે. શાંતિ સંયુક્તમાં બેસવાથી, વિચારોની આપ-લે કરવાથી છે. પણ તેને સુખ ભૌતિકમાં લાગે છે. પરિણામે શાંતિ મેળવવા તેને અમેરિકા, લંડન, લોનાવાલા વિવિધ સ્થળોએ ફરવા જવું પડે છે. પહેલાના કાળમાં માણસ બહારથી આવે અને બધા પરિવાર સાથે બેસે એટલે પરમસુખ. પરંતુ આજના કાળમાં ઘણા જીવો આ રીતે ભટકી ગયા છે. ખરેખર સુખ બહાર નથી પરંતુ અંદર છે. જેવો જીવ સમકિત પામવાના લક્ષ તરફ પણ જશે તે સમાધિ તરફ, શાંતિ તરફ, સહજ આનંદમાં રહેવા લાગશે.

દરેક ધર્મની અંદર સમકિત સમજાવ્યું જ છે. ભલે બધાની પરિભાષા જુદી છે. પરંતુ જીવને કષાયમાંથી વિરમી સ્વમાં લીન થવાની જ પ્રેરણા છે. માટે જીવે આ અમૂલ્ય રત્ન સમાન સમકિતને મેળવવા પુરુષાર્થ કરવો જોઈએ.

અહિંયા, જૈનધર્મમાં આગમમાં તથા વિવિધ ગ્રંથોમાં ક્યાં ઉલ્લેખ છે તે વર્ણવ્યું છે. આ ઉપરાંત હિન્દુ ધર્મમાં સાંખ્યદર્શન, બૌધ્ધધર્મમાં યોગદર્શન, ન્યાયવૈશેષિક દર્શન, વેદાંત દર્શન, આદિમાં સમકિતનું વર્ણન કર્યું છે. અનાદિ કાળમાં રખડતો જીવ સૌ પ્રથમ સમકિત પામે ત્યારે તેને ગ્રંથિભેદ કહેવાય. તે પામવાની રીત ઉલ્લેખી જીવને સમજાવવા પ્રયત્ન કર્યો છે. જીવની અંદર ભક્તિ ત્યારે જાગે જ્યારે અહંકાર ઓગળે. જીવ જન્મે ત્યારથી વિવિધ અહંકારોમાં રખડતો રહે છે. અને ભૂંડને જેમ વિષ્ટામાં આનંદ આવે તેમ જીવને અહંકારમાં મજા આવે છે. ભક્તિનો અર્થ છે અહંકારને વિસર્જિત કરવાની કળા. જ્યાં ભક્તિ હોય છે, ભક્તિમયતા હોય છે. ત્યાં અન્યની સ્વતંત્રતા, એના મત, એની ઈચ્છાનો પણ આદર થાય છે. કંઈ સિધ્ધ કરવાની કે કંઈ બતાવી આપવાની વૃત્તિ નથી હોતી, કરુણા અને મૈત્રી હોય છે.

બાળક હતો ત્યારે મનુષ્ય પ્રેમમય હતો. તે વખતે તેના હૃદયનાં બધાં દ્વાર ખુલ્લાં હતાં. બધા માટે ત્યાં સ્વાગત ભાવ હતો, બધા પ્રત્યે મૈત્રી હતી. મોટો થતાં મૈત્રી તૂટી. દુશ્મનો વધ્યા, આક્રમણનો ભય જાગ્યો અને તેથી સુરક્ષાની વ્યવસ્થા કરવી પડી. હવે વસ્તુ અને વ્યકિત પ્રત્યે તેને માલિકી ભાવ રહે છે. પોતાની આજુબાજુ દીવાલ પર દીવાલ બનાવતો જાય છે. એક પણ બારી તે રાખતો નથી. પરિણામે તેનું જીવન કબર જેવું બની જાય છે. બાળકોને આ પ્રમાણે શિક્ષણ અપાતું ગયું. અહં વધ્યો, હૃદય સંકોચાયું. પ્રેમનું મૃત્યુ થયું. સ્વાર્થ વાસના આદિ જન્મ્યાં. વળી તેને હંમેશા શીખવવામાં આવતું કે બીજા બધા કરતાં પહેલા આવવું. તેને સ્પર્ધા, પ્રતિયોગિતામાં જોડવામાં આવ્યો. આ ભાવ ન હતો ત્યાં સુધી બધા મિત્ર હતા આ ભાવ આવતાં જ બધા પ્રતિસ્પર્ધી બન્યા, શત્રુ બન્યા, મૈત્રી તૂટી, બાળકોને સંતોષ અને સ્વીકારભાવનું શિક્ષણ આપવાને બદલે તેમને મહત્ત્વકાંક્ષી બનવાનું શિક્ષણ આપવામાં આવ્યું. આમ, દુનિયા તરફથી એક સરખાં લક્ષ્મીવૃધ્ધિ, પરિવાર વૃધ્ધિ, પદ-પ્રતિષ્ઠા વૃધ્ધિનાંજ સંકેત અને પ્રોત્સાહન મળતા રહ્યા જેનાથી જીવની અંદર રહેલા વાસનાના સંસ્કારને જાગૃત કરે છે. જેનાથી તેનો પરમાત્મા સાથેનો સંબધ તૂટે છે.[૪]

પ્રેમનો અર્થ છે. કેન્દ્રનું રૂપાંતરણ. અહંકાર માને છે કે હું મહત્ત્વનો છું. પ્રેમ માને છે તું મહત્ત્વનો છે. અહંકાર વિધ્વંસક છે. અહંકારી જીવ કોઈને પ્રેમ કરે છે તો પણ વધારે મેળવવાની આકાંક્ષાથી જ ! અહંકારી જીવ પોતાની ઉપસ્થિતિની નોંધ લેવાય તે માટે અન્યની સ્વતંત્રતાનો આદર કરવાને બદલે એનો નાશ કરવા મથે છે.

આમ અહંકારમાં રાચતા જીવને સ્વનું ભાન નથી. પરમાત્મા તરફ પ્રીતિ નથી. પ્રવૃત્તિમાં દેખાડવામાં બધું જ છે. પણ હૃદય ખાલી છે. તેથી શાંતિનો, સાચી તૃપ્તિનો રસ મળતો નથી. માટે જ સમકિત પામવાની પૂર્વ ભૂમિકા અહંકારને ઓગાળવો પડે, તેના માટે વિનય, ભક્તિ, વૈયાવચ્ચ ઉત્તમ કાર્યો છે. જેનાથી અહંને ઓગળવું જ પડે. વિનય ત્યારે જ થાય જ્યારે સામી વ્યકિતને તમે નમો. ભક્તિ ત્યારે જ થાય જ્યારે પરમાત્મામય બનો. વૈયાવચ્ચ જ્યારે પરગજુ સ્વભાવ હોય તો કરી શકો. આમ આ ત્રણ વસ્તુને જીવનમાં પ્રાધાન્ય આપવાવાળા જીવને અહં સતાવી શકતો નથી. જેવો અહં ઓગળે એટલે સ્વનું ભાન થયા વગર રહેતું નથી અને સ્વમાં લીન થનાર જીવને સમકિત સરળતાથી પ્રાપ્ત થાય છે.

દરેક આત્મા આની મહત્તા સમજે અને જો પુરુષાર્થ કરે તો જીવનમાં આનંદ જ આનંદ છે.

પરમ પૂજ્ય આચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી, ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ, કવિ ઋષભદાસ દ્વારા જે વિવિધ ગ્રંથોની આપણને ભેટ મળી છે, તે ખરેખર મોક્ષમાર્ગમાં જવા માટે ગાઈડ લાઈનનું કામ કરે છે. પૂર્વે રચાયેલી આ કૃતિઓ અત્યારે પણ વાંચીએ છીએ તો આપણા રૂંવાડાને આનંદિત કરી દે છે. એક અનુપમ સ્પર્શના કરાવે છે. તો તે સાધકો કેવી ઉત્તમ કોટીના હશે ? તે કલ્પના પણ કરી શકાય તેમ નથી.

આવા ઉત્તમ મહાપુરુષો દ્વારા મળેલ અમૂલ્ય સાહિત્યના વારસાનો ઉપયોગ દુર્લભ એવા મનુષ્યભવની સાર્થકતા માટે દરેક આત્માએ કરવો જોઈએ.

પ્રભુનું શાસન મળ્યું છે તેની મહત્તા સમજી આ જીવનને સાકાર કરો એજ મંગલ ભાવ.

# પાદનોંધ

| | | | |
|---|---|---|---|
| ૧. | યોગદષ્ટિનાં અજવાળાં<br>ભાગ ૨ આવૃત્તિ-૧ | મૂક્તિદર્શનવિજયજી મહારાજ<br>પ્રકાશક શ્રી ધર્મનાથ પો.હે<br>જૈન નગર શ્વે.મુ. | |
| ૨. | પૂજા મૂલં ગુરુપદં<br>આવૃત્તિ-૨ | પૂજ્યગુરુદેવ શ્રી રાકેશ ભાઈ,<br>પ્રકાશક-શ્રીમદ્ રાજચંદ્ર,<br>જૈન સંઘ, મોહનગઢ, ધરમપુર. | |
| ૩. | યોગદષ્ટિનાં અજવાળાં<br>ભાગ-૨ | મૂકિતદર્શનવિજયજી મહારાજ<br>પ્રકાશક શ્રી ધર્મનાથ પો.હે.<br>જૈન નગર શ્વે.સંઘ. | પાના નં.૭૧ |
| ૪. | પૂજા મૂલં ગુરુપદં | પૂજ્યગુરુદેવ શ્રી રાકેશભાઇ<br>શ્રીમદરાજચંદ્ર ધરમપુર. | પાના નં.-૧૦૨ |

# સંદર્ભસૂચિ


(અ)

| પુસ્તકનું નામ | લેખક/સંપાદક | પ્રકાશક | આવૃત્તિ |
|---|---|---|---|
| અનુસન્ધાન | પૂ.શીલચન્દ્રસૂરિજી | કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી સ્મૃતિ સંસ્કાર શિક્ષણ નિધિ | ૨૦૧૧ |
| અમર ઉપાધ્યાયજી | પૂ.મુનિશ્રી પૂર્ણચન્દ્ર વિજયજી મહારાજ | કલ્યાણ સાહિત્ય પ્રકાશન | દ્વિતીય વિ.સં.૨૦૩૯ |
| અધ્યાત્મસાર ભા-૨, | અનુ.ડૉ રમણલાલ ચી.શાહ | શ્રી રાજ સોભાગ સત્સંગમંડળ,સાયલા. | પ્રથમ સં.૨૦૫૩ |

(આ)

| પુસ્તકનું નામ | લેખક/સંપાદક | પ્રકાશક | આવૃત્તિ |
|---|---|---|---|
| આચારાંગ સૂત્ર | પૂ.કીર્તિયશસૂરિજી | સન્માર્ગ પ્રકાશક | ઈ.સ ૨૦૦૧ પ્રથમ |
| આત્મ દર્શન | - | શ્રીઅધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ મુંબઈ | દ્વિતીય ઈ.સં ૧૯૯૬ |
| આત્મશુધ્ધિનો માર્ગ યાને સમકિતના ૬૭ બોલની સજ્ઝાય | પૂ.મુનિરાજશ્રી જિતેન્દ્ર વિજયજી મ.સા | શ્રીનવજીવન ગ્રંથમાળા | પ્રથમ વિ.સં.૨૦૩૬ |
| આગમસાર | રસિકલાલ છગનલાલ શેઠ | વીરવાણી પ્રકાશન | ઈ.સ.૧૯૯૦. |
| શ્રી આવશ્યક સૂત્ર ભાગ-૧ થી ૪ | ઘાસીલાલજી મ. | જૈન શાસ્ત્રોધ્ધાર સમિતિ રાજકોટ | પ્રથમ ઈ.સં.૧૯૭૮. |
| શ્રી આચારાંગસૂત્ર, | ઘાસીલાલજી મ. | અ.ભા.શ્વે. સ્થા. જૈન શાસ્ત્રોધ્ધાર સમિતિ રાજકોટ, | દ્વિતીય ઈ.સં.૧૯૫૮. |

| | | | |
|---|---|---|---|
| ઉપાધ્યાય યશોવિજય સ્વાધ્યાય ગ્રંથ | પ્રધુમ્ન વિજયગણી જયંત કોઠારી કાન્તિભાઈ.બી.શાહ | મહાવીર જૈન વિદ્યાલય | દ્વિતીય ૧૯૯૩ |
| ઉજાસની આસપાસ | મુનિવૈભવરત્ન વિજય | વીરગુરુદેવ ફેડરેશન | પ્રથમ |
| ઉપદેશમાળા (ગુજરાતી ભાષાંતર) | પં.વજ્રસેન વિજય | શ્રી જૈન આત્માનંદ સભા | દ્વિતીય વિ.સં.૨૦૬૦ |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભાગ-૧-૨ | લીલમબાઈ મહાસતી | શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન રાજકોટ | પ્રથમ ઈ.સં.૨૦૦૪. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભાગ ૧-૨ | વજ્રસેનવિજયજી | ભદ્રંકર પ્રકાશન અમદાવાદ | |
| ઉપનિષદ જ્યોતિ | મગનભાઈ પટેલ | અમદાવાદ | પ્રથમ ૧૯૨૯ |

(ઔ)

| | | | |
|---|---|---|---|
| ઔપપાતિકસૂત્ર ભાગ-૨ | – | શિવાનંદજી સ્વામી શિવાશ્રમ,આંત્રોલી | પ્રથમ ઈ.સ.૧૯૬૦ |
| ઔપપાતિકસૂત્ર ફા. ભાગ-૨ | લીલમબાઈ મહાસતી પ્રથમ | રાજકોટ | શ્રી ગુરૂપ્રાણ ઈ.સ.૨૦૦૪ |

(ક)

| | | | |
|---|---|---|---|
| કર્મસ્તવ (દ્વિતીય) | રમ્યરેણું | અમદાવાદ વાવપથક શ્વે.મૂ.જૈન સંઘ | દ્વિતીય સં.૨૦૬૧ |
| કર્મગ્રન્થ. ભાગ-૧ | શ્રીપ્રભુદાસ બેચર દાસ પારેખ | શ્રીમદ્ યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા અને શ્રી જૈન શ્રેયસ્કરમંડળ | આઠમી વિ.સં. ૨૦૬૨ |
| કર્મપ્રકૃતિ ભાગ ૧-૨ | કૈલાશચંદ્રવિજયજી | શ્રી રાંદેર રોડ, શ્વે.મૂ. જૈનસંઘ, સુરત | પ્રથમ |

| | | | |
|---|---|---|---|
| કલ્પસૂત્ર | દેવેન્દ્રમુનિ શાસ્ત્રી | શ્રી સુધર્મા જ્ઞાનમંદિર કાંદિવલી | પ્રથમ ઈ.સ.૧૯૭૨ |
| કલ્પસૂત્ર કથાસાર | સુનંદાબેન વોહોરા | દેવગુરુગુણ ગુણાનુ-રાગી જિજ્ઞાસુ મિત્રો | ત્રીજી ઈ.સં.૧૯૯૦ |
| કુસુમાંજલિ | અગરચંદ નાહટા ભવરચંદ નાહટા | – | પ્રથમ ઈ.સં.૧૯૫૭ |
| **(ગ)** | | | |
| ગુજરાતી સાહિત્ય મધ્યકાલીન | - | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય | પાંચમી ૨૦૦૫ |
| ગુજરાતી સાહિત્ય મધ્યકાલીન | શ્રીઅનંત રાવળ | મેકમિલન એન્ડ કંપની લિમીટેડ | બીજી ઈ.સં.૧૯૬૩ |
| ગુર્જર સાહિત્ય સંગ્રહ ભાગ-૧ | - | બાવચંદ ગોપાલજી | પ્રથમ ઈ.સં.૧૯૩૬ |
| **( જ )** | | | |
| જૈન સજ્ઝાય અને મર્મ | મુનિશ્રી વાત્સલ્યદીપ | ગૂર્જરગ્રંથ કાર્યાલય | પ્રથમ ૨૦૦૬ |
| જંબૂસ્વામી રાસ | ડૉ.રમણલાલ ચીમનલાલ શાહ | શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોધ્ધાર ફંડ | વિ.સં ૨૦૧૭ |
| જૈન ગુર્જર કવિઓ | મોહનલાલ દલીચંદ દેસાઈ | શ્રીજૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફિસ પાયધુની | પ્રથમ ઈ.સં.૧૯૨૬ |
| જૈન ગુર્જર કવિઓ ભાગ-૧ થી ૧૦ | જયંત કોઠારી | શ્રીમહાવીર જૈન વિદ્યાલય મુંબઈ | દ્વિતીય |
| જૈનદર્શન | શ્રીન્યાયવિજયજી | શ્રીહેમચંદ્રાચાર્ય જૈન સભા પાટણ | બારમી ઈ.સં.૧૯૮૧ |

( ત )

| | | | |
|---|---|---|---|
| તરંગવતી-તરંગલોલા | શ્રીનેમિચંદ્રગણિ | જૈનસસ્તીવાંચન માળા | તૃતીય વિ.સં.૧૯૮૯ |
| તત્ત્વાર્થધિગમ સૂત્ર ભાગ-૧ | સિદ્ધસેન દિવાકર | જીવણચંદ સાકરચંદ ઝવેરી | પ્રથમ ઇ.સં ૧૯૨૬ |

(દ)

| | | | |
|---|---|---|---|
| શ્રી દશવૈકાલિક સૂત્ર | ઘાસીલાલજી મહા. | સ્થા.જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ | દ્વિતીય ઇ.સ.૧૯૫૮ |

(ધ)

| | | | |
|---|---|---|---|
| ધરિયે સમકિતરંગ | પૂજ્ય આચાર્ય અજિતશેખરસૂરિજી | અર્હં પરિવાર ટ્રસ્ટ | પ્રથમ ૨૦૬૫ |
| ધર્મસંગ્રહનું ગુજરાતી ભાષાંતર ભાગ-૧ | શ્રી ભદ્રંકરવિજયજી | અમૃતલાલ જેસીંગભાઇ | બીજી વિ.સં.૨૦૧૨ |
| ધર્મબિંદુ | શ્રીહરિભદ્રસૂરિ | સર્વોદય પાર્શ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટ | ઇ.સં. ૧૯૯૬ |

(ન)

| | | | |
|---|---|---|---|
| નવતત્ત્વદીપિકા | શ્રી ધીરજલાલ ટોકરશી શાહ | જૈન સાહિત્ય પ્રકાશન મંદિર, મુંબઇ | પ્રથમ ઇ.સ.૧૯૬૬ |
| શ્રી નિશીથસૂત્ર ચૂર્ણિ સહિત | અમર મુનિ કનૈયાલાલ મુનિ | સન્મતિ જ્ઞાનપીઠ | - |

(પ)

| | | | |
|---|---|---|---|
| પંચવસ્તુક ગ્રંથ | શ્રી હરિભદ્રસૂરિ મ. | શ્રી હાલારી વી.ઓ. મૂ.તપગચ્છ જૈન સંઘ ભિવંડી | વિ.સં.૨૦૪૬ |
| પંચસંગ્રહ ભાગ-૩ | ચન્દ્રર્ષિ મહત્તરાચાર્ય | જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણા | ઇ.સ. ૧૯૮૪ |

| | | | |
|---|---|---|---|
| પ્રવચનસાર | કુંદકુંદાચાર્ય | શ્રીમદ્ રાજચંદ્ર જૈન શાસ્ત્રમાલા આગાસ | – |
| પ્રવચનસારોદ્ધાર ભાગ ૧-૨ | વજ્રસેનવિજયજી | શ્રીમતી જયાબેન દેવશી પોપટ માંઢું જ્ઞાનમંદિર અમદાવાદ | ઇ.સ. ૧૯૯૨ |
| પ્રાકૃતિક પરમ તત્ત્વનું મિલન | શ્રી ભદ્રંકરવિજયજી | ૪૯/૧ મહાલક્ષ્મી સો. અમદાવાદ | પ્રથમ ઇ.સ.૨૦૦૬ |
| | | **(ભ)** | |
| ભવભાવના પ્રકરણ ભા–૨ | મલધારી હેમચંદ્રાચાર્ય | અરિહંત આરાધક ટ્ર. ભીવંડી | પ્રથમ ઇ.સ.૨૦૦૦ |
| ભાષ્યત્રયમ્(સાર્થ) | | શ્રીમદ્ યશોવિજયજી જૈન પાઠશાળા | ત્રીજી ઇ.સ.૧૯૬૮ |
| | | **(મ)** | |
| મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય | જયંત કોઠારી | મહાવીર જૈન વિદ્યાલય મું-૬ | પ્રથમ ઇ.સ.૧૯૯૩ |
| મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય | ડૉ.નિપુણ ઇ. પંડયા | અશોક પ્રકાશન પ્રિન્સેસ સ્ટ્રીટ | પ્રથમ ઇ.સ.૧૯૬૮ |
| મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનધારા | ડૉ.વાડીલાલ જીવાભાઇ ચોકસી | શ્રી આત્મકમલલબ્ધિ -સૂરિશ્વરજી જૈન જ્ઞાન મંદિર, દાદર (બી.બી.) | પ્રથમ ઇ.સ.૧૯૭૯ |
| મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનોનું પ્રદાન | જયંત કોઠારી | મંગળા કોઠારી. સત્યકામ સો. અમદાવાદ | પ્રથમ ઇ.સ.૧૯૮૫ |
| મૂલ શુદ્ધિ પ્રકરણ ભાગ-૧ | ધર્મધુરંધરસૂરિજી | શ્રુતનિધિ, શારદાબેન ચીમનભાઇ એજ્યુકેશન રીસર્ચ સેંટર | દ્વિતીય ઇ.સ.૨૦૦૨ |
| મોક્ષમાર્ગ પ્રકાશક | પંડિત ટોડરમલજી | શ્રી દિગંબર જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ સોનગઢ | ૧૨ વિ.સં.૨૦૪૬ |

(ય)

| | | | |
|---|---|---|---|
| યશોદોહન | મુનિ યશોવિજયજી | યશોભારતી જૈન પ્રકાશન સમિતિ | પ્રથમ સં.૨૦૨૨ |
| યશોજીવન પ્રવચન માળા | પૂ.આચાર્ય શ્રી પ્રદ્યુમનસૂરિ મ. | શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા | પ્રથમ વિ.સં.૨૦૫૫ |
| યોગદર્શન | શ્રીરામ શર્મા | સંસ્કૃતિ સંસ્થાન | પ્રથમ ૧૯૬૪ |
| યોગદષ્ટિ સમુચ્ચય | ડૉ.ભગવાનદાસ મનસુખભાઇ મહેતા | મનસુખલાલ તારાચંદ મહેતા | પ્રથમ ઇ.સં.૧૯૫૦ |
| યોગબિંદુ | શ્રીરાજશેખરસૂરિજી | શ્રીઅરિહંત આરાધક ટ્રસ્ટ | પ્રથમ ઇ.સં.૧૯૯૭ |
| યોગશતક | ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા | શ્રીજૈનધર્મ પ્રસારણ ટ્રસ્ટ | દ્વિતીય ઇ.સં.૧૯૯૯ |
| યોગશાસ્ત્ર | ખુશાલદાસ જગજીવનદાસ | શ્રીમહાવીર જૈન વિદ્યાલય | ચતુર્થ ઇ.સં.૧૯૮૩ |

(ર)

| | | | |
|---|---|---|---|
| રત્નકરંડક શ્રાવકાચાર | અનુ.છોટાલાલ ગુલાબચંદ ગાંધી | શ્રી દિગંબર જૈન શ્વે. મંદિર ટ્રસ્ટ, સોનગઢ | દ્વિતીય વિ.સં.૨૦૪૭ |

(લ)

| | | | |
|---|---|---|---|
| લઘુક્ષેત્ર સમાસ | રત્નશેખરસૂરિજી | શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ ડભોઇતીર્થ | તૃતીય ઇ.સ.૨૦૦૩ |
| લઘુસંગ્રહણી | મલયકીર્તિવિજય મ. | અખિલ ભારતીય સ્વાધ્યાય પીઠ | પ્રથમ ઇ.સ.૨૦૦૫ |

(વ)

| | | | |
|---|---|---|---|
| વિશંતિ વિંશિકા | ચંદ્રશેખરવિજયજી | શ્રી લાવણ્ય જૈન શ્વે. મૂ.સંઘ, અમદાવાદ | — |

| | | | |
|---|---|---|---|
| વિશેષાવશ્યક ભાષ્ય ભાગ-૧-૨ | વજ્રસેનવિજયજી મ. | ભદ્રંકર પ્રકાશન અમદાવાદ | તૃતીય વિ.સં.૨૦૫૩ |

**(સ)**

| | | | |
|---|---|---|---|
| સમ્યક્ત્વ સપ્તતિ | શ્રીસૌમ્યજ્યોતિ મહારાજ | ભદ્રંકર પ્રકાશક | પ્રથમ સં.૨૦૬૦ |
| સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | ડૉ.ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા | જૈનધર્મ પ્રસારણ ટ્રસ્ટ | દ્વિતીય વિ.સં.૨૦૫૫ |
| સમ્મત્તમ્ મહાનિંબધ | ડૉ.ભાનુબેન શાહ | શ્રીઅજરામર જૈન સેવા સંઘ | પ્રથમ ઈ.સં.૨૦૧૦ |
| સમ્યગ્દર્શન | પૂજ્ય ગણિવર શ્રી કીર્તિયશવિજયજી | સન્માર્ગ પ્રકાશક | તૃતીય વિ.સં.૨૦૫૧ |
| સમ્યક્ત્વ સોપાન બનાવે ભગવાન | શ્રીવિનિતાબાઇ મહાસતીજી'વિનય' | જૈન દર્શન પ્રકાશક | દ્વિતીય ઈ.સં.૧૯૯૯ |
| સમ્યગ્દર્શનકેવી રીતે પ્રગટે ? | ભીખાલાલ ગીરધરલાલ શેઠ | શ્રીમતી જીવીબાઇ ઉમરશી સાવલા પ.ચે.ટ્રસ્ટ | બીજી ઈ.સં.૧૯૯૪ |
| સમ્યગ્દર્શન | મુનિરાજ શ્રીજયાનંદ વિજયજી | શ્રીસૌધર્મ બૃહ-તપોગચ્છીય શ્રી શ્રી સિયાણાજૈન સંઘ | પ્રથમ ૧૯૯૧ |
| સમકિતનો સંગ મુક્તિનો રંગ | પૂ. આચાર્ય કીર્તિયશસૂરિજી | સન્માર્ગ પ્રકાશક | પ્રથમ વિ.સં.૨૦૬૦ |
| સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ પારેખ | શ્રીજૈનશ્રેયસ્કર મંડળ | પ્રથમ વિ.સં.૨૦૦૭ |
| સમ્યગ્દર્શનનું પ્રકટીકરણ | શ્રીમદ્ વિજય શાહ રામચંદ્રસૂરિજી | ચીમનલાલ નાથાલાલ | તૃતીય ઈ.સં.૨૦૦૦ |
| સમ્યગ્દષ્ટિ બત્રીશી એક પરિશીલન | આચાર્યશ્રી ચન્દ્રગુપ્ત -સૂરિજી | શ્રીઅનેકાન્ત પ્રકાશન જૈન રીલીજીયસ ટ્રસ્ટ | પ્રથમ વિ.સં.૨૦૫૮ |

| | | | |
|---|---|---|---|
| સમ્યગ્દર્શન | પ.પૂ.વિજયકેશર-<br>-સૂરીશ્વરજી મહા. | શ્રીમુક્તિચંદ્ર શ્રમણ<br>આરાધના ટ્રસ્ટ | ચોથી<br>સં.૨૦૪૨ |
| સમકિતનું મૂળ | પૂજ્યશ્રી કાન્તિઋષિજી<br>મહારાજ (ખંભાત<br>સંપ્રદાય) | પટેલ પુજાલાલ<br>ભાઈલાલ<br>અડીકવાળા | પ્રથમ<br>ઈ.સં.૧૯૮૨ |
| સન્મતિતર્ક પ્રકરણ | સુખલાલ સંઘવી | શ્રીપૂંજાભાઈ જૈન<br>ગ્રંથમાળા | પ્રથમ<br>ઈ.સં.૧૯૩૨ |
| સમકિતના ૬૭ બોલની<br>સજ્ઝાય | યશોવિજયજી મહા | શ્રીજૈન શ્રેયસકર<br>મંડળ, મહેસાણા | પ્રથમ<br>ઈ.સં.૧૯૫૧ |
| સમકિતના ૬૭ બોલની<br>સજ્ઝાય | પ્રભુદાસ બેચરદાસ<br>પારેખ | શ્રીજૈન શ્રેયસકર<br>મંડળ, મહેસાણા | પ્રથમ<br>ઈ.સં.૧૯૫૧ |
| સમકિત બિન નહિ<br>મુક્તિ રે | મોહનલાલ એચ.<br>ઢાલાવત | શાંતિનાથ જૈન<br>મંદિર ટ્રસ્ટ | પ્રથમ<br>ઈ.સં.૨૦૦૫ |
| સમકિત વિચાર | પાનાચંદ ભાઈચંદ<br>મહેતા ઈ.સં.૧૯૯૩ | પ્રાકૃત ગ્રંથ પરિષદ | પ્રથમ |
| સમકિત સોપાન | સુજ્ઞાનવિજયજી મ. | શ્રી જૈન સસ્તું સાહિત્ય<br>પ્રકાશન મંદિર | પ્રથમ<br>ઈ.સં.૨૦૧૩ |
| સમર્થ સમાધાન<br>ભા-૨ | રતનલાલ દોશી | અખિલ ભારતીય<br>સાધુમાર્ગી, જૈનસંસ્કૃતિ<br>રક્ષક સંઘ, ફોલાના | પ્રથમ<br>ઈ.સં<br>૧૯૭૦ |
| સમ્યક્ત્વ કૌમુદિ<br>ભા-૧-૨ | - | ચુનીલાલ વર્ધમાન<br>શાહ | પ્રથમ<br>ઈ.સં.૧૯૩૧ |
| સમ્યક્ત્વ અને મિથ્યાત્વ | નગીનદાસ ગીરધરલાલ<br>શેઠ | જૈન સિદ્ધાંત સભા | પ્રથમ<br>ઈ.સં.૧૯૬૩ |
| સમ્યક્ત્વ પરીક્ષા | વિબુદ્ધવિમલસૂરિ કૃત | શાહ નગીનદાસ<br>ઘેલાભાઈ ઝવેરી | પ્રથમ<br>ઈ.સં.૧૯૧૬ |
| સમ્યક્ત્વ પ્રકરણ<br>(હિન્દી) | જયાનંદવિજયજી<br>પ્રકાશન સમિતિ | શ્રીગુરુ રામચંદ્ર | પ્રથમ<br>ઈ.સં.૨૦૦૬ |

| | | | |
|---|---|---|---|
| સમ્યક્ત્વ પ્રદીપ | મંગલવિજયજી | યશોવિજય ગ્રંથમાળા ભાવનગર | પ્રથમ ઈ.સં.૧૯૮૩ |
| સમ્યક્ત્વ ષટસ્થાન ચોપાઇ (બાલાવબોધ સહિત) | પ્રદ્યુમ્નવિજયજી | અંધેરી ગુજરાતી જૈન સંઘ ઈર્લાબ્રીજ | પ્રથમ વિ.સં.૨૦૪૬ |
| સમ્યક્ત્વ સપ્તતિ, વૃત્તિકાર સંઘતિલકાચાર્ય | સૌમ્ય જ્યોતિશ્રીજી | ભદ્રંકર પ્રકાશન શાહીબાગ | પ્રથમ વિ.સં.૨૦૬૦ |
| સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ | અજ્ઞાત | જૈન આત્માનંદ સભ | વિ.સં.૧૯૭૨ |
| સમ્યગ્દર્શન અને અધ્યાત્મજ્ઞાન | ડૉ.એન.કે.ગાંધી | શા.શામજી વેલજી વીરાણી સ્મારક ટ્રસ્ટ | પ્રથમ વિ.સં.૨૦૧૩ |
| સમયસાર | હિંમતલાલ જેઠાલાલ શાહ | દિગંબરજૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ | સાતમી |
| સંબોધ પ્રકરણ | હરિભદ્રસૂરિ | વિરાટ જૈન ગ્રંથ પ્રકાશન સભા | ઈ.સં ૧૯૬૧ |
| સંબોધસિત્તરિ | વિજયજિનેન્દ્રસૂરિજી | શ્રીહર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાળા લાખાબાવળ જામનગર | પ્રથમ ઈ.સં. ૧૯૯૫ |
| સાંખ્યદર્શન | શ્રીરામ શર્મા બરેલી | સંસ્કૃતિ સંસ્થાન | ઈ.સં.૧૯૬૪ |
| સ્થાનાંગસૂત્ર | લીલમબાઈ મહા | શ્રીગુરુપ્રાણ ફાઉન્ડેશન રાજકોટ | પ્રથમ ઈ.સં.૨૦૦૨ |
| સૂયગડાંગસૂત્ર ભાગ ૧-૨ | લીલમબાઈ મહા | શ્રીગુરુપ્રાણ ફાઉન્ડેશન | ઈ.સ. ૨૦૦૦ |

(હ)

| | | | |
|---|---|---|---|
| હિતશિક્ષારાસ | — | શ્રાવક ભીમસિંહ માણેક મુંબઈ | બીજી ઈ.સ.૧૮૯૫ |
| હિતશિક્ષાના રાસનું રહસ્ય | શાહ કુંવરજી આણંદજી | શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર | વિ.સં. ૧૯૮૦ |

| | | | |
|---|---|---|---|
| શ્રીઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૧ | સ્વ.શ્રીકુંવરજી ભાઇ આણંદજી ભાઇ | રત્નત્રયી ટ્રસ્ટ | પ્રથમ વિ.સં.૨૦૫૮ |
| શ્રીયશોવિજય સ્મૃતિ ગ્રંથ | પૂ.મુનિવર શ્રી યશોવિજયજી | યશો ભારતી પ્રકાશન સમિતિ | પ્રથમ ઇ.સં.૧૯૫૭ |
| શ્રીઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૧ | આ.શ્રી.વિશાલ -સેનસૂરિજી | વિરાટ પ્રકાશન મંદિર | પ્રથમ વિ.સં.૨૦૨૯ |
| શ્રધ્ધા અને શક્તિ | ધીરજલાલ ટોકરશી શાહ | શ્રીમુક્તિ કમલ જૈન મોહન ગ્રન્થમાળા | પ્રથમ વિ.સં.૨૦૦૮ |
| શ્રીપુષ્પમાલા પ્રકરણમ્ | શ્રીકપુર વિજયજી મહારાજ | શ્રી જૈન શ્રેયસ્કર મંડળ | પ્રથમ ઇ.સં.૧૯૧૧ |
| શ્રીઆચારાંગ સૂત્ર | ઘાસીલાલજી .મ | અ.ભા.શ્વે.સ્થા જૈનશાસ્ત્રોદ્ધાર સમિતિ | દ્વિતીય ઇ.સં.૧૯૫૮ |
| શ્રીઆવશ્યક સૂત્ર ભાગ ૧ થી ૪ | ઘાસીલાલજી મ. | જૈનશાસ્ત્રોદ્ધાર સમિતિ | પ્રથમ ઇ.સં.૧૯૮૭ |
| શ્રીઉત્તરાધ્યન સૂત્ર | મિશ્રીમલજી મ. | શ્રીઆગમ પ્રકાશન સમિતિ | પ્રથમ ઇ.સં.૨૦૦૬ |
| શ્રીઉત્તરાધ્યયન સૂત્ર ભાગ ૧-૨ | લીલમબાઇ મહા | શ્રીગુરુપ્રાણ ફાઉન્ડેશન | પ્રથમ ઇ.સં.૨૦૦૪ |
| શ્રીદશવૈકાલિક સૂત્ર | ઘાસીલાલજી મ. | જૈનશાસ્ત્રોદ્ધાર સમિતિ રાજકોટ | દ્વિતીય ઇ.સં.૧૯૫૮ |
| શ્રીનિશીથ સૂત્ર-ચૂર્ણિ સહિત | અમરમુનિ કનૈયાલાલ મુનિ | સન્મતિ જ્ઞાનપીઠ રાજકોટ | – |
| શ્રીપ્રજ્ઞાપના સૂત્ર | પુણ્યવિજયજી મુનિ | શ્રીમહાવીર જૈન વિદ્યાલય મુંબઇ | – |

| | | | |
|---|---|---|---|
| શ્રીબૃહત્કલ્પભાષ્ય | આચાર્ય મહાપ્રજ્ઞજી | જૈન વિશ્વભારતી<br>લાડનૂં, રાજસ્થાન | પ્રથમ<br>ઈ.સં.૨૦૦૬ |
| શ્રીબૃહત્કલ્પ સૂત્ર | શ્રીઘાસીલાલજી મ. | જૈન શાસ્ત્રોદ્ધાર<br>સમિતિ અમદાવાદ | દ્વિતીય<br>ઈ.સં.૧૯૯૦ |
| શ્રીબૃહત્કલ્પ સૂત્ર | લીલમબાઈ મહાસતીજી | શ્રીગુરુપ્રાણ ફાઉન્ડેશન<br>રાજકોટ | પ્રથમ<br>ઈ.સં.૨૦૦૬ |
| શ્રીબૃહત્સંગ્રહણી સૂત્ર<br>(સંગ્રહણીરત્ન) | ચંદ્રસુરિ મહારાજ<br>અનુ. મુનિ શ્રીયશોવિજયજી | શ્રીમુક્તિ કમલ જૈન<br>મોહનમાળા | ત્રીજી<br>ઈ.સં.૧૯૯૮ |
| શ્રીવિપાક સૂત્ર | લીલમબાઈ મહાસતીજી | શ્રીગુરુપ્રાણ ફાઉન્ડેશન | પ્રથમ<br>ઈ.સં.૧૯૯૮ |
| શ્રીવ્યવહાર સૂત્ર અને<br>શ્રીબૃહત્કલ્પ સૂત્ર | ઘાસીલાલજી મ. | સ્થા.જૈન શાસ્ત્રોદ્ધાર<br>સમિતિ રાજકોટ | પ્રથમ<br>ઈ.સં.૧૯૬૯ |
| શ્રાદ્ધ અને શક્તિ | શ્રી ધીરજલાલ<br>ટોકરશી શાહ | શ્રીમુક્તિ કમલ જૈન<br>મોહન ગ્રંથમાળા | પ્રથમ<br>વિ.સં.૨૦૦૪ |
| શ્રાદ્ધવિધિ પ્રકરણ | વજ્રસેન વિજયજી<br>ગણિવર્ય | ભદ્રંકર પ્રકાશન<br>અમદાવાદ | – |
| શ્રાવક કવિ ઋષભદાસ કૃત<br>શ્રીહીરવિજયસૂરિ રાસ | શ્રીવિજયહેમચંદ્રસૂરિજી | શ્રીશ્રુતજ્ઞાન પ્રસારક<br>સભા અમદાવાદ | પ્રથમ<br>ઈ.સં.૧૯૯૮ |
| શ્રાવક ધર્મપ્રકાશ | હરિલાલ જૈન | શ્રીકાનજી સ્વામી<br>સ્મારક ટ્રસ્ટ, મુંબઈ | બીજી<br>વિ.સં.૨૦૫૭ |
| શ્રીમદ્ રાજચંદ્ર | | શ્રીમદ્ રાજચંદ્ર<br>આશ્રમ | આઠમી<br>ઈ.સં.૧૯૯૮ |
| શ્રીસમવાયાંગ સૂત્ર | લીલમબાઈ મહાસતી | ગુરુપ્રાણ ફાઉન્ડેશન | પ્રથમ<br>ઈ.સં.૧૯૯૮ |
| શ્રી ધર્મસંગ્રહનું<br>ગુજરાતી ભાષાંતર | શ્રી માનવિજય ગણિવર | શ્રી યશોવિજયજી<br>ગણિવર | બીજી<br>વિ.સં.૨૦૧૨ |



કવિ આઠમા પ્રભાવક

સિદ્ધરાજ જયસિંહ તથા પરમાર્હત્ કુમારપાળ પ્રતિબોધક

## કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી

કાવ્ય સુધારસ મધુર અર્થભર્યા, ધર્મહેતુ કરે જેહ, સિદ્ધસેન પરે રાજા રીઝવે, અઠમ વર કવિ તેહ ।।

Hitesh Dasadia
98198 03941